ગુજરાતમાં સોલંકી વંશની રાજગાદી સ્થાપનાર

મૂળરાજ સોલંકી

[સચિત્ર ઐતિહાસિક નવલકથા]

પ્રથમ ખંડ : રાજ્યગ્રહણ.

દ્વિતીય ખંડ : શત્રુમર્દન.

લેખક તથા પ્રકાશક

ચુનીલાલ વર્ધમાન શાહ

વઢવાણનિવાસી.

સારંગપુર, તળીયાની પોળ—અમદાવાદ.

સંવત ૧૯૭૬ ઈ. સ. ૧૯૨૦

પ્રથમ આવૃત્તિ પ્રત ૧૦૦૦

"પ્રજાબંધુ પ્રિન્ટીંગ વર્કસ" માં કે. એમ. ઠાકોરે છાપ્યું.

ખાડીયા, જેઠાભાઈની પોળ—અમદાવાદ.

મૂલ્ય રૂ. ૨ાા

ચુનીલાલ વર્ધમાન શાહનાં પુસ્તકો.

મૂળરાજ સોલંકી	(ઐતિહાસિક	નવલકથા)	સચિત્ર	રૂ. ૨॥
ગુજરાતની ગર્જના	,,	,,		રૂ. ૧॥
વસઇનો ઘેરો	,,	,,		રૂ. ૧॥
પાટણની પડતીનો પ્રારંભ	,,	,,		રૂ. ૧॥
સોમનાથનું શિવલિંગ	,,	,,		રૂ. ૧॥
સિંધ ઉપર સ્વારી	,,	,,		રૂ. ૧॥
ધારાનગરીનો મુંજ	,,	,,		રૂ. ૧॥
અઢારમી સદીનું મહારાષ્ટ્ર	,,	,,		રૂ. ૧॥
કાશ્મીર અને કેસરી	,,	,,		રૂ. ૧
પ્રમોદા યાને દિલેર દિલારામ	,,	,,		રૂ. ૦॥।=
વિમળા	(સામાજિક	નવલકથા)		રૂ. ૧
ભાગ્યચક્રનો મહામંત્ર	,,	,,	સચિત્ર	રૂ. ૨
નોકરીનો ઉમેદવાર	,,	,,	,,	રૂ. ૧॥
ન્યાયના ખૂનમાં નીતિ !	,,	,,	,,	રૂ. ૨
પિશાચ–મંદિર ભા. ૧–૨	,,	,,	,,	રૂ. ૫
લતા અને લલિતા ભા. ૧ થી ૫	,,		,,	રૂ. ૬॥।
સુધરેલી સંગીતા	,,	,,		રૂ. ૧॥
વિદ્યાસાગર ભાગ ૧–૨	,,	,,		રૂ. ૧॥
ચાંપરાજ હાડો અને સોનરાણી	(નાટક)			રૂ. ૦॥।
બંગજાગૃતિ		,,		રૂ. ૦।=
કામરૂદેશની કુટિલ કામિની	(સચિત્ર ડિટેક્ટીવ વાર્તા)			રૂ. ૧॥
ભક્તામર–મંત્ર–માહાત્મ્ય	(જૈન સ્તોત્ર)			રૂ. ૧॥
નવદંપતીને શિખામણ	(આરોગ્યનો ગ્રંથ)			રૂ. ૧॥
કર્તવ્ય કૌમુદી	(નીતિબોધક)			રૂ. ૦॥
સુબોધક કથાપંચક	(નીતિબોધક)			રૂ. ૦।-

ચુનીલાલ વર્ધમાન શાહ–સારંગપુર—અમદાવાદ.

DEDICATED

(BY PERMISSION)

TO

H. H. The Maharaol
Shree Indrasinhji Bahadur

RAJA SAHEB OF BANSDA,

BY

THE AUTHOR.

સમર્પણ.

ને. ના. મહારાઓલ

શ્રી ઇંદ્રસિંહજી બહાદુર

સ્વસ્થાન વાંસદાના મહારાજા સાહેબ.

ઉપજાતિ.

રાજા તણા કષ્ટથી સાધ્ય ધર્મો,
પાળી રહો છો કરી નિત્યકર્મો,
વળી સુસાહિત્યની વાટિકામાં,
રમી ઉછેરો કવિતા–લતિકા. ૧

સોલંકી ક્ષત્રિય સુવંશ કેરાં,
પ્રજા પ્રીતિ, કીર્તિ, વીરત્વ પૂરાં,
પ્રશસ્ત લેખાય જ ઇતિહાસે,
તે વંશમાં આપનું નામ રાજે. ૨

શ્રી ગુજરાતે સોલંકી વંશે,
લેખાય આદિ નૃપ મૂળરાજ,
તેની સુકીર્તિ કથતી કથા આ,
સમર્પવી યોગ્ય જ આપને છે. ૩

અમદાવાદ.
તા. ૨–૫–૧૯૨૦

ચુનીલાલ વર્ધમાન શાહ.

પ્રસ્તાવના.

ગુજરાતમાં સોલંકી વંશની રાજગાદી સ્થાપનાર મૂળરાજ સોલંકીના રાજત્વ, ઇતિહાસ તથા ચારિત્ર્યની આ નવલકથા ગુર્જર વાચકગણ સમક્ષ પહેલી જ વાર રજુ થાય છે. અત્ર આ નવલકથા વિષે તેમ જ મૂળરાજના રાજત્વના કેટલાક ઐતિહાસિક પ્રસંગો વિષે કેટલુંક કહેવાનું પ્રાપ્ત થાય છે. મૂળરાજના ચારિત્ર્ય વિષે જે કાંઇ કહેવાનું છે તે "ચારિત્ર્ય–નિરૂપણ" વિષેના જૂદા લેખમાંજ સઘળું કહ્યું છે.

મૂળરાજનો ઇતિહાસ જાણવાનાં જે કાંઈ સાધનો છે તેમાંનાં ઘણાંખરાં સાધનોનો ઉપયોગ મર્હુમ મી. ફીન્લોક ફાર્બસે 'રાસમાળા' લખવામાં કરેલો છે; અને જે કાંઇ સાધનો પાછળથી પ્રાપ્ત થએલાં તેનો ઉપયોગ દી. બા. રણછોડભાઇ ઉદયરામે તેનું ગુજરાતીમાં ભાષાંતર કરતાં કરેલો છે. આ સાધનો મુખ્યત્વે કરીને હેમાચાર્યકૃત દ્વયાશ્રય કાવ્ય, સુરથોત્સવ, મેરૂતુંગાચાર્યકૃત પ્રબંધચિંતામણિ, વિચારશ્રેણી, સુકૃત સંકીર્તન, કુમારપાળ ચરિત્ર, જિનમંડનકૃત કુમારપાળ પ્રબંધ, રત્નમાળ, પ્રાચીન ગુજરાત, ગુજરાત–કાઠિયાવાડનાં ગેઝીટીયરો, ભગવાનલાલ સંપતરામકૃત સૌરાષ્ટ્રનો ઇતિહાસ, તવારિખે સોરઠ વગેરે ગ્રંથો છે. મૂળરાજનો રાજ્યગ્રહણનો સમય મી. ફાર્બસે 'પ્રબંધચિંતામણિ'ને આધારે સને ૯૪૨ નો દર્શાવ્યો છે, પરન્તુ વર્ષનિર્માણમાં 'વિચારશ્રેણી' વધારે આધાર રાખવા જેવી જણાય છે, કારણકે તેમાં કેટલીક ચોક્કસી કરીને સાલો આપવાનો યત્ન કરવામાં આવેલો જણાય છે. 'વિચારશ્રેણી' પ્રમાણે મૂળરાજે સામંતસિંહના હાથમાંથી સન ૯૬૧ માં રાજ્ય ગ્રહણ કર્યું હતું. આ કથામાં એ જ સાલને આધારભૂત માનીને મૂળરાજની સૌરાષ્ટ્ર ઉપરની ચ્હડાઇના સમય વચ્ચે ૧૭–૧૮ વર્ષનો ગાળો પડેલો દર્શાવવામાં આવ્યો છે.

મૂળરાજના ૩૫ વર્ષના રાજત્વકાળમાં તેને ત્રણ મોટા શત્રુઓ સાથે પ્રસંગ પડેલો ઇતિહાસમાં દર્શાવવામાં આવેલો છે. નાનાં યુદ્ધોની વાતો ઇતિહાસમાં નથી, તોપણ લાખા ફૂલાણી સામે લડતાં મૂળરાજ ૧૧ વાર પાછો હઠયો હતો એવું ઉપલક કથન માત્ર ઇતિહાસગ્રંથોમાં માલૂમ પડે છે. ત્રણ મોટા શત્રુઓમાંનો એક ગ્રહરિપુ, બીજો લાટ દેશનો બારપ અને ત્રીજો સાંભરનો રાજા વિગ્રહરાજ છે. તેમાં લાટ દેશનો બારપ અને વિગ્રહરાજ તો એકી સાથે મૂળરાજ ઉપર તેના મુલકમાં ચડી આવ્યા હતા અને ગ્રહરિપુ ઉપર મૂળરાજે પોતાની મેળે ચ્હડાઇ કરી હતી. ગ્રહરિપુ ઉપરની ચ્હડાઇમાં તેણે કચ્છાધિપતિ લાખા ફૂલાણીનો

નાશ કર્યો હતો અને સિંધુદેશના રાજાને હરાવ્યો હતો. **લાખો** સન ૯૭૯ માં મરણ પામ્યો હતો, એટલે ૯૭૮-૯૭૯ માં **મૂળરાજે સૌરાષ્ટ્ર** ઉપર સ્વારી કરી હોવી જોઇએ. **વિગ્રહરાજ** અને **બારપ** તો એકી સાથે ચડી આવ્યા હતા તેમાંથી **વિગ્રહરાજ** લડ્યા વિના **મૂળરાજ** સાથે મૈત્રી બાંધીને પાછો ફર્યો હતો અને **બારપને મૂળરાજે** તથા તેના પુત્ર **ચામુંડે** હરાવીને હણ્યો હતો. આ યુદ્ધની સાલ **બારપ**ના પૌત્ર **કીર્તિરાજ**ના સમયના ઇ. સ. ૧૦૧૮ ના તામ્રપટના અનુમાનને આધારે આધુનિક ઇતિહાસકારો સન ૯૭૮ ની માનવામાં ભૂલ કરે છે. સામાન્ય રીતે બે રાજકર્તાઓના રાજત્વકાળને દરેકના ૨૦ વર્ષને હિસાબે એકંદર ૪૦ વર્ષનો માનવો એ તો ઘણું જ વિલક્ષણ છે. મી. **ફાર્બસ** કહે છે કે **ગ્રહરિપુ**ને હરાવીને **મૂળરાજ અણહીલપુર**માં પાછો આવ્યો હતો, ત્યારપછી તેને **ચામુંડ** નામે પુત્ર જન્મ્યો, એ કથનમાં પણ અસંભવ દોષ દેખાય છે. **ચામુંડે બારપ**ને હરાવવામાં ભાગ લીધો હતો એટલે ઓછામાં ઓછી તેની વય તે સમયે ૧૭-૧૮ વર્ષની માનવી જોઇએ. સન ૯૭૯ માં જ **મૂળરાજ ગ્રહરિપુ**ને હરાવીને પાછો પાટણમાં આવ્યો હોય તોપણ **ચામુંડ** ૧૭-૧૮ વર્ષનો થાય ત્યારે તો સન ૯૯૬-૯૯૭ માં **મૂળરાજ** સ્વર્ગવાસી થયો હોવો જોઇએ ! આ ઉપરથી **ચામુંડ**નો જન્મ વહેલો થયો હોવાનું માનવું જોઇએ છે અને તે સાથે **બારપ** સાથેનું યુદ્ધ **ગ્રહરિપુ**ને હરાવ્યા પછી ઓછામાં ઓછાં ૪-૫ વર્ષે થયું હોવાનું માનવું જોઇએ છે. **રૂદ્રમાળ**માં પહેલી પૂજા **મૂળરાજે** સન ૯૮૭ માં કરી એવું એક તામ્રલેખ ઉપરથી જણાય છે, તો તે પહેલાં શત્રુઓને હરાવવાની અને યુદ્ધકાર્યની પ્રવૃત્તિ પૂરી કરીને પોતાના જીવનનાં છેલ્લાં દશ વર્ષ દાન-ધર્મ-તપ ઇત્યાદિ કરવામાં ગાળવાનું **મૂળરાજે** ઉચિત માન્યું હોય એ સમજી શકાય તેવું છે.

ગ્રહરિપુના વ્યક્તિત્વ વિષે ઇતિહાસમાં કશો નિશ્ચય જણાતો નથી. **'દ્વયાશ્રય'** કહે છે કે **ગ્રહરિપુ** એ રાજાનું નામ નથી પણ **વામનસ્થળી**ના રાજાનું ઉપનામ છે. તેનો અર્થ "શત્રુને પકડનાર" અથવા "ચંદ્રનો શત્રુ=રાહુ" એવો થાય છે. દી. બા. **રણછોડભાઈ રા' ગ્રાહરિપુ** અથવા **ગ્રહારિસિંહ** નામનો રાજા હોવાનું જણાવે છે અને તેણે ઇ. સ. ૯૪૦ થી ૯૮૨ સુધી રાજ્ય કર્યાનું જણાવે છે. **ભગવાનલાલ સંપતરામ મૂળરાજ**ની સાથે લડનાર રાજાનું નામ **રા' કવાટ** જણાવે છે અને **મૂળરાજે** તેને મારી નાંખ્યો હતો એમ કહે છે. **મૂળરાજે ગ્રહરિપુ**ને હરાવ્યો હતો પરન્તુ માર્યો નહોતો એ વાતને **'દ્વયાશ્રય'**નો ટેકો મળે છે; પરન્તુ **ગ્રહરિપુ** એ નામનો જ રાજા હોવાથી વાત પ્રતીતિ ઉપજાવતી નથી

અને તેથી ગ્રહરિપુ તે રા' કવાટ જ હોવાનું આ નવલકથામાં માન્ય રાખ્યું છે. 'મહારાજા રાવ નોંઘણ' નામના પુસ્તકનો કર્તા પણ તેને રા' કવાટ જ માને છે; પરન્તુ પુનઃ રા' કવાટ અને રા' ડયાસની વાર્તામાં સામ્ય દેખાઈ આવે છે. રા' કવાટના સંબંધમાં જે વાર્તા સૌરાષ્ટ્રના ઇતિહાસમાં છે, તે જ વાર્તા દી. બા. રણછોડભાઇ રા' ડયાસના સંબંધમાં બનેલી જણાવે છે અને રા' ડયાસ તથા પાટણના રાજા દુર્લભસેનની વચ્ચેના યુદ્ધપ્રસંગની કડી ત્યાં પણ ગોઠવાઇ જાય છે! આ ઇતિહાસની સંકળના વિષે હજી સ્પષ્ટતાની જરૂર છે. આ ગુંચવણ ભાટ–ચારણોની મળતે મળતી વાતો ઉપરથી ઉત્પન્ન થઈ હોય એવું જણાય છે.

આ પુસ્તકમાં મૂળરાજના જીવનના બે મહત્ત્વના પ્રસંગો બે પૃથક્ પૃથક્ ખંડોમાં આપેલા છે. પહેલો પ્રસંગ તે મામાના હાથમાંથી રાજ્ય ગ્રહણ કરે છે તેનો છે અને તેથી પ્રથમ ખંડને 'રાજ્યગ્રહણ' નામ આપ્યું છે. બીજો પ્રસંગ ગ્રહરિપુ સાથેના યુદ્ધપ્રસંગનો છે અને તેથી બીજા ખંડનું નામ 'શત્રુમર્દન' રાખ્યું છે. મૂળરાજના જીવનના તેવા જ બે મહત્ત્વના પ્રસંગો હજી અવશિષ્ટ રહે છે અને તે પ્રસંગો વિગ્રહરાજ સાથેની મૈત્રી તથા બારપ સાથેના યુદ્ધનો અને છેલ્લે સ્વહસ્તે કરેલાં પાપોનું નિવારણ કરવાને મૂળરાજે આદરેલાં દાન–ધર્મ–તપાદિ પ્રક્રિયાઓનો છે. આ બે છેલ્લા પ્રસંગોના બે ખંડોનો દ્વિતીય ગ્રંથ બનશે.

મૂળરાજનાં આપ્તજનોનાં નામો ઇતિહાસમાંથી કેટલાંક મળે છે. રત્નમાળનો કર્તા તે સઘળાંનાં નામો જાણતો હોવો જોઇએ એવું જણાય છે, પરન્તુ એ આખો ગ્રંથ મળ્યો નહિ હોવાથી તે નામો અંધકારમાં જ રહ્યાં છે. 'પ્રબંધચિંતામણિ' માં મૂળરાજની સ્ત્રીની એક વાર્તા આપી છે, પરન્તુ તેમાં તેનું નામ નથી. મૂળરાજના કાકાઓનાં નામો મળે છે અને તેઓ મૂળરાજના રાજત્વકાળમાં પાટણમાં રહેલા હતા એવું જણાય છે, પરન્તુ તેઓનાં કુટુંબોની કશી વિગત નથી. આ ઉપરાંત મૂળરાજના મંત્રી વગેરેનાં નામો મળે છે અને આ કથામાં તેઓ સર્વનો યથાસ્થાને ઉપયોગ કરી સ્થળ, સમય, સમાજરીતિ, રાજ્યબંધારણ, રાજનીતિ ઈત્યાદિ સર્વ બાબતોને લક્ષમાં રાખવામાં આવી છે. પ્રયત્નની સફળતા–નિષ્ફળતા વિષે નિર્ણય કરવાનું કાર્ય વિદ્વાન્ વાચકોનું છે.

અમદાવાદ
તા. ૧–૨–૧૯૨૦. } **ચુનીલાલ વર્ધમાન શાહ.**

ચારિત્ર્ય-નિરૂપણ.

'**મૂળરાજ સોલંકી**' એ ગુજરાતમાં રાજ્ય ચલાવી ગએલા સોલંકી વંશનો આદિ પુરૂષ હતો. **ચાવડા** વંશની ઇમારતનો પાયો ગુજરાતમાં **વનરાજે** મજબૂત કર્યા પછી એ વંશના પાછલા રાજાઓ ઉત્તરોત્તર નિર્બળ થતા ગયા તેને પરિણામે ઇમારત ખળભળી જવા લાગી હતી. એ વંશના છેલ્લા રાજા **સામંતસિંહનું** રાજત્વ તો એટલું નિર્બળ અને અવ્યવસ્થિત હતું કે સ્વાભાવિક રીતે જ તે કોઇ અન્ય પરાક્રમી રાજાના હલ્લાનો ભોગ થઇ પડે. ઇતિહાસકાર તેને માટે કહે છે કે "તે કીર્તિમાન્ રાજા નહોતો; તેને રાત કે દહાડો બોલવામાં કશો વિચાર નહોતો; તેનામાં વિવેક અને ટેક તો હતાં જ નહિ; સારૂં કે નરસું, હિત કે અહિત એમાં કશો ભેદ તે સમજતો નહિ; અને જાથુ તે પોતાનું મન ફેરવ્યા કરતો." તે સમયના ચાવડાઓને માટે સામાન્ય રીતે ઇતિહાસકાર કહે છે કે "તેઓ પાપી, ગર્વિષ્ઠ, મદિરાપાન કરનારા, લોકોને દુઃખ દેનારા અને બ્રાહ્મણ તથા દેવનો તિરસ્કાર કરનારા હતા." જે રાજા અને જે રાજવંશ સ્વધર્મની સમજમાં તથા સામાન્ય નીતિમાં આટલું અધઃપતન પામ્યો હોય તેઓની અવનતિ અલ્પ સમયમાં જ આવે તેમાં કશું આશ્ચર્ય નથી. **સામંતસિંહના** સમયમાં એ અવનતિ વહેલી આવી પહોંચી અને તેણે પૂરાં સાત વર્ષ રાજ્ય ન કર્યું, એટલામાં મૂળરાજ સોલંકી—**સામંતસિંહનો** ભાણેજ ગુર્જરેશ્વર થયો. એ રીતે ગુજરાતની રાજગાદી ઉપરથી **ચાવડા** વંશનો અસ્ત થયો. સત્ય છે કે—

मोहाद्राजा स्वराष्ट्रं यः कर्षयत्यनवेक्षया ।
सोऽचिराद्भ्रश्यते राज्याज्जीविताच्च सबान्धवः ॥ मनुस्मृति ॥

અર્થાત્—જે રાજા મૂર્ખતાવશ બનીને પોતાની પ્રજાપર અત્યાચાર કરે છે, તે શીઘ્ર રાજ્ય, જીવન અને મિત્રો સહિત નષ્ટ થાય છે.

મૂળરાજ સોલંકીએ પોતાના મામા **સામંતસિંહ** ચાવડા પાસેથી રાજ્ય લીધું અને રાજ્યસૂત્રને પોતાના હાથમાંથી પાછું ન લઇ લેવામાં

આવે તેટલા માટે મામાનો, મામાના કુટુંબનો તથા બીજા ચાવડા ક્ષત્રિયોનો નાશ કર્યો એ બનાવ ગુજરાતના ઇતિહાસમાં જાણીતો છે; પરન્તુ એ બનાવ ઉપરથી એ બનાવની સાથે અત્યંત નિકટનો સંબંધ ધરાવનાર **મૂળરાજના** ચારિત્ર્ય ઉપર કેવો પ્રકાશ પડે છે તે જાણવાની જરૂર છે. **મૂળરાજને સામંતસિંહે** આશ્રય આપ્યો હતો એ નિર્વિવાદ છે. પોતાના આશ્રયદાતાનો જ નાશ કરી તેના હાથમાંથી રાજ્ય ઝુંટવી લેવું એ પ્રથમ દૃષ્ટિએ જ કૃતઘ્નતા અને નીચતા કહેવાય. એવી નીચતાના દોષનું **મૂળરાજ** ઉપર આરોપણ થઇ શકે ખરું, પરન્તુ અનેકાંત દૃષ્ટિથી એ આરોપણ મૂકતા પહેલાં જૂદા જૂદા ઇતિહાસકારોના અભિપ્રાયોનું દોહન કરવાની અને **મૂળરાજની** જીવનચર્યાનું ઉંડી નજરે પરીક્ષણ કરવાની આવશ્યકતા છે: **મૂળરાજના** ચારિત્ર્યનું નિરૂપણ યથાર્થ રીતે કરવાને એટલું અવશ્ય કરવું જોઇએ.

ઇતિહાસકારોના અભિપ્રાયમાં તો આપણે પરસ્પર વિરોધ પણ જોઇએ છીએ. રત્નમાળનો કર્તા **મૂળરાજ** ઉપર અનેક દોષોનું આરોપણ કરે છે:—

ताको पुत्र मूलराय कपट निपट चाय ।
दया दिलतें बहाय स्वारथ सुधारिकै ॥
सोहत शरीर शाम विव्हल अधिक काम ।
दुल्लभ रखत दाम मही मध्य डारिकै ॥
जुद्धमें अबुध सोई सिरपें जो शत्रु होई ।
कपट विश्वासी ओई देवत विडारिकै ॥

તે **મૂળરાજને** (૧) કપટી, (૨) નિર્દય, (૩) સ્વાર્થી, (૪) કામાતુર, (૫) લોભી—ભોંયમાં ધન દાટી રાખનારો અને (૬) "જુદ્ધમેં અબુધ" અર્થાત્ યુદ્ધકાર્યમાં આવડત વિનાનો કહે છે. "કુમારપાળ ચરિત્ર" નો કર્તા તેને (૭) "નિર્ગુણી" અર્થાત્ કૃતઘ્ન પણ કહે છે, કારણકે સાત નિર્ગુણી વસ્તુઓમાં તે સામાન્ય રીતે "ભાણેજ" ની પણ ગણત્રી કરી બતાવે છે. આ રીતે **મૂળરાજ** ઉપર ઇતિહાસકારોનો એક પક્ષ જૂદા જૂદા ૭ દોષોનું આરોપણ કરે છે: ત્યારે બીજો પક્ષ તેનામાં અનેક સદ્ગુ-

ણોનું આરોપણ કરે છે! હેમાચાર્ય તેને (૧) સદ્‌ગુણોથી ભરેલો, (૨) જગત્ પ્રતિપાળ, (૩) ઉદાર અને (૪) ચક્રવર્તીના પદવાળો–પરાક્રમી કહે છે. 'પ્રબંધચિંતામણિ' કાર મેરૂતુંગાચાર્ય તેને (૫) તેજસ્વી અને (૬) પ્રજાને પ્રિયકર જણાવે છે. "કીર્તિકૌમુદી" કાર તેને "અસાધારણ પરાક્રમવાળો" કહે છે. આ પ્રમાણે બન્ને પક્ષો મૂળરાજમાં એવા સદ્‌ગુણ–દુર્ગુણનું આરોપણ કરે છે જે કે ગુણો પરસ્પર વિરોધી હોઇ ઉભયનું અસ્તિત્વ એકીસાથે એક જ વ્યક્તિમાં હોવાનું સંભવિત નથી. છતાં ઉભય પક્ષોના કથનનું પરીક્ષણ આપણે ઇતિહાસકારોના શબ્દો ઉપરથી પહેલાં કરીશું અને પછી મૂળરાજની જીવનચર્યાના પ્રકાશમાં એ કથનને તપાસીને તેના ચારિત્ર્ય–નિરૂપણ વિષેના છેવટના અભિપ્રાય ઉપર આવીશું.

મૂળરાજ કપટી હતો એવું એક માત્ર રત્નમાળનો કર્તા કહે છે. સામંતસિંહે મદ્યપાનથી થએલી ભાનરહિત અવસ્થામાં મૂળરાજને ગાદી ઉપર બેસાડ્યો અને પાછળથી તેને ઉઠાડી મૂકવા માંડ્યો ત્યારે તે ઉઠ્યો નહિ પણ સરદારો અને સૈન્યને પોતાના કરી લઇ મામાનો તથા રાજવંશનો નાશ કર્યો: એ મૂળરાજનું મોટામાં મોટું કપટનું કાર્ય લેખાય છે. પ્રથમ દૃષ્ટિએ એ કાર્ય કાપટ્ય જેવું જ દેખાય છે, પરન્તુ અન્ય સંયોગોની તપાસ લેતાં તેમાં કાપટ્ય દેખાતું નથી. પૂર્વે અનેક વાર મૂળરાજ પ્રત્યે સામંતસિંહે એવું જ વર્તન ચલાવ્યું હતું અને તે વેળાએ મૂળરાજ ગાદી ઉપરથી ઉઠીને મામાને રાજ્ય પાછું સોંપી દેવા જેવા સરલ મનનો માલૂમ પડ્યો હતો. પરન્તુ છેલ્લી વેળાએ તેણે તેમ નહિ કરતાં ગાદી ન જ છોડી અને મામાનો નાશ કર્યો, તો મૂળરાજ જેવા એક પ્રતાપી અને પરાક્રમી ક્ષત્રિય યુવકને મામાનું એવું વર્તન એક જાતના અત્યાચાર અને હાંસિરૂપ માલૂમ પડે, એ પ્રજાપ્રિય ક્ષત્રિય જુવાનને પ્રજાપીડનથી મામાનું રાજ્ય કંટાળાભરેલું લાગે, નિર્બળ અને વ્યસની મામા ઉપરનો તેનો પૂજ્યભાવ નાશ પામીને જીંદગીભર કૃતજ્ઞ રહેવાસુધીની તપશ્ચર્યા સેવવાનો સંયમ અસહ્ય જણાય, તો તેમાં આશ્ચર્ય જેવું કશું જ નથી. અન્ય પક્ષે સામંતસિંહના દુર્ગુણો

જ એવા હતા કે જે ગમે તેવા કૃતઘ્ન આશ્રિતને પણ ઉસ્કેરી મેલે. મેરૂતુંગાચાર્ય કહે છે કે "યુવાવસ્થામાં આવ્યા પછી રાજ્ય કરતા પોતાના મામાનું રાજ્ય એણે પોતાના પરાક્રમથી ઘણું વધારી આપ્યું. એથી એનો મામો ઘણો મદોન્મત્ત થયો. પછી તો એ એવું કરવા લાગ્યો કે કોઇ કોઇ વખત મૂળરાજને રાજ્યાભિષેક કરી પોતાની રાજગાદીએ એસાડે, ને વળી મદ ચઢે ત્યારે ગાદી ઉપરથી તેને પાછો ઉઠાડી પણ મૂકે. આ પ્રકારનો બનાવ બનવા માંડ્યો તે દિવસથી આરંભીને ચાવડા વંશના રાજાઓનું દાન ઉપહાસ કરવાયોગ્ય થયું. મૂળરાજને ગાદીએ બેસાડે ને પાછો ઉઠાડે એમ ઘણી વખત થવાથી તે ક્રોધયુક્ત થઇ પોતાના મામાનો ઘાણ કાઢવા વિષેનો તેના મગજમાં ફાંટો આવ્યો." મેરૂતુંગના વર્ણનમાં આપણે આ પ્રમાણે સામાન્ય મનુષ્યસ્વભાવનું વલન જોઇ શકીએ છીએ, અને મૂળરાજનું 'કાપટ્ય' કે 'હિંસાનું કાર્ય' ઔચિત્ય તરફ ઢળતું જ માલૂમ પડે છે. સામંતસિંહને "રાત કે દહાડો બોલવામાં કશો વિચાર નહોતો," તેનામાં "વિવેક અને ટેક તો હતાં જ નહિ," "હિત કે અહિત" નો ભેદ તે પિછાણતો નહિ, તે "મદ્યપી" અને "મદોન્મત્ત" હતો, વળી ચાવડાઓ "પાપી, ગર્વિષ્ટ, મદિરાપાન કરનારા, લોકોને દુઃખ દેનારા અને બ્રાહ્મણ તથા દેવનો તિરસ્કાર કરનારા હતા," તેઓનું વર્તન એવું ક્ષત્રિયત્વને હીન પદ લગાડનારૂં હતું કે "ચાવડાઓનું દાન ઉપહાસને પાત્ર" ગણાવાનો સમય સામંતસિંહના રાજત્વકાળનો જ અંકાયો : આટલી પતિત અવસ્થામાં આવી પડેલો રાજા પોતાના રાજત્વને સુધારે નહિ, પ્રજાપીડન અને દુરાચરણ ચાલુ રાખે, તો શું તેનો નાશ કરવાનું કાર્ય તત્કાલિન ક્ષત્રિયની દૃષ્ટિએ અનિષ્ટ–નિંદાપાત્ર હિંસા લેખાવી જોઇએ ? કંસ દેવ, ધર્મ તથા બ્રાહ્મણોનું અપમાન કરનારો હતો અને તેનો નાશ કરવાનું કાર્ય એટલું આવશ્યક જણાયું હતું કે વિષ્ણુએ શ્રી કૃષ્ણના રૂપમાં અવતાર ધારણ કર્યો અને તેમણે કંસને માર્યો તે મહત્ ધર્મકાર્ય લેખાયું. તેવી જ રીતે અધર્મી અને પ્રજાપીડક રાજાઓનો નાશ કરવાના કાર્યને ધર્મરૂપ માનવામાં આવ્યું હોય એવા દૃષ્ટાંતો પણ મળી આવે છે. મનુસ્મૃતિમાં કહ્યું છે કે—

वेनो विनष्टो ऽविनयान्नहुषश्चैव पार्थिवः ।
सुदासो यावनिश्चैव सुमुखो निमिरेव च ॥

એ શ્લોકમાં કહ્યા પ્રમાણે વેન, નહુષ, સુદાસ, સુમુખ અને નિમિ અધર્મી હોવાથી જ તેમનો ઇચ્છાપૂર્વક નાશ કરવામાં આવ્યો હતો.

અત્યારના સમયની રાજનીતિ જોતાં પણ આપણને શું જણાય છે? ઑસ્ટ્રિયાના યુવરાજ અને યુવરાજ્ઞીનું ખૂન સર્વિયાના પ્રજાજનોએ કર્યું, સર્વિયાના રાજાની તે કાર્યમાં ચશ્મપોશી દેખાઇ આવી, છતાં ઇંગ્લાંડે ઑસ્ટ્રિયાના વૃદ્ધ શાહાનશાહનાં આંસુ લૂછવાને બદલે સર્વિયાનો પક્ષ પકડયો અને તેનું કાર્ય "પ્રજા–સ્વાતંત્ર્યના રક્ષણનું પવિત્ર કાર્ય" લેખાયું, તેનું કારણ શું? જે ઑસ્ટ્રિયન યુવરાજનું ખૂન કરવામાં આવ્યું હતું તે અત્યંત પ્રજાપીડક હતો અને સર્વિયાના તાબાની ચોક્કસ પ્રજા તેના પ્રત્યે વૈમનસ્ય ધરાવતી હતી. પ્રજાની સ્વતંત્રતા અને તેની મહત્ત્વાકાંક્ષાનું પોષણ કરવું એ રાજાનો ધર્મ હોવા છતાં રાજા પ્રજાની સ્વતંત્રતા લૂંટી લે, પ્રજાપીડક બને, સ્વધર્મથી ભ્રષ્ટ બને તો તેવા રાજા કે યુવરાજના મરણ કે ખૂન પ્રત્યે કોઇની દિલસોજી ખેંચાતી નથી. રશિયાના ઝારના આખા કુટુંબનો અત્યાચારપૂર્વક નાશ કરવામાં આવ્યો, છતાં દુનિયાએ તેને માટે દુઃખનાં આંસુ પાડયાં નથી, તેનું કારણ શું? તેનું કારણ પણ ઝારશાહી તળે કચડાએલી પ્રજાનો આર્ત નાદ સેંકડો વર્ષોથી કોઇએ સાંભળ્યો નહોતો એ જ હતું. પ્રજાપીડક રાજાઓનાં મોત થતી વેળાએ કોઈ કોઇ પ્રજાવર્ગે ઉત્સવ કર્યાના દૃષ્ટાન્તો પણ ઇતિહાસમાં મળી આવશે. આ કારણથી સામંતસિંહનો ઘાત મૂળરાજે કરવા માટે મૂળરાજ ઉપર કાપટ્ય અને કૃતઘ્નતાનું દોષારોપણ કરવું એ યુક્ત જણાતું નથી. મૂળરાજે મામાનો ઘાત ચોરી છૂપીથી કર્યો નહોતો. તે પ્રજાને પ્રિય હતો, પરાક્રમી હોઇને સૈન્યમાં પણ પ્રિય હતો અને પોતાના પક્ષને મજબૂત કરવાને કેવી યુક્તિ તથા ઔદાર્ય બતાવવાં જોઇએ, સામા પક્ષને સાધી લેવાને કેવું ચાતુર્ય વાપરવું જોઇએ, તે રાજનીતિ સમજવામાં મૂળરાજ કુશળ હતો, એટલે તે મામાનો ઘાત કરી પોતાને આપવામાં આવેલો રાજમુકુટ

પોતાના હાથમાં જ ગ્રહણ કરી રાખવામાં આવી શક્યો હતો. આ સર્વ પ્રકારમાં આપણે મૂળરાજનો કાપટયનો દુર્ગુણ જોઈ શકતા નથી.

બીજાં એ પ્રમાણો ઉપરથી આપણે મૂળરાજને 'કપટી' ને બદલે સરલ ચિત્તનો અર્થાત્ ભોળો જોઇએ છીએ. ઇતિહાસમાં કહેવામાં આવ્યું છે કે "નિષ્કંટક રાજ્ય ભોગવવાને માટે એક બ્રાહ્મણના વચન ઉપરથી મૂળરાજે મોસાળ પક્ષનાં સર્વેને મારી નાંખ્યાં." આ શબ્દોમાં આપણે મૂળરાજના સ્વભાવનું કાપટ્ય કે નિર્દયતા જોતા નથી, પરન્તુ એક બ્રાહ્મણના વચનને આધારે અનેક મનુષ્યોનો ઘાત કરવા તરફ દોરવાઇ જવાની 'સરલતા' જ જોઇએ છીએ. ભાટોની કથા ઉપરથી આપણને એવું માલૂમ પડે છે કે મામાનો નાશ કરવાને મૂળરાજને તેના કાકા બીજ સોલંકીએ ફોસલાવ્યો તથા ઉશ્કેર્યો હતો. આ કથન પણ મૂળરાજના સ્વભાવની સરલતાને જ ખુલ્લી કરે છે.

મામાના હાથમાંથી રાજ્ય ગ્રહણ કરતી વેળાએ મૂળરાજે જે ઘાતકી કર્મો કર્યાં હતાં તે ઉપરથી જ તેને નિર્દય કહેવામાં આવે છે. પરન્તુ મૂળરાજના સ્વભાવનું પરીક્ષણ કરતાં તેમાં નિર્દયતા દેખાતી નથી. મામાના હાથમાંથી રાજ્ય લેવાને મામાનો ઘાત કરવાનું તેનું કાર્ય જો તેની દૃષ્ટિએ અનિવાર્ય હોય, તો પછી મોસાળ પક્ષનો ઘાત કરવાનું તેનું કાર્ય કે જે તેણે એક બ્રાહ્મણના વચનને આધારે કર્યું હતું તે માટે તેને નિર્દય કહેવો જોઇતો નથી. તેથી ઉલટું તેની દયાળુતા એક મહત્ત્વને પ્રસંગે દેખાઈ આવી છે. ઇતિહાસકાર કહે છે કે: "બાળકોને આંગળીએ વળગાડીને ગ્રહરિપુની પરણેલી સ્ત્રીઓએ પતિરૂપ ભિક્ષા માંગવાથી મૂળરાજે ગ્રહરિપુની અંગુલિ કાપી લઇ છોડી દીધો." જે ગ્રહરિપુનું વર્ણન ઇતિહાસમાં એક રાક્ષસના જેવું જ કરવામાં આવ્યું છે, જેને માટે મૂળરાજને સૌરાષ્ટ્રના પાર્વતીય પ્રદેશમાં સૈન્ય લાવવાની મોટી તકલીફ ઉઠાવવી પડી હતી અને દંતકથા પ્રમાણે જેણે મૂળરાજના જ કુટુંબની એક કુંવારી કન્યા ઉપર અત્યાચાર કરવાનો અપરાધ કર્યો હતો, તે ગ્રહરિપુ ઉપરની એ દયાળુતા શું મૂળરાજનો એક ઉત્તમ ગુણ પ્રકટ કરતી નથી?

તેવી જ રીતે મૂળરાજના ચારિત્ર્યમાં સ્વાર્થાંધતા પણ દેખાતી નથી. નાની વયમાં તેણે સ્વપરાક્રમવડે મામાનું રાજ્ય વધારી આપ્યું હતું અને એ કાર્ય તેણે કાપટ્યથી—ભવિષ્યમાં રાજ્ય પચાવી પાડવાની સ્વાર્થબુદ્ધિથી કર્યું નહોતું: જો તેવી બુદ્ધિથી તેણે તે કાર્ય કર્યું હોત તો મામાએ પહેલી જ વાર તેને મદ્યના તાનમાં ગાદીએ બેસાડ્યો તે જ સાથે તેણે મામાનો ઘાત કરીને રાજ્યસૂત્રો હાથમાં લીધાં હોત; પરન્તુ એવા અનેક પ્રસંગો તેણે જવા દીધા હતા અને તે સમયે તેનામાં કાપટ્ય નહોતું તે જ તેનું કારણ હતું. મૂળરાજને લોભી—ધનને ભૂમિમાં દાટી રાખનારો કહેવો એ વાર્તા તો કેવળ નિષ્પ્રમાણ અને અસંગત છે. મૂળરાજે પ્રજાહિતનાં કાર્યોમાં પુષ્કળ દ્રવ્ય ખર્ચ્યું હોવાની વાર્તા ઇતિહાસમાં મળી આવે છે. તેણે દેવાલયો, પ્રાસાદો, રૂદ્રમાળ વગેરે બંધાવ્યાં અને ઇતિહાસમાં કહ્યું છે કે તેવાં કામોમાં ગમે તેટલું ખર્ચ થાય તેની તેણે પરવા કરી નહોતી. ભારતવર્ષના ત્રણ દેશોમાંથી તેણે બ્રાહ્મણોને બોલાવ્યા હતા અને તેમને જાગીરમાં ગામો તથા પુષ્કળ દ્રવ્ય આપીને ગુજરાતમાં વસાવ્યા હતા. આ બધાં કામો તેણે પોતાની પાછલી અવસ્થામાં કર્યાં હતાં, પરન્તુ તેની એ ઉદારતાને કારણે તેને 'લોભી' કહેવાનો અવકાશ રહે તેમ નથી.

"કામાતુરતા"ના દોષનું આરોપણ મૂળરાજ ઉપર થઈ શકે તેવો એક પણ પ્રસંગ ઇતિહાસમાંથી ઉપલબ્ધ થતો નથી. મૂળરાજની એક સ્ત્રીની કામાતુરતા અને તેના પુત્રની કામાતુરતાના પ્રસંગો મળી આવે છે, પરન્તુ મૂળરાજને માટે તેવો કોઈ પ્રસંગ જોવામાં આવતો નથી. તેથી ઊલટું ગ્રહરિપુ જેવા હારેલા દુશ્મનની રાણીઓ સાથેનો તેનો વ્યવહાર તેના ચારિત્ર્યને શોભા આપે તેવો છે.

"રત્નમાળ"કારે મૂળરાજને "જુદ્ધમેં અબુધ" કેમ કહ્યો હશે તે બિલકુલ સમજી ન શકાય તેવું છે. સામંતસિંહના વખતમાં તેનું રાજ્ય વધારી આપનાર મૂળરાજ હતો. મેરૂતુંગ કહે છે કે તે "તેજસ્વી અને પરાક્રમી થવાથી સર્વ પ્રજાને પ્રિયકર થઈ પડ્યો." "કીર્તિકૌમુદી"કાર તેને "અસાધારણ પરાક્રમવાળો" કહે છે. ગ્રહરિપુની કુમકે સિંધુપતિ,

કચ્છનો **લાખો ફૂલાણી**, **ગ્રહરિપુ**ના પુત્રો વગેરે આવ્યા હતા, છતાં **મૂળરાજે** તેમને સર્વેને હરાવ્યા હતા. **મૂળરાજ**ના પોતાના જ પરાક્રમની વાત કરીએ તો ઇતિહાસકાર જણાવે છે કે " એ બે (**મૂળરાજ** અને **ગ્રહરિપુ**) અતિ દર્પવાળા, યમપુત્ર જેવા, હાથમાં તલ્વાર અને છરી લઇ, પિત્રાઈ બાઝ્યા હોય તેમ, એક જ હાથી ઉપર લઢવા લાગ્યા. **સ્કંદકુમાર**નાં માતાપિતા (**શિવ–પાર્વતી**) અને **પ્રદ્યુમ્ન**નાં માતાપિતા (**વિષ્ણુ–લક્ષ્મી**) તારાપર આજ રૂઠ્યાં છે એમ કહેતાં **ચૌલુક્યે** (**મૂળરાજે**) દૈત્યને (**ગ્રહરિપુ**ને) ભૂમિ ઉપર પાડ્યો. " **સાંભર**નો રાજા **વિગ્રહરાજ** અને **લાટ**નો અધિપતિ **બારપ** એ બન્નેની સાથે એક જ વેળાએ લડવાનો પ્રસંગ જ્યારે **મૂળરાજ**ને આવ્યો ત્યારે તેણે ખરી ચતુરાઇથી કામ લીધું હતું. વિગ્રહરાજનું સૈન્ય ઘણું મોટું હોવાથી તેની સામે **મૂળરાજ** ટકી શકે તેમ નહોતું, તેથી તે કચ્છના કંથકોટના કિલ્લામાં ભરાયો. તેણે ધાર્યું હતું કે ચોમાસામાં નવરાત્ર કરવાને **વિગ્રહરાજ** પાછો જશે, એટલે પોતે એકલા **બારપ**ને હરાવી શકશે, પરન્તુ તેની તે ધારણા ખોટી પડી. **વિગ્રહરાજે** પોતાની **શાકંભરી** માતાની મૂર્તિને ત્યાં મંગાવી અને ત્યાં જ નવરાત્ર કર્યા, એટલે **મૂળરાજ** વધારે ગુંચવણમાં પડ્યો. તે વેળાએ તે એક હાથીપર બેસીને એકાએક **વિગ્રહરાજ**ના લશ્કરમાં પેઠો અને ઠેઠ **વિગ્રહરાજ**ની પાસે જઇને ઊભો ! **મૂળરાજ** પોતાના લશ્કરને ઉલ્લંઘીને સીધો પોતાની સામે આવી ઊભો તે જોઇને **વિગ્રહરાજ** ગભરાયો. પછી બન્ને રાજાઓ વચ્ચે ઓળખાણ થઈ અને **મૂળરાજે** માંગણી કરી કે " હું **બારપ** સાથે લડું ત્યાંસુધી તમારે રાહ જોવી અને પીઠ પાછળથી હલ્લો કરવો નહિ. " **વિગ્રહરાજે** કહ્યું : " તમે રાજા છતાં એક સાધારણ સામંતની પેઠે એકલા ચાલ્યા આવ્યા છો અને તમારી સલામતીની પણ દરકાર કરી નથી, માટે હું જીવતાંસુધી તમારો દોસ્ત થઈ રહીશ. " એ પ્રમાણે **મૂળરાજ**ના પરાક્રમ તથા ધૈર્યથી આકર્ષાએલો **વિગ્રહરાજ** યુદ્ધ કર્યા વિના જ પાછો ચાલ્યો ગયો અને **મૂળરાજે** **બારપ**ની સાથે યુદ્ધ કરીને તેને માર્યો. આવા પરાક્રમી, ધૈર્યવાન, ચતુર અને ટેકીલા **મૂળરાજ**ને " જુદ્ધમેં અબુધ " કહેનાર તો **મૂળરાજ**ના કોઇ શત્રુનો ભાટ જ હોઇ શકે.

મૂળરાજને "નિર્ગુણી" કે "કૃતઘ્ન" કહેનાર, મૂળરાજે પોતાને આશ્રય આપનાર મામાનો ઘાત કર્યો તે કાર્યથી, દોરવાઇ જતા હોવા જોઇએ. મૂળરાજને મામા તરફથી મળેલા આશ્રયનું મૂલ્ય કેટલું આંકવું તે મતભેદની વાત છે. મૂળરાજ ઉપર મામાએ કરેલા ઉપકારનો બદલો મૂળરાજે પોતાની ૨૧ વર્ષની નાની ઉમરસુધીમાં કેટલાક પ્રમાણમાં વાળ્યો હતો. ત્યારપછી મામાનું અને ચાવડાઓનું અનિષ્ટ વર્તન પોતાનું મન મારીને પણ સહન કરી લેવાનો સંયમ તેણે બતાવ્યો હતો. પુનઃ પુનઃ ગાદી ઉપર બેસાડીને પુનઃ પુનઃ ઉઠાડી મેલવાનું અપમાન પણ તે જુવાન ક્ષત્રિયે કેટલોક વખત વેઠયું હતું. તે રજોગુણી યુવકમાં તે કરતાં વધારે સંયમી વૃત્તિ નહોતી અને તેથી મામાનું ઋણ ચૂકવી આપવા માટે વધારે વખત બંધાઇ રહેવાની ધીરજ તે બતાવી શક્યો નહિ. સામંતસિંહના ઉપકારનું ઋણ એટલાથી પૂરૂં થએલું ન માનીએ તો તેટલે અંશે મૂળરાજને ભલે નિર્ગુણી કહેવામાં આવે; મૂળરાજ મનુષ્ય હતો—રજોગુણી ક્ષત્રિય હતો: ઋષિ કે દેવ નહોતો. છતાં પોતાના એ દોષને મૂળરાજ પોતાના પાછલા જીવનમાં ઓળખી શક્યો હતો અને તેથી મૂળરાજના ચારિત્ર્ય ઉપરનો એ ડાઘ ધોવાઈ ગયો હતો.

બીજ અને એક બ્રાહ્મણની ઉશ્કેરણીથી પોતે યુવાવસ્થામાં મામાનું તથા બીજા ચાવડાઓનું મોત નીપજાવ્યું, એ પોતાના સરલ સ્વભાવનું પરિણામ હોવા છતાં પાપ તો પોતાને જ હાથે કર્યું, મામાના ઉપકારનું ઋણ પૂરેપૂરૂં નહિ ફેડતાં પોતે નિર્ગુણીપણું દર્શાવ્યું: એવા એવા વિચારોને લીધે તેને વૃદ્ધાવસ્થામાં બહુ જ પસ્તાવો થયો અને પૂર્વનાં પાપ ધોઈ નાંખવાને અનેક સત્કાર્યો કર્યાં. મૂળરાજને આપણે યુવાવસ્થાથી જ શંકરની ભક્તિમાં લીન બનેલો જોઇએ છીએ, તીર્થસ્થળોની યાત્રાઓ કરતો નીહાળીએ છીએ, સોમનાથ મહાદેવની કૃપાથી તેને સૌરાષ્ટ્રનું રાજ્ય મળ્યું એવો ઉલ્લેખ પ્રાચીન ઇતિહાસકાર કરે છે અને સિદ્ધપુરના પવિત્ર ક્ષેત્રમાં બ્રાહ્મણોને બોલાવી રાખીને અગણિત દાનપુણ્ય કરતાં તે મરણ પામ્યો હતો. મરણ પામતી વેળાએ તેણે પોતાના પુત્ર–પૌત્રોને બોલાવીને

બ્રાહ્મણોનું રક્ષણ કરવાની તેઓને આજ્ઞા કરી હતી. તેનું આ પાછલું જીવન કાંઇ કેવળ સ્મશાનવૈરાગ્ય તુલ્ય નહોતું. તેનામાં ધર્મનિષ્ઠાના સંસ્કારો હતા અને તેણે જે દેવમંદિરો બંધાવ્યાની તથા યાત્રાઓ કર્યાની વાતો ઇતિહાસમાં આવે છે તેમાં જ એ ઉચ્ચ સંસ્કારો નિવાસ કરી રહેલા છે. એવા ઉંચા સંસ્કારોના અને એ સંસ્કારોવાળા તેના પાછલા જીવનના પ્રકાશમાં જો આપણે તેનાં પૂર્વનાં દોષયુક્ત દેખાતાં કાર્યો જોઇશું તોપણ આપણને સમજાશે કે જે દોષારોપણ મૂળરાજમાં કેટલાક ઇતિહાસકારો કરે છે તે ઉચિત નથી. વસ્તુતઃ મૂળરાજ એક ઉંચા સંસ્કારવાળો અને પરાક્રમી ક્ષત્રિય હતો, તેણે કરેલાં અનિષ્ટ કાર્યો તેના સરલ સ્વભાવનો લાભ લઇને તેને ઉશ્કેરી મેલનારાઓની શીખવણીનું પરિણામ હતું, એક રાજવંશીની સ્વાભાવિક રજોગુણી પ્રકૃતિને લીધે પોતાને આશ્રય આપનારનો ઘાત કરવાનું કાર્ય તેને રૂચ્યું હતું, પરન્તુ પાછળથી પોતાની એ રૂચિમાંએ દોષ માલૂમ પડતાં તેણે મોકળે મને પ્રાયશ્ચિત્ત કર્યું હતું. ગુજરાતમાં સોલંકી વંશની ગાદી સ્થાપનાર એ આદિ પુરૂષની ધર્મનિષ્ઠા, પરાક્રમો, શૌર્યવીર્ય, ન્યાયનીતિ અને ઉત્તમ રાજનીતિના જ ફળ તરીકે સોલંકી વંશની રાજગાદી ગુજરાતમાં બીજા વંશો કરતાં વધારે સમય ટકી, તેમાં ભીમદેવ બાણાવળી, કર્ણદેવ, સિદ્ધરાજ જયસિંહ અને કુમારપાળ જેવા પરાક્રમી રાજાઓ થયા, પરદેશીઓની સવારીઓ છતાં ગુજરાતની રાજગાદી તેમની સામે ટક્કર ઝીલીને મૂળરાજે રાજ્યની ઇમારતના નાંખેલા મજબૂત પાયાની પ્રતીતિ કરાવી રહી અને ગુર્જરેશ્વરની કીર્તિપતાકા ભારતવર્ષની સર્વે દિશાઓમાં ફરકી રહી. મૂળરાજનાં કાર્યોનું પરીક્ષણ તેનાં કાર્યોની જ દૃષ્ટિએ નહિ કરતાં તેના ચારિત્ર્યની દૃષ્ટિએ કરવાની જરૂર છે અને તેવું પરીક્ષણ કરતાં આપણને જણાય છે કે મૂળરાજ તત્કાલિન ક્ષત્રિયોમાં એક સાચો ક્ષત્રિય હતો અને એક રાજા તરીકેના અનેક ગુણોનો તેનામાં નિવાસ હતો.

અનુક્રમણિકા.



પછી મૂળરાજે સૈન્યની મધ્યમાં રહી, અંબાડીમાંથી ઉઠી, મહાવતને તેની જગ્યાએથી આઘો હડસેલી, હાથીના કુંભસ્થળ તરફ ખસી જઈ, શત્રુની સામે ઊભા ઊભા તીરનો મારો ચલાવવા માંડ્યો! (પૃષ્ઠ ૨૮૧)

મૂળરાજ સોલંકી

પ્રથમ ખંડ

રાજ્યગ્રહણ

एक एव हितार्थी यस्तेजस्वी पार्थिवो भुवः ॥

*　　*　　*　　*

कालो वा कारणं राज्ञो राजा वा कालकारणम् ।
इति ते संशयो माभूत् राजा कालस्य कारणम् ॥

મૂળરાજ સોલંકી.

પ્રથમ ખંડ: રાજ્યગ્રહણ.

પરિચ્છેદ ૧ લો.

અંધકારમાં પ્રપંચવાર્તા.

આપણી કથાનો પ્રારંભ ઈ. સ. ૯૬૧ (સંવત્ ૧૦૧૭) માં થાય છે, જે વખતે ચાવડા વંશના રાજા સામંતસિંહની આણ ગુજરાતમાં વર્ત્તી રહી છે.

મધરાતનો સમય થવા આવ્યો છે. વૈશાખ માસનું શુકલ પક્ષ ચાલતું હોવા છતાં આકાશમાં ચોપાસ મેઘ છવાએલો હોવાથી ચંદ્રનો કે તારાઓનો પ્રકાશ દૃશ્યમાન થતો નથી. રાત્રિનો સમય હોવાથી શીતળ સમીર વાઇ રહ્યો છે અને નિકટમાં જ સરસ્વતીનો જળપ્રવાહ હોવાથી તે ઉપરથી વાતો વાયુ ઉષ્ણ ઋતુમાં બહુ આનંદપ્રદ લાગે છે; પરંતુ શિયાળ, કૂતરા, વરૂ અને અન્ય વગડાઉ પશુઓનો ભયપ્રદ સ્વર એ આનંદપ્રદતાનો નાશ કરી રાત્રિને ભીષણ બનાવી મેલે છે. અત્યારે બે પુરૂષો સરસ્વતીના જળને ભારે કષ્ટથી ઉતરીને તેને સામે કાંઠે પહોંચ્યા અને વડના વૃક્ષની નીચેના એક જીર્ણ ચોતરા પાસે આવીને થોભ્યા. નદી ઉતરવાથી બન્નેને થાક લાગેલો જણાતો હતો, તેથી તેમાંનો એક તો તુરત જ ચોતરા ઉપર બેસી ગયો અને બોલ્યોઃ "સરસ્વતીનો પ્રવાહ તો બહુ જ વેગવાળો, હોં! જાણે મારા સાથળ ભરાઈ ગયા હોય એવું લાગે છે."

"ગુજરાતની નદીઓમાં સરસ્વતીના પ્રવાહનો વેગ જાણીતો છે: અને આપ આવી રીતે નદી પણ ભાગ્યે જ કોઇ વાર ઉતર્યા હશો." બીજાએ કહ્યું.

"ખરી વાત; આમ પગે ચાલીને આટલું પાણી હું કોઇ જ વાર ઉતર્યો નથી. સાધારણ રીતે નાવડામાં આવજા કરવાનું મળે, પછી આમ પગે ચાલીને શામાટે ઉતરવું પડે ?

"ત્યારે આજે પણ નાવડામાં આવ્યા હોત તો ?"

"મૂર્ખ છે કે શું ? જસપાલને ઓળખતો નથી ? ઠીક, હવે જા. હું અહીં બેઠો છું. તું એને બોલાવી લાવ. ગુપચુપ હોં, છાવણીમાં કોઇ પણ જાણે નહિ."

"વારૂ, બોલાવી લાવું છું, આ ચાલ્યો."

"પણ રહે, એક વસ્તુ ભૂલી જાય છે."

"શું ? હું પોતે જઇને એમને બોલાવી લાવું છું–કોઈ જાણે નહિ એવી રીતે."

"પણ તે એવી રીતે નહિ આવે."

"કેમ નહિ આવે ? મને એ ક્યાં ઓળખતા નથી ? આપ જુઓ તો, હમણાં બોલાવી લાવું છું."

"તને એ ઓળખે છે, છતાં નહિ આવે."

"એ આપ શું બોલ્યા ? આપનું નામ આપીશ પછી કેમ નહિ આવે ?"

"મારૂં નામ આપીશ નહિ; માત્ર એની પાસે જઇને એટલું બોલજે કે 'કલંક'!"

"કલંક ? એ વળી શું ? શેનું કલંક ? કોને શિરે કલંક ? પછી તે મને એનો ખુલાસો પૂછે, તો મારે શું કહેવું ?"

"એ તને કશું પૂછશે જ નહિ, તું તારે જા. ઉતાવળો જા, હવે મોડું થાય છે. કદાચ એ રાહ જોઇને થાકયો હશે અને સૂઇ જવાની તૈયારીમાં હશે."

માલીકની આજ્ઞા સાંભળીને એ જુવાન ઉતાવળે પગલે સામેના અંધકારમાં ચાલ્યો ગયો અને ચોતરા ઉપર બેઠેલો પ્રૌઢ વયનો પુરૂષ ભૂતકાળના વિચારોની તંદ્રામાં પડયો. અનેક પ્રસંગો દૃષ્ટિની સામે તરી આવ્યા અને તે પ્રસંગોના સ્મરણની સાથે તેને અત્યંત મનઃકષ્ટ થતું હોય એવું

દેખાવા લાગ્યું. વિકળ ચિત્તે તે કોઇ વાર અંધકારમાં દાંત કચકચાવીને ભેટપર બાંધેલી તલવારની મૂઠપર હાથ નાંખતો સામે આતુર દૃષ્ટિથી કાંઇ જોતો હતો, પરન્તુ વ્યાપી રહેલો અંધકાર તેની દૃષ્ટિને સફળ થવા દેતો નહોતો. તે મન સાથે બોલ્યો: "છાવણીનો સહેજ ઘોંઘાટ અહીં-સુધી સંભળાય છે ખરો, તોપણ બે–ત્રણ ખેતરવાથી ઓછું છેટું તો નહિ હોય. હજી તેને આવતાં વાર થશે, માટે લાવ જરા આ ચોતરા ઉપર પાસું ઢાળું."

એમ વિચાર કરીને તે આકાશમાંના મેઘખંડોની લીલા નિહાળતો સૂતો. ઉંઘવાની તેની ઇચ્છા નહોતી અને ઉંઘ આવે એવો સંભવ પણ નહોતો. સરસ્વતીના જળપટપર થઇને વાતો શીતળ વાયુ એ પ્રૌઢ શરીરને થરથરાવી મેલે તેવો હતો પરન્તુ ઇષ્ટસિદ્ધિમાં જ મગ્ન બનેલું એ પ્રૌઢ હૃદય દેહકષ્ટને જરા પણ ગણકારતું નહોતું. ઘડી–દોઢ ઘડી વીતી ગઇ, એટલામાં સામેથી કોઇનો પગરવ સંભળાયો અને સૂતેલો પ્રૌઢ પુરૂષ બેઠો થયો. તેનાં નેત્રોને અંધકારમાં કશું દેખાયું નહિ, પરન્તુ નિકટમાં જ ધીમો સ્વર સંભળાયો: "કલંક?"

"હા, કલંક! સીધો ચાલ્યો આવ. હું અહીં એકલો જ છું."

બે–ચાર પળોમાં એ પ્રૌઢ વયના પુરૂષ પાસે એક વીશ–એકવીશ વર્ષની વયનો યુવક આવીને ઊભો રહ્યો. પ્રૌઢે પૂછ્યું: "કેમ? કુશળ વર્તમાન છે ને?"

"હા, શરીરે કુશળ છું." આગંતુકે ઉત્તર આપ્યો.

પ્રૌઢે પોતાના અનુચર યુવકને સંબોધીને કહ્યું: "ધીરૂ! તું કેટલેક દૂર નદીકાંઠે જઇને ઊભો રહે; તે તરફ અને છાવણીની દિશાએ પણ નજર રાખજે. કોઇ આ તરફ આવે તો કૂતરાની પેઠે ભોં ભોં કરીને અમને ચેતાવજે."

"વારૂ; બિચારો આવનારો મારો ભોં ભોં નો ભયંકર અવાજ સાંભળીને જ પાછો જતો રહેશે." એમ કહી ધીરૂ નદીકાંઠાની દિશાએ ચાલ્યો.

પ્રૌઢ અને યુવક હવે એકલા રહ્યા. પ્રૌઢે ધીમે સ્વરે પૂછ્યું: "કેમ, શા સમાચાર છે?"

"સમાચાર તો તમે સાંભળ્યા હશે. મેં પ્રયત્ન કર્યો પણ કશું વળ્યું નહિ. જેહુલ નમી ગયો અને તેણે માળવાધીશ પાસેથી જે ખંડણી લીધી હતી, તે ભાણુભાને હાથોહાથ સોંપી, એટલે વિરોધ વધવાનો પ્રસંગ ટળી ગયો."

પ્રૌઢ કાંઇક ગુસ્સે થયો હોય એવો દેખાયો અને બોલ્યો: "પણ તેમાં તેં તારી બુદ્ધિ શું ચલાવી? તું સાથે શામાટે ગયો હતો તે સમજે છે કે નહિ?"

"હા, તે હું સમજું છું; મેં મારી બુદ્ધિ બરાબર રીતે ચલાવી હતી. મેં ભાણુભાને કહ્યું કે જેહુલ પાસેથી ખંડણીનાં નાણાં પાછાં લઇને પાટણમાં જશો, પણ કદાચ મહારાજ તે કબૂલ નહિ રાખે તો તમારે શિરે નકામું જોખમ આવી પડશે, માટે જેહુલની માંગણી નહિ સ્વીકારતાં મહારાજને બોલાવી, તેમની સંમતિથી યુદ્ધ કરવું અને તેને સંપૂર્ણ રીતે હરાવવો એ વધારે સારૂં છે."

"હંઅ, પછી ભાણુભાએ શું કહ્યું?"

"તેમણે તો એવું કહ્યું કે હું જે કાંઇ કરૂં તેમાં મામા કદાપિ વાંધો લે જ નહિ; વળી લ્હડાઇ કરવાનો આપણો હેતુ પાર પડે છે, પછી નકામો વિરોધ વધારીને યુદ્ધ શામાટે કરવું?"

"વારૂ, પછી તેં શું કહ્યું?" પ્રૌઢે આતુર સ્વરે પૂછ્યું.

"જ્યાં તે વાજબી જવાબ આપે, ત્યાં મારાથી શું કહી શકાય? હું જાણી જોઇને ઉંધી સલાહ આપું અને એ સલાહને માટે પુનઃ પુનઃ આગ્રહ કરૂં, તો કદાચ તેને મારા પર શંકા ન આવે?"

"જા, જા હવે, દોઢચતુર?!" તિરસ્કારયુક્ત સ્વરે પ્રૌઢ બોલી ઉઠયો: "તું આવો બ્હીકણ અને બાયલો ક્યાંથી થયો? એ ગમે તેવો વાજબી જવાબ આપે તોપણ શું થયું? આપણે તેને એવી રીતે ઉથલાવી નાંખીએ કે પછી તેને જ પોતાના નિશ્ચય ઉપર શંકા આવ્યા વિના

રહે નહિ! હું તને આટલું આટલું કહીને થાક્યો, તોપણ તારામાં કશી સમજણ જ આવી નહિ!"

યુવક અવાક્ ઊભો રહ્યો. પ્રૌઢ આગળ બોલ્યો: "અને ભાણુભામાં કાંઇ રાજ્યલોભના અંકુરો ફૂટયા છે કે નહિ?"

"હજી તો એવું કશું દેખાતું નથી. એક વાર વાતચીતમાં મેં એવો પ્રસંગ કાઢયો હતો કે જેથી તેને પોતાનો મનોભાવ ખુલ્લો કરવાની જરૂર પડે. તે વખતે તેણે એવું કહ્યું કે 'મામા તો માત્ર નામના રાજા છે; રાજ્ય ઉપર દેખરેખ હું રાખું છું; પછી હું ગાદીપર હોઉં તોએ શું અને ન હોઉં તોએ શું?'"

"અને તેના એ જવાબ ઉપરથી તેં તેના સ્વભાવની પરીક્ષા કેવી કરી?"

"હું સમજ્યો કે એને રાજ્યગાદીનો લોભ નથી."

"મૂર્ખ! તને સ્વભાવની પરીક્ષા જ ક્યાં કરતાં આવડે છે?" પ્રૌઢે ભ્રુકુટી ચડાવીને ગુસ્સામાં કહ્યું: "તેના એ જવાબ ઉપરથી તારે એવું સમજવું જોઇએ કે એને રાજ્યગાદીનો લોભ નથી, પરન્તુ રાજ્યના અધિકારનો લોભ છે. તે રાજા નહિ હોવા છતાં રાજાનો સઘળો અધિકાર ભોગવે છે, અને તેટલા માટે સંતુષ્ટ છે, એટલું તો તું સમજ્યો કે નહિ?"

"હા, તેનામાં એ અધિકારનો લોભ હોવો જોઇએ ખરો." યુવકે સ્વભાવનું એ પરીક્ષણ કબૂલ કર્યું.

"જો તેનામાં એ લોભ છે, તો આપણે આપણો હેતુ સિદ્ધ કરવાને એ લોભને સાધનભૂત બનાવવો જોઇએ; એવું તેં શું કર્યું?"

"કશું જ નહિ!"

પ્રૌઢ ગુસ્સાથી ચાળા પાડીને બોલ્યો: "ક્યો...ક...શું...જ નહિ! મને ક્યાંથી અવળી મતિ સુજી કે મેં તને આ કામમાં પાડયો?"

"એમાં ગુસ્સો શાને કરો છો? એક વાર મારી ભૂલ થઇ, હવે ફરીથી નહિ થાય; પણ તેના એ અધિકારલોભને મારે કેવી રીતે આપણા સાધનરૂપ બનાવવો તે મને એક વાર સમજાવો."

"સાંભળ; ભાણુભામાં રાજ્યના અધિકારનો લોભ છે. અત્યારે તે એ અધિકાર ભલે ભોગવે, પરન્તુ તેને એવું સમજાવવું કે ભવિષ્યનો ક્યાં ભરોસો છે? આજસુધી રાજાને પુત્ર નહોતો અને હવે પુત્ર થયો છે, એટલે ભવિષ્યમાં એ પુત્ર પાટણની ગાદીએ આવતાં ભાણુભાના અધિકારને કોણ ગણકારશે? જો તેને આવું સમજાવ્યું હોય તો જરૂર એક વાર તે વિચારમાં તો પડી જાય."

યુવકે એ દલીલ કાન પકડીને કબૂલ રાખી. તે બોલ્યોઃ "મને તો એવું કશું સુઝ્યું નહિ, પણ હવે તક આવતાં હું ભૂલીશ નહિ."

"પણ આ વખતે તો તેં મોટી ભૂલ કરી છે! મેં તો જાણ્યું હતું કે તું કાંઇ કાંઇ પરાક્રમ કરીને આવશે, અને તેં તો કશુંએ ઉકાળ્યુ નથી!" પ્રૌઢે નિરાશામાં નિઃશ્વાસ નાંખ્યો. યુવક જાણે પોતાની ભૂલોને લીધે ઓશિયાળો બની ગયો હોય તેવી રીતે મૌન ઊભો રહ્યો. એકસરખા મૌન્યમાં કેટલીક પળો વીતી ગયા પછી પ્રૌઢે કહ્યું: "ઠીક, હવે જા. સ્હવારે રાજ્ય તરફથી ભાણુભાને તેડવાને સામૈયું આવનાર છે અને શહેરમાં ઉત્સવ પળાવાનો છે. કદાચ કાલે બપોર પહેલાં આપણો મેળાપ થશે નહિ. સામેથી મશાલ સાથે કોણ આવે છે?"

"કોઇ ઘોડેસવાર છે."

એટલામાં આકાશને ગજાવી મેલે એવો કૂતરાનો ભયંકર શબ્દ સંભળાયો અને તે સાથે જ ઘોડો બહકીને ચારે પગે ઉછળ્યો, એવું મશાલના અજવાળામાં દેખાયું. "ધીરૂએ નિશાની કરી. હવે સત્વર છાવણીમાં ચાલ્યો જા. એ સવાર નદી ઉતરીને કઇ દિશાએ જાય છે, તે જોયા પછી હું પાછો નગર તરફ જઇશ."

યુવક ઉતાવળે પગલે છાવણી તરફ ચાલ્યો ગયો. એટલામાં ધીરૂ ત્યાં આવ્યો અને બોલ્યોઃ "કોઇ સવાર આવે છે, જુઓ નદીકાંઠે પહોંચ્યો."

"મને ખબર છે. એ ચાલ્યો જાય ત્યાંસુધી આપણે વડની ઓથે બેસી રહીએ. એ જાય એટલે પછી પાછા ફરીએ, કેમ?"

"હા, બરાબર. જુઓ ઘોડો પાણી ડખોળતો ચાલે છે." એમ ક-

હીને ફીરૂ ચોતરાપર ચડયો અને બન્ને જણા વડના થડની ઓથે બેઠા. થોડી વારમાં એ સવાર અને મશાલચી નદી ઉતરી ગયા અને ચોતરાની બાજુએ થઇને જ છાવણી તરફ ચાલ્યા. પ્રૌઢે તે સવારને ઓળખ્યો અને તે આશ્ચર્ય પામતો મનમાં ગણગણ્યોઃ "ઓહો! આ તો પેલો *શુક્રાચાર્ય! અત્યારે તે ક્યાં જતો હશે? હું સમજ્યો!"

થોડી વારે બન્ને જણા પાછા નદી ઓળંગીને પાટણના કિલ્લા તરફ ચાલ્યા ગયા. ત્રીજો પ્રહર પૂરો થવા આવ્યો હતો, પરન્તુ અંધકાર હજી જેવો ને તેવો જ હતો. આકાશમાં મેઘખંડો હતા. પવન વાતો હતો.

પરિચ્છેદ ૨ જો.

ભાણુભા.

જે વખતે નદીતીરે વડના વૃક્ષ નીચે અંધકારમાં પ્રપંચવાર્તા ચાલી રહી હતી, તે વખતે ત્યાંથી થોડે દૂર છાવણીમાં આપણી કથાનો નાયક મૂળરાજ ઉર્ફે ભાણુભા પોતાની રાવટીમાં કાંઇ કાંઇ રાજ્યકાર્યો કરવામાં મશગુલ હતો. ગુજરાતના તત્સમયના રાજા સામંતસિંહની બ્હેન લીલાદેવીનો પુત્ર મૂળરાજ હતો, એટલે તે સામંતસિંહનો ભાણેજ હતો, એ કારણથી રાજ્યમાં તે સામાન્ય રીતે ભાણુભાને નામે ઓળખાતો હતો.

કલ્યાણના રાજા ભૂવડ સોલંકીની ચોથી પેઢીએ ભુવનાદિત્ય નામે રાજા થયો, તેને ત્રણ પુત્રો હતા. રાજ, બીજ અને દડક્ક (દંડક) એ પ્રમાણે તેમનાં નામ હતાં. તેમને ભાગ્યયોગે પોતાના બાપની ગાદી છોડીને પરદેશમાં નીકળી જવું પડયું હતું. તેઓ શિવભક્ત હોવાથી સૌરાષ્ટ્રમાં સોમેશ્વરની યાત્રા કરીને પાછા ફરતાં પાટણમાં આવી પહોંચ્યા, તે વખતે પાટણમાં રત્નાદિત્ય રાજા રાજ્ય કરતો હતો અને સામંતસિંહ યુવરાજ હતો. એક પ્રસંગે સામંતસિંહનો એક માણુસ સામંતસિંહની ઘોડીને

* એક આંખવાળો.

ફેરવવા માટે ગામ બહાર ગયો હતો, ત્યાં ઘોડી રાજ તથા **બીજ**નો ભગવો વેશ જોઇને ભડકી અને ચારે પગે ઉછળી. સવારે તેને ચાબુક માર્યો એટલે **બીજ** સોલંકી કે જે ઉત્તમ અશ્વવિદ્યા ભણ્યો હતો તે બોલ્યો કે તેં ઘોડીને ચાબુક મારીને અનિષ્ટ કર્યું છે. તેના પેટમાં પંચકલ્યાણી વછેરો હતો તેની ડાબી આંખ તારા ચાબુકના મારથી ફૂટી ગઇ છે! સવારે આ વાત **સામંતસિંહ**ને કહી અને તેને તેથી આશ્ચર્ય ઉત્પન્ન થયું અને કહ્યું કે જો એ કથન ખરૂં પડે તો હું **બીજ**ને મારી બ્હેન **લીલાદેવી** પરણાવું. એ ઉપરથી રાજ તથા **બીજ પાટણ**માં થોભ્યા અને વખત જતાં એ ઘોડીને ડાબી આંખ વિનાનો પંચકલ્યાણી વછેરો અવતર્યો. **સામંતસિંહ** એ ઉપરથી પોતાનું વચન પાળવા તૈયાર થયો, પરન્તુ **બીજ** એક આંખે કાણો હોવાથી **બીજે** જ **લીલાદેવી**ને પોતાના મોટા ભાઇ રાજ વેરે પરણાવવાની અનુજ્ઞા આપી અને **સામંતસિંહે** તે પ્રમાણે કર્યું. વખત જતાં **લીલાદેવી**ને **મૂળરાજ** નામે પુત્ર થયો પરન્તુ પ્રસૂતિવેદનામાં જ **લીલાદેવી** મરણ પામી. **મૂળરાજ** થોડો મોટો થયો એટલે તેને લઇને રાજ તથા **બીજ** જુદા જુદા દેશોમાં ફરવા લાગ્યા. ફરતાં ફરતાં તેઓ કુચ્છના **લાખા** ફૂલાણીના દરબારમાં ગયા. **લાખાએ** પોતાની બ્હેન **રાયાંજી**ને રાજ સોલંકી વેરે પરણાવી. એક વાર કુળની મહત્તા વિષેના વિવાદમાં **લાખો** અને રાજ—સાળો બનેવી—લઢી પડ્યા અને રાજને **લાખાએ** મારી નાંખ્યો. **રાયાંજી** તેની પાછળ સતી થઇ. ત્યારપછી **બીજ** પોતાના ભત્રીજા **મૂળરાજ**ને લઇને **પાટણ**માં આવી રહ્યો હતો. તે વખતે **મૂળરાજ** અગીઆર વર્ષનો હતો અને એ બનાવને આપણી કથાને સમયે ૧૦ વર્ષ વીતી ગયાં હતાં.

મૂળરાજ નાની વયથી જ ચતુર હતો. મામાના રાજ્યમાં રહીને તે ભણ્યો, શસ્ત્રાસ્ત્રવિદ્યા શીખ્યો, રાજ્યકાર્યથી માહિતગાર થયો અને પોતાના તીવ્ર સ્વભાવ તથા પરાક્રમથી બીજાઓ ઉપર પ્રભાવ પાડવા લાગ્યો. જોકે તે શૂરો અને આકરા સ્વભાવનો હતો, તોપણ જો કોઇ તેને શાન્ત રીતે યુક્તિપુરઃસર સમજાવે તો તે તુરત સમજી જતો. કાંઇક ભોળા સ્વ-

ભાવને લીધે કોઇ કોઇ વાર તે કપટી જનોના રમકડાની પેઠે વર્તતો, પરન્તુ જ્યારે તે સમજતો કે પોતાના ભોળપણનો લાભ લેવામાં અમુક કપટી માણસ ઉદ્યત થયો છે, ત્યારે તેનો ક્રોધ એ કપટી મનુષ્યને તેના અપરાધનો દંડ દીધા વિના રહેતો નહિ. આ કારણથી કોઇ પોતાની કપટપદ્ધતિવડે તેને ભોળવવાની હિંમત જ બીડી શકતું નહિ. જેમણે એવું વર્તન મૂળરાજ સાથે ચલાવેલું તેમની દુર્દશા કરવામાં મૂળરાજે ન્યૂનતા રાખી નહોતી, તેથી 'ભાણુભા' ના નામથી દુર્જનો થરથરતા, ત્યારે સજ્જનોને તેનાથી જરા પણ ત્રાસ થતો નહિ. સ્વાભાવિક રીતે મૂળરાજ સજ્જનોનો મિત્ર લેખાતો હતો. સામંતસિંહ પ્રમાદી, મદ્યપી અને જુલ્મી હતો તેથી પ્રજાને ઘણી વાર દુઃખ તથા અન્યાય વેઠવાં પડતાં હતાં. રાજાને નામે રાજાનાં માણસો અને રાજ્યના અધિકારીઓ ગમે તેવો જુલ્મ કરતા પણ તેની દાદ કે ફરિયાદ કોઇ સાંભળતું નહિ. આ કારણથી મૂળરાજ વયમાં આવતાં રાજ્યકાર્યભારમાં માથું મારવા લાગ્યો તેથી રાજ્યના અધિકારીઓને ત્રાસ થવા લાગ્યો પરન્તુ પ્રજાનાં સુખસગવડ વધવા લાગ્યાં. ધીમે ધીમે મૂળરાજે એક પછી એક ખાતાંઓમાં પોતાનું બુદ્ધિકૌશલ્ય દાખવવા માંડયું. સામંતસિંહથી પોતાના વ્યસન અને કુટેવોને લીધે રાજ્યકાર્યમાં ધ્યાન આપી શકાતું નહિ, તેથી તેનું કામકાજ મૂળરાજ સંભાળી લે તેથી તે વધારે ખુશ થયો કારણકે તેના પરનો થોડો પણ બોજો એ રીતે દૂર થઇ જતો હતો. આ કારણથી મુખ્ય મંત્રી જસપાલની વિરૂદ્ધતા છતાં સામંતસિંહે રાજ્યનો બધો અધિકાર ધીમે ધીમે મૂળરાજના હાથમાં મેલવા માંડયો હતો. અત્યારે લસ્કરી ખાતામાં મૂળરાજ લસ્કરનો ગમે તેટલો વધારો ઘટાડો કરવા સમર્થ હતો, માત્ર મામાને પૂછીને સંધિવિગ્રહ કરવાને પણ અધિકારી હતો, મહેસૂલી ખાતા ઉપર દેખરેખ રાખીને તેની આમદાનીમાંથી લોકોપયોગી કાર્યોમાં ખર્ચ કરવાને તે કેટલીક વાર મામાની પૃચ્છાવાટ પણ જોતો નહિ, અને સામંતસિંહને પોતાના મોજશોખના ખર્ચ માટે પૂરતું નાણું મળે, એટલે પછી તેને મૂળરાજની વ્યવસ્થામાં હાથ ઘાલવાની કાંઇ જરૂર દેખાતી નહિ! આ પ્રમાણે ધીમે ધીમે રાજ્યનો વા-

સ્તવિક અધિકાર મૂળરાજના હાથમાં આવવા લાગ્યો હતો, જોકે રાજ્યનો ખરો અધિપતિ તો સામંતસિંહજ હતો.

મૂળરાજે આ પ્રમાણે રાજ્યવહીવટ ચલાવવા માંડયો તેથી કેટલાકને દુઃખ લાગ્યું અને કેટલાકને સુખ પણ થયું હતું. રાજ્યનાં નાણાંથી પોતાનું ઘર ભરવાનો તથા પ્રજાને રંજાડીને પોતાનાં સુખસગવડ સાચવવાનો ધંધો લઇ બેઠેલા અધિકારીઓને તેથી દુઃખ થયું હતું. કેટલાકોને મૂળરાજના ગુન્હામાં આવી પડવામાં તેના આકરા સ્વભાવનો ભય રહેતો હતો, તો કેટલાક સીધા સ્વભાવના માણસોને અને મુખ્યત્વે કરીને પ્રજાજનોને મૂળરાજનો રાજ્યવહીવટ ઘણો પસંદ હતો. આ કારણથી અમુક વર્ગ મૂળરાજની નિંદા કરતો હતો અને અમુક વર્ગ તેના કાર્યની પ્રશંસા પણ કરતો હતો.

આપણી કથાને સમયે મૂળરાજ ખેરાલુના રાજા જેહુલપરની ચ્હડાઇપરથી તેને નમાવીને પાછો ફર્યો હતો. ગુજરાતમાં થઇને યાત્રાએ જતા માળવાધીશ પાસેથી ખેરાલુના રાજાએ જકાત લીધી હતી જોકે તે જકાત લેવાનો અધિકાર પાટણના રાજાનો હતો. આ વાત જ્યારે મૂળરાજે સાંભળી ત્યારે તેણે જેહુલને કહાવ્યું કે તેણે આવી રીતે પાટણનો અધિકાર લૂંટવો જોઇએ નહિ, પરન્તુ જેહુલે તે ગણકાર્યું નહિ. આથી મૂળરાજે જરૂરપૂરતા પાયદળ તથા ઘોડેસવાર લશ્કર સાથે જેહુલ સામે ચ્હડાઇ કરી હતી. મૂળરાજના પરાક્રમથી તથા તેના સૈન્યબળથી બીધેલો જેહુલ તુરત જ મૂળરાજને નમી પડયો અને માળવાના રાજા પાસેથી જકાત બદલ લીધેલા પાંચ હાથી, બસો ઘોડા, દસ પાલખી, એક લાખ સોનૈયા તથા એક સો વાહન એ સઘળું મૂળરાજને સોંપી દીધું. તે ઉપરાંત તેણે કરાર લખી આપ્યો કે ભવિષ્યમાં પાટણના કોઇ પણ જાતના અધિકારમાં પોતે હાથ ઘાલશે નહિ. આથી કોઇ પણ જાતનું યુદ્ધ કર્યા વિના જ જય મેળવીને મૂળરાજ પાટણ તરફ બે મહિના પછી પાછો ફર્યો હતો અને પાટણથી બે કોસ દૂર પોતાની છાવણી નાંખી હતી. મૂળરાજે મેળવેલા વિજય બદલ તેને મોટા માન સાથે સા-

ભેયું કરીને પાટણમાં પ્રવેશ કરાવવાનો હતો અને તેથી રાતની રાત તે છાવણી સાથે યોજ્યો હતો.

રાત્રિનો સમય હતો, છતાં મૂળરાજને શાંતિ મળી નહોતી. સાંજે ત્યાં તેણે છાવણી નાંખી અને પાટણની પ્રજાએ સાંભળ્યું કે ભાણુભા બે મહિના પછી પાછા આવે છે, કે તુરત અનેક દુઃખી પ્રજાજનો તેની પાસે એટલે દૂર આવી પહોંચ્યા હતા. જે બે મહિના મૂળરાજ પાટણમાં ગેરહાજર હતો, તે બે મહિનામાં તો પાટણમાં અનેક અનર્થો ગુજરી ચૂક્યા હતા અને પ્રજાનાં કષ્ટોનો પાર રહ્યો નહોતો. કોઇને રાજ્યના કોઇ અધિકારી તરફથી અન્યાય મળ્યો હતો, કોઇને મુખ્ય મંત્રીએ દમ ભરાવીને પૈસા પડાવ્યા હતા, કોઇની રૂપવતી પુત્રી ઉપર રાજાની નજર પડવાથી રાજાનાં ખાનગી માણસોએ તેની પજવણી કરવા માંડી હતી, કોઇને ગામ છોડી જવાનો અન્યાયી દંડ કરવામાં આવ્યો હતો, કોઇનાં ઘર તોડી પાડવાનો મંત્રીએ હુકમ કર્યો હતો, તો કોઇને કોઇના અદાવતને કારણે દેહાંત દંડની સજા કરવામાં આવી હતી. આવા આવા અન્યાયોથી ત્રાસ પામેલા પ્રજાજનો ભાણુભા પાસે આવીને પોતાનાં દુઃખો રડવા લાગી ગયાં હતાં. ભાણુભા તેઓ સર્વની ફરિયાદો ધ્યાનપૂર્વક સાંભળતો હતો, કાંઇ પૂછવા જેવું હોય તો તેને પૂછતો હતો અને પછી એક કાગળ ઉપર ફરિયાદીનું નામ ઠામ લખી લઇને તેને રજા આપી દેતો હતો. પાટણમાં પહોંચ્યા પછી તે વિષે યોગ્ય તપાસ કરીને જો તેને અન્યાય થયો હોય તો તેને દૂર કરવો એવી ધારણાથી તે તેમ કરતો હતો. જે સમયે નદીતીરે વડના વૃક્ષ નીચે પ્રપંચવાર્તા ચાલી રહી હતી, તે વખતે મૂળરાજ તેમનામાંના એક પછી એક ફરિયાદીને પોતાની પાસે બોલાવીને તેની હકીકત પૂછતો હતો. કોઇ હકીકત સાંભળીને તેને પોતાના મામા ઉપર ગુસ્સો ચડતો, કોઇ સાંભળીને તે જસપાલ ઉપર દાંત કચકચાવતો, તો કોઇની વાત સાંભળીને તે પોતાની મામીઓ ઉપર પણ ક્રોધાન્વિત થયા વિના રહેતો નહિ. રાજા અને રાજ્યના અધિકારીઓ જ નહિ, પણ રાણીઓ, તેમના સંબંધીઓ અને રાજ્ય-

મહેલમાં કામ કરતી દાસીઓ પણ રાજ્યના અધિકારના જોરથી પ્રજાને રંજાડતી હતી અને તે વિષેની વાત સાંભળીને મૂળરાજ હેરાન-હેરાન થઇ જતો હતો.

આ પ્રમાણે ફરીઆદો સાંભળતો મૂળરાજ બેઠો હતો, એવામાં તેનો કાકો બીજ સોલંકી એક ઘોડાપર સવાર થઇને મશાલચી સાથે ત્યાં આવી પહોંચ્યો. રાવટીની બહાર ઘોડાને થોભાવીને તે ઉતર્યો અને અનુચર સાથે મૂળરાજને પોતાના આગમનનો સંદેશો કહાવ્યો. તે સંદેશો સાંભળતાં જ મૂળરાજ ઉતાવળો ઉતાવળો ધાઇ આવ્યો અને રાવટીની બહાર આવતાં કાકાને ભેટી પડચો અને બોલ્યોઃ “કાકા! અત્યારે તમે તસ્દી કેમ લીધી?”

“આજે બે મહિને તને જોયો. સાંજે સાંભળ્યું કે તેં અહીં છાવણી નાંખી છે, એટલે તને મળ્યા વિના મને ચેન પડે તેમ નહોતું. રાત્રે જમીને મશાલચીને સાથે લઇ આ તરફ ચાલ્યો આવ્યો. કેમ, શરીરે તો સુખી છે ને બાપુ?”

“હા કાકા! તમારા આશીર્વાદથી સુખી છું. આ લ્હડાઇમાં તો સૌ સુખી જ પાછા ફર્યા છીએ.” મૂળરાજે હર્ષ પામતાં કહ્યું. તેણે પૂછ્યુંઃ “અને નાના કાકાના શા સમાચાર છે?”

“દડકે ગઇ વસંતપંચમીએ ભૃગુકચ્છમાંથી નીકળીને તિલંગ દેશ તરફ પ્રયાણ કર્યું, તેવા સમાચાર હતાઃ પછી કશા સમાચાર નથી. તારી લ્હડાઇ વિષે મેં સાંભળ્યું હતું કે લડાઇ કર્યા વિના જ જેહુલ નમી ગયો. એ ઠીક જ થયું.”

“પણ મામાને એ વાત પસંદ હશે કે નહિ તેની મને ખબર નથી.”

“સામંતસિંહને તેમાં શો વાંધો હોય? વગરલડયે શત્રુ નમ્યો અને જકાતનું નાણું તો આપેલું જ હશે; પછી તેમાં વાંધો શો?”

“કદાચ મામાનો મત તેને લડીને હરાવવાનો ને તેનો નાશ કરવાનો જ હોય તો?”

બીજ તિરસ્કારથી બોલ્યોઃ “સામંતસિંહને વળી પોતાના મત જેવું

ક્યે દિવસે હતું ? તેને રાજકાજનું ભાન જ ક્યાં છે ?" **બીજ** આસપાસ જોઇને ધીમેથી બોલ્યો: "એ તો નકામો રાજગાદી પકડી રહ્યો છે. તું નહોતો ત્યારે બધુંએ જસપાલના કહ્યા પ્રમાણે થતું હતું."

"મારૂં કામ મામાને પસંદ હોય એટલે બસ; અને જસપાલને મારૂં કામ પસંદ આવ્યું કે નહિ ?"

"એ વાણીયો તારા કામની કદાપિ પ્રશંસા કરે ખરો ? તોએ આ વખતે વળી કાંઇ નિંદા કરતો નથી એટલું ભાગ્ય જ તો !"

"હશે, ભલેને એ નિંદા કરે, પણ એનાથી શું થવાનું છે ? મામાના મારાપર ચારે હાથ છે, ત્યાંસુધી કોઇનું કશું ચાલવાનું નથી." મૂળરાજ બોલ્યો.

"વારૂ, હજી અત્યારસુધી જાગે છે કેમ ?"

"જુઓને, પાટણથી પચાસેક માણસો ફરિયાદ કરવા આવ્યા છે. મારી ગેરહાજરીમાં એ બધાંને કાંઇ કાંઇ અન્યાયો મળ્યા છે."

"અરે, અન્યાયનો તો ક્યાં પાર જ છે ? રાજા, મંત્રી અને રાજ્યના અધિકારીઓ પણ પ્રજાને પીડવાને બાકી મેલતા નથી, પછી માણસો કેમ ફરિયાદ કરે નહિ ?" **બીજ** બોલ્યો; એટલામાં મૂળરાજનો એક મિત્ર જંબક નામે યુવાન બ્રહ્મણ હતો તે પાસે આવ્યો અને **બીજ**ને પ્રણામ કરીને બોલ્યો: "ઓહો ! કાકાશ્રી ! તમે ક્યારે આવ્યા ?"

"હજી ચાલ્યો જ આવું છું. કુશળ વર્તમાન છે ને ?"

"જી હા; સૌ કુશળ છીએ. **ભાણુભા**ને ખેરાલુની હકીકત પૂછતા હશો."

"ખેરાલુની હકીકત તો જાણી. ઠીક જ કર્યું છે. અત્યારે તો પાટણનું પ્રકરણ ચાલે છે, જંબક ! **ભાણુભા** હજી તો પાટણથી બે કોસ દૂર રહ્યો છે, એટલામાં પચાસ માણસો રાજ્યના અન્યાય સામે ફરિયાદ લઇને **ભાણુભા** પાસે આવ્યા છે ! મેં આ બધો વખત જોયું છે કે પ્રજા બહુ ત્રાસી ગઇ છે અને રાજાને, મંત્રીને તથા અધિકારીઓને મ્હોંભાવતી ગાળો દે છે ! **ભાણુભા** કાંઇ ગાદી ઉપર નથી, તોપણ પ્રજા તેને કેટલી ચાહે છે ? અને જો તે ગાદી ઉપર હોય તો પછી ?"

જંબક બોલ્યોઃ "ઓહો! તો પછી પૂછવું જ શું? ભાણુભા ઉપર તો પાટણની પ્રજા રીઝી રીઝી છે!"

મૂળરાજ બોલ્યોઃ "કાકા! રાજ્યનો વહીવટ હું ચલાવું છું પછી મને રાજા થઇને શું કામ છે? જુઓછોને, મારા કામની આડે જસપાલ પણ આવી શકતો નથી, પછી ભલેને મનમાં તો તેને ગમે તેમ થતું હોય!"

જંબક બોલ્યોઃ "તમે બધુંએ ડહાપણથી કામ કરો છો અને કશું ગેરવાજબી કરતા નથી, પછી જસપાલ કેવી રીતે આડે આવે? તોપણ તેનું પેટ ભરાતું નથી એવી બાબતોમાં તે વાંકો ચાલે છે હોં! જ્યાં તેનું નથી ચાલતું, ત્યાં તો તેને છાના બેસી જ રહેવું પડેને!"

"એ ગમે તેમ હોય; પણ મારી આડે કોઇ આવતું નથી ત્યાંસુધી મને સંતોષ જ છે, જંબક!"

"એ બધું હવે થોડા વખતને જ માટે છે, ભાઇ! આજસુધી મામાને તમે એક ભાણેજ જ હતા; અને હવે તો મામાને દિકરો પણ છે, અને તેને જરા મોટો થવા દો, પછી બધું જોઇ લેવાશે." જંબક બોલ્યો.

બીજે તેને પુષ્ટિ આપીઃ "જંબક ખરૂં કહે છે. છેવટ મૂળરાજનું આ બધું વૈતરૂં સફળ થવાનું નથી, એવાં ચિન્હો હું અત્યારથી જોઇ ચૂક્યો છું."

મૂળરાજ મંદ હસીને બોલ્યોઃ "એટલે એમ કે ભવિષ્યમાં હું ગુર્જરેશ્વર થવાનો નથી, એટલું જ ને? મામાએ એક વાર મને મધના નશામાં ગાદી ઉપર બેસાડ્યો હતો અને નશો ઉતરી જતાં પાછો ઉઠાડી મેલ્યો હતો, ત્યારથી હું સાચો ગુર્જરેશ્વર થઉં એવી મહત્ત્વાકાંક્ષા આપને ઉત્પન્ન થઇ છે, એવું હું સમજું છું. પણ કાકાશ્રી! મામાના અવિચારીપણાને હું ક્યાં ઓળખતો નથી? એ તો એવી રમત કરે, તેથી કાંઇ મને ગાદી મળી જાય? છતાં રાજ્યનો—રાજાના જેટલો જ અધિકાર મામાએ મને આપ્યો છે અને તે હું ભોગવું છું, પછી શી ફીકર છે? અહિપત મોટો થયા પછી ભલેને એ રાજા થાય! હું રાજા નહિ થઉં તોએ મારા કાર્યદ્વારા હું મારૂં શૌર્ય આખા જગતને બતાવી શકીશ!"

બીજ કરડાકીમાં હસ્યો અને કશું બોલ્યો નહિ.

"કાકા! કેમ હસીને મુંગા રહ્યા?"

"ત્યારે હું શું કરૂં? તારી વાતો સાંભળીને મને હસવું આવે છે. કાલે તું પાટણમાં આવશે, પછી આપણે મળીને નિરાંતે વાતચીત કરીશું. અત્યારે હવે તારા કામપર જા."

"ભલે ત્યારે કાલે વાત; અને આપ પાછા પાટણ જશો?"

"હા; સ્હવારે સાંઢિયાની સાથે પાછો અહીં આવીશ." એમ બોલતો બીજ ઘોડા પાસે ગયો અને તેને જરા થાબડીને સવાર થયો. મશાલચીની સાથે તે ચાલ્યો ગયો એટલે મૂળરાજ અને જંબક રાવટીમાં પેઠા.

પરિચ્છેદ ૩ જો.

મૂળરાજનો પાટણમાં પ્રવેશ.

સામંતસિંહ ચાવડો શૂરો હતો, પરન્તુ ગર્વિષ્ઠ, અવિચારી અને વ્યસની હતો, તેથી તેના ગુણો તેના દુર્ગુણોથી લુપ્ત થઇ ગયા હતા. તેના શૌર્ય તથા પરાક્રમનો લાભ ગુજરાતની પ્રજાને મળતો નહોતો, પરન્તુ તેથી ઉલટું તેના અવિચારીપણાથી તથા વ્યસનથી પ્રજાને અનેકધા કષ્ટ વેઠવું પડતું હતું. તેની એ કુટેવથી તેના હલકી વૃત્તિના રાજ્યાધિકારીઓ, પાસબાનો, દાસ-દાસીઓ, ગણિકાઓ તથા વ્યસની મિત્રો ફાવી જતા હતા અને રાજ્યના દ્રવ્યનું હરણ કરતા હતા. સામંતસિંહની બે રાણીઓ ભટ્ટીરાણી તથા સરવૈયાણી તેના આ દુર્ગુણોમાંથી તેને વાળવાને બદલે પોતે જ તેના દુર્ગુણો તરફ ખેંચાઇ જવા પામી હતી, એટલે સામંતસિંહ કેવળ નિરંકુશ બન્યો હતો. મૂળરાજને પોતાના વડીલ મામાના ક્ષત્રિયને ન શોભે તેવા વર્તન ઉપર ઘણી વાર કંટાળો આવતો હતો, પરન્તુ તે તેને કશું કહી શકતો નહોતો અને મામાની બેદરકારીથી બગડતા રાજ્યકાર્યભારને પોતાને હાથે સુધારી લેતો હતો એટલે

સામંતસિંહને આડકતરી રીતે પોતાનાં દુર્વ્યસનોમાં ઉત્તેજન મળતું હતું. મૂળરાજ રાજ્યકાર્યભારને સુવ્યવસ્થિત રાખવામાં પોતાને મદદ કરતો હતો એટલું જ નહિ પણ પ્રસંગ આવ્યે લ્હડાઇઓમાં જઇને શત્રુઓ ઉપર વિજય મેળવી આવતો હતો, તેથી સામંતસિંહને પોતાના સ્વચ્છંદી વર્તનમાં કેવળ નિશ્ચિંતતા જ રહેતી હતી અને તે બદલ તે પોતાના ચતુર યુવાન ભાણેજ ઉપર હમેશાં પ્રસન્ન રહેતો હતો. મૂળરાજ અધિકારનો શોખીન હતો તેથી રાજ્યનો સઘળો કાર્યભાર ચલાવવામાં તેને આનંદ મળતો હતો. તેનાં શૌર્ય, તેજ, પરાક્રમ, વિદ્યા આદિ ગુણોને લીધે તે અધિકાર તેની વૃત્તિઓને અનુકૂળ થઇ પડયો હતો. સ્વપરાક્રમવડે યશસ્વી થવાની તેની મહત્ત્વાકાંક્ષા હતી તેથી મામાના રાજ્યનો કારભાર તેણે આનંદની સાથે ઉપાડી લીધો હતો. પરન્તુ ન્યાય ઉપરની તેની અનુપમ પ્રીતિને લીધે તે અધિકારનો દુરૂપયોગ ન થઈ જાય તેને માટે તે હમેશાં કાળજી રાખતો હતો. યશસ્વી થવાના લોભને પરિતૃપ્ત કરતાં દુષ્કાર્ય થઈ જવા પામે નહિ તે માટે તે ચેતતો રહેતો હતો. આગળ જણાવવામાં આવ્યું છે તેમ તેના ભોળા સ્વભાવનો લાભ કેટલાક દુષ્ટ જનો લેતા હતા અને તેને કોઈવાર કોઈ કોઇ દુષ્ટ કાર્યોમાં સાધનભૂત બનાવતા હતા. પરન્તુ એકંદરે તેને હાથે એટલાં સત્કાર્યો થતાં હતાં કે તેનાં દુષ્કાર્યો પ્રજાના લક્ષમાં બહુ ચડી આવતાં નહિ અને પરિણામે પ્રજા મૂળરાજને અત્યંત ચાહતી હતી. મૂળરાજનો આટલો દેખતો કારભાર હોવા છતાં સામંતસિંહનાં માણસોનાં તોફાનો તેને બહુ પજવતાં હતાં. રાજાને નામે થએલાં દુષ્ટ કાર્યો ઉપર મૂળરાજને પણ આંખો મીંચીને ચાલવું પડતું હતું. અંતરથી જોકે તે બહુ બળતો હતો, મામા–મામીઓને પણ કોઇ વાર મનમાં ગાળો દેતો હતો અને અત્યાચારીઓને સૂકો દમ ભરાવતો હતો, તોપણ મામાને માઠું લાગે તેવી રીતે વર્તતાં તેનું આજ્ઞાંકિતપણું તેને અટકાવતું હતું. આ સંયોગોને લીધે જ ગુજરાતનું રાજ્ય મૂળરાજની દેખરેખ છતાં બીજાં રાજ્યોમાં વગોવાતું હતું. જ્યારે મૂળરાજ સાંભળતો હતો કે બીજાં રાજ્યોમાં ગુર્જરેશ્વરની અપકીર્તિ થાય છે ત્યારે તેને

અંતરમાં બહુ દુઃખ થતું હતું, પરન્તુ જ્યાં તેનો ઉપાય ચાલી શકતો નહોતો, ત્યાં તેને શાન્ત જ બેસી રહેવું પડતું હતું.

આજે ખેરાલુના રાજા જેહુલ ઉપર અપ્રતિમ વિજય મેળવીને મૂળરાજ પાછો ફરતો હોવાથી સામંતસિંહના આનંદનો પાર રહ્યો નહોતો. ભાણુભા ઉપરની પ્રીતિ અને તેણે મેળવેલા વિજયથી મામાને આજે હર્ષોન્મત્તતા થઈ આવી હતી અને તેથી આગલી રાત્રે જ તેણે આખા પાટણનગરમાં દાંડી પીટાવીને જાહેર કરી વાળ્યું હતું કે સૌ નગરજનોએ આજનો દિવસ ઉત્સવ તરીકે ગાળવો. આજે અનાથાલયોમાં, અતિથિશાળાઓમાં, વિદ્યાર્થીભવનોમાં અને સર્વ સ્થળે ઉત્સવ નિમિત્તે બદામ–સાકરની લ્હાણી કરવામાં આવનાર હતી, પાંજરાપોળોમાં ભૂખ્યાં–દુઃખ્યાં પશુઓને મીઠું ભોજન આપવામાં આવનાર હતું, સ્થળે સ્થળે બ્રહ્મભોજનો કરવામાં આવનાર હતા, દેવમંદિરોમાં મોટા ઉત્સવો કરી નવા શણગારથી પૂજા–ભક્તિ કરવામાં આવનાર હતાં, રાજ્યના અનુચર વર્ગને રજા આપવામાં આવનાર હતી અને મુંગાં પશુઓને પણ ઉત્સવના દિવસ તરીકે આજે ખાંધપર ધુસરી નાંખીને ખેતરમાં લઈ જવાની મના કરવામાં આવી હતી. આ ઉત્સવ માત્ર રાજાની આજ્ઞાથી જ પાળવામાં આવનાર હતો એમ નહોતું, પરન્તુ ભાણુભા ઉપરની પ્રજાની પ્રીતિથી પ્રજાને એ ઉત્સવમાં ભાગ લેતાં આનંદ પણ થતો હતો.

મૂળરાજને પાટણમાં મોટા ઠાઠમાઠ સાથે સામૈયું કરીને લાવવો એવી રાજાએ આજ્ઞા કરી હોવાથી સૂર્યોદય થતાં જ વિધવિધ પ્રકારનાં વાદિત્રોથી પાટણનો દરબારગઢ ગાજી ઉઠયો હતો. ઉત્તમ શણગાર કરેલો એક હાથી રાજમહાલયના આંગણમાં ઝુલી રહ્યો હતો અને તેના ઉપર ગોઠવેલી સોનાની અંબાડીપર બાલસૂર્યનાં કિરણો પડવાથી અત્યંત મનોરમ દેખાવ થઇ રહ્યો હતો. શસ્ત્રાસ્ત્રો તથા સોનેરી રૂપેરી વાગા સજીને અનેક સૈનિકો હાજર થયા હતા. અશ્વારોહી સૈનિકોના અશ્વો પગના દાબડાવડે જમીન ખોદતા ઊભા હતા તેઓ ઉતાવળે પ્રસ્થાન કરવાને અધીરા બની ગયા હોય તેવું દેખાતું હતું. રાજચિન્હો, ધ્વજાદંડ, ચમ્મર,

આદિ ધારણ કરનારાઓ પણ પોતપોતાના નિયમ પ્રમાણે વિધવિધ રંગી વસ્ત્રોમાં સજ્જ થઇને ઊભા હતા. બિરદાવલિ ગાનારા બંદીજનો અને ચારણો દાઢી–થોભાં–મૂછોને આમળી સમારીને એક ટોળું વળીને ઊભા હતા અને મૂળરાજનું અભિનંદન કેવા શબ્દોમાં કરવું તે માટે સૌ પોતાના વિચારમાં મશગુલ બન્યા હતા. તે ઉપરાંત રાજ્યના મોટા અધિકારીઓને બેસવા માટે સેંકડો પાલખીઓ અને સંખ્યાબંધ રથો તૈયાર જ હતા. સામંતસિંહ પોતાના નિત્યકર્મથી પરવારીને રાજમહાલયમાંથી નીચે ઉતર્યો અને હાથીપરની અંબાડીમાં તેણે બેઠક લીધી એટલે બધી સ્વારી પોતાના નિયમ પ્રમાણે ગોઠવાઇને દરબારગઢમાંથી ચાલતી થઇ.

આ બાજુએ મૂળરાજે પણ પ્રસ્થાન કરવાની તૈયારી ઘણી વહેલી કરી રાખી હતી. અશ્વારોહી અને પાયદળ સૈન્યને તેણે આગલી રાત્રે જ કહી રાખ્યું હતું કે સામૈયું આવે એટલે સૌએ નગર તરફ જવાનું છે અને રાવઠી તંબૂ ઉપાડી લઇ ગાડાંમાં સઘળો સામાન ભરાવી દઇને નગરમાં પહોંચતો કરવાનો છે, એટલે સૌ કોઇ પોતપોતાનાં કાર્યોની ગોઠવણમાં જ રહ્યા હતા. પહોર દિવસ ચડતાં પહેલાં તો સામૈયું આવી પહોંચ્યું. સઘળી સ્વારી બે બાજુએ ગોઠવાઇ ગઇ અને રાજાનો હાથી સીધો મૂળરાજનો સત્કાર કરવાને ચાલ્યો. મૂળરાજ પોતાની રાવઠીમાં એક વિશાળ આસનપર દબદબાભરી રીતે બેઠો હતો. રાવઠીની સમીપમાં આવી સામંતસિંહ હાથી ઉપરથી ઉતરી પડયો અને રાવઠીમાં પેસતાં જ મામા–ભાણેજની આંખોનું મિલન થતાં બન્ને પરસ્પર મળવાને એક બીજાની સામે દોડ્યા અને ભેટી પડ્યા! સામંતસિંહની આંખમાં હર્ષનાં આંસુ આવ્યા વિના રહ્યાં નહિ. મૂળરાજ પોતાના મામાને આસનપર બેસાડીને તેના પગ આગળ નમી પડયો અને બોલ્યો: "મામાશ્રી! આપના આશીર્વાદથી હું જેહુલ ઉપર અપ્રતિમ વિજય મેળવી આવ્યો છું. તેણે માળવાના રાજા પાસેથી મેળવેલું જકાતનું સઘળું દ્રવ્ય આ રાવઠીની પાછળ મેં તૈયાર રાખ્યું છે તે જોવાને પધારો!"

સામંતસિંહે મૂળરાજને પોતાના હાથવડે ઊભો કર્યો અને કહ્યું: "બાપુ

મૂળરાજ! તારા પરાક્રમથી હું બહુ સંતુષ્ટ થયો છું. તારી ચતુરાઇની વાતો સાંભળીને હું હર્ષથી ઉન્મત્તના જેવો બની જઉં છું! મારો આશીર્વાદ છે કે તું આવાં જ પરાક્રમોવડે આખા જગત્મા કીર્તિશાળી બનજે.”

એ પ્રમાણે આશીર્વાદ આપીને સામંતસિંહ આસનપરથી ઉઠયો અને રાવઠીના બીજા દ્વારમાં થઇને તે તેની પાછળ ચાલ્યો. ત્યાં તેણે જોયું કે ઉત્તમ રીતે શણગારિલા પાંચ હાથી, રેશમ અને જરીના પલાણવાળા બસો ઘોડા, જૂદા જૂદા રંગની તથા ચિત્રવિચિત્ર કારીગીરીથી શોભતી દશ પાલખી, એક લાખ સોનૈયાની થેલીઓથી ભરેલા બે રથ, અને બીજાં નાનાં મોટાં એક સો વાહન હારબંધ ગોઠવીને રાખવામાં આવેલાં હતાં. સામંતસિંહ તે સઘળું જોઇને બહુ પ્રસન્ન થયો. પછી મામો ભાણેજ સ્વારીની મધ્યમાં આવ્યા, ત્યાં તેને અભિનંદન આપવાને ચોમેરથી ચળવળ થવા લાગી. એક બાજુથી એક ચારણ દોડી આવ્યો, બીજી બાજુથી એક બારોટ ધસ્યો, ત્રીજી બાજુથી **चौलुक्यवंशजातस्य मूलराजस्य मंगलम्** ઇત્યાદિ શ્લોક ઉચ્ચ સ્વરે બોલતો રાજગોર હાથમાં કુમકુમપાત્ર લઇને આવવા લાગ્યો, અને એ સર્વે કરતાં વધારે ચતુરાઇ દાખવતી એક જુવાન માલણ મૂળરાજની પાછળથી હાથમાં ફૂલની છાબ લઇને ઉતાવળે તેની સમીપે હાજર થઇ અને મૂળરાજના કંઠમાં પહેરાવવા માટે પુષ્પહાર પોતાની છાબમાંથી ઉંચો કર્યો; પરન્તુ રાજાની બાજુએ ઊભેલા મુખ્ય મંત્રી જસપાલે પોતાની મોટી કરડી આંખનો એવો ઇશારો કર્યો કે માળણ પોતાનું અવિચારીપણું સમજી અને જરા પાછી હઠી. તેને પાછી હઠેલી જોતાં ચારણ, બારોટ, રાજગોર સર્વે કોઇ બાજુએ ખસી ગયા અને તેમની પાછળ આવતી એક સર્વાંગસુંદર ષોડશી બાળાને આગળ જવાને માટે માર્ગ કરી આપ્યો.

તપાવેલા કંચનના જેવા વર્ણવાળી, પુષ્ટ કપોલદ્વયથી એકસરખા લંબગોળ દેખાતા વદનવાળી, આંખોમાં હીરાના સરખા તેજવાળી, દેહયષ્ટિમાં પાતળી પણ ચાલ ઉપરથી સુદઢ અને વિનયી દેખાતી એ બાળા એક ક્ષત્રિય કુમારિકા હતી. તેના દેહ ઉપર આછા આછા અલંકારો હતા પ-

રન્તુ તે અલંકારો એ બાળાના નૈસર્ગિક સૌંદર્ય આગળ ફીક્કા પડી જતા હતા. તેનો ઘાટ તેની વયને છાજે તેટલો ઉંચો અર્થાત્ મધ્યમ હતો હતો અને એટલા બધા લોકસમૂહની વચ્ચે થઇને ચાલવાનું હોવાથી લજ્જાસંકોચનો અનુભવ તેને થતો જણાતો હતો, તથાપિ એક ક્ષત્રિય કન્યાને શોભે તેવા ધૈર્યની પ્રતીતિ પ્રથમ દર્શને જ પ્રેક્ષકને થયા વિના રહેતી નહિ. તેનાં ઘાટીલાં અવયવો, સહજ ઉન્નત વક્ષસ્થળ, કમળનાળ સરખા બાહુદંડ, નાજુક કટિ, મદભરી ચાલ અને ઝીણી બાંધણીના પટણી પટોળામાં સજ્જ થએલો દેહ એ સઘળું સર્વ કોઇનાં નેત્રોના આકર્ષણરૂપ થઇ પડયું. મૂળરાજને તો એ સઘળું કેવળ નવું જ દેખાયું, કારણકે રાજમહેલમાં તેણે એ બાળાને પૂર્વે કોઇ વાર જોઇ નહોતી, એટલું જ નહિ પણ એ બાળાના સરખું અદ્વિતીય સૌંદર્ય તથા લાવણ્ય પૂર્વે કોઇ સ્થળે તેના જોવામાં આવ્યું નહોતું. મૂળરાજ અનેક લ્હડાઇઓમાં જુદા જુદા દેશોમાં ગયો હતો અને તે તે દેશોનું લાલિત્ય તેણે નિહાળ્યું હતું. સૌરાષ્ટ્રની સુંદરીઓનાં કનકવર્ણવાળાં વદન, રાજસ્થાન અને માળવાની લલનાઓની અલંકારભારથી લચી જતી દેહલતાઓ, પંજાબ તથા કાશ્મીરની શ્વેત–ગુલાબી વર્ણવાળી રમણીઓ, મગધની મનોહર રૂપસુંદરીઓ અને લાટ–તિલંગ દેશની લલિતકળાનિપુણ લલનાઓનો પરિચય અનેક પ્રસંગે તેને થયો હતો, પરન્તુ કોઈ પણ વેળાએ આવું અજબ સૌંદર્ય તથા માધુર્યનું મિશ્રણ અવલોકવા તેનાં નેત્રો ભાગ્યશાળી થયાં નહોતાં. એ બાળાના દેહવર્ણ ઉપરથી તેને લાગ્યું કે કદાચ તે સૌરાષ્ટ્રના કોઇ રાજવંશની કન્યા હશે, તેના આછા અલંકારો ઉપરથી તેને લાગ્યું કે કદાચ તે પાટણની જ કોઇ બ્રહ્મસુતા હોય, તેની ઓઢણી પહેરવાની પદ્ધતિથી તથા ધીરી પણ ભભકભરી ચાલથી તેને રાજસ્થાનની વીર રમણીનો ભાસ થવા લાગ્યો પરન્તુ પહેરવેશ તો ખુદ પાટણનો જ દેખાતો હતો; તેની સુકોમળ–નાજુક દેહયષ્ટિપરથી તેને મગધદેશની માનિનીઓનું સ્મરણ થયા વિના રહ્યું નહિ, પરન્તુ તેની આંખોમાં તો કામરૂદેશની અજ્ઞાતયૌવનાના જેવી ચમક હોવાથી મૂળરાજ કોઈ પણ પ્રકારનો સ્થિર નિશ્ચય કરી શક્યો નહિ. એક હાથમાં સુવર્ણનો થાળ

લઇને તે મૂળરાજની સામે સીધી ચાલી આવતી હતી અને લોકોએ તેને માર્ગ કરી આપ્યો હતો. તેની પાછળ પાછળ રાજમહાલયની એક દાસી ચાલી આવતી હતી. થોડી પળોમાં એ બાળા મૂળરાજની સામે આવીને ઊભી રહી અને સોનાના થાળમાંહેના રત્નજડિત્ર કુમકુમપાત્રમાંથી કુમકુમ લઇ મૂળરાજના કપાળમાં ચાંલ્લો કર્યો. પછી થાળ દાસીના હાથમાં આપીને તેમાંનાં સોનારૂપાનાં ફૂલ તથા સાચાં મોતીની મૂઠીઓ ભરી ભરીને તેણે મૂળરાજને વધાવ્યો અને પછી એકસરખી નીચી નજર રાખીને કહ્યું: “ભાણુભા! તમે વિજયી થઇને પાટણમાં પધાર્યા તે માટે મામીઓએ તમને ધન્યવાદ કહાવ્યો છે અને તમે આખા દેશમાં તમારાં પરાક્રમોવડે કીર્તિ ગજાવો એવો આશીર્વાદ મોકલાવ્યો છે.” એમ કહીને તેણે દાસીના હાથમાંનો ખાલી થાળ પાછો પોતાના હાથમાં લેતાં ડરતાં ડરતાં જરા ઉંચી આંખ કરીને છાનું—માનું મૂળરાજની સામે જોઇ લીધું.

મૂળરાજે મન્દ સ્મિત કરીને ઉત્તર આપ્યો: “મારાં બન્ને મામીઓને કહેજો કે તમારા આશીર્વાદથી જ મને વિજય મળ્યો છે, માટે તેનો જશ તમને જ છે.”

સામંતસિંહની બન્ને રાણીઓના સંદેશાનો એ પ્રત્યુત્તર મેળવીને બાળા તુરત ત્યાંથી પાછી ફરી એટલે સૌથી પહેલાં ચતુર ચારણે ધસી આવીને તિલક કર્યું, તે ઉપર રાજગોરે આવીને બીજું તિલક કર્યું અને શ્લોકોચ્ચાર કરીને આશીર્વાદ આપ્યો, બિચારી પાછળ પડી ગએલી માળણે ત્યારપછી મૂળરાજને પુષ્પહાર પહેરાવ્યો તથા હાથમાં પુષ્પગુચ્છ આપ્યો અને સૌથી છેલ્લે વૃદ્ધ બારોટને મૂળરાજની પ્રશંસાનું કવિત એ મેદનીમાં બોલી જવાનો અવકાશ મળ્યો. મૂળરાજની સામે હાથ લાંબો કરીને ઘોર ઘાંટો કાઢતો તે બોલ્યો:

“ભામંડળમાં સૂર, આસુપાલવ તરૂવરમાં;
“રતને કોહીનૂર, માનસર સૌ સરવરમાં;
“પશુમાં સિંહ કરાળ, ફળોમાં મુક્તાફળ છે;
“ખેચરમાંહિ *મરાળ, ફૂલ તો વણુનાં† વર‡ છે.

---

* હંસ. † કપાસમાં. ‡ સુંદર.

" ત્યમ યોદ્ધાઓમાં એકલો, યુધિષ્ઠિર છે આજ હું;
" બાણાવળિ અર્જુન હુજો, સોલંકી મૂળરાજ હું."

પછી આખી સ્વારી નગર તરફ ચાલતી થઈ. મામા અને ભાણેજે હાથીની અંબાડીમાં પાસે પાસે બેઠક લીધી અને સૌની આગળ સામૈયામાં આવેલું લશ્કર ચાલવા લાગ્યું. ત્યારપછી મામા—ભાણેજનો હાથી ગોઠવાયો અને તેની પાછળ મૂળરાજ લ્હડાઇમાં જે કાંઈ મેળવી લાવ્યો હતો તે સામગ્રી ધીમે ધીમે ગોઠવાઇને આવવા લાગી. એ બધી સ્વારી પાટણના પુરદ્વારમાં પેઠી તે વખતે મધ્યાન્હનો સમય થઈ ગયો હતો. માર્ગમાં લોકોના થોકના થોક સ્વારી જોવાને અને ભાણભાના પરાક્રમ તથા પ્રતાપનું નિરીક્ષણ કરવાને એકઠા થયા હતા. અંબાડીપર બેઠાં બેઠાં સૌ કોઇનાં નમનને ઝીલતો ઝીલતો મૂળરાજ રાજમહાલયના આંગણામાં પેઠો અને સર્વત્ર આનંદ તથા ઉત્સવ થઇ રહેલો તેના જોવામાં આવ્યો. તેને લાગ્યું કે ગુજરાતનો રાજા યુદ્ધમાં જય મેળવીને આવે તે વખતે રાજકુટુંબમાં તથા પુરજનોમાં જેટલો ઉમંગ હોય તેટલો જ ઉમંગ અત્યારે પોતાના વિજયથી સર્વત્ર વ્યાપી રહેલો દેખાય છે! રાજાના, રાજ્યકુટુંબનો અને પ્રજાનો પોતાના ઉપર કેટલો ઉત્તમ ભાવ છે, તે જોઇને મૂળરાજનું હૃદય આનંદોત્સાહથી પુલકિત થયા વિના રહ્યું નહિ.

પરિચ્છેદ ૪ થો.

મૂળરાજને શિરે રાજમુકુટ!

દિવસને પાછલે પહોરે મૂળરાજનું સન્માન કરવા માટે સામંતસિંહે મોટો દરબાર ભર્યો. રાજમહાલયના રંગમંડપમાં રાજ્યના જૂદા જૂદા અધિકારીઓ, પાટણના શેઠ શાહુકારો, રાજ્યના ભાયાતો અને મુખ્ય સેનાનીઓ એકત્ર થવા લાગ્યા. સૌ પોતપોતાના મોભાને તથા અધિકારને છાજે તેવો પોષાક પહેરીને અને શસ્ત્રાસ્ત્રો ધારણ કરીને આવ્યા હતા. રાજ્યનો મુખ્ય છડીદાર ત્યાં હાજર રહેલો હતો તે સૌને તેમને

યોગ્ય સ્થાન આપી બેસાડતો હતો. રંગમંડપના પ્રવેશદ્વારની સામે જ ત્રણ મોટાં આસનો ગોઠવેલાં હતાં તેમાંનું વચ્ચેનું આસન રાજા સામંતસિંહ માટેનું સિંહાસન હતું અને બે બાજુએ બે નાનાં આસનો હતાં. બાકીના રંગમંડપના ભાગમાં રેશમી ગાલીચા ઉપર ગાદીઓ બિછાવી દીધેલી હતી અને તેના ઉપર બીજા જનો આવીને સભ્યતાથી બેસતા હતા. રાજાની બેઠકની જમણી બાજુનું આસન મૂળરાજ માટે હતું અને તે આસનની પાસેની ગાદીઓની હાર ઉપર મુખ્ય સેનાપતિ જેસલદેવ, સામંતસિંહનો વૃદ્ધ કાકો ચક્રરાજ, સામંતસિંહના પિત્રાઇઓ સોહણરાજ અને બીલ્હણરાજ, ચક્રરાજના પુત્રો પુંડરિક અને પ્રતાપ, તથા બીજા ચાવડા ક્ષત્રિયો બેઠેલા હતા. જેસલદેવની પાછળ તેના અધિકાર હેઠળના સોળ સેનાનીઓ તથા સેનાના બીજા અધિકારીઓ શસ્ત્રાસ્ત્રો સાથે બેઠા હતા અને ભાયાતોની પાછળ ચારણો, બારોટો, ગઢવીઓ વગેરે આવીને ખીચોખીચ ગોઠવાઇ ગયા હતા. ડાબી બાજુએ આવેલું આસન મુખ્ય મંત્રી જસપાલને માટે હતું. જસપાલના આસનની બાજુએ આવેલી ગાદીઓની હાર ઉપર જસપાલના ચાર સાહાય્યક મંત્રીઓ બિરાજેલા હતા. મૂળરાજનો મિત્ર જંબક અને મૂળરાજનો સલાહકાર વિપ્ર સૂર્યદત્ત એ મંત્રીઓની પછી બેઠેલા હતા. તેમની જ હારમાં પાટણનો નગરશેઠ, દંડનાયક, સંઘપતિ, રાજગોર અને પ્રજાના બીજા પ્રતિષ્ઠિત આગેવાનો આવીને બિરાજ્યા હતા. ઉષ્ણઋતુ ચાલતી હોવાથી સૂર્યનો આતાપ ચોમેર લાગતો હતો અને રંગમંડપમાંએ સર્વત્ર ઉષ્ણતા જણાવાથી રાજસેવકો મોટા રેશમી વીંજણાઓવડે કૃત્રિમ શીતલતાનો પ્રચાર કરી રહ્યા હતા. દરબારગઢની બહાર શરણાઇઓ અને ઢોલક વાગી રહ્યાં હતાં તે આ ઉત્સવનું સૂચન કરતાં હતાં પરન્તુ રંગમંડપમાં તેમનો સ્વર બહુ ધીમો સંભળાતો હોવાથી કચેરીના કામકાજને કાંઇ હરકત નડવાનો સંભવ નહોતો.

સૌ કોઇ રાજા, મૂળરાજ તથા મંત્રીશ્વર જસપાલના આગમનની રાહ જોતા હતા. સૂર્યદત્ત અને જંબક પુનઃ પુનઃ પ્રવેશદ્વાર તરફ જો-

પણ બીજ સોલંકીના આગમનની રાહ જોતા હતા. આજે મોટી કચેરીની વચ્ચે જેને માન આપવામાં આવનાર હતું તે બીજ સોલંકીનો ભત્રીજો હતો, એટલે બીજ સોલંકી એ દિવસના દરબારમાં હાજર રહે એ ઘણું સ્વાભાવિક હતું. કેટલીક વારે બીજ આવ્યો અને છડીદારે તેને ભાયાતોની બાજુએ બેસવાની વિનતિ કરી. બીજ એ બાજુએ બેસવા જતો હતો, એટલામાં તેની નજર સૂર્યદત્ત ઉપર પડી અને સૂર્યદત્તે ઈશારત કરી એટલે બીજે છડીદારને કહ્યું: " રહેવા દે, હું આ બાજુએ જ બેસું છું." છડીદારે બીજની ઇચ્છા પ્રમાણે તેને સૂર્યદત્તની બાજુએ બેઠક આપી. એટલામાં રાજમહાલયના અંદરના ઓરડામાંથી નેકી પોકરાઇ અને રાજાના આગમનનું સૂચન થયું, એટલે સૌ રાજાનો સત્કાર કરવાને ખળભળી ઉઠયા.

સામંતસિંહ ઉંચાં વસ્ત્રો તથા રાજમુકુટ ધારણ કરીને કચેરીમંડપમાં આવી પહોંચ્યો તેની પાછળ મૂળરાજ મન્દ સ્મિતવડે આનંદ વ્યક્ત કરતો આવ્યો. ત્યારપછી જસપાલ આવ્યો અને સૌની પાછળ સામંતસિંહના પાસબાનો તથા હજુરીયાઓ આવ્યા. સૌએ પોતપોતાની બેઠક લીધી અને કચેરીમાં એકઠા થએલાઓએ રાજાને નમન કર્યું. રાજાએ સૌના નમનનો સત્કાર કર્યો એટલે રાજાના માનમાં ઊભું થએલું બધું મંડળ સભ્યતાપૂર્વક ઘુંટણમંડીએ નીચે બેઠું. છડીદારે નેકી પોકારીને મૂળરાજનું સન્માન કર્યું, એટલે પછી કવિઓએ મૂળરાજનું સન્માન કરવામાં પોતાના વિદ્યાચાતુર્યનું દર્શન કરાવવા માંડયું. બ્રાહ્મણોએ સંસ્કૃત ભાષામાં આશીર્વાદ આપ્યો, બારોટોએ હિંદી ભાષામાં મૂળરાજનાં પરાક્રમ ગાયાં, ચારણોએ ચારણી ભાષામાં કચેરીનો ઠાઠ વર્ણવ્યો અને પછી નર્તકીઓએ નૃત્યગાન કરી સભાને રંજિત કરવા માંડી. સામંતસિંહ અત્યંત વિલાસી રાજા હોવાથી નૃત્યાંગનાઓ અને સંગીતશાસ્ત્રીઓનો સારો જમાવ પાટણમાં થયો હતો. પાટણની ઋદ્ધિને અનુરૂપ એ વર્ગ તો પાટણમાં હતો જ, પરન્તુ સામંતસિંહની વિલાસપ્રિયતાને લીધે એવો પરદેશી વર્ગ પણ પાટણમાં આવીને વસ્યો હતો. એક કિશોર વયની નર્તકીએ સભામંડપની વચ્ચે આવીને ઉત્તમ હાવભાવપૂર્વક નીચેનું ગીત ગાયું:

"રૈન અઁધિયારી ચલ ગઇ, સખીરી સુન !
"જગતે પંખીકી* મચ રહી, સખીરી ધુન ! રૈન.

"મલય સમિર સુરભિ ફહરા રહે,
"આલિંગનેકો વહી ટહલા રહે; રૈન.

"સૂરજ નરાયન નાથ બડે હૈં,
"દરિસન દર લે, સમીપ ખડે હૈં ! રૈન.

"સોતી થી મૈંય, સખી ! ક્યોં તૂ સતાતી,
"સુખદ સુપનસેં તૂ મુજે ક્યોં છુડાતી ? રૈન.

"ચહું ન મૈં સૂરજ નરાયન દરિસન,
"સુપનમેં મૂલરાજ મેરે નરાયન." રૈન.

નર્તકીના ગીતના તાનથી આખી સભા અનુરંજિત થઇ ગઇ. નર્તકીના ગાન માંહેના કાવ્યચાતુર્યથી કવિઓ પણ લોભાઇ ગયા. મૂળરાજની પ્રશંસામાં તેઓએ ઘટાવેલાં ઉપમાનો નર્તકીના ગાનમાંના ઉપમાન કરતાં ફીક્કાં દેખાવા લાગ્યાં. રાજા પણ એ ગાન સાંભળીને એટલો તુષ્યમાન થઇ ગયો કે તેણે પોતાની આંગળીમાંથી એક રત્નજડિત અંગુઠી કાઢીને તે નર્તકી ઉપર ફેંકી. મૂળરાજની–પોતાના પ્રિયતમ ભગિનીપુત્રની એવી ઉત્તમ પ્રશંસા સાંભળીને ઉત્સાહમાં આવી ગએલા રાજાએ વિનોદાર્થે કહ્યું: "ધન્ય છે મૂળરાજ ! તારાં પરાક્રમોએ તો પાટણની નર્તકીઓને એટલી મુગ્ધ કરી નાંખી છે કે સ્વપ્નમાં તારા દર્શન નહિ ગુમાવવાને તે વધારે ને વધારે ઉંઘી જવા માંગે છે !"

એક વ્રજવાસી ચતુર નર્તકીએ સમયોચિત ઉત્તર આપતાં હાથમાં ખંજરી રાખી તેના તાનમાં વહેતાં કહ્યું:

"†નિંદકી હિ ક્રિપાસે મિલે પ્રતિનિશ ગોપી રાધિકાપતિસે,
"નિંદકી મોજ ઉષાકું મિલાવત નાથકી મૂર્તિ સુહાવનીસે;
"‡નિંદકી રાહમેં યોગી ચલે તો તુરંત મિલે કમલાપતિસે,
"આ રે, તૂ આ ! મેરી નિંદ મધુરી ! મૈં પાઉં નરાયન તેરેહિસે !"

---

* જાગ્રત થતાં પક્ષીઓની. † સવૈયા–એકત્રિશા. ‡ સમાધિ–ધ્યાન.

સભામાં ક્ષણભર આનંદનો કોલાહલ પ્રસરી રહ્યો. તે શમ્યા પછી સામંતસિંહે ચ્હડાઈમાં ગએલા સેનાપતિ, સેનાનીઓ, દૂતો, વગેરે વિશિષ્ટ સેવકોને બક્ષીસો આપવા માંડી. સેનાપતિ જેસલદેવને રત્નજડિત મૂઠવાળી તલવાર અને સોનાની ઢાલ બક્ષીસ આપવામાં આવી. જૂદા જૂદા સેનાનીઓને સોનાનાં કડાં, સોનેરી મંદિલ, સોનાની મૂઠવાળી કટારી. રત્નજડિત બરછીઓ વગેરે બક્ષીસો અપાઈ. આ ચ્હડાઇમાં લડાઇ કરવાની જરૂર પડી નહોતી, તથાપિ દ્રવ્યનો સારો સંગ્રહ ચ્હડાઇના બદલામાં આવેલો હોવાથી સેનાનીઓને યોગ્ય બદલો આપવાની મૂળરાજે પોતાના મામાને સલાહ આપી હતી અને સામંતસિંહ તે પ્રમાણે વર્તવા તૈયાર હતો. બીજાઓને બક્ષીસ અપાઇ રહ્યા પછી હવે મૂળરાજને બક્ષીસ આપવાનો વખત આવ્યો. જસપાલે રાજાને સૂચવ્યું: " મહારાજ! ભાણુભાને હવે જે બક્ષીસો આપવાની છે તે આ થાળમાં પડેલી છે તે આપ આપો."

" ભાણુભાને આપવાની બક્ષીસો શું એક થાળમાં સમાઇ રહી છે?" સામંતસિંહે જસપાલ સામે કરડાકીથી જોયું. જસપાલે રાજાની રક્તવર્ણીય આંખો જોઇને રોમાંચ અનુભવ્યો અને ઠાવકાઇથી ઉત્તર આપ્યો:

" હા, મહારાજ! તેમને માટે મેં ઘણી મૂલ્યવાન્ વસ્તુઓ પસંદ કરી છે; આ રહી, જુઓ!" એમ કહી જસપાલ ઊભો થયો અને થાળ ઉંચકીને રાજાની સમીપે ધર્યો.

સામંતસિંહે જસપાલના હાથ માંહેના થાળ ઉપર નજર કરી તો તેમાં એક મૂલ્યવાન્ મોતીની માળા, હીરાજડિત મૂઠવાળી ઉત્તમ પ્રકારના લોહની તલવાર, માણેકના બાજુબંધ, સોનાનાં કડાં, અમૂલ્ય રત્નોથી જડેલી મૂઠવાળી કટારી, સુંદર મૂલ્યવાન પાઘડી અને એક અંબાડી સાથેના હાથીનું દાનપત્ર એટલાં વાનાં હતાં. પોતાના રાજ્યની આટલી બધી સેવા બજાવનાર પોતાના ભાણેજને માટે આ બક્ષીસ સામંતસિંહને કેવળ નિર્જીવ લાગી અને તે જસપાલ ઉપર બહુ ગુસ્સે થયો. કચેરીમાં આવતાં પહેલાં રાજાએ પેટ ભરીને મદ્યનું પાન કર્યું હોવાથી તેને બોલ-

વાનું પણ પૂરૂં ભાન રહ્યું નહિ અને કચેરીની વચ્ચે તે જસપાલનું અપમાન કરતાં બોલ્યોઃ "જસપાલ! આ તેં શું કર્યું છે? એક પણ માણસનો જાન ગયા વિના આટલું બધું દ્રવ્ય લાવનાર મારા ભાણુને શું આટલી જ બક્ષીસ? તારી અક્કલ અપાશરામાં જઇને બેઠી છે કે શું?"

આ શબ્દો રાજાના મુખમાંથી નીકળતાં જ સૌ સમજી ગયા કે રાજાને બરાબર ભાન હોય એમ જણાતું નથી. જસપાલ પણ તત્કાળ એ અપમાનને ગળી ગયો અને બોલ્યોઃ "મહારાજ! મારી બુદ્ધિ પ્રમાણે મેં આ વસ્તુઓ ગોઠવી છે. આપની ઇચ્છામાં આવે તો ભલે તેમાં કાંઇ ઉમેરો કરો!"

રાજાએ અત્યંત ક્રુદ્ધ સ્વરે કહ્યું: "આ ધૂળ જેવી વસ્તુઓમાં હું શું ઉમેરો કરૂં? ફેંકી દે તેને!" એમ કહીને તેણે જસપાલના હાથમાંના થાળને ઉથલાવીને નીચે પાડી નાંખ્યો. થાળમાંની સઘળી વસ્તુઓ નીચે પડી અને વેરાઇ ગઈ! જસપાલની કે બીજા કોઇની હિંમત એ વસ્તુઓ પુનઃ એકત્ર કરવા માટે ચાલી નહિ. તે એમ ને એમ સ્થિર ઊભો રહ્યો.

તુરત જ સામંતસિંહ બોલ્યોઃ "મૂળરાજ! તું તો મારી આંખોના રત્ન જેવો છે. તારે માટે આ એકકે બક્ષીસ યોગ્ય નથીઃ તારે માટે માત્ર એક વસ્તુ યોગ્ય છે અને તે આ મારા માથાપરનો રાજમુકુટ છે!" એમ કહેતાં જ તેણે પોતાના માથાપરનો રાજમુકુટ પોતાને હાથે ઉતાર્યો. જસપાલ અને બીજું કેટલુંક કચેરીમંડળ 'હાં હાં' કરવા લાગ્યું, કેટલાક 'ધન્ય ધન્ય' કહેવા લાગ્યા, કેટલાક રાજાના હાથ પકડવાને દોડ્યા અને કેટલાક મૂળરાજને અભિનંદન આપવાને ચળવિચળ થઈ રહ્યા! પરન્તુ તે જ ક્ષણે રાજાએ પોતાનો મુકુટ મૂળરાજને પહેરાવ્યો અને તેનો જમણો હાથ પકડી તેને ઊભો કર્યો. પોતે સિંહાસનપરથી ઉઠી જઇને બોલ્યોઃ "ભાણુ! તારા પરાક્રમને યોગ્ય આ બક્ષીસ જ છે અને હું તને એ ખુશ થઇને આપું છું. આ સિંહાસન પર બેસ."

મૂળરાજ કાંઇક હર્ષ પામતો, કાંઇક આશ્ચર્ય પામતો અને કાંઇક ઉત્સાહમાં આવતો મુકુટ સાથે જ સિંહાસનપર બેઠો! એટલામાં જસ-

પાસે સામંતસિંહની બાજુએ જઇને તેના કાનમાં કહ્યું: "અરે મહારાજ! આપ આ શી રમત કરો છો? આખું કચેરીમંડળ આપની હાંસી કરે છે! શું આખું રાજ્ય તે કોઇને બક્ષીસ આપી દેવાતું હશે?"

સામંતસિંહ મદ્યના તાનમાં ને તાનમાં બોલ્યો: "કેમ ન અપાય? રાજ્ય તો મારૂં પોતાનું છે તે હું હરકોઇ માણસને આપી દઉં એમાં તને શું થઇ ગયું?"

જસપાલ અને અન્ય સૌ સમજ્યા કે રાજા બરાબર ભાનમાં નથી. પહેલાં એક વાર આવી જ રીતે મૂળરાજ ઉપર અતિપ્રસન્ન થઇને તેણે આમ કર્યું હતું અને બીજે દિવસે ભાનમાં આવતાં તેને પાછો ગાદીપરથી ઉઠાડી મેલ્યો હતો. આજે પણ એવો જ કાંઇ પ્રકાર બન્યો છે અને આવતી કાલે પાછું બધું ઠેકાણે આવી જશે એવું સમજીને જસપાલ તેમ જ બીજાઓએ રાજાને કાંઇ વિશેષ કહ્યું નહિ. ઉશ્કેરાએલા રાજાએ હાક મારીને રાજગોરને બોલાવ્યો અને તેને કહ્યું: "મૂળરાજને તિલક કર!" અને છડીદારને કહ્યું: "તેના નામની નેકી પોકાર!" રાજાની આજ્ઞાનો તેમણે અમલ કર્યો અને આખું કચેરીમંડળ સ્તબ્ધ બની ગયું!

પોતાના તાનમાં ને તાનમાં સામંતસિંહ બોલ્યો: "મારા શૂરવીર સામંતો, દક્ષ મંત્રીઓ અને રાજનિષ્ઠ ભાયાતો! આજે આ ગુજરાતના રાજાની ગાદી મારા પરાક્રમી ભાણેજ મૂળરાજને આપી દેતાં મારા હર્ષનો પાર રહેતો નથી. તેણે ઘણાં પરાક્રમો કરેલાં છે અને મારા રાજ્યના મુલકમાં ઘણો વધારો કરી આપ્યો છે. તે હવે સ્વતંત્ર રીતે ગુજર્જરેશ્વરની પદવી જાળવી રાખવાને યોગ્ય થયો છે અને તેથી તેને જે દુન્યામાં ઉંચી બક્ષીસ હું આપવા માંગું છું તે આ જ છે. હવેથી તમે મૂળરાજને જ તમારો પ્રતિપાલક, અન્નદાતા અને આ ગુજરાતનો રાજા સમજીને યોગ્ય માન આપજો અને તેની આજ્ઞામાં જ રહેજો."

કોઈ વાર નહિ અને આજે રાજાએ આટલી રમત કરવા ઉપરાંત આટલા શબ્દો પણ કહ્યા, તેથી જસપાલને ભય લાગવા માંડયો. તેણે ચોમેર જોયું તો કેટલાકનાં મ્હોં પડી ગએલાં, કેટલાકનાં મ્હોં હર્ષ પામેલાં



" હવેથી તમે મૂળરાજને જ તમારો પ્રતિપાલક, અન્નદાતા અને આ ગુજરાતના રાજા સમજને યોગ્ય માન આપજો...... " (પૃષ્ઠ ૬૦)

અને કેટલાકનાં મ્હોં કિંકર્તવ્યવિમૂઢની પેઠે અત્યંત આશ્ચર્ય પામેલાં જોયાં; પણ કોઇ મ્હોંમાંથી એક શબ્દનો પણ ઉચ્ચાર કરતું નહોતું !

થોડીએક ક્ષણોસુધી એ દૃશ્ય ટક્યું. વળી કચેરીનું કામકાજ લંબાણમાં પાડવાથી ભાન વિનાનો બની ગએલો રાજા બીજો કાંઇ અનર્થ કરી બેસશે, એવું માનીને જસપાલે છડીદારને ઇશારત કરી, એટલે તેણે કચેરી બરખાસ્ત થએલી જાહેર કરી. સામંતસિંહ મુકુટ વિનાના ખુલ્લા મસ્તકે નશામાં ડોલતો ડોલતો રાણીવાસ તરફ વળ્યો. કેટલાક હજુરીયાઓ અને પાસબાનો તેની સાથે સાથે ચાલ્યા. મૂળરાજ રાજમુકુટ સાથે જ પોતાના નિવાસમંદિર તરફ વળ્યો. જંબક, સૂર્યદત્ત અને કેટલાક સેનાનીઓ તેની સાથે ચાલ્યા. જસપાલ ક્ષણભર વિચારમાં ઊભો રહ્યો અને પછી રાજાની પાછળ પાછળ ચાલ્યો. સામંતસિંહ પોતાના વિલાસમંદિરમાં પેઠો તેની સાથે જ જસપાલ પણ પેઠો. તેનો ઇરાદો રાજાને ભાનમાં આણીને તેના અનર્થકારક પગલાનું તેને ભાન કરાવવાનો હતો, પરન્તુ સામંતસિંહ તો મંદિરમાં પેસતાંની સાથે જ પલંગમાં પડયો અને વધારે મદ્ય પીવાની હજુરીયાઓ પાસે માંગણી કરવા લાગ્યો ! જસપાલ તેની પાસે જઇને બોલ્યોઃ " મહારાજ ! આજે આપે બહુ ખોટું કામ કર્યું છે ! આપ રાજ્યનો કારભાર ચલાવવાને સંપૂર્ણ રીતે યોગ્ય છો, છતાં આપે મૂળરાજને રાજ્યપાટ સોંપી દીધું તે ઠીક કર્યું નહિ. "

વળી સામંતસિંહનું મગજ ફર્યું ! તે બોલ્યોઃ " કોણે મૂળરાજને રાજ્યપાટ સોંપ્યું છે ? કોણ એવું કહે છે ? "

જસપાલ બોલ્યોઃ " મહારાજ ! કચેરીની વચ્ચે આપને હાથે આપે એ અનર્થ કર્યો છે ! અગાઉ પણ આપે એક વાર એવું જ કર્યું હતું અને વારંવાર આપ એવું કરો તેથી આપણું હલકું દેખાય ! "

" હા, આગળ મેં એવું કર્યું હતું; પેલા સાલા બીલ્હણે મને વધારે પાન કરાવ્યું હતું તેથી એમ થઇ ગયું હતું, પણ આજે તો મેં ક્યાં કશુંય કર્યું છે ? તમે ભૂલો છો, મંત્રીશ્વર ! "

" નહિ, મહારાજ ! આપ ભૂલો છો. "

"શું મેં એવું કર્યું ? હશે, એમ કાંઇ મૂળરાજ ગાદી લઈ લેવાનો છે ? એ તો જરા મજાહ કરી કહેવાય; જાઓ, જાઓ. કાંઇ ઉચાટ ન કરો ! અલ્યા, પેલો આસવ આણ ! જસપાલ ! કાલે સ્હવારે હું પાછો કચેરીમાં આવીશ."

"જરૂર આવશો ? જોજો ભૂલી જતા !"

સામંતસિંહ હસીને બોલ્યોઃ "શું હું ભૂલી જઉં ? મારી સ્મરણ-શક્તિ ઉપર શું તમને વિશ્વાસ નથી ? હું અવશ્ય આવવાનો, મંત્રીશ્વર!"

જસપાલ તુરત બહાર નીકળ્યો અને હજુરીયાઓ મદ્યથી ભરેલું એક મોટું સુવર્ણપાત્ર લઇને સામંતસિંહની સેવામાં હાજર થયા.

પરિચ્છેદ ૫ મો.

બાજી રમાય છે !

મંત્રીશ્વર જસપાલ બહુ ચિન્તાતુર બની ગયો હતો ખરો, તોપણ એક કારણથી તેને પોતાની ચિન્તા બહુ ગંભીર દેખાતી નહિ. મૂળરાજના હૃદયને તે પિછાણતો હતો તેથી પોતાના મામાના આ પગલાથી મૂળરાજ એકદમ ગાદી પચાવી પાડવા જેટલી હિંમત નહિ બીડી શકે એવો તેને ભરોસો હતો. આગળ એક વાર જ્યારે એવો જ બનાવ બનેલો ત્યારે મૂળરાજે ઉદારતાથી કહી દીધું હતું કે "મારે એવી રીતે ગુર્જ્જરેશ્વર થવું નથી અને ગાદીનો મને લોભ પણ નથી; ભલે મામાશ્રી પોતે જ એ પદને શોભાવે !" એ બનાવ ઉપરથી જસપાલને કાંઇક ધીરજ મળી હતી. જસપાલ કાર્યદક્ષ, ચતુર અને ઉંડી નજરવાળો હતો, પરન્તુ ધનનો બહુ લોભી હતો. રાજ્યનો વહીવટ તે પોતાની દક્ષતાથી ચલાવતો ખરો, પરન્તુ પોતાનો સ્વાર્થ સાધવાનો વખત આવતો ત્યારે તે પોતાનો મોભો, અધિકાર, ન્યાય, નીતિ કે રાજ્યનું હિત એ કશુંએ જોતો નહિ; અને તે કારણથી જ સામંતસિંહ જેવા રાજાનું કારભારું તેને સારી પેઠે ફાવી ગયું હતું. કાંઇ પણ ખટપટ ઊભી કરીને ઇષ્ટાર્થ સાધી લેવામાં તે પ્ર-

વીણ હતો અને હરકોઇના પેટમાંથી ગમે તેવી ગુપ્ત વાત જાણી લેવાની કળામાં તો તે એટલો નિપુણ લેખાતો હતો કે કોઇ એવો નિશ્ચય કરીને આવે કે પોતે અમુક વાત જસપાલની પાસે નહિ ખુલ્લી કરે, તોપણ તેનો તે નિશ્ચય છેવટસુધી ટકી શકતો નહિ! આ પ્રમાણે અનેક પ્રકારની પ્રવીણતાનું મિશ્રણ એ જૈન વણિકમાં થવા પામ્યું હોવાથી અંતર્નો તે મેલો હોવા છતાં બહારથી અત્યંત પવિત્ર, ભદ્રિક અને ન્યાયનો અવતાર દેખાતો હતો.

સામંતસિંહે **મૂળરાજના** શિરપર રાજમુકુટ આરોપ્યો તે કાર્ય રાજાએ કેવી સ્થિતિમાં કર્યું હતું તે **જસપાલ** જાણી ગયો. **સામંતસિંહે** પોતાના જ શબ્દોવડે બતાવી આપ્યું હતું કે પોતે કરેલું કાર્ય સંજ્ઞારહિત સ્થિતિમાં થએલું હતું: વસ્તુત: **મૂળરાજને** ગુર્જરેશ્વરની પદવી આપી દેવાનો કાંઇ **સામંતસિંહનો** ઇરાદો નહોતો; પરન્તુ **મૂળરાજ** એ કાર્યને કેવા સ્વરૂપમાં સમજ્યો છે તે જાણી લેવાની **જસપાલને** જરૂર હતી. આ કારણથી **સામંતસિંહ** પાસેથી નીકળીને તે સીધો **મૂળરાજના** આવાસમાં ગયો.

રાજમહાલયના જ એક વિભાગમાં **મૂળરાજનો** આવાસ હતો, એટલે **મૂળરાજ** કચેરીમાંથી નીકળીને આવ્યાને હજી તો એકાદ ઘટિકા પણ પૂરી થઇ નહોતી, એટલામાં **જસપાલ** ત્યાં પહોંચ્યો. બહાર ઊભા રહીને તેણે **મૂળરાજને** પોતાના આગમનના સમાચાર કહાવ્યા. **મૂળરાજે** તેને આવવાનું કહ્યું. **જસપાલે** દ્વારમાં પ્રવેશ કર્યો અને તે ખિન્ન થયો. **મૂળરાજની** આસપાસ સંખ્યાબંધ સરદારો, સામંતો અને હજુરીઆઓનું મંડળ ભરાઇને બેઠું હતું. તે સર્વને જોતાં જ **જસપાલે** પોતાના મનને પ્રશ્ન કર્યો: "આ બધા લોકો એકદમ **મૂળરાજની** ખુશામત કરવા આવ્યા છે, તો શું તેઓ બધા નિશ્ચિત રીતે **મૂળરાજને** રાજા માની બેઠા હશે? અથવા તો શું **મૂળરાજે** જ તેમને તેવું કહ્યું હશે?" આ વિચાર આવતાં **જસપાલના** ચિત્તને ગ્લાનિ થયા વિના રહી નહિ. પરન્તુ બહારથી એ દેખાવ કળાવા દીધા વિના તે સીધો **મૂળરાજની** તરફ ચાલ્યો. **મૂળરાજે** તેનો સત્કાર કર્યો: "આવો, મંત્રીશ્વર! પધારો!"

જસપાલને જોતાં હજુરીયાઓ વિનયપુરઃસર ઊભા થઇ ગયા. જસપાલ મૂળરાજની પાસે બેઠો અને સૌને સ્મિતમય વદનનું દર્શન કરાવવા લાગ્યો. થોડી વાર મૌન્ય ચાલ્યા પછી જસપાલ બોલ્યોઃ " ભાણુભા ! આજે તો આપના ઉપર મહારાજે અત્યંત કૃપા દર્શાવી; અને તે સ્વાભાવિક છે ! આપનાં પરાક્રમો આખા દેશની પ્રશંસાને પાત્ર થયાં છે. "

મૂળરાજની બીજી બાજુએ સૂર્યદત્ત તથા જંબક બેઠા હતા. જસપાલના શબ્દો સાંભળીને સૂર્યદત્ત મનમાં બોલ્યોઃ " સાળો વાણીયો ! કેવો ચતુર છે ! આટલો વહેલો તે મૂળરાજના પેટમાંથી કાંઇક વાત કઢાવી લેવા આવ્યો છે ! "

મૂળરાજ જસપાલને ઉત્તર આપતાં બોલ્યોઃ " આપની મારા પર પૂર્ણ કૃપા છે અને તેથી જ મારાં પરાક્રમો આટલાં ગવાય છે. "

જસપાલ કશું આગળ બોલે, તે પહેલાં સૂર્યદત્ત વચમાં પુરાયોઃ " અને મંત્રીશ્વરજી ! ભાણુભા હવે એવું ઇચ્છે છે કે તેમના રાજત્વ-કાળમાં પણ એમના ઉપર આપની એવી ને એવી કૃપા ટકી રહે ! "

જસપાલ એ સાંભળી અંતરમાં બળી ઉઠ્યો. તેણે દાંત કચકચાવ્યા. થોડી ક્ષણ તેણે રાહ જોઇ અને મૂળરાજ કશું બોલ્યો નહિ ! તે મનમાં ગભરાયોઃ " હાય ! હાય ! આ બામણાએ બધો ખેલ બગાડયો ! આ બધા તો મૂળરાજને હવે સાચો રાજા માની બેઠા જણાય છે ! નહિતો મૂળરાજ સૂર્યદત્તના કથનનો પ્રતિકાર કેમ કરે નહિ ? " તેના વદન ઉપર શ્યામતા પ્રસરી ગઈ. સૂર્યદત્તે પોતાની લાંબી મૂછોની અંદર હસતાં જ જસપાલનું મુખમંડળ જોઇ લીધું. જસપાલની ગુંચવણ સૂર્યદત્તના ધ્યાનમાં આવી ગઈ.

જસપાલ ઉત્તર આપતાં બોલ્યોઃ " ભાણુભા ઉપર તો શ્રી મહાવીર પ્રભુ કૃપા રાખશે. વસ્તુતઃ ભાણુભા અમારા ઉપર કૃપાદૃષ્ટિ રાખે એવી અમારી યાચના હોવી જોઇએ. "

મૂળરાજ બોલ્યોઃ " પરસ્પર સદ્‌ભાવ તો હોવો જ જોઇએ, મંત્રીશ્વર ! પરન્તુ એકલા સદ્‌ભાવથી જ રાજ્યનો અધિકાર સુવ્યવસ્થિત રીતે

ચાલતો નથી. તે માટે મનુષ્યમાં રાજ્યનું હિત કરવાની ભાવના પણ હોવી જોઇએ.”

“સાચું કહ્યું આપે. જેવી ઘી વિનાની રોટલી તેવી રાજ્યહિતની ભાવના વિનાનો રાજ્યાધિકાર સમજવો.” જસપાલે જોયું કે આ રાવણું એકદમ વિખરાશે નહિ, અને વળી સૂર્યદત્ત તો બિલકુલ જશે નહિ; તેથી તેણે કહ્યું: “વારૂ, ભાણુભા ! મારે એકાંતમાં આપને જરા કહેવાનું છે.”

“હા ચાલો; મારા શસ્ત્રાગારમાં આપણે બેસીએ.” એમ કહી મૂળરાજ ઉઠ્યો અને જસપાલ પણ ઉઠ્યો. સૂર્યદત્ત મનમાં બળી ગયો. ભાણુભાના ભોળપણનો લાભ એ લુચ્ચો વાણીયો લીધા વિના રહેશે નહિ એવું તેને જણાયું; પણ મૂળરાજે એકાન્તનો સ્વીકાર કર્યા પછી તેનાથી કશું કહી શકાય તેમ નહોતું. તેનું મ્હોં પડી ગયું. જંબક અને સૂર્યદત્તે એક બીજાની સામે જોયું.

મૂળરાજને સામંતસિંહે રાજ્યાધિકાર આપવાનો સઘળો વિધિ કર્યો હતો, છતાં મૂળરાજનું મન દ્વિધા હતું. મામાએ આ વેળાએ પોતાને ખરેખર રાજ્ય આપી જ દીધું હતું કે દારૂના નશામાં પૂર્વવત્ માત્ર રમત જ કરી હતી, તે વિષે તેને કશી સમજણ પડી નહોતી. તેના મનમાં એવું હતું કે જો પોતાને ખરેખર રાજ્ય આપવામાં આવેલું હોય તો તે સ્વીકારી લેવું અને ન આપવામાં આવ્યું હોય, તોએ ભલે ! જેમ સામંતો, સરદારો અને પ્રજાજનો સમજ્યા હોય તેમ પોતે પણ સમજી લેવું એવો અદૃઢ વિચાર તેણે માત્ર કર્યો હતો, તેથી ખુલ્લી રીતે કોઇને તે પોતાને મુખે એવું કહેતો નહોતો કે “પોતે હવે ખરેખર રાજા બન્યો છે,” તેમ તે કોઇને એવું પણ કહેતો નહિ કે “મામાએ માત્ર ભાનરહિત દશામાં રમત કરી છે !” બીજાઓ પોતાના સાંભળતાં ગમે તેવી વાત કરે તો માત્ર મૌન રહીને સાંભળવી, પણ સ્વમુખે કશો અભિપ્રાય ઉચ્ચારવો નહિ એવી તટસ્થ વૃત્તિ અત્યારે તેણે ધારણ કરી હતી. આવી તટસ્થ વૃત્તિનું મૂળ કારણ એ જ હતું કે તે પોતાના મનથી હજી કશો નિશ્ચય કરી શક્યો નહોતો.

મૂળરાજ અને જસપાલ શસ્ત્રાગારમાં આવ્યા. બે આસનો ઉપર બન્ને બેઠા. મૂળરાજે પૂછ્યું: "કહો મંત્રીશ્વર! તમારે શું કહેવું છે?"

"કહેવાનું તો એ જ કે મહારાજ આપના ઉપર અત્યંત તુષ્ટમાન થયા છે, પરન્તુ આજે કચેરીમાં આવ્યા ત્યારે તેમણે ઘણો જ મદ્ય પીધો હતો."

જસપાલની ચતુરાઇને ઓળખતો મૂળરાજ બોલ્યો: "મહારાજનું એ વ્યસન બહુ ખરાબ છે, પરન્તુ એટલું સારૂં છે કે ગમે તેટલો મદ્ય પીવા છતાં તે તેમને પચી જાય છે અને તેમને કાંઈ નુકસાન કરતો નથી."

"મદ્ય તે વળી પચતો હશે, ભાણુભા? થોડો પીએ ત્યાંસુધી તો ઠીક, પણ હદથી વધારે પીએ તો પછી હરકોઈ માણસ ભાન ભૂલી જાય!"

"મહારાજને તો રોજ પીવાની ટેવ પડી છે એટલે ઓછી અસર કરે, એટલું ખરૂં."

"તોપણ આજે જે બધું કચેરીમાં બન્યું છે તે તે તેમની બેભાન સ્થિતિમાં બન્યું છે!"

"હેં!" મૂળરાજે આશ્ચર્ય દર્શાવ્યું.

"હા એમ જ બન્યું છે! પહેલાં જેમ આપને ગાદીએ બેસાડ્યા હતા, તેમ જ આ વખતે પણ બેસાડ્યા છે. મહારાજની બેભાન સ્થિતિનું એ પરિણામ થયું છે!"

"પણ આ વખતે તો મહારાજે મને રાજતિલક કરાવ્યું છે અને સામંતો તથા સરદારોને મારી આજ્ઞામાં રહેવાની સૂચના પણ કરી છે." મૂળરાજે જણાવ્યું.

"પરન્તુ એ સઘળું એ મદ્યના જ તાનમાં કર્યું છે!"

"શા ઉપરથી આપ એવું કહો છો?"

"કચેરી બરખાસ્ત થયા પછી હું મહારાજને મળ્યો અને તેમણે મને કહ્યું કે 'મેં મૂળરાજને રાજ્યાધિકાર આપ્યો જ નથી! હું કશું બોલ્યો જ નથી!'"

"શું મહારાજે પોતે એવું કહ્યું ?"

"હા, તેમણે પોતે જ એવું કહ્યું અને હું તથા બીજાઓ તો પ્રારંભથી જાણતા હતા કે મહારાજ ભાનરહિત સ્થિતિમાં આ બધું કરે છે."

મૂળરાજ થોડી વાર મૌન રહ્યો અને વિચાર કરીને બોલ્યો: "જો ખરેખર મહારાજે એવું જ કર્યું હોય, તો ભલે મારે રાજગાદી જોઇતી નથી."

જસપાલ અંતરથી બહુ ખુશ થયો, પરન્તુ બહારથી તેણે ખુશાલી દર્શાવી નહિ અને ગંભીરતાથી કહ્યું: "આપ તો સમજુ છો એટલે કશી ચિન્તા કરવા જેવું નથી. પરન્તુ મહારાજના શબ્દો આપને કાને નાંખવાને જ હું આપની પાસે આવ્યો હતો."

"ભલે; મહારાજને કહેજો કે મૂળરાજને આપની કૃપા વિના બીજું કશું જોઇતું નથી."

"વારૂ; હું કહીશ. હવે હું રજા લઉં ?"

"હા, પધારો."

જસપાલ ઉઠયો, પણ મૂળરાજ ત્યાં બેસી રહ્યો. તે જરા વિચારમાં પડયો હતો. તેને લાગ્યું કે હાથમાં આવેલો રાજમુકુટ આમ એકદમ છોડી દેવા બદ્દલ પોતાના કાકા **બીજ** સોલંકી તરફથી પોતાને બહુ ઠપકો મળશે. પોતાની માનસિક ઉદારતાને તે નિર્બળતા લેખીને ઉપહાસ કરશે. તેમને સમજાવવાને પોતે શું કહેવું તેના વિચારમાં તે પડયો હતો, એટલામાં તો **સૂર્યદત્ત**—મૂળરાજનો સલાહકાર વિપ્ર ત્યાં આવી પહોંચ્યો અને અધીરાઇથી બોલ્યો: "કેમ ? શો પ્રકાર હતો ?"

મૂળરાજે સ્મિત કરીને કહ્યું: "આજના બનાવનો જ. મહારાજે આજની બધી ક્રિયા ભાનરહિત સ્થિતિમાં કરી છે એવું મહારાજ પોતે જ કહે છે. મંત્રીશ્વર તે વાત મને કહેવાને આવ્યા હતા."

સૂર્યદત્ત વધારે ગંભીર બન્યો: તેણે ઉતાવળે બીજો પ્રશ્ન કર્યો: "અને પછી આપે શું કહ્યું ?"

"મેં તો કહ્યું કે મહારાજ જો એમ સમજ્યા હોય તો મને રાજગાદીનો લોભ નથી."

સૂર્યદત્ત તે સાંભળીને અકળાયો અને જુસ્સાથી બોલ્યોઃ "ભાણુભા! આ તમે શું કહો છો? શું ભરકચેરીમાં આવી રમતો રમાતી હશે? અરે, એ તો જસપાલ તમને બનાવે છે! મહારાજે આપના ઉપર પ્રસન્ન થઇને આપને રાજ્ય ખરેખર આપ્યું છે. આ તો માત્ર જસપાલની જ બનાવટી વાત છે!"

"એમ શા ઉપરથી કહો છો, દત્ત મહારાજ?"

"ખુલ્લી જ વાત છે. મહારાજે કાંઇ આપને એકલો રાજમુકુટ પહેરાવ્યો નથી. રાજતિલક કર્યું છે, આપના નામની નેકી પોકરાવી છે, સરદાર–સામંતોને યોગ્ય સૂચના આપી છેઃ અને એ બધું આપને આપના પરાક્રમની યોગ્ય બક્ષીસ તરીકે આપ્યું છે! ભાણુભા! એક વાણીયાની યુક્તિથી છેતરાઇને શું તમે ગાદી છોડી દેશો? એવું કદાપિ બને નહિ!"

"વાણીયાની યુક્તિથી હું નહિ છેતરાઉં. કાલે જોઇશ; મહારાજ જો એવું ખરેખર માનતા હશે, તો હું રાજમુકુટ પાછો સોંપી દઇશ!"

"અરે! એ વાણીયાને આપ ઓળખતા નથી, એવું જ જણાય છે. એ તો આજની રાતમાં મહારાજને બરાબર પઢાવી દેશે અને મહારાજ પાસે ગમે તેવું બોલાવશે; પરન્તુ આપે આપની પ્રતિષ્ઠા અને ટેક જાળવવાં જોઇએ; ક્ષત્રિયનું વચન છે તેની આવી હલકી ગણત્રી થશે તો આખી દુનિયા મહારાજની અને આપની પણ નિન્દા કરશે."

"ત્યારે હું શું કરૂં?" મૂળરાજે સલાહકારની સલાહ માંગી.

"રાજમુકુટ છોડવો નહિ. જસપાલની યુક્તિને તાબે થવું નહિ. તે મહારાજની પાસે ગમે તેવું બોલાવે તોપણ એક વાર રાજતિલક થઇ ગયું, પછી તે અન્યથા કેમ થઇ શકે?"

"એનો અર્થ એ કે આપણે ટંટો કરવો."

"કદાચ ટંટો થાય તોપણ શું? બધાએ કચેરીમાં જોયું છે તેથી વિપરીત બોલવાની હિંમત કોણ કરી શકે તેમ છે? સૌ આપના ટેકામાં જ ઊભા રહેશે અને જસપાલની લુચ્ચાઇ જરા પણ ફાવશે નહિ."

" પણ રાજ્યને માટે ટંટો કરવો એ મને ગમતું નથી, દત્ત મહારાજ ! "

" અરે ભાણુભા ! સોલંકી ક્ષત્રિયના મુખમાં આ શબ્દો શોભતા નથી. આપના પિતા અને કાકાઓ રાજ્ય છોડીને વગડે વગડે રખડવા નીકળી પડયા હતા, એવું જ આપને કરવું છે કે શું ? "

" ના, એવું નહિ; પરન્તુ ઘણેખરો રાજ્યાધિકાર હું ભોગવું છું; પછી રાજમુકુટ માટે ટંટો શાને આદરવો ? "

" એક ટેકની ખાતર; જો રાજમુકુટ આપને નહોતો જોઇતો, તો પછી કચેરીમાં મામાએ મુકુટ પહેરાવ્યો ત્યારે જ ના કહી દેવી'તી ! પણ એક વાર તેનો સ્વીકાર કર્યો, રાજતિલક કરાવ્યું અને પછી તે છોડી દેવો ? લોકોમાં હાંસી કરાવવી અને અપમાન વેઠી લેવું ? આપના સરખા પરાક્રમી ક્ષત્રિયના મુખમાંથી આવા કાયરતાનાં વચનો સાંભળીને મારા જેવા બ્રાહ્મણનું લોહી પણ તપી આવે છે. "

" ઠી...ક...છે ! મહારાજનો મારા ઉપર ઘણો ઉપકાર છે અને હું તેમની સામે થઉં ? "

" ક્ષત્રિયનાં માન–અપમાનની આપને કશી કીંમત જ હોય એમ લાગતું નથી, ભાણુભા ! જરા સંભારો, તમારા પિતાના ચરિત્રને જ સંભારો ! લાખા ફૂલાણીના રાજદરબારમાં એક વાર કુળની વડાઇનો વિવાદ ચાલ્યો, એમાં લાખાએ પોતાના કુળને ઉંચું કહ્યું અને તમારા પિતા રાજ સોલંકીએ પોતાના કુળને ઉંચું કહ્યું. વિવાદ વધી પડયો અને મારામારી ઉપર વાત આવી પહોંચી. રાજ સોલંકી પાસે બહુ માણસો નહોતાં અને લાખા પાસે તો મોટું લશ્કર હતું, છતાં રાજ સોલંકી બ્હીધા નહિ. પોતાની વડાઇનું અભિમાન અને ટેક તેમણે છોડયાં નહિ અને યુદ્ધ મચાવ્યું તેમાં તે દેવલોક પામ્યા ! એક માત્ર કુળની વડાઇને માટે તમારા પિતાએ જાન ગુમાવતાં પણ પાછું વાળીને જોયું નહિ, ત્યારે આપ તો આપને રાજ્ય આપવાની ક્રિયાને માત્ર રમત કહેનારને એટલું પણ પૂછતા નથી કે મારી એવી હાંસી કેમ કરી અને રાજ્ય આ-

પીને તે પડાવી લેવાના મારા અપમાનનો શો જવાબ આપો છો? વળી ટંટાથી તો આપ બીહો છો! ભાણુભા! જરા આત્મગૌરવનો અને સ્વમાનનો વિચાર રાખો, નહિતો ઉદારતા બતાવવા જતાં એક તણખલા જેવાં લેખાઇ જશો! મોટાં યુદ્ધોમાં જીત મેળવી આવતાં આપ બ્હીતા નથી અને કદાચ અપમાન કરનારની સાથે ટંટો કરવાનો વખત આવશે એવું કહીને કાયરતા બતાવો છો, તેનો અર્થ શું? આપ ગમે તેમ કહો, પણ આપની તે કાયરતાનો બહુ ખોટો અર્થ આપણાં પડોશી રાજ્યો કરશે અને આપનાં પરાક્રમની વાત વિપરીત સ્વરૂપમાં આખા દેશમાં ફેલાશે! અત્યારે મહારાજનું નામ હોવા છતાં આપની જ આણ મનાય છે અને આપ પોતે આમ વર્તશો, તો પછી આપનું એ કોણ માનશે? માટે જરા વિચાર રાખો અને યુક્તિબાજો પાસે વધારે ભોળા ન બનો.”

મૂળરાજ મૌન બેસી રહ્યો. સૂર્યદત્તની સલાહમાં તેને કાંઇક તત્ત્વ લાગ્યું. જો ટંટો કરીને જ રાજ્ય લેવું હોય તો આજનો અવસર બરાબર છે એવું તેને લાગ્યું, પરન્તુ ટંટો કરવાનો નિશ્ચય જ તે કરી શકતો નહોતો. એક વાર તે વિચારતો હતો કે પોતાને આશ્રય આપીને આટલું માન આપનાર મામા પાસેથી તેમની મરજીની વિરૂદ્ધ ટંટો કરીને રાજ્ય પચાવી પાડવું જોઇએ નહિ. બીજી વાર તે વિચારતો હતો કે મામાએ પોતાની મરજીથી રાજ્ય આપ્યું હોય અને જસપાલ પાછળથી મામાને ફેરવી નાંખતો હોય એ બનવાજોગ છે અને એવા કાવતરાની સામે શામાટે ન થવું જોઇએ? કચેરીની વચ્ચે જો ક્રિયા કરવામાં આવી છે તો તેને પોકળ ક્રિયા મનાવવી તે પોતાનું અપમાન કરવા બરાબર હતું એવું સૂર્યદત્તના કહેવા ઉપરથી તેને સમજાયું ખરૂં; પરન્તુ એ અપમાનનું વૈર વાળવું કે નહિ એવો નિશ્ચય તે કરી શકતો નહોતો. એક વાર કોઇ તરેહનો નિશ્ચય કર્યા પછી તે નિશ્ચયને પાર ઉતારવાને કોઇ પણ વસ્તુનો ભોગ આપવો પડે તો તે આપવાને મૂળરાજ પાછું વાળી જુએ તેવો નહોતો, પરન્તુ તેના મનને રૂચે નહિ ત્યાંસુધી તે નિશ્ચય જ કરતો નહોતો અને તેથી સૂર્યદત્તની આટલી સમજાવણી છતાં છેવટે તેણે કહ્યું:

"દત્ત મહારાજ! તમે જે કાંઈ કહો છો, તે વિષે હું આખી રાત વિચાર કરીશ; પરન્તુ મામાની સાથે રાજમુકુટને માટે ટંટા કરતાં મારો જીવ ચાલતો નથી."

સૂર્યદત્ત નિરાશ થયો અને બોલ્યો: "ભાણુભા! હવે વધારે તમને શું કહું? તમે ક્ષત્રિયના ધર્મની વિરુદ્ધ વિચાર કરો છો અને વર્તો છો! તમારી સાથે અમારૂં પણ અપમાન થાય છે અને આપ જો ઢીલા બની જશો તો કાકાશ્રીને કેટલું ખરાબ લાગશે તેનો વિચાર પણ છોડી દેવાનો નથી. અત્યારે હું જઉં છું; મારી એટલી વિનતિ છે કે રાત્રે આપ વિચાર કરીને જે નિશ્ચય ઉપર આવો તે નિશ્ચય સૌથી પહેલાં મને અને કાકાશ્રીને કહ્યા વિના આપ કોઇની પણ સાથે આ બાબત કાંઇ વાતચીત કરશો નહિ! અને ધ્યાનમાં રાખજો કે જે કાંઈ નિશ્ચય ઉપર આવવાનું છે તે ઉતાવળે આવવાનું છે.

* "शीघ्रकृत्ये समुत्पन्ने विलम्बयति यो नरः।
"तत्कृत्ये देवता तस्य कोपाद्विघ्नं प्रयच्छति ॥
"यस्य यस्य हि कार्यस्य सफलस्य विशेषतः।
"क्षिप्रमक्रियमाणस्य कालः पिबति तद्रसम् ॥"

"બહુ સારૂં. તમારી માંગણી હું કબૂલ રાખું છું. હું ઉતાવળે નિશ્ચયપર આવીશ. ખુશીથી જાઓ, પણ સ્હવારે વહેલા મળજો." મૂળરાજ બોલ્યો.

"અવશ્ય વહેલો મળીશ." એમ કહી સૂર્યદત્ત ત્યાંથી ચાલ્યો ગયો.

મૂળરાજ વિચારનિમગ્ન સ્થિતિમાં થોડી વાર બેઠો અને પછી ધીમે ડગલે ત્યાંથી બહાર નીકળીને હજુરીઆઓના રાવણામાં આવીને બેઠો. સૂર્યદત્ત જતાં જતાં જંબકને સઘળું પ્રકરણ કહેતો ગયો હતો. અત્ર ક-

---

* ઉતાવળથી કરવાનું કાર્ય પાસે આવે તેમાં જે મનુષ્ય વિલંબ કરે છે તેના તે કાર્યમાં દેવતા કોપ કરી વિઘ્ન નાંખે છે. જે જે કાંઈ કર્તવ્ય છે અને તેમાં વળી વિશેષે કરીને જે કાર્ય સફળ થતું આવે છે તે કાર્ય જો શીઘ્ર કરવામાં આવતું નથી તો તે કાર્યનો રસ કાળ પોતે પી જાય છે. (પંચતંત્ર).

હેવાની જરૂર છે કે **જંબક સૂર્યદત્તનો** જ પુત્ર હતો અને પ્રથમ પરિચ્છેદમાં અંધકારમાં પ્રપંચવાર્તા ચલાવનારી જે બે વ્યક્તિઓ હતી તે આ પિતાપુત્ર જ હતા.

પરિચ્છેદ ૬ ઠો.

સૂર્યદત્ત અને બીજ.

સૂર્યદત્ત એક નાગર બ્રાહ્મણ હતો અને **પાટણનો** જ વતની હતો. પાંચેક વર્ષથી તે **બીજ** સોલંકી અને **મૂળરાજના** પરિચયમાં આવ્યો હતો. સામાન્ય રીતે તેની પાસે સારી પેઠે ધન હતું એટલે કાંઈ ધંધો કરવાની તેને પરવા નહોતી. તેણે પોતાના પુત્ર **જંબકને** ભણાવીને જ કૃતકૃત્યતા માની હતી. **બીજ** સોલંકી સાથેના વિશેષ પરિચયથી, **સૂર્યદત્તની** ઉંડી નજરથી અને ધન—માનની કાંઈજ અપેક્ષા વિના સેવા કરવાની તેની તત્પરતાથી તે ધીમે ધીમે **બીજ** સોલંકીનો મિત્ર બન્યો હતો અને **મૂળરાજ** મોટો થતો ગયો તેમ તેમ તેનો પરિચય વધારીને **મૂળરાજનો** સલાહકાર બન્યો હતો. **સૂર્યદત્ત** સંસ્કૃત ભણેલો બહુશ્રુત પંડિત હતો તેથી **બીજની** સૂચનાથી સંસ્કૃત ગ્રંથોમાં કહેલી રાજનીતિનું શિક્ષણ તેણે જ **મૂળરાજને** આપ્યું હતું, એ કારણથી એક રીતે તે **મૂળરાજનો** ગુરૂ પણ હતો. **મૂળરાજ** તેને ઘણું માન આપતો અને બનતાંસુધી તેની આજ્ઞાનું ઉલ્લંઘન કરતો નહિ. વયની સમાનતાથી **સૂર્યદત્તનો** પુત્ર **જંબક મૂળરાજનો** મિત્ર બન્યો હતો અને એ રીતે એ પિતાપુત્ર **મૂળરાજનું** પડખું પકડીને જ રહ્યા હતા.

બીજ સોલંકી મહત્ત્વાકાંક્ષી હતો. **મૂળરાજનાં** પરાક્રમોનો લાભ પોતાને કિંવા **મૂળરાજને** સારી રીતે મળવો જોઇએ એવી ધારણા તે રાખતો હતો. જ્યાંસુધી **સામંતસિંહને** એક્કે પુત્ર નહોતો ત્યાંસુધી તો **બીજ** અવશ્ય માનતો હતો કે **સામંતસિંહ** પછી ગુજરાતનું રાજ્ય **મૂળરાજને** મળશે; પરન્તુ એકાદ વર્ષથી **સામંતસિંહને અહિપત** નામે પુત્ર

ભાટીરાણીને પેટે જન્મ્યો હોવાથી **બીજ**ની આશા પડી ભાંગી હતી. તે સમયથી **બીજ** મૂળરાજના કાનમાં મહત્ત્વાકાંક્ષાનો અને કુટીલ રાજનીતિનો મંત્ર ઉચ્ચાર્યા કરતો હતો, પરંતુ મૂળરાજના સ્વભાવને તે વાત અનુકૂળ આવતી નહોતી. રાજ્યાધિકાર ભોગવવાનો અને જગત્માં નામના કરવાનો તેનો શોખ પૂરો પડતો હોવાથી રાજગાદીનો લોભ રાખીને ટંટો આદરી બેસવાનું તેને ગમતું નહોતું. **બીજ** તેને ઘણી વાર કહેતો કે "તારાં પરાક્રમો ઉપર ગુજરાતનું રાજ્ય ચાલે છે; તારા મામામાં તો શું શુકરવાર છે ? સામંતો, સરદારો અને સેનાનીઓ તારી આજ્ઞામાં છે, પ્રજા તને માન આપે છે અને પડોશી રાજાઓ તારી જ ધાકથી શાંત બેઠા છે, એવે વખતે તું ગુર્જરેશ્વર થવાનો યત્ન કરતો નથી એ તારા ક્ષત્રિયત્વને અને પરાક્રમોને લજાવે છે." એવે વખતે મૂળરાજ વિચારમાં પડી જતો પરન્તુ અંતર્ વૃત્તિ એ ઉત્તેજનને ટેકો નહિ આપતી હોવાથી **બીજ**નું સઘળું કથન તે મૌન-મૌન સાંભળ્યા કરતો હતો. **બીજ**ની પેઠે **સૂર્યદત્ત** પણ મૂળરાજના કાનમાં ગાદીનો લોભ જાગૃત કરતો હતો ખરો, પરન્તુ તેના ઉપદેશનું એકંદર તાત્પર્ય કેવળ જૂદું જ નીકળતું. તે મૂળરાજને પાટણની ગાદી પચાવી પાડવાનું કહેતો, પરન્તુ વિશેષમાં ચાવડાઓનો ઉચ્છેદ કરી નાંખવાની રાજનીતિ પણ તેને સમજાવતો. એકંદર રીતે **બીજ** અને **સૂર્યદત્ત** મૂળરાજના હૃદયમાં રાજ્યલોભને જાગૃત કરતા હતા ખરા, પરન્તુ **બીજ**નો આશય માત્ર ગાદી મેળવવાનો હતો, ત્યારે **સૂર્યદત્ત**નો આશય ગાદી મેળવવા ઉપરાંત **સામંતસિંહ**નો અને તેના કુટુંબનો નાશ કરવાનો પણ હતો; પરન્તુ **બીજ** એ આશયને સમજી શકે નહિ એવી ચતુરાઈથી **સૂર્યદત્ત** પોતાનો મૂળરાજ પ્રતિનો ઉપદેશ ચલાવતો હતો. અંતરથી **સૂર્યદત્ત**ને **બીજ** સોલંકી પ્રત્યે માન નહોતું, પરન્તુ મૂળરાજને પોતાના હાથમાં રાખવાને તે **બીજ**ના અંતર્ના માણસ તરીકે રહેતો હતો અને પ્રત્યેક ખટપટમાં ભાગ લેતો હતો. **સૂર્યદત્ત**નો હેતુ ચાવડાઓનો અને મુખ્યત્વે કરીને **સામંતસિંહ**ના કુટુમ્બનો નાશ કરાવવાનો હતો, અને તેણે પોતાનો એ હેતુ પોતાના પુત્રને પણ જણાવી

તેને પોતાના પ્રયત્નમાં છેલ્લા થોડા વખતથી શામેલ કર્યો હતો, પરન્તુ એ હેતુના મૂળમાં શું કારણ રહેલું છે તે સૂર્યદત્તે પોતાના પુત્રને પણ કહ્યું નહોતું! તેણે તેને કહ્યું હતું: " જંબક! ચાવડાઓનો નાશ એ મારા જીવનનું અંતિમ લક્ષ્યબિંદુ છે અને આ અવતારમાં નહિ તો બીજા અવતારમાંએ એ લક્ષ્યબિંદુ પાર પાડ્યા વિના મારા આત્માને વિરામ મળશે નહિ. તેટલા માટે મૂળરાજની પાસે રહીને તારે તેને ચાવડાઓનો નાશ કરવાને માર્ગે જ વાળવાની સાવચેતી રાખવાની છે. મૂળરાજને રાજ્ય મળે કે ન મળે, બીજ કહે છે તેમ મૂળરાજનાં પરાક્રમો ગુજરાતની ગાદી મેળવીને સફળતાને પામે કિંવા ન પામે, તેની મને દરકાર નથી; એક વાર એ મામો અને ભાણેજ એક બીજાની સામે થઇ જાય અને તેમાં સામંતસિંહના સર્વસ્વનો નાશ થઈ જાય, એટલે પછી મને બીજું કશું જોઇતું નથી; પછી હું સંન્યાસી બનીને કાશીમાં નિવાસ કરીશ, પરંતુ ત્યાંસુધી તો હું નહિ જ જંપું." ન્યાયનીતિનિપુણ જંબકે કહ્યું: " પિતાજી! પણ ચાવડાઓનો નાશ એ રાજવધ કરવાનું મહાપાપ કહેવાય અને એ મહાપાપમાં પડવાનો હેતુ અત્યંત મહત્ત્વવાળો હોવો જોઇએ; એક વાર મને તે હેતુ જણાવો!" સૂર્યદત્ત બોલ્યો: " એ હેતુ તને એક વાર હું કહીશ; પણ અત્યારે નહિ કહું; અત્યારે તો તારા આ પિતાના વચનની ખાતર પુત્રધર્મ બજાવવાને તું કાર્યતત્પર થા અને મૂળરાજનો મિત્ર બનીને મને મદદ કર. સામંતસિંહનો નાશ કરાવવાને પરદેશના કોઇ રાજાને ગુજરાતમાં લાવવાનો ઇરાદો એક વાર મેં રાખ્યો હતો, પરન્તુ જ્યાંસુધી મૂળરાજ જેવો પરાક્રમી જુવાન તેની પાસે છે ત્યાંસુધી સામંતસિંહ નિર્ભય છે, એવું મને લાગ્યું અને તેથી મૂળરાજ અને સામંતસિંહને જ લડાવી મારીને સામંતસિંહનો નાશ કરાવવો એ યોજના મને ઠીક લાગી છે." જંબકે ન્યાયની બાજી બાજુ તપાસીને કહ્યું: " પરન્તુ તેમ કરવા જતાં કદાચ મૂળરાજનો નાશ થયો અને સામંતસિંહ ફાવ્યો તો?" " તો બહુ સારી વાત છે; પરાક્રમી મૂળરાજ તેની પાસેથી ગયો એટલે પછી તેનો નાશ કરવાની ગોઠવણ તો મારી

મૂઠીમાં જ સમાઇ રહેલી છે. તેટલામાટે તું મારા હેતુને અનુરૂપ વર્તન ચલાવવાની કાળજી રાખજે." પિતાની આજ્ઞાનું મહત્ત્વ માનીને જંબક એ કાર્યમાં તત્પર બન્યો હતો ખરો, પરન્તુ અંતરથી તે પિતાના કાર્યને પસંદ કરતો નહોતો. જંબકનું વિદ્યાર્થી જીવન હજી થોડા વખત પહેલાં જ પૂરૂં થયું હતું તેથી વહેવારૂ રાજનૈતિક ખટપટોમાં તે નિપુણ નહોતો. તે બિચારો સીધો–સાદો અને ન્યાયની દલીલો આગળ હાર ખાઇ જાય તેવો હતો, તેથી પિતાના જેવી ચતુરાઇથી મૂળરાજની સાથે વાતચીત કરી શકતો નહિ; તથાપિ પિતાએ આપેલા ડહાપણ પ્રમાણે ચાલીને પણ તે ધીમે ધીમે પ્રવીણ બનતો જતો હતો. **બીજ** ઉપર **સૂર્યદત્તને** માન નહિ હોવાનું કારણ માત્ર એટલું જ હતું કે તે **મૂળરાજને** હરકોઇ રીતે માત્ર રાજ્ય મેળવવાને જ ઉશ્કેરતો હતો, પરન્તુ **સામંતસિંહનો** નાશ કરવાની વાતને તે પ્રાધાન્ય આપતો નહિ! આ રીતે **બીજ** અને **સૂર્યદત્ત મૂળરાજને** રાજ્ય મેળવવાને ઉશ્કેરી રહ્યા હતા, તોપણ તેઓ બન્નેની વચ્ચે માંહોમાંહે ભેદ હતો. **બીજ સૂર્યદત્ત** ઉપર જેટલો વિશ્વાસ ધરાવતો હતો તેટલો વિશ્વાસ **બીજ** ઉપર **સૂર્યદત્ત** ધરાવતો નહિ. **સૂર્યદત્તનો** અંતરનો આશય એક માત્ર **જંબક** સિવાય બીજું કોઇ પણ જાણતું નહિ.

મૂળરાજ સાથેની વાતચીત ઉપરથી જ્યારે **સૂર્યદત્તે** જાણ્યું કે મામાભાણેજને લઢાવી મારવાનો ખરેખરો પ્રસંગ હાથમાંથી ચાલ્યો જાય છે, ત્યારે તે વધારે અધીરો બન્યો અને તુરતાતુરત **બીજ** સોલંકી પાસે જઇને બેઠો. **બીજ** કચેરીમાં હાજર હતો પરન્તુ તે **મૂળરાજને** એકાંતમાં મળી શક્યો નહોતો, તે ઉપરથી **મૂળરાજના** મનની અદૃઢ સ્થિતિ તે જાણતો નહોતો. **સૂર્યદત્તે** આવીને સઘળી વાત કહી તે ઉપરથી તે ઉશ્કેરાયો. તે માનતો હતો કે આટલો વિધિ થયા પછી **મૂળરાજ** પાસેથી રાજમુકુટ પાછો માંગવાની હિંમત **જસપાલ** કે **સામંતસિંહ** કરી શકશે નહિ, પણ જ્યારે તેણે જાણ્યું કે અત્યારથી જ એવી તજવીજ ચાલી રહી છે, ત્યારે તેની અધીરાઇ અને અકળામણનો વેગ અત્યંત વધી ગયો અને તે **મૂળરાજને** મળવાને તથા તેને ઠપકો આપી ઉશ્કેરવાને ઉંચો–નીચો

થઇ રહ્યો. તે બોલ્યો: " દત્ત મહારાજ! અત્યારે ને અત્યારે મૂળરાજની પાસે ચાલો! રાજા અને મંત્રી આવી રીતે અમારી હાંસી કરે તે હવે અમે વેઠી શકવાના નથી જ; ચાલો ઉઠો, મને મૂળરાજને મળવા દો."

સૂર્યદત્તે કહ્યું: " જરા ધીરા પડો! ત્યાં જવા કરતાં ભાણુભાને અહીં બોલાવવા એ ઠીક છે. ત્યાંની વાત ચોમેર પ્રસરી જશે અને અહીંની વાત કોઇ પણ નહિ જાણે."

" ત્યારે માણસ મોકલીને તેને અહીં બોલાવું."

" પણ હજી જરા વાર છે. અત્યારે તો તે સૌની વચ્ચે બેઠા હશે અને માણસ તેમને એકાંતમાં સંદેશો કહી શકશે નહિ; માટે મોડેથી માણસ મોકલીશું; માણસ પણ વિશ્વાસુ જોઇશે."

" મારી પાસે વિશ્વાસુ માણસ છે; પણ આજ રાત્રે ને રાત્રે મૂળરાજને તૈયાર કરવો જોઇએ. હું તેને બાયલો બની જવા દઇશ નહિ."

" મેં તો તેમને બહુ જ કહ્યું છે. તેમને સમજાવ્યું છે કે આ રીતે તમારી ટેક જાય છે અને અપમાન થાય છે. છેવટે સ્હવારમાં મને અને આપને મળ્યા વિના કોઇને કશું કહેવું નહિ એવું મેં તેમની પાસેથી વચન લીધું છે."

" પણ સ્હવારસુધી રાહ શામાટે જોવી જોઇએ? રાતે ને રાતે જ તેનો નિશ્ચય થવો જોઇએ."

એટલામાં જંબક ત્યાં આવ્યો. જંબક કશા નવા ખબર લાવ્યો નહોતો. થોડી વાર મૂળરાજ સૌની વચ્ચે બેસીને પછી ઉદ્વિગ્ન મને શય્યાગૃહમાં ગયો એટલી ખબર તે માત્ર લાવ્યો હતો. બીજે જંબકને કહ્યું: " ત્યારે જંબક! તું જ અત્યારે મૂળરાજ પાસે જા અને કહે કે અત્યારે ને અત્યારે તમને કાકાશ્રી બોલાવે છે."

" ભલે, જઉં છું."

" અને તેમને પાછળ રહેવા દઇશ નહિ; સાથે ને સાથે જ તેડતો આવજે. જા, સીધો જા; વિલંબ કર નહિ." સૂર્યદત્તે જણાવ્યું.

જંબક ક્ષણ પણ નહિ થોભતાં ચાલતો થઇ ગયો.

પરિચ્છેદ ૭ મો.

ચઉલા.

સૂર્યદત્ત મૂળરાજને મળીને ચાલ્યો ગયો, ત્યારથી મૂળરાજનું મન ઉદ્વિગ્ન બની ગયું હતું. પોતાને મળેલો રાજમુકુટ પાછો સોંપી દેવા માટે તેને જેટલી ચિંતા થતી નહોતી, તેટલી ચિંતા તેને આ ખટપટનો પ્રકાર નહિ સમજી શકવા માટે તથા પોતાનું નામ હલકું પડવા માટે થતી હતી. સૂર્યદત્તની સમજણ પ્રમાણે તો જસપાલે અને સામંતસિંહે તેનું અપમાન જ કર્યું હતું, પરન્તુ એ અપમાનનો વાસ્તવિક પ્રકાર મૂળરાજના સમજવામાં આવતો નહોતો અને તેથી તે ભવિષ્યના પોતાના વર્તનને માટે બહુ ગુંચવણમાં પડી ગયો હતો. તે શય્યાગૃહમાં ગયો અને વસ્ત્રો ઉતારીને પલંગમાં પડ્યો, પરન્તુ એક પછી એક વિચારનાં મોજાં તેના મસ્તિષ્કરૂપી કિનારાની સાથે અથડાઇને ખળભળાટ મચાવી રહ્યાં હતાં. તેણે વિચાર્યું: "મામાએ જો ખરેખર મને રાજ્ય આપ્યું હોય અને જસપાલે ખટપટ કરીને પાછળથી મામાને ફેરવી નાંખવાની બાજી માંડી હોય તો પછી જસપાલે જ મારૂં અપમાન કર્યું કહેવાય. અને જો મામા પોતે જ એક વાર વચન આપીને પછી ફરી જાય તો તેમણે મારૂં અપમાન કર્યું કહેવાય કે નહિ? ના, ના. દારૂના નશામાં તે એક વાર બોલે અને બીજી વાર ફેરવે, તે માટે મારે તેમનો એવડો ગંભીર દોષ માનવો જોઇતો નથી. તો પછી દત્ત મહારાજ મને શા માટે ટંટો કરવા જેવી સલાહ આપે છે? તે મારા હિતસ્વી છે એ તો નિશ્ચિત વાત છે, તો શું તે એ રીતે મારૂં હિત થશે એમ માનતા હશે? મને રાજ્ય મળે એમાં મારૂં હિત તો ખરૂં, પરન્તુ ટંટારૂપી મૂલ્ય ખર્ચીને રાજ્યની પ્રાપ્તિ કરવી એ સોંઘી પ્રાપ્તિ કહેવાય કે મોંઘી કહેવાય તેનો નિર્ણય થવો જોઇએ. કાકાનો અભિપ્રાય તો દત્ત મહારાજના અભિપ્રાયના જેવો જ પડવાનો; પણ અરે! હું હજી કાકાને બિલકુલ મળ્યો જ નહિ! તેમણે મને કહેલું કે કાલે પાટણમાં મળીશું. આજે દિવસે મળાયું નહિ અને કચેરીનું કામ પૂરૂં થયા પછી

પણ તે ચાલ્યા ગયા અને હું તેમને મળવાનું ભૂલી ગયો ! સ્હવાર પડતાં જ કાંઇ કાંઇ ખટપટો જસપાલ ઊભી કર્યાં વિના રહેશે નહિ અને મારે શું કરવું–શું ન કરવું તેની મને સમજણ પડતી નથી, માટે અત્યારે ને અત્યારે જ કાકાને મારે મળવું જોઇએ.”

આ વિચાર આવતાં તુરત તે ઉઠયો. પુનઃ વસ્ત્રો ધારણ કર્યાં અને હાથમાં તલવાર પકડી લીધી. ચાકરને બૂમ મારી પણ તેણે જવાબ આપ્યો નહિ. ઓરડો ઉઘાડીને બહાર આવતાં ચાકરને ધસધસાટ ઉંઘતો પડેલો તેણે જોયો. મૂળરાજે તેને પગનો હડસેલો માર્યો પણ તે જાગ્યો નહિ. તે મનમાં બોલ્યોઃ “ હશે, બિચારો આખા દિવસના પરિશ્રમથી ઉંઘમાં પડયો હશે, તેને જગાડવાની જરૂર નથી. આગળ જતાં કોઇ બીજા ચાકરને પકડતો જઇશ.” જરા આગળ જતાં તેણે બે ચાકરોને વસ્ત્રોના પણ ભાન વિના જેમ તેમ પડેલા જોયા. મૂળરાજ તુરત સમજ્યો કે તે દારૂ પીને પડયા હશે ! તેણે તેમને બોલાવ્યા જ નહિ. વળી થોડે આગળ જતાં એક દાસીને જેમ તેમ લવારો કરતી પડેલી મૂળરાજે જોઇ. તેના મુખમાંથી દારૂની ગંધ આવતી હતી તે ઉપરથી મૂળરાજ તેની સ્થિતિ પણ સમજી ગયો. આવા દારૂડીયા ચાકરોપર તેને કંટાળો આવ્યો અને તે આગળ ચાલ્યો. રાણીવાસની બાજુમાં થઇને તેનો માર્ગ જતો હતો એટલે તે વિભાગમાં તે આવ્યો, ત્યાં તેણે ચીસેચીસ નાંખીને રડતા કોઇ બાળકની બૂમ સાંભળી. એ શૂન્ય અને અંધકારમયી રાત્રિમાં એ બાળરોદન ઘણું કરૂણાજનક લાગતું હતું. ચીસ નાંખતું બાળક ઉચ્છ્વાસ ભરતી વેળાએ ક્ષણભર રડતાં અટકતું તે વખતે કોઇનાં હાલરડાંનો મન્દ–મંજુલ રવ પણ સંભળાતો હતો. મૂળરાજ ક્ષણભર ઊભો રહ્યો અને એ સ્વર કઇ દિશાએથી આવે છે તે જાણવાનો તેણે યત્ન કર્યો. બે ચાર ક્ષણ તેણે ઉત્કંઠ બની ધ્યાન રાખ્યું તો જણાયું કે ભાટીરાણીના આવાસની બાજુએથી એ રોદન સંભળાતું હતું, પરન્તુ હાલરડાંનો સ્વર ઓળખી શકાતો નહોતો. તે જરા આગળ ચાલ્યો એટલે ભાટીરાણીના આવાસની બાજુએ આવેલી અગાસીમાં તે પહોંચ્યો. ત્યાંથી હાલરડાંનો સ્વર પણ સ્પષ્ટ સંભળાવા

લાગ્યો અને બાળકનું રોદન એકસરખી રીતે ચાલુ રહેલું જણાયું. મૂળરાજની દયાવૃત્તિ ઉશ્કેરાઈ અને તે ઊભો રહ્યો. ત્યાં ઊભા ઊભા જ તેણે હાક મારી: "આટલા જોરથી આ કોનું બાળક રડે છે વારૂ ?"

તત્ક્ષણ કોઇએ જવાબ આપ્યો નહિ, પરન્તુ મૂળરાજનો પ્રશ્ન થતાં જ હાલરડું બંધ પડયું અને થોડી વારમાં રડતા બાળકને તેડીને એક નવયૌવના બાળા દ્વાર ઉઘાડી અગાસીમાં આવી. ઓરડામાંના દીવાનો પ્રકાશ સીધો અગાસીમાં આવ્યો અને તે મૂળરાજ તથા એ બાળાના દેહ ઉપર પડવા લાગ્યો. મૂળરાજે એ બાળાને પ્રશ્ન કર્યો: "એ બાળક આટલું બધું કેમ રડે છે ?"

બાળા આ પ્રશ્ન સાંભળીને કશો ઉત્તર નહિ આપતાં સ્થિર ઊભી રહી. ક્ષણભર રહીને બાળા પ્રશ્નનો ઉત્તર ગળી જતાં સામો પ્રશ્ન કરવા લાગી: "કોણ, ભાણુભા છે એ ? આટલી રાત્રે આ તરફ ક્યાંથી ?"

મૂળરાજે સ્વર ઓળખ્યો. સ્હવારે સામૈયા વેળાએ જે સર્વાંગસુંદર બાળાએ પોતાનો સત્કાર કરીને ફૂલોએ વધાવ્યો હતો તે જ બાળાનો એ મંજુલ સ્વર હતો અને થોડી ક્ષણો પૂર્વે તે જ હાલરડાં ગાતી હતી. મૂળરાજે ઉત્તર આપ્યો: "હું અત્યારે થોડા કામસર જરા બહાર જવા નીકળ્યો છું, એટલામાં આ બાળકને બહુ રડતું સાંભળીને અહીં જરા થોભ્યો. આ બાળક કોનું છે વારૂ ?"

"એ ભાટીરાણીના કુમાર અહિપતદેવ છે." બાળાએ ઉત્તર આપ્યો.

"શું અહિપત આટલું બધું રડે છે ? અને તેને કોઇ છાનો રાખતું નથી ? મામી ક્યાં છે ? તે કેમ તેને રડતો રાખતાં નથી ? બીજાં દાસદાસીઓ ક્યાં ગયાં ?" રાજકુમારને આટલું બધું રડતો જોઇને મૂળરાજને નવાઈ લાગી અને તેણે ઉપરાઉપરી પ્રશ્નો કરવા માંડ્યા.

"હું તેમને વારંવાર તેડું છું, રમાડું છું, ઝુલાવું છું, તોએ છાના રહેતા નથી." બાળાએ આડો ઉત્તર આપ્યો.

"તમે મહારાણીનાં કોઇ નવાં દાસી દેખાઓ છો."

"નહિ ભાણુભા ! હું દાસી નથી; પરન્તુ દોઢેક મહિનાથી સૌરા-

ટમાંથી અહીં આવેલી ભાટીરાણીની બ્હેનની પુત્રી–તેમની ભાણેજ છું મારૂં નામ ચઉલા છે.”

મૂળરાજ ચઉલાને પહેલાં એક દાસી તરીકે ઓળખતાં શરમાયો. તેણે પોતાના મનને ઠપકો આપતાં કહ્યું: “સ્હવારે જોએલું આ બાળાનું ક્ષાત્ર તેજ પણ હું વિસરી ગયો શું? હું એટલુંએ ન સમજ્યો કે એક દાસીમાં એવું અપૂર્વ તેજ–સૌંદર્ય–ભભક હોય જ નહિ!” તેણે ચઉલાને કહ્યું: “ચઉલાદેવી! હવે મેં તમને પિછાણ્યાં. તમે કાલુ જેઠવાનાં પુત્રી થાઓ. પણ અહિપત કેમ આટલું રડે છે? મામી ઉંઘી ગયાં હોય તો જગાડો!”

ચઉલાને હવે જવાબ આપ્યા વિના ચાલ્યું નહિ. તે બોલી: “ભાણુભા! હું તમને શો જવાબ આપું? મહારાણી કુમારને ઝુલામાં ઉંઘતો મેલીને મહારાજના શય્યાભવનમાં ગયાં હતાં, તે કુમાર જાગીને રડે છે પણ આવ્યાં નથી.”

“ત્યારે તેમને બોલાવી લાવો; કોઇ દાસીને તેડવા મોકલો.”

“દાસીઓ બધીએ આજના ઉત્સવમાં દારૂ ઢીંચીને બેભાન પડી છે અને મહારાજ તથા રાણીઓની પણ એવી જ દશા છે; પછી કુમારની માવજત કોણ કરે તેમ છે?”

આ સાંભળીને મૂળરાજ ચમક્યો. મહારાજનો એકનો એક બાળકુમાર, એક વર્ષની વયનું માત્ર કોમળ પુષ્પ, ગાદીનો વારસ, તેની સારસંભાળ માટે ખુદ તેની માતાની પણ આટલી બેદરકારી જોઇને મૂળરાજના મગજમાં તિરસ્કાર ઉભરાઈ આવ્યો. ક્ષણભર તે અવાક્ રહ્યો અને પછી બોલ્યો: “ચઉલાદેવી! હું બહુ નવાઇ પામું છું! અત્યારે કુમારની સંભાળ લેવા માટે આખા રાજમહેલમાં તમારા સિવાય બીજું કોઇ નથી?”

“હું તો મારા શય્યાગૃહમાં સૂતી હતી. કેટલીક વારસુધી કુમારે રડયા કર્યું; પછી હું મહારાણીને જાગૃત કરવા જ આવી અને જોઉં છું તો કુમારની પાસે મહારાણી ન મળે કે કોઇ દાસ–દાસી પણ ન મળે! હું મહારાજના શય્યાગૃહ તરફ જોઈ આવી, તો રાણીઓની ન વર્ણવી શકાય

તેવી સ્થિતિ મેં નિહાળી! પછી મેં કુમારને ઝુલાવવા માંડ્યા, હાલરડાં ગાયાં પણ કુમાર છાના રહેતા નથી! હવે તો તેમના રડવાથી હુંએ ગભરાઈ જઉં છું! હું શું કરૂં?" એટલું બોલતાં ચઉલા અકળામણથી ઓશિઆળા જેવી બની ગઇ. તેના એ દયાજનક સ્વરથી મૂળરાજનું અંતઃકરણ દુઃખ અને તિરસ્કારથી ચીરાઇ જવા લાગ્યું.

મૂળરાજ બોલ્યો: "ચઉલાદેવી! હું બહુ નવાઈ પામું છું. માતાની વત્સલતા પણ શું આ ગરીબડા અહિપત માટે નથી? વિલાસી વૃત્તિએ માતાનું માતૃત્વ પણ શું નષ્ટ કર્યું? કેટલું ધૃણાજનક?!"

અહિપતના રોદનના કંટાળાથી ચઉલા પણ પોતાની માસી ઉપર—ભાટીરાણી ઉપર બહુ ગુસ્સે થઇ ગઇ હતી. તે તેના તરફ તિરસ્કાર વ્યક્ત કરતી બોલી: "જેણે પ્રજાનું પુત્રવત્ પાલન કરવું જોઈએ તે સ્વપુત્રનું પાલન જ આવી રીતે કરે છે, ભાણુબા! હું તો હવે બહુ કંટાળી ગઈ!"

મૂળરાજની આંખો એ ટકોરથી ઉઘડી! પ્રજાનું પાલન પુત્રવત્ કરવું એ રાજાનો ધર્મ છે પરન્તુ એ રાજા—રાણી પોતાના પુત્રનું જ જ્યારે આવી અનિષ્ટ રીતે પાલન કરે છે, ત્યારે પ્રજાને તેના તરફથી ક્યાંથી સારી આશા રહી જ શકે? આ પ્રશ્ન મૂળરાજના મગજમાં ઉપસ્થિત થયો અને તે અવાક્ બની ગયો. તેના મગજમાં ચઉલાની એ ટકોરના શબ્દો જ ધુંધવાઈ રહ્યા અને કેટલીક વાર સુધી તે કાંઇ બોલ્યો જ નહિ. ચઉલા અહિપતને ઉંચો ઉછાળીને રમાડવા—હસાવવાનો યત્ન કરવા લાગી પણ ફોકટ! છેવટે મૂળરાજ બોલ્યો: "ચઉલાદેવી! જેવી રીતે મને આ અહિપતની સ્થિતિની દયા આવે છે, તેવી જ રીતે ગુજરાતની પ્રજાની પણ હવે દયા આવે છે! તમારા શબ્દોએ મને ભાન કરાવ્યું છે કે ગુજરાતની પ્રજાને ભવિષ્યમાં આ અહિપતની પેઠે કકળીને રડવાનો જ વખત આવશે!"

"પણ હવે મહારાજે રાજ્ય આપને જ સોંપ્યું છે, એટલે તમે પ્રજાનું પુત્રવત્ પાલન કરશોને?"

"એ પ્રશ્ન અત્યારે મને કૃપા કરીને પૂછો નહિ! ચઉલાદેવી! તેનો ઉત્તર હું તમને કાલે આપીશ. પણ અત્યારે અહિપતને મારા હાથમાં લાવો; હું તેને છાનો રાખવા યત્ન કરૂં છું; તમે ક્યાંયથી કોઈ દાસીને અહીં લાવો." એમ કહી મૂળરાજે અહિપતને પોતાના હાથમાં તેડ્યો. સેલાવતી તેનાં આંસુ લૂછી નાંખ્યાં. ચઉલા કોઈ દાસીને તેડવા ગઇ. કેટલીક વારે દારૂના નશામાં લથડતી એક દાસીને તે તેડી લાવી અને રડતા અહિપતને મૂળરાજે તેના હાથમાં આપ્યો. દાસીએ ઓરડામાં જઇને અહિપતને એક ચમચો દારૂ પાયો કે તુરત અહિપત છાનો રહી ગયો!

મૂળરાજ આ બધું દસ્ય સ્થિર નજરથી જોઇ રહ્યો અને તેના હૃદયમાંથી ખેદ તથા તિરસ્કારની જ્વાળાઓ નીકળવા લાગી. તે મનમાં બોલ્યો: "હાય! હાય! આટલી બધી અધમ દશા શું ચાવડાઓની આવી પહોંચી છે?! રાજાને, રાણીઓને, દાસ–દાસીઓને અને એક વર્ષના રાજકુમારને પણ દારૂનું વ્યસન? આવડો મોટો અધઃપાત? ઓ પ્રભુ! પ્રજાની હવે શી દશા? રાજ્યની શી દશા? રાજકુમારની કોઈને કાળજી નથી, ત્યાં રાજ્યની, પ્રજાની, ક્ષત્રિયોના ક્ષત્રિયત્વની કાળજી કોણ રાખશે?"

તે એક ઉંડો નિઃશ્વાસ નાંખીને ચાલતો થયો. ચઉલાદેવીએ જોયું કે ભાણુભાને આજે બહુ લાગી આવ્યું છે.

પરિચ્છેદ ૮ મો.

સિંહદ્વારમાં બનેલા નવા બનાવો.

મૂળરાજ રાજમહાલયમાંથી નીકળીને દરબારગઢના સિંહદ્વાર પાસે આવી પહોંચ્યો, તે વખતે તે ઉંડા વિચારમાં ગરક બની ગયો હતો. ચઉલાના શબ્દો તેના કળજામાં કોરાઈ રહ્યા હતા અને તેણે જોએલું દસ્ય તેના મગજમાં વજ્રલેપ બની ગયું હતું. તેણે પોતાના ચિત્તને અનેકાનેક પ્રશ્નો કરવા માંડ્યા પરન્તુ તે સઘળાના ઉત્તર તેનું મગજ આપી શક્યું

નહિ. એટલામાં સિંહદ્વારમાંનો પહેરેગીર ભાણુભાની સામે આવીને નમન કરીને ઊભો અને બોલ્યોઃ " ક્યાં પધારો છો મહારાજ ? "

" તને તેનું શું કામ છે વળી ? " ધુમરાએલા ચિત્તવાળા મૂળરાજે જરા થોભીને પૂછ્યું.

" આજ રાત્રે કોઇને રાજમહાલયમાંથી બહાર જવાની કે બહારથી અંદર આવવાની મહારાજની મનાઈ છે ! " પહેરેગીરે કહ્યું.

મૂળરાજ ચમક્યો અને બોલ્યોઃ " મનાઇ ? મારે માટે પણ મનાઈ ?"

" જી હા. " પહેરેગીર વિનયપૂર્વક બોલ્યોઃ " આપને માટે પણ એ મનાઈ મારે સમજી લેવી જોઇએ, કારણકે આપને જવા દેવા એવું મને કાંઈ ફરમાન નથી. "

એ સાંભળીને મૂળરાજનો પિત્તો ઉછળ્યો; તેણે કરડાકીથી પૂછ્યું: " કોણે તને એવો હુકમ આપ્યો છે વારૂ ? "

" મહારાજેઃ આપના મામાશ્રીએ જ. "

" તું જૂઠું બોલે છે, લુચ્ચા ! " એમ કહેતાં જ મૂળરાજે મ્યાનમાંથી તલ્વાર ખેંચી. તત્ક્ષણ બીજા બે પહેરેગીરો દેવડીપરથી ધાઈ આવ્યા. તેઓ બોલ્યાઃ " ભાણુભા ! અમે તો ચીઠીના ચાકર છીએ; હુકમ પ્રમાણે વર્તીએ છીએ ! "

મૂળરાજ ગુસ્સાથી ઘાંટો કાઢીને બોલ્યોઃ " પણ એ હુકમ કોનો છે તે તમે કેમ જૂઠું બોલો છો ? ખરો જવાબ આપો, નહિતો આ તલ્વાર જવાબ લેશે. "

" સાચી વાત કહીશું ! અમોને મંત્રીશ્વરે એવો હુકમ આપ્યો છે."

" જસપાલે ? ઠીક; એ હુકમનો અમલ અત્યારે પહેલી જ વાર મારી ઉપર થાય છે કે ? "

" જી નહિ; આપના મિત્ર જંબકને રાજમહાલયમાં આવતાં અમે અટકાવ્યો હતો અને તેણે તોફાન કરવા માંડ્યું એટલે અટકાયતમાં પૂર્યો છે ? "

" કોને ? જંબકને ? બસ, અત્યારે ને અત્યારે તેને છૂટો કરીને મારી પાસે લાવો. "

"નહિ, મહારાજ! મંત્રીશ્વરની આજ્ઞા વિના અમે તેને છૂટો નહિ કરીએ." એક પહેરેગીરે કહ્યું.

"તું આ જવાબ કોની પાસે આપે છે તે જાણે છે કે?"

"ભાણુભા કુમારની પાસે હું આ જવાબ આપું છું અને તે આપતાં મારી જીભ થોથવાઈ જાય છે, પણ હું શું કરૂં?"

"નહિ! હવે હું ભાણુભા નથી, પણ ગુજરાતનો નરપતિ છું! મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરનારના આ તલ્વારથી હું ટુકડા કરીશ!" એમ કહી મૂળરાજે તલ્વાર ઉગામી. તેની આંખમાંથી ખૂન વરસી રહ્યું અને તેનાં અંગો શૌર્યના આવેશથી ખેંચાવા લાગ્યાં. પહેરેગીરો ભય પામીને એક એક ડગલું આઘા ખસી ગયા અને મૂળરાજ ત્રાડ પાડીને બોલ્યો: "ચાલો, મારી આજ્ઞાને નહિ માનનાર કોણ મારી સામે થાય છે?"

ત્રણમાંથી એક પણ પહેરેગીર સામો જવાબ આપી શક્યો નહિ. મૂળરાજને ગાદી મળી હોવાની વાત આખા પાટણમાં પ્રસરી ગએલી હતી અને એ પહેરેગીરો પણ એ વાત જાણતા હતા, તેથી તેઓ મૂળરાજના એ શબ્દોની સાથે કેવળ સ્તબ્ધ જ બની ગયા. એક ચતુર પહેરેગીર નમ્રતાથી બોલ્યો: "મહારાજ! અમે તો ધર્મસંકટમાં આવી પડ્યા છીએ. અમે કોની આજ્ઞા માનીએ અને કોની ઉથાપીએ? આપ સુજ્ઞ છો; આપની મરજીમાં આવે તેમ કરો!"

"તો હું કહું છું કે તમે એક બાજુએ છાનામાના બેસી રહો અને જંબકને ક્યાં અટકાયતમાં રાખ્યો છે તે મને કહો."

એક પહેરેગીરે સાથે આવીને જંબકને જે સ્થળે અટકાયતમાં રાખ્યો હતો તે સ્થળ બતાવ્યું. જંબકને હાથે ને પગે દોરડાં બાંધવામાં આવ્યાં હતાં તે મૂળરાજે પોતાની તલ્વારથી કાપી નાંખ્યાં અને જંબકને છૂટો કર્યો. મૂળરાજે તેને પૂછ્યું: "જંબક! તું મારી પાસે શામાટે આવતો હતો?"

"કાકાશ્રીએ તમને બોલાવવા માટે મને ઘણો વહેલો મોકલ્યો હતો. હું સિંહદ્વાર પાસે આવ્યો ત્યાં મને અટકાવવામાં આવ્યો. પહેરેગીરોને

મેં બહુએ કહ્યું પણ તેમણે માન્યું નહિ એટલે હું સામો થયો અને તેમની દરકાર કર્યા વિના દરબારગઢમાં પેસવા લાગ્યો. દુર્ભાગ્યે મારી પાસે કશું હથિયાર નહોતું, નહિતો આપ અત્યારે કાંતો મને જોઇ શક્યા ન હોત અથવા-તો જો જોઇ શક્યા હોત તો લોહીલોહાણ સ્થિતિમાં જ જોઇ શક્યા હોત."

"ચાલ, હું કાકાશ્રી પાસે જ આવું છું." એમ કહી મૂળરાજ જંબકને લઇને પુનઃ સિંહદ્વારમાં પહોંચ્યો. આ વખતે મૂળરાજે જોયું કે પહેરેગીરોએ એક બંધ પાલખીને અંદર પેસતી અટકાવી હતી. એ પાલખી ચાર જણાએ ઉંચકી હતી અને પાલખીની સાથે બોકાની બાંધેલો એક યોદ્ધો દેખાતો હતો. એ યોદ્ધાએ પોતાની ભેઠ માંહેની થેલીમાંથી એક વીંટી કાઢીને પહેરેગીરને બતાવી, એટલે પહેરેગીરે પાલખીને અંદર જવાની પરવાનગી આપી. મૂળરાજ આ જોઇને વિશેષ નવાઈ પામ્યો. તેણે પાલખીવાળાઓને પુનઃ અટકાવ્યા અને તેની સાથેના યોદ્ધાને પૂછ્યું: "પાલખી ક્યાંથી આવે છે અને પાલખીમાં કોણ છે?"

પેલા યોદ્ધાએ જવાબ આપ્યો: "પાલખી ચામુંડા માતાના મંદિરેથી આવે છે અને તેમાં મહારાણીનાં ભાણેજી ચઉલાદેવી છે. મહારાણીની આજ્ઞાથી તે ત્યાં પૂજા કરવા ગએલાં તે અત્યારે પાછાં ફર્યા છે."

મૂળરાજ તત્ક્ષણ સમજી ગયો કે પાલખી કપટથી ભરેલી છે કારણકે થોડી ક્ષણો પૂર્વે જ તે ચઉલાદેવીને રાજમહાલયમાં મળીને જ આવ્યો હતો. તે ગુસ્સો દાખવતો બોલ્યો: "જુઠ્ઠી વાત! પાલખીમાં કપટ છે. તું કોણ છે?" એમ કહીને મૂળરાજે તે યોદ્ધાની બોકાની પકડીને ખેંચી કાઢી કે તુરત તેણે બીલ્હણને ઓળખી કાઢ્યો. બીલ્હણ ઉઘાડો પડી જવાથી કમ્પ્યો, પણ તુરત જ હિંમતથી બોલ્યો: "મહારાજાની આજ્ઞાથી પાલખી લઈ જઉં છું. મને અટકાવશો તો મહારાજા ગુસ્સે થશે."

"પણ આ પાલખીમાં કોણ છે તે ખરી વાત કહે, બીલ્હણ! તું જૂઠું શામાટે બોલ્યો તેનો પણ જ્યારે તું ખુલાસો કરીશ, ત્યારે તને અહીંથી આગળ વધવા દઇશ."

બીલ્હણ એવી રીતે ડરી જાય તેવો નહોતો. એવડા બાંધાનો તે એક

શૂરો સૈનિક હતો. તે ગર્વથી બોલ્યો: "મૂળરાજ! તું મારો માલેક નથી કે એ બધું પૂછે છે!"

"હું તારો જ નહિ પણ આખા ગુજરાતનો માલેક છું; જો તું સીધો જવાબ નહિ આપે તો મારી આ તલ્વાર તારી પાસેથી જવાબ લેશે, સમજ્યો? માટે સીધો સીધો જવાબ આપ!" મૂળરાજે પોતાનું ખરૂં તેજ બતાવ્યું.

બીલ્હણે તુરત તલ્વાર ખેંચી. **બી**લ્હણ **સામં**તસિંહના કાકાનો પુત્ર હતો અને વળી **સામં**તસિંહનો અંતર્નો–વ્યસની મંડળ માંહેનો મિત્ર હતો. રાજાના નામની ઓથ હેઠળ તે ગમે તેવાં તોફાનો અને અત્યાચારો ચલાવી શકતો હતો. આ વખતે મૂળરાજની અવગણના કરીને તેણે તલ્વાર ખેંચી તેનું પરિણામ દ્વંદ્વ યુદ્ધમાં જ આવ્યું. મૂળરાજ તથા **બી**લ્હણ વચ્ચે સિંહદ્વારમાં જ સખ્ત યુદ્ધ મચ્યું. મૂળરાજને તેના ડાબા હાથપર સહેજ છટક વાગી, પણ મૂળરાજે તો **બી**લ્હણનો જમણો હાથ જ છટકાવી નાંખ્યો એટલે તે અચેતન થતો ભૂમિપર પડ્યો. ઘાયલ થએલા **બી**લ્હણને પહેરેગીરોએ મૂળરાજની આજ્ઞાથી બંદીખાનામાં પૂર્યો અને પછી પાલખી ઉઘાડીને અંદર જોયું. તેમાં એક નવયૌવના બાળાને હાથ પગ બાંધી, મ્હોંમાં ડૂચો મારીને સુવાડવામાં આવેલી હતી. તેના સુંદર વદન ઉપર દુઃખ, શોક તથા ચિંતાની રેખાઓ ખુલ્લી રીતે જોઇ શકાતી હતી. તેનાં કપડાં ઉપરથી તે કોઇ ગરીબ કુટુંબની બાળા દેખાતી હતી અને તે વસ્ત્રો ફાટીને ચીંથરાં જેવાં બની ગયાં હોવાથી અત્યાચાર ગુજારતી વેળાએ તે બાળાએ જબરૂં તોફાન મચાવ્યું હોવું જોઇએ એવું અનુમાન કરી શકાતું હતું. તેના વદન ઉપર દેખાતી સરલતા, કપાળ ઉપર દેખાતું તેજ અને આંખોમાં દેખાતી તરલતા ઉપરથી તે કોઈ ઉંચા ખાનદાનનું ફરજંદ હોય એવું માલૂમ પડતું હતું. મૂળરાજે તે બાળાનાં બંધન પોતાની તલ્વારની ધારથી કાપી નાંખ્યાં અને મ્હોંમાંનો ડૂચો ખેંચી કાઢ્યો. મૂળરાજે તેને પૂછ્યું: "બ્હેન! તું કોણ છે અને તારા પર કોણે અત્યાચાર કર્યો છે તે કહે."

એ બાળા એ વિનયી વચનો સાંભળીને પોતાનું ધૈર્ય એકત્ર કરીને બોલીઃ "મહારાજ! હું એક નાગર બ્રાહ્મણની પુત્રી છું. ચાંપાનેરમાં રહું છું. મારા પિતા મરણ પામ્યા છે અને મારી માતાને એક દુષ્ટે મારી નાંખી છે. એ જ દુષ્ટ મારી આ સ્થિતિ કરીને મને ક્યાંય લઇ જતો હતો."

"એ તો દુષ્ટ **બીલ્હણ** જ. તે તને **ચાંપાનેર**થી આ રીતે લાવ્યો છે?"

"નહિ મહારાજ! હું મારી વિધવા માતા ભેગી **ચાંપાનેર**માં રહેતી હતી. જેને તમે **બીલ્હણ** કહો છો તે એક દિવસ મહારાજાની મહોરનો પત્ર લઇને અમારે ઘેર આવ્યો. મારા પિતા જીવતા હતા ત્યારે તે રાજ્યની નોકરીમાં હતા અને તેમના ઉપર મહારાજાની કૃપા હતી, તેથી મહારાજાની મહોરવાળા પત્રને અમે સાચો માન્યો. તે પત્રમાં મહારાજાએ મારી માતાને એવું લખેલું હતું કે 'તમે તમારી પુત્રી **પઉમા**ને સાથે લઇને તુરત **પાટણ**માં આવો, એટલે તમને રાજ્ય તરફથી આશ્રય આપવામાં આવશે અને તમારી પુત્રી **પઉમા**ને અહીંના પ્રતિષ્ઠિત નાગર બ્રાહ્મણ **સૂર્યદત્ત**ના પુત્ર **જંબક** વેરે પરણાવવામાં આવશે. આ સાથે **જંબક**નું ચિત્ર પણ મોકલ્યું છે.' મારી માતા **સૂર્યદત્ત** તથા **જંબક**ને સારી પેઠે પિછાણતી હતી એટલે તેને એ લગ્ન ગમ્યું અને **બીલ્હણ**ની સાથે **પાટણ** આવવા તે તૈયાર થઇ. અમે માતા પુત્રી **બીલ્હણ**ની સાથે નીકળ્યાં અને **પાટણ**ની નજીક આવતાં એક ગામડામાં રાત રહ્યાં. ત્યાં **બીલ્હણે** મારી માતાને મારી નાંખી અને મને જોર–જુલમથી અહીં લાવવામાં આવી. મેં છુટવાને બહુ ફાંફાં માર્યાં પણ તે વ્યર્થ ગયાં અને વળી મારી માતાને મારી નાંખવામાં આવી, તે ઉપરથી હું સમજી કે એ **બીલ્હણ** કે જે પહેલાં અમને પોતાનું નામ **દેશલદેવ** તરીકે જણાવતો હતો તેનું જ આ એક કાવતરૂં હોવું જોઇએ અને મારી દુર્ગતિ કરવાનો જ એ દુષ્ટનો ઇરાદો હોવો જોઇએ. એ દિવસથી મને અહીં લાવવામાં આવી છે, પરંતુ અત્યારે મને આ સ્થિતિમાં રાજમહાલયમાં લઇ જવામાં આવતી હતી."

મૂળરાજે આ વૃત્તાંત સાંભળીને ઉંડો નિસાસો નાંખ્યો. **બીલ્હણે** એક ગરીબ કુટુંબ ઉપર કેટલો સીતમ ગુજાર્યો હતો તે તેના લક્ષમાં બ-

રાબર રીતે આવ્યું અને તે દાંત કચડતો બોલ્યો: "જંબક! મને હવે પસ્તાવો થાય છે કે એ દુષ્ટ બીલ્હણને મેં માત્ર ઘાયલ કરીને જ કેમ કેદમાં જવા દીધો? મારી તલ્વારથી તેના ટુકડા કેમ ન થઈ ગયા? ગુજરાતની ગરીબડી પ્રજા ઉપર આટલો સીતમ ગુજરે અને ખુદ મહારાજાની મહોરનો તેની પાછળ દુરૂપયોગ થાય, છતાં તે તરફ મહારાજા જુએ પણ નહિ!"

જંબક ઠાવકું મુખ રાખીને બોલ્યો: "ધીરા પડો, ભાણુભા! હજી એટલેથી જ દુષ્ટતાની હદ આવી રહી નથી. મારી જાણ સિવાય મારા નામનો ગમે તેવો ઉપયોગ કરીને એક ભોળી માતા તથા પુત્રીને ફસાવવામાં આવ્યાં છે; પણ એક વિશેષ વાત હજી જાણવાની જરૂર છે. આ પાલખી ઉપાડનારાઓને પૂછો કે તેઓ કોની આજ્ઞાથી ગયા હતા?"

મૂળરાજે પાલખી ઉપાડનારા ભોઇ લોકોને એ પ્રશ્ન પૂછ્યો અને તેમણે ઉત્તર આપ્યો કે "ખુદ મહારાજાની જ આજ્ઞાથી અમે બીલ્હણની રાહ જોતા એ ગામડામાં બે દિવસ અગાઉથી જઇને રહ્યા હતા."

જંબક મૂળરાજના કાનમાં બોલ્યો: "જુઓ; હવે વાતનું તારતમ્ય તપાસો. ખુદ મહારાજા આ કપટમાં શામેલ છે. તેમણે જ પોતાની મહોરનો ઉપયોગ કરીને ગરીબ બ્રાહ્મણ સ્ત્રીઓને ફસાવી છે. આ શિકાર અવશ્ય આપના મામાશ્રીનો જ હોવો જોઇએ!"

મૂળરાજના ધ્યાનમાં એ વાત બરાબર આવી ગઇ. ક્રોધથી તેનાં અંગો થરથર કમ્પવા લાગ્યાં. મામાની નીચતા અને પ્રજાની દુઃસ્થિતિનો ખ્યાલ તેને બરાબર આવ્યો. તે સમજ્યો કે જેવું અહિપતનું પાલન તેનાં માતાપિતા કરે છે તેથી પણ ખરાબ પાલન તેઓ પુત્રવત્ પ્રજાનું કરે છે. ચઉલાએ ઉચ્ચારેલા શબ્દો એક વાર ફરીથી મૂળરાજને સાંભર્યા અને મનમાં ને મનમાં કાંઇક નિશ્ચય કરીને તેણે ભોઇ લોકોને એ પાલખી પોતાની સાથે લેઇ લેવાની આજ્ઞા કરી. પહેલાં તો તેમણે આનાકાની કરી, પરન્તુ મૂળરાજે તલ્વાર ઉંચી કરી તથા બીલ્હણની સ્થિતિની તેમને યાદ આપી એટલે તેઓ તેની આજ્ઞા પ્રમાણે વર્તવા તૈયાર થયા. પઉમા

સાથે પાલખીને ઉંચકીને તેઓ મૂળરાજની સાથે સાથે સિંહદ્વારની બહાર ચાલ્યા. પહેરેગીરો પ્રતાપી મૂળરાજની ઉપર દૃષ્ટિ કરતા એ જ સ્થળે સ્થિર-સ્થાવર ઊભા રહ્યા.

પરિચ્છેદ ૯ મો.

અવતાર જ બદલાઇ ગયો !

બીજ સોલંકીના નિવાસસ્થાનમાં **સૂર્યદત્ત** અને **બીજ** **મૂળરાજ** તેમજ **જંબક**ની રાહ જોઇને થાક્યા. રાત્રિના બીજા પ્રહરમાં **જંબક** **મૂળરાજ**ને તેડવા ગયો હતો જે ત્રીજો પ્રહર અર્ધો ગયો તોપણ આવ્યો નહિ તેથી ઉભયને ચિન્તા થવા લાગી. બીજા દિવસનું પ્રભાત થવાને માત્ર દોઢેક પ્રહર જ બાકી રહ્યો હતો અને એટલા વખતમાં ઘણાં ઘણાં કામો કરવાનાં હતાં, એટલે એક લાખ સોનૈયાના મૂલ્યની એક ક્ષણ કેવળ નકામી જતી હોય એવું તેમને લાગતું હતું. છેવટે અકળાઇને **સૂર્યદત્ત** રાજમહાલય તરફ જવાને તૈયાર થતો હતો, એટલામાં **મૂળરાજ**, **જંબક** અને પાલખીમાં બેઠેલી **પદ્મા** ત્યાં આવી પહોંચ્યાં. **પદ્મા**ને જોઇને **બીજ** તથા **સૂર્યદત્ત** નવાઇ પામ્યા, પરન્તુ **મૂળરાજે** જ્યારે બધો વૃત્તાંત કહ્યો ત્યારે **બીજે** તે બાળાને ખુશીથી પોતાના નિવાસસ્થાનમાં આશ્રય આપવાનું સ્વીકાર્યું. તેને એક બીજા ખંડમાં મોકલી આપવામાં આવી અને પછી **બીજ** સોલંકીએ **મૂળરાજ**ને પૂછ્યું: " **મૂળરાજ** ! આજે તારા મામાએ તને રાજમુકુટ પહેરાવ્યો તે જોઇને હું જેટલો ખુશ થયો હતો તેટલો જ નાખુશ આ દત્ત મહારાજ પાસેથી તારા વિચારો જાણીને થયો છું."

" નાખુશ ન થાઓ કાકાશ્રી ! ખુશ થાઓ ! તમારો **મૂળરાજ** હવે આ **પાટણ**માંથી દુરાચારીઓનો નાશ કરી પોતાને માથે સ્થપાએલા રાજમુકુટને સ્થિર કરવાના જ દૃઢ નિશ્ચયવાળો થયો છે ! "

" હેં ! ! ! " એકીસામટા **બીજ** અને **સૂર્યદત્ત** ચમકીને બોલ્યા.

"હા! કાલ સૂર્યોદય થતાં જ હું રાજમુકુટ પહેરીને કચેરીમંડપમાં જઈશ, સિંહાસન ઉપર બેસીશ અને મારી રાજનીતિ જાહેર કરીશ!"

"ધન્ય ધન્ય!" સૂર્યદત્ત હર્ષ પામતાં બોલ્યો: "ભાણુભા! માત્ર થોડા વખતમાં તો આપનો અવતાર જ બદલાઈ ગયો! મારા કરતાં પણ પ્રબ એવી કોની દલીલોએ આપના વિચારો ફેરવ્યા?"

"દત્ત મહારાજ! એ કાંઈ હું આપને કહેવાની જરૂર જોતો નથી, પરન્તુ હું કહું છું કે માત્ર રાજ્યના લોભથી નહિ, પરન્તુ ગુજરાતની પ્રજાની વિશેષ અધમ થતી દશાને સુધારવાને તથા પાપીઓના પાપાચારને અટકાવવાને એક ક્ષણના પણ વિલંબ વિના મારા હાથમાં ગુજરાતની ગાદીનો અધિકાર હોવાની જરૂર છે. એ અધિકાર અનાયાસે—દૈવના જ કોઈ ગૂઢ આશયથી મને મળ્યો છે: પહેલાં તે અધિકારને પકડી રાખવા—ન રાખવા વિષે મારો કાંઇ નિશ્ચય નહોતો, પરન્તુ હવે તો મારો નિશ્ચય થયો છે કે એ અધિકાર મારે છોડવો જ નહિ, પણ હરકોઈ ભોગે તેને પકડી રાખવો."

બીજ અત્યંત હર્ષઘેલો બનતો બોલ્યો: "સોલંકી વંશીય નરાધિપ મૂળરાજ મહારાજનો જય!"

"જય! સર્વદા જય!" સૂર્યદત્ત અને જંબક એકસરખા ઉત્સાહ તથા આનંદમાં બોલ્યા.

બીજ બોલ્યો: "મૂળરાજ! અધિકાર ઉપર આવતાં જ પહેલવહેલાં જસપાલને હાંકી કાઢવો પડશે."

"તે મારા ધ્યાનમાં છે! એ નીચ માણસની યુક્તિઓથી જ હું કાંઇક ભાનમાં આવ્યો છું અને રાજ્યતંત્ર માંહેની ખામીઓ તથા રાજ્યમાં ચાલતો અન્યાય—અત્યાચાર મારા ખ્યાલમાં આવ્યો છે. કાકાશ્રી! પહેલી જ ક્ષણે એ અધિકાર હું દત્ત મહારાજને આપીશ."

સૂર્યદત્તનું મ્હોં હર્ષથી પ્રફુલ્લિત બન્યું. તે આંખો ઢાળીને બોલ્યો: "એ તો આપની કૃપા છે તો ઠીક છે; પરન્તુ ભાણુભા! રાજનીતિનો એ એક પ્રકાર છે કે નવા રાજાએ ગાદી ઉપર આવતાં જ સામંતો, સ-

રદારો, અધિકારીઓ, લશ્કર વગેરેને સંતુષ્ટ કરી નાંખવા, કારણકે તેઓ જ નવા રાજાની રાજનીતિના સ્થંભ તુલ્ય મનાય છે."

"હું અવશ્ય તેમ કરીશ અને સૌ કોઈની પ્રીતિ સંપાદન કરી લઇશ. પરન્તુ દત્ત મહારાજ ! આપણો પ્રતિદ્વન્દ્વી જસપાલ મહાચતુર અને વિચક્ષણ પુરૂષ છે. આજે સાંજથી જ તેણે પોતાની તૈયારીઓ તો કરી રાખી હતી. રાજમહાલયમાંથી કોઇને બહાર નીકળવા દેવું નહિ કે અંદર આવવા દેવું નહિ એવી આજ્ઞા તેણે પહેરેગીરોને ફરમાવી હતી અને તેને પરિણામે જંબકને તેઓએ અટકાવીને કેદ કર્યો હતો !"

"હેં ?! શું એ ખરી વાત ?" સૂર્યદત્ત અને બીજ બોલી ઉઠયા.

"અરે એટલું જ નહિ, પણ મને પણ બહાર નહિ જવા દેવાને તેમણે અટકાયત કરી હતી ! આ ઉપરથી જણાય છે કે જસપાલ સંપૂર્ણ રીતે સાવધાન બન્યો છે, ત્યારે હજી આપણે તો કાંઈ તૈયારીઓ કરી નહિ !" મૂળરાજ બોલ્યો.

સૂર્યદત્ત બોલ્યો: "ફીકર કરો નહિ, ભાણુભા ! હજી આપણને તૈયારીઓ માટે પુષ્કળ વખત છે. આજે રાત્રે અમે ઉંઘવાના નથી. પ્રભાતમાં પુનઃ કચેરી ભરાય તે વખતસુધીમાં હું અને કાકાશ્રી એ તૈયારીઓ જ કરવામાં ગુંથાએલા રહીશું. પરન્તુ આપને મારો એક પ્રશ્ન છે. તે પ્રશ્ન એ છે કે એક વાર ફરીથી કહો કે આપને અવશ્ય રાજ્યાધિકાર પકડી રાખવો છે ?"

"અવશ્ય પકડી જ રાખવો છે અને જો હું તે પકડી ન રાખું તો હું મહાપાપી અને બાયલો કહેવાઉં !" મૂળરાજ પૂરતા જુસ્સાથી બોલ્યો.

"ત્યારે એ નિશ્ચય થવાનું મને કારણ કહો, એટલે હું એ નિશ્ચયની દૃઢતાનું માપ લઈ શકું." સૂર્યદત્તે કાર્યકારણવાદને ધ્યાનમાં રાખીને કહ્યું.

મૂળરાજે ખુલ્લા મનથી સઘળી વાત કહી. અહિપતનું રોદન, ચઉલાની ટકોર, અહિપતનું મદ્યપાન અને શાન્તિ, પોતાની તથા જંબકની અટકાયત, બીલ્હણ સાથેનું દ્વન્દ્વ યુદ્ધ, પઉમા ઉપરનું સંકટ, મહારાજાની પણ વિવેકભ્રષ્ટતા, પુત્ર તુલ્ય લેખાતી પ્રજાની આબરૂપર અત્યાચારીઓ

તરફથી નંખાતો હાથઃ એ બધાં પાપ તથા અત્યાચારનું નિર્મૂલન કરવાને રાજમુકુટ પોતાને જ મળવો જોઇએ એવો તેનો બંધાએલો નિશ્ચય તેણે સૂર્યદત્તને કહ્યો અને સૂર્યદત્ત ઉમંગથી બોલી ઉઠ્યોઃ "ધણું જીવો ભાણુભા ! તમે ગુજરાતની પ્રજાનું સંકટ દૂર કરવા માટે જ તમારો નિશ્ચય બદલાવો છો તો પ્રભુ તેમાં તમને અવશ્ય સાહાય્ય કરશે. પરન્તુ રહો, હજી આપને મારો એક બીજો પ્રશ્ન છે. કદાચ એ રાજમુકુટ આપને ચાવડાઓના લોહીથી રંગાએલો મળશે તો ?"

"તોપણ શી ફીકર છે, દત્ત મહારાજ ? ચાવડાઓના જ નહિ પણ હવે તો મારો દૃઢ સંકલ્પ છે કે ખુદ મામાના લોહીથી એ રાજમુકુટ રંગાએલો હોય તોપણ હું તે લેવાનો જ અને મારો નિશ્ચય પાર ઉતારવાનો ! ! એટલું જ નહિ પણ તે મેળવતાં કદાચ મારૂં જ લોહી એ રાજમુકુટપર છંટાય, તોએ શી ચિંતા છે ? ક્ષત્રિયનું મોત તલ્વારથી થાય તો જ તેની સદ્ગતિ થાય છે, એવું એક વાર આપે જ મને શીખવ્યું હતું તે મને સાંભરે છે !"

બીજ સોલંકીએ ઉત્સાહમાં આવી જઇને મૂળરાજની પીઠ થાબડતાં કહ્યુંઃ "સાબાશ, સાબાશ ! મારા પુત્ર ! હવે તને અવશ્ય વિજય મળશે અને લોકકલ્યાણનાં અનેક કાર્યો તારે હાથે થવા પામશે એવી મને સંપૂર્ણ ખાત્રી છે."

સૂર્યદત્ત બોલ્યોઃ "અહો ! ભાણુભા ! આજે મારા હર્ષનો પાર નથી. ક્ષત્રિયને શોભે તેવી ટેકવાળાં, શૌર્યવાળાં, ઉત્સાહવાળાં વચનો આજે તમારા મુખમાંથી નીકળે છે, અને સત્ય કહું તો ઇશ્વરે જ તમારા મગજમાં આજે નવા વિચારોનો અને તમારી વાણીમાં નવાં વચનોનો રસ ઉતાર્યો છે. મારૂં ગુરૂપણું, કાકાશ્રીનું વડીલપણું અને રાજ સોલંકીનું પિતાપણું આજે ફળીભૂત થયું. અસ્તુ. હવે આપ પાછા મહેલમાં પધારો, અમે અમારી તૈયારીઓમાં ગુંથાઇએ છીએ.

"ભલે હું જઉં છું. તમે મને કયારે મળશો ?"

"અરૂણોદય પહેલાં અમે તમને તમારા આવાસમાં મળીશું."

"વારૂ; પદ્મમાને જાળવજો, તેની બરદાસ્ત રખાવજો. તેની અનેક બાળાઓનો ભવ એ દુષ્ટોએ બાળ્યો હશે પણ અત્યારસુધી તે મેં જાણ્યું નહિ તેથી મને બહુ દુ:ખ થાય છે."

જંબક બોલ્યો: "હવે તો જાગ્યા ત્યાંથી સ્હવાર પડ્યું ગણો. **गतं न शोच्यम्.**"

મૂળરાજ ત્યાંથી ચાલતો થયો. જંબક તેને ડહેલીસુધી વળાવીને પાછો આવ્યો અને **બીજ** તથા **સૂર્યદત્ત** વાતો કરતા હતા તેમની પાસે બેઠો. **બીજ** બોલ્યો: "જુઓ, દત્ત મહારાજ! ઇશ્વર હમેશાં પોતાનું કામ કર્યે જાય છે. આપણે મૂળરાજના હૃદયમાં રાજ્યલોભ ઉત્પન્ન કરાવવાને કેટલું બધું કરતા હતા? પણ તે સફળ થતો નહોતો. આજે ઇશ્વરે એવા એવા બનાવોનો યોગ મેળવી દીધો કે સ્વયમેવ તેના વિચારો ફર્યા અને આપણી સૂચના પ્રમાણે જ વર્તવાને તે તૈયાર બની ગયો! હવે કાલને માટે શી તૈયારી કરવાનો વિચાર છે?"

"ઘણી તૈયારીઓ કરવાની છે; પેલી **પદ્મમાને** કયા ઓરડામાં મોકલી છે? તેની પાસે એક વાર ચાલો, પછી હું તમને સઘળું સમજાવું છું."

ત્રણે જણા ઉઠીને **પદ્મમાને** જે ઓરડામાં રાખી હતી ત્યાં ગયા.

પરિચ્છેદ ૧૦ મો.

જસપાલની જુક્તિઓ.

હવે આપણે જસપાલ તરફ વળીએ. મૂળરાજની પાસેથી નીકળીને તે તુરત પોતાને ઘેર ગયો અને જમ્યો, પણ તેને ચેન પડ્યું નહિ. પોતે મૂળરાજ પાસેથી ચાલ્યો આવ્યો તે વખતે **સૂર્યદત્ત** ત્યાં જ બેઠો હતો એટલે તે પુન: મૂળરાજને બદલાવી નાંખવાને યત્ન કર્યા વિના રહેશે નહિ એવું તે સમજતો હતો. વળી તેના ધ્યાનમાં આવ્યું કે **બીજ** સોલંકી પણ તેને ઉશ્કેરશે. સ્હવાર પડે અને મૂળરાજ સીધી રીતે રાજ-

મુકુટ પાછો સોંપી દે ત્યારે જ જસપાલને શાન્તિ વળે તેમ હતું, તેથી મૂળરાજ પાસે માત્ર એક રાતની રાત આવજા થતી બંધ પડે તે માટે તેણે રાજમહાલયના દરેક પહેરેગીરને ખબર આપી દીધી હતી કે એક માત્ર મહારાજાની વીંટી બતાવનારાં તેમનાં જ માણસો સિવાય બીજા કોઈને રાત્રે બહાર નીકળવા દેવાં નહિ કે અંદર જવા દેવાં નહિ. મૂળરાજની અને બીજ સોલંકીની ગતિને એ રીતે બંધ કર્યા પછી તુરત તે સામંતસિંહના વૃદ્ધ કાકા ચક્રદેવની પાસે ગયો. ચક્રદેવ કચેરીવેળાએ હાજર હતા એટલે સઘળો બનાવ તેમની જાણમાં હતો. મૂળરાજે રાજમુકુટ પાછો સોંપી દેવાની હા કહી છે એ વાત તેણે ચક્રદેવને જણાવી. ચક્રદેવ તેથી ખુશ થયો અને બોલ્યો: “ મંત્રીશ્વર! આજથી એક શિખામણ લો. એક નાની કાંકરી આખા ઘડાને ફોડે છે. ચાવડાઓના રાજ્યમાં એક સોલંકી પેઠો છે અને માનીતો થઈ પડ્યો છે તે વખત જતાં ચાવડાઓના આખા ઘડાને ફોડી નાંખનારો થઈ ન પડે તે માટે સાવચેતી રાખીને ધીમે ધીમે કાંકરીને જ કાઢીને ફેંકી દેવાના ઉદ્યમમાં રહો. બીજ સોલંકી બડો કપટી છે. તેના મનમાં કેવાએ દાવપેચ ભર્યા હશે તે આપણે જાણતા નથી. પણ એક વાર જો તે ફાવ્યો તો આપણને વિમાસણમાં ઉતરવું પડશે.”

જસપાલ બોલ્યો: “ કાકા! તમે સાચું કહો છો, પરન્તુ મહારાજનું ચિત્ત વ્યસનમાં અને વળી ભાણુભા ઉપર તેમનો પૂરેપૂરો ભાવ; એટલે એ કાંકરીને દૂર કરતાં બિલકુલ ફાવતું નથી. તોપણ મેં નક્કી કર્યું છે કે આ વખતે જો મુકુટ સીધી રીતે પાછો મળે, તો પછી ફરીથી આવો બનાવ જ ન બનવા પામે તે માટેની પૂરી કાળજી હું રાખું. ભાણુભા તો ભોળા છે અને તેમણે ખુલ્લા મનથી કહ્યું છે કે મને રાજ્ય જોઈતું નથી; પરન્તુ તેમની પાસેના ખટપટીયા માણસોનો મને બહુ ભય છે.”

“જુઓ, સ્હવારમાં આમ કરો. મહારાજને બોલાવીને કચેરી ભરો અને આજે જે બન્યું છે તે નહિ બનેલું ગણીને જે કાંઈ ઠીક લાગે તે મહારાજ પાસે બોલાવરાવો. પણ સાંભળો, કદાચ ભાણુભા મુકુટ પાછો

સોંપવામાં આનાકાની કરે તો તે તેની પાસેથી જોરથી લઇ લેવાની પણ સઘળી તૈયારી કરી રાખજે." ચક્રદેવે કહ્યું.

"તે માટે જ હું અત્યારે અહીંથી જેસલ પાસે જઉં છું. આપ પણ જરૂર પધારજો. બીજા જે સામંતો આપને આપણા પોતાના લાગે તેમને પણ લેતા આવજો." એમ કહીને જસપાલ ચાલ્યો ગયો.

* * * *

જેસલદેવ મુખ્ય સેનાપતિ હતો અને ચહુઆણ રજપૂત હતો. તે શૂરો અને પ્રતાપી પુરૂષ હતો. દેશોદેશમાં તેનું શૌર્ય વખણાતું. તેના અધિકાર હેઠળ સોળ સેનાનીઓ હતા અને તે સોળની નીચે નાનાં મોટાં લશ્કરો હતાં. જેસલદેવ સાચો ક્ષત્રિય હતો અને રાજ્યની કીર્તિમાં જ પોતાની કીર્તિ સમજતો હતો. **समानशीलेषु व्यसनेषु सख्यम्** એ ન્યાયે મૂળરાજ ઉપર તે અત્યંત ચાહ ધરાવતો હતો. તે સમજતો હતો કે પોતે સામંતસિંહનું લૂણ ખાય છે, પરન્તુ મૂળરાજનાં શૌર્ય તથા પરાક્રમથી તેનો ચાહ જેટલો મૂળરાજ ઉપર હતો તેટલો સામંતસિંહ ઉપર નહોતો. સામંતસિંહે મૂળરાજને રાજ્ય સોંપ્યું તેથી જેસલ તો ખુશ જ થયો હતો, કારણકે પરાક્રમી રાજા વિના શૂરા સૈન્યની કદર થઇ શકતી નથી એવી તેની માન્યતા હોવાથી મૂળરાજ રાજા થવાથી સૈન્ય વધારે તેજદાર બનશે એમ તે માનતો હતો. પરન્તુ રાત્રે જ્યારે જસપાલ તેને તેના ઘર આગળ મળ્યો અને સઘળી વાત કહી ત્યારે તે નવાઇ પામ્યો અને બોલ્યોઃ "મંત્રીશ્વરજી! એક વાર મૂળરાજને મુકુટ પહેરાવી, તિલક કરીને પછી તેને ગાદી ઉપરથી ઉતારી મેલવાની તજવીજ કરવામાં આવે છે એ ઠીક થતું નથી. પછી ભલે જેમ મહારાજની મરજીમાં આવે તેમ કરે."

જસપાલ બોલ્યોઃ "પરન્તુ મહારાજે એ બધું ભાનરહિત સ્થિતિમાં કરેલું એટલે કેવી રીતે ન્યાયપુરઃસર ગણાય? વળી મૂળરાજને રાજમુકુટ પાછો સોંપવામાં કશો વાંધો નથી, પરન્તુ તેમના ખટપટીઆ સલાહકારોનો મને ભય હોવાથી તમને મારી એવી સૂચના છે કે સ્હવારમાં

તમારા સોળે સેનાનીઓ અને બીજા થોડા યોદ્ધાઓ સાથે શસ્ત્રાસ્ત્ર સજીને તમે કચેરીમંડપમાં આવજો.”

“અને કદાચ મૂળરાજ મુકુટ પાછો ન સોંપે તો ?”

“તો તલ્વારની ધમકી બતાવવાની પણ જરૂર પડે !”

“તો હું આવી શકીશ નહિ; મહારાજ સામંતસિંહનું લૂણ મારા પેટમાં છે એટલે જ હું નહિ આવું; નહિતો મૂળરાજને મારે ટેકો આપવો એ હું મારો ધર્મ સમજું છું.” જેસલે ખુલ્લી વાત કહી.

“જેસલદેવ ! આ તમે શું કહો છો ? મામાનું રાજ્ય શું ભાણેજ પચાવી પાડે ? અને તે કામને વાજબી ગણીને તમે શું ટેકો આપવા માંગો છો ?”

“ભાણેજ પરાક્રમી હોય, રાજ્યનું હિત કરે તેવો હોય અને મામા એનો રાજ્યાભિષેક કરે, પછી તેમાં ગેરવાજબી શું છે ? પણ હવે હું આપની સાથે એ વિવાદમાં નહિ ઉતરૂં. હું મૂળરાજને ટેકો આપવાને કચેરીમાં હાજર નહિ રહું. સેનાનીઓને કચેરીમાં શસ્ત્રાસ્ત્રો સાથે હાજર રહેવાની આજ્ઞા કહાવીશ અને તેઓ ત્યાં હાજર થાય, ત્યારે આપને યોગ્ય જણાય તેવી સૂચના કરજો.” જેસલે પોતાની ગોઠવણ કહી સંભળાવી.

જસપાલ કાંઈક નિરાશ થયો, તોપણ તેને લાગ્યું કે સેનાનીઓ પોતાના હાથમાં રહેશે તોપણ કશી ફીકર જેવું નથી.

* * * *

જેસલ પાસેથી ઉઠીને તે નગરશેઠની પાસે ગયો. પાટણના નગરશેઠ તરીકે ધમ્મીલ નામે એક શ્રાવક હતો. સાઠેક વર્ષની વયનો અને ધર્મભક્તિવાળો તે એક ધનવાન વેપારી હતો અને પાટણના અગીઆર ‘સમકોટી’ ધનવાનોમાંનો તે એક લેખાતો હતો. જસપાલે સઘળી વાત તેને નિવેદન કરી. ધમ્મીલનો પણ ભાણુભા ઉપર ચાહ હતો, પરન્તુ મંત્રીશ્વરે પોતે એ સૂચના કરી એટલે તેણે સામંતસિંહના પક્ષમાં ઊભા રહેવાની હા કહી અને જણાવ્યું કે “બીજા આપણા શ્રાવકો પણ મહારાજના પક્ષમાં જ રહે એવી હું ગોઠવણ કરીશ.” જસપાલને એથી સં-

તોષ થયો. તેણે પોતાના મનમાં સઘળી ગણત્રી કરી: "ચક્રદેવ વગેરે ભાયાતો તો મહારાજના પક્ષમાં હોય એ ખુલ્લું છે, સેનાપતિ જરા વાંકો થયો પણ તે કચેરીમાં આવશે નહિ અને સોળે સેનાનીઓ મહારાજના પક્ષમાં હથીયારો સાથે ઊભા રહેશે. નગરશેઠ તો મહારાજની તરફેણમાં છે; પછી મૂળરાજ શી રીતે ફાવી શકવાનો છે? એ તો મૂળરાજ તુરત મુકુટ પાછો સોંપી દેશે, પણ કદાચ વાત જરા આડી ચાલે, તો અગાઉથી આટલી સાવચેતી રાખી સારી. અગમબુદ્ધિ વાણિયો!" એમ વિચારી, જરા મ્હોં મલકાવી, મૂછે હાથ નાંખી તે પાલખીમાં બેઠો અને રાજમહાલય ભણી ચાલ્યો. અત્યારે ત્રીજો પ્રહર પૂરો થવા આવ્યો હતો. આકાશમાં વાદળાં નહોતાં અને ચંદ્રનો પ્રકાશ સફેદ ચાદરની પેઠે ભૂમિપર પડતો હતો. જસપાલ સિંહદ્વારની પાસે આવ્યો અને પહેરેગીર પાસેથી સિંહદ્વારમાં બનેલા બનાવોની સઘળી વાત સાંભળી. જસપાલ ચમક્યો. વાત વધી પડી છે એમ તેને જણાયું. 'હું ગુજરાતનો નરાધિપ છું' એવા શબ્દો મૂળરાજે પોતે ઉચ્ચાર્યા અને પહેરેગીરોએ સાંભળ્યા એ વાત જાણીને જસપાલના પગ પાણી પાણી થવા લાગ્યા. તેણે ઘાયલ થએલા બીલ્હણને કેદમાંથી છૂટો કર્યો. તે અશક્ત બની ગયો હતો તોપણ જસપાલે તેને ઉશ્કેરીને કહ્યું: "જરા ટટ્ટાર થા, નહિતો સ્હવારમાં મોટી આપત્તિ આવી પડશે. અત્યારે ને અત્યારે મહારાજ પાસે જા અને મૂળરાજે કરેલા તોફાનની વાત કહી મહારાજાને અને બન્ને રાણીઓને ઉશ્કેરી મેલ."

બીલ્હણ સમયની ગંભીરતા સમજ્યો અને તુરત રાણીવાસ તરફ ચાલ્યો. જસપાલે પુનઃ સિંહદ્વાર પાસે આવીને એક પહેરેગીરને કહ્યું કે "તું એક ઘોડાપર બેસીને દરેક દરવાજાના ગઢવીને કહી આવ કે સ્હવાર થતાંસુધી કોઇ પણ માણસને શહેરના રસ્તા ઉપરથી આવજા કરવા દેવી નહિ અને જેઓ આવજા કરે તેમને સ્હવાર થતાંસુધી અટકાયતમાં રાખવા. એ ગઢવી શહેરમાંના દરેક થાણાના પહેરેગીરને તુરત ખબર પહોંચતી કરે એવી તેમને મારા નામ સાથે તાકીદ આપજે."

પહેરેગીરે કહ્યું: "જેવી આજ્ઞા; પણ એક વાત વિચારવા જેવી છે. આ હુકમ પુરૂષોને માટે જ રહે તો ઠીક; બૈરાંઓને પણ જો અટકાયતમાં રાખવામાં આવશે તો મોટો અનર્થ થશે અને જેવું બીલ્હણને પેલી સ્ત્રીને લાવતાં થયું તેવું થશે." પહેરેગીરે જસપાલના કાનમાં કહ્યું: "રોજ રાત્રે એકાદ-બે સ્ત્રીઓની પાલખીઓ મહારાજ અને તેમના મિત્રો માટે આવે છે અને રસ્તા વચ્ચે અટકાયત થશે તો શહેરમાં અનર્થ નીપજશે."

"એ વાત પણ ખરી છે. ત્યારે એ હુકમ પુરૂષોને માટે સમજવો. આપણને પણ પુરૂષોની આવજા માટે જ વાંધો છે." એમ કહી જસપાલ ચાલતો થયો.

પહેરેગીર એક તેજ ઘોડાપર બેસીને દરેક દરવાજાના દ્વારપાલ-ગઢવીને એ સમાચાર પહોંચાડી આવ્યો અને ગઢવીઓએ પોતપોતાના તાબા હેઠળના થાણામાં પહેરેગીરોને તુરતાતુરત સૂચના મોકલી આપી. થોડી વારમાં જસપાલની જુક્તિથી પાટણના સઘળા માર્ગો પુરૂષોની આવજાને માટે બંધ થઈ ગયા!

પરિચ્છેદ ૧૧ મો.

પદ્માનો રાજગઢમાં પ્રવેશ.

પાસેના જ ઓરડામાં પદ્માને રાખવામાં આવી હતી, તે ઓરડો ઉઘાડીને સૂર્યદત્ત, જંબક તથા બીજ અંદર ગયા. પદ્મા એક અજાણ્યે સ્થળે આવીને રહી હતી તોપણ પોતાને એ સ્થળે રાખનાર પુરૂષ પરોપકારી અને સુજ્ઞ હતો એવી તેની ખાત્રી હોવાથી આ અજાણ્યા સ્થળે પણ તેને કાંઇ બ્હીક લાગી નહિ. સૂર્યદત્ત અને બીજ ઓરડામાં આવ્યા એટલે પદ્મા તેમની સામે આવીને ઊભી રહી. સૂર્યદત્ત બોલ્યો: "પુત્રી પદ્મા! આજે ભાણુભાએ એક મોટા સંકટમાંથી તારો ઉદ્ધાર કર્યો છે, હો!"

" જી હા, તે હું જાણું છું. મારા ભાગ્યયોગે જો તેમણે પાલખી અટકાવી ન હોત, તો અત્યારે ક્યારનોએ મારો સર્વનાશ થઇ ચૂક્યો હોત. ભાણુભાના એ ઉપકારનો બદલો તો આ જીવનમાં મારાથી વાળી શકાય તેમ નથી."

સૂર્યદત્ત બોલ્યોઃ " સાચી વાત છે. આ સ્થળે તારે કશો ભય રાખવાનો નથી હોં ! તું અમારી પુત્રી છે. આ બીજ સોલંકી તે ભાણુભાના કાકા છે."

" મેં તેમને ઓળખ્યા છે. આપ સૂર્યદત્ત મહારાજ છો. આપના તથા આપના પુત્રનાં નામોથી લોભાઇને જ અમે માતા–પુત્રી બીલ્હણુને હાથે ઠગાઇને પાટણ આવવા નીકળ્યાં હતાં."

સૂર્યદત્ત એ બાળાની ચતુરાઈ સમજ્યો. વગરકહ્યે તે બન્ને જણને ઓળખી ગઈ તે ઉપરથી તેને જણાયું કે જે કામમાં તેને યોજવાનો પોતાનો વિચાર હતો તે કામમાં તે પાર પડશે ખરી. તેણે કહ્યુંઃ " પુત્રી પદ્મા ! ભાણુભાના ઉપકારનો બદલો વાળવાને તારે તેમનું જ એક કામ કરવાનું છે."

" શું વારૂ ? તેમને માટે તો મારાથી બની શકશે તેવું કામ હું અવશ્ય કરીશ."

" તારાથી તે કામ બની શકે તેવું છે. એક બંધ પાલખીમાં હું અને બીજ સોલંકી બેસવાના છીએ અને તેને ઉચકીને ભોઈ લોકો ચાલે ત્યારે તારે તેની સાથે સાથે ચાલવાનું છે; પરન્તુ તે માટે તારે કૃત્રિમ વેશ ધારણ કરવો પડશે. મહારાજાના રંગમહેલની રંગીલી દાસીના જેવા અલંકારો અને વસ્ત્રો તારે ધારણ કરવાં પડશે અને માર્ગમાં જે કોઇ પહેરેગીર મળે અને તને તથા પાલખીને અટકાવે તેને ચતુરાઇથી જવાબ આપવો પડશે."

" ભલે મહારાજ ! હું એ કામ હિંમતથી કરીશ."

બીજે સૂર્યદત્તને કહ્યુંઃ " પણ દત્ત મહારાજ ! તેમાં પદ્માની શી અગત્ય છે ? આપણો કોઈ ચાકર નહિ ચાલે ? તમારો વિશ્વાસુ ચાકર વીરૂ પણ ચાલી શકે."

"ન ચાલી શકે. ધીરૂને કે બીજા કોઈ ચાકરને કોઇ પહેરેગીર ઓળખી લે કે તુરત જ આપણે બંદીખાને પડીએ. વળી આવા કામમાં પુરૂષ કરતાં સ્ત્રીને હાથે જલ્દી પાર ઉતરાય. સ્ત્રીને હેરાન કરવાની હિંમત કોઈ પણ પહેરેગીર ભીડી શકે નહિ."

"પણ આપણે જે કાંઇ કરવાનું છે તે રાજગઢની બહાર કરવાનું છે અને મનાઇ તો રાજગઢમાં જ જવા આવવા માટે કરવામાં આવી છે એવું મૂળરાજે હમણાં જ આપણને કહ્યું."

"શું હજી પણ આપ જસપાલની ચતુરાઇથી અજાણ્યા રહ્યા છો? તે આપણી હીલચાલથી અત્યારસુધી અજાણ્યો નહિ જ રહ્યો હોય અને આટલી વારમાં તો તેણે કાંઈ કાંઈ નવાં ફરમાનો કાઢ્યાં હશે." સૂર્યદત્તે લાંબી નજર પહોંચાડીને કહ્યું.

"એ પણ બનવાજોગ છે ખરૂં."

"અને તેટલા જ માટે આ પઉમાને હું આપણા કામમાં લેવા ધારૂં છું. તે ચતુર છે અને વળી હિંમતવાળી છે, એટલે આપણા કામમાં છેવટસુધી ઊભી રહી શકશે. પઉમા! તારે માટે સઘળાં વસ્ત્રો તૈયાર છે. પાસેના ખંડમાં જઇને વસ્ત્રો બદલાવી લાવ."

"પણ પહેરેગીર પૂછે તેના મારે કેવા જવાબો આપવા?"

"તે બધું હું તને શીખવીશ; તું એક વાર વસ્ત્રો બદલાવીને આવ."

પઉમા તુરત વસ્ત્રો બદલાવવાને ચાલી ગઈ. સૂર્યદત્તે બીજને કહ્યું: "જુઓ સોલંકી! હવે આપણે સૌથી પહેલાં સેનાપતિ જેસલને મળવાનું છે. તે કઈ બાજુએ ઊભો રહે છે તે જાણ્યા પછી આપણે આપણું બીજું કામ કરી શકીશું. પાટણમાં જેટલા સોલંકી સરદારો છે તેમને સઘળાને તમારે મળવા જવાનું છે અને અત્યારે ને અત્યારે જ તેમને આપણા કામ માટે તૈયાર કરી રાખવાના છે. મહારાજના ભાયાતોની આપણને પરવા નથી પણ સોળ સેનાનીઓ કઇ બાજુએ ઢળે છે એ હવે જોવાનું છે. જેસલ ઉપર ઘણો આધાર છે અને બધુંએ કરી રહ્યા પછી છેવટે ભાણુભાને એ સઘળી બાતમી પહોંચાડવાની છે. પ્રભાત થયા

પહેલાં જો આટલું કામ કરવામાં નહિ આવે તો સ્હવારે કચેરીમાં આપણે ફાવી શકવાના નથી.”

“એ બરાબર છે. આપણે બન્ને પાલખીમાં ચડી બેસીએ અને જ્યાં જ્યાં જવાનું છે ત્યાં ત્યાં પદ્માની સહાયથી જઇ આવીએ. જ્યાં જેવી જરૂર પડે ત્યાં તેવી રીતે આપણે વર્તીશું.” **બીજ** સોલંકીએ કહ્યું.

જંબક બોલ્યો: “પણ એક મોટી અપૂર્ણતા રહી જાય છે. સેનાનીઓ, સરદારો અને સામંતોને લોભાવવાની **ભાણુ**ભાની ઉદાર રાજનીતિનો પ્રકાર તમારે તેમને અત્યારે ને અત્યારે બતાવી આપવો પડશે.”

સૂર્યદત્તના ધ્યાનમાં એ વાત હવે આવી. **જંબક** ઓછું બોલે છે પણ નજર ઘણે ઉંડેસુધી પહોંચાડે છે એવું તેના પિતાના ધ્યાનમાં આવ્યું અને પુત્રને પાવરધો થતો જોઇને તેને સંતોષ થયો. તે બોલ્યો: “હા, **જંબક**! એ મુદ્દાની વાત તો રહી જાય છે. તે માટે આપણે શું કરીશું?”

“સૌને આપવાની બક્ષીસોની એક મોટી યાદી તૈયાર કરવી અને તે દરેક જણને વાંચી સંભળાવવી. લાલચુઓ તે બક્ષીસોથી લોભાશે, રાજનીતિજ્ઞો તેમાંની ઉદારતાથી આકર્ષાશે, અધિકારના લોભીઓ નવા અધિકારની પ્રાપ્તિથી તૃપ્ત થશે અને પ્રજા તો **ભાણુ**ભાથી સંતુષ્ટ જ છે છતાં તે પણ એ રાજનીતિમાં **ભાણુ**ભાના હૃદયની ઉત્તમતાને જોઇ શકશે: એ બક્ષીસો પણ ઘણી લાંબી નજર પહોંચાડીને ગોઠવવામાં આવવી જોઇએ અને **ભાણુ**ભાએ પોતાની રાજનીતિ તરીકે એ જ જાહેર કરવી જોઇએ.”

“હા, બરાબર! **દત્ત** મહારાજ! **જંબક** ખરૂં કહે છે. આપણે એવી યાદી તૈયાર કરવી જોઇએ, કારણકે પહેલાં એ યાદી સામંતો, સેનાનીઓ અને પ્રજાજનોની જાણમાં આવ્યા વિના તેઓ એકદમ આપણને ટેકો આપશે નહિ.” **બીજે** પોતાનો અભિપ્રાય દર્શાવ્યો.

ત્રણે જણાઓ એ યોજનાના વિચારમાં પડ્યા. સૌથી પહેલાં લશ્કરના દરેક સૈનિકના પગારમાં વધારો કરવાનું નક્કી કર્યું. સોળ સેનાનીઓને એક એક ગામ વાર્ષિક સો કળશી અનાજની ઉપજવાળું બક્ષીસ

આપવાનું ઠરાવ્યું. સેનાપતિને તેવાં પાંચ ગામ આપવાનો વિચાર સર્વાનુમતે વાજબી જણાયો. પરરાજ્યમાંથી આવતા માલ ઉપર જકાત વધારીને રાજ્યમાંથી જતા માલ ઉપરની જકાત કાઢી નાંખવાનું તેમણે ઉચિત માન્યું. શ્રાવકોનાં દેહેરાંઓ, મહાદેવનાં તથા માતાઓનાં મંદિરો અને બીજાં નાનાં મોટાં દેવસ્થાનોના નિભાવ માટે કાયમની આવક મળે એવી ગોઠવણ કરવાનું ઠરાવ્યું કે જેથી પ્રજાજનો સંતુષ્ટ રહે. રાજ્યના દરેક બ્રાહ્મણને પાંચ સોનૈયાની દક્ષિણા આપવાનો ઠરાવ પણ એ યાદીમાં દાખલ કર્યો. પાંજરાપોળો, ધર્મશાળાઓ, વાવો, પાણીની પરબો, વિશ્રામભવનો, ઉપવનો, રૂગ્ણાલયો અને પાઠશાળાઓને મોટાં વાર્ષિક વેતનો આપવાનું પણ જણાવ્યું. ગરીબ લોકો અને વસવાયાંઓના માથાપરની વેઠ કાઢી નાંખીને રાજ્યના કામના બદલામાં પણ તેમને ચોક્કસ કરેલા માપ જેટલો દાણો આપવાનું તેમાં દર્શાવ્યું. ખેડૂતો પાસેથી એક વર્ષનો રાજ્યભાગ લેવાનું માફ કરવાનું પણ નક્કી કર્યું. એ પ્રમાણે મૂળરાજની રાજનીતિથી પ્રત્યેક પ્રજાજન લલચાય એવી રીતે તે ગોઠવણ એ ત્રિપુટીએ એક કાગળપર નક્કી કરી. પુનઃ તે ઉપર વિચાર ચલાવી જોયો અને છેવટે જંબક બોલ્યોઃ "આમાં હવે એક વાતની અપૂર્ણતા રહે છે. જુદાં જુદાં ખાતાંના મંત્રીઓ અને મંત્રીશ્વરની પદવી કોને કોને આપવી તે ભાણુબાની સાથે મળીને વિચાર કરવો જોઇએ."

બીજ બોલ્યોઃ "મંત્રીશ્વર તો દત્ત મહારાજ પોતે. અને ખાતેદાર મંત્રીઓમાં જેઓ સામા પક્ષમાં ભળેલા જણાશે તેઓને ખેરવી નાંખીશું."

જંબકે કહ્યુંઃ "પણ તે જગ્યાએ બીજાઓને નક્કી કરીને તેમનાં નામો જાહેર કરવાં જોઇએ છે. તેટલામાટે ભાણુબાને મળીને એ વાત સહવાર પહેલાં નક્કી કરી નાંખવી જોઇએ."

"પદ્માની સાથે અન્ય સ્થળોએ જઇને છેવટે હું ભાણુબાને મળવાનો છું, તે વખતે આ યાદી હું તેમને બતાવીશ અને મંત્રીઓનાં નામો નક્કી કરીને તેમાં દાખલ કરીશ." સૂર્યદત્તે જણાવ્યું.

પદ્મા નવો વેશ ધારણ કરીને ત્યાં ક્યારનીએ આવી પહોંચી હતી.

તેણે છેલ્લી થોડી વાતચીત સાંભળી હતી. સૂર્યદત્ત અને બીજ તેને જોઇને પ્રસન્ન થયા. સૂર્યદત્ત બોલ્યોઃ " પઉમા! આ વેશમાં તને કોઈ વિપ્રકન્યા તરીકે હવે પિછાણી શકે તેવું રહ્યું નહિ. હવે સાંભળ; માર્ગમાં તને કોઇ પહેરેગીર પૂછે તો કહેવું કે મહારાજાની બે નવી દાસીઓ પાલખીમાં છે અને મહારાજાની આજ્ઞાથી હું તેમને તેમની સેવામાં લઇ જઉં છું. એટલું કહેતાં છતાં જો કોઇ પહેરેગીર કાંઇ દોઢડહાપણ કરે, તો સોહણ અને બીલ્હણનું નામ બોલીને દમ ભરાવજે, એટલે પછી કોઇ તારૂં નામ દેશે નહિ."

પાલખી તથા તે ઉપાડનારાઓને તૈયાર કરીને અને પાલખી ઉપાડનારાઓને પણ બરાબર પઢાવીને બીજ તથા સૂર્યદત્ત પાલખીમાં ચડી બેઠા. સાથે એક મશાલચીને લીધો અને પઉમા એ બધા મંડળની સાથે ચાલતી થઇ. સ્ત્રીઓને માર્ગમાં અટકાવવાનો હુકમ નહિ હોવાથી અને આ પાલખીની સાથે એક સ્ત્રી તથા અંદર પણ સ્ત્રીઓ હોવાનું જાણીને કોઇ પહેરેગીરે તેમની અટકાયત કરી નહિ. સૌથી પહેલાં સૂર્યદત્ત જેસલને મળ્યો. જેસલે સઘળી સાચી વાત અને જસપાલને પોતે કહેલી વિગત એ બધું સૂર્યદત્તને કહ્યું. જેસલ તટસ્થ રહે તેમાં સૂર્યદત્તને કાંઇ ગેરલાભ નહોતો. સોળ સેનાનીઓને જેસલે કહાવ્યું હતું કે તેમણે શસ્ત્રાસ્ત્રો સાથે કચેરીમાં જવું અને પછી જસપાલની સૂચના ઉપર લક્ષ આપવું. આ ખબર જેસલ પાસેથી સૂર્યદત્તને મળતાં તેણે તેનો લાભ લેવા માંડ્યો. દરેક સેનાનીને ઘેર તે ગયો અને દરેકને બધી વિગત સમજાવી. મૂળરાજ જો ગાદીપર આવે તો પોતાને એક એક ગામ બક્ષીસ મળે એ લાલચે દરેકના મન ઉપર અસર કરી અને તેમણે મૂળરાજને ટેકો આપવાની હા કહી. બીજના ઓળખીતા જે સોલંકી રજપૂતો પાટણમાં રહેતા હતા તેમનામાંના મુખ્ય મુખ્યની પાસે બીજ પણ ગયો અને તેમને કચેરીમાં હાજર રહેવાની સૂચના આપી ચેતાવ્યા. પછી સૂર્યદત્ત નગરશેઠની પાસે ગયો અને મૂળરાજની રાજનીતિની યાદી તેમને વંચાવી. નગરશેઠના મનનું આકર્ષણ થયું પરન્તુ જસપાલને તેણે વચન આપી દી-

ઘેલું હોવાથી સૂર્યદત્તને તેણે ગોળમટોળ જવાબ આપ્યો. રાજગોરને સૂર્યદત્ત મળ્યો અને તેને ઉશ્કેર્યો કે "ગઇ કાલે તમે મૂળરાજના કપાળ ઉપર જે રાજતિલક કર્યું છે, તે રાજતિલક આજરોજ ભૂંસી નાંખવાને કેટલાકો તૈયાર થયા છે તે તમારૂં અપમાન થવા બરાબર છે." પરન્તુ રાજ્ય તરફનું વર્ષાસન ખાઇને નિર્માલ્ય બનેલા તથા ઉગતા સૂર્યને જ હમેશાં પૂજનારા રાજગોરને કાંઇ અસર થઈ નહિ. હવે કોઈ અગત્યને સ્થાને જવાનું નહિ રહ્યું હોવાથી સૂર્યદત્તે મૂળરાજની પાસે જવાનો વિચાર કર્યો. સૂર્યદત્તે પાલખીમાં બેઠાં બેઠાં પઉમાને કહ્યું: "પઉમા! હવે આપણે રાજગઢની અંદર ભાણુભાના નિવાસસ્થાને જવાનું છે. જરા ખબરદારી રાખજે."

થોડી વારમાં પાલખી રાજગઢના સિંહદ્વારમાં આવી પહોંચી એટલે પહેરેગીરે પાલખીને થોભાવી. પઉમા બોલી: "મહારાજાના શયનમંદિર તરફ પાલખી લઈ જવાની છે. હું મહારાજના મહાલયની દાસી છું."

"પણ આજે કોઇને રાજગઢમાં જવા દેવાની મનાઇ છે."

"અમને પણ મનાઇ? મહારાજાની આજ્ઞા અમે ઉઠાવીએ અને તેમ કરતાં તમે અમને અટકાયત કરો?"

"હા, આજે તો સૌને અટકાવવાનાં છે. તમે મહારાજાની વીંટી બતાવો તો જવા દઇએ."

"મહારાજાની વીંટી મારી પાસે નથી; મને શી ખબર કે તમે આવી રીતે અટકાવશો? નહિતો હું જરૂર મારી સાથે વીંટી રાખત. પણ જો આ અટકાયતની વાત સોહણદેવ અને બીલ્હણદેવ જાણશે તો તમને જરૂર ઠપકો મળશે હાં!"

"બીલ્હણદેવને પણ અમે વીંટી વિના જવા દીધા નથી!"

પઉમા આ જવાબ સાંભળીને ગભરાઈ. બીલ્હણને વીંટી વિના જવા દેવામાં આવતો નહોતો એ વાત પોતે જાણતી હોવા છતાં પોતે ધ્યાનમાં રાખી નહિ તે માટે તે પોતાની જાતને ઠપકો આપવા લાગી. પણ તેણે સાવધાનતાથી પહેરેગીરના કાન પાસે પોતાનું મુખ લઇ જઇને કહ્યું:

"પણ આમાં તો મહારાજાની કૃપાને પાત્ર થએલી એ નવી સ્ત્રીઓ છે. જો તમે અમને અટકાવશો તો ખુદ મહારાજા તરફથી તમને ઠપકો મળશે."

"પણ બાઇ! તમે એમ શાને કરો છો?" બીજા પહેરેગીરે કહ્યું: "તમે એકલાં અંદર જાઓ અને મહારાજાની વીંટી લઈ આવો અગર-તો તમને આવવા દેવાની બીજી ખાત્રી તરીકે કોઇ વિશ્વાસુ માણસને તેડતા આવો. પાલખી અહીં ભલે રહી. અમે કાંઇ તેને અડકવાના નથી."

આ ઉપાય વાજબી હતો, પરન્તુ પઉમાદેવીને તો ગભરાવનારો જ હતો. તે ક્યાંથી વીંટી લાવવાની હતી કે બીજી ખાત્રી પણ લાવવાની હતી? બીજા પહેરેગીરે સૂચવેલા એ વાજબી ઉપાયને માટે તેનાથી ના પાડી શકાય તેમ પણ નહોતું અને જો તેની તે ના પાડે તો પોતે પહેરેગીરના સંશયમાં આવી પડે તેવો સંભવ હતો. આ કારણથી તેણે કહ્યું: "વારૂ, એ ઉપાય ઠીક છે; ચાલો, હું જઉં છું અને તમને વીંટી કે ખાત્રી લાવી આપું છું." પઉમાએ એ કામ કરવાની તત્પરતા તો બતાવી, પરન્તુ પોતે હવે શું કરશે તેની ગુંચવણમાં તે ગુંચાતી હતી. વિચાર કરતાં ઊભા રહેવાનો પણ અવકાશ નહોતો. સૂર્યદત્ત અને બીજ પાલખીમાં બેઠા બેઠા ગુંચવાતા હતા. પઉમા અંદર જવા લાગે તે પહેલાં તેને એક મુદ્દાની વાત સાંભરી. સૂર્યદત્તને કાંઇ યાદી મૂળરાજને બતાવવાની હતી અને મૂળરાજને મળવાનું તેટલું જ કામ મુખ્ય હતું. પઉમા જતાં જતાં બોલી: "હા, હું પેલાં ચિત્રો પણ લેતી જઉં અને મહારાજને તે બતાવીને તેમની વીંટી લેતી આવું."

એમ બોલીને પાલખીનો પડદો સહેજ ઉઘાડીને અંદર માથું નાંખી તે બોલી: "પેલાં ચિત્રોનો કાગળ લાવો."

સૂર્યદત્ત સમજી ગયો કે પેલી યાદીનો કાગળ તે માંગે છે. સૂર્યદત્તે તુરત તે કાગળ પઉમાને આપ્યો અને અસ્ફુટ સ્વરે કહ્યું: "ભાણુભાને કહેજે કે આ બધું વાંચીને તે પ્રમાણે વર્તવાને તૈયાર રહે. સ્હવારમાં અમે મળીશું."

પઉમા સંદેશો સમજી ચૂકી અને યાદીનો કાગળ લઇને રાજગઢના

ચોક તરફ આગળ વધી. પરન્તુ જવું ક્યાં? તેણે ચઉલાદેવીનું નામ મૂળરાજને મુખેથી સાંભળ્યું હતું, તે વિના અન્ય કોઇનું નામ તે જાણતી નહોતી. તેથી તેની પાસે પહેલાં જવું અને પછી ભાણુભાનો પત્તો મેળવવો એવો વિચાર તેણે કર્યો. થોડેક આઘે જતાં અંધારામાં પદ્મને એક દાસી મળી. તેને તેણે પૂછ્યું: "ચઉલાદેવી ક્યાં આગળ મળશે?"

"ઓતરાદા ખૂણામાં આરસની ગોળ સીઢી છે તે ઉપર જજો એટલે ચઉલાદેવી મળશે." એમ કહી દાસી પદ્મા તરફ જરા આશ્ચર્યની દૃષ્ટિ કરીને ચાલતી થઇ. પદ્મા એ ગોળ સીઢીને શોધતી ઉત્તર દિશાએ આગળ વધી.

પરિચ્છેદ ૧૨ મો.

મુગ્ધાની મિઠ્ઠી વાતો.

કાકા પાસેથી પાછા ફરેલા મૂળરાજને પુનઃ સિંહદ્વારમાં કોઇએ અટકાવ્યો નહિ. અત્યારે રાત્રિનો ત્રીજો પ્રહર પૂરો થવા આવ્યો હતો અને પરોઢનો શીતળ વાયુ પ્રારંભાતો હતો, તોપણ સિંહદ્વારના પહેરેગીરો સંપૂર્ણ સાવધાનતાથી પોતાની નોકરીપર રહ્યા હતા. પહેરેગીરોમાંનો મોટો ભાગ મદ્યનો વ્યસની હતો અને વળી આગલે દિવસે ભાણુભાના સત્કારનિમિત્તે ઉત્સવ પાળવામાં આવેલો હોવાથી રાજમહાલયમાં પાણી કરતાં વધારે મદ્યનો ઉપયોગ થયો હતો, તોપણ જસપાલના આકરા હુકમને લીધે પહેરેગીરો રોજ કરતાં પણ વધારે સાવધ રહ્યા હતા. પાછલો પહોર થતાં ઉંઘી જવાની તેમને હમેશની ટેવ હતી, તે પણ આજે છોડી દેવાની તેમને ફરજ પડી હતી.

સિંહદ્વાર વટાવીને મૂળરાજ સીધો મહાલય તરફ આગળ વધ્યો. જે માર્ગે તે પહેલાં ગયો હતો, તે જ માર્ગે તે ચાલ્યો. એક સીઢી ચડીને તે જરા આગળ ગયો એટલે પૂર્વપરિચિત અગાસી આવી. અગાસીમાં પહોંચીને તે જરા થોભ્યો. આ વખતે અહિપતનું રોદન શ્રવણગોચર

થતું નહોતું. ચોપાસ શાન્તિ વિસ્તરી રહેલી હતી. કોઈ મનુષ્ય ક્યાંય ફરકતું દેખાતું નહોતું. રાત્રિ શૂન્યમૂન્ય આગળ વાધ્યે જતી હતી. મૂળરાજ અગાસીમાં આગળ ચાલ્યો, એટલામાં પાછળથી શબ્દ સંભળાયો: " ભાણુભા ! એમ ચાલ્યા ક્યાં જાઓ છો ? "

મૂળરાજે પાછું વાળીને જોયું તો ચઉલા પોતા તરફ આવતી જણાઈ ! મૂળરાજ જરા આશ્ચર્ય પામ્યો અને ખાસ કરીને ચઉલાના શબ્દોનો પ્રતિકારક ધ્વનિ તેને ખમચાવીને ઊભો રાખનારો નીવડ્યો. ચઉલા જરા પાસે આવી એટલે મૂળરાજ બોલ્યો: " કેમ, ચઉલાદેવી ! મારો કાંઈ અપરાધ થયો છે ? "

મૂળરાજના પ્રશ્ને ચઉલાના મુખમાંથી મન્દ સ્મિત સ્ફુરાવ્યું. જાણે કે તે મૂળરાજની નબળી સ્મરણશક્તિનું હાસ્ય કરતી હોય, તેવી રીતે બોલી: " બસ ! આવાં ને આવાં વચન પાળો છો કે ? "

" વચન ? " મૂળરાજ વધારે આશ્ચર્ય પામ્યો અને બોલ્યો: " મારૂં વચન ? મારૂં વચન કદાપિ અફળ નિવડે નહિ, પણ મેં તો તમને કશું વચન આપ્યું નથી ! "

" બસ, થઇ રહ્યું ? તમે પણ દુષ્યન્ત જેવા ભૂલકણા જણાઓ છો ! "

આ ટોણો સાંભળીને મૂળરાજના આશ્ચર્યનો પાર જ રહ્યો નહિ. દુષ્યન્ત કણ્વ ઋષિના આશ્રમમાં શકુન્તલાને પરણ્યો હતો અને થોડા વખતમાં જ તેને વિસરી ગયો હતો. શકુન્તલા દુષ્યન્તની સમક્ષ હાજર થતાં તે તેને ઓળખી પણ શક્યો નહિ, તેમજ પોતે પૂર્વે પરણ્યો હતો. તે વાત તેને સાંભરી પણ નહિ. એવા જ પ્રકારની વિસ્મૃતિ પોતાને થઈ કે શું. એવી ભ્રમણા મૂળરાજને ચઉલાના શબ્દોથી થઈ. દુષ્યન્તની પેઠે પોતે કાંઈ ચઉલાને પરણ્યો નહોતો કે તેને પરણવાનું વચન આપ્યું નહોતું, તો પછી ચઉલા પોતાને દુષ્યન્તના જેવો ભૂલકણો કેમ કહે છે તે જ મૂળરાજ સમજી શકયો નહિ. તે બોલ્યો: " હું દુષ્યન્તના જેવો ભૂલકણો ? ચઉલાદેવી ! આ તમે શું કહો છો ? "

" હું બરાબર કહું છું. " ચઉલા જરા વિશેષ હાસ્ય સ્ફુરાવતી બોલી:

"થોડી વાર પહેલાં તમે અહીંથી ગયા ત્યારે તમે એક વચન આપી ગયા હતા અને અત્યારે તમે ભૂલી ગયા છો!"

મૂળરાજ વિચારમાં પડી ગયો. તે સ્મરણશક્તિને કસી જોવા લાગ્યો, પરન્તુ પોતે ચઉલાદેવીને કાંઇ વચન આપ્યું હોય એવું સાંભર્યું નહિ. તે બોલ્યો: "હવે હું કબૂલ કરૂં છું કે કદાચ મેં તમને કાંઇ વચન આપ્યું હશે, પણ અત્યારે તે મને સાંભરતું નથી."

"મારા એક પ્રશ્નનો જવાબ તમારે મને આપવાનો છે."

"કયો તે પ્રશ્ન?"

"પ્રશ્ન એ જ કે મહારાજે રાજ્ય આપને જ સોંપ્યું છે, એટલે તમે તો પ્રજાનું પુત્રવત્ પાલન કરશો ને?" ચઉલાએ પોતાનો પ્રશ્ન પુનઃ કહી સંભળાવ્યો.

"હા, હા," મૂળરાજ હસીને બોલ્યો: "તમારો એ પ્રશ્ન છે ખરો, પણ તેનો જવાબ તમે અત્યારે માંગી શકો નહિ, ચઉલાદેવી! તેનો જવાબ આવતી કાલે આપવાનું મેં તમને વચન આપ્યું છે અને તે વચન હું અવશ્ય પાળીશ." એમ કહી મૂળરાજે આગળ ચાલવાને પગ ઉંચક્યો.

ચઉલા બોલી: "ઊભા રહો, ભાણુભા! ઊભા રહો! એ આવતી કાલ થઇ ચૂકી તે કેમ ભૂલી જાઓ છો? રાત્રિનો ત્રીજો પ્રહર વીતી ગયો અને હમણાં ચોથા પ્રહરનાં ચોઘડીયાં વાગશે. માટે અત્યારે મારા પ્રશ્નનો જવાબ માંગવાનો મને અધિકાર છે."

મૂળરાજ મ્હાત થઇ ગયો અને પ્રશ્નનો જવાબ આપવામાં તેને મોટો વિચાર થઇ પડ્યો. થોડો વખત પોતે બહાર જઈ આવ્યો એટલામાં તો દિવસ બદલાઇ ગયો એવું ભાન થતાં તે સ્તબ્ધની પેઠે ઊભો રહ્યો. તેને મૌન રહેલો જોઇને ચઉલા બોલી: "જવાબ આપતાં કેમ અચકાઓ છો, ભાણુભા?"

"તમને શો જવાબ આપવો તેનો વિચાર કરૂં છું."

"જે જવાબ આપતાં આટલો વિચાર કરવો પડે તેમ હોય, તે જવાબ ખુલ્લા હૃદયનો નહિ, પણ ગોઠવી રાખેલો હોય; અને એવો જવાબ આપવો જ હોય, તો તે મને નથી જોઇતો."

"નહિ, નહિ, જવાબ તો ખુલ્લા હૃદયનો જ મળશે, પણ તે થોડો વખત ગુપ્ત રહેવાની જરૂર છે. તમે તે ગુપ્ત રાખી શકશો?"

"વિશ્વાસ ન આવતો હોય, તો કહેશો જ નહિ."

"તમારા પર મને વિશ્વાસ છે, પણ બીજાં ઘણાં ઉપર નથી. કદાચ તમારી પાસેથી એ વાત કઢાવવાનો કોઇ યત્ન કરશે."

"તો પછી એક ક્ષત્રિયકન્યાના ક્ષત્રિયત્વ ઉપર તમને વિશ્વાસ નથી."

"અવિનયને માટે પહેલેથી ક્ષમા માંગીને કહું છું કે મને અબળા જાતિ ઉપર જ વિશ્વાસ નથી!" મૂળરાજે ખુલ્લા હૃદયથી કહ્યું.

ચકુલાના વદન ઉપર ગાંભીર્ય તરી આવ્યું. તે ઠાવકું મ્હોં રાખીને બોલી: "કેમ વારૂ?"

"સ્ત્રીઓના સ્વભાવમાં જ કેટલાક એવા દોષો હોય છે કે ગમે તેવી સદ્ગુણી સ્ત્રીની બુદ્ધિ અને સ્વભાવ ઉપર સંપૂર્ણ વિશ્વાસ મને આવતો નથી. તમે સદ્ગુણી છો અને સાચાં ક્ષત્રિય કુમારી છો, તેથી મને તમારા પર વિશ્વાસ છે, પરન્તુ રાજનીતિકુશળ પુરૂષોની પ્રપંચબાજી આગળ તમે હારી જાઓ, એવો મને ભય છે અને તેથી મારા હૃદયની વાત કહેતાં મને સ્ત્રીજાતિ ઉપર સંપૂર્ણ વિશ્વાસ નથી એમ હું કહું છું."

ચકુલા હસી અને બોલી: "બહુ લાંબી દૃષ્ટિ પહોંચાડી, ભાણુભા! પણ એ પ્રકારની સ્ત્રીજાતિમાં હું કદાચ અપવાદરૂપ હોઉં તો?"

"મને તમે એવા અપવાદરૂપ નથી જણાયાં."

"ત્યારે હવે ખુલ્લા મનથી મને મારા દોષ કહો."

"કોઇને મ્હોંએ કોઇના દોષ કહેવા એ વ્યવહારની નીતિથી વિરૂદ્ધ છે."

"પણ હું તો તમારે મુખેથી મારા દોષ સાંભળ્યા પહેલાં અહીંથી તમને જવા દેવાની નથી."

"તમારો એટલો આગ્રહ છે, તો કહીશ. તમે તમારી માસીને આશ્રયે રહ્યાં છો, છતાં તમે તમારી માસીની નિંદા મારે મુખે કરી."

"એ નિંદા નહોતી, ભાણુભા! જે સત્ય વાર્તા હતી તે જ મેં તમને કહી હતી."

"પણ એ સત્ય વાર્તા તમારા આશ્રયદાતાના હિતને હાનિ કરનારી હતી, છતાં તે તમે મને કહી; એ શું તમે સારૂં કર્યું ?"

ચઉલા હિંમતપૂર્વક ભાર દઇને બોલી: "અલબત્ત, તે મેં સારૂં કર્યું છે, ભાણુભા! મને એકને આશ્રય આપનારાંઓ અનેકને હાનિ કરતાં હોય તો તેવાં આશ્રયદાતાઓની પ્રશંસા હું કદાપિ કરૂં નહિ! શું મારા એકના હિતને માટે હું તેમના જૂઠા ગુણ ગાઉં ? અને તેવા ગુણ હું ન ગાઉં તો શું મેં તેમની નિંદા કરી કહેવાય? ભાણુભા! આવી વ્યવહારની નીતિ તમને કોણે શીખવી? આપના ગુરૂ કોણ હતા?"

"સૂર્યદત્ત મહારાજ પાસેથી મેં સર્વ વિદ્યાઓ સંપાદન કરી છે; પણ તમારા કથનમાં મને વધારે તત્ત્વ રહેલું સમજાય છે. હું સમજ્યો કે મામાનો રાજ્યકાર્યભાર તમને પણ પસંદ નથી."

"બિલકુલ પસંદ નથી; પણ હું શું કરી શકું તેમ છે? રાણીની એક ગરીબડી ભાણેજનું રાજ્યમાં શું ચાલી શકે તેમ છે? સાચું કહું ભાણુભા? મને તો ચૂલામાંથી નીકળીને હોલામાં પડવા જેવું લાગવા માંડ્યું છે."

"કેમ વારૂ?"

"પિતાને ત્યાં હું બહુ દુઃખમાં પડી હતી તે તમે જાણો છો. દુષ્ટ રાંકવાટના ભયમાંથી મુક્ત થવાને હું માસીના આશ્રયે આવીને રહી છું, પણ અહીં તો મદ્ય, વિષય, જુગાર અને કપટબાજી પૂર જોસમાં પ્રવર્તે છે! મને હવે તો મારી પવિત્રતાના સંરક્ષણનો પણ ભય લાગવા માંડ્યો છે! એ રાજ્ય તરફ કોણ પસંદગી બતાવે? જો મારૂં સાંભળે તો હું તો માસીબાને અને માસાજીને ખુલ્લું કહી દઉં, પછી ભલે મને રાજ્યમાંથી હાંકી કાઢે!"

"સાબાશ! ચઉલાદેવી! આટલી નાની વયે તમારામાં આટલી સમજ, આટલી હિંમત અને આટલી સત્યપ્રિયતાના ગુણો હશે એવું હું માનતો નહોતો! હવે હું માનીશ કે હાલની સ્ત્રીજાતિમાં તમે એક અપવાદરૂપ છો અને મારે મારા હૃદયની બધી વાતો તમને કહેવામાં કાંઈ

ભય કે સંકોચ રાખવો જોઇતો નથી." મૂળરાજ એ બાળાના તેજમાં ફીક્કો પડી જતો હોય—એ બાળાના ડહાપણની આગળ પોતે પરાજય પામતો હોય તેવી રીતે બોલ્યો.

"હજી પણ તમને મારા પર અવિશ્વાસ હોય, મારી બુદ્ધિનો ભરોસો ન હોય તો મને તમારી ગુપ્ત વાર્તા ન કહેશો."

"નહિ, હવે તો હું તમને કહીશ જ ચઉલાદેવી! મામાએ મને રાજ્ય સોંપ્યું છે, જસપાલ એ અભિષેકક્રિયાને મામાની રમત માનીને મને સમજાવે છે કે મારે રાજમુકુટ પાછો સોંપી દેવો, તે ઉપરથી તકરાર નહિ કરવાની ખાતર રાજ્યનો લોભ છોડી દેવા એક વાર હું તૈયાર થઇ ગયો હતો, પરન્તુ ચઉલાદેવી! આ થોડા વખતમાં મારી ખાત્રી થઇ છે કે હવે મામાના હાથમાં જેમ વધારે વાર રાજ્યની લગામ રહેશે, તેમ રાજ્યને, રાજ્યના વિસ્તારને, પ્રજાના હિતને, રાજ્યના ધનકોષને અને પરદેશોમાંની ગુર્જરેશ્વરની પ્રતિષ્ઠાને વધારે હાનિ પહોંચશે; અને તેટલા માટે અનાયાસે હાથમાં આવેલો રાજમુકુટ પાછો નહિ સોંપવાનો મેં મારા મનથી નિશ્ચય કર્યો છે."

"એ નિશ્ચય યોગ્ય જ છે, ભાણુભા! પણ કદાચ કચેરીમાં જ કાંઇ તકરાર ઊભી થશે તો?"

મૂળરાજ એ પ્રશ્નનો જવાબ આપે તે પહેલાં તો અંધકારમાં કોઇ કાળી આકૃતિ તે તરફ આવતી દેખાઇ અને મૂળરાજ ચઉલાના પ્રશ્નનો ઉત્તર નહિ આપતાં તે તરફ જોતો મૌન ઊભો રહ્યો. પેલી કાળી આકૃતિ થોડાંએક ડગલાં દૂર રહી એટલે મૂળરાજે પ્રશ્ન કર્યો: "કોણ આવે છે એ?"

એ આકૃતિએ ઉત્તર આપ્યો: "દાસી."

"નામ?"

એટલામાં તો 'દાસી' મૂળરાજની તદ્દન નિકટમાં આવી અને તેણે પ્રશ્ન કર્યો: "ભાઇ! ચઉલાદેવી ક્યાં મળશે?"

ચઉલા એ પ્રશ્નથી નવાઇ પામી. પોતાને દાસી તરીકે ઓળખાવનારી સ્ત્રી ચઉલાદેવી પાસે ઊભેલી હોવા છતાં તેને ઓળખી શકે નહિ એ જ

ચકુલાની નવાઇનું કારણ હતું. મૂળરાજે પ્રશ્ન કર્યોઃ "તું દાસી છે અને ચકુલાદેવી ક્યાં મળશે તે જાણતી નથી?"

પદ્માએ સ્વરપરથી મૂળરાજને ઓળખ્યો. તે બોલીઃ "એ કોણ, મહારાજ મૂળરાજ છે?"

"હા; પણ હું તને ઓળખતો નથી."

"પાસે ઊભેલાં બાઇ કોણ છે?"

"તે જ ચકુલાદેવી છે."

"ક્ષમા કરજો બ્હેન! હું આપનું નામ જ માત્ર જાણતી હતી; આપને ઓળખતી નહોતી. મહારાજ મૂળરાજને મળવા માટે જ હું પહેલાં આપને મળવા માંગતી હતી, પરન્તુ દૈવકૃપાએ ઉભયનો મને અહીં જ મેળાપ થઇ ગયો. મહારાજ! મને ઓળખો છો?"

"ના બાઇ! હું તને ઓળખતો નથી."

"હું પદ્મા!"

"પદ્મા?! તું અહીં અને આ વેશમાં? મને શામાટે મળવા માંગતી હતી વારૂ?"

"થોડું ગુપ્ત કામ છે."

"ગુપ્ત હોવા છતાં તે ચકુલાદેવીથી ગુપ્ત ન જ હોય."

"ત્યારે સાંભળો, મહારાજ! બીજ સોલંકી અને દત્ત મહારાજને હું બંધ પાલખીઓમાં લાવી છું. સિંહદ્વારમાં પહેરેગીરોએ પાલખીઓ અટકાવી છે. મહારાજાની મુદ્રિકાની નિશાની હોય તો મને જવા દેવાની પહેરેગીરો હા કહે છે. મહારાજાની મુદ્રિકા મેળવવાને મિશે હું અહીં આવી છું."

"શું કાકા અને દત્ત મહારાજ મને મળવા માંગે છે?"

"હા, પણ જો કાંઇ તકલીફ પડે તેવું હોય તો મળ્યા વિના ચાલે તેમ છે. તેમણે એક માત્ર સંદેશો કહાવ્યો છે."

"ત્યારે મને એ સંદેશો જ કહો."

"પ્રભાતમાં રાજકચેરીમાં આપ સિંહાસન ઉપર બિરાજો તે વે-

ળાએ આપે આપનાં રાજનીતિનાં સૂત્રો જાહેર કરવાં જોઇશે અને એ સૂત્રો, તેમ જ તુરતમાં પણ કરવાયોગ્ય બીજાં કાર્યો તથા ફેરફારો, એ સઘળું આ પત્રમાં લખેલું છે, તે પત્ર આપને હું આપું છું. એ પત્રમાં લખ્યા પ્રમાણે જ સઘળું આપે કરવાનું છે એવી કાકાશ્રીની તથા દત્ત મહારાજની સૂચના છે."

"બસ, એટલું જ ને? તો લાવ એ પત્ર, અને તું જલ્દી પાછી જા. પેલી પાલખીઓને કાંઈ યુક્તિથી સહીસલામત રીતે પાછી ઉચકાવી જા."

"ભલે; વહેલા પ્રભાતમાં કાકાશ્રી વગેરે આપને અવશ્ય મળશે."

"બહુ સારૂં; પણ તું જલ્દી જા. જો પહેરેગીરો પાલખીનો પડદો ઉંચો કરશે અને કાવતરૂં જોશે તો તોફાન થઇ પડશે."

"જઉં છું મહારાજ." પદ્માએ ત્યાંથી પાછા ફરવા માંડ્યું.

"પણ રહે. પહેરેગીરોને શું બ્હાનું બતાવીને તું પાલખીઓ પાછી લઇ જઇશ?"

"બ્હાનું મારી પાસે તૈયાર છે. પહેરેગીરોને મેં સમજાવ્યું છે કે તેમાં મહારાજાની માનીતી બે સ્ત્રીઓ છે અને આ પત્ર તે તેમની છબીઓનું ચિત્રપટ છે. હવે હું કહીશ કે મહારાજે કાલે એ સ્ત્રીઓને મળવાનું કહ્યું છે અને તેથી પાલખીઓ પાછી લઇ જવાની છે."

મૂળરાજ હસ્યોઃ "ઠીક બ્હાનું શોધ્યું છે. પદ્મા! તેં પણ આજે અણધારી સેવા ઠીક બજાવી છે."

"મહારાજ! આપે મને જીવિતદાન દીધું છે તે જોતાં મારી સેવા કાંઇ જ વિસાતમાં નથી."

"એમ બોલતી પદ્મા ઉતાવળે પગલે પાછી ચાલી ગઇ અને પોતે યાદ રાખેલી ગોળ પત્થરની સીઢીદ્વારા નીચે ઉતરીને સિંહદ્વારમાં આવી. પોતે ગોઠવી રાખેલું બ્હાનું પહેરેગીરોને બતાવીને પાલખીઓ ઉપડાવી તે ત્યાંથી પાછી ચાલી ગઈ.

મૂળરાજે પેલો પત્ર ઉઘાડ્યો પરન્તુ ચોપાસ વ્યાપી રહેલા અંધ-

કારને લીધે કશું વાંચી શકાયું નહિ. ચઉલા બોલી: “દીવો લાવું? પત્ર વાંચવો છે?”

“જો એટલી તસ્દી લ્યો, તો પત્ર વાંચવાની મારી અધીરાઇ તુરત શમી જાય.”

ચઉલા ત્યાંથી પોતાના આવાસ તરફ ઉતાવળે ચાલી–મૂળરાજની દૃષ્ટિની બહાર જતાં તો તે ખરેખર દોડી જ. ક્ષણાર્ધમાં તે પોતાના શય્યાગૃહમાંથી દીપક–અગાશીમાંના મન્દ પણ ખુલ્લા પવનથી તે હોલવાઇ જવાના ભયથી પવનની દિશાએ આડો હાથ રાખીને–લાવી. મૂળરાજની પાસે આવી તે દીવો ધરી રહી અને દીવાના પ્રકાશમાં મૂળરાજ તે આખો પત્ર વાંચી ગયો. વાંચી રહ્યા પછી તે સંતોષ દર્શાવતો બોલ્યો: “અહો! કાકાશ્રીએ અને દત્ત મહારાજે કેટલી ચતુરાઇથી આ રાજનીતિનાં સૂત્રો ગોઠવ્યાં છે? હું સ્હવારમાં કચેરીમંડળમાં મારાં સૂત્રો જાહેર કરીશ અને કેટલાક ફેરફારો બહાર પાડીશ, તે સાથે જ પ્રજામાં, લશ્કરમાં અને સર્વ કોઇમાં સંતોષ તથા આનંદ સ્ફુર્યા વિના રહેશે નહિ. જુઓ તો ચઉલાદેવી!” એમ કહેતાં મૂળરાજે એ પત્ર ચઉલાદેવીની સામે ધર્યો.

ચઉલા બોલી: “અમે અબળા એ રાજનીતિમાં શું સમજીએ?”

“નહિ, નહિ, હું તમને કહી ચૂક્યો છું કે અબળા જાતિમાં તમે એક અપવાદરૂપ છો.”

“ભાણુબા! તમે તો ભોળા છો. તમારી રાજનીતિ તો તમારી ગુપ્તમાં ગુપ્ત વસ્તુ હોવી જોઇએ, તે તમે આમ ખુલ્લી કરો છો, તે બહુ જોખમભરેલું છે હો!”

“હું તે સમજું છું; પરન્તુ તમારી પાસે હું તે ગુપ્ત નહિ જ રાખું! તમારા ઉપર મને જરાએ અવિશ્વાસ ઉત્પન્ન થતો નથી, કોણ જાણે શાથીએ તમારી પાસે મારી સઘળી ગુપ્ત વાતો કહી દેવાનું મને મન થાય છે, માટે જરા પણ અંદેશા વિના આ પત્ર તમે વાંચી જુઓ.”

ચઉલાએ મૂળરાજના નિષ્કપટ ઉદ્દગારોની પ્રતીતિ પછી જ એ પત્રની સામે નજર કરી અને તે આખો પત્ર વાંચ્યો. વાંચી રહ્યા પછી તે થોડી વાર

અવાક્ રહી. મૂળરાજે પૂછ્યું: "કહો કેવી સરસ ગોઠવણ કરી છે ?"

"આપને તો એમાં કાંઇ દોષ દેખાતો નથી ને ?" ચઉલાએ સામો પ્રશ્ન કર્યો. તે જ ક્ષણે દીવો પવનથી હોલવાઇ ગયો.

"બિલકુલ નહિ. પણ તમને તેમાં કાંઇ દોષ દેખાતો જણાય છે."

"તેમાં માત્ર એક જ દોષ છે."

"શું ?"

ચઉલાએ મૂળરાજના કાનની નજીક મ્હોં લઇ જઇને અશ્રાવ્ય રીતે થોડા શબ્દો માત્ર ઉચ્ચાર્યા. મૂળરાજ તે સાંભળીને બહુ જ નવાઇ પામ્યો. તે બોલ્યો: "પણ તેનું કારણ ?"

"કારણ એ જ કે તેનામાં હું નખથી શિખાપર્યંત દમ્ભ જોઉં છું અને ભવિષ્યમાં તે જ આપના નાવને મધ્યદરિયે ડુબાવશે." ચઉલા બોલી. એટલામાં પવનની એક વેગવતી લહરિ આવી અને દીવો હોલવાઇ ગયો. પુનઃ ચોપાસ એકસરખો અંધકાર પ્રસર્યો.

મૂળરાજ તો ચઉલાના ગુપ્ત કથનથી ઉંડા વિચારમાં પડી ગયો હતો. સ્થિર મૌન ઊભા રહીને કેટલીક ક્ષણોસુધી તેણે વિચાર કર્યા કર્યો. વિચારને અન્તે મૂળરાજ બોલ્યો: "ચઉલાદેવી ! મને તમારો વિચાર બરાબર લાગતો નથી."

"હું તો આપની પાસે વય તથા બુદ્ધિમાં બાળક કહેવાઉં. પછી તો આપની નજરમાં આવે તેમ કરજો. આજે તો મેં તમને બહુ વાર રોક્યા. ઉંઘ પણ આવતી હશે, માટે પધારો."

"ઉંઘ તો આજે ઉડી ગએલી છે, પણ તમારા અત્યારના પરિચયે મને ઘણું નવું શીખવ્યું છે. સૌરાષ્ટ્રની રાજબાળાઓ શું આટલી બધી ચતુર હશે ?"

"સૌરાષ્ટ્રમાં પ્રવાસ કરી આવો, એટલે ખબર પડશે, ભાણુભા !" એમ કહી ચઉલા પોતાના આવાસ તરફ ચાલતી થઇ અને મૂળરાજ પોતાના આવાસ તરફ ચાલ્યો.

પરિચ્છેદ ૧૩ મો.

ચઉલાની સમયસૂચકતા.

ચઉલા એક દિશાએ ચાલી અને મૂળરાજ બીજી દિશાએ ચાલ્યો, કે તુરત જ અગાસીના કઠેરાની બહાર એક પત્થરના થાંભલાની કોરણ ઉપર પગ મેલીને અદ્ધર અઢેલી રહેલો એક પુરૂષ કઠેરાને આસ્તેથી કૂદીને બિલાડીને પગલે ચઉલાની પાછળ ચાલ્યો. અંધકારમાં તેને કોઇ જોઇ શક્યું નહિ, તેમ જ તેણે પગલાંનો અવાજ જરા પણ થવા દીધો નહોતો એટલે ચઉલાનું ધ્યાન પણ તે તરફ ખેંચાયું નહિ. થોડેક દૂરસુધી ધીમે પગલે ચાલીને પછી તે ચઉલાને પકડી પાડવાને દોડ્યો અને તેની પાસે પહોંચતાં જ તેની પાછળથી તેના ખભાપર હાથ મેલ્યો.

ચઉલાએ ચમકીને પાછું વાળી જોયું તો તેણે એક ઉંચા પુરૂષને જોયો. તેણે બોકાની બાંધી લીધેલી હતી અને ભેટમાં નાનાં મોટાં ત્રણ–ચાર હથીયારો ખોસેલાં હતાં. તેના એક હાથમાં ખુલ્લી તલવાર હતી અને બીજો હાથ તેણે ચઉલાના ખભા ઉપર મેલ્યો હતો. ચઉલા તેને ઓળખી શકી નહિ અને તેના હાથને પોતાના ખભા ઉપરથી તરછોડતી એકદમ દૂર ખસીને ઊભી. તે ગુસ્સો દેખાડતી બોલીઃ “ કોણ છો તમે ? જરા મરજાદથી વર્તો ! ”

“ મને ન ઓળખ્યો ચઉલાદેવી ? હશે, ઓળખાણની કાંઇ જરૂર નથી; પણ ભાણુભાએ પેલો પત્ર તમને વંચાવ્યો, તેમાં શું હતું તે મને કહો. ”

ચઉલાને ફાળ પડી. તેણે મનમાં વિચાર્યુંઃ “ હાય ! હાય ! આ તો સત્યાનાશ વળી ગયું ! ભાણુભા સાથે થએલી બધી વાતચીત આ રડ્યાએ ક્યાંક છુપાઇ રહીને સાંભળી લાગે છે ! જે વાત છાનામાં છાની હતી તે એકાએક સૌ કોઇના જાણવામાં આવ્યા વિના રહેશે નહિ અને અગાઉથી એ વાત જાહેર થઈ જતાં ભાણુભાની સઘળી ધારણાઓ અફળ જશે, એટલું જ નહિ, પણ તેમનો જીવ જોખમમાં આવી પડશે ! હવે હું શું કરૂં ? ”

ચઉલાને વિચારવિવશ સ્થિતિમાં મૌન ઊભી રહેલી જોઇને એ પુરૂષ બોલ્યો: "એમાં વિચાર શું કરો છો ચઉલાદેવી? હું પૂછું છું તેનો જવાબ તમારે આપવો જ પડશે અને જો જવાબ નહિ આપો તો એક રાજદ્રોહી બાળાને કરવી જોઇતી શિક્ષા મારી તલ્વાર અહીં ને અહીં જ કરશે!"

ગભરાટથી ચઉલાને આખે શરીરે પ્રસ્વેદ છૂટચો. તે ભારે સંકડામણમાં આવી પડી હતી. સાચો જવાબ દેવાથી મૂળરાજની રાજનીતિ સમય કરતાં વહેલી ખુલ્લી પડી જાય તેમ હતું અને જૂઠો જવાબ આપવાથી ચાલી શકે તેમ નહોતું. કદાચ જૂઠો જવાબ ચાલ્યો જાય, તોપણ એ પુરૂષે સઘળી વાતચીત સાંભળ્યા પછી એ જૂઠા જવાબથી પણ કાંઇ અર્થ સરે તેમ નહોતું, કારણકે ગોઠવવામાં આવેલી સઘળી યોજના પડી ભાગવાનો જ સંભવ હતો. શું કરવું અને શું ન કરવું એ વિચારમાં તે હજી પણ કશું બોલી નહિ.

પેલો પુરૂષ આગળ બોલ્યો: "ચઉલાદેવી! મારી પાસે તમારી ચતુરાઇ ચાલવાની નથી. મેં તમારી બધી વાતચીત જાણી છે અને રાજદ્રોહીની સાથે તમે ભળ્યાં છો એવી મારી ખાત્રી થઇ ચૂકી છે. છતાં જો તમે મારૂં આટલું કામ કરશો તો તમારો જીવ બચશે, નહિતો મહારાજની આજ્ઞા છે કે કોઇ પણ રાજદ્રોહીના એક ઘાથી બે ટુકડા કરી નાંખતાં મારે જરા પણ વિચાર કરવો નહિ."

આ શબ્દો સાંભળીને તો ચઉલા ખડખડાટ હસી પડી! એ અંધકારમય શૂન્ય રાત્રિમાં તેનું અટ્ટહાસ્ય ભયજનક તો નહિ પણ પેલા પુરૂષને ચમકાવી નાંખનારૂં થઇ પડ્યું. થોડી ક્ષણ હસી રહીને ચઉલા બોલી: "હવે તમને ઓળખ્યા, સોહણરાજ! અત્યારસુધી હું તમારો સ્વર ઓળખી શકી નહોતી, પછી જવાબ કેમ આપું? એમ હરકોઇ અજાણ્યા માણસને છાનામાં છાની વાત કહી દઉં તો મને માસીબાના ઠપકો શું ન સાંભળવો પડે?"

"પણ હવે તો મને ઓળખ્યો ને?"

"હા; તમે મહારાજ તરફના માણસ છો એવી મારી ખાત્રી થઇ, એટલે હવે હું તમને બધીએ વાત કહીશ. પણ એક વાર તમારી આ તલ્વાર મ્યાનમાં નાંખી દો; આ અંધકારમાં હું તો તેનો ચમકારો જોઇને જ થરથરી જઉં છું."

સોહણરાજ સ્મિત કરીને તલ્વારને મ્યાનમાં નાંખતો બોલ્યોઃ "બસ કે? ક્ષત્રિયની બાળા ખુલ્લી તલ્વાર જોઇને શું થરથરી જાય?"

"એ તો તમારા જેવા શૂરા ક્ષત્રિયનો પરિચય થયો હોય, તો જ ધીમે ધીમે હિંમત આવે; તે વિના મારા જેવી અબળાને આ અંધારામાં બ્હીક તો લાગે જ ને?"

સોહણરાજના મ્હોંમાં જરા પાણી આવ્યું. તેને પોતાના શૌર્યની પ્રશંસા બહુ ગમી. તે બોલ્યોઃ "પણ ભાણુબા સાથે વાત કરતાં તો બહુ હિંમત બતાવતાં'તાં!"

"જેમ તેમ કરીને એવી હિંમત ન બતાવીએ તો પછી ભાણુબાના પેટમાંથી બધી વાત કેમ નીકળે?"

"ત્યારે શું તમે ભાણુબાના પેટમાંથી વાત કઢાવવાને જ આ બધું કર્યું?"

"એમ નહિ તો બીજું શું?"

"તમારૂં બોલવું સાંભળીને મને તો એવું લાગ્યું કે તમે ભાણુબાના પક્ષમાં ભળી ગયાં છો!"

"વાહરે વાહ સોહણરાજ! તમે શૂરા ખરા પણ બુદ્ધિમાં તો મારા જેવા જ દેખાઓ છો! જરા એટલો તો વિચાર કરવો'તો કે હું ગુર્જરેશ્વરીની ભાણેજી છું!"

"હા, હા, એ વાત ખરી! ત્યારે તો તમે ચતુરાઇથી આ બધું મહારાજનું જ કામ કર્યું! ઠીક, ઠીક. તમારી આ ચતુરાઇની વાત સાંભળીને મહારાજ બહુ જ પ્રસન્ન થશે."

"શું મહારાજની આજ્ઞાથી જ તમે ભાણુબાની પાછળ ભમતા હતા?"

"તમને ખબર નહિ હોય. મારા ભાઈ બીલ્હણને ભાણુબાએ ઘા-

ચલ કર્યો છે અને તેથી મહારાજ બહુ ગુસ્સે થઇ ગયા છે. ભાણુભાનું કાવતરૂં પણ તે જાણી ગયા છે અને તેથી અમને ત્રણ જણને ભાણુભાની, બીજ સોલંકીની, સૂર્યદત્તની અને જંબકની હીલચાલ ઉપર નજર રાખવાનું ફરમાન તેમણે આપ્યું છે. હું સિંહદ્વારમાં જ છુપાઇને બેઠો હતો અને ભાણુભા અંદર આવ્યા એટલે તેમની પાછળ પાછળ ચાલતો હતો. તે અહીં થોભ્યા અને આટલામાં ક્યાંય છુપાવાની જગ્યા મળી નહિ એટલે નીચે જઇને થાંભલાપર ચડી અગાસીના કઠેરાની બાજુએ છુપાઈ રહ્યો હતો. એ રીતે મને બધી વાતચીત સાંભળવાની તક મળી. હવે આ વાત મારે મહારાજને અને મંત્રીશ્વરને ઉતાવળે નિવેદન કરવાની છે. તમે પેલો પત્ર વાંચ્યો તેમાંની વિગત હવે તમે મને કહો."

"પણ તમે મને આ વાત કહી, તે ઉપરથી મને બ્હીક લાગે છે. જેમ તમે એ બધી વાત છુપાઇને સાંભળી, તેમ આપણી વાત ભાણુભાનો કોઇ માણસ છુપાઇને સાંભળતો હશે તો? માટે અત્યારથી વધારે સાવધ બનવાની જરૂર છે."

"હા, આપણે હવે જરા ધીમેથી વાતચીત કરીએ."

"એમ શામાટે? આ ખુલ્લા રસ્તામાં ઊભાં રહીને વાત કરવાને બદલે ચાલોને મારા ઓરડામાં! ત્યાં આપણી વાત કોઇ સાંભળે એવો સંભવ નથી અને વળી બીજું પણ કેટલુંક તમારા કામનું મારી પાસે છે તે હું તમને આપીશ."

"એમ? તમે બહુ ચતુર છો હોં ચઉલાદેવી! ત્યારે તો તમે ઘણા વખતથી સાવચેત બન્યાં લાગો છો!"

"હવે ચૂપ રહો, તમે મારી સાથે ચાલો. હું તમને ઘણી ઘણી નવી વાતો કહીશ." એમ કહી ચઉલાએ સોહણરાજની આંગળી પકડી અને તેને પોતાની સાથે લીધો. એ સુકુમાર બાળાનો કરસ્પર્શ સોહણરાજની વિષયી વૃત્તિને બહુ આનંદજનક લાગ્યો. એ ચતુર બાળાના પરિચયમાં રોજ થોડો સમય ગાળવાનો મળે તો કેવી મજાહ પડે એવી કલ્પના તેના ચિત્તમાં થયા વિના રહી નહિ. એક વાર તો તેણે એવું પણ વિચાર્યું કે

એ બાળા પોતાની સાથે પહેલી જ વાર આવી છૂટથી વર્તે છે અને વાતચીત કરે છે તો અવશ્ય પોતાની ઉપર તેનો સ્નેહ ઉતરતો હોવો જોઇએ.

એ જ વિચારમાં તે ચઉલાની સાથે ચાલ્યો. થોડાં ડગલાં ચાલતાં જ ચઉલાનો ઓરડો આવ્યો. ઓરડામાં પણ સર્વત્ર અંધકાર હતો, તેથી અંદર પેસતાં જ સોહણરાજનો પગ ઉંબરા સાથે અથડાયો અને તેને ઠેશ વાગી. સોહણરાજ પડતાં પડતાં રહી ગયો. ચઉલા જરા ગભરાઈ ગઇ અને બોલી: "ખમ્મા, સોહણરાજ! તમને ઠેશ વાગી? પગે વાગ્યું તો નથી?"

"ના, કાંઇ બહુ વાગ્યું નથી."

"રહો, હું દીવો કરી લાવું." એમ બોલતી ચઉલા હોલવાઇ ગએલો દીવો હાથમાં લઇને બહાર ગઇ. જો ચઉલાએ ધાર્યું હોત તો તે એ વખતે સોહણરાજના હાથમાંથી છટકી જઇ શકત; પરન્તુ એમ છટકી જવાથી કાંઇ હેતુ સરે તેમ નહોતું. સોહણરાજે જે વાતો સાંભળી હતી તે વાતો મહારાજને કે મંત્રીશ્વરને કહેવા માટે તે જઈ શકે નહિ તેમ કરવાની ચઉલાએ જરૂર માની હતી અને તેથી પ્રભાત થતાં સુધી સોહણરાજને કોઇ પણ રીતે છટકવા દેવો નહિ એવો ચઉલાનો ઇરાદો હતો. એ ઇરાદો પાર પાડવાને જ ચઉલાને પોતાની ચતુરાઇ અજમાવવી પડે તેમ હતું. જો પોતે છટકી જાય તો સોહણરાજે ચઉલા પાસેથી જાણવા માંગેલી વાત તેને મળી શકે નહિ એટલું ખરૂં, પરન્તુ જે વાત તે જાણી ચૂક્યો હતો તે પણ કાંઇ ઓછી ગંભીર નહોતી અને તેથી એ વાત પણ કોઇને કાને ન પહોંચવા પામે એમ કરવું ચઉલાને આવશ્યક લાગ્યું હતું.

થોડી વારમાં ચઉલા દીવો સળગાવીને પોતાના ઓરડામાં પાછી ફરી. સોહણરાજના પગ પાસે નીચે દીવો મેલીને તેણે કાળજીપૂર્વક જોયું તો જણાયું કે તેનું કમરે બાંધેલું સેલું એક છેડેથી ફાટી ગયું હતું. જાણે કે તે સોહણરાજને માટે બહુ જ લાગણી ધરાવતી હોય તેવી રીતે તે બોલી: "મારી ચામુંડા માએ મ્હેર કરી, સોહણરાજ! તમને ઠેશ વાગી અને જરા સેલું ફાટયું એટલેથી જ પત્યું; જો તમને પછાડ વાગી હોત તો

મોટો અનર્થ થાત! તમારા જેવા શૂરા યોદ્ધાને જરાક કાંઇ થાય તો મારો જીવ તો ટૂંકો ટૂંકો થઈ જાય! મારામાં હિંમત થોડી પણ શૂરા પુરુષોનાં વખાણ કરવાનું મને બહુ ગમે."

"એક ક્ષત્રિય કન્યામાં એ એક મોટો સદ્ગુણ લેખાય. જુઓને, કેટલાક મોટા સ્વયંવરોમાં રાજકન્યાઓ શૂરા પતિને જ પસંદ કરે છે, એ તો તમે જાણતાં હશો." સોહણરાજે ચઉલાના હૃદયનું એવી રીતે આકર્ષણ કરવાનો યત્ન કરવા માંડયો.

"તમારી પત્નીએ પણ તમને સ્વયંવરમાં જ પસંદ કર્યા હશે."

"ના, ના. મને તો નાની વયમાં મારા પિતાએ પરણાવેલો, પણ મારી માતા હવે મને બીજી સ્ત્રી પરણવાનો આગ્રહ કરે છે."

"એમ? ત્યારે તો તમે કોઇ બીજી ક્ષત્રિય બાળાને ભાગ્યવતી કરશો ખરા!" એમ બોલી ચઉલાએ સહજ કટાક્ષપૂર્વક સ્મિત કર્યું. સોહણરાજના હૃદયમાં એ કટાક્ષે ચીરો પાડયો. પોતાના જેવા શૂરા ક્ષત્રિયના ઘરને શોભાવે તેવી જ એ બાળા છે અને વળી એ બાળાનું હૃદય પોતામાં સંપૂર્ણ રીતે ઠર્યું છે, એવું સોહણરાજ હવે જોઇ ચૂક્યો હતો. ચઉલા પ્રત્યે એક પણ પ્રેમનો શબ્દ ઉચ્ચારવાનું ધૈર્ય હજી એ બતાવી શકે તેમ નહોતું, તોપણ તેના મ્હોમાં પાણી છૂટતું હતું અને કાળજામાં ગલીપીચી થયા કરતી હતી. આશાતુરતામાં તેનું મગજ આંદોલાયમાન થઇ રહ્યું હતું અને તેથી પોતે માથે ઉઠાવેલા કાર્યભારનું ક્ષણિક વિસ્મરણ પણ તે અનુભવતો હતો. ક્ષણમાં તેને પોતાનું કામ સાંભરી આવતું હતું, પરન્તુ બીજી જ ક્ષણે ચઉલાને માટે આનંદજનક વિચારરૂપી સ્વપ્નમાં તે મુગ્ધ બની જતો હતો. એટલામાં તેને વિશેષ મુગ્ધ બનાવનારો પ્રશ્ન ચઉલાએ પૂછયો: "અને સોહણરાજ! તમે તો ચાવડા ક્ષત્રિય ખરૂંને? ત્યારે મહારાજની અને તમારી પેઢી કેટલી દૂર?"

સોહણરાજ ઉત્સાહના ઉભરામાં બોલ્યો: "પેઢી દૂર શાની? મહારાજના પિતા, મારા પિતા અને ચક્રદેવ ચાવડા એ ત્રણે સગ્ગા ભાઇ!"

"એમ? ત્યારે તો રાજવંશ સાથે તમારો અત્યંત નિકટનો સંબંધ!"

એટલું બોલીને ચઉલા ચૂપ રહી ગઈ. હવે તો સોહણરાજ સમજ્યો કે પોતા પ્રત્યે ચઉલાનો સંપૂણ અનુરાગ ઉત્પન્ન થઇ ચૂક્યો હોવો જોઇએ. થોડી વાર ઉભયનું મૌન્ય ચાલ્યા પછી સોહણરાજે પ્રશ્ન કર્યો: "ચઉલાદેવી! હું એક પ્રશ્ન પૂછું તો તમે ગુસ્સો નહિ કરો?"

"તમારી ઉપર ગુસ્સો?! સોહણરાજ, ત્યારે તમે હજી મને પૂરેપૂરી ઓળખી શક્યા જણાતા જ નથી."

"ના, હું તમને ઓળખી શક્યો છું. તમે ચતુર છો અને માણસની ખરેખરી પરીક્ષા કરી જાણો છો. મારે તમને એટલું જ પૂછવાનું છે કે મહારાજની તથા મહારાણીની અનુજ્ઞા હોય, તો તમે મારૂં ઘર શોભાવશો ખરાં?" સોહણરાજ ઉત્તરને માટે ચાતકની પેઠે ચઉલાના વદનમંડળ તરફ નિહાળી રહ્યો.

ચઉલાએ આડું જોઇને મંદ સ્મિત કર્યું. એ સ્મિતમાં સોહણરાજને સાક્ષાત્ સ્વર્ગ દેખાયું! પોતાના સર્વ મનોરથો તેણે પાર પડી ગએલા જોયા! ચઉલા પોતાને સંપૂર્ણ રીતે ચાહે છે એવું તે સમજી ચૂક્યો. ચઉલા બોલી: "સોહણરાજ! તમે ભોળા છો. તમે વખત વિચારતા નથી. એ પ્રશ્નનો જવાબ મેળવવાનો આ તે કાંઇ વખત છે? જુઓને, રાજ્યમાં મોટી ઉથલપાથલો થવા બેઠી છે. એ બધું થઇ જવા દો, પછી બધુંએ થઇ રહેશે! ઉતાવળે કાંઇ આંબા પાકે નહિ!"

"બસ, બસ, તમારા શબ્દોથી મને સંતોષ થઇ ચૂક્યો. હવે હું તમને એ પ્રશ્ન ફરીથી નહિ પૂછું. તમે ખરેખરાં રત્નપરીક્ષક ઝવેરી જેવાં છો!"

"હવે એ વાત જવા દો અને તમે મારી પાસે કયા કામ માટે આવ્યા છો તે સંભારો." ચઉલાએ તેને આશારૂપી મધમાં સંપૂર્ણ રીતે પલાળ્યા પછી વાતચીતનો પ્રસંગ બદલાવ્યો.

"હા, એ વાત તો અત્યારસુધી હું વિસરી જ ગયો હતો. ચાલો, પેલા પત્રમાંની વિગત કહો જોઇએ.

"સાંભળો, એ પત્રમાં ભાણુભાએ સિંહાસન ઉપર બેસતાંની સાથે જ કયા કયા ફેરફારો અને સુધારાઓ રાજ્યમાં કરવા અને પોતાની કેવી

રાજનીતિ જાહેર કરવી તેનું નિરૂપણ હતું. લશ્કરના પગારમાં બે દામનો વધારો કરવાનું ઠરાવ્યું છે. સેનાનીઓને એક એક ગામ અને સેનાપતિને પાંચ ગામ બક્ષીસ આપી દેવાનું જણાવ્યું છે. જકાતમાં કાંઇક વધારો ઘટાડો કર્યો છે, સૂર્યદત્તને મંત્રીશ્વરની તથા જંબકને કોષાધ્યક્ષની પદવીઓ આપવાનું જણાવ્યું છે અને બીજા નાના મોટા કેટલાએ ફેરફાર લખ્યા હતા, તે બધાએ મને મ્હોંએ યાદ રહ્યા નથી.”

“એ તો હું સમજ્યો. પણ તમે ભાણુભાને પેલું કાનમાં શું કહ્યું હતું, તે કહો!”

“મેં કહ્યું હતું કે જેસલ જેવાને પાંચ ગામ આપશો તો તે પાણીમાં જશે.”

“બસ એટલું જ? મારા સોગંદ ખાઓ, જોઇએ!”

“તમારા સોગંદ મને આપો છો સોહણરાજ? તમારા ઉપર તો મારી મોટી આશાઓ રહેલી છે અને હું તમારા સોગંદ ખાઉં? હજી શું તમને મારા પર વિશ્વાસ નથી?”

“મેં ભૂલ કરી ચઉલાદેવી! મારા અવિચારમાટે તમે માઠું લગાડશો નહિ.”

“હું માઠું લગાડતી નથી, પણ તમે બહુ સરળ સ્વભાવના છો એમ તો દેખાઈ આવે છે. કહો, હવે તમારે મને કાંઈ પૂછવાનું છે?”

“ના; હવે હું જઉં છું અને આ બધી વાત મહારાજને તથા મંત્રીશ્વરને કહું છું.”

“એમ ઉતાવળા શાને થાઓ છો? હજી તો મારે તમને ઘણી વિગતો કહેવાની છે. હું ઘણા વખતથી આ કાવતરાની પાછળ પડેલી છું અને તેથી મારી પાસે તમને સોંપવાનું ઘણું ઘણું છે.”

“ત્યારે ઉતાવળે કહો, કારણકે પ્રભાત પહેલાં મારે બધુંએ મહારાજને કહેવાનું છે.”

“હવે જે કાંઇ છે તે કહેવાનું નથી, પણ સોંપવાનું છે.”

“શું સોંપવાનું છે?”

"કાંઇ ખાનગી કાગળપત્રો. એમની છૂપી ગોઠવણોની ખબર પડે એવા કેટલાક પત્રો મેં મેળવ્યા છે."

"એમ ? ત્યારે તો મને જલ્દી બતાવો ! તમારી એ દીર્ઘ દૃષ્ટિ અને ચતુરાઇને માટે મને અને તમને બન્નેને મહારાજ મોટું ઇનામ આપશે."

"મને કાંઇ ઇનામનો લોભ નથી. મારૂં ઇનામ તમે જ લેજો. આપણી વચ્ચે હવે ક્યાં અંતર રહ્યું છે ?" ચઉલાએ પોતાની નિર્લોભતા બતાવી અને આગળ કહ્યું: "એ પત્રો મેં એવી જગ્યામાં છુપાવ્યા છે કે કોઇના હાથમાં જ આવી શકે નહિ."

"ત્યારે એ પત્રો મેળવવાને આપણને અહીંથી બીજે ક્યાંય જવું પડશે ?"

"કાંઈ દૂર જવાનું નથી. આ બાજુના મારા સૂવાના ઓરડામાં જ ચાલો." એમ કહેતી ચઉલા દીવો હાથમાં લઇને ચાલી. સોહણરાજ તેની પાછળ પાછળ દોરાયો. પિત્તળની દીવી ઉપર દીવો મેલીને ચઉલા બોલી: "સોહણરાજ ! એક નાની નિસરણી જોઇએ !"

"કેમ વારૂ ?"

"જુઓ, ઉંચે જે રંજોટીઉં છે તેમાં એક સ્થળે એ પત્રો છુપાવેલા છે. એ રંજોટીયાના દાદરસુધી પહોંચવાને નિસરણી જોઇએ."

"આ રાતને વખતે ક્યાં નિસરણી શોધવા જવું ?"

"ત્યારે બીજી કેવી રીતે એટલે ઉંચે ચડી શકાય ? આ મારા ઢોલીયાપર ચડું તો મારો હાથ પણ દાદરસુધી પહોંચે નહિ ! પણ એક ઉપાય મને સૂઝે છે. તમારા ખભા ઉપર હું બેસી જઉં અને પછી તમે ઊભા થાઓ તો હું રંજોટીયા ઉપર ચડી જઈ શકું."

એ ગુલાબના ફૂલ જેવી કોમળ બાળાના દેહનો સ્પર્શ કે જેને સોહણરાજ દેવોને પણ દુર્લભ માનતો હતો, તે સ્પર્શનો પોતાને અણધાર્યો લાભ થાય એ તો તેને ઇષ્ટ જ હતું ! ચઉલાની એ સૂચના ઉપાડી લેવાને તે સત્વર તૈયાર થઈ ગયો અને બોલ્યો: "તો ભલે તેમ કરીએ; તમારો ભાર કાંઇ મને બહુ લાગવાનો નથી; પણ એક વાર ધારેલો હેતુ કોઇ પણ રીતે પાર ઉતારવો તેમાં જ ખરી મર્દાનગી સમાએલી છે.

ચાલો, બેસી જાઓ મારા ખભા ઉપર!" એમ કહેતો સોહણરાજ નીચે બેઠો. ચઉલા આડું જોઇને છૂપું છૂપું હસતી તેના ખભા ઉપર બેસી ગઈ! તે મનમાં બોલી: "બિચારો કેવો ગુલામ જેવો બની ગયો છે! પણ હજી એનો આટલેથી જ છૂટકો કરવો નથી! હજી તેની પાસે પૂરેપૂરી ગુલામગીરી કરાવવી છે અને સ્હવારસુધી તેને કેદમાં રાખવો છે."

ચઉલાને ખભે બેસાડીને સોહણરાજ ઊભો થયો તોપણ ચઉલા રજોટીયાના દાદરસુધી પહોંચી શકી નહિ. તેથી સોહણરાજ ઢોલીયા ઉપર ચડ્યો એટલે ચઉલા રજોટીયા ઉપર ચડી ગઇ. તે રજોટીયાના ઉંડાણમાં માથું નીચું રાખીને ચાલી, પણ તે બે ડગલાં પણ ચાલી નહિ હોય એવામાં એકદમ ચીસ નાંખીને દાદરમાંથી નીચે ઢોલીયામાં પડી! સોહણરાજ આ પ્રકારથી ગભરાયો અને "શું થયું? શું થયું?" એમ પૂછવા લાગી ગયો.

"સોહણરાજ! મને સાપે દંશ દીધો! ઓ બાપરે! હવે હું મરી જઇશ! સોહણરાજ! મને બચાવો!" ચઉલા ગભરાએલી સ્થિતિમાં બોલવા લાગી.

"શું સાપે દંશ દીધો? પણ હું તમને કેવી રીતે બચાવું? દોડતો જઇને વૈદ્યને બોલાવી લાવું? સાપ ઉતારનાર ગારૂડીની તપાસ કરવા માટે માણસ દોડાવું?" સોહણરાજ પણ ચઉલાને માટે મોટી ચિંતામાં પડતો બોલ્યો.

"અરેરે! ત્યાંસુધીમાં તો મારા આખા શરીરમાં વિષ ફેલાઈ જશે! હવે હું જરૂર મરી જવાની, સોહણરાજ! આપણી મનની મનમાં રહી જશે!" ચઉલા તરફડીયાં મારતી સંતાપ કરવા લાગી.

પ્રેમવિવશ બનેલા સોહણરાજના કલેજાના ટુકડે ટુકડા થઇ જવા લાગ્યા! ચઉલાની સાથે પોતાનું સઘળું ચૈતન્ય પણ હરાઇ જતું હોય એવો અનુભવ તેને થવા લાગ્યો. તે બોલ્યો: "ચઉલાદેવી! તમે ગભરાઓ નહિ. શું કરવાથી સર્પદંશનું નિવારણ થશે એ મને જલ્દી કહો."

"મહારાણીને જલ્દી ખબર પહોંચાડો. કોઇ એ દંશમાંનું વિષ ચૂસી ચૂસીને થૂંકી નાંખે, તો જ એ વિષ ઉતરી જશે અને મહારાણી એવી કાંઇ ગોઠવણ કરશે." ચઉલાએ ગભરામણને લીધે હાંફતાં હાંફતાં કહ્યું.

"અરે, એમ હોય તો હું પોતે જ એ વિષ ચૂસી લેવાને તૈયાર છું! બીજા કોઇની જરૂર નથી. તમારે માટે તો હું જીવ કાઢી આપવા પણ તૈયાર છું, ચઉલાદેવી! તમે જરા પણ ગભરાશો નહિ."

"નહિ, નહિ, સોહણરાજ! તમારા જેવા શૂરવીર યોદ્ધાને મારાથી એવું હલકું કામ કેમ બતાવાય?"

"તમારી અને મારી વચ્ચે તમારે હવે જરા પણ અંતર માનવાની જરૂર નથી. એક વાર ઉતાવળે કહો, તમને સર્પદંશ ક્યાં થયો છે?" કમળનું મધ ચૂસવાની આશાતુરતાથી કમળની આસપાસ ભ્રમણ કરી રહેલો એ મત્ત ભ્રમર બોલ્યો.

સોહણરાજનો પ્રશ્ન સાંભળીને ચઉલા મનમાં હસી. તેણે વિચાર્યું કે "એને મારા જમણા પગનો અંગૂઠો ચૂસાવું કે ડાબા પગનો અંગૂઠો ચૂસાવું? ભલે એ રડ્યો ડાબા પગનો અંગૂઠો જ ચૂસે; એને માટે મારો જમણા પગનો અંગૂઠો પણ ન હોય!" ખુલ્લી રીતે તે અકળામણ દાખવતી બોલી: "ડાબા પગને અંગૂઠે દંશ થયો છે! અરે, પણ ઉતાવળ કરો, મને ઉંઘ આવે છે; મારા શરીરમાં ઝેર ચડે છે!"

સોહણરાજ જાણે કે અમૃતનો પ્યાલો દૂર ચાલ્યો જશે એવી અધીરાઇથી રજોટીયાની ધૂળથી ખરડાએલો ચઉલાનો ડાબા પગનો અંગૂઠો ચૂસવા લાગી ગયો. ચૂસી ચૂસીને તે થૂંકી કાઢવા લાગ્યો. ચઉલાએ પહેલાં થોડી વાર સંતાપદર્શક બૂમો પાડી, પણ પછી તે શાંત રીતે ઉંઘતી હોય તેમ શ્વાસોચ્છ્વાસ બોલાવવા લાગી. સોહણરાજ સમજ્યો કે ઝેર ચડવા માંડ્યું હોય તેમ લાગે છે, માટે ઉતાવળે ઝેર ચૂસવા માંડવું જોઇએ અને તે તેમ કરવા લાગ્યો. ચઉલા છૂપું છૂપું હસતી એમ ને એમ ઢોલીયામાં પડી રહી!

પરિચ્છેદ ૧૪ મો.

મામાનો શિરચ્છેદ !

ચઉલાએ મૂળરાજના કાનમાં જે છૂપી સૂચના કરી હતી તે સૂચનામાં જ મૂળરાજનું ચિત્ત પરોવાઈ રહેલું હતું. તે પોતાના શય્યાગૃહમાં ગયો અને પલંગમાં પડ્યો પણ ઉંઘ આવી નહિ. માત્ર એક પ્રહર રાત્રિ જ હવે બાકી રહી હતી અને અરૂણોદય થતાં તો પોતાને સ્નાનાદિ કાર્યમાંથી નિવૃત્ત થઇને વસ્ત્ર–શસ્ત્ર–અસ્ત્ર સજી કચેરીમાં જવા માટે તૈયાર થઈ રહેવાનું હતું, એટલે પ્રભાત થતાંસુધી જાગરણ કરી લેવાનો વિચાર જ દૃઢ કર્યો. પલંગમાં જાગતાં પડ્યા રહીને તેણે ચઉલાની સૂચના ઉપર જ ધ્યાન આપ્યા કર્યું પરન્તુ એ સૂચનામાં તેને તત્ત્વ દેખાયું નહિ; પરન્તુ પુનઃ તેણે વિચાર્યું કે "એ સૂચના કરવામાં ચઉલાનો શો સ્વાર્થ હોય ? બીજી બધી યોજના તેણે બરાબર માની અને એ એક જ યોજનામાં તેણે કેમ વિરોધ દર્શાવ્યો ? તેનું કાંઇ ખાસ કારણ હોવું જોઇએ. કોઇ પણ કારણથી એ વ્યક્તિને માટે તેનો એવો અભિપ્રાય બંધાઇ ગએલો હોવો જોઇએ. મેં ધાર્યું હતું તે કરતાં પણ ચઉલા વધારે ચપળ બાળા જણાઇ. તેની બુદ્ધિએ, તેના વાક્ચાતુર્યે અને તેના સૌંદર્યે પણ મારા હૃદય ઉપર જય મેળવ્યો છે, એટલે તેની એ ભૂલભરેલી દેખાતી સૂચનાનો પણ અમલ કરવા તરફ મન ખેંચાય છે. શું કરૂં ?"

કેટલીક વારસુધી મૂળરાજ કશા નિર્ણય ઉપર આવી શક્યો નહિ. કોઇ વાર તે એમ પણ વિચારતો કે "ચઉલા ગમે તેવી ચતુર હોય પણ રાજનીતિનો તેને શો અનુભવ? ચોક્કસ વ્યક્તિનું હૃદય તપાસવાની શક્તિ તેનામાં ક્યાંથી હોય ? મને તો લાગે છે કે કોઈ પ્રકારની ભૂલથી તે એક માર્ગે દોરવાઇ ગઈ હોવી જોઇએ."

એ પ્રમાણે પરસ્પર વિરૂદ્ધ વિચારોમાં રાત્રિનો ચોથો પ્રહર પણ અર્ધો ચાલ્યો ગયો પણ કશા નિર્ણય ઉપર અવાયું નહિ. મૂળરાજ બિછાનામાંથી ઉઠ્યો અને શૌચ, દંતધાવન, સ્નાનાદિ ક્રિયામાં પ્રવૃત્ત થયો. એ પ્રવૃત્તિમાં

પણ તેનું ધ્યાન તો ચકલાની પેલી સૂચનામાં જ લાગી રહેલું હતું. છેવટે તેણે વસ્ત્રો ધારણ કરવા માંડયાં, એવામાં ચાકરે આવી ખબર આપ્યા કે કાકાશ્રી અને દત્ત મહારાજ પધાર્યા છે.

વસ્ત્રો, શસ્ત્રાસ્ત્રો અને અલંકારો ધારણ કરીને તથા મસ્તકપર રાજમુકુટ મેલીને મૂળરાજ પોતાના વસ્ત્રાગારમાંથી બહાર નીકળ્યો એટલે બીજ અને સૂર્યદત્ત તેને સપ્રેમ ભેટી પડયા. તેમનો હર્ષ અત્યારે હૃદયમાં માતો પણ નહોતો. બીજે તેને ધીમેથી કહ્યું: "જોજે, અડગ રહેજે, આપણો યત્ન સફળ નીવડયો છે: આપણો પક્ષ સબળ બન્યો છે."

સૂર્યદત્ત બોલ્યો: "અને જરૂર પડયે તલ્વાર ખેંચતાં પણ ડરવાનું નથી હોં! સોળે સેનાનીઓને આપણે આપણા પક્ષમાં જીતી લીધા છે. તેઓ કચેરીમાં આપણી તરફથી હાજર રહેવાના છે. સામો પક્ષ પણ ચેતી ચૂકેલો છે. આપણી ત્રણેની પાછળ મંત્રીશ્વરના ગુપ્ત દૂતો ફર્યા કરે છે."

"હું સમજ્યો. આપની સઘળી સૂચનાઓ મારા હૃદયમાં વજ્રલેપ થઇને રહી છે. વારૂ, પણ જંબક ક્યાં?"

સૂર્યદત્ત બોલ્યો: "તે ક્યારનોએ કચેરીમાં પહોંચી ગયો. તેને ત્યાં દેખરેખ રાખવાનું સૂચન કરીને અમે આ તરફ આવ્યા છીએ. પણ હવે આપનો નિશ્ચય તો દૃઢ છે ને?"

"દત્ત મહારાજ! મારો નિશ્ચય વજ્રના કરતાં પણ વિશેષ મજબૂત હોય છે. એક વાર મેં ધાર્યું કે અમુક હેતુ પાર પાડયા વિના ચાલી શકેવાનું નથી, પછી એ હેતુ પાર પાડતાં ગમે તેટલા ભોગો આપવા પડે, તોપણ હું કદાપિ પાછો હઠવાનો નહિ."

"ઘણું જીવો ભાણુભા! સોલંકીઓને તો એવી જ દૃઢતા શોભે. પણ પેલાં રાજનીતિનાં સૂત્રો તો યાદ કરી રાખ્યાં છે ને?"

"બરાબર યાદ રાખ્યાં છે. તે માટે ચિન્તા કરવાની જરૂર નથી. કહો, હવે આપણને અહીંથી જવાને કેટલી વાર છે?" મૂળરાજે પ્રશ્ન કર્યો.

"બહાર બંદીજનો, પરિજનો અને પ્રતિહારો તૈયાર ઊભા છે. આપનો

કચેરીમાં સંપૂર્ણ માન સાથે લઇ જવાને તેઓ તત્પર બની રહ્યા છે." સૂર્યદત્તે જણાવ્યું.

"ત્યારે ચાલો." મૂળરાજે તત્પરતા દર્શાવી.

"રહો, અમે આગળ જઇએ છીએ; આપ પછીથી પધારજો."

સૂર્યદત્ત અને બીજ સોલંકી ઉતાવળે ચાલતા થયા. રાજમહાલયના કચેરીમંડપમાં તો પરોઢની દોડાદોડ થઈ રહી હતી. મંત્રીશ્વર પોતાનાં માણસો સાથે ક્યારનોએ હાજર થયો હતો અને સામંતસિંહ ક્યારે આવી પહોંચે તેની અધીરાઇથી રાહ જોઇ રહ્યો હતો. જસપાલ ઘણો વહેલો રાજમહાલયમાં આવ્યો હતો અને સોહણરાજ, પુંડરિક તથા પ્રતાપ રાત્રે મદ્યપાન કરીને ઉંઘમાં ઘોરતા હતા તેમને જગાડીને સઘળી વિગતથી માહિતગાર કરી મૂળરાજ, બીજ, સૂર્યદત્ત અને જંબકની હીલચાલ તપાસવા માટે મોકલી દીધા હતા. તે જ વખતે સામંતસિંહને પણ તેણે મહાપ્રયત્ને જગાડી કાવતરાની સઘળી વાત કહી હતી અને સામંતસિંહ તેથી ઉશ્કેરાઇ ગયો હતો. તે જ વખતે બીલ્હણે પોતે ભાણુભાને હાથે ઘાયલ થયાની વાત કહી અને તેથી સામંતસિંહને મૂળરાજ ઉપર ક્રોધ ચડ્યો. બનતી ઉતાવળે તૈયાર થઇને કચેરીમંડપમાં હાજર થવાનું સૂચન કરીને જસપાલ ત્યાંથી ચાલતો થઇ ગયો, પરન્તુ તે ગયો કે તુરત સામંતસિંહ પાછો સૂઈ ગયો! મોડી રાતસુધી તે પોતાના મિત્રોની સાથે બેસીને મદ્યપાન કરી રહ્યો હતો તેથી હજી તેની નિદ્રા પૂરી થઈ નહોતી. આ બાજુએ જસપાલ સામંતસિંહના આગમનની રાહ જોઇ રહ્યો હતો અને બીજી બાજુએ સામંતસિંહ ઉંઘમાં ઘોરતો હતો!

જસપાલની ઇચ્છા હતી કે સામંતસિંહ કચેરીમંડપમાં સૌથી પહેલાં આવી પહોંચીને સિંહાસન દબાવી વાળે તો સારૂં. જંબક આવીને ઊભો રહ્યો, ત્યાં તો જસપાલને ફાળ પડી. તેણે અનુમાન કર્યું કે હવે થોડી જ વારમાં મૂળરાજ આવી પહોંચશે અને અહીં સામંતસિંહનું તો ઠેકાણું નથી! તેણે એક હજુરીયાને ઉતાવળે સામંતસિંહને બોલાવવા મોકલ્યો. તે જ વખતે હજુરીયાએ આવીને સામંતસિંહને જગાડ્યો! શૌચ–સ્ના-

નાદિની પરવા કર્યા વિના તે ઉતાવળે વસ્ત્રાગાર તરફ દોડ્યો. ત્યાંથી વસ્ત્રો પહેરીને તે શસ્ત્રાગારમાં ગયો. શસ્ત્રાસ્ત્રો ધારણ કરતો જ તે કચેરીમંડપ તરફ આવવા નીકળ્યો. હજુરીયાઓ તેની આગળ અને પાછળ હારબંધ ચાલવા લાગ્યા. પ્રતિહારે જય પોકારી. ઉતાવળે પગલે તે ચાલ્યો અને જ્યાં તેણે કચેરીમંડપના દ્વારમાં પગ મેલ્યો, ત્યાં બીજે દ્વારેથી સંભળાયું: "સોલંકી શિરોમણિ મહાપ્રતાપી પાટણપતિ મહારાજા મૂળરાજને ઘણી ખમ્મા!"

આગળ સૂર્યદત્ત તથા બીજે અને થોડાં ડગલાં પાછળ મૂળરાજે કચેરીમંડપમાં પ્રવેશ કર્યો. કચેરીમંડપના બે દ્વારમાંથી બે નામના રાજાઓની છડી પોકારાઇ તેથી કચેરીમંડપમાં આશ્ચર્ય પ્રસર્યું. અંદર પ્રવેશ કરીને મૂળરાજ સિંહાસન તરફ ચાલ્યો અને સામંતસિંહ પણ તે તરફ ચાલ્યો. બેમાંથી એકે જણ સિંહાસન ઉપર બેઠક લે, તે પહેલાં પુષ્કળ માણસો કચેરીમંડપમાં આવી પહોંચ્યાં. તેઓમાં રાજ્યના કેટલાક ભાયાતો, ચક્રદેવ ચાવડો, તેના બે પુત્રો પુંડરિક અને પ્રતાપ, સામંતસિંહના જૂદાં જૂદાં ખાતાંના મંત્રીઓ, નગરશેઠ, સોળ સેનાનીઓ અને થોડાએક મુખ્ય સૈનિકો હતા. જસપાલના જીવમાં હવે જીવ આવ્યો. સોળે સેનાનીઓને તથા સૈનિકોને તે પોતાના પક્ષના સમજતો હતો, પરન્તુ સૂર્યદત્ત તથા બીજ તેમને પોતાના પક્ષના માનતા હતા. મંત્રીઓ અને નગરશેઠ તો જસપાલના જ હતા, પરન્તુ કેટલાક પ્રજાજનો મૂળરાજના પક્ષમાં હતા. એકંદરે બન્ને પક્ષના નાયકો કચેરીમંડપમાં પોતપોતાનું તત્ત્વ વધારે પ્રમાણમાં જોવા લાગ્યા. સામંતસિંહ સિંહાસન ઉપર બેસે તે પહેલાં તો મૂળરાજે બે છલંગો મારતાંની સાથે સિંહાસન ઉપર બેઠક લીધી. તે સાથે "ઘણું જીવો મહારાજા મૂળરાજ!" એવો ઘોષ કચેરીમંડપમાં સંભળાયો. તત્ક્ષણ સૌના હાથમાં તલ્વાર ચમકી! ચાવડાઓ ખુલ્લી તલ્વારે મૂળરાજ તરફ ધસવા લાગ્યા, તેમને સેનાનીઓ અને સૈનિકોની તલ્વારે રોક્યા. ઉશ્કેરાએલો વૃદ્ધ ચક્રદેવ મૂળરાજની પાછળથી ધસી આવ્યો અને અસાવધ મૂળરાજના મુકુટ ઉપર ઘા કર્યો,

પરંતુ **બીજ** સોલંકીની તલ્વારે ઘા ચુકાવીને તેના કાળજાના લોહીથી પોતાની તલ્વાર રંગી નાંખી ! એ જ ક્ષણે **ચક્રદેવ**ના પુત્રો **પુંડરિક** અને **પ્રતાપ** **બીજ** ઉપર ઉમટચા, પરન્તુ તેમને સૈનિકોએ આગળ વધવા દીધા નહિ.

મૂળરાજ સિંહાસનપર બેઠો બેઠો ઘોર ઘાંટો કાઢતો બોલ્યો: "મંત્રીઓ, ભાયાતો અને નગરજનો ! કચેરીની વચ્ચે ગઇ કાલે મારો રાજ્યાભિષેક કરવામાં આવ્યો છે અને હું ગુર્જરેશ્વર તરીકે આ સિંહાસનપર બેઠો છું. મને અહીંથી ઉઠાડવાનો પ્રયત્ન કેવળ વ્યર્થ છે અને તેથી તેમ કરવા માટે શસ્ત્રાસ્ત્રોનો ઉપયોગ કરી લોહીની નદી નહિ વહેડાવવાની હું તમોને વિનતિ કરૂં છું. તેમ છતાં જેઓ કોઇ પણ સાધનવડે મારી સામે થશે તેઓની ખબર મારી તીખી તલ્વાર લીધા વિના રહેશે નહિ."

મૂળરાજના આવા આકરા શબ્દો સાંભળતાં જ સર્વત્ર ભય પ્રસરી ચૂક્યો, પરન્તુ તેના કેટલાક વિરોધીઓને વધારે ઝનૂન ચડયું. **સામંતસિંહ** બહુ અધીરો થઇ ગયો અને **મૂળરાજ**ની સામે આવીને બોલ્યો: "એ નુગરા સાપ ! આ તું શું બોલે છે ? તને મેં ઉછેરીને મોટો કર્યો અને તું જ મારૂં સિંહાસન પચાવી પાડવા ઊભો થયો છે ?"

"ક્ષમા કરો, મામાશ્રી ! જે ગાળ તમે મને આપો છો, તે જ ગાળને પાત્ર તમે બન્યા છો ! તમે વ્યસન કરીને જીંદગીના દિવસ ઓછા કરવામાં રાત કે દહાડાનું ભાન રાખ્યું નથી અને પ્રજાને પીડવામાં દુરાચારીઓને ઉત્તેજન આપ્યું છે. રાજ્યનો વિસ્તાર વધારનારો, ગુર્જરેશ્વરની કીર્તિને દિગંતોમાં ફેલાવનારો અને બળવાન શત્રુઓને નમાવનારો હું જ છું અને એ રીતે મેં તમારા ઉપકારોનો બદલો વાળ્યો હોવાથી હું ઉપકાર ઉપર અપકાર કરનારો નુગરો સાપ નથી, પરન્તુ એક વાર તમે મને સિંહાસન ઉપર બેસાડી મારી હાંસી કરી હતી તે હું ગળી ગયો હતો અને આ બીજી વાર તમે મને રાજ્ય સોંપી રાજતિલક કરાવ્યું છે એટલે હવે આ સિંહાસન ઉપર મારો એકલાનો અધિકાર છે !

ગુર્જર રાષ્ટ્રની નામના જાળવી રાખવાને તમે પાત્ર રહ્યા નથી કારણકે અનેક પ્રજાજનો પિડાય છે અને ગરીબ બ્રહ્મસુતાઓને તમારા દુરાચારી મિત્રો તમારે નામે ફસાવી રંજાડે છે! પ્રજાના પિતાના પદને યોગ્ય તમે હવે રહ્યા જ નથી, માટે ગુજરાતના કલ્યાણને માટે આપ વાનપ્રસ્થ બનો અને કરેલાં પાપોને ધોઇ નાંખવાનો ઉદ્યમ આદરો!"

મૂળરાજના શબ્દોથી અનેકનાં કાળજાંમાં ચીરા પડ્યા અને અનેકનાં મન ઉલ્લસિત થયાં. "મહારાજા મૂળરાજ ઘણું જીવો" એવો ઘોષ સંભળાયો અને "એ કૃતઘ્ન કુતરાને કાપી નાંખો" એવા અવાજો પણ સંભળાયા. સામંતસિંહે મૂળરાજ તરફની આટલી બધી વિરૂદ્ધતાની આશા રાખી નહોતી તેથી તે દિગ્મૂઢ બની ગયો હતો અને ક્રોધનો એટલો તીવ્ર આવેશ આવી ગયો હતો કે કૃત્યાકૃત્યનું ભાન તેને રહ્યું નહિ. મ્યાનમાંથી તલ્વાર ખેંચતો જ તે મૂળરાજ તરફ ધસ્યો અને બોલ્યો: "મૂળરાજ! મૂળરાજ! જલ્દી સિંહાસનપરથી હેઠો ઉતરી જા, નહિતો ભાણેજની હત્યા કરતાં સામંતસિંહ ચાવડો પાછું વાળી નહિ જૂએ!"

"તો પછી મામાની હત્યા કરવાની ચિન્તા મારે શામાટે રાખવી?" એમ બોલતાં જ દાંત પીસીને સિંહાસનમાંથી ઉભા થતાં મૂળરાજે એવા જોરથી સામંતસિંહને તલ્વાર મારી કે તેનું ડોકું કપાઇને ધડની એક બાજુએ લટકી પડ્યું!

તત્ક્ષણ સર્વત્ર હાહાકાર પ્રસરી ગયો. ચાવડાઓ શસ્રપર ચડ્યા અને સામંતસિંહના માથાના બદલામાં મૂળરાજનું માથું લેવાને સિંહાસન તરફ ધસવા લાગ્યા. જસપાલ આ ઓચિંતા બનાવોથી કમ્પી ઉઠ્યો અને સૈનિકો તથા સેનાનીઓને સોલંકીઓનાં માણસોને કાપી નાંખવાની આજ્ઞા કરવા લાગ્યો, પરન્તુ સિંહાસનની આસપાસ ચાવડાઓ તથા સૈનિકોનું ખુલ્લું યુદ્ધ ચાલી રહ્યું હતું તેની તેને ખબર નહોતી. નગરશેઠે જસપાલનો હાથ દાબીને કહ્યું: "મંત્રીશ્વર! સેનાનીઓ અને સૈનિકો તો ઉંધા ઉડ્યા છે! તેઓ આપણા પક્ષના માણસોની સામે તલ્વાર ચ-

લાવે છે અને ભાણુભાની આસપાસ તેઓનો ગઢ જામી ગયો છે, માટે મામલો ભયભરેલો છે.”

“શું એમ છે?” જસપાલે પગના અંગૂઠા ઉપર ઉંચા થઇને જોયું તો નગરશેઠનું કથન બરાબર જણાયું.

એક બાજુએ ચાવડાઓ અને રાજવંશના ભાયાતો તથા બીજી બાજુએ કેટલાક સોલંકી સરદારો, સેનાનીઓ, સૈનિકો અને મૂળરાજનાં વિશ્વાસુ માણસો વચ્ચે કચેરીમંડપમાં જ યુદ્ધ મચી રહ્યું હતું. મૂળરાજ ઉપર ઘા પડે નહિ તેની સાવચેતી બીજ, સૂર્યદત્ત અને જંબકે રાખી હતી અને તેમની સામે ધસી જનારાઓને તેમણે પણ યમશરણ કરવા માંડ્યા હતા. ચાવડાઓની આગેવાની પુંડરિક અને પ્રતાપે લીધી હતી, પરન્તુ તેમાંથી પુંડરિક મરાયો તથા પ્રતાપ ઘાયલ થયો એટલે ચાવડાઓ પોતપોતાની તલ્વારો મ્યાનમાં નાંખતા નાઠા. એ જ ક્ષણે બીજની પીઠ ઉપર તલ્વારનો સખ્ત ફટકો પડ્યો અને તે બેભાન બનતો ભોંયે પડ્યો. સૂર્યદત્ત બીજની હિંમત ઉપર મર્દ બન્યો હતો, તે બીજની એ દશા જોઇને ખમચ્યો. ચાવડાઓ નાસવા લાગ્યા છે એવું તે જોઇ શક્યો નહોતો અને બીજને ઘાયલ થએલો જોઇને તે પોતાના પક્ષનો પરાજય માનીને એકાદ બારણેથી છટકી જવાની વેતરણમાં હતો, એવામાં જંબક બીજની મદદે પહોંચ્યો. જંબક હજી તો શિખાઉ યોદ્ધો હતો, તોપણ ઘાયલ થએલા બીજની પાસે તે ખુલ્લી તલ્વારે ઊભો રહ્યો અને પોતાના પિતાને કહેવા લાગ્યો: “ભયભીત થવાનું કાંઈ કારણ નથી. ચાવડાઓ કચેરીમંડપ છોડી ગયા છે.”

હવે સૂર્યદત્તના જીવમાં જીવ આવ્યો. તેની તલ્વારમાં હવે વધારે ઝમઝમાટ આવ્યો. ઘાયલ થએલા પ્રતાપને બે માણસો ઉંચકી જતા હતા તેમના તરફ તે ધસ્યો અને પ્રતાપને પૂરો કરી ખસી ગયો. તેને ઉંચકી જનારાઓ ઉપર બીજા સૈનિકોનો ધસારો થયો અને તેઓ મૂઠીઓ વાળીને નાઠા. થોડીએક ક્ષણોમાં એ ધમસાણ પૂરૂં થઈ ગયું અને કચેરીમંડપમાં મૂળરાજ, તેના પક્ષનાં માણસો અને સામંતસિંહ, ચક્રદેવ,

પુંડરિક, પ્રતાપ તથા બીજાઓનાં મુડદાં સિવાય બીજું કોઈ રહ્યું નહિ! જસપાલ તો ક્યારનોએ ચાલ્યો ગયો હતો. મૂળરાજ સિંહાસન ઉપર જ બેસી રહીને પોતાની નજીક આવનારા શત્રુઓને તલ્વારવડે જવાબ આપવામાં મશગુલ હતો. જ્યારે તેનો એ આવેશ શમ્યો અને કચેરીમંડપમાં ચાલતું તોફાન અટક્યું ત્યારે તેને ખબર પડી કે પોતાના કાકાને પીઠ ઉપર સખ્ત ઘા વાગ્યો છે. હવે તે સિંહાસન ઉપરથી ઉઠ્યો અને કાકાનો ઘા તપાસી તેમને પોતાના શયનાગારમાં લઇ જવાની માણસોને આજ્ઞા આપી. પુનઃ સિંહાસન ઉપર બેસવા જતાં જ તેના પગથીયાં પાસે પડેલા સામંતસિંહના લોહીથી લદબદ થએલા મૃતદેહ ઉપર તેની નજર પડી. એકીટશે થોડીએક ક્ષણ તે એ મૃતદેહના વદન ઉપર જોઇ રહ્યો. પોતે મામાનો ઘાત કર્યો તે સત્કૃત્ય કર્યું કે અપકૃત્ય કર્યું તેવો વિચાર તેના મગજમાં ઊભો થયો. તત્ક્ષણ સમયસૂચકતા દર્શાવતાં સૂર્યદત્ત બોલ્યોઃ "મહારાજ! શું જુઓ છો? દુરાચારીઓને દંડ દઇને પ્રજાને તેમના પંજામાંથી મુક્ત કરવા માટે અત્યારથી જ પ્રજા આપની કીર્તિ ગાવા લાગી છે અને તે આપના દર્શનને માટે આતુર થઇ રહી છે. માટે સિંહાસન ઉપર વિરાજી આજના કાર્યની સત્વર પૂર્ણાહુતિ કરી નગરમાં પધારો." એમ કહી સૂર્યદત્તે ઈશારો કર્યો એટલે હજુરીયાઓ સામંતસિંહના મૃતદેહને રાજમહેલમાં લઇ ગયા અને મૂળરાજ સિંહાસન ઉપર બેઠો. મામાનો શિરચ્છેદ કરવાનું જે કાર્ય પોતે કર્યું હતું તે કાર્ય કરવામાં પોતે કાંઇ જ અનિષ્ટ કર્યું નહોતું એવો ખ્યાલ સૂર્યદત્તના એ શબ્દોએ તેના મગજમાં ઉત્પન્ન કર્યો અને તેથી તે વિષેનો વિચાર એક ક્ષણમાત્રમાં તેના મગજમાંથી અદશ્ય થઇ ગયો.

સિંહાસન ઉપર બેસતાં જ મૂળરાજ બોલ્યોઃ "મારા રાજનિષ્ઠ સરદારો, સેનાનીઓ, સૈનિકો અને નગરજનો! મામાના લોહીથી ખરડાએલો રાજમુકુટ પહેરતાં મને અવશ્ય ખેદ થયો હોત, પરન્તુ પાટણની પ્રજાનું પાલન પુત્રવત્ નહિ કિન્તુ શત્રુવત્ થતું હતું એવું મારી નજરે મે જોયું, સાંભળ્યું અને અનુભવ્યું, તેથી જ મને અત્યારે ખેદ થતો નથી.

જે રાજમુકુટ મને મામાએ સ્વહસ્તે પહેરાવ્યો હતો તે જ રાજમુકુટને માટે મેં આ કચેરીમંડપમાં રૂધિર વહેવડાવ્યું નથી, પરન્તુ ગુજરાતની સંપત્તિને વધારવા, ગુર્જરેશ્વરની કીર્તિને પ્રસારવા તથા ગુજરાતની પ્રજાને સુખી કરવા માટે મેં લોહી વહેવડાવ્યું છે અને તેમ કરવામાં પાપ માન્યું નથી કિન્તુ ધર્મ માન્યો છે. હજી પણ હું કહું છું કે જેઓ મારા માર્ગની આડે આવશે તેઓનો નાશ કરતાં હું પાછું વાળી નહિ જોઉં, પરન્તુ જે કાર્ય મેં એક વાર પાર ઉતારવા ધાર્યું છે, તે કાર્ય વિઘ્નોની દરકાર વિના, વિઘ્નોની સામે થઇને અને વિઘ્નોનો નાશ કરીને હું પૂરૂં કરીશ ! સજ્જનો મારાથી સદા નિર્ભય હો અને દુર્જનો સર્વદા સભય રહો, એ જ મારી વાંચ્છના છે.

"રાજકર્મચારીઓ, અધિકારીઓ, સેનાનીઓ, સૈનિકો, પ્રજાજનો ઇત્યાદિનો અસંતોષ દૂર કરવાની પૂર્ણ વ્યવસ્થા મેં કરી રાખી છે. સૈનિકોને મળતા વેતનમાં હવેથી દર મહિને બે દામનો વધારો થશે. સેનાનીઓમાંના દરેકને એક એક સો કળશી અનાજની ઉપજવાળું એક એક ગામ હું બક્ષીસ આપું છું અને સેનાપતિ જેસલદેવને એવાં પાંચ ગામ આપું છું. પરરાજ્યમાંથી આવતા માલ ઉપરની જકાતનો વધારો હું હવે પછી નક્કી કરીને જાહેરમાં મૂકીશ અને રાજ્યમાંથી જતા માલ ઉપરની જકાત આજથી હું કાઢી નાંખું છું. જે જે દેવસ્થાનોના નિભાવ માટે કાયમની આવક ન હોય અથવા ઓછી હોય તે માટે અરજ કરવાથી રાજ્ય તરફથી તેવી વ્યવસ્થા કરી આપવામાં આવશે. પાંજરાપોળો, ધર્મશાળાઓ, વાવો, પાણીની પરબો, વિશ્રામભવનો, ઉપવનો, રૂગ્ણાલયો, પાઠશાળાઓ ઇત્યાદિ લોકોપયોગી ખાતાંઓનાં મકાનોની મરામત થોડા વખતમાં રાજ્ય તરફથી કરવામાં આવશે અને તે માટેના ખર્ચમાંનો પોણો ભાગ રાજ્ય પોતે આપશે. ગરીબો અને વસવાયાંઓ પાસે રાજ્ય તરફથી જે વેઠ કરાવવામાં આવે છે તે હું બંધ કરૂં છું અને તેમને રાજ્યના તેવા કોઈ પણ કામના બદલામાં યોગ્ય બદલો આપવામાં આવતો રહેશે. આ વર્ષનો રાજ્યભાગ ખેડૂતો પાસેથી માફ કરવામાં આવે છે અને પ્રત્યેક બ્રાહ્મણને

પાંચ પાંચ સોનૈયા દક્ષિણાના વહેંચી આપવાની હું મારા કોષાધ્યક્ષને આજ્ઞા કરૂં છું.

"જે જૂના રાજ્યકર્મચારીઓ મારા રાજ્યમાં રાજનિષ્ઠાપૂર્વક રહેવા ઇચ્છતા હોય, તેઓને અધિકાર ઉપર તેમના તેમ રાખવા હું રાજી છું, પરન્તુ મંત્રીશ્વર જસપાલને અને તેમના સહાયક મંત્રીઓને તો હું દૂર કરૂં છું. યુદ્ધમંત્રી જેસલદેવને હું એમના અધિકાર ઉપર જ રાખું છું. બીજા મંત્રીઓનો તેમ જ મંત્રીશ્વરનો અધિકાર હાલ તુરત તો હું મારી પાસે જ રાખું છું અને એ અધિકાર ઉપરની નિમણુક હું અનુકૂળતાએ કરીશ.

"અત્યારે કચેરી બરખાસ્ત કરવાની હું આજ્ઞા કરૂં છું."

પરિચ્છેદ ૧૫ મો.

યોદ્ધો કે ગદ્ધો?

જ્યાંસુધી ચઉલાદેવી ભાનમાં આવી નહિ, ત્યાંસુધી સોહણરાજ એવું સમજ્યો કે હજી સર્પનું વિષ પૂરેપૂરૂં ચુસાઇ ગયું નથી અને તેથી તે પુનઃ પુનઃ ચઉલાના પગનો અંગૂઠો વિશેષ ઉત્સાહ તથા જોરથી અને ઉતાવળથી ચૂસી તે થૂંકી કાઢવા લાગ્યો. સોહણરાજને પોતે મેળવેલા સમાચાર મંત્રીશ્વરને કાને પહોંચતા કરવાની ઘણી ઉતાવળ હતી, પરન્તુ બીજી બાજુએ જો પોતાની પ્રિયતમા ચઉલાદેવી સર્પના દંશથી મરણશરણ થાય, તો એ રત્ન પોતાને ગુમાવવું પડે તથા પાછળથી ભારે પસ્તાવો કરવો પડે એવો ભય રહેતો હતો અને તેથી તે પોતાની ફરજને ભોગે ચઉલાની સેવામાંથી એક ક્ષણ પણ દૂર ખસી શક્યો નહિ! એ જ સ્થિતિમાં ચાર-પાંચ ઘટિકા વ્યતીત થઇ ગઇ અને અરૂણોદય થયો. કચેરીમંડપમાં કોલાહલ ચાલી રહ્યો અને એ જૂદા જૂદા નામના રાજાઓની નેકી પોકારાઇ. મૂળરાજે સિંહાસન લીધું અને તોફાન જેવો દેખાવ થઇ રહ્યો. એ દેખાવથી ત્રાસેલાં દાસ-દાસીઓ એકદમ રાજમહેલમાં દોડયાં. કોઇ

ક્યાંય ભરાયાં અને કોઇ ક્યાંય ભરાયાં. કોઇ પોતપોતાના ઓરડાનાં દ્વાર બંધ કરીને અંદર પુરાયાં. એ સમયે ઢોંગ કરીને સૂતેલી ચઉલાને કાને કોઇ દાસીના મુખમાંથી નીકળેલા એવા શબ્દો પડ્યા કે "ભાણુભા સિંહાસન ઉપર બેઠા છે અને મહારાજ બેસી શક્યા નથી તેથી કચેરીમાં તોફાન ચાલે એવું લાગે છે !" ચઉલા સમજી ચૂકી કે હવે વધારે વખત સોહણરાજને રોકી રાખવાની જરૂર નથી, કારણકે તેણે મેળવેલી વિગતો હવે મૂળરાજની વિરુદ્ધમાં કાંઇ જ ઉપયોગની થઇ શકે તેમ નથી. તે એકદમ ઢોલીયામાંથી સફાળી ઉઠી અને સોહણરાજ તરફ જોઇ, ભ્રૂકુટી ચડાવીને બોલી : "અરે સોહણરાજ ! તમે તે કેવા માણસ છો ? એમ ચૂસી ચૂસીને મારા પગનું બધુંએ લોહી ચૂસી લેવું છે કે શું ?"

સોહણરાજ તો એકાએક ચઉલાને બેઠી થએલી જોઇને અને તેના મુખમાંથી શબ્દો શ્રવણ કરીને આશ્ચર્ય પામ્યો. થોડાએક ક્ષણોસુધી તો તેના મુખમાંથી એકે શબ્દ નીકળી શક્યો નહિ. છેવટે ચઉલાને એકદમ ઊભી થઇને બહાર ચાલી જતી જોઇને તે બોલ્યો : "અરે ચઉલાદેવી ! તમને સર્પદંશ થયો હતો, તેથી હું તમારૂં વિષ ચૂસી લેતો હતો, એ શું તમે વિસરી ગયાં ?"

હવે ચઉલાથી હાસ્યને ખાળી રાખી શકાયું નહિ. તે ખડખડાટ હસતી બોલી : "પ્રભાત થતાં જ મારૂં વિષ તો ઉતરી ગયું છે, સોહણરાજ ! હવે ઉતાવળે કચેરીમાં દોડો, ત્યાં તોફાન ચાલી રહ્યું છે !"

"પણ પેલા ગુપ્ત કાગળો ?"

"ગુપ્ત કાગળો ક્યા ? જુઓ, આ પ્રભાત થયું; હવે તમારે કોને કાગળો આપવા છે ?"

"હાય, હાય, બહુ મોડું થઇ ગયું, ચઉલાદેવી ! તમારી સેવા ઉઠાવતાં હું પેલા સમાચાર પણ મંત્રીશ્વરને પહોંચતા કરી શક્યો નહિ."

ચઉલા સોહણરાજની મૂર્ખતા ઉપર તિરસ્કારનું હાસ્ય કરતી બોલી : "ખરેખર, એ કાર્ય તમે એક યોદ્ધાને શોભે તેવું નહિ પણ એક ગદ્ધાને શોભે તેવું જ કર્યું છે !"

"ચઉલાદેવી ! તમારા મુખમાંથી આવા શબ્દો કેમ નીકળે છે ?"

"કારણકે તમને મેં મૂર્ખ બનાવ્યા છે અને તમે તમારી ફરજને વિસરી જઇને આડે માર્ગે ચડી ગયા છો !"

સોહણરાજ તો આ શબ્દો સાંભળીને કેવળ મૂઢની પેઠે મૌન ઊભો રહ્યો. તેને હવે સમજાયું કે પોતે ચઉલાને હાથે ફસાયો છે અને ચઉલાએ પોતાને પ્રભાત થતાંસુધી રોકી રાખવાને જ આ યુક્તિ તથા ઢોંગ આદર્યા હોવા જોઇએ ! ચઉલા બોલી : "જાઓ, જાઓ, હવે મંત્રીશ્વરને તમે મેળવેલા ખબર પહોંચાડો ! નહિતો મોડું થઇ જશે." એમ કહીને ચઉલા હસતી હસતી ચાલી ગઇ.

સોહણરાજ ચઉલાનો ટોણો સાંભળીને શરમીંદો પડી ગયો અને પોતે ચઉલા ઉપરની મોહાંધતાને લીધે પોતાની સઘળી કમાણી ઉપર પાણી ફેરવ્યું હતું એવું જોઇને તે ગભરાટથી બ્હાવરા જેવો બની ગયો. તેને પોતાનું સખ્ત અપમાન થએલું લાગ્યું અને પોતાના જેવા શૂરવીર યોદ્ધાને ચઉલાએ મૂર્ખ બનાવ્યો, એટલું જ નહિ પણ પોતાને ખુલ્લી રીતે 'ગદ્ધો' કહ્યો, તે માટે તેને બહુ લાગી આવ્યું. થોડી ક્ષણો પૂર્વે જ ચઉલા ત્યાંથી ગઇ હતી તેથી તે બહુ દૂર નહિ ગઇ હોય, એવું સમજીને ચઉલા જે માર્ગે ગઈ હતી તે માર્ગે તેની પાછળ તે ઉતાવળે પગલે ચાલ્યો. માર્ગમાં અનેક દાસ-દાસીઓ ગભરાટનાં માર્યાં આમતેમ દોડી જતાં તેના જોવામાં આવ્યાં પરન્તુ તેનું ધ્યાન તો હરકોઇ રીતે ચઉલાને પકડી પાડીને પોતાના અપમાનનું વેર લેવામાં જ લાગી રહ્યું હોવાથી તેણે કોઇને કાંઇ જ પૂછ્યું નહિ. કેટલેક દૂર જતાં ચઉલાને ભાટીરાણીના આવાસ તરફ જતી સોહણરાજે જોઇ અને તેના તરફ વધારે ઉતાવળે પગલે જઈને તેની પાસે પહોંચતાં સોહણરાજ બોલ્યોઃ "યાદ રાખજે છોકરી ! આજે તેં મારી મશ્કરી કરી છે, પરન્તુ કોઈ ને કોઈ વખત આ સોહણરાજ તેનું વેર વાળ્યા વિના નહિ રહે હોં !"

ચઉલાએ પાછું વાળી જોઇને સોહણરાજના શબ્દો સાંભળી તિરસ્કારસૂચક મંદ સ્મિત તેના તરફ કર્યું અને પછી તે આવાસમાં અદૃશ્ય

થઈ ગઈ. સોહણરાજ એ સ્મિત જોઇને બળું બળું થઈ રહ્યો, પણ નિ-રૂપાય! ત્યાંથી બે ડગલાં આગળ ચાલતાં કચેરીમાં ચાલતા ઘમસાણના ઉત્તેજક શબ્દો તેને કર્ણે પડ્યા. લોહીલોહાણ થએલા માણસો તે તરફથી નાસી આવતા તેના જોવામાં આવ્યા તે ઉપરથી સોહણરાજ સમયની ગંભીરતા સમજ્યો. રાજ્યમુકુટને માટે કચેરીમંડપમાં તલ્વારો ઉછળી રહી છે એમ તેણે જોયું અને તેને ભારે ઝનૂન ચડયું. "મારો મારો" ના શબ્દો શ્રવણસાથે અથડાતાં તેનું ક્ષાત્ર રૂધિર તપી આવ્યું. "મહારાજા મૂળરાજ ઘણું જીવો" એવા શબ્દો કચેરીમંડપની નજીક પહોંચતાં તેના સાંભળવામાં આવ્યા અને તે નખથી શિખાપર્યન્ત બળી ઉઠ્યો! "ચક્રદેવ મરાયા, મહારાજ પડ્યા" એવા શબ્દો પણ એક દિશાએથી તેના કાને પડ્યા. ચઉલાએ કરેલા અપમાનથી પોતાના શૌર્યને માટે વધારે અભિમાન ધારણ કરતાં અને વધારે જુસ્સામાં આવતાં સોહણરાજ કચેરીમંડપમાં જઈ પહોંચવાને વધારે અધીરો બન્યો અને હવે તે ખરેખર દોડ્યો જ. જ્યાં તે મંડપના દ્વારમાં પહોંચવા જાય છે, ત્યાં જસપાલ અને નગરશેઠ ધમ્મીલ તે સ્થળેથી છટકી જતા તેના જોવામાં આવ્યા! સોહણરાજ તેની પાસે જતો બોલ્યોઃ "મંત્રીશ્વર! શા ખબર છે?"

"બહુ માઠા ખબર છે, સોહણરાજ! એક પણ ચાવડા ક્ષત્રિયે હવે કચેરીમંડપમાં રહેવું ભયભરેલું છે."

"શું સોલંકીઓ ફાવ્યા?"

"એ વાત પછી, પણ તું ત્યાં નહિ જતાં ગમે ત્યાં ભરાઇ જા." એમ કહેતાં જસપાલે ત્યાંથી ચાલતી પકડી. સોહણરાજ આમતેમ જોતો એક બાજુએ ચાલ્યો.

પરિચ્છેદ ૧૬ મો.

કાકાની શિખામણ.

મૂળરાજ કચેરીને બરખાસ્ત જાહેર કરીને કચેરીમંડપમાંથી બહાર નીકળ્યો, તેવો જ હજુરીયાઓ, પ્રજાજનો, સૈનિકો અને બીજાઓનાં વંદન

ઝીલતો ઝીલતો પોતાના શયનાગાર તરફ વળ્યો. તેના હાથમાં રક્તથી ખરડાએલી નાગી તલ્વાર હતી, મસ્તકપર મણિમુક્તાથી સુશોભિત સુવર્ણનો રાજમુકુટ હતો જેમાં કોઇ કોઈ સ્થળે ચોંટેલા રક્ત બિંદુઓ નિર્મળ માણેકના જડતરનું ભાન કરાવતાં હતાં, તેનાં વસ્ત્રો ઉપર ઉડેલા લોહીના છાંટા તેના પ્રચંડ દેહની ઉગ્રતામાં વધારો કરતા હતા, તેના પાદપ્રહારમાં શૌર્ય ગાજતું હતું, આંખોમાં તરી આવેલું લોહી તીવ્ર ક્રોધનું સૂચન કરી રહ્યું હતું, મુખમુદ્રાની ગંભીરતા તેની ભવિષ્યની યોજનામાં સમાએલી ગૂઢતા તથા ભયંકરતાનો ખ્યાલ આપતી હતી અને તેનું મૌન્ય યમદૂતની આજ્ઞા કરતાં પણ વિશેષ ત્રાસજનક દેખાતું હતું. ઉદારતા, સુજનતા, દયાળુતા અને ન્યાયપ્રિયતામાં અદ્વિતીય મનાએલા મૂળરાજની અત્યારની આવી સ્થિતિ જોઇને કેટલાકોને એવું પણ લાગ્યું કે તેના દેહમાં કોઈ લોહીના તૃષાતુર ખવીસ, રાક્ષસ કે પિશાચે જ વાસ કરેલો હોવો જોઇએ.

શયનાગારમાં ઘાયલ થએલા **બીજ** સોલંકીને કચેરીમંડપમાંથી લઇ જઇને તત્કાળને માટે **મૂળરાજના** આવાસમાં રાખવામાં આવ્યો હતો. ત્યાં કેટલાક હજુરીયાઓ અને બીજાઓ **બીજની** સેવા–શુશ્રૂષા કરવા મંડી ગયા હતા. **બીજને** વાગેલો ઘા બહુ ઉંડો નહોતો પરન્તુ લંબાણમાં ઘણો મોટો હતો. જમણી બાજુના ખભાથી માંડીને પીઠની મધ્યમાં કરોડના હાડકા સુધી લંબાએલો એ ઘા હતો અને કેટલીક નાની નસો કપાઇ જવાથી પુષ્કળ લોહી વહી ગયું હતું. શૌર્યના આવેશમાં **બીજને** એ ઘા કાંઇ પીડા ઉપજાવતો નહોતો, પરન્તુ પીઠમાં વાગેલું હોવાથી તે બિછાનામાં સ્વસ્થતાથી સૂઇ શકતો નહોતો તથા પોતાની આસપાસ ઊભેલાઓનાં મ્હોં બરાબર જોઈ શકતો નહોતો, તેથી હરકોઇ ક્ષણે કોઇ કાવતરાખોર શત્રુનો માણસ આવી પહોંચવાનો અંદેશો તેને રહ્યા કરતો હતો. એવામાં તો **બીજનાં** દાસ–દાસીઓ અને તેમની સાથે પદ્મા ત્યાં આવી પહોંચી. તે સઘળાં **બીજની** સેવામાં આવીને ઊભાં અને તેમણે બીજાઓને શયનાગારની બહાર ઊભાં રાખ્યાં, એટલે **બીજ** કાંઇક નિશ્ચિંત થયો. પરન્તુ હવે

જેમ જેમ વખત જવા લાગ્યો, તેમ તેમ તેનામાં શિથિલતા આવવા લાગી. ઘાને સારી રીતે બાંધી લેવામાં આવ્યો હતો તોપણ તેથી હવે તેને વેદના થવા લાગી અને બેચેની વધવા લાગી. થોડી વારમાં તો કચેરીમાંથી નીકળેલો મૂળરાજ પહેલવહેલો જ કાકાની સમીપમાં આવીને ઊભો. તેનું તેજ, તેનું ભીષણ સ્વરૂપ, તેના મસ્તકપર લોહીના બિંદુ સાથે મણિમુક્તાથી શોભતો રાજમુકુટ એ સઘળું જોઇને ક્ષણભર **બીજ** પોતાની વેદનાને વિસરી ગયો. **મૂળરાજે** દ્વારમાં પગ મેલ્યો, તે સાથે જ **બીજ** આનંદના ઉમળકાથી બોલી ઉઠયો: " અરિંદમ થા, **મૂળરાજ**! "

પૂર્વે થઈ ગએલા **અરિંદમ** નામના રાજાની વાર્તા **મૂળરાજે** સાંભળી હતી, તેના જેવો શત્રુનું દમન કરનારો પોતે થાય એવો આશીર્વાદ કાકાને મુખેથી સાંભળીને **મૂળરાજમાં** વિશેષ આવેશ ભરાયો. તે બોલ્યો: " કાકાશ્રી! આપના આશીર્વાદથી જ પ્રજાના તથા રાજ્યપ્રતિષ્ઠાના અરિનું દમન કરીને મેં વિજય મેળવ્યો છે અને હવે આપની શી આજ્ઞા છે તે જાણવા આપની પાસે આવ્યો છું. "

બીજ બોલ્યો: " પુત્ર! એ વિજયનો ચિરભોક્તા તું થજે, એવો મારો આશીર્વાદ છે; પરન્તુ મારે તને થોડીએક સૂચના આપવાની છે. હું ઘાયલ થયો છું અને કદાચ મારો દેહાન્ત થઇ જાય એવો મને ભય રહે છે, તેથી તે પહેલાં હું તને જે કાંઇ કહું છું તે શ્રવણ કર. ત્રણસો વર્ષથી ચાવડાઓ ગુજરાતમાં જડ ઘાલી બેઠા છે અને તેથી રાજ્યને દૃઢ કરવામાં તારે ભારે ચાણાક્ષતાથી વર્તવાનું છે. ' અરિંદમ ' થા એવો આશીર્વાદ જ હું તને આપતો નથી પણ સૂચના કરૂં છું કે જ્યાંસુધી ગુજરાતની ગાદીપર વંશક્રમે કરીને હક્ક કરનારાઓના કંટકો દૂર થશે નહિ ત્યાંસુધી રાજ્ય ચલાવવાનો માર્ગ તારે માટે કેવળ નિષ્કંટક થએલો નહિ લેખાય. "

" બસ, એટલું જ ને? એ તો હું પણ સમજું છું કે રાજ્યને નિષ્કંટક કર્યા વિના હું યથેચ્છ રાજ્યતંત્ર ચલાવી શકીશ નહિ અને જ્યાંસુધી હું મારી ઇચ્છા મુજબ વહીવટ ચલાવી શકીશ નહિ, ત્યાંસુધી ગુજ-

રાતની પ્રજાનાં સંકટો ઓછાં થશે નહિ—પ્રજા સુખી થશે નહિ. તેટલા માટે રાજ્યને નિષ્કંટક કરવાનો ઉદ્યોગ ચલાવવાની અગત્ય તો હું માનું છું, પરન્તુ આપની સૂચનાથી એ ઉદ્યોગ હું આ ક્ષણે જ શરૂ કરી દઉં છું, પછી શી ફીકર છે?”

મૂળરાજ આ શબ્દો બોલતો હતો, એટલામાં **સૂર્યદત્ત** અને **જંબક** ત્યાં આવી પહોંચ્યા હતા. તેમણે **મૂળરાજનું** કથન સાંભળ્યું હતું. મૂળ-રાજ પોતાના માર્ગને નિષ્કંટક કરવાને આખા રાજવંશના ક્ષત્રિયોનો ઉ-ચ્છેદ કરી નાંખવા તત્પર થયો છે, એ જોઇને **સૂર્યદત્તને** આનંદ થયો હતો, પરન્તુ તેટલાથી તે સંતુષ્ટ થયો નહિ. મૂળરાજ બોલી રહ્યો એટલે **સૂર્ય-દત્તે** કહ્યું: “ પણ **ભાણુભા**! આપના માર્ગને નિષ્કંટક કરવાને આપને ઘણા કંટકોની ખબર લેવી પડશે. મેં એવું સાંભળ્યું છે કે રાણીવાસમાં આપની સામે કાંઈ પ્રપંચ રચાય છે.”

“ શું એ ખરી વાત છે? તો પછી મારી તલ્વાર સ્ત્રીઓના સુકોમળ રૂધિરથી વધારે ચળકતી થશે, દત્ત મહારાજ! પણ એક વાર જે ઉધમ મેં હાથમાં લીધો છે તે હું કદાપિ અધૂરો મૂકીશ નહિ.” એમ કહી **મૂ-ળરાજ** ઉશ્કેરાતો ત્યાંથી એકદમ ચાલ્યો જવા લાગ્યો.

બીજે તેને થોભાવીને કહ્યું: “ રહે, રહે, **મૂળરાજ**! સ્ત્રીહત્યા કરતાં જરા વિચાર કરજે હોં!”

“ કાકાશ્રી! કોઇની પણ હત્યા કરવી એ મને બહુ જ ગમે છે એમ આપ માનશો નહિ! મામાની હત્યા કરતાં મારા આત્માના અણુએ અ-ણુએ રોદન કર્યું છે, પરન્તુ જયારે તેમ કરવાની મને અનિવાર્ય અગત્ય જણાઈ, ત્યારે જ મેં તેમ કર્યું છે! આપનો ભત્રીજો અવિચારી નથી એટલું આપ અવશ્ય માનજો.”

એટલું બોલતો જ **મૂળરાજ** ત્યાંથી બહાર નીકળી પડયો અને ઝરૂ-ખાની બહાર નજર કરતાં આખી રાજગઢી માણસોથી ચિકાર ભરાઇ ગએલી તેણે જોઇ. એકત્ર થએલા માણસોના વેશ ઉપરથી સમજી શકાતું હતું કે તેઓ સઘળા **સામંતસિંહના** મૃતદેહનો અગ્નિસંસ્કાર કરવાને તેને શ્મશાનભૂ-

મિમાં પહોંચાડવા આવ્યા હતા. એ શાન્ત—ગમગીનીભરેલો દેખાવ મૂળરાજ જોઇ રહ્યો અને તેને ક્ષણભર સઘળા પૂર્વ પ્રસંગોનું વિસ્મરણ થઇ જતાં સ્મશાનવૈરાગ્ય ઉભરાઇ આવ્યું. પોતાને આશ્રય આપનાર મામાનો પોતે સ્વહસ્તે ઘાત કર્યો, તો હવે તેમના પ્રત્યેની પોતાની માનબુદ્ધિને દાખવવાને પોતે તેમના મૃતદેહની પાલખીને સ્વસ્કંધ ઉપર વહન કરીને સ્મશાનભૂમિમાં લઈ જવી જોઇએ એવો વિચાર તેના મગજમાં સ્ફુર્યો, એટલામાં તો રાણીવાસ તરફથી ભયજનક કકળાણ સંભળાયું અને સામંતસિંહના મૃતદેહની પાલખી મહાલયમાંથી બહાર નીકળી ! તે જોઇને મૂળરાજનું હૃદય ભરાઇ આવ્યું. તે સત્વર મહાલય ઉપરથી નીચે ઉતર્યો. તેના અંગરક્ષકો અને સૂર્યદત્ત પણ તેની સાથે જ નીચે ઉતર્યા. મૂળરાજને સામંતસિંહની પાલખી તરફ જતો જોઇને સૂર્યદત્તે તેને પૂછ્યું: “આપનો શો વિચાર છે ભાણુભા ?”

“મામાના મૃતદેહને મારા સ્કંધ ઉપર વહન કરીને સ્મશાનભૂમિમાં પહોંચાડું એવી મને ઇચ્છા થઈ આવી છે !”

“એ આપ શું બોલો છો? જે વખતે બહુ જ સાવધાન રહેવાની જરૂર છે, તે વખતે તમે રાજમહાલયમાંથી એક ક્ષણ પણ જો દૂર થશો તો પાછળ મોટો અનર્થ થઇ જશે. રાણીવાસમાં આપની સામે પ્રપંચ ઘડાઈ રહ્યો છે અને વળી હજી બીજ સોલંકી બરાબર સુરક્ષિત નથી.”

સૂર્યદત્તના શબ્દો સાંભળતાં જ મૂળરાજને પોતાનો વિચાર છોડી દેવો પડ્યો. તે તુરત પાછો ફર્યો અને રાણીવાસ તરફ ચાલ્યો. કાકા તરફથી પોતાનો માર્ગ નિષ્કંટક કરવાની સૂચના મળી હતી અને સૂર્યદત્ત તરફથી સ્ત્રીવર્ગદ્વારા કાંઇ પ્રપંચ ઘડાતો હોવાના સમાચાર પ્રાપ્ત થયા હતા, તેથી વિનાવિલંબે નિશ્ચિંત બનવાને માટે સૌથી પહેલાં તેણે સામંતસિંહની રાણી સરવૈયાણીના આવાસનું દ્વાર ખટખટાવ્યું.

પરિચ્છેદ ૧૭ મો.

રૂધિરની રેલ!

સામંતસિંહના મૃતદેહને રાજમહાલયમાંથી સ્મશાનભૂમિ તરફ લેઇ જવામાં આવ્યો એટલે સૈ કોઇ પોતપોતાના સંરક્ષણની પ્રવૃત્તિઓમાં પડ્યાં. નોકરચાકર પોતપોતાના ઓરડા–ઓરડીઓનાં બારણાં બંધ કરીને ભરાઇ બેઠાં. ભાયાતો અને અગ્રગણ્ય પ્રજાજનો સ્મશાનભૂમિમાં મૃતદેહની સાથે ગયાં. રાણીઓ પોતપોતાના આવાસમાં જઇ ઝટપટ સ્નાન કરી, પોતાના દ્રવ્યને સંતાડવાની લોલુપતામાં પડી અને **જસપાલ** જેવા **મૂળરાજ**ની આંખે ચડી ચૂકેલાઓ માત્ર આત્મસંરક્ષણને માટે આમ તેમ ફાંફાં મારવા લાગ્યા.

સરવૈયાણી રાણી **સૌરાષ્ટ્ર**ના **સરવૈયાવાડ**ના એક ઠાકોરની પુત્રી હતી અને તેથી તે **સામંતસિંહ**ના રાણીવાસમાં રાણી **સરવૈયાણી** તરીકે જ ઓળખાતી હતી. **ભાટીરાણી** કરતાં તે મોટી વયની હતી અને તેના ગુણ કરતાં સુંદર સ્વરૂપથી લોભાઇને જ **સામંતસિંહ** તેને પરણ્યો હતો; પરન્તુ **ભાટીરાણી** રાણીવાસમાં આવી ત્યારથી **સરવૈયાણી**નાં માન ઉતરતાં થયાં હતાં. **સામંતસિંહ**નું દુર્વ્યસન રાજમહાલયમાં ચોમેર ફેલાઇ ગએલું હતું એટલે તેની સાથે રાણીઓ અને દાસ–દાસીઓ પણ મદ્યપાન કરતાં શીખી હતી. કેટલાકો રાજાની પ્રીતિ સંપાદન કરવાને પણ મદ્યપાન તરફ ઢળ્યા હતા, કારણકે એ વ્યસન સેવવાથી રાજા આનંદમાં હોય તે વેળાએ તેની હજુરમાં રહેવાની તક મેળવી શકાતી હતી અને તેથી રાજા પાસેથી મનમાન્યું લુંટી લેવાનું મળી શકતું હતું. આ રીતે **સરવૈયાણી** પણ પુષ્કળ મદ્ય પીતી હતી અને રાજાનો ચાહ ઓછો થવાથી યથેચ્છ માર્ગે ગમન કરતી હતી. રાજાના મદ્યપી સાથીઓએ પોતાનો સ્વાર્થ સાધવાનો વળી બીજો જ માર્ગ લીધો હતો. તેમણે રાજાનું ચિત્ત પરસ્ત્રીલુબ્ધ બનાવ્યું હતું અને પછી તેઓ રાજાની રાણીનું ચિત્ત ચોરી રહ્યા હતા. **સરવૈયાણી** એ માર્ગે વળી ચૂકી હતી અને રા-

જમહાલયમાં સૌ કોઇ **બીલ્હણ** સાથેનો તેનો સંબંધ જાણતાં હતાં. **ભાટીરાણી** સંબંધે એવું કશું બોલાતું નહિ, પરન્તુ પુષ્કળ મદ્ય પીવા માટે તેણે સઘળી મદ્ય પીનારી સ્ત્રીઓમાં નામ મેળવ્યું હતું!

મૂળરાજને હાથે ઘાયલ થયા પછી **બીલ્હણે** **સામંતસિંહને** સારી પેઠે ઉશ્કેરવાનું કામ કર્યું હતું અને તે સાથે તેણે **સરવૈયાણીને** પણ ઉશ્કેરી મેલી હતી. **સામંતસિંહને** ઉશ્કેર્યાનું પરિણામ એ આવ્યું કે કચેરીમંડપમાં જ યુદ્ધ થયું અને **સામંતસિંહ** મરાયો. **બીલ્હણ** એ ખબર સાંભળતાં જ પોતાની જાતને મોટા ભયમાં આવી પડેલી જોવા લાગ્યો. **બીલ્હણ** ક્ષત્રિય હતો પરન્તુ વિષયી હતો. વિષયી પુરૂષો સ્વાત્મબળ ખોઇ બેઠેલા જ હોય છે અને દેહના જ દાસ હોય છે, એટલે દેહના સંરક્ષણથી આગળ તેઓના વિચાર ચાલી શકતા નથી. તેવી જ રીતે **બીલ્હણ** કચેરીમંડપમાંની લડાઇની અને મારામારી–કાપાકાપીની વાત સાંભળીને બહુ બ્હીવો. તે તુરત **સરવૈયાણીના** આવાસમાં ભરાયો અને પોતાનો ભય તેણે **સરવૈયાણીને** કહી સંભળાવ્યો. **સરવૈયાણીએ** તેને હિંમત આપી અને તે ઘાયલ થએલો હોવાથી ઢોલીયાપર તેને સુવાડી તેની બરદાસ્ત કરવા માંડી. જેમ જેમ દાસ–દાસીઓ આવીને **બીલ્હણને** જૂદા જૂદા માણસોના મરણની વાતો કહેતાં, તેમ તેમ **બીલ્હણ** વધારે ને વધારે ભય પામવા લાગ્યો. એટલામાં ત્યાં **જસપાલ** આવી પહોંચ્યો! **બીલ્હણ** તેને જોઇને નવાઇ પામ્યો ખરો, પરન્તુ 'એક કરતાં બે ભલા' એ ન્યાયે તેને કાંઇક હિંમત આવી. તે ઉત્સાહથી બોલ્યો: "આવો, આવો, મંત્રીશ્વર! કહો શા સમાચાર છે?"

"સમાચાર બહુ ખૂરા છે! તમે શું અહીં છુપાયા છો? હું પણ છુપાવા જ આવ્યો છું! મેં સાંભળ્યું કે **બીજ** સોલંકીએ **મૂળરાજને** આપણા જેવા કંટકોનો નાશ કરવાને ઉશ્કેર્યો છે અને **મૂળરાજ** તેમ કરવા તૈયાર થયો છે, એટલે પછી ખુલ્લા રહેવામાં જોખમ સમાએલું છે એવું માનીને હું અહીં આવ્યો છું. મહારાજનો મૃતદેહ તો ગયો, મારે સાથે સ્મશાનભૂમિમાં જવું જોઇએ, પણ આત્મસંરક્ષણ કરતાં વધારે બીજું

કશું નથી એ તમે જાણો છો; એટલે પછી હું ગયો નથી!"

બીલ્હણ બોલ્યો: "એ તો ઠીક જ કર્યું! જુઓને, હુંએ ક્યાં ગયો છું? હું તો મહારાજનો પિતરાઇ છું એટલે સ્નાન કરવું જોઇએ, પણ હજી તો સ્નાન પણ કોણે કર્યું છે? વારૂ, એ તો ઠીક, પણ અત્યારે મૂળરાજ ક્યાં છે?"

"બીજ પાસે હશે. તે પણ બેટો ઘવાયો છે ને! સાળો મરે તો સારૂં!"

"વારૂ, પણ હવે શું ધાર્યું?"

"ધારવાનું શું હતું વળી? તમે ચાવડાઓ બાયલા બની ગયા, એટલે પછી બીજું શું ધારવાનું છે? ચક્રદેવનો તો વંશ ગયો, એટલે તેમને કશું કહેવાય તેવું રહ્યું નથી, પણ તમને કહેવાનો હજી અમારો હક્ક છે!" જસપાલે બીલ્હણને ઠપકો આપતાં ફૂલ ચડાવ્યાં.

પોતે રાજવંશનો હોવા માટે બીલ્હણમાં કાંઇક અભિમાન સ્ફુર્યું. તેણે વિચાર્યું કે જો સામંતસિંહને પુત્ર ન હોય તો તેની પછી રાજ્યનો માલિક તે પોતે ગણાય, પરન્તુ જ્યાં મૂળરાજથી બ્હીતાં ફરવાનો—સંતાતા ફરવાનો વખત હોય, ત્યાં રાજગાદી ઉપર હક્ક કરતા જવાનો વખત ક્યાંથી મળે, તેવું તે સમજતો હતો. તે જરા નિરાશા દાખવતો બોલ્યો: "સાચી વાત છે મંત્રીશ્વર! તમે મને ઠપકો ન આપો તો બીજા કોને આપો? પણ ભાયાતોની શી સ્થિતિ થઇ છે તે હું જાણતો નથી. જો ભાયાતો અને સૈનિકોનો ટેકો હોય તો હું તો રાજગાદી ઉપર મારો હક્ક સ્થાપી શકું—પણ અહીપત જરા આડે આવે ખરો!"

"ભાયાતો તો તમારા ટેકામાં જ ઊભા છે એ શું તમે જાણતા નથી? કોઇ લાયક આગેવાન વિના તેઓ બિચારા નિરાશ બન્યા છે; જો તમારા જેવો આગેવાન થાય, તો ભાયાતો તૈયાર જ થઇ રહેલા છે; સૈનિકો અને સેનાનીઓને વધારે બક્ષીસ મળે તો તેઓ પણ આપણા પક્ષમાં આવી જાય અને પછી તો મૂળરાજના શા ભાર છે? ઘડીના છઠ્ઠા ભાગમાં તેના શિરપરનો રાજમુકુટ તમારા શિરપર સ્થાપી શકાય!"

બીલ્હણથી એ મનોરંજક કલ્પનાનો એકદમ ત્યાગ કરી શકાયો નહિ. મંત્રીશ્વરની સલાહ તેને બરાબર રૂચી ગઈ હતી. મૂળરાજની બ્હીકમાં ને બ્હીકમાં એક ખૂણામાં છુપાઈ રહેવાથી કશું વળવાનું નથી, પરન્તુ એકવાર હિંમત ધરીને બહાર નીકળવાથી અને શત્રુની સામે થવાથી ભાયાતોમાં તથા બીજા ચાવડાઓમાં પણ હિંમત આવશે અને મૂળરાજનો પરાજય કરીને રાજમુકુટ કબજે કરી લેવાશે. હજી તેનો આ વિચાર ચાલતો જ હતો, એટલામાં સરવૈયાણી સ્નાન કરી, શોકનાં નવાં વસ્ત્રો પહેરી, શૃંગારો ઉતારી, ત્યાં આવી. બીલ્હણ ઢોલીયા ઉપર બેઠો બેઠો મંત્રીશ્વરની સાથે વાતચીત કરી રહ્યો હતો તેની પાસે આવીને સરવૈયાણી બોલી: "તમે ઉઠબેસ ન કરો તો બહુ સારૂં; જુઓને ઘાની વેદનાથી તમારા શરીરમાં તાવ ભરાઈ આવ્યો છે, તમે એમ શરીરની બેદરકારી રાખશો તો ઘા રૂઝાતાં બહુ વાર થશે." સરવૈયાણીએ સ્વામીના આરોગ્યની ચિંતા જેવી જ ચિંતા બીલ્હણના આરોગ્યને માટે દર્શાવી.

જસપાલે આ પ્રકાર પ્રત્યક્ષ તો આજે પહેલી જ વાર જોયો અને તે જરા નવાઇ પામ્યો. સમયસૂચકતા વાપરીને તે બોલ્યો: "અરે, રાણીજી! શરીરની ચિંતા કરવાનો આ વખત જ નથી! મૂળરાજ પાસેથી રાજમુકુટ કેવી રીતે ખૂંચવી લેવો તેનો જ અમે વિચાર કરીએ છીએ. ચક્રદેવ અને તેના પુત્રો મરણ પામ્યા છે એટલે હવે બીલ્હણરાજનો જ રાજમુકુટ ઉપર પહેલો અધિકાર સ્થાપિત થયો છે. ભાયાતો તો તેમને ટેકો આપવાને તૈયાર થઇને ઊભાં છે, પરન્તુ આગેવાન વિના તેમની હિંમત કુંઠિત થઇ ગઇ છે; આ વખતે બીલ્હણરાજે શરીર જાળવવાનો વિચાર છોડી દઇને બહાર નીકળી વીરહાક વગડાવવાની જરૂર છે. તેમ થશે તો જ બીજાઓ તેમને આવી મળશે અને રાજગાદી ઉપર તેમને સ્થાપિત કરી શકાશે!"

બીલ્હણ વિચારમાંથી નવરો પડતો બોલ્યો: "એ બધી ખરી વાત; પણ મૂળરાજ પાસેથી રાજમુકુટ ખુંચવી લઇએ તો પછી તે ઉપર પહેલો હક્ક અહીપતનો છે—મારો નથી."

શોક્યનો ખાર હવે સરવૈયાણીમાં જાગૃત થયો. તેનામાં શૌર્ય છૂટયું અને ક્રોધથી ભ્રૂકુટી સંકોચતી તે બોલી: “અરે, અહીપત તે શા હિસાબમાં છે? એની મા સીધી નહિ ચાલે તો મૂળરાજે જેવા બીજાના હાલ કર્યા તેવા અહીપતના અને અહીપતની માના કરવા એ તમારા હાથમાં છે! મંત્રીશ્વર! તમારી વાત મને બહુ રૂચી ગઇ છે અને એ આપણે હાથે ઉછરેલા ઝેરી સાપને આપણે હાથે જ ટૂંકો કરી નાંખવાનો ઉપાય કરવાની મને બહુ જરૂર લાગે છે.”

જસપાલ બોલ્યો: “મૂળરાજને ટૂંકો કરી નાંખવો એ રમત વાત નથી. તેની આસપાસ સેંકડો અંગરક્ષકો ફરે છે અને તેણે એટલો બધો ત્રાસ વર્તાવી દીધો છે કે કોઇ તેની નજીક જવાની હિંમત પણ ધરી શકતું નથી. પરન્તુ જો બીલ્હણરાજ નિશ્ચય ઉપર આવે, તો આજે રાત્રે હું વેશબાદલો કરીને ભાયાતો, સૈનિકો, સેનાનીઓ વગેરે સૌને તૈયાર કરી આવવાનો ઉદ્યોગ કરૂં અને કાલ સ્હવારથી જ આપણું યુદ્ધ જાહેર થઇ જાય.”

સરવૈયાણીએ ઉતાવળે જવાબ આપી દીધો: “બીલ્હણરાજનો નિશ્ચય થઇ ચૂકયો છે, જાઓ! હું એમનું વિશાળ કપાળ જોઇને કહું છું કે તે રાજ્યના અધિપતિ થવાને સરજાએલા છે અને આ ઉદ્યોગમાં તેમનો અવશ્ય વિજય થશે.”

રાણીના ઉત્તેજનથી બીલ્હણની છાતી ફુલવા લાગી. તે ગુર્જરેશ્વર થવાનું સુખસ્વપ્ન જોવા લાગ્યો. તે બોલ્યો: “તમારૂં ઉત્તેજન છે, એટલે મને સંપૂર્ણ વિજય થવાનો વિશ્વાસ છે. હવે સાંજસુધી રાહ જોવાની જરૂર છે. રાત્રે, મંત્રીશ્વર! તમે આપણા યત્નની શરૂઆત કરી વાળો; પણ તે માટે દ્રવ્ય જોઇશે ખરૂં કે?”

“દ્રવ્ય તો તૈયાર છે! મારી પાસે જે કાંઇ દ્રવ્ય છે તે તમારૂં જ છે, એમ સમજી લેજો! તમે ગુર્જરેશ્વર થાઓ, તે કરતાં કાંઇ એ દ્રવ્ય વધારે નથી.” રાણીએ કહ્યું.

એટલામાં દાસીએ દોડતાં આવીને ખબર આપ્યા: “ભાણુભા અંદર આવવાની રજા માંગે છે અને દ્વારપર ઊભા છે!”

આ ખબર સાંભળતાં જ **બીલ્હણ** અને **જસપાલ** થરથરી ઉઠયા; પરન્તુ **સરવૈયાણી** જરા પણ ડરી નહિ. તે બોલી: "એમાં ડરવા જેવું શું છે? હું બીજા ઓરડામાં બેસું છું, ત્યાં તેમને બોલાવી લાવ."

દાસી એ આજ્ઞા મેળવીને પાછી દ્વાર તરફ જવા લાગી, એવામાં તો તેણે **મૂળરાજ**, **સૂર્યદત્ત** અને બીજા દશેક હથિયારબંધ સૈનિકોને અંદર આવેલા જોયા! **સરવૈયાણી** બીજા ઓરડામાં જાય તે પહેલાં તો **મૂળરાજ** એ ઓરડાના દ્વારમાં આવીને જ ઊભો! તુરત જ **સરવૈયાણીએ** ઘુમટો ખેંચી વાળ્યો અને આડું જોઈ વાળ્યું. **જસપાલનો** દેહ અને મન બન્ને કમ્પી ઉઠયાં ત્યારે **બીલ્હણનું** માત્ર કાળજું જ થરથર્યું. **મૂળરાજના** હાથમાંથી રક્તથી ભીંજાએલી તલવાર જોતાં દાસી એક ખૂણામાં ઊભી ઊભી ગર્ભગલિત જેવી બની ગઈ. **સરવૈયાણી મૂળરાજના** આકસ્મિક આગમન તરફ અભાવ દર્શાવતી બોલી: "**ભાણુભા**! હજી તો હું તમને મળવા માટે પાસેના ખંડમાં આવું છું, એટલામાં તો તમે અંદરના ખંડમાંએ ચાલ્યા આવ્યા, તે ઠીક ન કર્યું."

મૂળરાજ પાસે જવાબ તૈયાર જ હતો: "આ પરાયા પુરૂષો અંદર આવીને નિરાંતે બેઠા છે તેઓએ તો ઠીક જ કર્યું, પણ હું એક ભાણેજ મામીના આવાસમાં આવ્યો તેથી તો મર્યાદાનો લોપ થઇ ગયો, ખરૂં મામી?"

"મારા આવાસમાં કોણ આવવાથી મર્યાદાનો લોપ થાય અને કોણ આવવાથી ન થાય તે જોવાનું મારે છે, **ભાણુભા**!"

"મામી! હવે તો તે મારે જોવાનું છે! પહેલાંનું વર્તન અને વાતો હવે નહિ ચાલી શકે! **પાટણમાંથી** અનીતિ અને અન્યાયને દેશવટો આપવાના મેં શપથ લીધા છે અને તેથી **પાટણના** રાજમહાલયમાં પણ હવે તેનો નિવાસ નહિ રહેવા પામે." **મૂળરાજે** જરા ગંભીરતા બતાવતાં કહ્યું.

સરવૈયાણીથી મૂળરાજનો આ ગર્વ સહન થઇ શકયો નહિ. તે વાંકું મ્હોં કરીને બોલી: "જરા ઓછો ગર્વ કરો, **ભાણુભા**! બાલ્યાવસ્થાથી ઉછેરીને મોટા કરનાર મામાનો ઘાત કરનાર કૃતઘ્ની ભાણેજ મારા આવાસમાં આવીને ન્યાય ને નીતિની વાતો કરે છે તે મારાથી સહન થઈ

શકતું નથી ! જરા ઓછો ગર્વ કરો ! રાજા રાવણનો ગર્વ પણ છાજ્યો નથી, તો તમારો કદી છાજનાર નથી !"

આ શબ્દો સાંભળીને મૂળરાજનું મગજ વિશેષ ઉત્તપ્ત બન્યું. પોતાને શિખામણ આપનાર મામી ઉપર તેને એટલો તિરસ્કાર આવ્યો કે તેણે સ્મિત કર્યું અને કહ્યું: "મને તો મારા મામાએ ઉછેરીને મોટો કર્યો અને મેં તેમનો ઘાત કર્યો એટલે હું કૃતઘ્ની બન્યો, પણ મામી ! મારાં કૃતજ્ઞ મામી ! મારા મામાએ પોતાનું હૃદય અને સર્વસ્વ અર્પણ કરીને તમને અર્ધાંગના બનાવ્યાં, છતાં આ નીચ કુતરાને તમે તમારૂં અંગ અર્પણ કરી તેની સેવા કરો છો, એ તો ઉત્તમ પ્રકારની કૃતજ્ઞતા જ હશે, ખરૂં કે ?"

બીલ્હણને ઉદ્દેશીને મૂળરાજે આ ટોણો માર્યો હતો. અભિમાનિની સરવૈયાણીથી એ અપમાન સહન થઇ શક્યું નહિ. તે બોલી: "ખબરદાર ભાણુભા ! મ્હોં સંભાળીને બોલજો ! તમને હું ગુર્જ્જરેશ્વર માનતી નથી અને જો વધારે બોલશો તો તમારૂં અપમાન કરીશ !"

"હું ગુર્જ્જરેશ્વર નથી, તો કોણ ગુર્જ્જરેશ્વર છે ! સાંભળો ! તમે મારી આજ્ઞામાં છો અને હું એક ભાણેજ તરીકે તમારો દાસ હોવા છતાં ગુર્જ્જરેશ્વર તરીકે તમને કોઇ પણ જાતની ન્યાયપુરઃસર આજ્ઞા કરી શકું છું."

"બીલકુલ નહિ !" સરવૈયાણી તિરસ્કાર વ્યક્ત કરતી બોલી: "મહારાજાની પછી રાજ્યના માલીક ચક્રદેવ હતા, પરન્તુ તે તથા તેમના પુત્રો સ્વર્ગવાસી થવાથી **બી**લ્હણરાજ રાજ્યના માલીક થયા છે !"

"કોણ, આ વિષયી કૂતરો રાજ્યનો માલીક ?" મૂળરાજ આંખો ફાડતો બોલ્યો.

"હા, હા, એ કૂતરો નહિ પણ સિંહ છે અને એ જ ગુર્જ્જરેશ્વર તરીકે પાટણનાં રાજ્યસૂત્રો સ્વહસ્તમાં ધારણ કરી તારા જેવા કૃતઘ્નીઓને દંડ દેશે !" સરવૈયાણીથી ઉત્સાહના ઉભરામાં બોલી જવાયું.

સૂર્યદત્તે મૂળરાજને કહ્યું: "જોયું મહારાજ ? આ જ પ્રપંચ ! અહીં એ જ મસલત ચાલતી લાગે છે !"

"એ પ્રપંચને હું પાર નહિ ઉતરવા દઉં ! મામી ! તમે મારી સામે પ્રપંચ રચવામાં અગ્રણી થયાં છો એ તમે મારો ભયંકર અપરાધ કર્યો છે. તેનો દંડ તમારે ભોગવવો પડશે."

સરવૈયાણી અભિમાનપૂર્વક બોલી: "મને દંડ દેનાર કોણ છે ? રાજ્યના સાચા માલીકને રાજગાદી ઉપર સ્થાપવાના કામને પ્રપંચ કોણ કહે છે ?"

"કોણ, **બીલ્હણ** રાજ્યનો માલીક છે ? મામી ! એવું અન્યાયયુક્ત બોલી તમે મારા ક્રોધને ઉશ્કેરો છો ! તમારી જિહ્વાને હવે બંધ કરો, નહિતો મારી તલ્વાર એ જિહ્વાને સામો જવાબ આપશે !"

"બાયલાઓ તે વિના બીજું શું કરે ? સ્ત્રીહત્યા એ તો કાયરનું પ્રથમ લક્ષણ છે, તે હું સમજું છું !"

"મામી ! હું તમને ફરીથી કહું છું કે તમે ચૂપ રહો અને મને વધારે ગુસ્સે ન કરો ! તમારા પ્રપંચની શિક્ષા તમારે ન સહન કરવી હોય, તો મારી ક્ષમા યાચો !"

"મારા સ્વામીની હત્યા કરનારનું મુખ નહિ જોવા માટે તો હું ઘુમટો તાણીને બોલું છું, અને એ દુષ્ટ જનની હું ક્ષમા યાચું ? હું **સરવૈયાણી** છું–સૌરાષ્ટ્રની માનિની સિંહણ છું: હું કદાપિ શિયાળને નમતી નથી !"

"તીખી તલવાર એ જ તમારા શબ્દોનું ઔષધ છે, મામી ! તમારૂં કાળું મ્હોં ભલે છુપાએલું જ રહ્યું–તે જોવાની મારી ઇચ્છા જ નથી ! પણ જો તમારે મારી આજ્ઞાને વશ ન રહેવું હોય તો મરવાને તૈયાર થાઓ !"

સરવૈયાણી બે ડગલાં **મૂળરાજ**ની સામે આવીને ગર્વપૂર્વક બોલી: "મને કોણ તું મારશે ? મામાને મારવામાં ફાવી ગયો, તેમ શું તું મામીને મારવામાં પણ ફાવી જઇશ ? તું મને ઓળખે છે ? હું પુરૂષનું રક્ત પીનારી ડાકિની છું–નરભક્ષક પિશાચિની છું, તે તારૂં લોહી પીતાં પણ પાછું વાળી નહિ જોઉં !"

"મામી ! હું તમને ઓળખું છું ! તમારાં ડાકિની–પિશાચિની જેવાં

દુષ્કૃત્યો મારાથી અજાણ્યાં નથી અને તેથી જ આ ડાકિનીના અવતારમાંથી એક ક્ષત્રિયાણીનો ઉદ્ધાર કરવા મારી તલ્વાર હવે તૈયાર થઇ છે !"

આ ક્ષણે સરવૈયાણી બરાબર સાવધ રીતે આડું જોઇને ઊભી હતી. જોકે તેણે ઘુમટો તાણેલો જ હતો અને તેના વદનની દિશા મૂળરાજની બાજુની જ હતી તોપણ તે પોતાના લક્ષ્યમાં પરમ સાવધ હતી. મૂળરાજની તલ્વાર જરા પણ ચલન કરવા પામે તે પહેલાં જ તેણે પોતાની સોડમાં હાથ ઘાલીને એકદમ એક કટારી ખેંચી કાઢી, મૂળરાજ ઉપર હુમલો કર્યો ! મૂળરાજ અસાવધ હતો, પરન્તુ સૂર્યદત્ત અસાવધ નહોતો. સરવૈયાણીની કટારી મૂળરાજના દેહનો સ્પર્શ પણ કરી શકે તે પહેલાં સૂર્યદત્તની તલ્વાર તેના હાથ પર પડી અને તેના હાથને કાપી નાંખ્યો ! બીજી જ ક્ષણે મૂળરાજની તલ્વારથી સરવૈયાણીનું માથું ધડથી જૂદું થઈ નીચે પડ્યું !

આ દૃશ્ય જોઇને બીલ્હણ ગભરાયો અને ઘાયલ થએલો હોવા છતાં ઉઠીને નાસવાની તૈયારી કરવા લાગ્યો. મૂળરાજ તેની સામે જતો બોલ્યો: "ઊભો રહે, ઊભો રહે! ગુજરાતના ધણી તારે થવું છે કે નહિ ? તને ગુર્જ્જરેશ્વર બનાવવા ઇચ્છનારીની સાથે તને પણ મોકલી આપવાની જરૂર છે !"

મોતને નજીક આવેલું જોઇને બીલ્હણ ગભરાઈ ઉઠ્યો ! અધૂરામાં પૂરૂં આ ધમસાણમાં જસપાલ પણ છટકી ગએલો હતો એટલે તેનું ધૈર્ય જરા પણ ટકે એવો સંભવ નહોતો. તે મૂળરાજ ભણી હાથ જોડીને બોલ્યો: "નહિ, ભાણુભા ! મારે ગુર્જ્જરેશ્વર નથી થવું !"

"તને ઉત્તેજનારી ગઇ એટલે હવે તને ગુજરાતનું રાજ્ય નથી જોઇતું એમ તું કહે છે, પરન્તુ હું તને ઓળખી ચૂક્યો છું ! ચાવડાઓની રાજગાદીનો તું સીધો વારસ છે એટલે હવે હું તને આ જગત્માં રહેવા દેવા ઇચ્છતો જ નથી ! બોલ, ઇશ્વરસ્મરણ કરવું છે કે સત્વર મોત માંગે છે ?"

પાછે પગલે હઠીને, બે હાથ જોડતો અને ગરીબડું મ્હોં કરતો બીલ્હણ બોલ્યો: "મહારાજ ! મેં આપના અનેક અપરાધ કર્યા છે, પણ આ વખતે મને મારા અપરાધોની માફી આપો ! જોકે મને રાજગાદી

અપાવવાનો પ્રપંચ અમે રચતાં હતાં, તોપણ તેમાં મારી સંમતિ ઓછી હતી! મને રાણીએ અને જસપાલે ઉશ્કેર્યો હતો અને મારે માટે સઘળી વ્યવસ્થા કરવાનું તેમણે માથે લીધું હતું. આ સાચેસાચી વાત કહું છું!"

"એમાં જરાએ અસત્ય નથી?"

"ના, જરા પણ નહિ! જો એ વાત અસત્ય હોય તો મને હાથીના પગ નીચે છુંદાવીને મારજો!" **બીલ્હણે** પોતાના સત્યકથનની પ્રતીતિ આપી.

મૂળરાજે સૂર્યદત્તની સામે જોયું. **સૂર્યદત્તને** લાગ્યું કે **બીલ્હણની** ઋજુતાભરી પ્રાર્થનાથી અને સત્યકથનથી **મૂળરાજ** દયા તરફ ઢળે છે, એટલે તુરત તે બોલી ઉઠચો: "મહારાજ! દયાનો ઉપયોગ અસ્થાને અને કુપાત્રે થવો ન ઘટે. કાકાશ્રીની આજ્ઞા છે કે રાજ્યને નિષ્કંટક કર્યા વિના આપને કદાપિ સુખ ઉપજવાનું નથી."

બીજની શિખામણ **મૂળરાજને** સાંભરી. "એ ખરૂં છે! **બીલ્હણ**! તારે માટે મોત સિવાય બીજો માર્ગ જ નથી! દુષ્ટનો સંપર્ક દુષ્ટ ફળદાતા જ થવો જોઇએ! વિચાર કરજે, તેં ક્યાં થોડાં પાપ કર્યાં છે? એક પાપમાં તો મેં તને ગઇ રાત્રે જ પકડ્યો છે!"

"હા, મહારાજ! પણ તે સર્વ માટે મને ક્ષમા આપો."

"દુષ્ટોને ક્ષમા આપવી તે જગતમાં અનીતિનો વેલો વધારવા બરાબર છે." **સૂર્યદત્ત** બોલ્યો: "મહારાજ! હજી આપણને ઘણાં કાર્યો કરવાનાં છે!"

સૂર્યદત્તનો એક પણ શબ્દ સાધારણ વખતે નહિ સાંખી શકનાર **બીલ્હણ** અત્યારસુધી ગમ ખાઇને કશું બોલ્યો નહોતો, પરન્તુ **સૂર્યદત્તના** છેલ્લા શબ્દો સાંભળીને તે ઉશ્કેરાયો અને બોલ્યો: "**સૂર્યદત્ત! સૂર્યદત્ત!** ક્ષત્રિયની છાયા હેઠળ ઊભો રહીને તું બોલે છે, એટલે શું કરૂં? નહિ-તો હું તને જોઇ લેત! જીંદગીભર **સામંતસિંહ** મહારાજનું જ લૂણ ખાઇને છેવટે તેમનો ઘાત કરાવતાંએ સંતોષ નહિ પામનાર તું તેમના વંશનો લોપ કરાવવા બેઠો છે, પણ તેના ફળ તને મળશે જ મળશે!"

"જુઓ, મહારાજ! એની ખુમારી હજી કાંઇ ઓછી થઈ નથી! અત્યારે તે બચી જવાને કાલાવાલા કરે છે, પરન્તુ છૂટયો એટલે પુનઃ એ જ રાક્ષસ અને એ જ દુષ્ટ કાર્યો!"

"સત્ય છે, એવા રાક્ષસોને યમપુરીનો જ માર્ગ બતાવવો જોઇએ!" એટલું બોલતાં મૂળરાજે તલ્વારનો ઘા કરીને બીલ્હણને કાપી નાંખ્યો! તેનું ધડ ધબાક કરતું ઉંબરામાં પડયું! સરવૈયાણીના ધડમાંથી રૂધિરની ધારાઓ છૂટીને ઉંબરા તરફ રૂધિરનો મોટો રેલો વહી જતો હતો, તેમાં બીલ્હણના રૂધિરનો પ્રવાહ ઉમેરાયો! ઉભયનું રૂધિર એકત્ર થઇને એ ઓરડામાં રેલ ચલાવવા લાગ્યું. એ રેલ જોઇને જો કોઇને પણ હાસ્ય આવ્યું હોય તો તે એક માત્ર સૂર્યદત્તને જ!

પરિચ્છેદ ૧૮ મો.

મધુમતી.

સોહણરાજને મૂર્ખો બનાવીને ચઉલા ભાટીરાણીના આવાસમાં પેઠી તો ત્યાં તેણે ચોમેર ત્રાસ વર્તાઇ રહેલો જોયો! ભાટીરાણી ચોધાર આંસુએ રડતી હતી અને સંખ્યાબંધ દાસીઓ તેની આસપાસ વીંટળાઈ વળીને આંસુ વર્ષાવતી હતી. ચઉલાએ અનુમાન કર્યું કે કાંઇ મોટો અનર્થ થઇ ચૂકયો છે. એક દાસીને પૂછવાથી તેણે સઘળો વૃત્તાંત જાણ્યો અને તેની આંખમાં પણ અશ્રુધારા વહી નીકળી. ભાણુબાએ અણધાર્યો ગજબ કર્યો અને વસ્તુતઃ તેમને ઉત્તેજન આપનારી પોતે જ હતી, એવો વિચાર આવતાં સામંતસિંહના મરણમાં કિંચિત્ અંશે પોતે પણ કારણીભૂત થઇ પડી એમ તેણે માન્યું. મૂળરાજ જેવો રાજા ગુજરાતની ગાદી ઉપર હોવો જોઇએ એવું તે ઇચ્છિતી હતી, સામંતસિંહ પ્રજાપતિ થવાને નાલાયક હતો એવું પણ તે સમજતી હતી, સામંતસિંહને પદભ્રષ્ટ કરીને મૂળરાજ ગાદી લે તો દેશનો ઉદ્ધાર થાય એમાં તેને કાંઈ વાંધા જેવું લાગતું નહોતું, પરન્તુ મારામારી અને કાપાકાપી ચાલે, રક્ત રેલાય તથા

સર્વત્ર ત્રાસ વર્તી રહે એ તો એના કોમળ હૃદયને અસહ્ય લાગતું હતું. મૂળરાજ આવો અનર્થ ગુજારશે એવું તેણે માન્યું નહોતું અને જ્યારે તેણે જાણ્યું કે મૂળરાજે જ પોતાની માસીને વિધવા બનાવી છે ત્યારે તેનું અંતર્ ચીરાઇ જવા લાગ્યું. જ્યારે મૂળરાજે રાજમુકુટ પાછો નહિ સોંપવાનો પોતાનો નિશ્ચય ચઉલાને જણાવ્યો ત્યારે તે રાજી થઈ હતી, પરન્તુ કદાચ કચેરીમાં તકરાર અને મારામારી થાય તો મૂળરાજ કેવી રીતે વર્તશે તે જાણવાની તેની ઇચ્છા હતી. તેણે તે પ્રશ્ન કર્યો હતો, પરન્તુ મૂળરાજ તેનો જવાબ આપે તે પહેલાં તો પઉમા ત્યાં આવી પહોંચી હતી અને વાર્તાવિષય અધૂરો રહી ગયો હતો. જો તે જ વખતે મૂળરાજનો આવો નિશ્ચય ચઉલાએ જાણ્યો હોત તો કદાચ તેણે મૂળરાજને એ માર્ગે નહિ જવાનો આગ્રહ પણ કર્યો હોત, પરન્તુ ચઉલા મૂળરાજનો સંપૂર્ણ નિશ્ચય જાણી શકી નહિ, તેથી તેણે મૂળરાજને એ બાબતમાં ઉત્તેજન આપ્યું હતું. અત્યારે હવે અનર્થકારક પરિણામ આવ્યા પછી તેને પસ્તાવો પણ થતો હતો. મૂળરાજ ગુર્જરેશ્વર થયો તેમાં તેને કાંઇ અનૌચિત્ય જણાતું નહોતું, તેથી તે સંતુષ્ટ થઇ હતી, પરન્તુ મોટા મોટા માણસોનાં આજે મરણ થયાં એવા સમાચારથી તેનું કોમળ–બાળક–સ્ત્રીહૃદય ગભરાઇ જતું હતું અને એ કમકમાટીભર્યાં દેખાવનું મનથી સ્મરણ કરતાં તેની આંખે અંધારાં આવી જતાં હતાં.

રાણી અને દાસીઓનું રોદન ચઉલાથી જોઇ શકાયું નહિ. અશ્રુભરી આંખે તે એક બારી તરફ ચાલી. બારીની મધ્યમાં એક રૂપાનું પાંજરૂં ટાંગેલું હતું તેમાં એક કોયલને રાખવામાં આવેલી હતી. કોયલનું નામ મધુમતી પાડેલું હતું. મધુમતી ચઉલાને અત્યંત પ્રિય હતી. થોડા મહિના પહેલાં જ્યારે મધુમતીને લાવવામાં આવી ત્યારે તો તે સૌને બહુ આનંદ આપનારી લાગતી. તેનો તીવ્ર સ્વર અનેક વાર મૂળરાજને કર્ણે પણ પડ્યો હતો, પરન્તુ જેમ જેમ વખત જવા લાગ્યો હતો, તેમ તેમ મધુમતીની સંભાળ બરાબર લેવાતી નહિ અને તે કોઇને પહેલાંના જેવો આનંદ આપનારી પણ લાગતી નહિ. એક નવી વસ્તુ ઉપરનો પ્રેમ જેમ થોડા

દિવસ ટકે છે અને એ વસ્તુ જૂની થતાં તે ઉપરનો મોહ ઉતરી જાય છે, તેવી રીતે **મધુમતી** ધીમે ધીમે રાજકુટુંબમાં ભુલાતી જતી હતી, એવામાં **ચઉલા** **પાટણ**ના રાજમહાલમાં આવી, તેને એ રમકડું અત્યંત પ્રિય થઇ પડયું અને તે તેની સંભાળ લેઇ તેને સારી રીતે રાખવા લાગી. કોઇ કોઇ વાર તે તેને પીંજરમાંથી બહાર કાઢી પોતાના હાથ ઉપર બેસાડતી અને બગીચામાં ફેરવવા લઇ જતી. વનસ્પતિ જોઇને કોયલનો સ્વર ઉત્તેજિત થતો અને એ રીતે **મધુમતી**ને જેમ આનંદ મળતો તેમ **મધુમતી**થી **ચઉલા**ને પણ આનંદ મળતો. **ભાટી**રાણીના આવાસમાં **ચઉલા** આવતી અને પહેલી જ ક્ષણે **ચઉલા**નું ધ્યાન **મધુમતી** તરફ ખેંચાતું ! અત્યારે પણ **ચઉલા** બારીમાં ટાંગેલા **મધુમતી**ના પીંજર તરફ ગઇ અને પીંજર ઉઘાડી, **મધુમતી**ને બહાર કાઢી, પોતે તેને પોતાના હાથમાં રમાડતી હૃદયનો ભાર અશ્રુધારા ઓછો કરવા લાગી.

એટલામાં કહેણ આવ્યું કે રાજાજીના મૃતદેહને વસ્ત્રો પહેરાવીને તેમના શય્યાભુવનમાં દર્શનાર્થે રાખવામાં આવ્યા છે, એટલે રાણી અને દાસીઓ ઉઠીને ત્યાં ગઇ. ત્યાં ભયંકર રોકકળ ચાલશે અને પોતાથી એ જોઇ શકાશે નહિ એવું જાણીને **ચઉલા** **મધુમતી**ની સાથે રમતી ત્યાં જ બેસી રહી. કેટલીક વાર પછી મૃતદેહને સ્મશાનભૂમિમાં લઇ જવામાં આવ્યો એટલે રાણી અને બીજાંઓ ત્યાં પાછાં આવ્યાં. એ વખતે રાણીની સાથે કેટલીક વૃદ્ધ રજપૂતાણીઓ પણ હતી અને તેઓ સઘળી **સામંતસિંહ**ના ભાયાત વર્ગની સ્ત્રીઓ હતી. થોડી વાર શાંતિમાં વીત્યા પછી એક વૃદ્ધાએ કહ્યું: "જુઓ રાણીજી ! મહારાજા તો ગયા અને રડયા ભાણેજે દાટ વાળ્યો પણ હજી કાંઇ બધું બગડી ગયું નથી, સમજ્યાં ? **અહીપત** એના બાપની ગાદીનો હક્કદાર છે તેની કાંઇ કોઇથી ના કહી શકાય તેમ નથી!"

"માજી ખરૂં કહે છે. ભાયાતો અને મંત્રીઓ એકઠા થઇને તેને મહારાજાની ગાદી ઉપર બેસાડે તો પછી **મૂળરાજ**ના શા ભાર છે કે તે **પાટણ**માં એક ઘડી પણ ઊભો રહી શકે ? માટે હિંમત હારશો નહિ." બીજી વૃદ્ધાએ ટેકો આપ્યો.

ભાટીરાણી બોલી: “ કાકીજી ! હું એ બધું સમજું છું, પણ એ પીટયાની મને બહુ બીક લાગે છે ! મહારાજને ભરકચેરીમાં એણે માર્યા, તો પછી...”

“ તો પછી શું ? એના માથામાં કાંઇ ગજ ઘાલ્યા છે ? મહારાજ તો અસાવધ હતા, તેથી એમ બન્યું, પણ અગાઉથી બધી તૈયારી કરીને આયાતો તેના ઉપર ઉલટે, તો તે શું કરી શકે તેમ છે ? ચક્રદેવ અને એમના દિકરાઓ બિચારા ગયા, તોએ બીલ્હણ અને સોહણ ક્યાં નથી ? બીજા ચાવડાઓ પણ શું મૂઆ પડ્યા છે ? તમે જુઓ; હમણાં એકાદ બે દિવસ ચૂપ રહેજો, પછી બધુંએ થઇ રહેશે.” વૃદ્ધ રજપૂતાણીએ સલાહ આપી.

“ એમ એક બે દિવસનો વખત ગાળીએ, એટલે પછી આપણા હાથમાં કાંઈ જ બાજી રહે નહિ ! જે કરવું હોય તે તાતે ઘાએ જ કરી શકાય ! બે દિવસમાં તો એ બધાએ માણસોને પોતાના હાથમાં લઇ લે; પછી આપણું શું ચાલે ? ” ભાટીરાણીએ પોતાનો વિચાર દર્શાવ્યો.

ચઉલા મધુમતીને હાથમાં રમાડતી રમાડતી આ બધું અત્યારસુધી એક ચિત્તે શ્રવણ કરી રહી હતી, તે હવે બોલી: “ માસીબા ! જો મારૂં માનો તો અત્યારે છાનાંમાનાં બેસી રહો ! જો અહીપતના વારસાહક્કની વાત અત્યારે બોલવા જશો તો અહીપતનો જીવ જોખમમાં આવી પડશે સમજજો ! ”

માસીએ જોયું કે ચઉલા નાને મ્હોંએ મોટી વાત કરે છે. તે બોલી: “ તું એમાં ન સમજે બાપુ ! એ તો રાજ્યના મામલા છે. ”

છતાં ચઉલાથી મુંગાં રહેવાયું નહિ. તેને અહીપતની સહીસલામતીની ચિંતા થવા લાગી હતી અને મૂળરાજ જે વખતે ઉશ્કેરાયો છે તે વખતે આ વાત તેને કાને જતાં તે અનર્થ કરતાં બિલકુલ વાર લગાડશે નહિ એમ તે સમજતી હતી. આથી તે બોલી: “ પણ માસીબા ! અહીપતનું ભલું ઇચ્છીને તમે અત્યારે એ કાંઈ હીલચાલ ન કરો તો સારૂં, નહિતો રાજ્ય લેવા જતાં કાંઇ બીજો અનર્થ થઇ જશે હોં.”

પૂર્વપરિચિત વૃદ્ધ રજપૂતાણી બોલી: “ ચાવડાઓ અહીપતની બા-

જુએ ઊભા રહેશે, પછી કોણ અનર્થ કરી શકનાર છે? તું એ ન સમજે બાપુ!"

"અરે માજી! ચાવડાઓ અને ભાયાતો તો દૂર રહ્યા અને તેઓ એકઠા થઇને અહીપતની બાજુએ ઊભા રહે ત્યારે ખરા, પરન્તુ મૂળરાજ તો બે ડગલાં ચાલે એટલામાં અહીં આવી પહોંચે, એ તમે સમજો છો?" ચઉલાએ અત્યંત ચિન્તાતુરતામાં વિશેષ દલીલો કરવા માંડી.

ભાટીરાણી બોલી: "અહીં આવીને એ શું કરનાર છે? એ કાંઇ રાક્ષસ તો નથી? કાલ સ્હવારમાં મારા આવાસની ફરતા એક સો ચોકીદારો હું બેસાડી દઇશ, પછી અહીપતનો વાંકો વાળ કરનાર કોણ છે?"

ચઉલાને આ બધું સાંભળીને બહુ ખેદ થયો. તે ક્ષણ વાર બેસીને મધુમતીને લઇ પોતાના ઓરડામાં ચાલી ગઈ. ત્યાં સ્નાન કરીને તે બગીચામાં ફરવા નીકળી ગઇ. આજે તેના મગજ ઉપર બહુ જ બોજો આવી પડ્યો હતો. મૂળરાજનાં શૌર્ય, નીતિમત્તા અને ન્યાયશીલતાથી આકર્ષાઇને તેણે મૂળરાજને રાજમુકુટ જાળવી રાખવામાં કિંચિત્ સહાય કરી હતી. સોહણરાજને રોકી રાખવાનો પ્રપંચ તેણે એ જ હેતુપુરઃસર કર્યો હતો, પરન્તુ અત્યારે તે જ મૂળરાજના અનર્થોનો વિચાર આવતાં જાણે કે પોતે જ મહાપાપ કર્યું હોય એવો ખેદ તેને થતો હતો. નીતિમાન્ અને ન્યાયશીલ મૂળરાજને આવાં ભયંકર કાર્યો કરવાનું કેમ ગમ્યું, તે જ તે સમજી શકી નહિ; તોપણ એ કાર્યો મૂળરાજને હાથે જ થયાં હતાં, એ તો ખુલ્લું હતું એટલે તેને મૂળરાજ ઉપર રોષ ચડે એ સ્વાભાવિક હતું.

ખિન્ન અવસ્થામાં તે બગીચામાં ફરવા લાગી. બગીચાની હવા લાગવાથી મધુમતીમાં પણ નવચૈતન્ય આવ્યું અને તેનું ગળું સ્વર કાઢીને ચઉલાને આનંદ ઉપજાવવાનો વ્યર્થ પ્રયત્ન કરવા લાગ્યું. વસંતઋતુનો પ્રભાવ ચોમેર વ્યાપી રહ્યો હતો તેથી આમ્રવૃક્ષોપરના મ્હોર અને કેરીઓની સુગંધ મધુમતીને ઉત્તેજિત કરવા લાગી. આમ્રવૃક્ષોની ઘટામાં આવી પહોંચતાં તો મધુમતી ચઉલાના હાથમાંની સોનાની સાંકળીને છોડા-

વીને નાસી છૂટવાનો પ્રયત્ન કરવા લાગી. કેટલેક દૂર ગયા પછી જૂઇનો એક લતામંડપ આવ્યો તેમાં એક સ્થળે ઝીણી વાલુકાનો મનોહર ક્યારો બનાવવામાં આવ્યો હતો. શિથિલ ગાત્રવતી ચઉલા એ વાલુકામાં જઇને બેઠી અને મધુમતીની સાંકળીને જૂઇની લતાની એક ડાંખળીમાં ભેરવીને નિશ્ચિંત બની. મધુમતી તીવ્ર મનોરમ સ્વર કરીને એ મંડપને ગજાવવા લાગી અને આ બાજુએ ચઉલા વાલુકામાં આળોટતી ચિત્રવિચિત્ર પ્રસંગોના ચિન્તનમાં પડી.

વસંતઋતુના પ્રભાવથી બગીચામાંનાં તરૂવરો, રોપાઓ, લતાઓ અને પુષ્પવૃક્ષો પ્રફુલ્લિત બની ગયાં હતાં. સ્હવારમાં પડેલા ઝાકળના આછા વરસાદથી પૃથ્વીતલ ભીંજાઇ ગયું હતું અને તેથી વહન કરતી વાયુલહરિ શીતળ બની હતી. લતામંડપમાં જૂઇનાં પુષ્પો ઉભરાઇ રહ્યાં હતાં અને અત્યંત મનોરમ દૃશ્ય અર્પી રહ્યાં હતાં, પરન્તુ ચિન્તાકુળ ચઉલાનું ચિત્ત એક ને એક ચિંતનમાં પરોવાએલું જ રહ્યું. "ગુજરાતની પ્રજાને દુઃખમાંથી બહાર કાઢીને સુખમાં વિહરાવવા, અનીતિનો નાશ કરીને નીતિનું સામ્રાજ્ય સ્થાપવા, ધર્મનો વિધ્વંસ થતો અટકાવીને ધર્મની સ્થાપના કરવા અને બીજા મુલકોમાં ગુર્જરેશ્વરની કીર્તિને વધારે ઝાંખપ ન લાગતાં તે ઉલટી તેજસ્વી બને એવું કરવા માટે બદ્ધપ્રતિજ્ઞ થએલા ભાણુભાએ આમ રૂધિરની રેલ શામાટે ચલાવી ? આવાં પાપકર્મોનો આદર કરવાનું તેમને કેમ ગમ્યું ? મારો અંતરાત્મા વારંવાર મને એવું કેમ કહ્યા કરે છે કે પ્રતાપી ભાણુભા કદાપિ આવું કરે જ નહિ ? ખરેખર, તેમના પરની અંધશ્રદ્ધા—તેમના પ્રતાપપરના મારા આંધળા વિશ્વાસને લીધે મને એવું લાગતું હશે, પરન્તુ વસ્તુતઃ તેમણે જ આ બધું ભરકચેરીમાં કર્યું, સેંકડો માણસોએ તે જોયું, પછી તે અસત્ય કેમ હોય ? પરન્તુ એ ભોળા મનના યુવાન ક્ષત્રિયને કોઈ કપટી પુરૂષે ભોળવીને આવા દુષ્ટ માર્ગે કેમ ન ચડાવ્યા હોય ? એ પણ બનવાજોગ છે ! અત્યારસુધી તો એવા કોઇ દુષ્ટ માણસનું નામ મારા સાંભળવામાં આવ્યું નથી, પછી શી ખબર ? અહો ! મનુષ્યનું હૃદય પારખવાને કોણ સમર્થ છે ?

લોકદષ્ટિએ સુશીલ દેખાનારાઓ દુષ્ટ કાર્યો કરતાં પાછું વાળી જોતા નથી અને લોકદષ્ટિ જેમને દુઃશીલ લેખે છે એવા જનોનાં કાર્યોનો ગૂઢ હેતુ ઘણી વાર ઉત્તમમાં ઉત્તમ પણ માલૂમ પડે છે!” એમ મનમાં વિચારીને ચઉલા ઝીણે સાદે ગણગણવા લાગી:

*“ મૃદુતાતણી આશ ધરી ગ્રહું પુષ્પ, જણાય કઠોર–નઠોર સૂકું,
“ નરી કોમળતા મૃદુતા નિરખું કદિ અશ્મગુહાની સમીપ† ઢુકું!
“ મન માનવનાં, પ્રભુની કૃતિને કળવા મનુજાયુષ છે જ ટુંકું,
‡“ સમજે ન ઠગાયલી કોયલ કે નિજ બાળ કહેશે ‘ કાકા ’ કે......”
.........“ કુકૂ! ”

મધુમતીએ ‘ કુકૂ ’ શબ્દોચ્ચારથી પાદપૂર્તિ કરેલી સાંભળીને ચઉલાએ પોતાની નજરને તેની ભણી દોરી, તો મધુમતીની સાંકળીને જ્યાં ભેરવેલી ત્યાંથી તે છૂટી ગએલી જણાઇ! મંડપના બીજા જ ભાગમાં મધુમતી ભરાઇ ગઈ હતી અને પુષ્પોને ચાંચવડે ચુંટી ચુંટીને ફેંકી દેવાના કાર્યમાં ગુંથાઈ ગઇ હતી! ચઉલા તેને પકડવાને એકદમ ઉઠી, પરન્તુ એક સ્થળે તેને પકડવા જતાં ઉડીને તે બીજે સ્થળે ભરાતી અને વેલાઓની ગુંથણીમાં જ આગળ પાછળ ખસી જઇને ચઉલાના હાથમાં આવતી નહિ! કોઇ વાર મધુમતીની પાસે ચઉલાનો હાથ પહોંચી જતો, તો એકદમ તે ઉડી જતી અને નાસતી ફરતી. આ પ્રકારની દોડાદોડમાં વેલાઓ અને પુષ્પોનો ઘાણ નીકળવા માંડયો. એકાદ ઘડીસુધી ચઉલાએ તેને પકડવાને બહુ બહુ ફાંફાં માર્યા પણ તે કામ લાગ્યાં નહિ અને

---

* ઇંદ્રવિજય છંદ. † પત્થરની ગુફાની નજીક જઉં. ‡ કાગડી પોતાનાં બચ્ચાંને કોયલના માળામાં મૂકી દે છે અને કોયલનાં બચ્ચાંને બહાર ફેંકી દે છે. કોયલ કાગડીનાં બચ્ચાંને પોતાનાં બચ્ચાં સમજી ઉછેરે છે, પણ જ્યાંસુધી તે “ કાકા ” શબ્દ બોલતાં નથી ત્યાંસુધી કોયલ સમજતી નથી કે પોતે ઠગાઈ છે; અર્થાત્ પોતાનાં બચ્ચાં ‘ કાકા ’ બોલતાં શીખશે કે ‘ કુકૂ ’ બોલશે તે ઠગાયલી કોયલ સમજી શકતી નથી; તેવી જ રીતે મનુષ્ય જ્યાંસુધી કાંઈ કાર્ય કરતો નથી–પોતાના વિચારને આચારમાં મૂકતો નથી, ત્યાંસુધી તેના હૃદયના વિચારો કળાતા નથી.

આખો લતામંડપ ચુંથાઈ ગયા જેવો થઇ ગયો. છેવટે મનથી અકળાઇને તેણે બગીચામાંથી ત્રણચાર માળીઓને બોલાવ્યા અને તેમને મધુમતીને પકડવાની આજ્ઞા આપી. માળીઓએ તેને પકડવાને યત્ન કરવા માંડયો, પરન્તુ એ વિશાળ લતામંડપમાં તે જલ્દી પકડાઈ નહિ અને આખો લતામંડપ વીંખાઇ પીંખાઇ ગયો. પુષ્પોનો ઢગલો થઇ ગયો અને લતાઓ તૂટી–વછૂટીને પુષ્પભાર વિના અરમ્ય–નગ્ન દેખાવા લાગી! ચઉલા ચ્હીડાઇને મધુમતીને ગાળો ભાંડવા લાગી અને કહેવા લાગી: "લુચ્ચી! એક વાર તું મારા હાથમાં આવ, પછી જો કે હું તને શિક્ષા કર્યા વિના રહું છું?" પરન્તુ મધુમતીને તો આજે ઘણે વખતે બગીચામાં ઉડવાની સ્વતંત્રતા મળી હતી અને વનસ્પતિને જોવાથી તેનામાં નવચૈતન્ય આવ્યું હતું, એટલે તે ચાર–પાંચ પકડનારાઓને પણ પરાજિત કરી શકતી હતી!

બહુ બહુ વારે છેવટે મધુમતીની સાંકળીનો એક છેડો ચઉલાના હાથમાં પકડાઇ ગયો અને તે ચઉલાના કબ્જામાં આવી! પરન્તુ તે વખતે લતામંડપની એવી દુર્દશા થઈ ગઇ હતી કે તે જોઇને મધુમતી ઉપર ચઉલાના ક્રોધનો પાર રહ્યો નહિ. ચઉલાએ મધુમતીને ધીમે હાથે એક–બે લપાટો મારી, પરન્તુ તેથી તેનો ક્રોધ શમ્યો નહિ. પોતાના આવાસમાં ગયા પછી તેને બરાબર શિક્ષા કરવી એવો વિચાર કરીને ચઉલા રાજમહાલય તરફ પાછી ફરી.

એ સમયે મધ્યાહ્ન વીતી ગયો હતો અને આછાં વાદળાં ચડી આવ્યાં હોવાથી ચોમેર ગમગીન–ગમગીન દેખાતું હતું. રાજમહાલયમાંથી કોઈ કોઇ વાર કોઇનો ધીમો વિલાપ શ્રવણગોચર થતો હતો અને ચોપાસ ફેલાએલી શૂન્યતામાં એ વિલાપધ્વનિ ભયાનક દેખાવ આપી રહેતો હતો. ઉંચા ઉંચા આકાશની સાથે વાતો કરતો એ રાજમહાલય આજે ચઉલાને એક ભયાનક આકૃતિના જેવો દેખાતો હતો. રાજમહાલયની આસપાસના ચોગાનમાં અને બગીચામાં રોજ સેંકડો સ્ત્રી પુરૂષો ફરતાં જોવામાં આવતાં હતાં તથા અનેક પ્રકારનો આનંદકોલાહલ સંભળાતો

હતો, ત્યાં આજે ભાગ્યે જ કોઈ દાસ કે દાસી ચોમેર ભયપૂર્વક નિહાળતાં ફરકતાં જોવામાં આવતાં હતાં અને આનંદકોલાહલને સ્થાને વિલાપધ્વનિ સંભળાતો હતો. આ ગમગીન દેખાવ જોતી **ચઉલા** રાજમહાલયના ઉપરના માળપર ચડી અને **ભાટીરાણી**ના આવાસમાં ગઈ, તો ત્યાં ચોમેર ભયભીતતા પ્રસરેલી તેના જોવામાં આવી! **ભાટીરાણી** બાળક **અહીપત**ને છાતી સરસો ચાંપીને ઓરડાના એક ખૂણામાં ભરાઇ બેઠી હતી અને બારી બારણાં બંધ કરીને દાસીઓ પ્રત્યેક બારીની પાસે ભયભીત બનતી ઊભી રહી હતી! આ દ્દશ્યમાં **ચઉલા**ને કાંઇક ગૂઢ મર્મ લાગ્યો. **મધુમતી** ઉપરનો તેનો ક્રોધ તત્ક્ષણ વિસારે પડી ગયો અને તેણે તેને તેના પીંજરામાં પૂરી દીધી. **ભાટીરાણી**ની પાસે જઇ, નીચે બેસી, ગંભીરતાપૂર્વક તેણે પૂછયું: " માસીબા! શા સમાચાર છે? આમ શૂન્ય-મુન્ય થઇને કેમ બેઠાં છો?"

" હાય હાય બ્હેન! હું તો ભયથી કમ્પી ઉઠું છું. હવે હું શું કરૂં? મારા **અહીપત**ને શી રીતે જાળવું?"

" પણ શો પ્રકાર છે, તે તો કહો! શું **અહીપત** ઉપર કાંઈ વિઘ્ન આવી પડયું છે?" **ચઉલા**એ પૂછયું.

" **સરવૈયાણી**ને **મૂળરાજે** કાપી નાંખી!"

" હેં! સ્ત્રીહત્યા?" **ચઉલા** આભી બની ગઇ.

" **બીલ્હણ**ના પણ તેણે એ જ હાલ કર્યા."

" પણ એ બધું શાથી થયું?"

" **સરવૈયાણી**એ મહારાજની પાછળ **બીલ્હણ**ને ગાદીએ બેસાડવાનો પ્રપંચ કરવા માંડેલો અને તેમાં **જસપાલ** પણ શામેલ થએલો. **મૂળરાજ**ને એ વાતની ખબર પડી એટલે તે **સરવૈયાણી** પાસે ગયો. ત્યાં **બીલ્હણ** અને **જસપાલ** બેઠેલા! **સરવૈયાણી**એ છાતી ઠોકીને કહ્યું કે **બીલ્હણ** ગુજરાતનો ધણી છે, એટલે **મૂળરાજે** તેને કાપી નાંખી! **બીલ્હણે** પાછળથી બહુએ કાલાવાલા કર્યા અને કહ્યું કે મારે રાજ્ય જોઇતું જ નથી, તોએ **મૂળરાજે** તેને ઉડાડી દીધો!" **ભાટીરાણી** રડમસ અ-

વાજે આગળ બોલી: "ચઉલા! મારો અહીપત મહારાજની પછી ગાદીનો વારસ છે, એટલે હવે તેના ઉપર વિઘ્ન આવ્યું છે!"

ચઉલા ટોણામાં બોલી: "આસપાસ ચોકીદારોને બેસાડી દોને! મૂળરાજના શા ભાર છે?"

"ચોકીદારોની ગોઠવણ કાંઇ ઉતાવળે થાય? હવે તો મને એવું લાગે છે કે મૂળરાજ કોઇની પણ પરવા કરે તેવો નથી! ચોકીદારને મારી નાંખતાં પણ તે પાછો હઠે તેવો નથી; એ તો ઠીક, પણ દાસીએ મને કહ્યું કે રાજ્યના સીધી લીંટીના જેટલા વારસો છે તે બધાને મૂળરાજ ઠાર કરવાનો છે, એટલે હું ધારૂં છું કે હવે મારા અહીપતનો વારો આવ્યો!" એટલું બોલતાં રાણીએ રડી દીધું.

"પણ તમે કહેતાં'તાં ને કે મૂળરાજના શા ભાર છે? તે શું કરી શકનાર છે? હજી તો તમે અહીપતને માટે કશો યત્ન કર્યો નથી, તે પહેલાં, માસી! બ્હીઓ છો શાનાં?"

"મૂઈ હું! બ્હેન! પણ હવે મને ખરેખર ગભરાટ છૂટે છે! મને લાગે છે કે આપણે પેલી વાતચીત કરતાં'તાં તે કોઇએ ચોરીછૂપીથી સાંભળીને મૂળરાજને કહી દીધી હશે!"

"એમ પણ હોય! રાજખટપટના મામલા છે! જે બોલીએ તે વિચારીને બોલીએ! જડ ભીંતમાંએ જીવ આવે ને સાંભળે! તે વખતે મેં ઘણુંએ કહ્યું'તું કે એ વિચાર બંધ રાખો, પણ તમે મારૂં સાંભળ્યું નહિ!"

"હાય હાય! તેં કહ્યું તેમ કર્યું હોત તો મૂળરાજને કાને એ વાત ન જાત! ખરૂં કહેજે ચઉલા! ખરેખર મૂળરાજે એ વાત જાણી હશે? ઓ બાપ! મને મૂળરાજના પગના ભણકારા વાગે છે! એમ બોલતી રાણી ભયથી છળીને ઊભી થઇ ગઈ! અહીપતને તેણે એવા તો જોરથી છાતી સાથે દબાવ્યો કે તે રડવા લાગ્યો અને રાણી વધારે ગભરાઈ! તે ધીમે ધીમે બોલવા લાગી: "ઓ દીકરા! ચૂપ રહે, છાનો રહે, તને છુપાવવાને હું મહેનત કરૂં છું, ને વળી તું છતો કયાં થાય છે? ચઉલા!

મારી બ્હેન ! તારી બુદ્ધિ બધેય પહોંચી જાય છે. હવે તું કાંઇ એવો ઉપાય કર કે મારા અહીપતને ઉની આંચ આવે નહિ !”

“હું તો યુક્તિ કરૂં, પણ હું ધારૂં છું કે હું કહું છું તેમ તમે નહિ કરો !”

“જરૂર કરીશ, ચઉલા ! તું કહીશ તેમ કરીશ, પણ મારા અહીપતને ઉગારવાનો ઉપાય બતાવ.” રાણીએ ભયથી કંપતાં કહ્યું.

“ત્યારે પહેલી વાત એ કે પાટણ છોડ્યા વિના તમે કે અહીપત સહીસલામત રહી શકશો નહિ.” ચઉલાએ જણાવ્યું.

રાણીને એ વાત ગમી નહિ. તે બોલીઃ “હું પાટણ છોડું એટલે પછી મને પાટણમાં પેસવા જ કોણ દે ? મારા અહીપતને રાજગાદી ન મળે એ તો ઠીક પણ એક ગામડા જેટલી જાગીર પણ કોણ આપે ?”

“તમારે અહીપતને બચાવવો નથી, પણ જાગીર અપાવવી છે, તો ભલે અહીં જ રહો ! માસીબા ! હું પહેલેથી જ કહેતી હતી કે મારૂં કથન તમને ગમવાનું નથી.”

“પણ બ્હેન ! હું અને અહીપત પાટણમાં જ સહીસલામત રહીએ, એવી કાંઇ યુક્તિ બતાવ, તો મને સંતોષ થાય.”

“પાટણ તમારૂં ગામ છે. તમે તેના ભોમીયા છો. મેં તો પૂરૂં પાટણ જોયું નથી કે પાટણના લોકોને હું ઓળખતી નથી. પાટણમાં જ સહીસલામત રહેવાનો માર્ગ તમે જ શોધી કાઢી શકો.” ચઉલાએ ઉત્તર આપ્યો.

રાણી નાસીપાસ થવા લાગી. ચઉલાએ તેને ધૈર્ય આપવા માંડયું, પરન્તુ તેને તો “એ મૂળરાજ આવ્યો, એ આવ્યો !” એવું થતું હતું. થોડી વાર થોભીને ચઉલા ત્યાંથી ઉઠવા લાગી, તે જોઇને રાણી બોલીઃ “તું અહીં બેસને બ્હેન ! તું મારી પાસે હોય તો મને હિંમત રહે છે.”

“આટલી બધી દાસીઓ આપની હજુરમાં ઊભી છે, પછી હિંમત ખોવા જેવું શું છે ? હું જરા મહેલમાં ફરી આવું, જાતે સઘળા વર્તમાન જાણી આવું અને મૂળરાજ અત્યારે ક્યાં છે તથા શું કરે છે તેની આપણને ખબર પડે તો ઠીક.”

"નહિ, નહિ, નહિ, ચઉલા! એ રજાની નજરે પણ તું પડતી નહિ! તું અહીં જ રહે, ક્યાંય બહાર જઇશ નહિ. તું બ્હાર જવાની વાત કરે છે તેથી મને બીક લાગે છે! એ તારા ઉપર પણ હાથ ઉગામ્યા વિના નહિ રહે!" રાણી બોલી.

ચઉલા એ વાતને ઉડાવતી સ્મિત કરીને બોલી: "અરે રામ રામ કરો! મારે ક્યાં પાટણની ગાદી લેવી છે કે મને કોઇ હાથ પણ લગાડે? તમે ફીકર કરશો નહિ, હું હમણાં આવું છું." એમ કહીને ચઉલા રાણીના આવાસમાંથી બહાર નીકળી અને સરવૈયાણીના આવાસ તરફ ચાલી. ત્યાં પહોંચતાં ચઉલાએ જોયું કે બન્ને મુડદાંઓને નનામીમાં બાંધી દેવામાં આવ્યાં હતાં અને સરવૈયાણીનો ઓરડો લોહી–લોહાણ થઇ ગયો હતો! એ લોહીમાં દાસ–દાસીઓનાં પગલાં પડવાથી અને લોહીવાળે પગે તેઓ આસપાસ ફરેલાં હોવાથી લોહીનાં જ પગલાં ચોમેર પાડવામાં આવેલાં હોય એવું જોવામાં આવતું હતું! આ દૃશ્ય જોઇને ચઉલાને મૂળરાજ ઉપર ગુસ્સો આવ્યા વિના રહ્યો નહિ; પરન્તુ બીજી જ ક્ષણે તેને વિચાર આવ્યો: "ભોળા હૃદયનો, મારી સૂચનાને પણ માન્ય રાખનારો, પોતાની ગુપ્તમાં ગુપ્ત રાજનીતિનાં સૂત્રો મને જણાવી દેનારો અને મારા થોડા શબ્દો ઉપરથી પણ એકદમ સમજી જનારો, સુશીલ પરાક્રમી મૂળરાજ શું આ દુષ્કૃત્યો કરે ખરો? આ બધાં દાસ–દાસીઓ કહે છે કે મૂળરાજે પોતાની તલ્વારવડે જ આ બન્નેને ઠાર કર્યાં છે, એ વાત તો ખોટી ન હોય, પણ મૂળરાજના હૃદયમાં તો અન્ય કોઇ વ્યક્તિ નહિ હોય?" ચઉલાએ સરવૈયાણીની દાસીને ઇશારત કરી એક બાજુએ લઇ જઈ પૂછ્યું: "ભાણુભાએ આ બન્નેને માર્યાં ખરાં, પણ તેમની સાથે બીજું કોઇ હતું?"

દાસી બોલી: "એમની સાથે તો બીજાં ઘણાંએ હતાં, પણ એમનો ગુરૂ પેલો દત્ત મહારાજ છે ને, તેમણે જ ઉશ્કેરીને આ બીલ્હણને તો મરાવ્યો છે! રાણીજીને મારવાને પણ તે જ અહીં ભાણુભાને તેડી લાવેલો."

ચઉલાએ આ શબ્દો સાંભળીને પોતાની છાતી ઉપર હાથ મેલ્યો.

સ્વલ્પ સંતોષ, આનંદ અને વિજયની રેખાઓ તેના વદન ઉપર તરી આવી અને તેની આંખોમાં અપૂર્વ તેજ ચમકી ઉઠયું. તે મનમાં બોલીઃ "કાંઇ ફીકર નહિ! એક વાર ભાણુભાને મારા શબ્દો સાંભર્યા વિના રહેવાના નથી." તેને સંતોષ થવાનું કારણ એ હતું કે મૂળરાજમાં જે ગુણોનું અસ્તિત્વ હોવાનું તેણે અનુમાન કર્યું હતું તે ગુણો તેનામાંથી નાશ પામી ગયા છે એવું તેણે આ વખતે સાંભળ્યું નહિ, પરન્તુ અન્ય માણસોની સમજાવણીથી એ ભોળું હૃદય ફસાયું છે એવું તેના જોવામાં આવ્યું. આથી ચઉલાને ખેદ તો થયો, પણ મૂળરાજના સ્વભાવ ઉપર તેણે કલંક ન જોયું તે જ તેના સ્વલ્પ સંતોષ તથા આનંદનું કારણ હતું. તે ત્યાંથી પાછી ફરી અને ભાટીરાણીના આવાસ તરફ ચાલવા લાગી. કેટલેક દૂર જતાં તેના જોવામાં આવ્યું કે સોહણરાજ પોતાની સામો ચાલ્યો આવે છે! સોહણરાજના મનમાં પોતાને માટે વૈર વસી ગયું છે એ ચઉલાને સાંભર્યું, એટલે સાવચેત બનતાં જ તેણે પોતાની કમરપર છુપાવી રાખેલી નાની કટારીપર હાથ નાંખ્યો અને સોહણરાજ નજીક આવી પહોંચે તે પહેલાં તો કટારીનું વિદ્યુત્ સરખું તેજ સોહણરાજની દૃષ્ટિએ પડી ચૂક્યું! સોહણરાજની પાસે તલ્વાર હતી, પરંતુ પોતાના ભાઇ બીલ્હણના મરણની વાત સાંભળીને તે એટલો ગભરાઈ ગયો હતો કે તેનામાં જરા પણ હિંમત અવશેષ રહી નહોતી. સોહણરાજને જોઇને ચઉલાને ભય લાગ્યો હતો અને તેથી જ તેણે આત્મરક્ષણ કરવાને કટારી બહાર કાઢી હતી, પરન્તુ તે કટારી જોઇને નિર્બળ મનનો બનેલો સોહણરાજ બીધો! પોતે ચઉલાને વૈર વાળવાનો ભય બતાવ્યો હતો તેથી હવે ચઉલા જ વૈર વાળવાને સામી આવે છે, વળી તે મૂળરાજની માનીતી થઈ પડી છે, એવું સમજીને સોહણરાજ ચઉલાની સામે નહિ આવતાં ત્યાં જ થોભી ગયો અને હસ્તસંપુટ બાંધીને—બન્ને હાથ જોડીને બોલ્યોઃ "ચઉલાદેવી! મને ક્ષમા કરવી ઘટે છે! હજી સ્હવારે જ મેં તમારો અપરાધ કર્યો છે અને અત્યારે હું તમારી ક્ષમા માંગું છું!"

"એમ ક્ષમા મળી શકે નહિ સોહણરાજ! તમે એક વાર મારી સાથે

ચાલો!" ચઉલા સોહણરાજના મનની નિર્બળતાને તત્ક્ષણ કળી ગઈ અને બોલી.

"હાય, હાય, મને શું મૂળરાજ પાસે લઇ જવો છે? મને ક્ષમા કરો, ચઉલાદેવી!"

"તમે એક વાર મારી સાથે ચાલો! તમે મારા કહ્યા પ્રમાણે કરશો તો તમને કાંઇ હરકત થશે નહિ."

સોહણરાજને ચઉલાના શબ્દો ઉપર વિશ્વાસ આવે તેનું એક કારણ હતું. મૂળરાજ અને ચઉલાની વાતો તેણે સાંભળી હતી, તે ઉપરથી તે માનતો હતો કે ચઉલા પોતાની કોઇ પણ વાત મૂળરાજ પાસે મનાવી શકે છે. તે ગુપચુપ ચઉલાદેવીની સાથે ચાલ્યો. ચઉલા તેને ભાટીરાણીના આવાસમાં લાવી. સોહણરાજને જોઇને રાણી એકદમ તેની પાસે ધાઇ આવી અને ગભરાટથી પૂછવા લાગી: "શી ખબર છે, સોહણરાજ?"

સોહણરાજે કશો ઉત્તર આપ્યા પહેલાં એક વાર ચઉલાની સામે જોયું. ચઉલાએ આજ્ઞા કરી: "જે કાંઇ નવા સમાચાર હોય તે કહો!" ચઉલા સોહણરાજની આજ્ઞાધીનતા જોઇને મનમાં હસી.

સોહણરાજ બોલ્યો: "મોટો અનર્થ થવા બેઠો છે, રાણીજી! સરવૈયાણી મૂઈ, મારો ભાઇ બીલ્હણ પણ બૂરે મોતે મૂઓ અને મને ખબર મળ્યા છે કે હવે હું અને અહીપત રાજ્યના સીધા વારસો બાકી રહ્યા છીએ તેમનો ઘાટ ઘડવાની પેરવી ચાલી રહી છે!"

રાણી ત્રાસી ઉઠી: "હાય, હા......ય! શું ખરી વાત? ઓ બાપ! ચઉલા! હવે હું શું કરૂં?"

"પાટણમાં ક્યાંક સંતાઇ રહો!"

"ના, ના, બ્હેન! મારે હવે તો પાટણમાં પણ રહેવું નથી! ડગલે ને પગલે તારા શબ્દો આડા આવે છે! તું સાચું જ કહેતી હતી, પણ હું અભાગણી માનતી નહોતી! ચઉલા! ચઉલા! ગમે તેમ કર, પણ અહીપતના બચાવનો ઉપાય કર!"

ચઉલાની સત્તા અને શક્તિ જાણતો સોહણરાજ પણ હાથ જોડીને

બોલ્યો: "અને ચઉલાદેવી! મને પણ બચાવો! બીલ્હણની દુર્દશા થઈ ત્યારથી જ હું ગર્ભગલિત બની ગયો છું! જો કોઈ પણ રીતે મને બચાવશો તો હું તમારો આભાર જીંદગીસુધી નહિ ભૂલું! અરેરે, હવે હું કેવો પસ્તાઉં છું!"

ચઉલાએ ઈશારો કરીને સોહણરાજને સમજાવ્યું કે રાત્રિનો કશો પ્રસંગ કોઈને કહેવાનો નથી. સોહણરાજ સમજી ગયો. ચઉલાએ કહ્યું: "માસીબા! હવે રહી રહીને તમે અહીપતના બચાવ માટે પાટણ છોડવાને તો તૈયાર થયાં; હું કાંઈ યુક્તિથી તમને ખસેડીશ; પણ હવે તમારો નિશ્ચય તો બદલાશે નહિ?"

"ના રે ના બ્હેન! હવે મારો નિશ્ચય બદલાવાનો નથી. મારો એક અહીપત જીવતો રહે તો મને બીજું કશું જોઈતું નથી."

"ઠીક, ત્યારે સોહણરાજ! તમારે પણ જીવતાં પાટણમાંથી છૂટવું છે કે શો વિચાર છે? કે પછી બીલ્હણની પેઠે તમારે પણ ગુર્જરેશ્વર બનવું છે?"

"ના, રે ના! મને એવો કાંઈ લોભ નથી? જીવતાં છુટાય તો બસ; પણ જેમ બને તેમ ઉતાવળે, હોં!"

"વારૂ, તમે કોઈ આ ઓરડામાંથી બહાર નીકળશો નહિ." એમ કહીને ચઉલાદેવી ક્યાંક બહાર ચાલી. જતાં જતાં મધુમતીએ "કુકૂ" શબ્દોચ્ચાર કર્યો. ચઉલા મનમાં બોલી: "લુચ્ચી મધુ! હું તને શિક્ષા કરવાનું ભૂલી ગઈ હતી, પણ રહે! કામમાંથી પરવાર્યાં પછી હું તને છોડવાની નથી!"

પરિચ્છેદ ૧૯ મો.

કલંક-સ્ફોટ.

સરવૈયાણી અને બીલ્હણને યમધામ પહોંચાડીને મૂળરાજ પાછો બીજ સોલંકીની પાસે આવ્યો, તે વખતે બીજ પહેલાં કરતાં કાંઈક

વધારે હોંશિયારીમાં આવ્યો હતો. તેને વાગેલા ઘામાંથી વહન કરતું રૂધિર બંધ થઇ ગયું હતું અને પઉમા પલંગની ઇસિપર બેઠી બેઠી **બી**-જને એક રેશમી વીંજણાવડે વાયુ ઢોળી રહી હતી. કાકાની તબીયત સારી જોઇને મૂળરાજને આનંદ થયો. તેણે સરવૈયાણી અને બીલ્હણ વિષેની વિગતવાર ખબર **બી**જને આપી અને **બી**જે તેને અનુમોદન આપ્યું. **બી**જે કહ્યું: "મૂળરાજ! રાજ્યને દૃઢ કર્યા વિના તારો સંપૂર્ણ વિજય નથી, તેથી હજી જે કંટકો બાકી રહ્યા હોય તેનું ઉન્મૂલન કર્યા વિના રહેતો નહિ."

"એ સંબંધી આપની સૂચના હું વિસરીશ નહિ. પણ આપની તબીયત સારી થતી જાય છે એ જોઇને મને બહુ આનંદ થાય છે." મૂળરાજે કહ્યું.

"મને અત્યારે ઠીક છે, માટે મારી એવી ઇચ્છા છે કે મને મારા નિવાસસ્થાને લઇ જવાય તો ઠીક."

"હું પણ તે જ વિચાર કરૂં છું. જોકે આ સ્થળે કાંઇ ભય જેવું નથી, તોપણ આ સ્થળ કેવળ નિરૂપદ્રવી નથી, તેટલામાટે આ અવસ્થામાં આપ કોઇ સુરક્ષિત સ્થળે રહો એ વિશેષ ઉચિત છે. આપને માટે મ્યાનો મંગાવું છું અને પાંચસો હથીયારબંધ સૈનિકોની વ્યવસ્થા કરૂં છું." એમ કહી તેણે જંબકને તત્સંબંધી વ્યવસ્થા કરવાની આજ્ઞા આપી.

થોડી જ વારમાં **બી**જને ગામ બહારના તેના નિવાસસ્થાને લઇ જવાની સઘળી યોજના થઈ ગઇ અને તેનો અમલ પણ થઈ ચૂક્યો. સૂર્યદત્ત અને જંબક પણ **બી**જની સાથે જ ગયા. સૂર્યદત્તને મૂળરાજનું પાસું છોડવાનું ગમ્યું નહિ, પરન્તુ એક વિશિષ્ટ કારણને લીધે તેને **બી**-જની પાસે રહેવાની અગત્ય જણાઈ. એકાન્ત મેળવીને **બી**જની સાથે કાંઈ વાતચીત કરવાની તેની ઇચ્છા હતી અને તે એકાન્ત રાજમહાલયમાં મળવાનો સંભવ નહોતો. બીજી બાજુએ મૂળરાજથી દૂર જવામાં પણ કાંઇક જોખમ સમાએલું હતું, કારણકે મૂળરાજના સરળ સ્વભાવને

કોઈ પાસે ચડીને બદલાવી નાંખે એવો ભય તેના ચિત્તમાં વસી રહ્યો હતો. તોપણ થોડો વખત મૂળરાજથી છૂટા પડીને પણ **બીજ**ની સાથે વાતચીત કરી લેવી એવી ધારણા તેણે રાખી હતી.

બીજને તેના સ્થાનપર લાવીને બિછાનામાં સુવાડવામાં આવ્યો અને અનેક દાસ–દાસીઓ તેની સેવામાં ઉપસ્થિત થયાં. તેઓમાં કેટલાંક નવાં સ્ત્રીપુરૂષો પણ દેખાતાં હતાં અને તેઓ ખાસ કરીને ઉગતા સૂર્યને પૂજવામાં કુશળ હોઇ આજે **બીજ** પ્રતિ પોતાનો સદ્‌ભાવ દર્શાવવાને આવ્યાં હતાં. ઘણી વારસુધી **બીજ**ની સાથે વાતચીત કરવાને એકાંત મળવાનો સંભવ નહિ હોવાથી **સૂર્યદત્ત** એક જૂદા ઓરડામાં જઇને ચિંતાતુર વદને પણ કાંઇક આરામથી બેઠો. **સામંતસિંહ**નું નિકંદન કરવાનો તેનો આશય બહુ અંશે પાર પડી ચૂક્યો હતો અને તેના જીવનનો લાંબા સમયનો એ ગૂઢાશય હોવાથી સ્વાભાવિક રીતે તેને આનંદ થવો જોઇતો હતો, પરન્તુ તેના વદન ઉપર ચિંતાની રેષાઓ એટલી બધી ઉપસી આવી હતી કે તેના આનંદનું સ્વલ્પ દર્શન પણ થવા પામતું નહોતું. તે ગમગીન ચિત્તે એક ગાદીપર આડો પડીને કાંઇ ઉંડો વિચાર કરી રહ્યો હતો, એટલામાં તેનો પુત્ર **જંબક** તેની પાસે આવ્યો. આવતાં વાંત તે બોલ્યોઃ "અહીં આવીને કેમ બેઠા છો, પિતાજી?"

"સોલંકી સાથે થોડી ગુપ્ત વાતચીત કરવાની છે, પણ હમણાં એકાંત મળે તેવો યોગ નથી, એટલે થાકીને અહીં આવીને બેઠો છું. બેસ, અહીં બેસ. કહે, આજે કેવા કેવા બનાવો બની ગયા?"

જંબક સાવચેતીની ખાતર દ્વાર બંધ કરીને પિતા પાસે આવીને બેઠો અને બોલ્યોઃ "ઘણા ઘણા નવા બનાવો આજે બની ગયા. તમે તાકેલું નિશાન બરાબર પાર ઉતર્યું છે. **ચાવડાઓ**નું સંપૂર્ણ નિકંદન થઇ ચૂક્યું છે અને તે સાથે **મૂળરાજ**નો પગ પણ રાજ્યગાદી ઉપર દૃઢ થઇ ચૂક્યો છે! ખરેખર, સર્વત્ર ત્રાસ ત્રાસ વર્તાઇ રહ્યો છે."

"રાજાનાં પરાક્રમોનો પ્રતાપ તો એવો જ જોઇએ. ત્રાસ વિના પ્રતાપ પડતો નથી, એટલે શરૂઆતમાં ત્રાસનું દર્શન પણ થવું જોઇએ;

પરન્તુ હજી **સામંતસિંહનું** સંપૂર્ણ નિકંદન નથી થયું, હોં! બે શિકાર હજી બાકી રહ્યા છે."

"તે કોણ?"

"એક તો **સામંતસિંહનો** જ બાળપુત્ર **અહીપત** અને બીજો **બીલ્હણનો** ભાઇ **સોહણ** એ બે જાય, એટલે **સામંતસિંહના** વંશનું સંપૂર્ણ નિકંદન થઇ ચૂકયું ગણાય."

જંબક કાંઇ જવાબ નહિ આપતાં ક્ષણભર ચૂપ રહ્યો. **સૂર્યદત્ત** વિજયોત્સાહના આવેશમાં આગળ બોલ્યો: "આજે જેવી રીતે **બીલ્હણનો** ઘાટ ઘડયો હતો, તેવી જ રીતે **અહીપત** અને **સોહણનો** ઘાટ પણ ઘડવાનો છે. **સરવૈયાણી** અને **બીલ્હણ** વચ્ચે સ્નેહ હતો એટલે મેં અનુમાન કર્યું કે તે ત્યાં છુપાયો હશે, તે ઉપરથી મેં **ભાણુભાને** સમજાવ્યું કે ત્યાં આપની સામે પ્રપંચ રચાય છે. તેવી જ રીતે **ભાટીરાણીને** ત્યાં પ્રપંચ રચાય છે અને **સોહણ** તથા **જસપાલ** મળીને **અહીપતને** ગાદીએ બેસાડવાનો વિચાર રાખે છે, એમ કહીશ એટલે આજે ને આજે સાંજે કે છેવટે રાત્રે તેમનો પણ પાર આવી જવાનો! **બીજે** **મૂળરાજને** ઠીક સલાહ આપી છે! તેની સલાહ મારા ટેકામાં વખતો વખત આવીને ઊભી રહે છે, એટલે મને ઠીક ફાવે છે. તેની સલાહ એવી છે કે રાજ્યને નિષ્કંટક કર્યા વિના સારી રીતે રાજ્ય કરી શકાતું નથી અને પ્રજાનું કલ્યાણ સાધી શકાતું નથી. પ્રજાનું કલ્યાણ કરવાની વાત પણ ઠીક ઉપયોગી નીવડે છે. **જસપાલ** **સરવૈયાણીને** ત્યાં સપડાયો'તો પણ એ ક્યાં છટકી ગયો તેની મને ખબર રહી નહિ."

"મારા ધ્યાનમાં એ વાત હતી! સૌનું ધ્યાન **સરવૈયાણી** તરફ ખેંચાઇ રહ્યું હતું તે વખતે **જસપાલ** ધીમેથી **બીલ્હણના** ઢોલીયા નીચે થઇને છટકી ગયો હતો!" **જંબકે** જવાબ આપ્યો.

"ત્યારે તેં એને અટકાવ્યો કેમ નહિ? મારૂં ધ્યાન પણ કેમ ખેંચ્યું નહિ? એ લુચ્ચા ઉપર મને બહુ દાઝ છે! તેને પાર કર્યા વિના ચાલે તેમ નથી!" **સૂર્યદત્ત** બોલ્યો.

" મારા મનમાં એમ હતું કે એને મારવો એ આપણો આશય નથી, પછી નકામી નરહત્યા શાને કરવી ? "

" તું કેવળ નકામી દયા ધરાવે છે ! એ લુચ્ચાએ આપણને થોડા હેરાન કર્યા છે ? તેને તો રીબાવી રીબાવીને મારવો જોઇએ. આજરાત્રે તેની શોધ કરાવવી પડશે ! "

" જવા દોને બિચારાને ? એ બિચારો જીવ જ છે, કારણકે કેવળ ધનના લોભથી તે આ બધું કરે છે ! ધન તે એનો આત્મા છે એટલે ધનાર્થી જીવ જીવતા છતાં મૂઆ બરાબર છે. "

" તું તો ભોળો છે ! **સામંતસિંહ**નો એક પણ પરિચયી જીવતો રહે નહિ, તો જ મને સંતોષ થાય એમ છે. " **સૂર્યદત્તે** **સામંતસિંહ** ઉપરના પોતાના કોપનો ખ્યાલ પુત્રને આપ્યો. "

જંબક બોલ્યો: " પિતાજી ! આજે તમારો આશય પાર પડ્યો છે, એટલે હવે એ આશયનું ગુપ્ત રહસ્ય શું છે તે મને કહો ! "

" આવતી કાલે એ રહસ્ય તને કહેવાનો મારો ઇરાદો છે, કારણકે આજે જે કાંઈ થોડું કામ અધૂરૂં રહ્યું છે, તે પૂરૂં થઈ જવાનું છે. "

" એ પૂરૂં થશે, એ તો નિશ્ચિત જ છે, તો આજે જ મને એ વાત કહો. હું તે જાણવા બહુ ઉત્સુક બની ગયો છું. "

" સાંભળ ત્યારે, કહું છું. **સામંતસિંહ** અને હું બન્ને બાળ મિત્રો હતા. કેવળ નાની વયમાં અમે એક જ ગુરૂની પાસે અભ્યાસ કરતા હતા અને તે વખતથી અમારી વચ્ચે મૈત્રી બંધાઈ હતી. થોડા જ વખતમાં અમારો ગુરૂબંધુનો સંબંધ તૂટી ગયો, કારણકે મેં મારા ગુરૂની પાસે અભ્યાસ કરવાનું ચાલુ રાખ્યું, પરન્તુ **સામંતસિંહ**ને માટે તેના પિતાએ એ ત્રણ જુદા જુદા ગુરૂઓ નિયુક્ત કર્યા અને તેઓ રાજમહાલયમાં જ તેની પાસે રહેવા લાગ્યા. એક ગુરૂ તેને સામાન્ય અભ્યાસ કરાવતો હતો, બીજો ગુરૂ તેને શસ્ત્રાસ્ત્રવિદ્યા શીખવતો અને ત્રીજો ગુરૂ આખો દિવસ તથા રાત્રિ તેની સાથે રહીને નીતિ રીતિનું શિક્ષણ આપતો. એ ત્રીજા ગુરૂએ જ **સામંતસિંહ**નું બધું જીવન બગાડયું. એ ગુરૂ **કાન્યકુબ્જ**નો

એક કુળવાન્ બ્રાહ્મણ હતો, વિદ્વાન્ હતો અને અત્યંત ચતુર હતો. સામંતસિંહને તેણે જ રાજનીતિનું ઉત્તમ શિક્ષણ આપ્યું હતું, પરન્તુ એ શિક્ષણ કાંઈ પણ અસર કરી શકે તે પહેલાં એનાં દુર્વર્તનોની અત્યંત માઠી અસર સામંતસિંહ ઉપર થઇ. એ બ્રાહ્મણ એવો હતો કે હાથમાં મદ્યનું પાત્ર લઇને તે પીતાં પીતાં સામંતસિંહને કહેતો કે મદ્યપાન કરવું એ મહાપાપ છે અને તેથી આરોગ્યને અત્યંત હાનિ થાય છે! "પરસ્ત્રીગમન કરવાથી બહુ હાનિ થાય છે; પ્રતિષ્ઠા ઘટે છે, ધનનો નાશ થાય છે, શરીરબળ નાશ પામે છે, વૃદ્ધાવસ્થા વહેલી આવે છે માટે એ માર્ગે કદાપિ જવું નહિ," આવો ઉપદેશ તો એ ગુરૂ સામંતસિંહને હાલતાં-ચાલતાં આપતો, પરન્તુ રોજ પ્રભાતમાં ગુરૂ-શિષ્ય બન્ને ઘોડેસ્વારી કરીને નગર બહાર ફરવા જતા ત્યારે ગુરૂરાજ શિષ્યને ચામુંડા માતાએ તેડી જતા, ત્યાં પોતાની એક ઉપપત્નીને રાખેલી તેના પરિચયમાં તેને પણ રાખતા અને પોતાના સ્વચ્છંદવિહારને માટે જરાએ સંકોચાતા નહિ! એ વિદ્વાન્ ગુરૂએ જ સામંતસિંહને અનેકાઅનેક દુર્ગુણોનો ભંડાર બનાવી દીધો અને સામંતસિંહ ગાદીએ આવ્યા પછી તેના એ દુર્ગુણોને પોષણ મળ્યું એટલું જ નહિ પણ અનેક દુરાચારીઓ રાજ્યમાં વધ્યા અને તેથી પાટણમાં દેશપરદેશની વેશ્યાઓનાં અનેક ધામો થયાં! આજે પરદેશમાંથી અનેક નવયૌવના બાળાઓ પાટણમાં આવે છે, અહીંની વેશ્યાઓ તેમને મ્હોંમાંગ્યું દ્રવ્ય આપીને ખરીદી શકે છે કારણકે રાજાના દુરાચારથી પોષાએલા દુરાચારીઓનો પાટણમાં તોટો નથી અને તેઓ સઘળી વેશ્યાઓનું પોષણ કરી શકે છે. આથી મારફાડ અને રંજાડો વધી છે, પરન્તુ મૂળરાજનો પ્રતાપ વધ્યો ત્યારથી કાંઇક શાન્તિ છે. આ પ્રમાણે સામંતસિંહ યુવાન થતાં સંપૂર્ણ દુરાચારી બન્યો. આ બધો વખત મારો અને સામંતસિંહનો સાધારણ પરિચય રહ્યો હતો. ઘણી વાર હું ગુરૂને ત્યાંથી ઘેર આવતો હોઉં ત્યારે તે મને માર્ગમાં ઘોડાપર બેસીને જતાં મળતો અને અમારો પરસ્પર નમનવ્યાપાર ચાલતો. બાલ્ય સમયની મૈત્રી હોવાથી થોડી વાર અમે વાતચીત

કરતા, અભ્યાસના ખબર અંતર પૂછતા અને પછી છૂટા પડતા. આ પ્રકારનો સંબંધ ઘણાં વર્ષોસુધી ચાલુ રહ્યો. હું અભ્યાસ કરી રહ્યો અને જરા વયમાં આગળ વધ્યો, એટલે સામંતસિંહે પોતાના પિતાને કહીને મને એક વેદપાઠશાળાનો નાનો અધ્યાપક બનાવ્યો. તેનો મારા પર એ ઉપકાર થયા પછી મને લાગ્યું કે સામંતસિંહની કૃપાથી ભવિષ્યમાં પોતાને અનેક લાભ થયા વિના રહેશે નહિ. આથી હું તેના કૃપાપ્રસાદને માટે યત્નશીલ રહેવા લાગ્યો. જ્યારે તેને તેના પિતાની પછી ગાદીએ બેસવાનો અવસર આવ્યો ત્યારે તે મને ઘણો લાભ કરી આપશે એવી આશા મને ઉત્પન્ન થઇ. એ વખતે તેના દુર્ગુણોનો સંપૂર્ણ વિકાસ થઇ ચૂક્યો હતો. તે દુરાચારી, મદાંધ, મદ્યપી, જૂઠાબોલો વગેરે ઘણા દુર્ગુણોવાળો હતો અને હું તે જાણતો હતો, છતાં મારા પોતાના લાભને માટે મેં તેની સાથેનો પરિચય તથા મૈત્રી વધાર્યાં. મિત્રતાના સંબંધમાં અમારી વચ્ચે રાજા અને સેવકનો ભાવ રહેવા પામ્યો નહોતો. અમે પરસ્પર ઘણી છૂટથી વાતચીત કરી શકતા હતા. ઘણી વાર મારા દેખતાં તે ગમે તેવા દુરાચારનું સેવન પણ કરતો, પરન્તુ હું તેને કોઇ રીતે વિઘ્નરૂપ થવા ઇચ્છતો નહોતો.

"એક દિવસ એકાએક સામંતસિંહ મને મળવાને ઘેર આવ્યો. રાજાજી પોતાને ત્યાં આવ્યા એ જોઇને તારી માતાના હર્ષનો પાર રહ્યો નહિ. તે વખતે તું માત્ર બે વર્ષની વયનો હતો. હું કાંઇ કાર્યવશાત્ બહાર ગયો હતો. તારી માતાએ રાજાનું અત્યંત સન્માન કરીને તેને બેઠકમાં બેસાડ્યો. ફલાહાર અને તાંબુલ તેની પાસે ધર્યાં અને કહ્યું: "કાંઇ કાર્યાર્થે શાસ્ત્રીજી બહાર ગયા છે, તો હમણાં આવશે." તે જ પ્રસંગે એ દુષ્ટના મનમાં દુષ્ટ વિકાર ઉદ્ભવ્યો. તેની સાથે ઘણા હજુરીયા હતા અને તેઓ ડહેલીમાં બેઠા હતા. તારી માતાનું સુસ્વરૂપ તથા મધુર વાણીથી પ્રમત્ત બનેલો એ રાક્ષસ એકદમ ડહેલીમાં આવ્યો અને હજુરીઆઓને ડહેલી બંધ કરવાનું કહી એકદમ ઘરમાં પેઠો! એ દુષ્ટે કશાએ વિચાર વિના તારી માતાપર હલ્લો કર્યો! તારી માતાની અનેક પ્રકારની

વિનતિ, ભય, ક્રોધ, ઇત્યાદિ છતાં તે નરપિશાચ ન સમજ્યો અને તારી માતાની પવિત્રતાનો નાશ—"

"બસ કરો, બસ કરો, પિતાજી! મારાથી એ વાત સાંભળી શકાતી નથી! એ દુષ્ટનો નાશ કરીને આપે યથાર્થ જ કર્યું છે, ભાણભાએ પણ આજે રાજ્ય ઉપર મોટો ઉપકાર કર્યો છે! રાક્ષસના હાથમાંથી પ્રજાને મુક્ત કરવાથી જેટલું પુણ્ય ઉપાર્જન થઇ શકે તેટલું પુણ્ય આપે અને ભાણભાએ ઉપાર્જન કર્યું છે! રાક્ષસોનો નાશ કરવાને ભગવાન્ પોતે જ અવતાર ધારણ કરે છે, તો પછી મૂળરાજના આ હત્યાકાંડને જરા પણ દોષ દેવો ઘટતો નથી! આ કાર્યોમાં ભળતાં પહેલાં તો મને બહુ સંકોચ થતો હતો, પરન્તુ હવે તો મારૂં હૃદય ઉત્તેજિત બન્યું છે!" જંબક બહુ જ ઉશ્કેરાઈ ગએલી હાલતમાં બોલ્યો.

"ધન્ય છે પુત્ર! તું એકલો આજ્ઞાંકિત જ નહિ, પણ સદ્‌વિચારશીલ છે. તારા આ કથનથી મને બહુ સંતોષ થયો છે. તે સમયે તારી માતાએ પોતાને જ હાથે કટારી ખાઇ આત્મઘાત કર્યો હતો અને એ પવિત્ર બ્રહ્મસુતાએ મને પ્રતિજ્ઞા આપીને કહ્યું હતું કે જ્યાંસુધી સામંતસિંહનો અને તેના આખા વંશનો ધ્વંસ નહિ થાય ત્યાંસુધી સ્વર્ગમાંએ મને ચેન પડશે નહિ માટે એ પ્રતિજ્ઞા પૂરી કરવાનું મને વચન આપો એટલે મારી સદ્‌ગતિ થાય! આ ઉપરથી તે જ વખતે મેં હાથમાં જળ લઇને એવો સંકલ્પ કર્યો હતો કે—

"પવિત્રાત્મા તું હે દેવી! સદ્‌ગતિ સદા પામજે,
"બદ્ધપ્રતિજ્ઞ આ વિપ્ર, નહીં નિશ્ચયથી ચળે!

જંબક! ત્યારપછી મેં એ દુષ્ટ રાજાનો પરિચય છોડ્યો અને કુળકલંકથી લજ્જા પામેલો હું તને લઇને પરદેશમાં ચાલ્યો ગયો. પરદેશમાં થોડાં વર્ષોમાં મેં પુષ્કળ દ્રવ્ય ઉપાર્જન કર્યું અને પછી મારૂં વૈર વાળવાના નિશ્ચય સાથે હું પાછો પાટણમાં આવ્યો. તે સમય પછી મેં બીજ સાથે સંબંધ બાંધ્યો અને મૂળરાજદ્વારા જ મારો ઇષ્ટ હેતુ પાર પડશે એવું જ્યોતિષદ્વારા જાણીને મેં મારી લાગવગ ચલાવવાનો ઉદ્યોગ આ-

રંભ્યો. ઘણે વર્ષે હું આવ્યો એટલે સામંતસિંહ સમજ્યો કે હું પૂર્વ-પ્રસંગને ભૂલી ગયો હોઇશ, તેથી તે કોઈ વાર મારી સાથે સાધારણ વાતચીત કરતો. હું પણ એવો ઢોંગ કરતો કે જાણે મારા મનમાં હવે કશો કાંટો રહ્યો નથી અને તેથી સામંતસિંહ સાથે સાધારણ બોલચાલ રાખતો; પરન્તુ અંતર્માં દગ્ધ બનતો. એવું કપટ કર્યા વિના મારો હેતુ સિદ્ધ થાય તેમ નહોતું, તેથી હું તે પ્રમાણે વર્તતો. આ રીતે વર્તવાથી જ હું ઘણી વાર કચેરીમાં પણ આવજા કરી શકતો. બીજના પરિચયથી મારૂં કાર્ય સર્યું ખરૂં, પરન્તુ બીજનો આશય જૂદો અને મારો આશય જૂદો એટલે ઘણી વાર બીજ મને ગમતો નહોતો, પરન્તુ તેના વિના મને ચાલે તેવું નહોતું એટલે હું છેવટસુધી તેને વળગી રહ્યો!"

"એ ઠીક કર્યું. આજે મને સમજાય છે કે હત્યાં પણ ઘણી વાર પુણ્યકારક બની શકે છે."

"હમેશાં હત્યા પુણ્યકારક હોતી નથી એ તો હું પણ સમજું છું, પરન્તુ પ્રસંગભેદે કરીને હત્યા ઇષ્ટ પણ હોય છે. હવે તું સમજે છે કે આ હત્યાઓ અનિષ્ટ નહોતી."

"બરાબર છે; હત્યા સર્વથા અનિષ્ટ હોય તો યુદ્ધાદિ પણ કોઇ ન કરે, ભગવાન્ દુષ્ટોનો નાશ કરવાને અવતાર જ ન લે અને શ્રી કૃષ્ણ અર્જુનને ધનુષ્ય ઉપાડવાનો ઉપદેશ પણ ન કરે! જે થયું છે તે ઇષ્ટ જ થયું છે!"

"પણ જંબક! એક કાંટો મારા દિલમાં ખૂંચે છે હોં! તેથી જ આજે મારૂં દિલ ઉલ્લાસમાં હોવું જોઇએ તે ગમગીનીમાં છે. મૂળરાજ મને મંત્રીશ્વરનું પદ આપવાનો હતો. કચેરીમાં બીજું બધુંએ તેણે જાહેર કર્યું પણ મંત્રીશ્વરની નીમણુક પોતાની અનુકૂળતાએ કરવાનું જણાવ્યું! આમાં કાંઇ યુક્તિ રહેલી તને સમજાય છે?"

જંબક વિચાર કરીને બોલ્યો: "એમાં શી યુક્તિ હોય? એ નીમણુક હવે પછી તે જાહેર કરશે. તમને વચન આપ્યું છે એટલે તે મંત્રીશ્વરનું પદ તમને આપશે જ. તમે તેના જમણા હાથરૂપ છો, એમ

શું તમે સમજતા નથી? તમને છોડીને બીજા કોને એ મંત્રીશ્વરનું પદ આપવાનો છે?"

"**राजा मित्रं केन दृष्टं श्रुतं वा** એ ભૂલી ગયો? એક રાજા મિત્ર હોવા છતાં શત્રુ બન્યો અને તેથી તેનું નિકંદન કાઢવું પડ્યું. આ તો વળી શિષ્ય છે; શી ખબર એ પણ પાછળથી સ્વાર્થી કે શત્રુ બને તો? અધિકાર મળે છે એટલે મનુષ્યની આંખો ઉંચે ચડી જાય છે અને જૂના સંબંધો વિસારે પડી જાય છે, એ બધું બહુ સાધારણ છે; એટલે મને હવે મૂળરાજ ઉપર પણ અવિશ્વાસ આવવા લાગ્યો છે. તેટલા માટે જ હું મોટા વિચારમાં પડી ગયો છું."

જંબક પિતાની અધીરતા તરફ હસ્યો અને બોલ્યો: "ઓહો! એમાં શો વિચાર કરવાનો છે વળી? અને કદાચ મૂળરાજ એ પદ ન આપે તો-એ શું? આપણે કાંઇ અધિકારના લોભથી આ બધું થોડું જ કર્યું છે? આ તો આપણો ગુપ્ત આશય પાર પાડવાને જ બધું કર્યું છે! અધિકાર મળો કિંવા ન મળો, આપણે તો વૈરતૃપ્તિ કરવાની સાથે ગુજરાતની પ્રજાને નરકમાંથી ઉગારી લીધાનું પુણ્ય કર્યું છે."

ધીરે સ્વરે—અચકાતો અચકાતો સૂર્યદત્ત બોલ્યો: "એ...તો...ખરૂં... છે, પણ..."

એટલામાં બહારથી કોઇએ દ્વાર ખખડાવ્યું. જંબકે જઇને દ્વાર ઉઘાડયું તો સેનાપતિ જેસલદેવ દેખાયો. અત્યંત સત્કારપૂર્વક સૂર્યદત્તે તેને ગાદી ઉપર બેસાડ્યો. જેસલે પૂછ્યું: "દત્ત મહારાજ! આજે તો મોટો શેળ વળી ગયો! આટલું બધું ભૂંડું થશે એમ મેં ધાર્યું નહોતું! ભાણુભા જેવા પરાક્રમી જુવાનને રાજ્યાધિકાર મળ્યો તેથી હું ખુશ થયો, પણ અનર્થો બહુ થઇ ગયા!"

"અનર્થ વિના સદર્થ છે જ ક્યાં? હવે ગુજરાતનું રાજ્ય બરાબર દીપશે અને પ્રજાના સંતાપો ઓછા થશે. આપના ઉપર ભાણુભાની કૃપા થઇ એ તો જાણ્યુંને?"

"હા, એ તો જાણ્યું છે. શૂરવીરો જ શૂરવીરોની કીંમત કરી શકે છે." જેસલે જરા ગર્વથી મૂછ આમળતાં કહ્યું.

એ બન્નેને વાતચીત કરતા છોડીને જંબક બીજ સોલંકીના બિછાના પાસે જઇ બેઠો. ત્યાં એક માત્ર પદ્મા હતી, તે પણ કાંઇ કામ સારૂ થોડી વાર જંબકને બેસવાનું કહીને પોતાના ઓરડામાં ગઈ હતી. જંબકે એકાંતનો અવસર જોઇને પિતા પાસે પાછા ફરી કહ્યું: “પિતાજી! અત્યારે એકાંત છે; સોલંકી ઉંઘે છે પણ તેમની સાથે કાંઇ ખાનગી વાતચીત કરવી હોય તો તેમને જાગૃત કરૂં.”

“એની કાંઇ બહુ ઉતાવળ નથી. જા, તું તેમની પાસે બેસ. હું જેસલદેવ સાથે જરા અગત્યની વાતચીત કરૂં છું. જરા બારણું બંધ કરતો જજે.”

જંબક પિતાની આજ્ઞા પ્રમાણે બારણું બંધ કરીને બીજ સોલંકી પાસે જઇ બેઠો.

પરિચ્છેદ ૨૦ મો.

મધુમતીને શિક્ષા.

સાંજ પડતાંસુધી જેસલદેવ અને સૂર્યદત્તની વાતચીતનો પાર આવ્યો નહિ. રાત્રિનું અંધારૂં થવા આવ્યું એટલે તેઓ છૂટા પડ્યા. જેસલ પોતાને સ્થાને ચાલ્યો ગયો અને સૂર્યદત્ત બીજ સોલંકીની પાસે આવ્યો તથા જંબકને તેમની તબીયતની પૃચ્છા કરી. એ સમયે તેની પાસે માત્ર જંબક બેઠો હતો. એકાંત સુસાધ્ય હતી અને જોકે બીજ નિદ્રામાં હતો તોપણ અગત્યનું કામ હોય તો તેને જાગૃત કરીને વાતચીત કરી શકાય તેમ હતું તોપણ સૂર્યદત્તે હવે બીજ સાથે કાંઇ વાતચીત કરવાની ઇચ્છા બતાવી નહિ. થોડી વાર થઇ અને તે ત્યાંથી ચાલ્યો ગયો. જંબકને નવાઇ લાગી કે પિતાજીએ બીજ સોલંકી સાથે અત્યારે પણ છાની વાતચીતનું કામ કેમ પતાવ્યું નહિ હોય?

ત્યાંથી નીકળીને સૂર્યદત્ત મૂળરાજની પાસે આવી પહોંચ્યો અને એકદમ ભયપ્રદર્શન કરતો બોલ્યો: “અરે મહારાજ! આપ કેમ અહીં સ્વસ્થ બેસી રહ્યા છો? શું એક નવા પ્રપંચની ખબર આપને હજી પણ મળી નથી?”

"કેમ વળી? શો પ્રપંચ ચાલી રહ્યો છે, દત્ત મહારાજ?"

"મને **બીજ** સોલંકીને ત્યાં જે સમાચાર મળી શક્યા તે આપને રાજમહાલયમાં પણ ન મળી શક્યા એ બહુ નવાઇની વાત છે! **ભાટીરાણીએ** **જસપાલ** અને **સોહણરાજ**ની સાથે મળીને એવો ઠરાવ કર્યો છે કે **અહીપત**ને ગુર્જરેશ્વર બનાવવો અને તે મોટો થાય ત્યાંસુધી **સોહણે** રાજ્યકાર્યભાર ચલાવવો. આ કામને માટે અત્યારથી જ **જસપાલ** અને **સોહણરાજ** ચાવડાઓને ઉશ્કેરવા લાગ્યા છે, સેનાપતિ તથા સૈનિકોને ભંભેરવા લાગ્યા છે અને મને ભય રહે છે કે આજની રાતમાં કાંઇ ને કાંઇ ઉથલપાથલ થયા વિના રહેશે નહિ."

મૂળરાજ એ પ્રપંચવાર્તા સાંભળીને હસ્યો અને બોલ્યો: "દત્ત મહારાજ! મારી તલ્વારને હજી ચાવડાઓ આરામ આપવા ઇચ્છતા જણાતા નથી! એક પુષ્પ જેવા બાળક **અહીપત**ને પણ જીવતો રાખવાની તેમની મરજી જણાતી નથી!"

"સત્ય વાત છે; જોકે બિચારો **અહીપત** બાળક છે–પુષ્પ છે, પરન્તુ શત્રુઓ તેને કંટક બનાવીને આપની આંખમાં ઘોંચવા માંગે છે, એટલે પછી તેનો પણ ઉચ્છેદ કરવો એ કર્તવ્ય છે. પુષ્પશય્યામાં એક નાનો સરખો કંટક ખૂંચતો હોય તોપણ આખી રાત ઉંઘ આવતી નથી!"

"ચાલો ઉઠો, શત્રુઓથી ગાફેલ ન રહેવું એ પણ રાજનીતિનો એક ધર્મ છે અને આપે જ તે મને શીખવ્યો છે. મશાલચીને કહો કે **ભાટીરાણી**ના નિવાસ તરફ જવાનો માર્ગ બતાવે."

મશાલચી હાથમાં બળતી મશાલ પકડીને દોડી આવ્યો અને બોલ્યો: "આ માર્ગે પધારો મહારાજ!"

હજુરીયાઓ તથા કેટલાક સૈનિકોથી વીંટળાઇને **મૂળરાજ** તથા **સૂર્યદત્ત** **ભાટીરાણી**ના આવાસ તરફ ચાલ્યા. થોડીએક ક્ષણોમાં આખું મંડળ રાણીના આવાસ પાસે આવીને થોભ્યું. આવાસનાં દ્વાર બંધ હતાં તે ઉઘડાવવાને બહારથી મશાલચીએ અવાજ કર્યો પરન્તુ અંદરથી કશો ઉત્તર મળ્યો નહિ. અવાજ કરવાથી જ્યારે અંદરથી કોઇએ પ્રત્યુત્તર

આપ્યો નહિ, ત્યારે મૂળરાજની આજ્ઞાથી દ્વારને ધક્કો મારવામાં આવ્યો અને તે ઉઘડી ગયું. અંદર જોતાં ચોપાસ અંધકારનો વિસ્તાર અને એક પણ મનુષ્યવ્યક્તિ માંહે ન મળે! નાના મોટા એકે એક ખંડમાં શોધ ચલાવવામાં આવી, પરંતુ ભાટીરાણી કે તેની એક પણ દાસી ક્યાંય જોવામાં આવી નહિ! મૂળરાજ અને સૂર્યદત્ત દિગ્મૂઢ બનીને ઊભા.

મૂળરાજ બોલ્યોઃ "દત્ત મહારાજ! મામી અહીપતને લઇને ક્યાંય છટકી ગયાં હોં! પણ તે ક્યારે ગયાં અને કોની મદદથી ગયાં તેનો પત્તો મળવો જોઇએ."

એક અનુચરે ખબર આપીઃ "મહારાજ! આજે સાંજે રાજમહાલયમાંથી બે પાલખીઓ બહાર ગઈ છે."

"બરાબર, તેમાં જ તેઓ છટકી ગયાં; પણ અલ્યા! તે પાલખીઓની સાથે કોણ હતું?"

"પાલખીઓ ઉપાડનારાઓ ઉપરાંત તો તેમનાં પેલાં ભાણેજી આવ્યાં છે ને, તે હતાં!"

"એ તો ચઉલાદેવી! ચઉલાદેવીએ આવું કર્યું? મારા માર્ગમાં વિઘ્ન ઊભું કર્યું? આશ્ચર્ય!" મૂળરાજ ચઉલાદેવીનો આ કાર્યની સાથે સંબંધ છે એવું જાણીને ભારે આશ્ચર્યમાં પડ્યો.

સૂર્યદત્ત બોલ્યોઃ "મહારાજ! એમાં આશ્ચર્ય કાંઇ જ નથી; તે ગમે તેવી ડાહી હોય તોપણ રાણીની ભાણેજી થાય! જુઓ, તેણે જ આ ભયાનક પ્રપંચ કર્યો—વસ્તુતઃ રાજદ્રોહ કર્યો અને આપના માર્ગમાં વિઘ્ન મેલ્યું. એ પણ કાંઇ નાનો સૂનો અપરાધ નથી."

"અપરાધીને તેના અપરાધને યોગ્ય દંડ દીધા વિના હું કદાપિ નહિ રહું, દત્ત મહારાજ! એ બાળાના ડહાપણે મને આંજી નાંખ્યો છે એ હું ખુલ્લું કહું છું. આપને મેં જે પ્રસંગની વાત કહી છે, તે પછી તુરતમાં જ તેની સાથે મને બીજી વાર પ્રસંગ પડ્યો હતો, તે પ્રસંગની વાર્તા વળી અલૌકિક છે અને તેથી તે બાળા તરફ હું વિશેષ આકર્ષાયો છું; પરન્તુ ખરેખર જો તેણે ભાટીરાણીને અને અહીપતને નસાડવાનો અ-

પરાધ કર્યો જ હશે, તો એ કુમારિકાને પણ મારી તલ્વાર કદાપિ બચાવી શકશે નહિ!" મૂળરાજે ક્રોધવિવશ થતાં કહ્યું.

"એ યોગ્ય જ છે, મહારાજ! શત્રુ અને મિત્રને ન્યાયના એક સરખા ત્રાજવામાં તોળવાં એ જ રાજાનો ધર્મ છે. ચઉલાની ચતુરાઇની ખાતર આપે તેનો પક્ષપાત ન કરવો ઘટે એ આપ પહેલેથી જ સમજી ગયા છો એટલું સારૂં છે."

ચઉલાએ ગઇ રાત્રે મૂળરાજને ગાદીપર આવવા માટે અભિનંદન આપ્યું હતું, એટલું જ નહિ પણ પોતાની માસી અને માસાની નિંદા કરી હતી. વિશેષમાં સામંતસિંહના રાજ્યપ્રતિ તેણે સંપૂર્ણ અભાવ દર્શાવ્યો હતો અને તેથી મૂળરાજ જેવો પરાક્રમી ગુર્જરેશ્વર હોવાની અગત્ય દર્શાવી હતી. ત્યારે અત્યારે એ જ ચઉલા પોતાની સામેના પ્રપંચમાં અગ્રેસર બની ભાગ લે છે, એ વિચાર આવતાં મૂળરાજને ગતરાત્રિના પ્રસંગમાં કાપટ્ય હોવાની ગંધ આવવા લાગી. એ શંકા ઉપસ્થિત થતાં તે વધારે ક્રોધે ભરાયો અને પોતાને મૂર્ખ બનાવનારી એ ક્ષત્રિય કન્યાને દેહાંતદંડની જ શિક્ષા કરવી જોઇએ એવો વિચાર તેને થયા વિના રહ્યો નહિ. તેણે દરબારગઢના દોઢીદારને પોતાની પાસે બોલાવ્યો અને પાલખીઓ જવા વિષેની વાત પૂછી. દોઢીદારે જવાબ આપ્યો: "મહારાજ! સાંજે ચઉલાદેવીએ આવીને મને કહ્યું કે ભાટીરાણી મહારાજની પાછળ સતી થવાની ઇચ્છા રાખે છે, માટે તેમને મહાલયમાંથી બહાર જવું છે. આમાંની એક પાલખીમાં તે બેઠાં છે અને બીજી પાલખીમાં મહારાજાના વસ્ત્રાલંકાર તથા રાણીનાં સૌભાગ્યાભૂષણો છે તે બધાં ગરીબોને વહેંચી દેવાનાં છે. મેં કહ્યું કે ભાણભાની આજ્ઞા લાવો અને પછી જાઓ. ચઉલાએ મારી પાસે કરગરી પડીને કહ્યું કે ભાણભા તો એવા ક્રોધે ભરાયા છે કે કોઈ તેમની પાસે જવાની હીંમત ભીડતું નથી અને જો તેમ કરવામાં વાર થાય તો મહારાજની ચિતાના અંગારા ઠરી જાય અને પછી સ્વર્ગલોકમાં સતી તથા પતિનો મેળાપ ન થવાથી મહાપાતક લાગે. માટે તે માટે ઝાઝી ચીકાશ કર્યા વિના તેમને જવા દો. મેં આનાકાની કરી એટલે

તે રોઈ પડી અને બોલી: 'અરેરે! પતિ ગયા પછી સતીને તેની પાછળ બળી મરવામાંએ આટલું દુઃખ અને પરાધીનતા! રાણીને કયાં ગાદીએ બેસવા જવું છે કે મૂળરાજને વાંધો હોય? તેને તો બિચારીને ધણીની પાછળ બળી મરવું છે, તેમાંએ તમે વિઘ્નરૂપ થઇ શાને તેનો આ ભવ અને પરભવ બગાડો છો? તમે સમજુ છો, વૃદ્ધ છો, પછી શાને આવા કઠોર બનો છો!' તેના આવા શબ્દોથી મારૂં દિલ પીગળી ગયું અને મેં બન્ને પાલખીઓને જવા દીધી!"

ચઉલાની ચતુરાઈ મૂળરાજના લક્ષમાં આવી ગઇ. તેણે સૂર્યદત્તને આજ્ઞા કરી: "દત્ત મહારાજ! તમે પચીસ સૈનિકોને એ પાલખીઓની પાછળ દોડાવો. હજી બહુ વાર થઇ નથી એટલે તેઓ બહુ દૂર જઇ શક્યાં નહિ હોય. તેમને તુરત પાછાં પકડી લાવવાની આજ્ઞા કરો. હું અહીં ચઉલાની ખબર લઈ નાંખું છું."

દોઢીદાર બોલ્યો: "પણ મહારાજ! ખરેખર તે સતી જ થયાં હશે. પાલખીઓ લઇ જનારા ભોઇ લોકો ગામમાં પાછા આવી ગયા છે. તેઓ કહે છે કે મહારાણી અને પાલખીઓ સઘળુંએ મહારાજની ચિતામાં બાળી નાંખવામાં આવ્યું અને વસ્ત્રાલંકારો ગરીબોને વહેંચી દેવામાં આવ્યાં. મહારાજનું જરીદાર સેલું હમણાં જ મેં એક ભંગીની પાસે જોયું હતું!"

"શું એ ખરી વાત? પણ ત્યારે અહીપત ક્યાં?" મૂળરાજે પૂછ્યું.

"તે હું નથી જાણતો મહારાજ!"

પાલખીઓ બાળી દીધી, ભોઇઓ પાછા આવ્યા, રાણી બળી મૂઇ, એ ખબર અને બીજી બાજુએ અહીપતનો પત્તો નથી એ બીજી ખબરથી વસ્તુતઃ કેવો બનાવ બન્યો હશે કિંવા કેવો પ્રપંચ આદરવામાં આવ્યો હશે તત્સંબંધી કશો નિશ્ચય મૂળરાજ કરી શક્યો નહિ. હવે કયે માર્ગે કામ લેવું એ સંબંધે પણ કશો નિશ્ચિત વિચાર તેના મગજમાં આવ્યો નહિ. છેવટે સૂર્યદત્તે સૂચન કર્યું: "મહારાજ! મને એ સતી થવામાં પણ કપટ લાગે છે, કારણકે હરકોઈ સ્થળે અહીપતને સુરક્ષિત રાખવાની કા-

ળજી તો રાખવામાં આવેલી જ જણાય છે; માટે એક વાર મને તેમની પાછળ ચારે દિશાએ સૈનિકો મોકલવા દો!"

"ભલે તેમ કરો."

સૂર્યદત્ત પોતાની સાથે ચાર સશસ્ત્ર સૈનિકો રાખીને ચાલ્યો. મૂળરાજ મશાલચીને સાથે રાખીને ચઉલાદેવીના ઓરડા પાસે આવી પહોંચ્યો. મૂળરાજે પોતાના પગના એક જ પ્રહાર સાથે દ્વાર ઉઘાડી નાંખ્યું. અત્યારે ચઉલા મધુમતીને એક દોરડીવડે ઓરડાની મધ્યમાં ઉંધે મસ્તકે ટાંગવાની શિક્ષા કરી રહી હતી અને અકળામણ થવાથી ગભરાતી મધુમતી પાંખોનો તરફડાટ કરતી હતી, તે ચઉલા એકીદષ્ટે જોઇ રહી હતી! દ્વારનો મોટો અવાજ થયો અને મૂળરાજ ખુલ્લી તલ્વાર સાથે ઓચિંતો અંદર ધસી આવ્યો, એટલે ચઉલા બ્હેબાકળી ઊભી થઇ ગઇ અને ચાર–છ ડગલાં પાછી હઠી ગઇ! મૂળરાજ અત્યંત ક્રોધાતુર સ્થિતિમાં ત્યાં આવી પહોંચ્યો હતો અને ચઉલા ઉપર જરાએ દયા કે માયા બતાવવાનો તેનો વિચાર નહોતો. ચઉલાએ કપટ કરીને પોતાની બધી વાત જાણી લીધી તથા પાછળથી તેણે પોતાનો દ્રોહ કર્યો એવો સજ્જડ સંશય મૂળરાજને આવ્યો હતો અને તેથી જ ચઉલા ઉપરની એ ક્રોધાતુરતાનો પ્રાદુર્ભાવ થયો હતો, પરન્તુ એ સુંદર વદન અને નાજુક દેહની સમીપે આવી પહોંચતાં જ તેની પ્રત્યે કઠોરતા દર્શાવવાનું સાહસ તે કરી શક્યો નહિ! છતાં તે આવેશપૂર્વક બોલ્યો: "ચઉલાદેવી! તમે મારો મોટો અપરાધ કર્યો છે; તે અપરાધ જો તમે કબૂલ કરશો તો તમને થોડી શિક્ષા થશે અને જો કબૂલ નહિ કરતાં વિગતને છૂપાવશો તો તમને દેહાંતદંડની શિક્ષા થશે!"

"થોડી શિક્ષા વેઠવાની ખાતર નહિ, પણ અસત્ય નહિ બોલવાની ખાતર હું કહું છું કે એ અપરાધ મેં કર્યો છે, ભાણુભા! અહીપત અને મારી માસી બન્ને પાટણની હદની બહાર ઘણે દૂર ચાલ્યાં ગયાં છે અને તેમને મેં જ મારી મેળે નસાડ્યાં છે!" ચઉલાએ જરાએ નહિ ડગતાં–પૂરતી હિંમતથી જવાબ આપ્યો.

અર્ધા પ્રશ્નનો પણ આવો આખો ઉત્તર મળશે એવી મૂળરાજે ધારણા રાખી જ નહોતી. તે ચઉલાનો આવો હિંમતભર્યો અને સ્પષ્ટ ઉત્તર સાંભળીને બહુ નવાઇ પામ્યો; છતાં પોતાના આશ્ચર્યને છુપાવતો તે બોલ્યોઃ "બસ, એ જ તમારો અપરાધ છે અને તમે જાણી જોઇને એ અપરાધ કર્યો છે."

"મેં અપરાધ સમજીને એ અપરાધ કર્યો છે ખરો, પરન્તુ અપરાધની ખાતર એ અપરાધ કર્યો નથી, ભાણુભા! મને એ બાળકની દયા આવી, તે બાળકને માટે જ તેની માતાની પણ દયા આવી, બીજી કોઇ રીતે તેમનો બચાવ સંભવિત નહોતો, તેથી કપટ કરવાનો અપરાધ કર્યો, સોહણરાજને તેમનો બધો ભાર સોંપ્યો અને એ ત્રણેને મેં નસાડ્યાં; એ અપરાધની જે સજા થાય તે વેઠવાને હું તૈયાર છું."

"પણ તે સ્મશાનભૂમિમાંથી કેવી રીતે નાઠાં અને કઇ દિશાએ નાઠાં?"

"તે હું આપને કહેવાની નથી જ. એક અપરાધ કરીને પણ તેમને બચાવવાનું જોખમ ઉપાડ્યા પછી એ માર્ગને સળગાવી દેવાની મારી ઇચ્છા નથી." ચઉલાએ એકસરખું ધૈર્ય ટકાવી રાખીને કહ્યું.

"ત્યારે તમે એટલી વિગત છુપાવો છો, તેના બદલામાં તમને દેહાંતદંડની શિક્ષા જ થવી જોઇએ!" મૂળરાજે ચઉલાના જવાબથી અકળાઇને કહ્યું.

"અને એ સજાનો અમલ કરવાને હવે કેટલી વાર છે?" ગંભીર તથા તેજસ્વી મુખમુદ્રા ધારણ કરીને એ ક્ષત્રિય કુમારિકા બોલી ઉઠી.

"બિલકુલ વાર નથી; મ્યાનમાંથી તલ્વાર કાઢવાની પણ મને જરૂર પડે તેમ નથી! ક્ષત્રિય કુમારિકાના લોહીથી મારી તલ્વાર વિશેષ તેજસ્વી બનશે." મૂળરાજ એમ બોલતો એક ડગલું આગળ વધ્યો અને તેણે હાથમાંની તલ્વાર ઉંચી કરી.

ચઉલા બોલીઃ "થોડીએક ક્ષણો થોભો! હું તો તૈયાર જ છું, પણ આ બિચારી મધુમતીને એક વાર મને છૂટી કરવા દો! હું તો મરી જઇશ પણ એ બિચારીએ ઉંધે મસ્તકે લટકતી રહીને મરી જશે!"

એમ કહીને ચઉલા મધુમતીને ટાંગી હતી તે તરફ ચાલી. તત્ક્ષણ એ કોયલ તરફ મૂળરાજનું લક્ષ ખેંચાયું અને પોતાના મધુર સ્વરવડે આખા રાજમહાલયમાં જાણીતી થએલી મધુમતીને આમ શામાટે રાખવામાં આવી હશે તેવો પ્રશ્ન તેના મગજમાં ઉપસ્થિત થયો. તેણે ચઉલાને પૂછયું: “ એ બિચારીને આમ ઉંધે મસ્તકે કેમ લટકાવવામાં આવી છે ?”

“ તેણે એક અપરાધ કર્યો છે, તેથી મેં તેને શિક્ષા કરી છે. ” ચઉલાએ જવાબ આપ્યો.

“ એક પક્ષીએ અપરાધ કર્યો છે ? ” પોતાના આશ્ચર્યનું શમન કરવાને મૂળરાજે આગળ પૂછયું: “ એણે વળી શો અપરાધ કર્યો છે ? ”

“ તેને લઇને હું બગીચામાંના લતામંડપમાં ગઇ હતી, તેની સાંકળીને જુઇની એક ડાંખળી સાથે બાંધીને હું આરામ લેતી હતી, એવામાં તે છૂટી ગઇ અને મંડપમાં જ્યાં ત્યાં ઉડવા લાગી. આમથી તેમ ને તેમથી આમ ઉડીને તેણે ફૂલ ખંખેરી નાંખવા માંડયાં અને તેને પકડવાને મેં તથા માળીઓએ પ્રયત્ન કરવા માંડયો તેથી તો આખો મંડપ ચુંથાઇ ગયો અને બધાં ફૂલ ખરી પડયાં! એ બધું નુકસાન મધુમતીએ કર્યું તેથી તેના એ અપરાધના બદલામાં તેને ઉંધે મસ્તકે લટકાવીને હું શિક્ષા કરતી હતી ! ”

એક પક્ષીનો એવો અપરાધ અને તે અપરાધના બદલામાં એવી શિક્ષા એ સાંભળીને મૂળરાજને હસવું આવ્યા વિના રહ્યું નહિ. તે બોલ્યો: “ ચઉલાદેવી ! એ નિર્જીવ અપરાધના બદલામાં બિચારી મધુમતીને શિક્ષા કરવી જોઇતી નથી ! રોજ હજારો પક્ષીઓ બગીચામાં આવીને ઉડે છે અને તેમના ઉડવાથી, ચંચૂપ્રહારથી અને તોફાનથી પુષ્પોનો, વૃક્ષોના મ્હોરનો અને બાગની સ્વચ્છતાનો નાશ થતો હશે. એ પક્ષીઓ રોજ રોજ એવા અપરાધ કરે છે તેમને તો તમે કશી શિક્ષા કરતાં નથી અને મધુમતીએ ફક્ત એક દિવસ આટલી રંજાડ કરીને જરા બગીચાના લતામંડપને નુકસાન કર્યું તેને તમે આટલી કડક શિક્ષા કરો છો, એ ન્યાય ક્યાંનો ? ”

ચઉલાએ હસીને સામો ઉત્તર આપ્યો: "આપનો જ એ ન્યાય છે, ભાણુભા! આપના રાજ્યમાં હવે એવો ન્યાય જ થવાનો!"

"શું મારો એવો ન્યાય છે? મારા ન્યાયને એવો કોણ કહી શકે છે?" મૂળરાજે ગર્વથી આંખ ફેરવીને કહ્યું.

"હું જ કહું છું!" એકસરખા સસ્મિત વદનથી એ શબ્દો ઉચ્ચારીને પછી ગંભીર વદન કરી ચઉલાએ જવાબ આપ્યો: "જરા વિચારો તો ખરા! આપના રાજ્યની બહારના અનેક શત્રુઓ આપના ઉપર ઝઝુમી રહેલા છે, આપને રોજ હાનિ કરી રહ્યા છે, આપની આણની ઉત્થાપના કરી રહ્યા છે, તેને તો તમે કાંઈ શિક્ષા કરતા નથી, પરન્તુ ઘરમાંહેના જેઓને તમે શત્રુ માનો છો, તેમને તો ઉતાવળે દેહાંતદંડ કરવા માટે ઉંચા નીચા થઈ રહો છો! ભાણુભા! ઘરની અંદરનાં શત્રુઓ તો તમારી મૂઠીમાં જ બંધાઇ રહેલાં છે, માટે તે ક્યાંય જવાનાં નથી; બહારના શત્રુઓનો પહેલાં નાશ કરો! મને જે શિખામણ આપ આપો છો તે શિખામણ પહેલાં આપ જ ગ્રહણ કરો! ઘરની પાળેલી મધુમતીને ન્યાય આપવા પહેલાં આપ પોતે જ જે આપનાં આપ્તજનોનાં જ માથાં વાઢવા તૈયાર થયા છો તેમને ન્યાય આપો! મરી રહેલાંઓને માર્યા પહેલાં મારી રહેલાંઓને મારો!"

ચઉલાના આ શબ્દોએ મૂળરાજનાં આંખ–કાન ઉઘાડી નાંખ્યાં! વિદ્યુતના ચમકારાની પેઠે તેનામાં જ્ઞાન તથા ભાન આવ્યું. પોતે આટલી બધી હત્યા ઘરની અંદરનાં જ માણસોની કરી તે કરતાં તેમને જીવતાં રાખી, તેમની તરફથી ઉપદ્રવ ન થાય તે માટે તેમને કેદમાં પૂરી, પહેલાં બહારના શત્રુઓને નમાવવાનો પ્રયત્ન આદર્યો હોત, તો જ વધારે ઉચિત હતું, ન્યાય્ય હતું, પોતાનો માર્ગ નિષ્કંટક કરવાને અગત્યનું હતું એવું તેને સમજાયું. આ સમજણ આવતાં તેને પસ્તાવો થવા લાગ્યો, આંતર્ તાપથી તેનું હૃદય બળવા લાગ્યું, ન્યાય કરવાની ઇચ્છા છતાં પોતાને હાથે અન્યાય થઇ ગયો એ માટે દુઃખ થવા લાગ્યું, નરહત્યાનું પાપ સમજવા છતાં તેને ધર્મકૃત્ય માન્યું તેથી આત્માની આસપાસ પાપનાં ગુંચળાં બં-



"ચકલાદેવી' અત્યારથી આ પાળેલી મધુમતીને હું જેવો ન્યાય આપું છું તેવો જ ન્યાય મારાં આપ્તજનોને હું આપીશ....." (પૃષ્ઠ ૧૫૬)

ધાતાં જતાં હોય તેવો તેને ભાસ થવા લાગ્યો અને પોતાને આ પ્રકારનું ભાન કરાવવા માટે તે અંતરથી તો ચઉલાનો જ આભાર માનવા લાગ્યો. પશ્ચાત્તાપના આવેશમાં તુરત જ તેણે પોતાની તલવારવડે મધુમતીનું બંધન કાપી નાંખ્યું અને તેને છૂટી કરીને ચઉલાના હાથમાં આપી કહ્યું: "ચંઉલાદેવી! અત્યારથી આ પાળેલી મધુમતીને હું જેવો ન્યાય આપું છું તેવો જ ન્યાય મારાં આપ્તજનોને હું આપીશ અને મારૂં ચિત્ત હવે બાહ્ય શત્રુઓ તરફ જ દોડાવીશ! તમારા શબ્દોથી મારી મોહનિદ્રાનો નાશ થયો છે. આપ્તજનોનાં લોહીથી અપવિત્ર થએલી આ તલ્વાર હવેથી હું કદાપિ ધારણ નહિ કરૂં." એમ કહીને તેણે તલ્વારને એક બાજુએ ફેંકી દીધી અને પોતાના અનુચરને કહ્યું: "સૂર્યદત્તને કહાવ કે મામીને પકડવાને સૈનિકો મોકલવાની હવે જરૂર નથી. મારા રાજ્યના તે કંટકો હોવા છતાં તેઓ નાશ પામે તે કરતાં તેઓ નિરૂપદ્રવી તરીકે દૂર જ રહે એ વધારે ઇષ્ટ છે." એટલું કહી ચઉલા તરફથી એક શબ્દનો પણ વળતો જવાબ સાંભળ્યા વિના પશ્ચાત્તાપથી બળતા હૃદય સમેત તે પોતાના અનુચરમંડળ સાથે બહાર ચાલ્યો ગયો. ચઉલા આશ્ચર્યથી ચિત્રવત્ સ્થિર ઊભી રહી.

પરિચ્છેદ ૨૧ મો.

પઉમાની દેવપૂજા.

ગરીબ બિચારી પઉમા! બીજ સોલંકીના આવાસમાં તેની ખબર પૂછનારૂં આજે કોઇ પણ નહોતું! હજી તો ગઇ રાત્રે જ તે પાટણમાં આવી હતી, મૂળરાજને હાથે છૂટકારો પામી બીજ સોલંકીને ત્યાં આશ્રય પામી હતી, પરન્તુ ત્યાં તો તેને માટે તુરત સેવાનું કાર્ય તૈયાર જ હતું! એ અજાણ્યા સ્થળે તેણે બીજ સોલંકીની અને મૂળરાજની અનુપમ સેવા બજાવી હતી. આખી રાત તેણે તે માટે જાગરણ કર્યું હતું એટલું જ નહિ પણ જીવને જોખમે તેણે આખા પાટણમાં પરિભ્રમણ

કર્યું હતું તથા રાજમહાલયમાં પણ પ્રવેશ કર્યો હતો. એ જોખમનું કાર્ય પાર પાડીને તે **બીજ** સોલંકીને ત્યાં જરા આરામ લેવા સૂતી હતી અને માત્ર સૂર્યોદય જ થયો હતો, એવામાં **બીજ** સોલંકી ઘાયલ થયા હોવાની ખબર આવી અને તેનું હૃદય પોતાના ઉપર ઉપકાર કરનાર પુરૂષની તેવી સ્થિતિ જાણીને ચિંતા કરવા લાગ્યું. કેટલીક દાસીઓની સાથે તે પણ **બીજ**ની સેવા માટે રાજમહાલયમાં આવી અને પુનઃ **બીજ**ની સાથે જ તેના આવાસમાં આવી! અત્યારે દિવસનો છેલ્લો પ્રહર ચાલતો હતો, પરન્તુ તે બ્રહ્મસુતાએ સ્નાન કર્યું નહોતું, દેવપૂજા કરી નહોતી કે ભોજન પણ કર્યું નહોતું—અરે! આજે તો તેને બીજો ઉપવાસ હતો કારણકે ગઇ કાલે **બીલ્હણ**ના અત્યાચારના ત્રાસથી તેણે કશું ખાધું નહોતું! **બીજ** અને **મૂળરાજ** પોતપોતાના વ્યવસાયમાં પડ્યા એટલે **પદ્મા**ને ભોજનને માટે પૂછનાર પણ કોઈ હતું નહિ! દાસ–દાસીઓ તો તેને એક નવી દાસી સમજીને ક્યારનાંએ ઈર્ષ્યાળુ બની ગયાં હતાં અને તેથી **પદ્મા**ને **બીજ**ની સેવામાંથી જરાએ દૂર ખસવા નહિ દેતાં તેની પાસે એવડું વહીતરૂં કરાવતાં હતાં! **પદ્મા** **બીજ**ની સેવામાં ઉપસ્થિત રહેવાની પોતાની ફરજ સમજતી હતી અને તેથી બીજાં દાસદાસીઓની શઠતા છતાં પોતે તો આખો દિવસ **બીજ**ની પથારી પાસે રહીને પંખો નાંખ્યા કરતી હતી. સાંજે **બીજ**ને સારી પેઠે ઉંઘ આવતી જણાઇ, એટલે તે વખતે તેણે સ્નાન અને દેવપૂજા કરવાનો વિચાર કર્યો, પરન્તુ બીજાં દાસ–દાસીઓ પથારી પાસે ક્ષણભર રહેતાં નહિ એટલે **પદ્મા**ને વિરામ મળતો નહોતો. છેવટે છેક સાંજે **સૂર્યદત્ત**ને સેનાપતિ **જેસલદેવ** સાથે વાતચીતમાં મૂકીને **જંબક** ત્યાં આવ્યો અને થોડી વાર બેઠો એટલે **પદ્મા**એ તેને ધીમે સ્વરે–સવિનય નમ્રતાપૂર્વક પૂછ્યું: “આપ જો થોડી વાર બેસવાના હો તો હું થોડું કામ કરીને હમણાં પાછી આવું.”

“ભલે, તમે જાઓ. હું બેઠો છું. અત્યારે સોલંકી ઉંઘમાં છે એટલે કાંઈ ફીકર જેવું નથી.” **જંબકે** જવાબ આપ્યો.

પદ્મા ત્યાંથી ઉઠીને સત્વર પોતાના નિવાસના ઓરડામાં આવી. શાચ-

સ્નાનાદિથી નિવૃત્ત થઇને તેણે દેવપૂજાનો પ્રારંભ કર્યો. પઉમાના પિતાના અવસાન પછી ઘરમાં દેવસેવા કરવાનું પઉમાએ પોતાને માથે રાખ્યું હતું, પરન્તુ માતા અને પુત્રી ઉભય ચાંપાનેરથી પાટણને પ્રવાસે જવાને નીકળ્યાં હતાં તેથી પાછળ દેવ અપૂજ્ય ન રહે તેટલા માટે પઉમાએ દેવસેવા પોતાની સાથે રાખી લીધી હતી. અત્યારે એ જ દેવને એક પાટલા ઉપર પધરાવીને ધૂપ, દીપ, નૈવેદ્યાદિ ધરાવીને પઉમા દેવની માનસિક પૂજા કરવા લાગી. ચિત્તને સ્થિર કરી એક ધ્યાન ધરી, પ્રભુની પ્રાર્થના કરતી હોય તેવી રીતે તે હાથ જોડીને બેઠી, એવામાં તેને કાંઇક સ્મરણ થયું. તે દેવસેવા કરતી એકાએક ઉઠી અને પોતાની પોટલીમાંથી એક ચિત્ર કાઢયું. દેવની બાજુએ એ ચિત્રને પણ પધરાવીને ચંદનવડે પઉમાએ એ ચિત્રની પણ પૂજા કરી અને પછી દેવના ચરણમાં અત્યંત નમ્રતાથી મસ્તક નમાવીને તે અસ્ફુટ સ્વરે પ્રભુપ્રાર્થના કરવા લાગી.

પઉમા જે ઓરડામાં દેવપૂજા કરી રહી હતી તે જ ઓરડાની બાજુના ઓરડામાં સૂર્યદત્ત અને જેસલ વાતો કરતા બેઠા હતા. જંબક તે જ વખતે બીજ સોલંકી સાથે વાતચીત કરવાને માટે જોઇએ તેવી એકાંત હોવાની ખબર પિતાને આપવાને તે ઓરડામાં આવ્યો. પિતાએ વાતચીત કરવાની પૂરી ઇચ્છા દર્શાવી નહિ, એટલે જંબક તે ઓરડાનું દ્વાર બંધ કરીને પાછો જતો હતો, તે વેળાએ સહજ પઉમાના ઓરડાના દ્વાર તરફ તેની નજર ગઇ. પઉમા દ્વાર બંધ કરીને જ દેવપૂજા કરવા બેઠી હતી, પરન્તુ પવનને લીધે દ્વાર અર્ધું ઉઘડી ગએલું હતું એટલે જંબકની દૃષ્ટિ સીધી પઉમાની દેવપૂજા તરફ ગઇ અને એ દેવપૂજા જોઇને તત્ક્ષણ તે ચમકી ગયો. પઉમા દેવના ચરણમાં બહુ નીચું મસ્તક નમાવીને અસ્ફુટ સ્વરે પ્રાર્થના કરી રહી હતી અને પ્રાર્થનામાં તે એટલી લીન બની ગઇ હતી કે કેટલીક વારસુધી જંબક ત્યાં ઊભો રહ્યો તોપણ તેની તે પ્રાર્થના પૂરી થઇ નહોતી! પરન્તુ સૌથી વધારે આશ્ચર્ય તો જંબકને પઉમાના દેવ જોઇને થયું હતું. પાટલા ઉપર એક રેશમી વસ્ત્રાસન ઉપર શ્રીકૃષ્ણની મૂર્તિ પધરાવી હતી અને તેની બાજુમાં એક

નાની ચિત્રપાટી હતી તેમાં જંબકની જ છબી હતી! "શું પઉમા મારા ચિત્રની પૂજા કરે છે—મારી પૂજા કરે છે? મારૂં ચિત્ર તેની પાસે ક્યાંથી?" સહસા તેવા ઉદ્ગાર તેના મુખમાંથી નીકળી પડ્યા અને તુરત તેને ભાન થયું કે મારા ઉદ્ગારો સાંભળીને પઉમા લજ્જાશે એટલે તત્ક્ષણ તે ત્યાંથી ચાલ્યો ગયો. પઉમાની દેવપૂજાએ જંબકને અનેકાનેક વિચારમાં પાડી દીધો હતો. તે બીજની પથારી પાસે આવીને શૂન્યમૂન્ય જેવો બનીને બેઠો.

આ બાજુએ પઉમાનું ધ્યાન જંબકના ઉદ્ગારોથી પણ ભગ્ન થયું નહિ, કારણકે તેની સ્થૂળ કર્ણેંદ્રિયે એ ઉદ્ગારો શ્રવણ કર્યા હોવા છતાં તેની સૂક્ષ્મ શ્રવણેંદ્રિય તો અન્ય વ્યાપારમાં રોકાઈ રહેલી હતી. એક ઘડી, બે ઘડી, ત્રણ ઘડીસુધી પઉમા એકસરખી રીતે મસ્તક નમાવી સ્થિર જ રહી. કુતૂહલથી આકર્ષાએલો જંબક એક વાર ફરીથી પઉમાના ઓરડા પાસે આવ્યો તો તેણે આશ્ચર્ય સાથે જોયું કે પઉમાની પ્રભુપ્રાર્થના હજીસુધી પણ પૂરી થઈ નહોતી! તે મનમાં ને મનમાં પઉમાની પ્રભુભક્તિની પ્રશંસા કરતો પાછો ફર્યો.

ત્યારપછી કેટલીક વારે પાસેના ઓરડાનાં દ્વારનો ખડખડાટ થયો. સૂર્યદત્ત અને જેસલની વાતચીત પૂરી થઇ હતી અને જેસલ ઓરડાનું દ્વાર ઉઘાડીને બહાર જતો હતો તે જ વખતનો એ ખડખડાટ હતો. એ ખડખડાટે પઉમાનું ધ્યાન ભગ્ન કર્યું. તે જ ક્ષણે તેની દેવપૂજા પણ પૂરી થઇ ગઇ. તેણે સત્વર દેવને પાછા પોતાના પોટલામાં બાંધીને યથાસ્થાને મૂકી દીધા અને બીજની સેવામાં ઉપસ્થિત થવા માટે તેની પાસે જવાને તે તૈયાર થઇ. પણ આ વખતે પઉમાના વદનની અત્યંત વિકૃતિ થઈ ગએલી જોવામાં આવતી હતી. દેવસેવાથી ચિત્તને શાંતિનો લાભ થવાને લીધે વદન ઉપર જે સૌમ્ય, શાન્તિ અને ગાંભીર્યની રેષાઓ દૃશ્યમાન થાય છે તેમાંની એક પણ રેષા અત્યારે પઉમાના વદન ઉપર દેખાતી નહોતી! તેને બદલે તેનાં નેત્રોમાં ભયાતુરતાથી ઉત્પન્ન થતી તરલતા, વિહ્વળતાથી વદનપર દેખાઇ આવતી ઉગ્રતા, ક્રોધાતુરતાથી ઉત્પન્ન થતો ભ્રૂકુટીસંકોચ ઈત્યાદિ વિકૃતિ દૃશ્યમાન થતી હતી! જાણે

કે તે અત્યંત ગભરાઇ ગઇ હોય તેમ પોતાના ઓરડામાં આમથી તેમ અને તેમથી આમ નિરર્થક પરિક્રમણ કરવા લાગી. કોઇ અત્યંત ગૂઢ કોયડાને ઉકેલવાના મથનમાં તે ગુંચવાઇ જતી હોય તેવી રીતે તે ક્ષણભર ઉંડા વિચારમાં પડી જતી અને વિચારને અંતે પણ નિષ્ફળતા જ મળતી હોય તેવી રીતે તેનું વદન વીલું બની જતું. મનની આવી અસ્થિર સ્થિતિમાં તે પોતાના ઓરડાની બહાર નીકળી અને બીજના બિછાનાવાળા ઓરડા તરફ ચાલી. ત્યાં તેણે જોયું કે જંબક પૂર્વવત્ બેઠો હતો અને બીજ નિદ્રામાં જ હતો. જંબકને ત્યાંથી જવાની ઉતાવળ હતી, પરન્તુ પઉમા નહીં આવી પહોંચી હોવાથી તે ત્યાં બેઠો હતો. પઉમા આવી એટલે તુરત તે જવાને માટે ઊભો થયો, પરન્તુ પોતાની છબિની પૂજા કરનાર બાળાના વદનને પુનઃ એક વાર નિહાળવાનું સુખ પામ્યા વિના ત્યાંથી ડગલું ભરવાનું તેને ગમ્યું નહિ. વિશેષમાં પોતાની છબિ એ બાળા પાસે ક્યાંથી આવી એવો પ્રશ્ન પૂછવાની પણ તેની ઇચ્છા હતી, પરન્તુ પઉમાના વદન સામે જોતાં જ તેને લાગ્યું કે એ બાળા કોઈ પણ કારણને લીધે ભયાતુર બની ગઈ છે અને તેથી તે પોતાનો ઇષ્ટ પ્રશ્ન પૂછી શક્યો નહિ. એ ભયાતુર વદનમાંએ જંબકને અદ્વિતીય સુંદરતા, સરલતા અને નમ્રતા દેખાઈ. જંબક પઉમા વિષેના જ વિચારમાં લીન થતો ત્યાંથી ચાલ્યો ગયો.

*　　　*　　　*　　　*

મધરાત થઇ ગઈ છે. સર્વત્ર અંધકાર વિસ્તરેલો છે. પાટણમાં માત્ર એક જ દિવસમાં અવનવા બનાવો બની ગએલા હોવાથી એ અંધકાર પણ પ્રત્યેક દૃષ્ટિને ભેદભર્યો અને ભયંકર દેખાય છે. નગરના પ્રત્યેક ખૂણામાં, પ્રત્યેક મહાલયમાં અને પ્રત્યેક ગૃહમાં કાંઇક ને કાંઇક પ્રપંચ ચાલી રહ્યો હોવાની ગંધ હવે પાટણવાસીઓને આવવા લાગી છે. એક જ રાતમાં રાજ્યમાં ઉથલપાથલ થઇ ગએલી જોઇને સૌ ભયાતુર બની ગએલા છે. રાજ્ય સાથે સીધો કે આડકતરો સંબંધ ધરા-

વનારી પ્રત્યેક વ્યક્તિનો જીવ મૂઠીમાં આવી રહ્યો હોય એવું જણાય છે. જેવી રીતે ચાવડાઓ પોતાના આત્મસંરક્ષણની ચિંતા તથા ખબરદારીમાં રહ્યા હતા, તેવી જ રીતે સોલંકીઓ અને મૂળરાજના પક્ષવાળાઓ પણ ખબરદાર રહ્યા હતા. સૂર્યદત્તે પોતાના ગૃહના રક્ષણ અર્થે પહેરેગીરો રાખ્યા હતા, છતાં તેણે જંબકને બીજના મહાલયમાં સૂઇ રહેવાની સલાહ આપી હતી કારણકે એ મહાલય ઉપર ચોકીપહેરાનો વધારે સારો બંદોબસ્ત રાખવામાં આવ્યો હતો. સૂર્યદત્ત પોતે તો મૂળરાજના આવાસની બાજુએ જ એક ઓરડામાં સૂઇ રહ્યો હતો. મધરાત થઇ ગઇ હોવા છતાં જંબકને હજી ઉંઘ આવતી નથી. સાંજે તેણે પદ્માનો દેવપૂજાનો પ્રકાર જોયા પછી તેનું ચિત્ત પરવશ બની ગયું છે. પદ્માની માતાને પોતાના જ નામવડે લલચાવીને બીલ્હણ પાટણ તરફ લાવતો હતો એ વાત જંબક જાણતો હતો, પરન્તુ પદ્મા પોતાના ચિત્રની પૂજા કરવા જેટલી હદે આત્મસમર્પણ કરી ચૂકી હતી એવું તેના લક્ષમાં નહોતું અને તેથી અત્યારસુધી તે પદ્મા તરફ ઉદાસીન ભાવ ધરાવતો હતો; પરન્તુ હવે પદ્મા તરફ તેનું ચિત્ત આકર્ષાયું હતું. તેના શીલ તથા સદ્‌ગુણોના વિચારોમાં જ તે બિછાનામાં આળોટતો પડ્યો હતો અને નિદ્રાને માટે ફાંફાં મારી રહ્યો હતો પરન્તુ નિદ્રા તો તેનાથી દૂર ને દૂર નાસતી ફરતી હતી. બહુ ફાંફાં મારવા છતાં તેને નિદ્રા ન જ આવી એટલે તેણે ઊભા થઇને ઓરડામાં આમથી તેમ પરિક્રમણ કરવા માંડયું. એટલામાં કોઇએ બહારથી દ્વારપર થાપટ મારી. જંબકે પ્રશ્ન કર્યો: “ કોણ છે ? ” તેના ઉત્તરમાં કશો મનુષ્યધ્વનિ આવ્યો નહિ પણ દ્વારપર બીજી થાપટ પડેલી સંભળાઇ. જંબકે તુરત દ્વાર ઉઘાડયું અને જોયું તો પોતાની સામે પદ્મા ઊભેલી !

પદ્માને જોતાં જ જંબકના મગજમાંથી અનેક વિચારો પસાર થઇ ગયા. ‘ મધરાતને સમયે પદ્મા મારી પાસે કેમ આવી હશે ? ’ એ એક જ પ્રશ્ન તેના મગજમાં ઉપસ્થિત થયો હતો પરન્તુ તે પ્રશ્નના ઉત્તરો અનેક મળવા લાગ્યા. “ શું કાંઇ ભયનો પ્રસંગ ઉપસ્થિત થયો હશે ? બીજ સોલંકીની તબીયત એકાએક બગડી ગઇ હશે ? પિતાજી ઉપર

કાંઈ આફત આવી હશે? ભાણુભા અત્યારે અહીં આવ્યા હશે અને તે મને બોલાવતા હશે? અથવા પઉમા મને પોતાનો સ્વીકાર કરવાની વિનતિ કરવા આવી હશે?" એવા એવા અનેક નવા પ્રશ્નો પૂર્વ પ્રશ્નના ઉત્તરરૂપે ઉપસ્થિત થવા લાગ્યા. પઉમાના આગમનનું કારણ પૂછવા જેટલો વિચાર પણ તેની દિગ્મૂઢતાએ તેના મગજમાં આવવા દીધો નહિ, એટલે પઉમા જ સ્વયમેવ બોલી: "જંબકદેવ! મારે આપને એક ઘણી જ અગત્યની વાત કહેવાની છે."

"કહો, શી વાત છે તે?"

"પણ તે વાત ઘણી જ ગુપ્ત છે; આપ જરા અંદર આવશો?"

જંબક ઓરડાની અંદર પોતાના ઢોલીયા પાસે જઇને ઊભો. પઉમા તેની પાછળ પાછળ ચાલી અને તેની નજીક ઊભી રહી. તે ધીમે સ્વરે બોલી: "જંબકદેવ! કાલે સ્હવારમાં જ ભાણુભાનું ખૂન થવાનું છે!"

જંબક ગભરાઇ ઉઠ્યો: "હેં! હેં! એ શું? શત્રુનું કાંઇ કાવતરું શું તમારા જાણવામાં આવ્યું છે?"

"શત્રુનું નહિ પણ મિત્રોનું જ કાવતરૂં મારા જાણવામાં આવ્યું છે."

"તે મિત્રો કોણ છે?"

પઉમા ઉંચો શ્વાસ ભરતાં બોલી: "આપના પિતા અને જેસલદેવ!"

જંબકે રોમાંચ અનુભવ્યો. તે બોલ્યો: "પઉમાદેવી! આ શું કહો છો? તમે એ કેવી રીતે જાણ્યું?"

"આજે સાંજે જ્યારે હું દેવપૂજા કરતી હતી, ત્યારે આપના પિતા પાસેના જ ઓરડામાં જેસલદેવ સાથે વાતચીત કરી રહ્યા હતા અને તે સઘળી વાતચીત મેં સાંભળી છે. દેવપૂજા કરતી વેળાએ જ્યારે હું દેવને મસ્તક નમાવી મનમાં ને મનમાં સ્તુતિનું ગીત ગાતી હતી, તે વખતે અકસ્માત્ તેમના શબ્દો મારા સાંભળવામાં આવ્યા અને સ્તુતિમાંથી સ્ખલિત થઇને મારૂં ધ્યાન તે વાતચીત સાંભળવામાં પરોવાયું. તે વાત કેટલીક વારે પૂરી થઇ ત્યારે જ હું ભાનમાં આવી; ત્યાંસુધી દેવની સમીપે જ મસ્તક નમાવી રહીને હું પેલી વાતચીત સાંભળ્યા કરતી હતી. એ

વાતચીત ઉપરથી હું જાણી શકી કે આપના પિતાનું મન ભાણુભા માટે કલુષિત થયું છે. ભાણુભાએ આપના પિતાને મંત્રીશ્વરનું પદ આપવાનું વચન આપ્યું હતું પરન્તુ તે વચન તેમણે પાળ્યું નથી અને આપના પિતાને એ પદ આપ્યું નથી, તેથી આપના પિતાને ભાણુભા પ્રત્યે ભારે દ્વેષ ઉત્પન્ન થયો છે. તેમને લાગ્યું છે કે એક વાર સામંતસિંહે મિત્ર થઇને દગો દીધો હતો અને આ વેળાએ મૂળરાજ શિષ્ય થઇને દગો દેવા લાગ્યો છે, માટે મૂળરાજને ટૂંકો કરી નાંખવો, પોતે મંત્રીશ્વર બનવું અને જેસલદેવે સૈનિકો તથા સેનાનીઓની મદદથી ગુર્જરેશ્વર બની જવું! પ્રભાતમાં જ આ બનાવ બની જવાનો છે, તે માટે જંબકદેવ! આપને હું એક વિનતિ કરવા આવી છું."

"કહો!"

"આપના પિતાનો આ ઉદ્યોગ બહુ હલકા પ્રકારનો છે. મૂળરાજનાં પરાક્રમોથી જ ગુજરાત દીપશે અને તેથી હું આપને વિનતિ કરૂં છું કે આ પ્રપંચને આપ આગળ વધતો અટકાવો! પહેલાં તો હું માનતી હતી કે આપ આ કાવતરામાં આપના પિતાની સાથે શામેલ હશો, પરન્તુ એ વાતચીત ઉપરથી જ છેવટે મારા જાણવામાં આવ્યું કે આપની ન્યાયી વૃત્તિને કારણે આપના પિતા આ પ્રપંચની વાતમાં આપને શામેલ કરવા ઇચ્છતા નથી."

જંબક તો આ વાત સાંભળીને કિંકર્તવ્યવિમૂઢ બની ગયો હતો. જેસલદેવ સાથેનો લાંબો ગુપ્ત પરામર્શ હવે જંબકના સમજવામાં આવ્યો અને પિતાએ બીજ સોલંકી સાથે ગુપ્ત વાતચીત કરવાની દરકાર કરી નહિ તેનું કારણ પણ હવે જંબકના સમજવામાં આવ્યું. તેણે પઉમાને પૂછ્યું: "પણ મૂળરાજને મારી નાંખવાની એમણે કાંઇ ગોઠવણ કરી છે?"

"હા! ગોઠવણ એવી છે કે સ્હવારમાં મૂળરાજ બિછાનામાંથી ઉઠે, તે જ વખતે જેસલે પોતાના સાધેલા પચાસ સૈનિકો સાથે મૂળરાજના શય્યાગૃહ પાસે આવવું અને એવું બ્હાનું કરવું કે તે મૂળરાજને માટે પસંદ કરેલા અંગરક્ષકો છે. પછી જેસલે અને આપના પિતાએ શય્યાગૃ-

હમાં જ જવું અને મૂળરાજને ઘણી ગુપ્ત વાત કહેવાની છે એવું બ્હાનું કરીને શય્યાગૃહનાં દ્વાર બંધ કરી બન્ને જણાએ નિઃશસ્ત્ર મૂળરાજપર હલ્લો કરવો ! ”

“ છટ્ ! બાયલાઓ ! રાજદ્રોહીઓ ! પાપીયાઓ !!! પઉમાદેવી ! આ વાત તમે મને કહીને મારા ઉપર અને ભાણુભા ઉપર મોટો ઉપકાર કર્યો છે !! ” જંબક બોલ્યો.

“ જ્યારથી એ વાત મેં સાંભળી હતી, ત્યારથી હું વિહ્વળ બની ગઇ હતી. એ વાત કોને કહેવાથી મારા ઉપર ઉપકાર કરનાર પરાક્રમી ભાણુભાનો જીવ બચે તે વિષે મેં બહુ વિચાર કર્યો. બીજ સોલંકીને એ વાત કહેવાની મેં જરૂર જોઇ, પણ તેમની સ્થિતિ ચિંતા કરાવવા જેવી નથી; તેથી છેવટે સાહસ કરીને આવે રાત્રિને સમયે હું આપને કહેવા આવી છું ! હવે આપ શું કરશો ? ”

“ મૂળરાજનો જીવ બચશે એવો જ હું કાંઈ ઉપાય કરીશ અને એ હું પાર ઉતરીશ તો તેનો જશ તમારી દક્ષતા તથા સમયસૂચકતાને જ મળશે; પરન્તુ મારા દિલમાં એક વિચાર ઘણા વખતથી ઘોળાઇ રહ્યો છે તેનો ખુલાસો મારે તમારી પાસેથી જોઇએ છે ! ”

“ તમારા વિચારનો ખુલાસો હું કરી શકીશ ? હું—એક નિરાધાર બાળામાં એવી શક્તિ ક્યાંથી હશે ? ” પઉમાએ પોતાની પ્રશંસાથી લજાઇને નીચું જોતાં કહ્યું.

“ આજે મેં તમારી દેવપૂજા જોઇ છે. તમે ઘણી વારસુધી દેવને મસ્તક નમાવીને સ્તુતિ કરી તેનું રહસ્ય તો તમારી અત્યારની વાત ઉપરથી હું સમજ્યો, પરન્તુ તમારી દેવપૂજામાં મારી છબિ જોઇને હું બહુ નવાઇ પામ્યો છું ! ”

પોતાની અત્યંત ગુપ્ત વાત જંબકના જાણવામાં આવી જવાથી પઉમા આશ્ચર્ય સાથે ક્ષોભ પામી ગઇ. માથેથી ખસી ગએલો સાડીનો છેડો તેણે સમો કર્યો અને ડાબા પગના અંગૂઠાવતી ભોંય ખણતાં ખણતાં જવાબ આપ્યો: “ એ છબિ બીલ્હણે મારી માતાને ચાંપાનેરમાં આપી

હતી અને આપના નામનું જ ધ્યાન ધરીને અમે માતા પુત્રી પાટણ તરફ આવતાં હતાં."

"હવે મને તમે પહેલાં કહેલી વાત યાદ આવી. તમને ભ્રમાવવાને તેણે કરેલી એક યુક્તિને કારણે મારી છબિ તમારા હાથમાં આવી ગઇ. પણ દેવપૂજામાં મારી છબિ રાખવાનો મર્મ હું સમજી શક્યો નહિ."

"કોઇ વાર તે સમજાશે; અત્યારે તો ઇષ્ટ કાર્યની સિદ્ધિ કરો!" એમ કહેતી પદ્મા ત્યાંથી સત્વર પાછી ચાલી ગઇ. જંબક વિચાર કરતો જ ચિત્રવત્ ઊભો રહ્યો.

પદ્માનો હૃદયભાવ જંબકના સમજવામાં હવે આવી ગયો. પહેલાં તો એ બાળા નામમાત્રથી જ પોતાને પિછાણતી હતી, પછી ચિત્રપાટી જોઇને તેનું મન આકર્ષાયું હતું પરન્તુ પાટણમાં આવીને પોતાને જોયા પછી તે પોતાનું હૃદય અર્પણ કરી ચૂકી હોવી જોઇએ અને તેથી જ પોતાની છબિની પણ પૂજા તે કરતી હોવી જોઇએ, એવું તેણે માન્યું. તે મનમાં બોલ્યો: "પદ્મા! તારી દક્ષતા જ મારા હૃદયનું એટલું આકર્ષણ કરે છે. તને પ્રાપ્ત કરીને હું મને ભાગ્યશાળી માન્યા વિના રહું નહિ!"

પરિચ્છેદ ૨૨ મો.

વિવેકભ્રષ્ટનો વિનિપાત.

"ઓ પિતા! હું આ શું સાંભળું છું? તમારી પ્રતિજ્ઞા તો પૂર્ણ થઇ ચૂકી છે, પછી આ બધો ઉત્પાત શામાટે? સામંતસિંહે તમારો જે અપરાધ કર્યો હતો તેનો બદલો તેને અને તેના આ કુટુંબને તેમ જ તેના સઘળા પક્ષવાદીઓને મૂળરાજને હસ્તે મળી ચૂક્યો છે! મૂળરાજનું પાસું પકડવામાં જે હેતુ રાખ્યો હતો તે હેતુ અણીશુદ્ધ પાર ઉતરી ગયો છે. સામંતસિંહ ઠાર થયો, તેની એક રાણી ઠાર થઇ, બીજી રાણી અને

પુત્રે પોતાની મેળે જ દેશવટો સ્વીકાર્યો, તેના સીધા વારસો કપાઇ ચૂક્યા અને ચાવડાઓ એટલા પરાસ્ત થઈ ગયા છે કે તેઓ હવે ઉંચું માથું કરી શકે તેમ નથી. મૂળરાજ અને તેનો પ્રતાપ હજી પણ જેઓ ઉંચા-નીચા થાય તેમને પહોંચી વળવાને સમર્થ છે. વૈર વાળવું અને મારી માતાએ મરતી વેળાએ આપને આપેલી પ્રતિજ્ઞાનું પાલન કરવું એ જ આપણો ઉદ્દેશ હતોઃ તે પાર પડી ચૂક્યા પછી મંત્રીશ્વરનું પદ મળે કે ન મળે તેની શી પરવા છે? મૂળરાજે વચન આપીને તે પાછું ખેંચી લીધું તેથી શું આટલો ઉત્પાત મચાવવો જોઇએ? મંત્રીશ્વરની પદવીનો લોભ શું તમને એટલો બધો લાગી ગયો છે કે તે પદને માટે તમે આપણા પરમ ઉપકારી પ્રતાપી મૂળરાજનો જાન લેવા માંગો છો? હાય! પિતાજી! તમારી પંડિતાઈ કેમ વિપરીત માર્ગે જાય છે? મંત્રીશ્વરના પદના લોભથી તમે કેમ વિવેકભ્રષ્ટ થઇને પ્રતાપી ગુર્જરેશ્વરની હત્યા કરવા તત્પર થાઓ છો? શું મંત્રીશ્વરનું પદ એ જ તમારૂં અભીષ્ટ છે? ના, ના, હું જાણું છું કે તમારૂં અભીષ્ટ તો વૈરતૃપ્તિ જ માત્ર હતું, પરન્તુ મૂળરાજના વચનથી તમારામાં ઉચ્ચ પદવી પ્રાપ્ત કરવાની મહત્ત્વાકાંક્ષા સ્ફુરી અને ધીમે ધીમે એ મહત્ત્વાકાંક્ષા એટલી પ્રબળ બની કે આજે તે પાર ઉતારવાને તમે એક મહાપાતક કરવાને તૈયાર થયા છો! અહો હો! મનુષ્યનો સ્વભાવ કેવો વિલક્ષણ છે? ઉચ્ચ કર્તવ્યના પરિપાલનના માર્ગેથી સ્વલ્પ પણ ભ્રષ્ટ થવાનો યોગ આવે છે કે તુરત તે વિવેકભ્રષ્ટતાની ઉંડી ખાઈમાં પડે છે! અને પછી ભર્તૃહરિ કહે છે તેમ **विवेकभ्रष्टानां भवति विनिपातः शतमुखः** ”

પિતાની વિવેકભ્રષ્ટતાથી અત્યંત ખિન્ન થએલા, મૂળરાજના શિરે ઝઝુમતા કાળચક્રથી અત્યંત ઉદ્વિગ્ન થએલા અને હવે એ અરીષ્ટને ટાળવાનો ઉપાય શોધવાને અત્યંત અધીરા બનેલા જંબકને પરોઢ થતાંસુધી બિલકુલ ઉંઘ આવી નહિ. મહાલયની બારી ઉઘાડીને તેણે બહાર જોયું તો જણાયું કે આકાશ નિરભ્ર હતું અને શુક્રનો તારો હીરાની પેઠે આકાશમાં ચમકી રહ્યો હતો. જેમ જેમ સમય જતો હતો, તેમ

તેમ અનિષ્ટ પ્રસંગ વધારે ને વધારે નિકટ આવતો જતો હતો. તેણે સત્વર શૌચ–સ્નાનાદિ કરીને **બીજ** સોલંકીના એક ચાકરને જગાડયો. તેની પાસેથી તેણે સાંકળીથી ગુંથેલું બખ્તર લીધું. જુદા જુદા અવયવો ઉપર પહેરવાના બખ્તરના ભાગો જુદા જુદા હતા. પગ, હાથ, શિર અને છાતી ઉપર પહેરવાના જુદા જુદા ભાગો લઇને તે પોતાના ઓરડામાં આવ્યો. પહેલાં તેણે વસ્ત્રો પહેર્યાં. વસ્ત્રો ઉપર બખ્તર પહેર્યું અને પછી ભેઠ બાંધીને તેમાં કટાર ખોસી એક તલ્વાર કમરે લટકાવી દીધી. એ પ્રમાણે તૈયારી કરી તેણે **શંકર**ની માનસિક સ્તુતિ કરી અને પછી ત્યાંથી પ્રસ્થાન કર્યું. તે સમયે અરૂણોદય પણ થયો નહોતો.

મૂળરાજના શય્યાગૃહની બહાર પાંચ પહેરેગીરો સશસ્ત્ર ઊભા હતા, તેમાંના એકને **જંબકે** પૂછયું: "મહારાજ ઉઠયા છે કે?"

"જી, ના. પણ આજે આપે તો બખ્તર પહેર્યું છે!" સૈનિકે સહજ પૂછયું.

"હા. **બીજ** સોલંકીને મહેલેથી એકલો આવ્યો એટલે ત્યાંથી બખ્તર પહેરીને નીકળ્યો. આજકાલ પ્રપંચ વર્તી રહ્યો છે એટલે સાવધ રહેવું જોઇએ." એમ કહીને તેણે આમ તેમ ફરવા માંડયું. તેને આનંદ થયો કે પોતે પોતાના પિતા અને **જેસલ**ની પણ પહેલાં આવી પહોંચ્યો છે. થોડી વાર થઈ એટલે **સૂર્યદત્ત** પાસેના ઓરડામાંથી ઉઠીને બહાર આવ્યો અને **જંબક**ને જોઇને નવાઇ પામ્યો. તેણે તેને પોતાની પાસે બોલાવીને **બીજ**ની તબીયત પૂછી, બખ્તર પહેરવાનું કારણ પૂછયું અને છેવટે અત્યારમાં **મૂળરાજ** પાસે આવવાનું કારણ પણ પૂછયું. **જંબકે** તેના જવાબ આપ્યા અને છેલ્લા પ્રશ્નના જવાબમાં જણાવ્યું કે: "આજે કચેરી ભરાવાની છે અને કચેરીમાં મહારાજની સાથે સાથે જવું એવી ધારણાથી જ પરભાર્યો અહીં આવ્યો છું."

એટલામાં સૂર્યોદય થવા આવ્યો, તે સાથે જ **જેસલ** પચાસ સશસ્ત્ર સૈનિકોની સાથે ત્યાં આવી પહોંચ્યો. **જંબક** સમજ્યો પ્રપંચનો પ્રારંભ તો બરાબર થાય છે. **જેસલે** પોતાના પિતા તરફ જોઇને ઈશારો કર્યો

તે જંબકે બરાબર જોયો અને તેની ખાત્રી થઇ કે પઉમાના કથન પ્રમાણેનું કાવતરૂં જ રચાઇ ચૂક્યું છે. જેસલે મૂળરાજના શય્યાગૃહની બહાર સૈનિકોને ગોઠવી દીધા અને પછી તે મૂળરાજ જાગૃત થવાની રાહ જોતો ઊભો. એટલામાં સૂર્યદત્ત પણ વસ્ત્રો પહેરીને અને નિયમ મુજબ શસ્ત્રો ધારણ કરીને આવ્યો.

તેમને બહુ વાર રાહ જોઇને ઊભા રહેવું પડ્યું નહિ. મૂળરાજે બિછાનામાંથી ઉઠતાં જ પર્યંકની આડેનો પડદો હડસેલી દીધો એટલે સત્વર સૂર્યદત્ત અંદર પેઠો. જેસલ પણ તેની સાથે જ અંદર જઇને દ્વાર બંધ કરવા જાય છે એટલામાં જંબકે દ્વારમાં પગ મેલ્યો અને કહ્યું: "મને અંદર આવવા દો, પછી દ્વાર બંધ કરો!"

જેસલ 'હા ના' કરે તે પહેલાં તો જંબક અંદર પેસી ચૂક્યો; જંબક અંદર આવ્યો તે સૂર્યદત્તને ગમ્યું નહિ. જેસલ તુરત મૂળરાજની સાથે વાતે વળગ્યો અને બોલ્યો: "મહારાજ! આપે મારા પર અગણિત ઉપકાર કર્યો છે. આપે રાજ્યતંત્ર હાથમાં લીધું તેથી આખું સૈન્ય સંતોષ પામ્યું છે."

સૂર્યદત્તે જંબકની બાજુએ ચડીને અસ્ફુટ સ્વરે કહ્યું: "તું જરા દૂર ઊભો રહે અને જે થાય તે જોયાં કરજે."

એ સાંભળીને જંબકની આંખમાં ખૂનસ ભરાઇ આવી. ભ્રૂકુટી સંકોચ અનુભવતાં તેનો હાથ તલ્વારની મૂઠપર જવા લાગ્યો, પરન્તુ તત્ક્ષણ મનઃસંયમ કરીને તે ચૂપ રહ્યો. જાણે કે તે પિતાની આજ્ઞા માન્ય રાખતો હોય તેવી રીતે એક સ્થળે સ્થિર ઊભો રહ્યો. સૂર્યદત્ત જેસલની સાથે વાતચીત કરતા મૂળરાજની પાછળ ગયો અને મૂળરાજની ઉપર તૂટી પડવાનો લાગ જોવા લાગ્યો. તુરતમાં જ ઉંઘમાંથી ઉઠ્યો હોવાથી મૂળરાજના અંગમાં હજી સુસ્તી જોવામાં આવતી હતી અને તે બગાસાં ખાતો હતો. તેની એ સુસ્તી સૂર્યદત્તને લાભકારક જણાઈ. તે જરા પાછો ખસ્યો. છૂપી રીતે તેણે તલ્વારની મૂઠ ઉપર હાથ નાંખ્યો. જંબક આડી નજરે પિતાની બધી હીલચાલ તપાસી રહ્યો હતો. તે જરા ખસીને જે-

સલની બાજુએ જઇ ઊભો. પિતાને મૂળરાજ ઉપર તૂટી પડવાની તૈયારીમાં જોઇને તેનું દિલ ઉકળી આવ્યું. સૂર્યદત્ત પાછો વળીને કમરપર બાંધેલી તલ્વારને મ્યાનમાંથી ખેંચી કાઢવા જતો હતો એ જ ક્ષણે જંબક લાગલો જ પોતાની તલ્વારને મ્યાનમાંથી ખેંચી કાઢતો પિતા ઉપર તૂટી પડયો !! તલ્વારનો એક ઘા વાગતાં સૂર્યદત્તનો હાથ ખભામાંથી તૂટી પડયો અને બીજો ઘા વાગતાં તેનું શિર છેદાઇને ધડની બાજુએ લટકી પડયું !!!

મૂળરાજ બ્હાવરો બનીને જંબકને પકડવા જાય તે પહેલાં તો સૂર્યદત્ત ખતમ થઇ ચૂક્યો હતો ! મૂળરાજે જંબકનો હાથ પકડયો. જંબકે પોતાના હાથમાંની તલ્વાર બહાર ફેંકી દીધી અને બન્ને હાથ જોડીને મૂળરાજને કહ્યું: " મેં પિતૃહત્યાનો અપરાધ કર્યો છે, મને હવે આપ ઠાર મારી નાંખો ! "

સૂર્યદત્તની આ દશા થવાથી જેસલ બ્હી ગયો અને દ્વાર ઉઘાડતો નાઠો ! સૈનિકોને કશું કહેવાને પણ તે રોકાયો નહિ !

મૂળરાજ જંબક ઉપર ક્રોધ વર્ષાવતો બોલ્યો: " જંબક ! જંબક ! તેં એક નહિ પણ બે અપરાધ કર્યા છે; તારા પિતાની જ નહિ પણ મારા ઉપકારક ગુરૂની તેં હત્યા કરી છે; એ બન્ને અપરાધની શિક્ષા તને હું કરીશ ! પણ એક વાર કહે, તને આ દુષ્કાર્ય કરવાનું શું કારણ મળ્યું હતું ? "

" કૃપા કરીને તે કારણ મને પૂછો નહિ ! મને જે શિક્ષા કરવી હોય તે આ ક્ષણે જ કરી નાંખો, મહારાજ ! " જંબકે ક્રોધ અને જુસ્સાથી કંપતાં કહ્યું.

" જેસલદેવ ! જંબકને બેડી પહેરાવો ! " મૂળરાજે જેસલને શોધી કાઢવાને ચોતરફ નજર ફેરવતાં કહ્યું, પણ જેસલ ત્યાં નહોતો ! મૂળરાજને ઘણી નવાઇ લાગી. એ બહાદૂર સેનાપતિ કેમ નાસી ગયો હશે તેનું કારણ મૂળરાજની કલ્પનામાં આવી શક્યું નહિ. તે આશ્ચર્યથી જંબકની સામે ક્ષણભર જોઇ રહ્યો અને બોલ્યો: " જંબક ! અત્યારના બનાવમાં મને કાંઈ ઉંડો મર્મ દેખાય છે, શું તું મને તે નહિ કહે ? "

"મહારાજ!" એ શબ્દ બોલતાં જંબકની આંખોમાં આંસુ આવી ગયાં. તે આગળ બોલ્યો: "મહારાજ! આપની આજ્ઞા છે તો હું તે કહીશ, પરન્તુ તે કહેતાં મારા કલેજામાં કાંટા ભોંકાશે!"

એટલું કહી જંબકે કાવતરાનો સઘળો વૃત્તાંત મૂળરાજને ટૂંકામાં કહ્યો. મૂળરાજનું હૃદય તે સાંભળતાં થરથરી ગયું. તેણે તિરસ્કારથી સૂર્યદત્તના શબ સામે જોયું અને તેની વિવેકભ્રષ્ટતા તથા કર્તવ્યભ્રષ્ટતાને લીધે તેના ઉપર તેને ક્રોધ પણ આવ્યો પરન્તુ મરણ પામેલા મનુષ્યના મુડદા ઉપર તે વ્યક્ત કરવામાં હીનતા માનીને તેણે આત્મસંયમન કર્યું. તેણે પોતાના અનુચરોને સૂર્યદત્તના મૃતદેહને ત્યાંથી લઇ જવાની આજ્ઞા કરી અને જંબકે ફેંકી દીધેલી તલ્વાર ભોંયપરથી ઉંચકીને પુનઃ જંબકના હાથમાં આપતાં તેણે કહ્યું: "જંબક! તું આ તલ્વાર ધારણ કરવાને યોગ્ય જ છે, માટે લે; આ તલ્વારની સાથે મારા મંત્રીશ્વરનું પદ પણ અત્યારે જ હું તને આપું છું!" જંબકે અશ્રુભરિત લોચને એ તલ્વારનો સ્વીકાર કર્યો.

પરિચ્છેદ ૨૩ મો.

પેલી છાની વાત!

માત્ર બે રાત્રિ અને એક દિવસમાં કેવા કેવા બનાવો બની ગયા, તેનો વિચાર જ્યારે મૂળરાજ કરતો હતો, ત્યારે તેનું અંતર્ ઉંડા-ઉંડા વિચારમાં લીન બની જતું હતું. એ વિચાર કરતાં તેને બાહ્ય સૃષ્ટિનું બિલકુલ ભાન રહેતું નહિ. એક વાર પરાક્રમોવડે જ સંતુષ્ટ રહેનારૂં હૃદય રાજ્યપ્રાપ્તિની દરકાર પણ રાખતું નહોતું; રાજ્યમુકુટ પ્રાપ્ત થયા છતાં તેને જાળવી રાખવાની પણ લોલુપતા નહોતી; નિષ્કારણ લોહી રેડવામાં અને યુદ્ધ કરવામાં અત્યંત ત્રાસ ઉત્પન્ન થતો હતો; સબળનું નિર્બળ પ્રત્યેનું આક્રમણ જોતાં જ રોમ ઊભાં થતાં હતાં; અન્યાય મળતો તેને ન્યાય અપાવવામાં જ આનંદ મળતો હતો: એ જ વૃત્તિવાળો મૂળ-

રાજે આ બે રાત્રિ અને એક દિવસમાં કેવાં ઘોર કૃત્યો કર્યાં હતાં ?! પોતાને હાથે એ ઘોર કૃત્યો ન થયાં હોત તો સારૂં હતું એવું હવે મૂળરાજને થતું હતું. મામાનો, મામીનો, ચાવડાઓનો અને અનેક બીજાઓનો ઘાત કરીને રાજ્ય મેળવ્યું, તે કરતાં તેમનો ઘાત કર્યા વિના રાજ્ય મેળવ્યું હોત તો સારૂં હતું એમ તેને હવે થતું હતું ! સૂર્યદત્તે આપેલી વિદ્યાએ અને શિખામણે પોતાને ઘાતકી માર્ગે દોર્યો અને પોતે રાજ્યનું કલ્યાણ કરવાની જ ઉગ્ર વૃત્તિમાં એ માર્ગે દોરાયો તેમાં ખરેખર અવિચાર જ કર્યો હતો એવું તેને હવે સમજાવા લાગ્યું. ગુજરાતનુ રાજ્ય વધારે વખત ચાવડાઓના હાથમાં ન રહે એ તો મૂળરાજને આવશ્યક જ લાગતું હતું, પરન્તુ શું તે માટે આ કાપાકાપી અનિવાર્ય હતી? મૂળરાજને હવે સમજાયું કે બીજને અને સૂર્યદત્તને એ અનિવાર્ય લાગતી હતી, પરન્તુ વસ્તુતઃ તેમ કર્યા વિના રાજ્યપ્રાપ્તિ કરી શકાત. બળવાન્ વ્યક્તિઓને તુરંગમાં પૂરવાથી તેમના બળને હણી શકાત અને ઇષ્ટપ્રાપ્તિ સહેજે થાત, પરન્તુ મુખ્યત્વે કરીને સૂર્યદત્તની ઉશ્કેરણીથી જ પોતે મામાના કુટુંબનો વિધ્વંસ કરવાનો માર્ગ લીધો એ બહુ ખોટું કર્યું, એવો પશ્ચાત્તાપ મૂળરાજના હૃદયમાં થવા લાગ્યો. પોતાના નિર્મળ અંતઃકરણમાં એ દિવસસુધી કોઈ :પિશાચ જ વાસો કરીને રહ્યો હશે કે શું, એવો પ્રશ્ન મૂળરાજ પોતાના મનને પૂછવા લાગ્યો.

એટલામાં બે અનુચરોએ આવીને કહ્યું: “મહારાજ ! હવે અમને શી આજ્ઞા છે ? કચેરીનો વખત થતો આવે છે.”

તત્ક્ષણ મૂળરાજનું ચિત્ત પ્રાસંગિક કર્તવ્યકર્મ તરફ દોડ્યું અને પશ્ચાત્તાપની જ્યોત કિંચિત્ સળગી–ન સળગી અને વિરામ પામી ગઈ. તે બોલ્યો: “દત્ત મહારાજના મૃતદેહની વ્યવસ્થા બ્રાહ્મણો પાસે કરાવો. કચેરી મધ્યાહ્ન પછી ભરવાનું ઠરાવો. જંબકદેવને આજથી મંત્રીશ્વરનું પદ આપ્યું છે માટે તેમને ત્યાં પચીશ ઘોડા, પાંચ પાલખી, સો અનુચર, બે મશાલચી અને એક છત્રીદાર રાજ્ય તરફથી રહે એવી વ્યવસ્થા કરો. નગરમાં દાંડી પીટાવો કે રાજ્યનો અને રાજાનો દ્રોહ નહિ કરનારા

કોઇ પણ પ્રજાજને મૂળરાજની તલ્વારનો ભય રાખવાનો નથી. નિર્બળ અને નિર્દોષના રક્ષણને માટે અને પ્રજાહિતના શત્રુને માટે મૂળરાજની તલ્વાર અત્યારસુધી ખુલ્લી રહી છે અને હવે પછી ખુલ્લી રહેશે.”

એ આજ્ઞાઓનો સંદેશો લઇને અનુચર ચાલ્યો ગયો અને તેણે જુદા જુદા પદવીધરોને તેમનાં કાર્યો નિવેદન કર્યાં. જંબક પિતાના મૃતદેહની અંતીમ ક્રિયા કરવાને જતો રહ્યો. મૂળરાજે જેસલને શોધવાને થોડા અનુચરોને મોકલ્યા અને સાથે સાથે કહ્યું કે “જોકે તેણે ભયાનક રાજદ્રોહ કર્યો છે અને મારી તલ્વાર તેનું રક્ષણ કરી શકે નહિ, તોપણ જો તે પાટણમાંથી નાસી ગયો જ હોય તો તેણે પોતાની મેળે અંગીકાર કરેલો દેશપારદંડ ભોગવતો ભલે મારી રાજધાનીથી દૂર જ રહે!”

એ પ્રમાણે વ્યવસ્થા કરવાનું ફરમાવીને મૂળરાજ મહાલયના એક શાંત ઓરડામાં જઇને એકલો બેઠો. પોતાના અંગરક્ષકોને તેણે હવે દૂર જ રાખ્યા. તેણે માન્યું કે થોડા અંગારાને હોલવવાથી બાકીના અંગારા સ્વયમેવ ઉપશમી ગયા છે એટલે હવે અંગરક્ષકોની જરૂર નથી. એ શાંત સ્થળે એક સુખાસનમાં આડા પડતાં તેને અનેક વિચારો આવવા લાગ્યા. શત્રુતાવાળા સ્વજનોને દૂર કર્યા તેથી રાજ્ય સંપૂર્ણ નિર્ભય થઈ જતું નથી પરન્તુ બહારના શત્રુઓ સૌથી વિશેષ પ્રબળ હોય છે અને તેમને વશ કર્યા વિના કે તેમનો નાશ કર્યા વિના રાજ્યનું યથેષ્ટ સંરક્ષણ કરી શકાતું નથી એ વિચાર તેના મનમાં ઘોળાતો હતો. ચઉલાએ જ એ આવશ્યકતાનું તેને ભાન કરાવ્યું હતું, એટલે એ વિચાર સૂઝી આવતાં તેની વિચારમાળા એકદમ ચઉલા ઉપર ઉતરી. એટલામાં એક અનુચરે આવીને કહ્યું: “મહારાજ! ચઉલાદેવીએ આપને આપવા માટે એક પત્રિકા મોકલી છે.”

“લાવ, ક્યાં છે તે પત્રિકા?” મૂળરાજે ઉત્સુકતાથી પ્રશ્ન કર્યો.

અનુચરે તે પત્રિકા આપી. મૂળરાજે પત્રિકાની થેલીનું મ્હોં છોડીને તેમાંથી પત્રિકા કાઢી. તેમાં માત્ર થોડા જ શબ્દો લખ્યા હતા:

"પેલી સૂની રાત,
"પેલી છાની વાત,
"સાચી પડતી આજ,
"કંઇ સાંભરતી મહારાજ ?"

"હા, હા, ચઉલાદેવી !" મૂળરાજ જાણે કે પોતાની સામે ઊભેલી ચઉલાને જ ઉત્તર આપતો હોય તેવી રીતે ઉચ્ચ સ્વરે બોલ્યોઃ "અત્યારસુધી એ વાત સાંભરતી નહોતી, પણ હવે મને સાંભરી ! ઓ સુંદરી ! તારી દક્ષતાનાં હું કેટલાં વખાણ કરૂં ?"

તે વાત કઈ? વાચકને સ્મરણમાં હશે કે ગઇની આગલી રાત્રે જ્યારે મૂળરાજ બીજ સોલંકીને મહેલેથી પાછો ફરતો હતો તે વખતે ચઉલા સાથે મેળાપ થતાં બીજે દિવસે જાહેર કરવાની રાજનીતિનો હસ્તલેખ મૂળરાજને પઉમાએ લાવીને આપ્યો હતો અને મૂળરાજે તે ચઉલાને વંચાવ્યો હતો. તે સંબંધી જ એક વાત ચઉલાએ છાની રીતે મૂળરાજને કહી હતી. એ છાની વાત સોહણરાજે ચઉલા પાસેથી જાણવા માંગી હતી અને ચઉલાએ સોહણરાજને બનાવટી જવાબ આપ્યો હતો કે "જેસલ જેવાને પાંચ ગામ આપશો તો તે પાણીમાં જશે, એવી એ છાની વાત હતી." પરન્તુ સત્ય વાર્તા જૂદી જ હતી. સૂર્યદત્તને મંત્રીશ્વરનું પદ આપવું યોગ્ય નથી, એવું તેણે મૂળરાજના કાનમાં કહ્યું હતું. મૂળરાજે તેનું કારણ જાણવા માંગતાં ચઉલાએ તેનામાં નખથી શિખાપર્યંત દંભ ભરેલો હોવાનું કહ્યું હતું. મૂળરાજે એ અભિપ્રાયને વ્હેમભરેલો માન્યો હતો છતાં તે ચઉલાના એ અભિપ્રાયથી ઉંડા વિચારમાં ઉતરી પડ્યો હતો. ચઉલાએ અનેક પ્રસંગે સૂર્યદત્તના વર્તનનું નિરીક્ષણ કર્યું હતું, તેના સંબંધમાં ઘણી વાતો સાંભળી હતી અને જે અન્ય કોઇને દેખાતું નહોતું તે તેને સૂજતું હતું કે સૂર્યદત્ત વિદ્વાન્ હોવા છતાં હૃદયનો હલકો હતો. તે જ ઉપરથી તેણે મંત્રીશ્વર જેવા જોખમભર્યા અને ઉંચા પદ ઉપર તેને નિમવો યોગ્ય નથી એવી મૂળરાજને સલાહ આપી હતી. એ સલાહ માન્ય રાખવી કે નહિ તે સંબંધી મૂળરાજનું મન ડગમગતું હતું, છતાં જ્યારે તેણે પોતાની રાજનીતિ જાહેર કરી ત્યારે મંત્રીશ્વરનું પદ

કોઇને નહિ આપતાં તુરતમાં એ કાર્યભાર તેણે પોતાની જ પાસે રાખ્યો; સૂર્યદત્તની અધીરાઈ અને ઇર્ષ્યાનું કારણ પણ એ જ હતું. છેવટે તેણે તેનું પોત પ્રકાશ્યું અને ચઉલાનું ભવિષ્યકથન ખરૂં પડ્યું! ચઉલાની આ પત્રિકા વાંચીને મૂળરાજને તે પ્રસંગ સાંભર્યો. ચઉલાની એ વખતની સલાહ માટે તેને અભિનંદન આપવાને મૂળરાજ સત્વર ત્યાંથી ઉઠયો અને અનુચરને આજ્ઞા કરી કે "ચઉલાદેવીને મારા આગમનની ખબર આપ!"

અનુચરે દોડતાં જઇને ચઉલાને ખબર આપી. ચઉલા મૂળરાજનો સત્કાર કરવાને સ્વસ્થ થઇને બેઠી. થોડીએક ક્ષણોમાં જ મૂળરાજ ત્યાં આવ્યો અને ચઉલાએ કહ્યું: "પધારો ગુર્જરેશ્વર!"

"ચઉલાદેવી!" નિર્દિષ્ટ આસન ઉપર બેસતાં મૂળરાજ બોલ્યો: "હું તમને અભિનંદન આપવા અને તમારો આભાર માનવા આવ્યો છું. તમારી એ છાની વાત પ્રમાણે વર્તવાને મારૂં મન વધતું નહોતું છતાં મેં તે વિષે વિશેષ વિચાર કરવાનું ધારીને તત્કાળમાં તે વિષે કાંઈ જ નિર્ણય કર્યો નહોતો; પરન્તુ છેવટે તમારૂં ભવિષ્યકથન સાચું જ નીવડ્યું છે. તે માટે હું કેવા શબ્દોમાં તમારૂં અભિનંદન કરૂં અને કેવી વાણીમાં આભાર માનું?"

ચઉલા સ્મિત કરતી બોલી: "મારૂં અભિનંદન કરવા માટે અને મારો આભાર માનવા માટે વાણી અને શબ્દો હું શોધી આપું? ઠીક ત્યારે, એ શબ્દો તથા વાણી મેં શોધી કાઢ્યાં અને મેં અભિનંદન તથા આભાર માની લીધો! હવે તમે સંતોષ પામ્યા?"

"ના; હજી મારો એક અસંતોષ રહી ગયો છે; એ અસંતોષ હું તમને કહું તો તમે હાસ્ય નહિ માનો?"

"હાસ્ય જેવું હોય તો તે હાસ્ય જ માનવું પડે."

"હું કહું છું કે તે હાસ્ય નથી. હું એ સાચું જ કહું છું."

"તમે સાચું કહો છો, પરન્તુ પુરૂષોની સદસદ્વિવેકબુદ્ધિ ઉપરનો મારો વિશ્વાસ હવે ગયો છે."

મૂળરાજ શરમાયો. પોતાનું અંગ અનેક દોષોથી ભરેલું હોય અને ચઉલા તે દોષો જોઇ જતી હોય એવું તેને લાગ્યું. તે બોલ્યો: "હશે;

ત્યારે હું કહું છું પણ તમે તેની પરીક્ષા કરજો. આજે મેં જંબકને મંત્રીશ્વરનું પદ આપ્યું છે—"

"તે આપે યોગ્ય જ કર્યું છે." ચઉલા વચમાં બોલી.

"પણ મને લાગે છે કે મેં તમને જ એ પદ આપ્યું હોત તો વિશેષ ઉચિત હતું."

ચઉલા હાસ્યને ખાળી શકી નહિ. તે બોલી: "જુઓ, હવે તમારી વાતને હાસ્ય માન્યા વિના મારો છૂટકો નથી!"

"નહિ, નહિ, ચઉલાદેવી! તમારી વય, શિક્ષણ, શક્તિ એ સર્વ જોતાં તમારામાં બુદ્ધિચમત્કાર અનુપમ છે એમ હું જોઇ શક્યો છું. અકસ્માત્ પ્રભુએ તમને મારી રાજ્યસ્થાપનામાં સહાય કરવા માટે જ મોકલ્યાં હશે એવું મને લાગે છે. માત્ર થોડા જ શિક્ષણ અને અનુભવવડે શું તમે રાજ્યકાર્ય ન કરી શકો? હું તો માનું છું કે તમે એ સઘળું કરવાને સમર્થ છો."

ચઉલાનું માત્ર હાસ્ય જ ઉત્તરરૂપ હતું.

"હું જે ગંભીરતાની આ વાત કહું છું તે ગંભીરતાનું મૂલ્ય તમે સમજતાં જણાતાં નથી. હું સાચું કહું છું કે તમને મંત્રીશ્વરનું પદ આપીને મેં ગુજરાતને બલકે જુદા જુદા દેશોના રાજાઓને ચકિત કર્યા હોત અને સકળ રાજ્યકાર્યભારવડે તેમને દિગ્મૂઢ બનાવી દીધા હોત! ગુજરાતની ક્ષત્રિય બાળાઓ શું કરી શકે છે તે હું મારા બાહ્ય શત્રુઓને એ રીતે બતાવી આપત!"

"એ જ અસંતોષ તમને રહી ગયો શું?" ચઉલાએ સસ્મિત વદને જ પૂછ્યું.

"હા, એ જ અસંતોષ રહી ગયો; પરન્તુ એ અસંતોષ એક રીતે દૂર થઈ શકે તેમ છે."

"એ રીત પણ એવી જ હાસ્યાસ્પદ છે કે શું?"

"એ તો હું કેમ કહી શકું? તમારૂં હાસ્ય, ખરેખર, બહુ વિલક્ષણ છે!" મૂળરાજે કહ્યું.

"ત્યારે એ રીત પણ કહી દો!"

"મારે તમને એકને બદલે ચાર પદવીઓ આપવાની ઇચ્છા છે—"

"અહોહો! હું જ્યાં એક પદવીનો ભાર ઉપાડવાને મને અસમર્થ માનું છું, ત્યાં મને ચાર પદવીઓના ભારથી લાદવાની તમારી ક્રૂર ઇચ્છાને હું કેવા શબ્દોથી વધાવું?

"પણ મને તમારામાં એ સઘળી પદવીઓ માટેની સંપૂર્ણ યોગ્યતા જણાય છે."

"પુરુષોની સદસદ્‌વિવેકબુદ્ધિ વિષેની મારી માન્યતા તમે જાણો છો, માટે પહેલાં એ ચાર પદવીઓનાં નામ મને કહો, તો પછી હું તમારી સમજણને યથાર્થ કે અયથાર્થ માનું." ચઉલાએ સ્પષ્ટ ઉત્તર આપ્યો.

"ત્યારે એ ચાર પદવીઓનાં નામ સાંભળો: મંત્રી, દાસી, માતા અને રંભા* એ ચાર પદવીઓ તમને આપવાની મારી ઉત્કટ જિજ્ઞાસા છે."

ચઉલાના મુખમાંથી મૂળરાજે સ્મિતયુક્ત કાંઇ જવાબની જ આશા રાખી હતી, પરન્તુ તેની તે આશા નિષ્ફળ ગઈ. મૂળરાજનું સ્પષ્ટીકરણ શ્રવણ કરતાં ચઉલાના વદન ઉપર ગંભીરતા છવાઇ ગઇ અને કેટલીક ક્ષણોસુધી તે મૌન જ રહી. છેવટે એકસરખા ગાંભીર્યથી તેણે મૂળરાજની સામે હિંમતથી જોઇને કહ્યું: "એ પદવીઓ ગ્રહણ કરવાનું મારાથી બને તેવું નથી, ભાણુભા!"

"કારણ?"

"કારણ અત્યારે હું જણાવી શકતી નથી, પરન્તુ કોઇ વાર જણાવીશ."

"તમારા આ નિરાશાજનક જવાબથી મારામાંથી અર્ધું ધૈર્ય અને બળ હરાઇ જતું હોય એવો મને ભાસ થાય છે. મારા જીવનમાં તમારા સહકાર્યથી મને અને ગુજરાતને કેવા કેવા લાભો થવાની મેં આશા રાખી છે તે મારૂં મન જ જાણે છે: એ આશા ઉપર તમારા આ ઉત્તરથી એવો કાતીલ ઘા વાગ્યો છે કે હું તેનું વર્ણન કરી શકતો નથી." મૂળરાજે પોતાનું હૃદય ચઉલા પાસે ખુલ્લું કરવા માંડ્યું.

---

* कार्येषु मंत्री, करणेषु दासी, भोज्येषु माता, शयनेषु रम्भा.

મૂળરાજના હૃદયની સરલતા ઉપર ચઉલા હસી. તેણે ઉત્તર આપ્યો: “ એમાં નિરાશ શાને થાઓ છો? અનેક ક્ષત્રિય બાળાઓ ગુર્જરેશ્વરની સહધર્મિણી થવાને એક પગે થઇ રહી હશે તેમાંની કોઈ બાળાના અવતારને તમે સફળ કરો અને પછી તેનું સહકાર્ય તમારી તે આશાઓ પાર પાડશે.”

“ નહિ, નહિ, ચઉલાદેવી! शैले शैले न माणिक्यं मौक्तिकं न गजे गजे*. જે કાર્ય તમારા સહકારિત્વથી સાધી શકાય તે અન્યથી સાધી શ-કાય એમ મારૂં હૃદય કબૂલ કરતું નથી!”

“ મારા સહકાર્યથી શા શા વિશેષ લાભો થવાનું આપ માનો છો?”

“ મારા જીવનને, મારા મનોરાજ્યને, રાજ્યકાર્યને, પ્રજા પ્રત્યેના ધર્મો બજાવવાના મારા પ્રયાસને, શત્રુઓને વશ કરવાના ઉદ્યમને અને બીજાં અનેક કાર્યોને તેથી લાભો થશે અને એ લાભોની આશાથી જ એ ચાર પદવીઓ હું તમને આપવા ઇચ્છું છું.” મૂળરાજે ખુલ્લા દિલથી કહ્યું: “ ચઉલાદેવી! હજી પણ હું તમને વિનતિ કરૂં છું કે તમે એ પ-દવીઓનો સ્વીકાર કરી મને કૃતાર્થ કરો! તમારા અનુકૂળ ઉત્તર ઉપર જ મારા શૌર્ય, વીર્ય, ધૈર્ય અને ગુજરાતની રાજ્યગાદીનું સ્થૈર્ય અવલંબી રહે છે, માટે પુનઃ એક વાર વિચાર કરીને મને ઉત્તર આપો.”

“ ખરેખર, પુનઃ વિચાર કરીને ઉત્તર આપું? ત્યારે સાંભળો, તમે કહેલી ચારમાંની પહેલી ત્રણ પદવીઓનો હું સ્વીકાર કરૂં છું—ચતુર્થ પદવી મને સ્વીકાર્ય નથી.”

“ પણ–પણ–એમ તો......” મૂળરાજ એમ બોલતો બેસી રહ્યો અને ચઉલા “ હવે ક્ષમા......” એટલું જ બોલતી સત્વર ત્યાંથી પ-લાયન કરી ગઇ! મૂળરાજ એવડા ઉંડા વિચારમાં ગુંચવાતો છેવટે ત્યાંથી ગયો જ!

---

* દરેક પર્વતમાં માણેક હોતાં નથી કે દરેક હાથીના કુંભસ્થળમાં મોતી પાકતાં નથી.

મૂળરાજ સોલંકી

દ્વિતીય ખંડ

શત્રુમર્દન

शत्रूणां यमदण्डतां मृगदृशां कंदर्पकोदण्डतां ।
गीर्वाणद्रुमभावमर्थिविदुषां मध्ये त्रयाणामिति ॥
आश्चर्यं मनुजेन्द्ररत्न भवतो यद्बाहुदण्डद्वयम् ।
नानात्वं गतमेकमेव जगतां मध्ये त्रयाणामिति ॥

મૂળરાજ સોલંકી.

દ્વિતીય ખંડઃ શત્રુમર્દન.

પરિચ્છેદ ૧ લો.

રા' કવાટ ઉર્ફે ગ્રહરિપુ.

આપણી કથાને સમયે સૌરાષ્ટ્રમાં આહીર અથવા ચુડાસમા વંશનો રાજા રા' કવાટ ઉર્ફે ગ્રહરિપુ* પોતાની રાજધાની વામનસ્થળીમાં રાખીને રાજ્ય કરતો હતો. તેણે ગિરિનાર પર્વતની પડોશમાં દુર્ગપલ્લી† નામનો એક મજબૂત કિલ્લો બંધાવ્યો હતો અને એ કિલ્લામાં તે હમેશાં રહેતો નહિ, તોપણ એ કિલ્લાની મદદવડે તે પોતાના રાજ્યનું તથા રાજ્યધનનું રક્ષણ બહુ સારી રીતે કરતો હતો. રા' કવાટ જોકે શૂરો અને પરાક્રમી હતો, શત્રુઓને રંજાડીને નસાડવાનું તેનામાં સામર્થ્ય હતું, તેને કચ્છના રાજા લાખા ફૂલાણી સાથે તથા સિંધના રાજા સાથે પણ મિત્રતા હતી, તોપણ તેનાં કાર્યો એક ટેકીલા ક્ષત્રિયને શોભાવે તેવાં નહોતાં. રા' કવાટ જુલ્મી, અત્યાચારી, લુંટારો, યાત્રાળુઓનાં દ્રવ્ય હરી લેનારો, તેમને રંજાડનારો, વ્યભિચારી, ગોમાંસાહારી અને વ્યસની હતો. દેવ કે ધર્મને તે માનતો નહિ§ અને તેથી તે બ્રાહ્મણોનું અપમાન

---

* ગ્રહરિપુ=ગ્રહ+રિપુ. ગ્રહ=જળચર+રિપુ=શત્રુ. જળચર (મગર) નો અર્થાત્ શત્રુને પકડનાર. બીજો અર્થઃ—ગ્રહ=ચંદ્ર+રિપુ=શત્રુ. ચંદ્રનો શત્રુ અર્થાત્ રાહુ. બ્રાહ્મણોએ રા' કવાટને રાહુની ઉપમા આપેલી તે ઉપરથી તે ગ્રહરિપુ અથવા ગ્રહારિ કહેવાતો. † ઘણું કરીને હાલનું જૂનાગઢ. § આહીર રાજાઓ અને સિંધના સમા રાજાઓ કોઇ વાર હિંદુ અને કોઇ વાર મુસલમાન ધર્મમાં ભળી જતા એવું ઇતિહાસ ઉપરથી જણાય છે. માનવાજોગ છે કે કદાચ રા' કવાટ મુસલમાન ધર્મની શ્રદ્ધાવાળો બની ગયો હોય.

કરતો અને દેવાલયોને ખંડિત કરતો. તેનાં આવાં દુષ્કૃત્યોને લીધે કેટલાક પરદેશી યવનરાજો સાથે પણ તે મિત્રતાનો દાવો ધરાવતો હતો. તેની આ કુટેવોને લીધે તે પ્રજામાં પણ અપ્રિય હતો, પરન્તુ તેનાં દુષ્કૃત્યો એવાં હતાં કે તેની સામે થવાની કોઈ હિંમત કરતું નહિ. કદાચ કોઇ તેની આજ્ઞા ઉત્થાપન કરતું તો તેને રંજાડીને–રિબાવીને યમદ્વાર મોકલી આપતાં તે જરા પણ વાર કરતો નહિ અને તેના આવા વ્યવહારથી જેવી રીતે પ્રજા ત્રાસી ગઈ હતી, તેવી જ રીતે તેના તાબાના નાના–મોટા રાજાઓ અને **પ્રભાસ પાટણ** તથા **ગિરિનાર**ના યાત્રાળુઓ પણ ત્રાહિ ત્રાહિ પોકારી રહ્યા હતા.

રા' કવાટના મુલકનો સઘળો પ્રદેશ અત્યંત રમણીય હતો. પૂર્વ દિશાએથી વહેતી આવતી ઉએણ અને **ઓઝત** નદીઓનો પ્રવાહ **વામનસ્થળી**ના પાધરમાં જ એકત્ર થતો હતો અને તેથી **સૌરાષ્ટ્ર**નું એ રાજધાનીનું નગર ત્રણ દિશાએ નદીઓના પ્રવાહથી રક્ષાએલું રહેતું હતું. પૂર્વ દિશાએ **ગિરિનાર**ની પ્રચંડ ઝાડી આવી રહેલી હતી અને ચોપાસ લીલીછમ વનસ્પતિથી સઘળો પ્રદેશ વરસનો મોટો ભાગ એકસરખો ખુશનુમા રહેતો હતો. આ કુદરતી સૃષ્ટિસૌંદર્યને લીધે અનેક તરેહનાં સુંદર પશુ-પક્ષીઓની **વામનસ્થળી**ની આસપાસનાં જંગલોમાં નિવાસ કરીને રહેતાં. **સૌરાષ્ટ્ર**ની સુંદર વનરાજી ઠેઠ **બરડા**ની પર્વતરાજી સુધી લંબાતી અને તેથી જે સુંદર દેખાવ થઇ રહેતો તે **સૌરાષ્ટ્ર**ના સમસ્ત પ્રદેશની કટિમેખલાના જેવો ભાસતો હતો.

એક દિવસ **રા'** કવાટ પોતાની સાત રાણીઓમાંની એક કે જેનું નામ ***મોંઘી** રાણી હતું તેને સાથે લઇને **વામનસ્થળીથી** કેટલેક દૂર આવેલી સુંદર વનરાજિમાં શિકાર કરવાને ઉતરી પડ્યો હતો. સાથે પાળેલા શિકારી ચિત્તા, વાઘરીઓ અને કેટલાક અનુચર હતા અને પોતે

---

* ઇતિહાસમાંથી **ગ્રહરિપુ**ની રાણી **નીલી** સિવાય બીજું એકે નામ ઉપલબ્ધ થતું નથી; પણ આ નામ ભાટ ચારણોને મ્હોંએથી સાંભળવામાં આવે છે એવું 'મહારાજા રાવ **નોંઘણ**' નો કર્તા કહે છે.

તથા રાણી અશ્વારોહણ કરીને કાંઇ કાંઇ વાતો કરતાં ચાલ્યાં જતાં હતાં. **રા'** કવાટ મનમોજી અને તરંગી હતો એટલે તેની ઇચ્છાની સામે કોઇ થઇ શકતું નહિ. **મોંઘી** રાણી ઉપર તેનો અત્યંત **પ્રેમ** હતો, છતાં તે પણ સ્વામીને નહિ રૂચે એવું કાંઇ જ કહી શકતી નહિ. **રા'** કવાટ શિકારની મોજમાં જંગલોમાં ભટકતાં દિવસોના દિવસો ગાળી નાંખતો એ રાણીને ગમતું નહિ, છતાં સ્વામીને નાખુશ નહિ કરવાને તે તેની સાથે ને સાથે દોરાયા કરતી હતી. આ વખતે પણ **રા'** કવાટ જંગલી પશુઓ, હરિણો, પાડાઓ વગેરેને મારતો મારતો ઠેઠ **બ**રડા પર્વતની તળેટીસુધી જઇ પહોંચ્યો, એટલામાં એક સ્હવારમાં તેણે કોઇ બે શિકારીઓને દૂરથી જોયા. શિકારીઓ પણ તે તરફ જ આવતા હતા, પરન્તુ તેઓ અત્યંત નિકટ આવતાં જ **રા'** કવાટને જોઇને ગભરાયા હોય તેવા દેખાયા; છતાં બહારથી તેઓએ ગભરાટ જણાવા દીધા વિના **રા'** કવાટની નજીક આવીને ઘોડાપરથી નીચે ઉતરી તેને વંદન કર્યું. સસ્મિત મુખે એ શિકારીઓએ પૂછ્યું: "મહારાજ અત્યારે અહીં ક્યાંથી?"

"શિકાર કરતો કરતો હું અહીં આવી પહોંચ્યો છું. પણ તમને મેં પિછાણ્યા નહિ." **રા'** કવાટ બોલ્યો.

રાણીએ કહ્યું: "તમે તેમને પિછાણ્યા નહિ? તે તો મારા કાકા છે, મારા પિતાજીના એ પેઢીએ જ પિત્રાઇ થાય છે."

"ઠીક, ઠીક, ત્યારે તો તમારૂં નામ કાલુ જેઠવો, નહિ વારૂ?"

"હા; હવે મહારાજને મારી ઓળખાણ પડી. હું પણ મારા દિકરાને શિકાર શીખવવાની હોંશ હોવાથી તેને સાથે લઇને જરા ફરવા નીકળ્યો છું." એમ કહેતાં જેઠવાએ રાણી સામે જોઇને જરા ઇશારો કર્યો.

રા' કવાટ છોકરાની સામે જોઇને બોલ્યો: "હજી જંગલમાં શિકાર કરતાં શીખવાનું તેનું ગજું નથી. હમણાં તો તેને નિશાનબાજી શીખવો અને બહુ તો હરણની સાથે ઘોડો દોડાવી તેને વીંધતાં શીખવો; પણ હજી મૂછનો દોરો ફૂટયા પહેલાં જંગલમાં અને પહાડોમાં શિકાર કરતાં નહિ શીખવો. એ બહુ જોખમનું કામ છે."

"મહારાજ!" જેઠવાએ હસીને કહ્યું: "આપે કહ્યું એવું તો તે ક્યારનોએ શીખી ચૂકયો છે અને આમ જંગલમાં શિકાર કરવાનો તેને શોખ થઈ આવ્યો છે, એટલે આજે તેને આ બાજુએ લાવ્યો છું."

"ત્યારે તો નાની વયમાં તે ઠીક પરાક્રમ કરતાં શીખ્યો." રા' કવાટે છોકરાની મર્દાનગી પ્રત્યે સંતોષ દર્શાવ્યો.

એ પ્રમાણે થોડી વાર વાતચીત કરીને બન્ને છૂટા પડ્યા. રા' કવાટ આગળ નહિ વધતાં ત્યાંથી જ પાછો ફર્યો. રા'એ જંગલમાં અનુચરો પાસે એક વડના ઝાડ ઉપર મોટો મંચક બંધાવીને ત્યાં નિવાસ કર્યો. મંચક ઉપર રાજા અને રાણી રાત્રિવાસ કરીને રહ્યાં અને સાથેનાં માણસો, ઘોડાઓ તથા બીજા સામાનનું રક્ષણ કરતાં આસપાસ ધૂણીઓ સળગાવીને થાણું નાંખી રહ્યા. સહજ વાતચીત કરતાં રાણીએ કહ્યું: "નાથ! રાજમહેલમાંના છત્રપલંગો મૂકીને તમને આમ વગડામાં સૂઈ રહેવાનું કેમ ગમે છે?"

"મને તો આવું બહુ ગમે છે, રાણી! સુંવાળા પલંગ કરતાં આ ઘાસથી છાએલો મંચક મને બહુ આનંદ આપે છે."

"મને તો આ કાંઈ ગમતું નથી. આઠ–આઠ દસ–દસ દિવસ વગડામાં ભટકવું, કાચું પાકું ખાવું, જંગલનાં પાણી પીવાં, ઘાસ ઉપર સૂવું, એમાં તે વળી શી મજા છે?" રાણીએ કંટાળો દર્શાવ્યો.

"વાહરે વાહ! તારા કરતાં તો પેલો છોકરો સારો કે નાની વયમાં જંગલોમાં શિકાર કરવાની હોંશ રાખે છે!"

"મહારાજ! એ છોકરાની પરીક્ષા કરવામાં તમે બરાબર ઠગાયા છો!"

"કેમ વારૂ?"

"એ છોકરો નહોતો પણ છોકરી હતી. એ કાલુ જેઠવાની એકની એક લાડકી પુત્રી હતી. તેનું નામ ચઉલા છે. મેં તેને ઓળખી હતી, પણ મારા કાકાએ મને ઈશારો કર્યો એટલે હું ચૂપ રહી ગઈ હતી!" ભોળી રાણીએ કહી દીધું.

અને તે સાથે જ રા' કવાટનું મગજ ચમક્યું! "શું તે તેની દિ-

કરી હતી? છોકરાનો વેશ પહેરાવીને તે તેને સાથે લાવ્યો હતો? અહો, એક છોકરીમાં જો એટલી બધી આવડત છે તો તે કેટલી હું-શિયાર હશે?" .

વિષયી પુરૂષોની ચિત્તવૃત્તિ વિષયના વિચાર તરફ એકદમ દોડી જાય છે, તે પ્રમાણે રા' કવાટના મનની સ્થિતિ થઇ પડી. તેણે વામનસ્થળી પાછા ફરીને તુરત ચઉલાનું માગું કરવાને ગોરને મોકલ્યો. રાણીને હવે બહુએ પસ્તાવો થયો કે પોતે સાચી વાત ખુલ્લી ન કરી હોત તો સારૂં હતું, પરન્તુ જે કાંઈ થઈ ગયું તે કાંઇ અન્યથા થઇ શકે તેમ નહોતું.

ચઉલાને માટે માગું કરવાને ગોરને આવેલો જોતાં જ કાલુ જેઠવાને ફાળ પડી. રા' કવાટને જોતાં જ તે ભય પામ્યો હતો, તે ભય એ વખતે તેણે ખરો પડેલો જોયો. તેનું હૃદય કમ્પી ઉઠ્યું. રા' કવાટ જેવા અધમ અને યવન જેવા રાજાને સાત–સાત શોક્યો ઉપર પોતાની પુત્રીને આપવી તે કરતાં તેનો સ્વહસ્તે ઘાત કરી પુત્રીહત્યાનું પાપ લેવું તે વધારે સારૂં એવો કાલુ જેઠવાએ અને તેની સ્ત્રી રૂપાંદેએ નિશ્ચય કર્યો. કાલુ સારી પેઠે જાણતો હતો કે એક વાર રા' કવાટની નજર જેના ઉપર પડી તેને તે પોતાના પાશમાં પકડ્યા વિના રહેતો જ નથી, એટલે તે સમજી ગયો કે હવે પોતાના આખા કુળનો વિધ્વંસ થવાનો સમય નજીક આવી પહોંચ્યો છે. કાલુ જેઠવાએ પોતાની પત્નીનો નિશ્ચય પોતાના નિશ્ચયના જેવો જ હોવાનું જાણી લીધા પછી પોતાના પિત્રાઇઓને એકઠા કરીને પોતાના શિરે આવેલું ધર્મસંકટ નિવેદન કર્યું. જેઠવાઓ પણ મોટી મુંઝવણમાં પડ્યા. મોંઘીને રા' કવાટ સાથે પરણાવેલી હોવાથી ચઉલાને પણ તેની સાથે પરણાવવામાં તેઓને કાંઇ કુળાભિમાનનો વાંધો નડ્યો નહિ, પરન્તુ એક બ્હેનની ઉપર બીજી બ્હેનને શોક્ય તરીકે આપવાનું તેમને ગમ્યું નહિ, તોપણ જો કદી રા' કવાટ આગ્રહ કરે કે બ્હીક બતાવે તો તેનું માગું નાકબૂલ કરવું એમાં પણ માલ નથી એવો તેમનો નિશ્ચય થયો. બિચારા કાલુ જેઠવાના હૃદયને પારખી શકવાને તેઓ અસમર્થ હતા. રા' કવાટ જેવા ઘાતકી સિંહના પંજામાં પોતાની

સુકોમળ હરિણી જેવી પુત્રીને સોંપવી તે મોટું પાપ કરવા બરાબર છે એવું એ વત્સલ પિતા માનતો હતો પરન્તુ તેના પિત્રાઇઓને કાંઇ એનો ખ્યાલ નહોતો અને તેથી માગાનો અસ્વીકાર કરવામાં આવતાં જો રા' કવાટ ધ્રુમલીને ઘેરો ઘાલે તો એ પિત્રાઇઓ કાલુનું રક્ષણ કરે એવો કાંઈ સંભવ તેને જણાયો નહિ. આ કારણથી એક બાજુએ માગાનો અસ્વીકાર કરીને ગોરને પાછો વાળવો અને બીજી બાજુએ પોતાની મેળે ગામનો તથા ગીરાસનો ત્યાગ કરી દેશવટો લેવો એ જ એક માર્ગ કાલુને માટે અવશિષ્ટ રહ્યો હતો.

કાલુએ ગોરને બે દિવસસુધી પોતાને ત્યાં આશા તથા લાલચમાં રાખીને રોક્યો. તે બે દિવસમાં તેણે તથા રૂપાંદેએ ધ્રુમલીનો ત્યાગ કરી જવાની સઘળી તૈયારીઓ કરી. દુર્ભાગ્યે રૂપાંદે તે વખતે ગર્ભવતી હતી અને તેને નવમો માસ જતો હતો, એટલે પ્રવાસમાં ઘણી તકલીફ પડવાનો સંભવ હતો, પરંતુ એ તકલીફ વેઠીને પણ ઇષ્ટ હેતુ પાર પાડ્યા વિના છૂટકો નહોતો. ત્રીજે દિવસે સાંજે તેણે ગોરને નકારસૂચક જવાબ સાથે પાછો કાઢ્યો અને પોતે પત્ની તથા પુત્રીને સાથે લઇ, ત્રણે જણાંએ ત્રણ અશ્વો ઉપર સ્વારી કરી, સાથે પોતાનું સઘળું મૂલ્યવાન્ દ્રવ્ય લઇને કોઇને પણ કહ્યા વિના ગુપચુપ ધ્રુમલીનો ત્યાગ કર્યો.

પરિચ્છેદ ૨ જો.

પાછળ પડેલો પારધી.

કાલુ જેઠવો જેમ ધારતો હતો તેમ જ ખરેખર બન્યું. ગોરે ખબર આપતાં જ રા' કવાટનું માથું ભમી ગયું અને તેણે સત્વર લડાઈની તૈયારી કરવાની સેનાપતિને આજ્ઞા ફરમાવી. માત્ર બે જ દિવસમાં તૈયારી કરીને રા' કવાટ ધ્રુમલી ઉપર ચડ્યો. જેઠવાઓ રા' કવાટની ચ્હડાઈની વાત સાંભળીને આભા બન્યા અને રા'ના ખોળામાં પોતાની પાઘડીઓ મૂકીને હાથ જોડી બોલ્યા: “આમાં અમારી જરાએ કસુર નથી. અમે

તો તેને સલાહ આપી હતી કે રા'નું માગું સ્વીકારવું એ જ સારૂં છે, પરન્તુ તે છાનોમાનો પોતાનું કુટુંબ લઇને નાસી ગયો છે." પહેલાં તો રા'એ માન્યું નહિ અને કહ્યું કે "તમે એને તથા એની દિકરીને સંતાડી છે તો તેમને બહાર કાઢો, નહિતો હું બધાને ઠાર કરીને ધ્રુમલીને આગ લગાડીશ." જેઠવાઓ બ્હીધા અને બહુએ કરગર્યા ત્યારે તેણે કાલુ નાસી ગયો હોવાની વાત ખરી માની અને પછી તેની પાછળ ચારે દિશાએ માણસો મોકલ્યાં. ઉત્તર દિશાએ ગએલા માણસોમાંના એકે બીજે દિવસે પાછા આવીને ખબર આપી કે કાલુ એ જ દિશાએ ગએલો હોવાની બાતમી મળી છે, માટે એ દિશાએ થોડાં વધારે માણસો મોકલવાં એ વધારે ઠીક છે. છેડાએલા વાઘના જેવો ક્રોધાતુર બનેલો રા' કવાટ એ વાત સાંભળીને સો ચુનંદા અશ્વારોહી સૈનિકોની સાથે પોતે ચડ્યો.

બરડા પર્વતમાં કોઈ ગુપ્ત સ્થળે થોડા દિવસ છાના રહીને પછી રા'નો ભય દૂર થતાં આગળ જઇ દ્વારિકામાં યાત્રાળુને વેશે હમેશાં નિવાસ કરી રહેવાનો ઇરાદો કાલુએ રાખ્યો હતો અને તેથી ત્રણેક દિવસસુધી ચાલુ પ્રવાસ કરી, પર્વતનાં અનેક ચઢાણ–ઉતરાણપર થઇને, અનેક ગીચ જંગલો વટાવી, આહાર–થાક–નિદ્રા વગેરેની દરકાર કર્યા વિના પર્વતના એક પાસાપર આવેલા ભીલોના નેસમાં તે આવીને રહ્યો હતો. માર્ગમાં એવાં અનેક ભીલડાંઓ તેને મળ્યાં હતાં અને તેમને તેણે પોતાનો પરિચય આપ્યો નહોતો, તોપણ તેમના તરફથી રા'ના માણસોને બાતમી મળવાથી તે એ બાજુએ પારધીની પેઠે કાલુ જેઠવાની પાછળ ધાઈ રહ્યો હતો.

કદાચ કાલુએ વધારે દૂર નીકળી જવાનું વાજબી માન્યું હોત, પરન્તુ ત્રણ દિવસના પ્રવાસથી, અપરિમિત શ્રમથી અને અર્ધ આહાર તથા અર્ધ નિદ્રાથી રૂપાંદેની તબીયત બહુ બગડી આવી હતી. તે સગર્ભા હતી અને ઘોડા ઉપર સ્વારી કરી પાર્વતીય પ્રદેશ ઉપર ચડઊતર કરવાનું કામ તેને માટે ઘણું ભયાનક હતું, છતાં તેણે એ ભયાનક કામ ત્રણ દિવસસુધી

તો પાર ઉતાર્યું હતું, પરન્તુ ત્યારપછી આગળ વધવાનું તેને માટે કેવળ અશક્ય થઇ પડયું અને તેથી કાલુએ ત્યાંના ભીલોને સમજાવી, પોતાની સ્થિતિ ઉપર દયા ઉપજાવી, તેમને થોડું દ્રવ્ય આપી, એક ઝુંપડું બંધાવી તેમાં નિવાસ કર્યો. એ વખતનું માર્યું રાજવંશી નાનું કુટુંબ ત્યાં રહ્યું, ત્યારથી રૂપાંદેના ઉદરમાં દુઃખ થવા લાગ્યું અને પ્રસૂતિનો પ્રસંગ નિકટ આવતો જણાયો. હવે શું થશે એવી ચિંતાથી રૂપાંદે અકળાવા લાગી. કેટલીક ભીલડીઓ તેની સેવા ચાકરી કરતી હતી, પરન્તુ પ્રસૂતિસમય નજીક આવતાં પેટમાં દુખવાથી રૂપાંદે કેમ એટલી બધી અકળાઇ જતી હશે તે તેઓ સમજી શકતી નહોતી! પ્રસૂતિનો પ્રસંગ એ એ વનનિવાસિનીઓને મન કાંઇ નાજૂક નહોતો, કારણકે બચ્ચાનો જન્મ આપીને હાથમાં કોહાડી લઇ લાકડાં કાપવા ચાલ્યા જવું એ એમને મન બહુ જ સાધારણ હતું! ત્રણ દિવસસુધી એવું કષ્ટ ચાલુ રહ્યું અને ચોથા દિવસના પ્રભાતમાં રૂપાંદેએ એક તેજસ્વી પુત્રને જન્મ આપ્યો, પરન્તુ એકાદ ઘટિકામાં જ પુત્રનું મરણ થઇ ગયું. હજી તો પુત્રના મરણની ગમગીની મગજ ઉપર ભાર કરી રહી હતી અને ઝુંપડાથી જરા દૂર એ બાળકને ભૂમિસાત્ કરવાને કાલુ ખાડો ખોદી રહ્યો હતો, એવામાં એક ભીલે આવીને કાલુને કહ્યું કે “વંથળીનો રાજા આ તરફ આવે છે!”

મૂર્ખ–નિર્દોષ ભીલ! તેણે એ શબ્દો કાલુને ઝુંપડે આવીને ઉચ્ચ સ્વરે કહ્યા, તે સાથે જ ઝુંપડામાં એક દર્ભની પથારીમાં સૂતેલી રૂપાંદે ચમકી ગઇ અને તત્ક્ષણ ગતપ્રાણ થઇ ગઇ! ચઉલા માતાની પાસે બેઠી બેઠી તેના પગે કોઇ જાતની વનસ્પતિનો રસ મસળી રહી હતી, તે માતાને હિબકી જતી જોઇને બ્હીની અને તે સાથે ભીલના શબ્દો સાંભળવાથી બેહદ ગભરાઈ! તેણે ચીસ પાડી અને કાલુ ઝુંપડામાં જઇને જુએ છે, તો રૂપાંદેનું મ્હોં અને આંખ ફાટી રહેલાં!! ચઉલા ભયચકિત થતી “બા, બા,” એમ ઉતાવળે બોલી પોતાની માતાને બોલાવવા લાગી, પરન્તુ મરણ પામેલી માતા ક્યાંથી બોલે? મૌન વદને પરન્તુ ડસડસી રહેલે હૃદયે અને અશ્રુભરિત આંખોએ કાલુએ રૂપાંદેના મસ્તકપર હાથ

મૂક્યો, તેની નાડી તપાસી, હૃદય જોયું, છેવટે તેને ઢંઢોળી, પરન્તુ અખંડ નિદ્રામાં પડેલી એ ક્ષત્રિય અબળામાં જરા પણ ચૈતન્ય જણાયું નહિ! ચઉલા ધીમે સ્વરે રડી રહી, માતાનું વિકૃત બની ગએલું સ્વરૂપ જોઈ રહી અને પોતાને માટે આટલી આપત્તિ વેઠીને છેવટે મૃત્યુ પામેલી માતાની દુર્દશાનો વિચાર આવતાં પોતાના મનથી પ્રભુને પ્રાર્થના કરવા લાગી કે "પ્રભુ! માતાપિતાનાં આટલાં બધાં કષ્ટોની કારણીભૂત મને એકલાને જ તું તારી પાસે બોલાવી લઇને મારૂં હિત કેમ કરતો નથી?" આપત્તિ આવતાં મનુષ્યની બુદ્ધિ વધારે તીવ્ર બને છે અને વિચારોનો પ્રવાહ અત્યંત વેગથી વહન કરવા લાગે છે, તેમ ચઉલાના મનના તરંગો જોરથી ઉછળવા લાગ્યા. તે રડતી રડતી પિતાને કહેવા લાગીઃ "પિતાજી! આપના દુઃખનું અને મારી માતાના મોતનું કારણ હું એકલી જ છું, માટે મને ઝેર પીને સૂઇ જવા દો, પછી આપની ચિંતા ટળી જશે અને મારે ખાતર વતન છોડીને આમ વન વન રખડવું નહિ પડે."

પત્નીનું મરણ જોતાં છતાં જે હૃદય અત્યારસુધી ધૈર્ય ધારણ કરીને અશ્રુના વેગને અટકાવી શક્યું હતું તે હૃદય નવયૌવના મુગ્ધા પુત્રીના એ શબ્દો સાંભળીને પીગળ્યું અને આંખોમાંથી અશ્રુનો પ્રવાહ વહી નીકળ્યો. જમીન–જાગીર, વતન, કુટુંબ, સર્વસ્વ ત્યજીને નીકળવા છતાં જેણે એક શબ્દ પણ નિરાશા કે શોકનો ઉચ્ચાર્યો નહોતો તેનાં નેત્રોમાંથી અત્યારે અસ્ખલિત અશ્રુધારા વહી જતી હતી! તે બોલ્યોઃ "ચઉલા! મારી દીકરી! હું એટલો નિર્બળ નથી કે તારૂં રક્ષણ કરવાની નિરાશા ધારણ કરીને તને ઝેરનો વાડકો પાઉં! તારી માતા બિચારી ત્રાસ પામતી જ મરણ પામી પણ હું શત્રુથી ત્રાસીને નહિ મરૂં. તારૂં રક્ષણ કરતાં શત્રુની સાથે લડીને હું ભલે મરૂં અને એવી રીતે મરણ પામતી વખતે મારે હાથે જ તારો શિરચ્છેદ કરતાં હું પાપ નહિ માનું કિંવા તું એકલી અને અરક્ષિત રહેતાં ઝેર પીને મરી જઇશ તો હું આનંદ જ પામીશ; પરન્તુ હું નિરાશ તો નહિ જ થઉં. મારામાં હજી ધૈર્ય છે અને કોઇ સદ્‌ગુણી ક્ષત્રિય જુવાનની સાથે તારો હસ્તમેળાપ કરાવ્યા વિના મારૂં

મોત નહિ આવે એવું મને મારો અંતરાત્મા કહે છે. પ્રભુની કૃપા હશે તો એમ બનશે અને નહિતો આપણું ક્ષત્રિયોનું મોત સુખશય્યામાં સૂતાં સૂતાં કે માંદગીને બિછાને ન થાય તેમાં જ આપણી કીર્તિ છે."

પિતાના ધૈર્યયુક્ત શબ્દોથી ચઉલાનાં આંસુ પણ સુકાયાં. તેનામાં હવે તેજી આવી અને તે બોલી: "પિતાજી! શત્રુ આ તરફ આવે છે અને હવે આપણે અહીં ક્યાંસુધી રહીશું?"

"તારી માતાના મૃતદેહને ઠેકાણે પાડવા માટે તો અહીં થોભવું જ જોઇશે." એમ કહી કાલુ બહાર આવ્યો. અગ્નિદાહ કરવાને લાકડાં તો તૈયાર હતાં, પરન્તુ સમય નહોતો, એવો વિચાર આવતાં તેણે આંગણામાં ખોદાઇ રહેલા નાના ખાડાને મોટો કરવાનું એક ભીલને કહ્યું અને પોતે તેમાં મદદ કરવા લાગ્યો. નાના ખાડાને જરા મોટો કરતાં બહુ વાર થઇ નહિ. થોડી વારમાં જ ખાડો તૈયાર થતાં એ પિતા–પુત્રીએ માતા–પુત્રના બન્ને મૃતદેહોને એક જ ભૂમિશય્યામાં પધરાવી તે ઉપર વસ્ત્રો ઓઢાડી–સકમ્પ દેહે–ઉપર ધૂળ દાબી દીધી. આટલું કામ કરતાં એક ઘડી પણ પૂરી થઇ નહિ. કાલુએ કહ્યું: "ચઉલા! હવે તું ઉતાવળે પેલી ઘોડી ઉપર સ્વારી કર; હું આ બીજી ઘોડી ઉપર સ્વારી કરૂં છું. શત્રુ અહીં આવી પહોંચે તે અગાઉ આપણે અહીંથી પ્રસ્થાન કરી જવાનું છે."

આપત્તિનો અર્ધોઅર્ધ ભાર હવે પોતા ઉપર આવી પડ્યો હતો એવું માતાના મરણથી ચઉલાના લક્ષમાં આવ્યું હતું. તેણે સત્વર કેટલુંક દ્રવ્ય અને એક નાની કટારી પોતાની કમરપર બાંધી, તે ઉપર ઓઢણું ઓઢી અશ્વારોહણ કર્યું. કાલુએ પણ બાકીનું દ્રવ્ય અને શસ્ત્રાસ્ત્રો સાથે સ્વારી કરી અને થોડીએક ક્ષણોમાં તેઓ ત્યાંથી નીકળી પડ્યાં. માતાની સાથે આવેલી પોતે અહીંથી નમાઇ બનીને જાય છે, એ વિચારથી ચઉલાનું હૈયું ડસડસી રહ્યું. તેણે પાછું વાળી માતાને ભૂમિસાત્ કરી હતી તે સ્થળ તરફ દૃષ્ટિપાત કર્યો, તો જણાયું કે તે સ્થળે એક કાગડો બેસીને 'કાકા' કરતો હતો, જાણે કોઇનું આહ્‌વાન કરતો હોયની!

તેઓ ગયાં ને થોડી ક્ષણો થઇ ત્યાં તો રા' ત્યાં જ આવી પહોંચ્યો અને ભીલોને કાલુની ખબર પૂછવા લાગ્યો. ભીલો વસ્તુસ્થિતિ જાણતા હોવાથી તેમણે કાલુ સંબંધે પોતાને કશી ખબર નહિ હોવાનું જણાવ્યું, પરન્તુ તેમની તે અસત્ય વાર્તા તુરત જ પકડાઈ ગઈ! એક ઉંચી જાતના કચ્છી ઘોડાને ખોંખારી રહેલો જોઇને રા' કવાટ જાણી ગયો કે કાલુ અવશ્ય નાસી ગયો હોવો જોઇએ અને તે એક ઘોડો મૂકતો ગયો છે તો તેઓમાંથી એક માણસ કોઇ કારણથી ઓછું થયું હોવું જોઇએ! ઘોડો હણહણાટ કરતો અકળામણ બતાવી રહ્યો હતો. બિચારો કાલુ નાસવાની ઉતાવળ અને ગુંચવણમાં પોતાની પાછળ ઘોડો મૂકતો ગયો હતો અને તે જાણતો નહોતો કે તે જ ઘોડો તેને શિરે વધારે આપત્તિ લાવનારો થઈ પડશે! રા'એ ભીલોને અને તેમની સ્ત્રીઓને ઝાડ સાથે બાંધી બાંધીને માર મારવા માંડ્યો અને તેમને બહુ ડરાવ્યાં, ત્યારે નિરૂપાયે તેઓએ સત્ય હકીકત કહી દીધી. વૈરબુદ્ધિથી ઉશ્કેરાએલો રા' હવે મનુષ્ય મટીને પિશાચ બન્યો! પોતાના માગાનો અસ્વીકાર કરીને પોતાનું અપમાન કરનાર કાલુ ઉપર ભયાનક રોષ ધારણ કરતો તે ગાંડાની પેઠે કાલુની સ્ત્રી તથા પુત્રને ભૂમિસાત્ કરવામાં આવ્યાં હતાં તે તરફ દોડ્યો અને આવેશમાં ને આવેશમાં ઉપરની માટી દૂર કરવા લાગ્યો. તેનાં માણસો તુરત એ કામ કરવા મંડી પડ્યાં અને થોડી જ વારમાં બન્ને મુડદાંઓ જોવામાં આવ્યાં! મોટા પિશાચગણની વચ્ચે રહીને કોઇ રાક્ષસ—ખવીસ જેમ નૃત્ય કરી રહ્યો હોય તેમ ક્રોધના આવેશમાં ચલન—વલન કરી રહેલો, ઉંચો નીચો થઇ રહેલો અને દાંત કચકચાવી રહેલો રા' કવાટ એ મુડદાંઓને જોતાં જ નીચો વળ્યો અને માતાના જમણા પડખામાં સુવાડેલા માત્ર એક જ ઘટિકાની વયના સુકોમળ બાળકના મૃતદેહનો એક પગ પકડી, તેને ઉંચકી લઇ, બીજા હાથમાં બીજો પગ પકડી, માત્ર થોડું જ બળ કરતાં એ મૃતદેહ અધેંથી ચીરાઇ ગયો! રૂધિરની ધારાઓ છૂટી! રાક્ષસનાં વસ્ત્રો રૂધિરથી ખરડાયાં, પણ તેની દરકાર કર્યા વિના જ તેણે સત્વર પોતાની સાથે રાખેલા બે શિકારી ચિત્તાઓ ભણી એ બન્ને

કકડા બે બાજુએ ફેંક્યા! ચિત્તાઓને એ મુડદાનું માંસ ખાવાની રૂચિ થઇ નહિ, છતાં તેમણે તે બન્ને ટુકડાને ચુંથીને ધૂળમાં રગદોળી નાંખ્યા!! જંગલી અને માંસાહાર કરવાને ટેવાએલા ભીલો પણ આ હૃદયદ્રાવક દૃશ્ય જોઇને કમકમી ગયા અને કેટલાંક બાળકો તથા સ્ત્રીઓ તો મૂર્છાવશ થઇને ભોંયપર પડી ગઈ!!!

પરન્તુ રા' ક્વાટની રાક્ષસી વૃત્તિને એટલેથી સંતોષ ઉપજે તેમ નહોતું જ! એક મૃતદેહની સાથે એ પ્રમાણે વર્તન કરવાથી તેની તૃપ્તિ થઈ નહિ. તેને રૂપાંદેના વિશીર્ણ—મ્લાન મૃતદેહ ઉપર પોતાની તલવાર અજમાવવાનું મન થયું! તેણે પોતાનાં માણસો પાસે ખાડામાંથી એ મૃતદેહને બહાર ખેંચાવી કાઢયો અને પછી પોતાની તલ્વારવડે એનું શિર જૂદું કરી નાંખ્યું! એ શિરને એક ભાલાની અણી ઉપર ખોસીને એ ભાલો તેણે એક સૈનિકના હાથમાં આપ્યા પછી કહ્યું: "હવે તું પેલા કાલુ જેડવાના ઘોડા ઉપર જ સ્વારી કર!"

સૈનિકે રા'ની આજ્ઞાનું પાલન કર્યું. ભાલાની અણી ઉપરના માથા સાથે તેણે અશ્વ ઉપર સ્વારી કરી, કે તુરત જ અશ્વ સૌની પહેલાં ઉતાવળો ચાલવા લાગી ગયો. અસ્વારે તેને મજબૂત રીતે લગામ પકડી રાખીને થોભાવ્યો અને પછી રા'ને કહ્યું: "મહારાજ! આ ઘોડાપર સ્વારી કરવાથી મારો ઘોડો વધી પડયો છે; તેને સાથે જ લઉંને?"

"કાંઇ જરૂર નથી. તેને અહીં રખડતો જ છોડી દે. જે ઘોડા ઉપર તેં સ્વારી કરી છે તે જ ઘોડો આપણા કામનો છે. તે પોતાની આગળ ગએલા પોતાના પરિચયવાળા ઘોડા અને ઘોડેસ્વારોની ગંધ પારખીને આપણને તે તરફ જ દોરી જશે."

રા'ની એ પરીક્ષા ખરી હતી. કાલુ અને ચકુલા બે ઘોડીઓ ઉપર સ્વારી કરીને ગયા હતા અને ઘોડાને પાછળ છોડતા ગયા હતા. ઘોડો ઘોડીઓના વિરહથી અકળામણમાં જ હણહણાટ કરી રહ્યો હતો અને જે દિશાએ ઘોડીઓ ગઈ હતી તે દિશાએ ઉતાવળે જવાને અધીરાઈ દર્શાવી રહ્યો હતો! એ ઘોડો જે રસ્તે ઉતાવળે ચાલવા લાગ્યો તે જ દિશાએ

રા' અને તેનું આખું મંડળ પ્રવાસમાં આગળ વધવા લાગ્યું! બિચારો વફાદાર પણ મનુષ્યના કપટતંત્રને નહિ સમજનારો અશ્વ જાણતો નહોતો કે પોતે પોતાના માલેકના શત્રુનું કામ કરી રહ્યો છે!

પરિચ્છેદ ૩ જો.

પથો વણઝારો.

એ ડુંગરાળ પ્રદેશમાં પાંચ–છ કોસ દૂર જતાં અને એ ઉંચી ટેકરીઓ વચ્ચેની ખીણને માર્ગે આગળ વધીને એક નાની નદીને કાંઠે–ખીણના મુખ આગળ જઇ પહોંચતાં કાલુ અને ચઉલાની દૃષ્ટિએ એક મોટી વણઝાર પડેલી જોવામાં આવી. હજાર–બે હજાર પોઠીયા, કેટલીક ગાયો, કેટલાક કૂતરા, સાત–આઠ નાના–મોટા તંબુ, પચાસેક ઘોડાં અને બીજા મોટા રસાલા સાથે કોઈ વણઝારો ત્યાં પડેલો હતો. વણઝારમાં માણસોની સંખ્યા સોએક જેટલી હતી પરન્તુ એ લીલોતરીવાળી સુંદર ખીણના મુખ આગળ જાણે નાનું ગામ વસી રહ્યું હોયની એવો દેખાવ નજરે પડી રહ્યો હતો. નદીના પ્રવાહમાં કોઇ ન્હાતા હતા, કોઈ પાણી ભરતા હતા, કોઇ પોઠીયાને ન્હવરાવી ન્હવરાવીને દૂર હાંકતા હતા, તો કોઈ નાના નાના ચૂલા કરી તેના ઉપર મોટા જાડા રોટલા પકાવી રહ્યા હતા. એ વખતે ગુજરાત–સૌરાષ્ટ્રમાં તેમ જ આખા ભરતખંડમાં દૂર દૂરના મુલકનો વહેવાર આવા વણઝારાઓવડે જ ચાલી શકતો. તેઓ સંખ્યાબંધ પોઠીઆઓ પોતાની સાથે રાખીને આખા દેશમાં ફરતા. જે જે દેશમાં તેઓ જતા તે તે દેશમાંથી ત્યાંની પેદાશનો માલ ભરી લેતા અને જ્યાં જ્યાં તે તે વસ્તુઓના ઘરાકો મળતા ત્યાં ત્યાં તે તે વસ્તુઓ વેચીને પુનઃ બીજો માલ ભરતા. એ પ્રમાણે તેઓ આખા દેશમાં વેપાર વહેવાર ચલાવતા અને ઘણી વાર મોટા વેપારીઓનો માલ ભાડે ઠરાવીને એક સ્થળેથી બીજે સ્થળે પહોંચતો કરતા. પોતાની સાથેની વણજારના પ્રમાણમાં તેમને માણસો, રખેવાળો, હથીયારો, ખોરાકી તથા બીજાં સાધનો,

ઘોડા, કૂતરા, ખચ્ચર વગેરે જાનવરો રાખવાં પડતાં અને વગડામાં ઉગેલો ઘાસચારો તેમના પોઠીયાને માટે પૂરતો થઈ રહેતો. સાથેનાં માણસોને માટે દળવાનાં, પાણી ભરવાનાં, રસોઈ કરવાનાં, રહેવાનાં, સૂવાનાં એ બધાં સાધનો તેઓ પોઠીયા ઉપર લાદીને જ આગળ વધતા અને તેથી જ્યાં કોઇ સારૂં પાણીનું સ્થળ જોવામાં આવે ત્યાં જ મુકામ કરીને રહેતા તથા નજીકનાં ગામડાંમાં માલની ઘરાકી સંબંધે પૂછગાછ કરતા. આવી એક મોટી વણઝાર પડેલી જોઇને કાલુને એક વિચાર ઉદ્દ્ભવ્યો. પોતાની પાછળ શત્રુ આવી રહ્યો છે એવું કાલુ માની રહ્યો હતો. પોતે જો આ વણઝારમાં પેસી જાય અને તેના માલેકને સમજાવીને કે તેની દયા ઉ-શ્કેરીને તેમાં આશ્રયસ્થાન મેળવે, તો શત્રુ પોતાને શોધી શકે નહિ, એવી કલ્પના તેને થઈ આવી. નદીને કાંઠે આવી પહોંચીને કાલુ ઘોડીપરથી નીચે ઉતર્યો. વણઝારાના એ માણસો ત્યાં પોતાનાં કપડાં ધોતાં હતાં તેમની પાસે તે ગયો. કાલુને અને તેની સાથે અસ્વાર થએલી એક નવ-યૌવના બાળાને જોઇને તેઓ આશ્ચર્ય પામ્યા. તેમને કાલુએ પૂછ્યું: "ભાઇ! આ કોની વણઝાર પડેલી છે?"

તેઓમાંના એકે જવાબ આપ્યો: "**મારવાડના પથા** વણઝારાની આ બધી પોઠ છે; તમે ક્યાં જાઓ છો?"

"મારે **પથા** વણઝારાને મળવું છે, તો તે અત્યારે ક્યાં હશે?"

"પેલી આવેની રાવટીમાં જાઓ; ત્યાં **પથો** મળશે." જવાબ મળ્યો.

કાલુ પાછો ઘોડીપર અસ્વાર થયો અને રાવઠી પાસે ગયો. રાવટીની ફરતા ચાર મોટા કૂતરા બાંધ્યા હતા તેઓ કાલુને જોતાં ઉછળી-ઉછ-ળીને ભસવા લાગ્યા. કોઇ અજાણ્યાને આવેલો સમજીને રાવટીમાંથી એક માણસ બહાર આવ્યો. તેના હાથમાં એક ટુંકી નળીનો માટીનો હુક્કો હતો અને તે પીતો-પીતો તે ધુમાડા કાઢી રહ્યો હતો. શરીરે ખાદીનો પાયજામો અને ખાદીની જ બંડી પહેરેલી હતી. માથું કેવળ ઉઘાડું હતું. અને તેની ચોટલીના વાળ આમ તેમ પવનની સાથે ઉડતા હતા. કાનની બુટોમાં તેણે સોનાની બએ મોટી કડીઓ પહેરેલી હતી, અને

ડોકમાં પરવાળાની માળા હતી. તેની કાબરચીત્રી દાઢીના વચમાંથી બે ભાગ કરીને બે બાજુએ ચડાવી દીધા હતા અને મોટી મૂછો તથા થોભીયાંના વાળ એ દાઢીના ચડાવામાં સિંધુમાં મળતા મહાનદની પેઠે મળી ગયા હતા. તેણે બહાર આવીને ઘોડેસ્વારોની સામે જોયું એટલે કાલુએ પૂછ્યું: "પથો વણઝારો ક્યાં છે ભાઈ?"

"પધારો, ઠાકોર! પધારો, હું પોતે જ પથો છું." એમ કહી પથાએ આનંદમય વદને કાલુનો સત્કાર કર્યો તથા કૂતરાને ભસતા બંધ કર્યા. કાલુ તથા ચઉલા ઘોડીઓપરથી ઉતર્યા અને પથાની સાથે રાવટીમાં ગયાં. પથાએ એક ગોદડી પાથરીને તે ઉપર બન્નેને બેસવા કહ્યું. પછી પોતે હુક્કો બાજુએ મેલ્યો અને એક કોથળી લઇને તેમાંથી એક નાની દાબડી, એક નાની ખરલ, બે ત્રણ નાની વાડકીઓ વગેરે કસુંબાનો સામાન કાઢતો કાલુ સાથે બેઠો. તેણે કહ્યું: "કહો ઠાકોર! શું સોદો લાવ્યા છો? આપની સાથે આ દિકરી કોણ છે?"

"પથાભાઇ! તમે બહુ માયાળુ જણાઓ છો. અમારો સત્કાર કરવાને તમે કસુંબાની તૈયારી કરો છો પણ એ રહેવા દો. અત્યારે તે માટે વખત નથી. તમે એક વાર મારી વાત સાંભળી લો. હું કશો સોદો લાવ્યો નથી, પણ વખાનો માર્યો તમારો આશરો શોધતો આવ્યો છું." કાલુએ આસપાસ નજર કરતાં ધીમેથી કહ્યું: "મારી સાથે આ મારી દિકરી ચઉલા છે: અત્યારે અમારા ઉપર એક મોટી આફત આવી પડી છે."

પથો એકાએક આ વાત સાંભળીને આભો બન્યો. તેણે ચઉલાની સામે જોયું અને કરમાઈ ગએલા કમળ સરખું તેનું વદન તથા માતાના મરણથી રડીરડીને સુજવી નાંખેલી આંખો જોઇને તેને દયા આવી. તેણે પૂછ્યું: "પણ તમે ક્યાંના ઠાકોર છો અને તમારે માથે શી આફત આવી છે વારૂ?"

કાલુએ પથાને પોતાનાં વીતકની બધી વાર્તા અથથી ઇતિસુધી કહી સંભળાવી. રૂપાંદેના મરણની કરૂણાજનક કથની શ્રવણ કરતાં તો પથાની આંખોમાંએ જળ ભરાઇ આવ્યું. કાલુના ટેકીલાપણાની વાત સાંભળીને

તેને માટે પથાના મનમાં માનબુદ્ધિ ઉત્પન્ન થઇ. ચઉલાને પ્રભુએ રૂપ અને ગુણ આપ્યાં તો તે જ તેના શત્રુરૂપ થયાં એવું જાણીને પથાને તેની બહુ જ દયા આવી. તેણે કહ્યું: "કાલુ જેઠવા! હું તો તમારા ચરણની રજ છું. તમે ઠાકોર છો, હું તો વણઝારો છું–વગડે વગડે અને ગામે ગામ રખડતો ગરીબ વેપારી છું. તમને આશરો આપવાનું મારૂં તો શું ગજું છે! આશરો એક પરમેશ્વરનો માનો; પણ આ દિકરીમાં આવું રૂપ અને આવા ગુણ છે, એ રૂપ અને ગુણ જ અત્યારે તમારા આખા કુટુંબના વેરી જેવા બન્યાં છે, તેથી જ તમારે વતન–ધન–માલ બધું છોડવું પડ્યું છે, તેથી જ દિકરીની માનું પણ મોત થયું છે, એથી મને બહુ દયા આવી છે; હવે તમે કહો તેમ કરવાને હું તૈયાર છું. જે આજ્ઞા હોય તે કહો."

"પથાભાઇ!" કાલુએ આંખમાં આંસુ આણીને કહ્યું: "તમારી સુશીલતાને ધન્ય છે! મારા પિત્રાઇઓએ મારૂં રક્ષણ ન કર્યું પણ તમે તે કરવાનું માથે લીધું તે માટે હું તમારો કેટલો આભાર માનું? પણ મને એક બીક લાગે છે. હું તમારી વણઝારમાં કેવી રીતે છુપાઇશ?"

"તમે મારા માણસનાં જેવાં કપડાં પહેરી લો, પછી તમને કોણ ઓળખનાર છે? અને રા' અહીં આવીને પાછો જાય, એટલે પછી તમારી મરજીમાં આવે તેમ કરજો. અત્યારે ગમે તેમ કરીને તેને ભૂલથાપ આપવી એટલું જ આપણું કામ છે." પથાએ કહ્યું.

કાલુએ નિરાશા વ્યક્ત કરતાં કહ્યું: "એ બધું નકામું છે. રા' કુવાટ બડો લુચ્ચો અને ચતુર છે. તે મને જરૂર પકડી પાડશે. પણ પથાભાઈ! તમારી ધર્મશીલતા ઉપર મને બહુ અનુરાગ ઉત્પન્ન થયો છે અને તેથી આ ક્ષણે મારા મનમાં એક નવો વિચાર સૂઝી આવ્યો છે."

"શો વિચાર?"

"હું અહીંથી બાવાનો વેશ પહેરીને છટકી જઉં અને ચઉલાને તમે તમારી ધર્મપુત્રી તરીકે તમારા સંરક્ષણમાં એવી યુક્તિથી રાખો કે જેથી તે રા'ની નજરે પડે નહિ. પથાભાઇ! એ પુત્રીને સાથે રાખીને તેનું

રક્ષણ કરવાનું કાર્ય જ્યાંસુધી રા' કવાટ જીવે છે ત્યાંસુધી મારે માટે દુઃશક્ય છે, તેથી આપ જ્યારે ફરતા ફરતા ગુજરાતમાં જાઓ, ત્યારે પાટણમાં ચઉલાની માસી સામંતસિંહની માનીતી રાણી છે તેને સોંપી દેજો. તે ત્યાં રહેશે તો રા' કવાટ તેને કશું કરી શકવાનો નથી. પણ–પણ–તમને ધર્મરાજાનો અવતાર માનીને હું ચઉલાને તમને ધારવાનું સાહસ કરૂં છું—"

"ઠાકોર! ચઉલા મારી દિકરી છે–મારી ધર્મપુત્રી છે! મારી વણઝારમાં તેનો કોઇ વાંકો વાળ કરી શકનાર નથી. મારી એક દિકરી તેના જેવડી જ છે તે મારી સાથે વણઝારમાં છે તેની પાસે તમારી ચઉલા રહેશે, ખાશે, પીશે ને મજા કરશે. અત્યારે કદાચ રા' આવે અને તે ઓળખાય નહિ તેટલા માટે હું હમણાં જ એક યુક્તિ કરૂં છું. તમે તમારે નિશ્ચિંત થાઓ!" પથાએ કહ્યું.

વણઝારાના શબ્દો ઉપરથી જ નહિ પણ તેની સુશીલ મુખમુદ્રા ઉપરથી પણ કાલુને તેના ઉપર વિશ્વાસ આવ્યો અને તેના આશ્રયમાં ચઉલાને સોંપી પોતે બાવાનો વેશ પહેરી ચાલ્યા જવું એવો વિચાર દૃઢ થયો. તેણે ચઉલાની સામે જોયું. ચઉલાની આંખો સજળ હતી. તે બોલી: "બાપુ! મારી માતા તો ગઈ અને તમે આવી રીતે મારાથી દૂર રહેશો તો મને કેમ ગમશે? તમારા દુઃખના કારણરૂપ હું જ છું, તો મને પણ મારી માતા પાસે જ મોકલવાની કૃપા કરો કે જેથી આ બધું દુઃખ ટળી જાય."

પથાએ કહ્યું: "દિકરી! મરી જવાથી કાંઇ આગળ જનારને મળાતું નથી, પણ જીવતા રહેવાથી જો કોઇ વાર પ્રભુની મહેર થાય તો પાછા સુખના દિવસો દેખાય છે. તું અને મારી ઝુમકી એ બન્ને મારે મન સરખાં છો. તારા બાપને તું હવે એકલી આંખોના રતન જેવી છું અને તું જો તારી માતા પાસે જાય તો પછી આ બાપનું જીવતર ક્યાંથી રહે દિકરી? માટે તું કાંઇ ચિંતા કર નહિ, પરમેશ્વર બધાં સારાં વાનાં કરશે. રા' પાછળ પડયો છે ને હમણાં આવી પહોંચશે, તો હવે જે કાંઈ તૈયારી કરવી હોય તે કરો."

તે જમાનો હાલના જમાના જેટલો કુટીલ નહોતો. પોતાની પુત્રીને એક વણઝારાના રક્ષણમાં સોંપતાં પિતાને તેની સ્વધર્મપરની આસ્થા બહુ શંકાશીલ કરતી નહિ. કાલુએ છેવટે પોતાનો જ વિચાર દૃઢ કર્યો. તેણે એક તંગડી પહેરી લીધી અને શરીર ઉપર ભસ્મ ચોળી. પથા પાસેથી એક કાળી કાંબળી માંગી લીધી અને એક ખાદીના કકડાની ઝોળી બનાવીને ખભે ભેરવી લીધી. તે ઝોળીમાં તેણે પોતાનું કેટલુંક દ્રવ્ય રાખ્યું અને કેટલુંક દ્રવ્ય પથાને સોંપીને કહ્યું: "આ દ્રવ્ય હું મારી ચઉલાના રક્ષણના બદલા તરીકે તમને અગાઉથી આપું છું, તેનો સ્વીકાર કરો."

પથો બોલ્યો: "આવું સોનું રૂપું ને હીરા મોતી મેં કોઈ વાર જોયાં નથી, અને મારે તે જોઈતાં પણ નથી. ઠાકોર! ચઉલા મારી ધર્મની દિકરી છે, તેનું રખવાળું કરવાનું મહેનતાણું હું લઉં તો મારી સાત પેઢી નરકમાં જાય. મારા ધંધામાં હું સુખી છું. મારા બાપે મને જેટલી વણઝાર આપી હતી તેમાં એક વીસ ઘોડા અને પચાસ વીસું પોઠીયા મેં વધાર્યા છે, પછી મારે શી ખોટ છે કે હું તમારૂં ધન લઉં?"

પથાની ધર્મશીલતા માટે હવે કાલુને પૂરી ખાત્રી થઇ. તે ઉપકારવશ થતો બોલ્યો: "પથાભાઇ! હું ક્ષત્રીય છું અને કોઇની સેવા મુફત લેતાં મને દુખ થશે, માટે આ ધન તો તમારે રાખવું જ પડશે; જો તમે તેનો સ્વીકાર નહિ કરો, તો હું અને ચઉલા તમારા આશ્રયનો સ્વીકાર કર્યા વિના અમારા ભાગ્ય ઉપર જ આધાર રાખીને ચાલી નીકળીશું."

પથાને વિનાબોલ્યે એ ધનનો સ્વીકાર કરવો પડયો. તે એ ધન લઇને પોતાની પુત્રી જ્યાં હતી ત્યાં ચાલ્યો ગયો. રાવટીમાં પિતા પુત્રી એકલાં રહ્યાં. પિતાનો વેશ જોઇને ચઉલાની આંખોમાંથી ચોધાર આંસુ વહી જતાં હતાં. પિતાના ભાવી વિયોગની ચિન્તામાં તેનું રૂધિર બળતું હતું અને ભવિષ્યમાં પિતા ક્યારે પોતાને મળશે એવા વિચારમાં તે કાંઈ કાંઇ અમંગલ કલ્પનાઓ કર્યે જતી હતી. પુત્રીને પરાયે હાથે સોંપીને તેનાથી વિખૂટાં પડતાં એ વત્સલ પિતાનું કાળજું પણ ચિરાઇ જતું હતું, પરન્તુ પુત્રીને વધારે ગભરામણ ન થાય તેટલા માટે તે હૃદયને કઠીન બનાવીને

શાન્ત રહેવાનો દેખાવ ધારણ કરતો હતો; પરન્તુ પુત્રીથી છૂટા પડતી વેળાએ તેનું હૈયું કબ્જે રહી શક્યું નહિ. રોદન કરતી પુત્રીની પાસે બેસી પોતાનો ભસ્માવલિપ્ત હસ્ત તેના વાંસામાં મૂકી તેને આશ્વાસન આપતો તે બોલ્યો:

* "હું બાપ કરતાં દીકરી, મોટેરો છે જગબાપ,
"તે રખવાળું તાહરૂં, કંઈ કરશે દીનો નાથ !
"ભરોસો એ જગબાપનો, રાખી સોંપું પરાયે હાથ,
"દાસ–દાસી–વળાવા વિના, પોઠીયા–કૂતરાનો સાથ !"

ચકુલા ડસડસી રહેલે હૈયે બોલી:

"પોઠીયા હોય કે કૂતરા, પણ તાતનો હોય સંગાથ,
"તો દાસથી અદકાં દેખીને, થઉં રૂદિયામાં રળીયાત !"

કાલુ પુત્રીને સમજાવવા લાગ્યો:

"દુઃખ લગાડ માં દીકરી, હશે તાતનો જ્યાંલગી સાથ,
"પીછો ન આપણો છોડશે, એ પાપીયો રાહ કવાટ !"

ચકુલા રા' કવાટ ઉપર ક્રોધોદ્‌ગાર કાઢતી બોલી:

"ઓ પાપીયા રાહ કવાટ ! હું, તને કેટલો આપું શાપ ?
"બાપ ને બાળકીનોય તું, તોડાવે છે સંગાથ !
"મરજો તારા દીકરા, વળી રડજો તાહરી નાર,
"પડજો તારે રૂંવે રૂંવે, કંઈ કીડા અપરંપાર."

કાલુ બોલ્યો:

"રા'નાં ઘોડલાં હણહણે, સૂણું પગલાંનો પડછંદ,
"છાની રહે શાણી દીકરી, મારૂં લોહી બળે છે અંગ !"

ચકુલા પિતાના ભાવી વિયોગથી દુઃખ દર્શાવતી બોલી:

"મોરાં નયણાં થાતાં આંધળાં, જોઇ તાતને ભગવે વેશ,
"કેમ વેઠું હું કારણે, મોરો તાત ભમે પરદેશ !!
"હું અભાગણી બાળકી, કેમ મૂઇ ન જન્મતાં વાંત,
"રખડયાં વનવન વલખતાં, મારાં માતાપિતા દિનરાત !"

---

* જુની શૈલીના એક જોડકણાનો રાહ.

કાલુએ ચઉલાને કહ્યું:

" કાળજડું કકડા થતું, સુણી તારાં ગરીબડાં વેણ !
" મોતીડાંશાં આંસુડાં, મ ખેરવ ભરતાં નેણ.
" નોધારા આધાર જગધણી, કરજે એક મારી પૂરી આશ,
" ક્યારે કરાવું હું હોંશથી, દિકરી-જમાઇનો હાથ-મેળાવ ! "

પિતા જો વધારે સમય રોકાશે તો આપત્તિ આવી પડશે એવું સમજીને હૃદયને શાંત કરતાં ચઉલા છાની રહી. એટલામાં પથો ત્યાં ઉતાવળો આવ્યો અને બોલ્યો: "ઠાકોર! હરણાં અને રોઝની દોડાદોડ થઇ રહી છે અને મને લાગે છે કે રા' નજીક આવી પહોંચ્યો છે. હજી મારે ચઉલાનો વેશ બદલાવવો છે અને બીજી ઘણી તૈયારી કરવાની છે."

કાલુ અને ચઉલા બન્ને સાવધ બન્યાં. વિયોગનાં રોદણાં છોડીને હવે આવી પહોંચતી આપત્તિમંથી ઉગરવાનો પ્રયત્ન કરવાની ઉભયને અગત્ય જણાઈ.

"બાપુ ચઉલા ! અત્યારે તો હું દ્વારકા ભણી જઉં છું. તું તારી માસી પાસે જઇને રહેજે. હું જો જીવતો રહીશ તો કોઇ વાર તને પાટણમાં આવીને મળીશ. દિકરી ! તું કાલુ જેઠવાની દિકરી છે, તો તારા બાપની આબરૂ જાળવીને ચાલજે, મોતથી ડરીશ નહિ પણ અપકીર્તિથી ડરજે." એમ કહીને કાલુ ધીમેથી બોલ્યો: "પથો બહુ ધર્મિષ્ઠ વણઝારો છે, પણ તેની સાથે જતાં તારે શિરે કાંઇ આફત આવે તો તે માટે—"

"કાંઇ ચિંતા કરશો નહિ, પિતાજી!" પોતાની પાસેની છુપાવેલી કટારી કાઢીને તે પિતાને બતાવીને બોલી: "આ કટારીથી હું મારૂં રક્ષણ કરીશ અને રક્ષણ કરવાને સમર્થ નહિ રહું તો એ કટારીનું જ હું ભક્ષણ બનીશ."

"ધન્ય છે તને ચઉલા ! તેં એ કટારી ક્યારથી રાખવા માંડી છે?"

"મારી માતા પાસે એ કટારી છુપાવેલી હતી તે તેના મરણ પછી મારા જોવામાં આવી. તે ત્યારથી જ મેં મારી પાસે છુપાવી રાખી છે અને ક્ષત્રિય બાળા પાસે એવા એકાદા શસ્ત્રની જરૂર પડે છે એવું હવે મને સમજાયું છે."

"ખરી વાત છે, દિકરી! હવે હું જઉં છું, બ્હેન! મનને કઠણ રાખીને માતાપિતાનો વિયોગ વેઠી લેજે. પ્રભુની કૃપા હશે તો હજી તારૂં કન્યાદાન મારા હાથે આપવાની મને હોંશ છે!"

"પ્રભુ તે હોંશ પૂરી કરશે!" ચઉલા એ શબ્દો લજ્જાવિવશતાને લીધે મનમાં જ બોલી. કાલુ જેમ જેમ વધારે વખત પુત્રીની પાસે રહેતો હતો, તેમ તેમ તેનું હૃદય વધારે દુઃખ પામતું હતું અને ભવિષ્યની કલ્પનાઓ તેના ચિત્તને ડામાડોળ બનાવી મેલતી હતી. આથી તે ઉતાવળે ત્યાંથી ચાલ્યો ગયો. ચઉલા અશ્રુભરિત લોચને પિતાને જતો જોઈ રહી. તેનાં ગાત્રોમાંથી ચૈતન્ય હરાઇ જતું હોય એવી રીતે તે શિથિલાંગિની બની ગઇ.

કાલુ ગયો એટલે પથો પોતાની પુત્રીનાં કપડા લઈ આવ્યો અને તે તેણે ચઉલાને પહેરાવ્યાં. એટલામાં પથાએ અગાઉથી કરી રાખેલી સૂચના પ્રમાણે તેની પુત્રી એક તાંસળીમાં રાખોડી જેવા રંગનું પાણી લાવી. પથાએ તે પાણીમાં કોઇ ઝાડનાં મુળીયાંનો ભૂકો અને બીજો કચરો હતો તે પોતાના હાથવડે કાઢી નાંખ્યો અને પછી ચઉલાને કહ્યું: "બ્હેન! આ રંગવડે તારૂં મ્હોં, હાથ અને પગ રંગી નાંખ અને પછી પાણીવડે મ્હોં ધોઈ નાંખ, એટલે તારા શરીરનો રંગ મારી ઝુમકીના જેવો દેખાશે અને પછી રા' તને ઓળખી શકશે નહિ."

ચઉલાએ પથાની સૂચના પ્રમાણે પોતાનું મ્હોં, હાથ અને પગ રંગી નાંખ્યાં અને તે આશ્ચર્ય પામી ગઈ. ખરેખર તેના મ્હોં ઉપર રાખોડી જેવો ઝાંખો કાળો–ભૂરો પણ પાકો રંગ રહી ગયો હતો. સ્વરૂપ હમેશાં ભયાવહ હોય છે, તેથી જ્યાંસુધી પોતાને રણવગડામાં રખડવું પડે ત્યાંસુધી પોતાનું આવું રૂપ રહે તો ઠીક એવી તેની ઇચ્છા હતી. ઝુમકી ચઉલાને પોતાની સાથે પોતાની નાની રાવટીમાં તેડી ગઇ, એટલામાં તો વણઝારમાંના કૂતરાઓ ભોંભોં કરી ઉઠ્યા અને કેટલેક દૂરથી સામે કૂતરાના ભસવાનો અવાજ પણ સંભળાવા લાગ્યો. પથો સાવધ થયો અને પોતાનાં બધાં માણસોને સાવધ બનાવ્યા.

થોડી વારમાં રા' વણઝારમાં આવી પહોંચ્યો. એક ઘોડેસ્વારના હાથમાંના ભાલાની અણી ઉપર એક સ્ત્રીનું માથું જોઇને પથો કમકમી ગયો અને રા'ને મનથી ગાળો આપવા લાગ્યો. એટલામાં એ જ ઘોડેસ્વારનો ઘોડો ચોમેર ઘુમી ઘુમીને એક ઘોડીની પાસે આવી હણહણાટ કરવા લાગી ગયો! પથાએ જાણ્યું કે કાલુના ઘોડાએ જ દાટ વાળ્યો છે, પણ હવે બીજો કશો ઉપાય નહોતો. ઘોડાને ઘોડી પાસે ઊભો રહીને હણહણાટ કરી રહેલો જોઇ રા' વિજય પામ્યાની પેઠે હર્ષથી ગર્જના કરીને બોલ્યો: "વાહ વાહ! કાલુ! છેવટે મેં તને પકડ્યો છે!" એમ બોલતો જ તે પોતાના ઘોડાને પથાની રાવટીસુધી હાંકી લાવ્યો. કૂતરાઓ જોરથી ભસવા લાગ્યા એટલે પથો અંદરથી બહાર આવ્યો અને રા'ની સામે આવીને બોલ્યો: "ક્યાં રહો છો ઠાકોર?"

રા'એ પૂછ્યું: "આ તારી વણઝાર છે?"

"હા બાપજી! મારૂં નામ પથો વણઝારો,"

"તારૂં નામ જ પથો? ઠીક, ઠીક, પથા! મારા બે ચોર તારી વણઝારમાં છે!"

પથો આશ્ચર્ય દર્શાવતો બોલ્યો: "એ શું બોલ્યા બાપજી? મારા માણસો કદી ચોરી કરે નહિ! મારી વણઝારમાં પગેરૂં આવતું હોય તો એક વાર બોલાવો આપના પગીને!"

"હું એમ નથી કહેતો કે તારા માણસોએ ચોરી કરી છે. હું બે ઘોડેસ્વારોની પાછળ પડ્યો છું તે બન્નેની ઘોડીઓ તારી વણઝારમાં છે અને એ ઘોડેસ્વારો કે જેમાંની એક કુંવારી બાળા છે તે તારી વણઝારમાં છુપાયા છે!"

"મારી વણઝારમાં પરાયો ઘોડો જ નથી."

"પણ તેમાંની એક ઘોડીને તો ઘોડાએ પકડી છે; જો, એ ઘોડીની પાસે ઊભો ઊભો ઘોડો હણહણાટ કરે છે! એ ઘોડો જ પહેલાં એ ઘોડીની સાથે હતો. તે પાછળ રહી ગયો હતો તેથી તેણે જ અમને માર્ગ બતાવ્યો છે!"

પથો એ સાંભળીને હસી પડયો અને કેટલીક વારે હસવામાંથી નિવૃત્ત થઈને બોલ્યોઃ "બાપજી! ત્યારે આપ ઘોડાની ચાલથી જ ભૂલમાં પડયા છો! મારી આખી વણઝારમાં એક–એ જ ઘોડી છે અને બીજા બધા ઘોડા છે. ઘોડાનો સ્વભાવ એવો છે કે તેને ઘણે દૂરથી ઘોડીની ગંધ આવે છે અને તેથી તે હમેશાં ઘોડી તરફ જ ખેંચાઇ આવે છે. તેવી રીતે એ ઘોડો મારી ઘોડી તરફ ચાલ્યો આવે તેમાં નવાઈ નથી. હું મારી વણઝારમાં ઘોડી રાખું છું તેનું કારણ પણ એ જ છે. વણઝાર જ્યારે ઉપડવાની હોય છે, ત્યારે સૌથી પહેલાં હું ઘોડીઓને આગળ કરૂં છું એટલે તેની પાછળ જવાને અધીરા થએલા ઘોડા ઉતાવળા ચાલે છે અને અમે ઉતાવળે મુસાફરી કરી શકીએ છીએ! બાપજી! તમારા ચોરને મારે છુપાવવાનું શું કારણ હોય?"

વણઝારાની વાક્ચાતુરી પાસે રા' જરા ઠંડો પડયો, પરન્તુ તેની સંપૂર્ણ ખાત્રી થઇ નહિ. તેણે કહ્યું: "પથા! તું કહે છે તે કદાચ ખરૂં હશે, પણ જો એમ હોય તો અમારા બન્ને ચોર બીજે ક્યાંય જાય તેવો સંભવ નથી."

"હજી આપને વહેમ હોય તો મારી વણઝાર જુઓ, મારા તંબૂઓમાં તપાસ કરો! હું તો વટેમાર્ગુ અને વેપારી કહેવાઉં; રાવ–રાજાઓ પાસે આવું જૂઠું બોલતો ફરૂં તો આ ભોંમાં મને કોઇ ઊભો પણ ન રહેવા દે!"

એક માણસે રા'ને સલાહ આપીઃ "બાપજી! એની સાથે નકામું માથું શાને પકવવું? આપણા બધા માણસોને હુકમ કરો એટલે તેઓ બધે ફરીને તપાસ કરી વાળે."

રા'ને એ સલાહ ગમી. તેણે બધા ઘોડેસ્વારોને નીચે ઉતરી જવાની આજ્ઞા કરી અને તંબૂઓમાં, પોઠીયાને લાધવાની ગૂણોના ગંજમાં અને બીજે જ્યાં જ્યાં કોઇ માણસ છુપાઇ શકે એવો વહેમ રહે ત્યાં ત્યાં તપાસ કરવાનું તેમને ફરમાવ્યું. પથાનું મન અંદરથી ડરવા લાગ્યું પણ બહારથી તેણે પૂરી હિંમત દર્શાવી. તપાસ શરૂ થઇ એટલે પથો પોતાની પુત્રીના તંબૂની પાસે જઇને ઊભો. તેણે પોતાના માણસોને સૂચના કરી દીધી કે ચકલા રૂપ ઉપરથી નહિ ઓળખાય પણ ઘાટ ઉપરથી જો ઓળખાય,

તો **રા'** ઉપર તૂટી પડવું અને બધા માણસોની ખાંભીઓ ત્યાં કરીને પછી તુરત ચાલી નીકળવું. **રા'** બધે તપાસ કરતો કરતો **પથો** ઊભો હતો ત્યાં આવ્યો અને **પથાને** પૂછ્યું: "એ તંબૂમાં કોણ છે?"

"બાપજી! તેમાં મારી બે દિકરીઓ છે." **પથાએ** જવાબ આપ્યો.

રા' તંબૂ તરફ ચાલ્યો એટલે **પથાએ** તંબૂના પ્રવેશદ્વારના પડદા આડે હાથ દઇને કહ્યું: "બાપજી! તમે રાજા લોક, અમે ગરીબ વેપારી. અમારાં છોકરાં કાંઇ રાજવંશી જેવાં રૂપાળાં ન હોય, પણ આપ જાતે મારી દીકરીને જુઓ, એ મને ગમે નહિ. આપના કોઇ માણસને હું અંદર જઇને મારી બન્ને દિકરીઓ બતાવવા તૈયાર છું."

પથાની એ માંગણી **રા'એ** કબૂલ રાખી. એક માણસને તેડીને **પથો** અંદર ગયો અને બન્ને છોકરીઓનું શ્યામ સ્વરૂપ જોઇને જ તેની ખાત્રી થઇ કે એ **પથાની** જ પુત્રીઓ છે. **રા'** સઘળું તપાસી વળ્યો, પણ જ્યારે તેની ખાત્રી થઈ કે **કાલુ** કે તેની પુત્રી વણઝારમાં નથી, માત્ર ઘોડાની ચાલ ઉપરથી જ પોતે ભુલાવામાં પડ્યો છે, ત્યારે તે નિરાશ થયો.

સઘળા સ્વારો પુનઃ ઘોડાપર ચડ્યા, તે વખતે કમ્પતે દેહે પણ હિંમત રાખીને **ચઉલાએ** તંબૂના પડદાને જરા ખસેડીને બહાર દૃષ્ટિ કરી, અને તેણે શું જોયું? પોતાની મરણ પામેલી માતાનું જ મસ્તક એક ભાલાની અણી ઉપર! ભયની કાળી ચીસ નાંખતી તે બેભાન બનીને ભોંય પર પડી ગઇ! **ઝુમકી** તેની એ સ્થિતિ જોઇને ભય પામી અને પિતાને બોલાવી લાવી. **પથો** અને તેની પુત્રી **ચઉલાને** શીતળ ઉપચારોવડે ભાનમાં આણવાને પ્રયત્ન કરવા લાગ્યાં.

પરિચ્છેદ ૪ થો.

'કલહાન્તરિતા' નું ચિત્રપટ.

પૂર્વે પરિચ્છેદોમાં **ચઉલાની** પૂર્વ સ્થિતિનો પરિચય આપ્યા પછી આપણે હવે તેને **મૂળરાજના** સંગમાં જોઇશું. **પથાની** સુશીલતા અને ઉદા-

રતાને લીધે ચઉલા પાટણમાં માસીની ઓથે આવીને વસી હતી, તે પછીના બનાવોથી વાચક પરિચિત છે.

અનેક હત્યાઓ કરીને, અનેક રાજવંશીઓને ત્રાસ આપીને અને સર્વત્ર પોતાની નિર્દયતાનું દર્શન કરાવતાં પ્રતાપ બેસાડીને મૂળરાજ શાન્ત થયો. પોતે કરેલાં કૃત્યોમાં કેટલાંક દુષ્કૃત્યો થઇ ગયાં હતાં, ઉતાવળમાં કેટલાક અનર્થો થયા હતા, સૂર્યદત્તની સલાહથી અવિચારીપણે વર્તવાથી કેટલાંક અકાર્યો પણ થઇ ચૂક્યાં હતાં, એ બધું હવે તેના ધ્યાનમાં આવ્યું હતું, તથાપિ તેના હૃદયમાં એટલું તો નિશ્ચયપૂર્વક વસી ગયું હતું કે ગુજરાતનું રાજ્ય ચાવડાઓના હાથમાંથી જવાથી અને પોતાના હાથમાં આવવાથી પ્રજાનો અસંતોષ દૂર થશે, પ્રજાપીડનનો અંત આવશે, ગુર્જ્જરેશ્વરની આણની કોઇ અવજ્ઞા નહિ કરે અને તેની કીર્તિમાં વધારો થશે, તેથી જે કાંઇ પરિણામ આવ્યું હતું તે અનિષ્ટ તો નહોતું જ. ઇષ્ટ કાર્યોદ્વારા ઇષ્ટ પરિણામ આવવાને બદલે ઇષ્ટ તથા અનિષ્ટ ઉભય પ્રકારનાં કાર્યોવડે ઇષ્ટ પરિણામ આવ્યું તેથી તેને ખેદ તો થયો જ, તેના ભોળા હૃદયને ચઉલાની ચપલતાએ એ અનિષ્ટતાનું ભાન કરાવ્યું તેથી તેને ખેદ અને લજ્જા ઉભયનો અનુભવ થયો. પરંતુ પોતે ગુર્જ્જરેશ્વર થયો તેથી તેને જે તૃપ્તિ થઈ તે રાજ્યલોભની નહિ પણ ગુજરાતની કીર્તિ ઘટતી જતી હતી તેને વધારવાની અને પ્રજાપીડનને દૂર કરવાની તેની ઉત્કટ જિજ્ઞાસાની થઈ. એ તૃપ્તિમાં પરોક્ષ રીતે આપણી કથાની નાયિકા ચઉલાએ મોટો ભાગ ભજવ્યો હતો અને તેથી મૂળરાજ તેને પોતાની પત્ની કરવાને બહુ ઉત્સુક બની ગયો હતો, પરન્તુ ચઉલાએ એ પદનો સ્વીકાર કરવાની સ્પષ્ટ ના કહી દીધી હતી. તેણે મૂળરાજના મંત્રી, દાસી અને માતા તરીકે ત્રણ પદવીઓનો સ્વીકાર કરી ચોથી પત્ની તરીકેની પદવીનો અસ્વીકાર કરવાનું કહ્યું હતું, તેનો સ્પષ્ટાર્થ એવો હતો કે પોતે મૂળરાજની પાસે રહીને હરેક કાર્યમાં તેની સંગિની થવાને તૈયાર હતી પરન્તુ તે તેની સાથે પરણવા ઇચ્છતી નહોતી. આ કથનનો અર્થ મૂળરાજ સમજ્યો હતો, પરન્તુ ચઉલા કેવી રીતે રહેશે, મહેલમાં કયે સ્થળે રહેશે, પોતાનો પરિ-

ચય તે કેવી રીતિથી નિભાવશે એ સઘળું મૂળરાજ સ્પષ્ટ સમજી શક્યો નહોતો. થોડા દિવસ ગયા અને પ્રજામાં, રાજમહાલયમાં તથા સર્વત્ર શાંતિ પ્રવર્તી. મૂળરાજ પ્રજાને હવે વત્સલ પિતાના જેવો માયાળુ અને દયાળુ દેખાવા લાગ્યો. અનિષ્ટ બનાવોની છાપ પ્રજા ઉપરથી અને મરનારાંઓના સગાં સંબંધીઓ ઉપરથી ધીમે ધીમે ભુંસાવા લાગી, એટલે ચઉલાએ મૂળરાજની વિનતિ ઉપરથી પોતાનું નિવાસસ્થાન બદલાવીને મૂળરાજના વિચારભવનની નિકટમાં જ રાખ્યું. જ્યારે જ્યારે વિચારભવનમાં બેસીને મૂળરાજ મંત્રીશ્વરને અને બીજાઓને મળતો, મંત્રણા ચલાવતો કે કાંઇ અગત્યની વાતચીત કરતો ત્યારે ચઉલાને તો અવશ્ય પોતાની પાસે બોલાવીને બેસાડતો જ. ચઉલા બહુધા રાજ્યકાર્યભારની ઝીણી ખૂંચોમાં ઉતરતી નહિ, તેમાં માથું મારતી નહિ અને મંત્રીઓ કરતાં પોતે વધારે ચતુર છે એવું બતાવવાનો મિથ્યા પ્રયત્ન પણ કરતી નહિ. તે નિરભિમાનિની બાળા હતી. પરન્તુ પોતે મૂળરાજની પાસે પોતાની ઉપયોગિતા સમજતી હતી. મૂળરાજ શૂરો અને પરાક્રમી હોવા છતાં સરળ મનનો હોવાથી સ્વાર્થી મનુષ્યોના પ્રપંચોનો ભોગ થઇ પડતો હતો. તેને એવી સ્થિતિમાંથી બચાવી લેવો અને એ રીતે રાજ્યને તથા રાજ્યની કીર્તિને હાનિ થતી અટકાવવી એટલું જ કાર્ય ચઉલા પોતાને શિરે રહેલું સમજતી હતી. તે ઉપરાંત મૂળરાજનાં સુખ તથા આરોગ્યને માટે પણ તે કાળજી રાખતી હતી. એક પરાક્રમી ગુર્જરેશ્વરના જીવનનું મૂલ્ય ચઉલા સમજતી હતી અને તેથી મૂળરાજનાં પરાક્રમો ઉપર મોહિત થવા ઉપરાંત તે જે મહાન્ કાર્યો કરવાને સમર્થ હતો તે મહાન્ કાર્યો તે પાર પાડી શકે અને તેમાં પોતે તેની બાજુએ રહીને સાહાય્યભૂત બને એને એક પુણ્યકાર્ય સમજીને તેણે એક પ્રીતિકાર્ય તરીકે એટલો બોજો પોતાને શિરે ધારણ કર્યો હતો. છતાં મૂળરાજ ચઉલા અને પોતાની વચ્ચે—ઉભયનાં હૃદયો વચ્ચે બહુ અંતર રહેલું જોતો હતો અને તે અસંતોષ તેણે ચઉલા પાસે અનેક વાર વ્યક્ત પણ કર્યો હતો. તે વખતે ચઉલા મૂળરાજની મનોભિલાષા ઉપર મુંગી રહીને માત્ર ધીમું ધીમું હસતી પણ કશો

ઉત્તર આપતી નહિ. મૂળરાજ ચકુલાના આ વર્તનનો મર્મ સમજતો નહિ અને કોઈ કોઇ વાર જ્યારે તર્કપરંપરાએ પણ ચકુલાના એ ગૂઢાશયનો પાર પામી શકતો નહિ, ત્યારે તે ગુંચવાઇ જતો.

આજે તે એકલો કાંઇ ઉંડા વિચારમાં પોતાના વિચારભવનમાં બેઠો હતો. દ્વાર પાસે બે અંગરક્ષકો સિવાય નિકટમાં અન્ય કોઇ નહોતું. એટલામાં મગધ દેશનો કોઈ ચિત્રકાર ત્યાં આવ્યો અને ગુર્જરેશ્વરને મળવાની પોતાની ઇચ્છા અંગરક્ષકોને નિવેદન કરી. એક અંગરક્ષકે મૂળરાજની પાસે આવી, નમન કરી, ચિત્રકારના આગમન વિષે કહ્યું. મૂળરાજે તેને પોતાની પાસે આણવાની પરવાનગી આપી. માત્ર થોડીએક ક્ષણોમાં ચિત્રકાર મૂળરાજની સમીપમાં આવીને ઊભો રહ્યો ને ભૂમિને મસ્તક અરાડીને ત્રણ વાર મૂળરાજને વંદન કર્યું અને પછી કહ્યું: "અહો ગુર્જરેશ્વર! જ્યારે હું મારા વતન–મગધ દેશમાંથી નીકળ્યો ત્યારે મારાં ચિત્રપટો ગુર્જરેશ્વરની પાસે જઇ તેને બતાવવાનો મેં વિચાર કર્યો નહોતો, કારણકે તે સમયે ગુજરાતના ધણીની કીર્તિ અમારા દેશમાં સારી નહોતી; પરન્તુ હું જ્યારે માળવાધિપતિ મુંજરાજની રાજધાનીમાં આવ્યો, ત્યારે પાટણની ગાદીપર મૂળરાજ સોલંકી આવવાથી મુંજરાજના મંત્રીમંડળમાં ઇર્ષ્યાની પ્રસરી રહેલી મારા જાણવામાં આવી, મેં તત્સંબંધી પૃચ્છા કરી અને મારા જાણવામાં આવ્યું કે નવા ગુર્જરેશ્વર એક એવા પરાક્રમી અને કલાવિદ્ વીર પુરૂષ છે કે તેની સમીપે જવાથી મારી કળાનો યોગ્ય સત્કાર થયા વિના રહેશે નહિ. એ પ્રમાણે પરદેશમાં આપની સુકીર્તિનો ઘોષ શ્રવણ કરીને હું મારાં ચિત્રપટો સાથે આપની સેવામાં ઉપસ્થિત થયો છું."

પોતાના પડોશી માળવાધિપતિના મંત્રીમંડળમાં પણ પોતાનું નામ ઇર્ષ્યાનો વિષય થઈ પડ્યું છે, એવું જાણીને મૂળરાજને ખેદ નહિ પણ આનંદ થયો. તેના મુખમાં સ્વલ્પ સ્મિતે દર્શન દીધું અને પછી તેણે એક પછી એક ચિત્ર જોવા માંડયાં. ચિત્રપટ ખોલીને ચિત્રકાર મૂળરાજના હાથમાં મૂકતો અને પછી તે તે વિષેનું વર્ણન બોલવા લાગી જતો એટલે

મૂળરાજ ચિત્રના ભાવને બરાબર સમજી જતો. એવી રીતે ચિત્રપટો જોતાં 'કલહાન્તરિતા' નું ચિત્રપટ ચિત્રકારે મૂળરાજના હસ્તમાં મેલ્યું. મૂળરાજે તત્ક્ષણ પ્રશ્ન કર્યો: "નાયિકાઓના અન્ય ભેદોનું દર્શન કરાવનારાં કાંઇ ચિત્રપટો તારી પાસે છે?"

ચિત્રકારે ઉત્તર આપ્યો: "જી મહારાજ! નાયિકાઓના ભેદો તો કવિઓએ એક લાખ, છયાસી હજાર, છસો ને ચોત્રીશ કહેલા છે; પરન્તુ તેમાંના મુખ્ય આઠ ભેદોનું દર્શન કરાવનારાં આઠ ચિત્રપટો મારી પાસે હતાં. તેમાંનું 'સ્વાધીનપતિકા'[1] નું ચિત્રપટ અમારા મહારાજા મગધાધિપતિએ જ એક સહસ્ર સુવર્ણમુદ્રાઓ આપીને મારી પાસેથી લીધું. 'ખંડિતા'[2] નું ચિત્રપટ તિલંગાધિપતિ તૈલપદેવને બહુ ગમ્યું અને તેથી તે તેમણે મને એક મૂલ્યવાન્ રત્ન આપીને મારી પાસેથી ખરીદ્યું. 'અભિસારિકા'[3] ના ચિત્રપટનો ગ્રાહક તો માલવાધિપતિ મુંજરાજ કે અપરિણીત હોવા છતાં અતિરસિક અને વિલાસી છે તે જ થયો. 'વિપ્રલબ્ધા'[4] અને 'પ્રોષિતભર્તૃકા'[5] નાં બન્ને ચિત્રપટો સાંભરના મહારાજ વિગ્રહરાજ ચૌહાણે અતિ ઉલ્લાસથી ગ્રહણ કર્યા અને મને કેટલુંક દ્રવ્ય, પોશાક તથા અલંકારો આપ્યા. 'વાસકસજ્જા'[6] નાયિકાનું ચિત્રપટ કચ્છાધિપતિ લક્ષરાજે મને પોતાના દેશમાંથી નીકળતું સાત મણ રૂપું આપીને ખરીદ્યું અને 'ઉત્કા'[7] નું ચિત્રપટ પણ તેણે જ પોતાના એક મિત્ર સૌરાષ્ટ્રાધિપતિ રા' ગ્રહરિપુને ભેટ આપવા માટે મને બીજું એટલું જ દ્રવ્ય આપીને લીધું. હવે મહારાજ! આ એક માત્ર 'કલહાન્તરિતા'[8] નું ચિત્રપટ મારી પાસે અવશેષ રહ્યું છે. મારાં આઠે ચિત્ર-

---

૧ પતિને જ અધીન અને અનુકૂળ રહીને વર્તનારી સ્ત્રી. ૨ સપત્નીગામી પતિથી ત્યજાએલી ખિન્ન અને વિહ્વલ નારી. ૩ પતિને મળવાને સંકેતસ્થાને જનારી રમણી. ૪ વિરહિણી વનિતા. ૫ પતિના આગમનના માર્ગ તરફ સ્થિર દૃષ્ટિ રાખીને જોઇ રહેલી વિરહિણી વામાંગના. ૬ શય્યા બિછાવીને પતિના આગમનની રાહ જોઇ રહેલી સ્ત્રી. ૭ પતિના આગમનનો વાયદો વીતી જવાથી કાંઈક ખેદ અને નિરાશા અનુભવતી પરન્તુ કોઇની પાસે હૃદય નહિ ખોલી શકતી રમણી. ૮ સ્વામી સાથે કલહ કરીને વિખૂટી પડેલી પણ પછી પસ્તાતી.



કલહાંતરિતાનું ચિત્રપટ. (પૃષ્ઠ ૨૦૯)

પટોમાં એ ચિત્રપટ મને ઉત્તમ રીતે આલેખાએલું લાગે છે, છતાં કોણ જાણે શાથીએ એ ચિત્રપટ કોઇને ગમ્યું નથી! ઘણાં ઘણાં રાજ્યોમાં હું ફર્યો અને મારાં ચિત્રપટો સૌને ગમ્યાં, પણ આ મારૂં સુંદરમાં સુંદર ચિત્ર કોઇને ગમ્યું નહિ તેથી હું બહુ ખિન્ન થયો છું. હવે એ દુર્ભાગી ચિત્ર આપની પસંદગી પામે છે કે નહિ તે જોવાને હું બહુ ઉત્સુક છું."

મૂળરાજે કહ્યું: "એક વાર એ ચિત્રપટનો ભાવ કહે જોઇએ."

ચિત્રકાર બોલ્યો: "શ્રવણ કરો, મહારાજ!

*"શયનાલયમાં પતિ આવી ઊભા, રમણી ધરી રોષ દૂરે પળતી,
"નહિ ચુંબન, લોલન, પ્રાર્થનથી, નિજ રોષ ત્યજી પતિને ગમતી;
"નહિ માનતી માનિનીને અવલોકી સપત્નીની પાસ જતો જ પતિ,
"'અહિં આવો ભલે, હું મનાઉં" કહે રમણી, પણ તે વળતો જ નથી!"

મૂળરાજ એ શ્રવણ કરીને આનંદપૂર્વક બોલી ઉઠયો: "અહો! સત્ય છે! સ્ત્રીઓમાં એવી અવિચારિતા બહુ સામાન્ય હોય છે! પહેલાં અવિચારીપણે અનર્થ કરવો અને પછી એ અનર્થનાં ફળ ભોગવવાનો વખત આવે ત્યારે પશ્ચાત્તાપ કરવો, એવું સ્ત્રીઓમાં બહુ જોવામાં આવે છે. આ ચિત્ર પણ એ ભાવને કેવી સુંદર રીતે વ્યક્ત કરે છે?"

ચિત્રકાર બોલ્યો: "મહારાજ! આપે હમણાં કહ્યું એવી અવિચારિતા સ્ત્રીઓમાં હોય એ કાંઇ નવાઇ નથી, કારણકે પ્રભુએ સ્ત્રીઓના સ્વભાવમાં આઠ દોષો મૂકેલા છે તેમાં સાહસ અને મૂર્ખત્વ એ બે દોષોને યોગે ગમે તેવી ચતુર, સુલક્ષણી અને શાણી સ્ત્રી પણ અવિચારીપણે આચરે છે અને પછી પસ્તાય છે: તેટલા માટે જ લોકો કહે છે કે 'સ્ત્રીની મતિ પાનિયે' હોય છે."

મૂળરાજે જિજ્ઞાસાવૃત્તિ દર્શાવી: "શું કોઈ પણ સ્ત્રી એ નિયમને અપવાદરૂપ નીવડે તેવી નહિ હોય?"

"ન જ હોય, મહારાજ! જ્યાં બ્રહ્માએ સ્ત્રીનું નિર્માણ કરતી વેળાએ તેના સ્વભાવમાં જ એવા દોષો મૂકેલા છે, ત્યાં જગતમાં કોઇ પણ સ્ત્રી અપવાદરૂપ ક્યાંથી હોય?"

---

* ઇન્દ્રવિજય વૃત્ત.

"ઠીક છે, ઠીક છે, ત્યારે આ 'કલહાન્તરિતા'નું ચિત્રપટ મને જ ઉપયોગી છે. હું તેનો ગ્રાહક છું. તેનું મૂલ્ય તને કોષાધ્યક્ષ તરફથી આજે મળી જશે."

"મહારાજ! મારી કલાની કદર આપે કરી, તેથી જ મને જેટલો આનંદ થયો છે તેટલો મને બધાંએ ચિત્રપટોના દ્રવ્યથી હજીસુધી થયો નથી!"

ચિત્રકાર મૂળરાજને પુનઃ વંદન કરીને ચાલ્યો ગયો અને મૂળરાજ ચિત્રપટનું અવલોકન કરતો આનંદ પામવા લાગ્યો. કલહાન્તરિતાની છેવટની સ્થિતિ જોઇને મૂળરાજને દયા આવી નહિ, પરન્તુ તેને તેની અવિચારિતાનું ફળ ભોગવતી જોઇને તેને હસવું આવ્યું. એવામાં મંત્રીશ્વર જંબક કોઈ બે અતિથિઓને સાથે લઇને મૂળરાજની સમીપે આવી ઊભો. મૂળરાજે તેમની તરફ નજર કરી એટલે ઉભય અતિથિએ તેને વંદન કર્યું. જંબકે કહ્યું: "મહારાજ! કાશ્મીરના મહારાજા તરફથી આ સુભટ રણગજેશ્વર અને વિપ્રવર્ય ત્રિલોચનપ્રસાદ આપની પાસે આવ્યા છે. મહારાજાની સુશિક્ષિત અને સુસ્વરૂપા કુમારી રૂપકીર્તિનો વિવાહસંબંધ આપની સાથે બાંધવાની તેમની માંગણી છે અને આપ એ માંગણીનો સ્વીકાર કરશો એવી તે આશા ધરાવે છે."

મૂળરાજે સ્મિત કરીને કહ્યું: "કાશ્મીરાધિપતિ અમારા મિત્રવર્ય છે. તેમની કન્યા પણ અમારે સ્વીકાર્ય છે, પરન્તુ જંબકદેવ! લગ્ન કરવા વિષે હજી મેં મારા મનથી નિશ્ચય કર્યો નથી, તે તમે જાણો છો."

જંબક બોલ્યો: "મહારાજ! તે તો હું જાણું છું; પરન્તુ એક મિત્ર તરીકે આપને મારે એટલું કહેવું જોઇએ કે હવે આપે સહધર્મિણી વિના રહેવું એ યુક્ત નથી."

મૂળરાજે હસીને કહ્યું: "જંબકદેવ! તમે મારાથી નાના નથી, છતાં સહધર્મિણી વિના કેમ રહ્યા છો?"

"એ અકલ્પિત પ્રશ્ન આપે અત્યારે ક્યાંથી પૂછ્યો, મહારાજ? કોઇ વાર એકાંતમાં હું આપને એ પ્રશ્નનો ઉત્તર આપીશ."

એટલામાં તો ચઉલા ત્યાં આવી. મૂળરાજ ચઉલાની સાથે લગ્ન

કરવાની લાલચને હજી છોડી શક્યો નહોતો. ચઉલા કાશ્મીરાધિપતિની કન્યાના પ્રમાણમાં ઓછા રૂપવાળી હોય એ સંભવિત હતું, ચઉલાનો પિતા પણ એ પ્રમાણમાં ગરીબ લેખાય, વળી અત્યારે તો તેના પિતાની કોઇને ભાળ પણ હતી નહિ, છતાં ચઉલાના ગુણોનું આકર્ષણ એટલું બધું હતું કે જો ચઉલા આ ક્ષણે લગ્ન કરવાને સંમત થાય તો મૂળરાજ રૂપકીર્તિની દરકાર કરે નહિ! પણ ચઉલાને મનાવવી અથવા તેના હૃદયનો મર્મ સમજવો એ કામ કાંઈ સહેલું નહોતું. અત્યારસુધી ચઉલાને મનાવવાના સઘળા યત્નો નિષ્ફળ ગયા હતા. અત્યારે પુનઃ લગ્નનો પ્રશ્ન ઉપસ્થિત થયો અને તત્ક્ષણ કલહાન્તરિતાના ચિત્રપટ ઉપરથી મૂળરાજને સ્ત્રીઓના સ્વભાવની અવિચારિતાનો ખ્યાલ પણ આવ્યો હતો, તે ઉપરથી તેણે એક તર્ક કર્યો. તેણે વિચાર્યું કે ચઉલા એક 'માનિની રમણી' છે. લગ્ન કરવાનું તેનું મન છે, પરન્તુ બહુ માન–ભાવ ખાવાનો તેનો સ્વભાવ હોવાથી તે સહજમાં હા ભણતી નથી; તેટલા માટે જો રૂપકીર્તિ સાથેના લગ્નની વાત ચાલે તો ચઉલા પોતાના હાથમાંથી બાજી છટકતી જોઇને એકદમ હા ભણી જાય! ચઉલાના 'માનિનીત્વ'નો પરાજય આ રીતે જ કરવો–કલહાન્તરિતાના ચિત્રપટ ઉપરથી મળેલા પાઠનો ઉપયોગ એ રીતે જ કરવો તેવું મૂળરાજે મનમાં ધાર્યું. રોષધારિણી કલહાન્તરિતા છેવટે પતિને શોક્યના ગૃહ તરફ જતો જૂએ છે ત્યારે 'અહિં આવો ભલે, હું મનાઉં' એમ કહી અધીન બની જાય છે, તેવી જ રીતે મને અન્ય લગ્નસંબંધમાં જોડાઇ જતો જ્યારે ચઉલા જોશે, ત્યારે જ તે માનશે અને લગ્નનો સ્વીકાર કરશે, એવું મૂળરાજ પોતાના મનમાં સમજ્યો. ચઉલાને નજીક આવેલી જોઇને મૂળરાજે પોતે મનમાં ધારી રાખેલા પ્રયોગની શરૂઆત કરવા માંડી. તેણે કહ્યું: "જંબકદેવ! ચઉલાદેવીને પૂછો જોઇએ, તે શું કહે છે!"

એ વખતે કાશ્મીરવાસી વિપ્ર ત્રિલોચનપ્રસાદે રૂપકીર્તિનું ચિત્ર ચઉલાદેવીના હસ્તમાં મૂક્યું. ચઉલા તેમાં આલેખેલું સૌંદર્ય જોઇને વિસ્મય પામી ગઈ અને બોલી: "આ સુંદરી કોણ છે?"

જંબકે સઘળો વૃત્તાન્ત કહ્યો અને છેવટે પૂછ્યું: "આ સમસંબંધ સ્વીકારવો કે નહિ, તે વિષે મહારાજ તમારો અભિપ્રાય જાણવા ઇચ્છે છે."

મૂળરાજે અનુમાન કર્યું કે કદાચ આ અતિથિઓના સાન્નિધ્યમાં ચઉલા ખુલ્લા હૃદયનો અભિપ્રાય નહિ આપે, તેથી તેણે અતિથિઓને પાસેના ખંડમાં જવાનું સૂચન કર્યું. વિચારભવનમાં મૂળરાજ, ચઉલા અને જંબક રહ્યાં. ચઉલા બોલી: "મહારાજ! કાશ્મીરના મહારાજાની કન્યા, આવું સ્વરૂપ, સ્વરૂપ પ્રમાણે જ નામ અને આટલે દૂરસુધી માંગણી કરવા આવેલા પ્રતિનિધિઓ: એ બધું જોતાં મારે કોઇને માટે કશી ભલામણ કરવાની કે અભિપ્રાય ઉચ્ચારવાની જરૂર જ રહેતી નથી!"

"એટલે, મારે આ સંબંધ સ્વીકારી લેવો, એમ જ ને?"

"ખરેખર, એમ જ. સહધર્મિણી વિના રાજાના સઘળા મનોરથો અફળ જાય છે અને સઘળાં પરાક્રમો નિર્માલ્ય લેખાય છે. અને ઇંદ્રની અપ્સરા જેવી સુકુળવતી બાળાનું માગું આવે તે આપ જો ન સ્વીકારો, તો હું આપની સાથે અવશ્ય લઢવાડ કરૂં!" ચઉલાએ કહ્યું.

"બરાબર કહ્યું, ચઉલાદેવી! હું પણ હમણાં મહારાજને એમ જ કહેતો હતો! તમે મારા કથનને બરાબર પુષ્ટિ આપી છે. આ માગું સ્વીકારવામાં કાંઇ દીર્ઘસૂત્રિતા કરવાની જરૂર જ રહેતી નથી." જંબકે કહ્યું.

"જંબકદેવ! બોલાવો એ અતિથિઓને અને તેમનું શ્રીફળ સ્વીકારી લો. મહારાજની અનુમતિ છે! શુભ કાર્યમાં વિલંબ કરવો જોઇતો નથી!" ચઉલાએ ઉતાવળ કરવા માંડી.

મૂળરાજ તો ચઉલાના આ કથન ઉપરથી વિસ્મય પામી ગયો! તેણે ધાર્યું હતું કે ચઉલા એ સંબંધ અટકાવવાનો યત્ન કરશે, પરન્તુ તેવું કશું જણાયું નહિ અને તેથી ઉલટું તેણે એ સંબંધ સાંધવાને આગ્રહ કરવા માંડયો! તે બોલ્યો: "ચઉલાદેવી! એમ ઉતાવળ ન કરો; હજી કેટલોક વિચાર કરવાનો છે."

"એમાં શો વિચાર કરવાનો છે વળી? બીજ સોલંકી કાંઈ આ

સંબંધની ના કહેવાના નથી; અને તેમના વિના આ વિષે બીજા કોને પૂછવાનું છે?" ચઉલાએ એક દલીલ કરી.

એટલામાં બીજ પણ ત્યાં આવ્યો અને જંબક તથા ચઉલાએ સઘળો વૃત્તાન્ત તેને નિવેદન કર્યો. તેનો અભિપ્રાય પણ એ માગાનો સ્વીકાર કરવાનો થયો. પાસેના ખંડમાંથી તુરત જ રણગજેશ્વર અને ત્રિલોચનપ્રસાદને બોલાવવામાં આવ્યા અને બીજ સોલંકીએ તેમને કહ્યું: "કાલે પ્રભાતમાં કચેરી ભરીને તેની વચ્ચે તમારા માગાનો સ્વીકાર કરવાનું અને શ્રીફળ ગ્રહણ કરવાનું મહારાજે ઠરાવ્યું છે, માટે કચેરીની વેળાએ ત્યાં પધારજો."

"અસ્તુ. અમોને તથા કાશ્મીરાધિપતિને ગુર્જરેશ્વર મહારાજા મૂળરાજદેવે ઉપકૃત કર્યા છે. રાજકુંવરી રૂપકીર્તિ પરમ સદ્ભાગ્યશાળી જ લેખાશે કે તે આવા પરાક્રમી અને સદ્ગુણશાળી નૃપવર્યનાં સહધર્મિણી થશે!"

મૂળરાજ મૌન બેસી રહ્યો અને આ સર્વ વિધિ થઇ ગયો! રૂપકીર્તિની સાથે મૂળરાજનું ભાગ્ય જડાઈ ચૂક્યું! જંબક, બીજ અને ચઉલા એ ત્રણેના એક જ અભિપ્રાયની સામે તેનાથી બોલી શકાયું નહિ અને વિશેષ તો તે ચઉલાના વર્તનની વિચિત્રતા જોઇને દિઙ્મૂઢ બની ગયો હતો! તેણે કેવળ નહિ કલ્પેલો જ એ પ્રકાર બન્યો હતો અને તેથી પુનઃ એ પ્રશ્ન મૂળરાજનું મન હચમચાવી રહ્યો કે "ચઉલાના હૃદયનો ખરો મર્મ શો હશે?"

કલહાન્તરિતાના ચિત્રપટે શીખવેલો પાઠ અફળ ગયો! સ્ત્રીઓની બુદ્ધિ પાનીયે હોય છે અર્થાત્ એક વાર અનર્થ કરીને પછી સ્ત્રીઓ પસ્તાય છે—એવી અવિચારિતા તેઓના સ્વભાવમાં જ જડાએલી હોય છે, કોઇ પણ સ્ત્રી એ નિયમને અપવાદ રૂપ હોતી નથી, એવું જે શિક્ષણ મગધદેશવાસી ચિત્રકાર મૂળરાજને આપી ગયો હતો, તે શિક્ષણ પણ ચઉલાના અત્યારના વર્તને મૂળરાજને કેવળ નિર્મૂલ્ય સિદ્ધ કરી બતાવ્યું હતું!

પરિચ્છેદ ૫ મો.

સન્નિધ છતાં દૂર !

"પ્રિય મિત્ર જંબક ! તેં તો મને લગ્નના બંધમાં નાંખ્યો; પરન્તુ તું હજી કેમ નિરંકુશ રહ્યો છે, તે હવે કહે." મૂળરાજના લગ્નનો વાગ્દાનવિધિ થઇ ચૂક્યા પછી એક વાર એકાન્તનો પ્રસંગ સાધીને મૂળરાજે પોતાના મંત્રીશ્વરને કહ્યું. અન્ય સ્થળે અને અન્ય પ્રસંગે મૂળરાજ જંબકને યોગ્ય માનપૂર્વક બોલાવતો હતો, પરન્તુ એકાંતમાં તો ઉભય સહૃદય મિત્રોની પેઠે જ વર્તતા હતા, તેથી જ મૂળરાજે જંબકને ઉપર્યુક્ત પ્રશ્ન પૂછ્યો હતો.

જંબકે જવાબ આપ્યો: "મહારાજ ! હું એક મોટા ધર્મસંકટમાં આવી પડયો છું. પેલી પઉમાને તો આપ ઓળખો છો. તે બીલ્હણની ઠગાઇથી મારા નામ અને છબિ પાછળ આકર્ષાઇને ચાંપાનેરથી પાટણમાં આવી છે. મેં જોયું છે કે દેવપૂજામાં તે મારી છબિને પણ રાખીને તેનું પૂજન કરે છે! તેના હૃદયનો ભાવ હું સમજી શકતો નથી તેમ જ એકવાર તેને મેં પૂછ્યા છતાં તેણે પોતાનો ભાવ સ્પષ્ટ પણ કર્યો નથી ! હું લગ્ન કરવા તૈયાર છું, ઘણાં કહેણો, સૂચનો, ભલામણો, લાગવગો અને પ્રાર્થનાઓ રોજ ને રોજ, રાત ને દહાડો અનેક સન્માનિત પુરૂષો તરફથી થયાં કરે છે, પરન્તુ જ્યાંસુધી પઉમાના હૃદયનો ભાવ હું જાણું નહિ, ત્યાંસુધી ક્યાંય હું વાગ્દાનથી બંધાઇ જવા ઇચ્છતો નથી. કદાચ તે મારાપર પતિભાવ ધરાવીને મારી છબિની પૂજા કરતી હોય, તો પછી મારે તેને નિરાશ કરવી જોઇએ નહિ, એટલું જ નહિ પણ તેના સદ્ગુણો તથા સદાચારથી તે બાળા અનાથ હોવા છતાં મને અતિપ્રિય છે. પરન્તુ એ પ્રકારનો પ્રશ્ન તેને પૂછવાની ધૃષ્ટતા હું કરી શકતો નથી અને તેથી મેં કશો દઢ વિચાર હજીસુધી કર્યો નથી."

"પઉમા ! અહો, એ બાળાના ઉપકારનો હું પણ પાર પામી શકું તેમ નથી, જંબક ! એ બાળાને જેવી રીતે મેં જીવિતદાન દીધું હતું,



પદ્માની દેવપૂજા જોઈને ચૌલાને ગાઢ આનંદ સાથે આશ્ચર્ય થયું. (પૃષ્ઠ ૨૭૫)

તેવી જ રીતે તેણે મને પણ જીવિતદાન દીધું છે, એ હું કેમ ભૂલી જ-ઇશ? એ બાળાને નિરાશ નહિ કરવાને તું ભલે મોડો પરણે–હું ખુશ છું–તેથી હવે હું તને ઉતાવળે પરણવાનો આગ્રહ નહિ કરૂં; જોકે તેં જેવી રીતે મને ઉતાવળે લગ્નની બેડીમાં પાડયો છે, તેવી રીતે તને પણ એ બેડીમાં ગોંધવાને ઉતાવળ કરવાનો અત્યારે મેં મારા મનથી નિશ્ચય કર્યો હતો અને તેટલા સારૂ જ અત્યારે મેં તારી સાથે વાત છેડી હતી."

જંબક બોલ્યોઃ "આપની કૃપા અપાર છે; પરન્તુ મારો પવિત્રાશય આપે જાણ્યો અને મને પુષ્ટિ આપી તેથી મારા મનનો ભાર પણ હવે બહુ હલકો થઇ ગયો."

બન્ને જણ ત્યારપછી થોડી પ્રાસ્તાવિક વાતચીત કરીને છૂટા પડ્યા. તે જ સાંજે મૂળરાજે વાતચીતના પ્રસંગમાં જંબકના હૃદયની વાર્તા ચ-ઉલાને કહી. **समानशीले व्यसनेषु सख्यम्** એ ન્યાયે ચઉલા અને પઉમા વચ્ચેનો પરિચય ધીમે ધીમે વૃદ્ધિંગત થયો હતો, કારણકે ઉભય બાળાઓ સરલ સ્વભાવની અને સદ્‌ગુણવતી હતી અને ઉભય પાટણમાં માતાપિતા વિનાની, અનાથ અને રાજ્યાશ્રયે આવીને રહેલી હતી. છતાં ચઉલાનો પ્રતાપ રાજ્યમાં એટલો વિશેષ હતો કે તેને કોઇ અનાથ સમજતું નહિ ત્યારે પઉમા તરફ સૌની દયા ખેંચાતી. ચઉલાએ મૂળરાજ પાસેથી જંબકના હૃદયનો મર્મ જાણી લઇને બીજે જ દિવસે બીજ સોલંકીના મહાલયે પઉમા પાસે જવાનું ઉચિત માન્યું. ચઉલાએ જતાં વાંત જ જોયું કે પઉમા માત્ર એક રેશમી વસ્ત્ર પહેરી, ધૂપદાનીમાં ધૂપ કરી, ઘીનો દીવો, કરી. શાંતિ-પૂર્વક દેવપૂજામાં ચિત્ત પરોવી રહી છે. પઉમાની દેવપૂજા જોઇને ચઉલાને સહજ આનંદ સાથે આશ્ચર્ય થયું. પરંતુ એ શું?! ચઉલાએ ઓરડાની અંદર જઇને જોયું તો પઉમાની આંખોમ અશ્રુધારા વરસી રહી હતી! દેવમૂર્તિઓમાં જંબકની છબિ પણ શોભી રહી હતી અને દેવમૂ-ર્તિઓની સાથે એ છબિને પણ પુષ્પમાળ ધારણ કરાવી હતી! ચ-ઉલા આવી વિલક્ષણ દેવપૂજા, વિલક્ષણ હૃદયભાવ, વિલક્ષણ અશ્રુમોચન એ સઘળું જોઇને પઉમાની સામે દિઙ્મૂઢતાથી જોતી જ ઊભી રહી!

થોડી વારમાં પદ્માની દેવપૂજા પૂરી થઇ અને તેની દૃષ્ટિ ચઉલા તરફ ખેંચાઇ. ચઉલાને જોતાં જ પોતાની આંખોમાંનાં આંસુ લૂછતી, લજ્જાથી સંકોચાતી તે ઊભી થઈ ગઈ અને બોલી: "ચઉલાદેવી! તમે અહીં ક્યાંથી?"

"તમારાં આંસુ લૂછવા આવી છું બ્હેન! તમને એવું કેવું દુઃખ છે કે દેવપૂજા કરતાં તમારી આંખોમાંથી અસ્ખલિત અશ્રુધારા વહી જાય છે?"

પદ્મા ઉત્તરમાં માત્ર હસી અને બોલી: "બ્હેન! મારાં આંસુ તમે કેવી રીતે લૂછશો? અનાથનાં આંસુ લૂછવાનું કાર્ય કાંઇ સહેલું નથી—ઘણી વાર પ્રભુ પણ એ આંસુ લૂછી શકતો નથી!"

"એ સત્ય છે, પરન્તુ તમારી દેવપૂજા જોઇને મારૂં હૃદય એટલું વિદીર્ણ થઈ ગયું છે કે કોઇ પણ રીતે તમારાં આંસુ લૂછ્યા વિના મને ચેન પડશે નહિ." ચઉલા બોલી.

"આપની સહાનુભૂતિ માટે હું ઉપકૃત છું; પરન્તુ આપનો એ અભિલાષ વ્યર્થ છે." પદ્માએ કહ્યું.

"પણ એક વાર તમારે તમારૂં મનોદુઃખ કહેવું જોઇશે."

"મારૂં મનોદુઃખ અનિવાર્ય છે. તે તમને કહીને હું દુઃખી શામાટે કરૂં?"

"ઘણી વાર દુઃખથી અકળાએલાને પોતાનું દુઃખ અનિવાર્ય દેખાય છે. પણ અન્યને તે નિવાર્ય જણાય છે."

પદ્મા હસીને બોલી: "ત્યારે મને આકાશમાંનો ચંદ્ર જોઇએ છે, તે તમે લાવી આપશો?"

"શ્રી કૃષ્ણને ચંદ્ર જોઇતો હતો તે યશોદાએ આણી આપ્યો હતો."

"પણ શ્રી કૃષ્ણ તો બાળક હતા, તેથી યશોદા તેમને દર્પણમાં ચંદ્ર બતાવીને રીઝવી શક્યાં હતાં; હું કાંઈ બાળક નથી."

"દુઃખી મનુષ્યની શક્તિ બાળક કરતાં ઓછી હોય છે; બાળકની બુદ્ધિ જેટલું કાર્ય કરી શકે છે, તેટલું કાર્ય દુઃખી મનુષ્યની બુદ્ધિ નિપજાવી શકતી નથી."

"બ્હેન! ખરેખર, તમારી સાથેના વિવાદમાં હું જીતી શકું તેમ નથી!"

"વિવાદમાં વ્યર્થ કાળક્ષેપ કરવો છોડીને હું પૂછું તે પ્રશ્નોના ઉત્તર આપો."

"પૂછો–કહેવા જેવું હશે તે કહીશ."

"પહેલાં તો કહો–તમારી દેવપૂજામાં આ મંત્રીશ્વરની છબિ શામાટે?"

"તે છબિ મારી પાસે કેવી રીતે આવી તે તો તમે જાણતાં હશો."

"હા, તે હું જાણું છું, પણ તે છબિની પૂજા અને માળારોપણ ઇત્યાદિ વિધિનો મર્મ તમારે મને સ્પષ્ટ જણાવવો જોઇશે."

એ પ્રશ્નનો ઉત્તર આપતાં પહેલાં પદ્માનાં નેત્રો પુનઃ સજળ બની ગયાં. તે બોલી: "ચઉલા બ્હેન! મારા સરખી અનાથિની બાળાનું મનોદુઃખ એ રીતે તાજું કરવાથી તમને શો લાભ થવાનો છે? તમારો આગ્રહ છે, તો હું એ વાર્તા તમને કહીશ—પણ—" પદ્માનું હૃદય ભરાઇ આવ્યું. તે બોલી શકી નહિ.

ચઉલાએ પદ્માના સ્કંધ ઉપર હાથ મૂક્યો અને પૂછ્યું: "બ્હેન! ગભરાટનો ત્યાગ કરીને એક વાર સઘળી વાત કહી નાંખો: અન્યની સમીપે મનોદુઃખ કહી સંભળાવ્યા વિના હૃદયના દુઃખનો ભાર ઓછો થતો નથી."

"ચઉલાદેવી! જંબકદેવનું નામ, કીર્તિ અને છબિથી આકર્ષાઇને છતાં ઠગાઇને જ હું પાટણમાં આવી હતી. જંબકદેવના ગુણોએ મારા હૃદયનું વિશેષ આકર્ષણ કર્યું અને જેના નામને જપતી હું પાટણમાં આવી હતી તે જ નામને હું મારો આત્મા–તેની ઇચ્છા–અનિચ્છા જાણ્યા વિના–સમર્પણ કરી ચૂકી. કદાચ મારા પર તેમનો પ્રેમ ન ઉતરે, તોપણ તેમની સેવા એ જ મારે મન પ્રભુસેવા સમજીને હું તેમનું દાસીપદ અંગીકાર કરૂં, તો મારૂં જીવન સફળ થાય એવું હું સમજતી હતી. જંબકદેવની સરલતા, ન્યાયવૃત્તિ અને સદાચાર ઉપર મને એટલો વિશ્વાસ હતો કે તે મને પત્ની તરીકે અંગીકારશે એમ હું માનતી હતી,

અને તેથી મેં તેમની છબિને દેવસેવામાં પધરાવી હતી તથા આત્મ-સમર્પણપૂર્વક તેનું પૂજન કરવા માંડયું હતું. પરન્તુ ચઉલા બ્હેન! મહારાજાએ તેમને મારા હાથમાંથી ખૂંચવી લીધા છે!"

"એ શું કહ્યું? મહારાજાએ તમારા હાથમાં જંબકદેવને કેવી રીતે ખૂંચવી લીધા?"

"મહારાજાએ તેમને મંત્રીશ્વર બનાવ્યા છે અને સેંકડો સુકુળવતી કન્યાઓ મંત્રીશ્વરની પત્ની થવાને તત્પર થઇ રહી છે: ત્યાં હું અનાથને કેવળ નિરાશ થઇને મૌન બેસી રહેવાનું જ અવશેષ રહ્યું છે! તે મને પરણશે નહિ—પરણી શકે પણ નહિ: મંત્રીશ્વર જેવા પદવીધરને માટે મારા જેવી અનાથિની બાળા અયોગ્ય જ કહેવાય—તેમની પદવીને મારાથી અવશ્ય ઝાંખપ લાગે: મેં તેમની અભિલાષા હવે છોડવા માંડી છે પણ મારો આત્મા એ અભિલાષાને છોડી શકતો નથી: મનથી તો હું તેમને જ વરી ચૂકી છું—હવે મને બીજું લગ્ન કર્તવ્ય નથી; પણ નિર્બળ મન કોણ જાણે શાથી—નિરાશાથી ઘેરાયા છતાં શાંત રહી શકતું નથી અને તેથી જ્યારે જ્યારે હું દેવપૂજા કરૂં છું, તેમની છબિને માળા પહેરાવું છું, ત્યારે ત્યારે મારાં નેત્રો સજળ બની જાય છે! એક માર્ગ હવે મને સૂજે છે, બ્હેન! તે એ છે કે જંબકદેવને મારે વિનતિ કરવી કે તમે હરકોઈ અન્ય કન્યા સાથે પરણો, પરન્તુ મારી સેવાનો સ્વીકાર કરીને મારા જીવનને અફળ જતું અટકાવવા માટે મારો હસ્ત ગ્રહણ કરી મને દાસીની પદવી આપો!" એટલું કહીને પઉમાએ પોતાના હૃદયનો ભાર ખાલી કર્યો.

ચઉલા ઉતાવળે બોલી ઉઠી: "કેવી વિચિત્રતા? સન્નિધ છતાં દૂર!

"પતિ મનથી સતીને ભજે,
"સતી સ્મરે નિજ કંથ,
"પતિ સતીની સમીપે વસે,
"પણ અકલિત હૃદ-પંથ!"

પઉમાએ આશ્ચર્યથી પૂછ્યું: "એટલે?"

"એટલે એમ કે, હું ખરેખર તમારાં આંસુ લૂછવા આવી છું!

પઉમાદેવી ! હું તમને વધામણી આપવા આવી છું કે જંબકદેવે ઉલ્લાસપૂર્વક તમારો પત્ની તરીકે સ્વીકાર કર્યો છે : તેમને મન અનેક સુકુળવતી, સ્વરૂપવતી, ધનવતી અને સુશિક્ષિત કન્યાઓ કરતાં તમે જ માત્ર અધિક છો : તે માને છે કે મંત્રીશ્વરની પત્નીની પદવીને યોગ્ય પણ તમે જ છો, તમારા સદ્ગુણોએ અને સેવાવૃત્તિએ એ વિદ્વાન્—ન્યાયી વિપ્રવર્યને જીતી લીધા છે અને તમારી અત્યારસુધીની નિરાશા માત્ર મનઃકલ્પિત છે !"

"ચઉલા બ્હેન ! તમે મારી હાંસી કરો છો ?"

"તમારી મૂર્ખતાની તો હાંસી કરૂં છું ખરી ! અત્યારસુધી તમે તમારો હૃદયભાવ કોઇને સ્પષ્ટ કર્યો હોત તો તમને આટલું મનોદુઃખ વેઠવું ન પડત અને જંબકદેવને પણ અકળાવું ન પડત !"

"તેમને અકળાવાનું શું પ્રયોજન હોય ?"

"ઉભયનું પ્રયોજન એકસરખું જ હતું. તમારા દિલનો મર્મ જાણ્યા વિના તે તમારા હસ્તની માંગણી કરવાના કાર્યને ધૃષ્ટતા સમજતા હતા અને તમે મંત્રીશ્વરની પત્નીના પદની અભિલાષાને આકાશમાંનો ચંદ્ર મેળવવાની ઇચ્છાતુલ્ય અયોગ્ય માનતાં હતાં ! તેટલા માટે જ હું કહું છું કે તમે ઉભય સન્નિધ છો, છતાં હૃદયના મર્મના અજ્ઞાનને કારણે દૂર રહ્યાં છો !"

"હું પ્રભુનો ઉપકાર માનું કે તમારો ? પણ અરે, હજીએ મારી આંખોમાંથી આંસુ કેમ વહી જાય છે ?" પઉમા સસ્મિત વદને બોલી.

"એ આંસુ હું લૂછવાની નથી—બ્હેન ! એ હર્ષનાં આંસુ છે ! એ આંસુનો વેગ તો હજી વધશે ! અત્યારે જ મહારાજની પાસે જઇને હું કહું છું કે આવતી અક્ષયતૃતીયાને દિવસે આપનાં લગ્ન થવાનાં છે તો તે સાથે ભલે મંત્રીશ્વરનાં લગ્ન પણ થઇ જાય !"

પઉમા લજ્જાવનત વદને એ કર્ણરોચક શબ્દો સાંભળી રહી. એવા થોડા વધારે આનંદદાયક શબ્દો ચઉલા સંભળાવે તો સારૂં, એવી પઉમાની ઇચ્છા હતી, પરન્તુ ચઉલા આ આનંદજનક વર્તમાન મૂળરાજને

અને જંબકને સંભળાવવા જવાને અધીરી બની ગઇ હોવાથી ત્યાં વધારે વિલંબ નહિ કરતાં સત્વર મ્યાનામાં બેસીને ચાલતી થઈ.

* * * *

ચઉલાએ પહેલાં મૂળરાજને સર્વ વાર્તા નિવેદન કરી ત્યારે તે બહુ જ આશ્ચર્ય પામ્યો. તેને આનંદથી હસવું આવ્યું અને પઉમાના સરળ–શ્રદ્ધાશીલ–પવિત્ર હૃદયની દયા પણ આવી. પોતાના મંત્રીશ્વરની પત્ની ભલે એ અનાથ બાળા થાય, પરન્તુ એ પદવીને એવી સુશીલ બાળા જ વધારે શોભાવશે તથા જંબકને સંસારમાં સુખી બનાવશે એમ તેણે નિશ્ચિતપણે માન્યું. જંબકે એ વાર્તા જાણી ત્યારે તેને પણ સંતોષ તથા આનંદનો અનુભવ થયો. અક્ષયતૃતીયાના સુમુહૂર્તપર રાજા અને મંત્રીશ્વર ઉભયનાં લગ્ન પાટણમાં જ થયાં. રૂપકીર્તિ કાશ્મીરમાંથી આવીને મૂળરાજના અંતઃપુરની નિવાસિની બની અને પઉમા મંત્રીગૃહ-નિવાસિની બની.

પરિચ્છેદ ૬ ઠો.

મૂળરાજનો પ્રતાપ.

ચાવડાઓના વખતમાં ગુજરાતમાં જેવો શિથિલ રાજ્યકાર્યભાર ચાલતો હતો, તેવો જ તેજસ્વી રાજ્યકાર્યભાર હવે મૂળરાજ સોલંકીના વખતમાં ચાલવા લાગ્યો. તે ગાદી ઉપર આવતાં જ કેટલાંક નાનાં રાજ્યોના અધિપતિઓ સ્હેજ ખાઈ ગયા હતા અને ગુર્જરેશ્વરથી સ્વતંત્ર થવાની તૈયારીમાં જેઓ હતા, તેઓ તે વિચાર માંડી વાળીને પુનઃ પુનઃ પાટણમાં આવી મૂળરાજ પાસે પોતાની રાજનિષ્ઠા જાહેર કરી રહ્યા હતા. ખેરાળુનો રાજા જેહુલ કે જેણે સામંતસિંહના વખતમાં વિરૂદ્ધતા બતાવી હતી અને મૂળરાજે જેની પાસેથી દંડ લીધો હતો, તે તો હવે મૂળરાજના અંગરક્ષક જેવો બનીને વર્ષના ૭ માસસુધી પાટણમાં જ પડયો રહેતો હતો! તે પ્રમાણે પડોશના સ્વતંત્ર રાજ્યાધિકારીઓ પણ

મૂળરાજ પ્રત્યેનો સદ્‌ભાવ બતાવવાને પ્રસંગોચિત ભેટો ગુર્જરેશ્વરના દરબારમાં પોતાના પ્રતિનિધિઓ સાથે મોકલ્યા કરતા હતા. કાશ્મીરાધિપતિની સ્વરૂપવતી કન્યા રૂપકીર્તિ સાથેના મૂળરાજના લગ્ન પછી તો તેના પ્રતાપમાં મોટો વધારો થયો હતો અને સઘળા દેશોમાં મૂળરાજના નામની હાક વાગી રહી હતી.

રૂપકીર્તિનું સ્વરૂપ, લાવણ્ય, વિદ્યા, વિનય ઇત્યાદિ ગુણોએ મૂળરાજના હૃદયનું સારી પેઠે આકર્ષણ કર્યું. ચઉલાને પ્રાપ્ત કરવા જતાં અકસ્માત્ રૂપકીર્તિનું પાણિગ્રહણ તેને કરવું પડયું હતું, પરન્તુ તેથી મૂળરાજને અસંતુષ્ટ થવા જેવું લાગ્યું નહિ. છતાં ચઉલાની ચતુરાઇ રૂપકીર્તિમાં નહોતી! મૂળરાજ રૂપકીર્તિના ભુવનમનોહર સ્વરૂપને જોઇને અંજાતો, પરન્તુ તેનો પરિચય તેને ચઉલાના જેવો હૃદયમનોહર લાગતો નહિ! રૂપકીર્તિ વિલાસી વૃત્તિથી ભરેલી હોવાથી મૂળરાજને અંતઃપુરમાંથી બહુ વાર બહાર રહેવા નહિ દેવાનો યત્ન કરતી હતી અને મૂળરાજને એવા પ્રેમપૂર્ણ હૃદયનો સત્કાર બહુ મધુરો લાગતો, પરન્તુ ચઉલાને પ્રાપ્ત કરવાની લાલસાનો તે ત્યાગ કરી શકતો નહિ! તરલ નેત્રો અને સલજ્જ કપોલપ્રદેશયુક્ત એ સસ્મિત વદનકમળ ઉપર જ્યારે મૂળરાજની દૃષ્ટિ પડતી ત્યારે તેને પરિપૂર્ણ તુષ્ટિનો અનુભવ થતો. ચઉલા રૂપકીર્તિની સખી બની હતી અને તેથી તે સહેલાઇથી રાજા–રાણીના પરિચયમાં રહી શકતી હતી તથા મૂળરાજની સેવાનો ભાર જે તેણે માથે ઉઠાવ્યો હતો તે તે બજાવી શકતી હતી. પ્રારંભમાં રૂપકીર્તિને ચઉલાની એવી પ્રતાપશાલિતાની ઈર્ષ્યા આવવા લાગી હતી, પરન્તુ જેમ જેમ ચઉલાનો વિશેષ પરિચય તેને થવા લાગ્યો હતો, તેમ તેમ તેના પવિત્ર હૃદયભાવને તે પિછાણી શકી હતી અને તેના હૃદયમાંની ઇર્ષ્યાનું સ્થાન પ્રશંસાએ લીધું હતું.

ચઉલાએ મૂળરાજને અનેક ગૂઢ–માર્મિક વચનોદ્વારા શિખામણ આપી હતી અને એ વચનો ઘણી વાર મૂળરાજના મગજમાં ઉપસ્થિત થઇ આવતાં, ત્યારે તેને ચઉલાની અનુપમ બુદ્ધિ તથા દીર્ઘ

દૃષ્ટિનું ભાન થયા વિના રહેતું નહિ. "ભાણુભા! બહારના શત્રુઓનો પહેલાં નાશ કરો" એ શબ્દોને પણ મૂળરાજ વિસરી ગયો નહોતો. જે નાનાં રાજ્યોમાં ચાવડાઓની આણ ફરતી હતી, તેઓ સામંતસિંહની નિર્બળતા તથા બેદરકારીનો લાભ લઇને સ્વતંત્ર થવા ઇચ્છતાં હતાં, પરન્તુ મૂળરાજે તેમને બરાબર કબજામાં રાખ્યાં હતાં; હવે ગાદીપર આવ્યા પછી મૂળરાજે તેમની ખંડણીની ફેરતપાસણી કરી અને ગુર્જરેશ્વર પ્રત્યેની તેમની ફરજોનું સ્પષ્ટ નિદર્શન કરનારા પત્રો પોતાના પ્રતિનિધિદ્વારા પહોંચડાવ્યા. મૂળરાજના પ્રતાપનું સારી પેઠે જ્ઞાન ધરાવનારાં રાજ્યોએ મૂળરાજની સત્તાને કબૂલ રાખી અને સ્વતંત્ર થવાનો મિથ્યા પ્રયત્ન કરવાનું બંધ જ રાખ્યું. તે જ પ્રમાણે સ્વતંત્ર રાજાઓ પ્રત્યે મૂળરાજે પોતાના રાજ્યારોહણ પ્રત્યે સંમતિ દર્શાવનારા ઉત્તરોની અપેક્ષાએ પોતાના પ્રતિનિધિઓદ્વારા પત્રો પહોંચતા કર્યા. અંગ દેશના રાજાએ, પાંડુ દેશપતિએ, દેવગિરિના રાજાએ, કોલ્હાપુરના અધિપતિએ, લાટેશે, કાશ્મીરના મહારાજાએ, અચળગઢના પરમાર રાજાએ, મારવાડના અધિપતિએ, શીલપ્રસ્થના રાજાએ વગેરે સ્વતંત્ર રાજ્યાધિપતિઓએ પણ મૂળરાજ પ્રત્યે મિત્રભાવ પ્રકટ કર્યો. પરન્તુ સાંભરનો રાજા વિગ્રહરાજ, માળવાધિપતિ મુંજરાજ, સૌરાષ્ટ્રાધિપતિ રા' ક્વાટ, કચ્છાધિપતિ લાખો, તિલંગાધિપતિ તૈલપદેવ, ઇત્યાદિ કેટલાકોએ એવો મિત્રભાવ દર્શાવ્યો નહિ, એટલે મૂળરાજે તે રાજાઓથી ચેતીને ચાલવાનો પોતાના મનથી નિશ્ચય કર્યો. તે તે રાજાઓ સાથે એકદમ યુદ્ધમાં ઉતરીને તેમને નમાવવાનો મૂળરાજનો ઇરાદો નહોતો, પરન્તુ બહારના શત્રુઓ પણ ઉપેક્ષા કરવા જેવા હોતા નથી એવું મૂળરાજને સમજાઈ આવ્યું.

મૂળરાજના રાજત્વનાં શરૂઆતનાં વર્ષ એ પ્રમાણે રાજ્યને સુવ્યવસ્થિત કરવામાં ગયાં. વનરાજના મરણ પછી ચાવડાઓનું ધીમે ધીમે અધઃપતન થયા કર્યું હતું અને ગુર્જરેશ્વરની આસપાસ વિરોધનાં અનેક જાળાંઓ બંધાઈ ગયાં હતાં, તે જાળાંઓ કાપી નાંખવાને મૂળરાજને તથા તેના મંત્રીશ્વર જંબકને બહુ પરિશ્રમ લેવો પડયો. કેટલાંક વર્ષો-સુધી તેને રાજ્યની સીમાની બહાર માથું મારવાની નિરાંત મળી નહિ.

મૂળરાજના પ્રતાપશાળી તથા ન્યાયી રાજ્યવહીવટથી પ્રજામાં કોઈ પણ તેના શત્રુરૂપ રહ્યું નહિ. જે ચાવડાઓને એક વાર પોતાના સગોત્રીય રાજાના હાથમાંથી રાજ્ય ઝુંટવી લેનાર સોલંકીઓ ઉપર ખાર આવતો હતો, તેઓ પણ મૂળરાજના રાજ્યથી ધીમે ધીમે એટલા સંતુષ્ટ થયા કે તેઓ પૂર્વના વિરોધના પ્રસંગોને વિસરી જઇને રાજ્ય તથા રાજા સાથેના પોતાના સંબંધને દૃઢતર બનાવવામાં ઔચિત્ય સમજવા લાગ્યા. ભાટીરાણી અને અહિપત સોહણરાજના અંગરક્ષકત્વ નીચે ભાટી રાજ્યમાં ગયાં તે ગયાં જ. તેઓ પાટણમાં પાછાં આવી શક્યાં નહિ, કે રાજ્યગાદીને માટે દાવો કરવાની હિંમત પણ ધારણ કરી શક્યાં નહિ. જેસલ પાટણ છોડીને ગયો તે પુનઃ ક્યાંય દેખાયો જ નહિ. જસપાલ નાસી ગયા પછી તેના કુટુંબને મૂળરાજે કશી હરકત કરવાની ધારણા રાખી નહોતી, પરન્તુ તેનું કુટુંબ પાટણમાંથી ક્યારે નાસી ગયું તે કોઇએ જાણ્યું નહિ. એ પ્રમાણે મૂળરાજના સઘળા શત્રુઓ વિરામ પામી ગયા અને ઘરના શત્રુઓનું નામ નિશાન પણ નહિ રહેવાથી તેને કશું બ્હીવા જેવું કે ચિંતા કરવા જેવું રહ્યું નહિ.

પરિચ્છેદ ૭ મો.

ચઉલાનો ગૂઢ જીવનમંત્ર શું?

એક પ્રહર રાત્રિ વીતી ગઇ છે. મૂળરાજ રાત્રિભોજન કરી, તાંબુલ ભક્ષણ કરતો, અંતઃપુરની બાજુએ આવેલી વિશાળ આકાશિકામાં સુખાસનપર પડયો છે અને બાજુમાં રેશમી ગાલીચા ઉપર બેઠેલી રૂપકીર્તિ તથા ચઉલાદેવી સાથે વિનોદવાર્તામાં સમય વીતાડી રહ્યો છે. શુક્લ પક્ષની રાત્રિ હોવાથી ચંદ્રનું અજવાળું પડી રહ્યું છે, છતાં સુખાસનની બન્ને બાજુએ સુગંધિત તેલના દીપકોની મોટી રૂપેરી દીવીઓ લાવી દાસીઓએ ગોઠવી દીધી છે અને તેથી આકાશિકા સુવાસિત તથા પ્રકાશિત બની રહી છે. દીપકોને દોલાયમાન કરતો પરન્તુ દૂરથી વાટિકામાં વિકસેલાં

પુષ્પોના પરાગને પ્રસરાવતો મંદ વાયુ વહન કરી રહ્યો છે. ઘડી ભરાઇ રહેતાં તેના સમાચાર પહોંચાડનારો ઘંટ પ્રહરીઓ વગાડે છે, પરન્તુ તેની સાથે ગજશાળામાં મદમત્ત હાથીઓ મસ્તક ડોલાવીને તેમને કંઠે બાંધેલા રૂપાના ઘંટાના એવા નાદ કરે છે કે તે બન્નેમાંથી ઘડીઓના નાદને અને ઘંટાના નાદને બરાબર ઓળખી શકાતા નથી: આ ભ્રમણામાં રાત્રિ વ્યતીત થતી જતી હોવાનું ભાન પણ મૂળરાજને રહ્યું નથી અને તે વિનોદવાર્તામાં મશગુલ બની રહ્યો છે.

ઘણી વાર પછી—વાર્તાલાપના અનેક પ્રસંગો નીકળી ચૂક્યા પછી મૂળરાજે પૂછ્યું: "ચઉલાદેવી! સાંભરે છે કે? એક વાર આ જ આકાશિકામાં અંધકારની વચ્ચે મને તમારો પ્રથમ પરિચય થયો હતો અને એ પરિચયે મારા મગજ ઉપર એવી અસર નીપજાવી હતી કે જેથી આજે હું ગુર્જરેશ્વર બની શક્યો છું!"

ચઉલાએ હસીને ઉત્તર આપ્યો: "મારી પ્રશંસા કરી કરીને તો તમે પંદર વર્ષ વીતાડ્યાં, હજી પણ શું એ પ્રશંસાનો ભંડાર ખૂટ્યો નથી?"

"નહિ, નહિ; તમને તમારી પ્રશંસા નથી ગમતી એ હું સમજું છું; પરન્તુ આજે મને સહજમાં એ સ્મરણ થઇ આવ્યું." મૂળરાજે ઉત્તર આપ્યો. તેણે આગળ પૂછ્યું: "પરંતુ ચઉલાદેવી! એ પ્રસંગને આજે પંદર વર્ષ વીતી ગયાં; તમારૂં અર્ધ જીવન વ્યતીત થઇ ગયું લેખાય; છતાં તમારા જીવનમંત્રની ગૂઢતા એવી કેવી છે કે હજી ખૂટી નથી, તે તમે કહેશો?"

આ પ્રસંગ નીકળેલો જોઇને રૂપકીર્તિએ વિનોદમાં કહ્યું: "પેલી વાત ચઉલા બ્હેનને કહી દઉં?"

"કઇ વાત?"

"કલહાંતરિતાના ચિત્રપટની."

"નહિ, નહિ, રાણી! એ વાત ન કહીશ; કદાચ ચઉલાદેવીને મારી ઓછી સમજ ઉપર તેથી હસવું આવશે." મૂળરાજે કહ્યું.

"એવી તે કઇ વાત છે વળી?" ચઉલાએ પૂછ્યું.

"આટલાં વર્ષ તો તમારી ચતુરાઇની એ વાત છાની રાખી, પણ અત્યારે તો કહી દઉં છું." રૂપકીર્તિ બોલી અને તેણે સ્વામી ભણી દૃષ્ટિ કરી. મૂળરાજના વદનના સ્મિતમાં સંમતિ પ્રકટ થતી જોઇને રૂપકીર્તિ બોલી: "ચઉલા બ્હેન ! મહારાજે ખરીદેલું કલહાંતરિતાનું ચિત્રપટ તો તમે જોયું છે. એ ચિત્રપટ ખરીદ્યું ત્યારે મહારાજને તેના અવલોકનથી એવું લાગ્યું કે સ્ત્રીઓ માનિની હોય છે, કોઇ પણ કામમાં ભાવ-માન ખાય છે, પરન્તુ જ્યારે એક વાર માન ખોવાનો વખત આવે છે, ત્યારે પછી અવિચારી કાર્યને માટે પસ્તાય છે કે જેવી રીતે સ્વામી સાથે કલહ કરીનેસ્વામીનો તિરસ્કાર કરનારી સ્ત્રી સ્વામી પોતાનો ત્યાગ કરીને ચાલ્યા ગયા પછી-પાછળથી પસ્તાય છે. તમે મહારાજની લગ્નની માંગણીનો અસ્વીકાર કર્યો, તે ઉપરથી મહારાજે માન્યું કે તમે ભાવ ખાતાં હોવાં જોઇએ, તેથી જો પોતે એક વાર બીજું લગ્ન કરવાની તત્પરતા દેખાડશે તો પછી તમે એકદમ માન મૂકીને લગ્નને માટે માની જશો. તે ઉપરથી મહારાજે મારા પિતાનું માગું સ્વીકારવાનો માત્ર ઢોંગ જ કરવા ધાર્યો હતો. વસ્તુતઃ તેમને તે સ્વીકારવું નહોતું-તેમને તો તમને જ પ્રાપ્ત કરી લેવાની ઇચ્છા હતી; પરન્તુ એ ઢોંગ ભજવવા જતાં બાજી ઉથલી પડી ! તમે પોતે જ આગ્રહ કરીને માગું સ્વીકારાવ્યું અને મહારાજની ધારણા અફળ ગઈ ! તમે પેલી કલહાંતરિતાનાં જેવાં અવિચારી નહોતાં, પરન્તુ કોઈ ઉંડામાં ઉંડો જીવનમંત્ર ધરાવતાં હોવાં જોઇએ, એવી ખાત્રી મહારાજને તે પ્રસંગ ઉપરથી થઇ-તમારા મનોબળનો ખરો પરિચય મહારાજને ત્યારથી આવ્યો."

ચઉલા આ સાંભળીને ખડખડાટ હસી પડી અને બોલી: "વાહરે ભાણુબા ! મારૂં માન ઉતરાવવાને તમે તો ભારે ઢોંગ કર્યો ! અને વળી એ વાત અત્યારસુધી તમે છાની રાખી !"

"છાની ન રાખું ત્યારે શું મારા ઢોંગનું તમને દર્શન કરાવીને તમારા ઉપહાસને પાત્ર બનું ? પણ હવે તો તમારો જીવનમંત્ર જણાવો."

થોડીએક ક્ષણ ચઉલા મૌન રહી. તેના વદન ઉપર ગંભીરતા, ખેદ, શોક, ક્રોધની રેખાઓ તરી આવી. કેટલીક વારે તે બોલી: "મહારાજ !

15

મારો જીવનમંત્ર કરૂણાથી ભરેલો છે. તે જાણીને તમે શું કરશો? તમે કહો છો તેમ મારૂં અર્ધ આયુષ્ય તો કૌમાર્યમાં વ્યતીત થઇ ગયું અને હવે તો મને એવું જ લાગે છે કે આ જ અવસ્થામાં મારૂં મૃત્યુ થશે!"

મૂળરાજ એ સાંભળીને ગંભીર બની ગયો. તે બહુ આશ્ચર્યચકિત બન્યો હતો. તેણે પૂછયું: "એવી તે કેવી ગૂઢતા તમારા હૃદયમાં ભરેલી છે?"

"રા' કવાટે ગુજારેલા સીતમથી મારા પર, મારી માતાપર અને મારા પિતાપર કેવી આફતો ગુજરી હતી તે વૃત્તાન્ત તો તમે જાણો છો. એક અજાણ્યા પરન્તુ સુશીલ વણઝારાની વણઝારમાં મ્હોંએ તથા હાથે પગે રંગ લગાડીને દેહકાન્તિ છુપાવી એક વર્ષસુધી મારે અહીં તહીં ભટકવું પડયું તે વાત પણ તમે જાણો છો. એ વણઝારાએ જો મારૂં રક્ષણ ન કર્યું હોત તો મારી કેવી સ્થિતિ થઇ હોત તેની કલ્પના તમે કરી શકો તેમ છે. પથા વણઝારાની સાથે જૂદે જૂદે સ્થળે ભટકીને મેં ઘણી જાતનો અનુભવ મેળવ્યો છે. પિતાના ઘરમાં–એક નાના સરખા રાજમહાલયમાં જે અનુભવ તથા જ્ઞાન મને મળ્યાં હતાં તે કરતાં જૂદો જ અનુભવ અને જ્ઞાન મને એ વણઝાર સાથેના પ્રવાસમાં પ્રાપ્ત થયાં. પથો એટલો સુશીલ નીવડયો કે જ્યારે તેણે અહીં આવીને મારી માસીના હાથમાં સોંપી ત્યારે તેને મારા પિતાએ આપેલું સઘળું દ્રવ્ય મને આપી દીધું, મારા પાલનના બદલામાં તેણે કશું ન રાખ્યું અને તે ઉપરાંત મને પોતાની દિકરી ગણીને આ એક વીંટી આપી છે જે એક સાધારણ વીંટી હોવા છતાં તેને કદાપિ હું મારી આંગળીપરથી દૂર કરતી નથી. પરન્તુ હું અહીં આવીને રહી તે પહેલાં બનેલા બે બનાવોએ મારા મગજ ઉપર એટલી અસર કરી છે કે મારૂં જીવન એ બનાવોને આધારે જ આગળ વધે છે. મારા પિતાએ મારાથી જૂદા પડતી વેળાએ એવો અભિલાષ દાખવ્યો હતો કે પોતે મને પરણાવવાને કઇ ઘડીએ ભાગ્યશાળી નીવડશે? બીજો બનાવ એ હતો કે મારી મરણ પામેલી માતાના મૃતદેહને ભોંયમાંથી ખોદી કાઢીને તેનું માથું વાઢી એક

ભાલાની અણી ઉપર ભેરવી દુષ્ટ રા' કવાટ પથાની વણઝારમાં લાવ્યો હતો અને રાવટીના એક છિદ્રમાંથી મારી વત્સલ માતાના મસ્તકની એવી દુર્દશા જોઇને હું બેભાન બની ગઈ હતી! બહુ ઉપચારો કરીને પથાએ મને ભાનમાં આણી હતી, પરન્તુ તે ક્ષણથી મારૂં હૃદય બળી રહ્યું છે. આ બે બનાવો ઉપરથી મેં એવો સંકલ્પ કર્યો છે કે મારા પિતા આવીને જો મારો હાથ કોઇના હાથમાં સોંપે તો જ મારે પરણવું અથવા-તો દુષ્ટ રા' કવાટે જેવી રીતે મારી માતાના માથાની દુર્દશા કરી હતી તેવી દુર્દશા હું રા' કવાટના માથાની થએલી મારી આંખોથી જોઉં, મારૂં વૈર એ રીતે શાંત થએલું હું જોઉં, તો જ હું પરણું. આ બેમાંનો એકકે સંકલ્પ મારા જીવનમાં પૂરો થશે એવો મને ઓછો સંભવ દેખાય છે. મારા પિતાએ મને કહ્યું હતું કે હું ફરતો ફરતો કેટલેક કાળે પાટણમાં આવીને તને મળીશ; પરન્તુ પંદર વર્ષમાં તો તે આવી શક્યા નથી, એટલે કાંતો દુષ્ટ રા' કવાટે તેમનો ઘાત કર્યો હોવો જોઇએ, અથવા તીર્થયાત્રા કરતાં તેમનું મરણ નીપજ્યું હોવું જોઇએ. એટલે તે મને પરણાવીને લ્હાવો લેવાનો અભિલાષ પૂરો કરી શકે એ હવે મને શક્ય જણાતું નથી અને દુષ્ટ રા' કવાટ જેવા બળવાન રાજાના માથાની દુર્દશા થએલી જોવી એ પણ કાંઈ સહજ સિદ્ધ થઈ શકે તેવી વાત નથી. મહારાજ! મેં આપની માંગણીનો અસ્વીકાર શામાટે કર્યો, હું હજીસુધી કેમ કુંવારી રહી છું, મેં જ આગ્રહ કરીને બ્હેન રૂપકીર્તિનો સ્વીકાર કરવાને આપને કેમ ઉત્તેજિત કર્યા, એ બધા પ્રસંગોનો મર્મ હવે, આપના સમજવામાં આવી ગયો હશે!"

એ લાંબું કથન શ્રવણ કરીને મૂળરાજ ઉંડા વિચારમાં પડી ગયો. રા' કવાટની દુષ્ટતાની અનેક વાતો તેણે સાંભળી હતી અને ચઉલાની વાર્તામાં વળી કેટલીક વિશેષતા હતી એટલે તેના ઉપર મૂળરાજને ગુસ્સો ઉત્પન્ન થાય એ સ્વાભાવિક હતું. રા' કવાટે પોતાની પ્રત્યે મૈત્રીભાવ પ્રકટ કર્યો નહોતો અને તે પોતાનો એક બહારનો શત્રુ તો હતો જ; તેનો નાશ કરવામાં જો પોતે ઉદ્યુક્ત થાય તો એક શત્રુરૂપી કંટક દૂર કરવા

ઉપરાંત ચઉલાને પ્રાપ્ત કરવાનો અદ્વિતીય લાભ પણ મૂળરાજને મળી શકે તેમ હતું. પંદર વર્ષે પણ કાલુ જેઠવો પાટણમાં આવ્યો નહિ હોવાથી તે જીવતો હોવાની આશા તો મૂળરાજે રાખી જ નહિ—એ રીતે ચઉલાનો હસ્ત પોતાને મળે એવો સંભવ તો નહોતો, તેથી રા' ક્વાટનો નાશ કરવા માટે તૈયારીઓ કરીને ચ્હડાઇ લઇ જઇ એક મોટા શત્રુને નિર્મૂળ કરવાનું અને તે સાથે ચઉલાનો લાભ પ્રાપ્ત કરવાનું ઉચિત છે કે નહિ તે જ વિચાર તેને માટે અવશિષ્ટ રહ્યો હતો. એ વિચારમાં તે એટલો લીન બની ગયો કે બે ઘટિકાસુધી ચઉલા અને રૂપકીર્તિ મોન–મોન બેસી રહ્યાં, પરન્તુ મૂળરાજે મુખમાંથી એક શબ્દ પણ ઉચ્ચાર્યો નહિ. રૂપકીર્તિને સ્વામીની એ વિચારલીનતા ઉપરથી ફાળ પડી ચૂકી હતી. ચઉલા તરફનું સ્વામીના હૃદયનું ખેંચાણ રૂપકીર્તિ સમજતી હતી અને તેથી અત્યારે સ્વામી ચઉલાના કથન ઉપરથી વિચારમાં પડી ગયા છે તો કદાચ રા' ક્વાટને મારીને એ હેતુ સિદ્ધ કરવો એવો જ વિચાર કરી રહ્યા હશે, એવું રૂપકીર્તિએ અનુમાન કર્યું. ચઉલા પણ મૂળરાજની વિચારલીનતાનો એક અર્થ એવો જ કરી રહી હતી. ચઉલાને પ્રાપ્ત કરવા સંબંધી આશા મૂળરાજ અનેક વાર બાંધી ચૂકયો હતો અને અનેક વાર નિરાશ પણ થઇ ચૂક્યો હતો, તોપણ આ વખતની આશા તેને વિશેષ ઉજ્જ્વલ દેખાતી હતી. રા' ક્વાટ સામે ચ્હડાઇ લઇ જવામાં ચઉલાને પ્રાપ્ત કરવાનો એક જ લાભ જો રહેલો હોત, તો તેણે એવા મોંઘા લાભને બદલે કદાચ પુનઃ નિરાશ થવાનું જ વાજબી માન્યું હોત, પરન્તુ ચઉલાએ કહેલા "બહારના શત્રુઓ" માંનો એક રા' ક્વાટ હતો, તેથી તેની સામે થવાની ફરજ તે માનતો હતો, તેનો નાશ કરવાથી ગુજરાતના તાબાના મુલકમાં સારો ઉમેરો થાય તેમ હતું અને વળી પોતાનાં પરાક્રમોની પતાકા ભરતખંડના પશ્ચિમ કિનારાસુધી ફરકતી થાય તેમ હતું. આ બધાં કારણોથી સાહસપ્રિય મૂળરાજનું મન એ દિશાએ આકર્ષાવા લાગ્યું હતું.

મધ્યરાત્રિનાં ઘડીયાળાં વાગ્યાં, પણ મૂળરાજના મુખમાંથી એક પણ

શબ્દ નીકળ્યો નહિ. મૂળરાજ, રૂપકીર્તિ અને ચઉલા: એ હૃદયત્રિપુટીમાં એક જ વિચાર અત્યારે રમણ કરી રહેલો હતો, પરન્તુ પ્રત્યેક હૃદયમાં તે એકસરખો ગૂઢ જ રહેલો હતો! છેવટે ચઉલાને જ મૌન્યભંગ કરવો પડ્યો: "મહારાજ! મધરાત થઇ; હવે ઉઠો, શયનની સાધના કરો!"

"ઘડીયાળાં વાગ્યાં? ત્યારે તો બહુ વખત ગયો!" મૂળરાજે ચમકી જતાં પૂછ્યું.

"હા, બહુ વખત ગયો! રાણી! મહારાજને શયનગૃહ તરફ લઇ જાઓ."

રૂપકીર્તિ ઉઠી અને શયનગૃહ ભણી મુંગી મુંગી ચાલી. તેનાં ગાત્રોમાંની શિથિલતા ચઉલા સ્પષ્ટ રીતે જોઈ શકી. મૂળરાજ રાણીનો અનુગામી ગયો.

પરિચ્છેદ ૮ મો.

વિલક્ષણ યોગાયોગ અને નિશ્ચય.

સૌરાષ્ટ્ર ઉપર ચ્હડાઇ લઇ જઇને રા' કવાટનો નાશ કરવાના વિચારમાં ને વિચારમાં મૂળરાજ સૂતો અને થોડી વારમાં નિદ્રાધીન થઇ ગયો. રૂપકીર્તિ પણ શય્યાના અર્ધ વિભાગમાં શયન કરી, થોડી વાર આળોટી નિદ્રાધીન થઇ. સર્વત્ર શાન્તિ વિસ્તરી રહી હતી. દીપકનો પ્રકાશ સ્થિર–ગંભીર દેખાતો હતો. ઘડીઆળાં આ શાન્ત સમયે ઘણો ઘોર રણત્કાર કરતાં સંભળાતાં હતાં. જે વિષયના ચિંતનમાં મૂળરાજ નિદ્રાધીન થયો હતો તે જ વિષય–જાગૃતાવસ્થાના તે જ વિચારો સ્વપ્નમાં તેને દશ્યમાન થવા લાગ્યા. સૂક્ષ્મ શરીરની દૃષ્ટિ ચપળતાથી આમ તેમ ભ્રમવા લાગી. મૂળરાજે હજીસુધી રા' કવાટને કોઇ વાર જોયો નહોતો, છતાં રા' કવાટનું કલ્પિત સ્વરૂપ તેની આંખો સામે આવીને ઊભું રહ્યું! કાબરચીત્રાં થોભીયાં, માથાપરના જાડા વાળપર બાંધેલું રક્ત વર્ણનું તો-

રાવાળું શળીઉં, હાથમાં ધનુષ્ય અને બાણ, રાતી વિકરાળ આંખો, ટુંકું ગળું, મોટું નાક, જાડા ઓઠ, જાડું અને મોટું શરીર વગેરે સાથેનું સ્વરૂપ મૂળરાજે જોયું. તે દૃષ્ટિએ પડતાં જ મૂળરાજે સ્વપ્નમાં ભ્રૂસંકોચન કરી ત્રાડ મારી! પાસે સૂતેલી સુંદરી નિદ્રામાં ઝબકી ગઈ અને સ્વામીના દેહને વળગી પડતાં બોલી: "શું થયું, નાથ?" પરન્તુ મૂળરાજ જાગતો નહોતો—તે ગાઢ નિદ્રામાં હતો. રૂપકીર્તિએ તેને એક–બે વાર બોલાવ્યો પણ તે જાગ્યો નહિ એટલે 'પોતે સ્વપ્નમાં જ કાંઇ જોવાથી બૂમ પાડી હશે' એવી કલ્પના કરી. "આજે મારો અને મહારાજનો નવો વૈરી જાગ્યો છે તે સ્વપ્નમાં પણ જંપવા દેતો નથી" એવું અસંતોષદર્શક વાક્ય બરબડી રાણી પુનઃ સૂઇ ગઇ અને નિદ્રાધીન થઈ.

આ બાજુએ મૂળરાજનું સ્વપ્ન આગળ વાધ્યે જતું હતું. મૂળરાજે ત્રાડ પાડતાંની સાથે રા' કવાટ અદૃશ્ય થઇ ગયો અને તેને સ્થાને એક પ્રચંડ દેહધારી વૃદ્ધ પુરૂષ દેખાયો. તેને માથે પીંગળવર્ણીય કેશની મોટી જટા બાંધેલી હતી, લાંબી સફેદ દાઢી હતી, આખું શરીર ભસ્માવલિપ્ત હતું, વિશાળ કપાળ ઉપર ચંદ્રલેખા શોભી રહી હતી, ચાર પ્રચંડ બાહુ શોભી રહ્યા હતા અને વૃદ્ધ છતાં કાન્તિમાન વદન ઉપર ખિન્નતાનાં ચિન્હો જોવામાં આવતાં હતાં. મૂળરાજ એ સ્વરૂપ જોતાં જ સ્વપ્નમાં ને સ્વપ્નમાં એ વૃદ્ધ પુરૂષને ઓળખી ગયો કે તે સાક્ષાત્ શ્રી સોમનાથ મહાદેવનું સ્વરૂપ છે અને તે ઓળખાણ પડતાં જ જેવો તે નમન કરવા જાય છે એવામાં તેણે ભયત્રસ્ત યાત્રાળુઓના એક ટોળાને શ્રી મહાદેવજીના ચરણમાં આવીને નમતું તથા પોકાર કરતું જોયું. યાત્રાળુઓ બોલવા લાગ્યા: "કૃપાસિંધો! અમારી પાછળ એક રાક્ષસ પડ્યો છે, તેનાથી અમારૂં રક્ષણ કરો!" એટલામાં તો રાક્ષસ આવી પહોંચ્યો; મૂળરાજે એ રાક્ષસને પણ ઓળખ્યો: તે રા' કવાટ હતો! પુનઃ રા' કવાટને જોતાં તેણે ત્રાડ પાડી અને તત્ક્ષણ તે જાગી ગયો! આંખ ઉઘાડીને જુએ છે તો કશું મળે નહિ! શ્રી સોમનાથનો સાક્ષાત્કાર થયો છતાં પોતે વંદન કરી શક્યો નહિ એવો અસંતોષ તેના મનમાં રહી ગયો

અને તે શય્યામાં બેઠો બેઠો વિમાસણ કરવા લાગ્યો. તે સમયે ચોથો પહોર ચાલતો હતો. પોતે સ્વપ્નમાં જોયું હતું 'તેમ દુષ્ટ રા' કવાટ યાત્રાળુઓને ત્રાસ આપનારો એક રાક્ષસ જ છે તો અવશ્ય તેનું નિકંદન કરવું જોઇએ એવો તેને પુનઃ પુનઃ વિચાર આવવા લાગ્યો. ત્યારપછી તેને બિલકુલ નિદ્રા આવી નહિ અને એ એક જ ચિંતનમાં પ્રભાતનાં ચોઘડીયાં વાગ્યાં.

શય્યાગૃહમાંથી નીકળીને મૂળરાજ દંતધાવનાદિ પ્રાતઃકાર્યથી પરવારીને પોતાના વિચારભવનમાં ગયો. તુરત તેણે ચઉલાને બોલાવી અને ચઉલા આવી, તે જ ક્ષણે બીજ સોલંકી, *દડક્ક સોલંકી અને દડક્કની પુત્રી સોહગા ત્યાં આવી પહોંચ્યાં. બીજ અને દડક્કનું આખું કુટુંબ એકાદ વર્ષ પૂર્વે સૌરાષ્ટ્રનાં તીર્થસ્થળોની યાત્રાર્થે ગયું હતું, તેઓ ગઇ રાત્રે જ પ્રવાસ પૂરો કરીને પાટણમાં આવી પહોંચ્યાં હતાં અને અત્યારે તેઓ મૂળરાજને મળવાને રાજમહાલયમાં આવ્યાં હતાં. મૂળરાજ તેમને સુખરૂપ પાછાં ફરેલાં જોઇને આનંદ પામતો સત્વર આસનપરથી ઉઠયો અને બન્ને કાકાઓના ચરણમાં મસ્તક નમાવી સોહગાને મસ્તકે હાથ મૂકી સર્વેના કુશળ વર્તમાન પૂછ્યા. દડક્કે કહ્યું: “ખરેખર, ચંદ્રમૌલીશ્વરની કૃપાથી અમે સઘળી યાત્રાઓ નિર્વિઘ્ને કરી છે, છતાં એક મોટું વિઘ્ન વચ્ચે નડયું હતું ખરૂં. પરન્તુ એ વિઘ્નમાંથીએ અમે મહાદેવજીના પ્રતાપથી જ પાર ઉતર્યા છીએ.”

“એવું કયું વિઘ્ન નડયું હતું—કઇ યાત્રા કરતાં? કયા પ્રદેશમાં?”

“પહેલાં તો અમે સીધા દ્વારિકા તરફ જ ગયા હતા અને માર્ગમાં નાનાં—મોટાં તીર્થસ્થાનોની યાત્રા કરતાં ગયાં હતાં. ત્યાંથી અમે દુર્ગપલ્લી આવીને ગિરનારપર ચડયા. ત્યાંનાં બૌદ્ધ મંદિરોને રાહઘાટ પણ જોયો. છેવટે દેવપટ્ટણ તરફ જતાં અમોને મોટું વિઘ્ન નડયું.

---

* પ્રથમ ખંડના પ્રસંગોમાં દડક્ક અદૃશ્ય રહ્યો હતો તેનું કારણ એ હતું કે તે સમયે તે જૂદા જૂદા દેશોમાં પ્રવાસ કરી રહ્યો હતો અને એક માત્ર બીજ સોલંકી પાટણમાં હતો. જુઓ પ્રથમ ખંડનો બીજો પરિચ્છેદ.

સૌરાષ્ટ્રાધિપતિ રા’ કવાટ દેવપટ્ટણ તરફ યાત્રાર્થે જતા યાત્રાળુઓ પાસેથી દાણ ઉઘરાવવાનો અને કોઇ ધનવાન યાત્રાળુઓના સંઘોને લાગ ફાવ્યે લૂંટી લેવાનો ધંધો લઇ બેઠો છે. અમે બહુ ધનવત્તાનો દેખાવ કર્યો નહિ અને દાણ ચૂકવી આપ્યું, પરન્તુ તેટલેથી અમારા શિરપરનું વિઘ્ન ટળ્યું નહિ. અમે કોઇ ક્ષત્રિયો છીએ અને અમારી સાથે સુસ્વરૂપ કન્યા છે એવા ખબર રા’ કવાટને પહોંચ્યા, કે તુરત તે અમારી પાછળ પડયો. અમને પકડવાને રા’નાં માણસો ઉપરાંત તે પોતે પણ નીકળ્યો. સદ્ભાગ્યે અમે રા’ના પંજામાં તો સપડાયાં નહિ, પણ તેના બે ઘોડેસવારોએ અમને જોયાં અને ઓળખ્યાં. બે ઘોડેસવારોથી અમે ગાંજી જઇએ તેમ હતું જ નહિ. તેમની સાથે અમે યુદ્ધ કર્યું, બન્નેને કાપી નાંખ્યા અને તેમનાં મુડદાંને એક તળાવમાં ફેંકી દઇ તેમના જ ઘોડા ઉપર સવાર થઈ દેવપટ્ટણ પહોંચ્યાં. દેવપટ્ટણમાં સોમેશ્વર મહાદેવનાં દર્શન–પૂજન કર્યાં અને જે માર્ગે ગયાં હતાં તે માર્ગે પાછા ફરવાનું માંડી વાળીને વહાણમાં બેસી અમે ભૃગુકચ્છ પહોંચ્યાં. લાટનો પ્રદેશ તો મેં જોએલો હતો એટલે એ માર્ગે પાટણમાં પાછા આવતાં અમને કશું વિઘ્ન નડયું નહિ; પરન્તુ જે એક વિઘ્ન નડયું હતું તે નિર્જીવ નહોતું. રા’ કવાટનો ત્રાસ સૌરાષ્ટ્રમાં ચોમેર પ્રસરી રહેલો છે. તે પાપિષ્ઠ અને અધર્મી હોવાથી કાર્યાકાર્યનો વિચાર કરતો નથી, નહિતો તેનામાં અનુપમ શૌર્ય હોવાની વાતો મેં સાંભળી છે.”

“બસ, ત્યારે હવે તેના શૌર્યનો પરિચય મારે કરવો જ જોઇએ, કાકાશ્રી! રા’ કવાટની દુષ્ટતાની વાત સાંભળીને હું ઘેલો થયો છું, એટલું જ નહિ પણ એક એવો વિલક્ષણ યોગાયોગ બની આવ્યો છે કે અત્યારથી જ હું સૌરાષ્ટ્ર ઉપર ચ્હડાઇ લઈ જવાની આજ્ઞા પ્રસિદ્ધ કરીશ! ગઈ રાત્રે સ્વપ્નમાં સાક્ષાત્ સોમેશ્વર ભગવાનનાં દર્શન મને થયાં હતાં, તેમના યાત્રાળુઓને ત્રાસ ઉપજાવતા દુષ્ટ રા’ કવાટને મેં રાક્ષસના રૂપમાં પણ જોયો હતો, ત્યારથી જ એ દુષ્ટ અસુરનો નાશ કરી આ ભૂમિનો ભાર ઉતારવાનો વિચાર હું ચલાવી રહ્યો હતો, તેવામાં આપ

અચાનક આવી પહોંચ્યા અને આપના ઉપર ગુજરેલી આપત્તિની વાર્તા કહી તેથી મને સ્પષ્ટ જણાય છે કે એ દુષ્ટનું મોત મારે હાથે જ નિર્માયું છે, નહિતો માત્ર સ્વલ્પ સમયમાં જ આવો યોગ કેમ બની આવે? કોઇ વાર નહિ ને આજે જ સોમેશ્વર ભગવાન્ મને કેમ દર્શન આપે? કેમ ચઉલાદેવી?"

ચઉલા બોલી: "યુદ્ધનાં કાર્યો સરલ હોતાં નથી. તેમાં સ્ત્રીઓની સલાહ પૂછવી એ જ અયુક્ત છે. કાકાશ્રીની, મંત્રીશ્વરની, સેનાપતિની અને બીજા આપણા હિતસ્વી સાચા ક્ષત્રિયોની જ સલાહ આપે લેવી ઘટે."

દડક્ક બોલ્યો: "ચઉલાદેવી યથાર્થ કહે છે."

"ત્યારે હું અત્યારે ને અત્યારે જ મંત્રીશ્વર, યુદ્ધમંત્રી અને જેહુલને બોલાવીને પૂછું છું: આપ પણ અહીં જ થોભો. તેઓ હમણાં આવશે." મૂળરાજ બોલ્યો. તેણે તુરત જ અનુચરને તે પ્રમાણે આજ્ઞા કરી. મંત્રીશ્વર અને યુદ્ધમંત્રી તે સમયે હથશાળામાં કાંઇ કાર્યનિમિત્તે પરિક્રમણ કરતા હતા અને જેહુલ પોતાના અશ્વને ફેરવીને તુરતમાં જ આવ્યો હતો, એટલે થોડી જ વારમાં તેઓ મૂળરાજની સમીપે આવીને હાજર થયા. મૂળરાજે પોતાના સ્વપ્નનો, દડક્કનાં વીતકનો અને પોતાના મનોવિચારનો વૃત્તાન્ત કહ્યો તથા તેમની સલાહ પૂછી. સૌથી પહેલાં જેહુલે કહ્યું: "મહારાજ! એ જુલ્મી આહીર રાજાને હું સારી પેઠે ઓળખું છું. શ્રી કૃષ્ણ જે સૌરાષ્ટ્રના તખ્ત ઉપર વિરાજતા હતા, તે જ સૌરાષ્ટ્રનું તખ્ત અત્યારે તેના હાથમાં છે પરન્તુ રા' ક્વાટ એટલો દુષ્ટ છે કે શ્રી કૃષ્ણની દ્વારિકાના યાત્રાળુઓ ઉપર પણ જુલ્મ ગુજારતાં પાછું વાળી જેતો નથી. પ્રભાસના યાત્રાળુઓને તો લૂંટી–મારી–કાપી તેમના રક્ત–અસ્થિથી પ્રભાસ જવાના માર્ગને ભરી મૂકે છે. તેના અધર્મો અને અનાચારોનો પાર નથી તેથી ધર્મિષ્ઠ માણસોને તે રાક્ષસ જેવો જ લાગે છે. તે કુવાસનાઓથી ભરેલો છે અને ગોમાંસ ખાવામાં તથા મદ્યપાન કરવામાં પણ અહોનિશ રત રહેલો છે. 'દયા' શબ્દ તેણે કોઇ વાર

સાંભળ્યો જ નથી. તેણે ઘણા શત્રુઓને નમાવી, તેમની સ્ત્રીઓનાં પાતિવ્રત્ય લૂંટી, તેમને ધૂળ ફાકતા કર્યા છે, એટલે તેની હાક પણ ચોમેર પ્રસરી રહેલી છે. લડાઇમાં તેનું શૌર્ય–વીર્ય અને લશ્કરી બળ અનુપમ લેખાય છે અને તેથી તેણે બીજા રાજાઓને જીત્યા છે. એવા ઘાતકી રાજાનો નાશ કરવાથી હિંસાનું પાતક લાગતું નથી પણ ધર્મીઓના રક્ષણને માટે કરવામાં આવેલું તે કાર્ય ક્ષત્રિયોને માટે તો પુણ્યરૂપ જ લેખાય છે, તેથી રા' ક્વાટનો નાશ કરવાનો આપે જે વિચાર કર્યો છે તે ઉચિત જ છે. ”

જેહુલના શબ્દોથી મૂળરાજ પોતાના વિચારમાં ઉત્તેજન પામ્યો. પછી જંબક બોલ્યોઃ “ મહારાજ ! દુષ્ટનો નાશ કરવો એ રાજાનો ધર્મ જ છે, પરન્તુ યુદ્ધકાર્યો ઘણાં વિચારણીય હોઈ કેટલોક વિચાર કરવાની અગત્ય છે. જે વામનસ્થળીમાં એ રાક્ષસ રહે છે, તે ગિરનાર પર્વતની તળેટીમાં છે, તેથી તેને એ પર્વતનું અને વિશેષમાં સમુદ્રનું રક્ષણ મળી શકે છે. ડુંગરી કિલ્લાઓ અને બીજી સલામતીવાળી જગ્યાઓને લીધે તે સહેલાઇથી છુપાઇ શકે છે અને લશ્કરનો એવી રીતે ઉપયોગ કરી શકે છે કે જેથી શત્રુના ચારગણા લશ્કરને પણ તે હરાવી શકે. વળી સમુદ્રમાર્ગે નાસી જવાની સગવડ પણ તેને રહેલી હોવાથી તેને પકડવો કે તેનો નાશ કરવો એ ઘણું કઠીન કાર્ય છે. ઘાસ વાઢવાની દાતરડીથી મોટું વૃક્ષ કાપી શકાતું નથી, તેમ નાના લશ્કરથી એ રાક્ષસને જીતી શકાય તેમ નથી. એ પ્રદેશ વિકટ જગ્યાઓ, ડુંગરો અને ઝાડીઓથી ભરપૂર હોઈ ત્યાં આપણા લશ્કરને ઘણી તકલીફ વેઠવી પડશે. કદાચ કોઈ વાર ઘેરાઇ જવાના ભયમાં પણ આવવું પડશે. વિશેષમાં કચ્છનો લાખો ફૂલાણી કે જે મોટો પરાક્રમી છે તે એ રાક્ષસનો મિત્ર છે. કેટલાક મ્લેચ્છ રાજાઓ પણ એ ગોમાંસભક્ષીના મિત્ર હોવાથી તેઓ પણ તેની કુમકે આવશે. એ બધાં તેનાં રક્ષણો છે, તેની સામે પહોંચી વળવા માટે પૂરતાં સાધનો એકત્ર કરી શકાય તો જ એટલે દૂર લ્હડાઇ લઈ જવી ઉચિત છે. બાકી, એ દુષ્ટનો નાશ કરવાની કેટલી અગત્ય છે તે તો

કાકાશ્રીના કથન ઉપરથી અને આ ચઉલાદેવીનાં વીતકની વાર્તા ઉપરથી પણ સમજી શકાય તેમ છે. તેમને પાટણમાં નિવાસ કરવો પડયો છે તે રા' કવાટના જ ત્રાસનું પરિણામ છે."

યુદ્ધમંત્રીએ કહ્યું: "જો સૌરાષ્ટ્ર ઉપર ચ્હડાઇ લઇ જવાની જરૂર છે, તો પછી વિઘ્નોથી ડરી જવાની જરૂર નથી. સૌરાષ્ટ્રમાં ચ્હડાઇ લઇ જવાની મુસ્કેલીનો ખ્યાલ મને આવી ચૂક્યો છે, પરન્તુ એ મુસ્કેલીઓ કાંઈ અનિવાર્ય નથી. એક વર્ષસુધી જો લસ્કરની, હથીયારોની, ઘોડા—બળદ વગેરે જાનવરોની, ખોરાકીની, દ્રવ્યની અને બીજી તૈયારીઓ કરવામાં આવે તો ચ્હડાઇ લઇ જઈ શકાય અને રા' કવાટ જ નહિ પણ તેના મિત્ર લાખા અને બીજા રાજાઓનો નાશ કરીને સંપૂર્ણ વિજય મેળવીને આવી શકાય, એવી મારી ખાત્રી છે."

દડક્ક બોલ્યો: "મારો અભિપ્રાય તો એવો છે કે એટલી તૈયારી કરીને પણ એ દુષ્ટનું નિકંદન તો કરવું જ. તેથી રાજ્યનો વિસ્તાર વધવાનો લાભ તો થશે જ, પરન્તું તે ન થવાનો હોય, તોપણ ધર્મના રક્ષણ માટે એ સાહસ કરવું જોઇએ; કેમ મોટા ભાઈ?"

બીજ બોલ્યો: "મારો વિચાર પણ એ જ છે; પણ તૈયારીઓ સંપૂર્ણ કરવી જોઇએ. એક વર્ષથી વધારે વખત જાય, તેની ફીકર નહિ, પણ જરાએ અપૂર્ણતા રહેવી ન જોઇએ."

મૂળરાજ ઉત્સાહના આવેશમાં ખેંચાતો એકદમ આસનપરથી ઊભો થઇ ગયો અને બોલ્યો: "જાઓ યુદ્ધમંત્રી, રાક્ષસનું નિકંદન કરવાને સેના એકત્ર કરવા, વધારવા અને આપણા મિત્રરાજાઓને પોતપોતાનાં સૈન્યો સાથે વેળાસર આવી પહોંચવાની આજ્ઞા પ્રકટ કરો! પોળે પોળે રણશીંગડાં ફુંકાવો, ગામેગામ શૂરાઓને આવી મળવા નિમંત્રણ કરો અને યુદ્ધની સામગ્રીની તૈયારી માટે મારા કોષાગારનાં દ્વારને રાતદહાડો ખુલ્લાં મેલવાનો મારો સંદેશો કોષાધ્યક્ષને પહોંચાડો!!"

જંબક બોલ્યો: "મહારાજ! ધન્ય છે આપના ઉત્સાહને! આપના ઉત્સાહથી જ જે તૈયારીઓ માટે એક વર્ષ જોઇએ, તે કદાચ ૭ માસમાં

થઇ જશે. આપે યુદ્ધકાર્યની સાથે ધર્મકાર્ય પણ પ્રારંભ્યું તે જોઇ મારા જેવા વિપ્રને પણ આનંદ થયા વિના રહેતો નથી. ચઉલાદેવી ! તમે પણ મહારાજનો નિશ્ચય સાંભળી આનંદ પામ્યાં હશો ! "

"જેથી સૌ આનંદ પામે, તેથી મને શોક થાય છે એમ કહેવાય ખરૂં ?" ચઉલા સ્મિત કરતી બોલી. જંબક તે ઉત્તરની માર્મિકતા સમજ્યો નહિ, પણ મૂળરાજ તો સમજી ચૂક્યો હતો. ચઉલાના ઉત્તરે તેનામાં એવડો ઉત્સાહ આણ્યો.

પરિચ્છેદ ૯ મો.

મુદ્દભદ્ર સૂરિ.

મધરાત વીતી ગઇ છે. આકાશમાં પૂર્ણિમાનો ચંદ્ર વિરાજી રહ્યો છે. ચંદ્રપ્રકાશની સફેદ ચાદર ચોમેર વિસ્તરી રહી છે અને તેથી વગડામાં પ્રવાસ કરનારાઓની ચિંતાનો ભાર ઓછો કરી રહી છે. પરન્તુ સૌરાષ્ટ્રના મધ્ય પ્રદેશમાંના એક વગડામાં અત્યારે ચાલ્યા જતા એક પ્રવાસીના અંતરમાં ભય, ચિંતા અને ઉદ્વેગનું રાજ્ય ચાલી રહ્યું છે. તે પ્રવાસીએ એક મૂલ્યવાન્ અશ્વ ઉપર સવારી કરી છે. તેની પાસે એક તલ્વાર અને એક બરછી જેવાં શસ્ત્રો છે, શરીરે તે મજબૂત છે અને સાથે ચપલ અશ્વ પણ છે, છતાં આસપાસમાં આવેલાં નાનાં ગામોમાં ભસતાં કૂતરાંનો ધ્વનિ તેને કાને પડતાં તે ભયથી કમ્પી જાય છે અને એડી મારી મારીને અશ્વને ઉતાવળે ચલાવતો કોઇ આશ્રયસ્થાને પહોંચી જવાની અધીરાઈ બતાવી રહ્યો છે ! પ્રકાશપટનો વિસ્તાર હોવાથી વગડામાંનાં વૃક્ષો, જાળાં વગેરે નજીકમાં સ્પષ્ટ દેખાય છે, પરન્તુ કોઈ કોઇ સ્થળે ઊભા પાકવાળાં ખેતરોનાં પશુઓને બ્હીવડાવવાને માણસનાં બનાવટી પૂતળાંઓ—ચાડીયાઓ ઊભા કરવામાં આવેલા હોવાથી તેમને જોતાં મનુષ્યની ભ્રાંતિવડે આપણા પ્રવાસીનું લોહી ઠંડું પડવા લાગી જાય છે અને નજીક પહોંચતાં જ્યારે તેની ખાત્રી થાય છે કે તે ખરેખરૂં માણસ નથી—

ચોર કે લૂંટારા નથી, ત્યારે જ તેના જીવમાં જીવ આવે છે! આવી રીતે રાતોરાત માર્ગ કાપતો તે એક વિશાળ દેવમંદિરની નિકટમાં આવી પહોંચ્યો, એટલે તેના મનનો ઉદ્વેગ કાંઈક ઓછો થયો.

જોકે એ એક ભવ્ય દેવમંદિર હતું, તોપણ ત્યાં કોઈ ગામ વસેલું અત્યારે નજરે આવતું નહોતું. દેવમંદિરની પાસે એક નાની વાંસની જાળીની ધર્મશાળા હતી અને તે ધર્મશાળાની નજીકમાં જ દશ–પંદર નાનાં નાનાં ઘર હતાં. તે સિવાય બીજાં કશાં મકાનો ત્યાં જોવામાં આવતાં નહોતાં. પ્રવાસી દેવમંદિરની સમીપના ચોગાનમાં પહોંચ્યો અને અશ્વને ઊભો રાખી ચોમેર જોવા લાગ્યો. પોતાને કયે સ્થળે આશ્રય મળી શકશે એવા વિચારથી જ તે ચોમેર જોતો હતો, એવામાં ધર્મશાળાની જાળીમાંથી અવાજ આવ્યોઃ "એ કોનો ઘોડો ઊભો છે?"

પ્રવાસીએ તુરત જવાબ આપ્યો: "ભાઇ! હું એક પ્રવાસી છું. રાતનો વખત હોવાથી ભૂલો પડયો છું અને તેથી આશ્રયને માટે અહીં આવ્યો છું."

તુરત જ જાળીનું દ્વાર ઉઘાડીને ભસ્માવલિપ્ત દેહવાળો એક બાવો બહાર આવ્યો અને બોલ્યો: "તમને અહીં આશ્રય તો મળશે, પરન્તુ સૂરિજીની પરવાનગી વિના તે નહિ મળે. અત્યારે તો સૂરિજી નિદ્રાધિન હશે."

'સૂરિજી' શબ્દ સાંભળીને પ્રવાસી બોલ્યો: "ત્યારે આ દેવમંદિર શું એક જિનાલય છે? અને હું પણ જૈન–શ્રાવક છું."

"ત્યારે તો આ સ્થળે આપને આશ્રય મળવો જ જોઇએ. સૂરિજી બહુ ભલા છે. મારા જેવા શૈવ મતના ભિક્ષુકને પણ તેમણે આશ્રય આપ્યો છે અને બે દિવસ રહેવા માટે આગ્રહ કર્યો છે." બાવાએ કહ્યું.

"ત્યારે અત્યારે હવે સૂરિજીને કેવી રીતે જાગૃત કરી શકાય?" પ્રવાસી બોલ્યો.

પ્રવાસીના પ્રશ્નનો કાંઇ ઉત્તર એ બાવો આપે તે પહેલાં તો જિનાલયનું સિંહદ્વાર ઉઘડયું અને શ્વેત વસ્ત્રધારી સૂરિજી હાથમાં દંડ લઇને

પગથીયાં ઉતરતા પ્રવાસીની તરફ આવવા લાગ્યા. પ્રવાસી સત્વર અશ્વ-પરથી નીચે ઉતર્યો અને સૂરિજીની સામે ઘુંટણમંડીએ પડી ત્રણ વાર નમસ્કાર કર્યા. સૂરિજીએ 'ધર્મલાભ' કહ્યો અને તેની ઓળખાણ પૂછી. પ્રવાસી બોલ્યો: "મહારાજશ્રી! હું શ્રાવક છું. ગુજરાતનો વતની છું. દુઃખનો માર્યો સૌરાષ્ટ્રમાં આવ્યો છું. મારે શિરે એક ભયાનક સંકટ આવી પડયું છે અને હું એટલો ભયભીત થઇ ગયો છું કે એ સંકટનો ધા હજી ઠર્યો નથી. ભયને લીધે જ એકલો રાતોરાત પ્રવાસ કરીને અહીં આવ્યો છું. હવે આપ મને અહીં આશ્રય આપો એવી મારી પ્રાર્થના છે."

આ બધો વખત સૂરિજી પ્રવાસીના વદન ભણી તાકી રહ્યા હતા. પ્રવાસી બોલી રહ્યો ત્યારપછી પણ થોડીએક ક્ષણોસુધી તેમણે કશો ઉત્તર આપ્યો નહિ. કેટલીક વારે તે બોલ્યા: "દેવાણુપ્પિયા! આ જિ-નાલય છે અને શ્રી જિનશાસનના ભક્તને માટે તેનાં દ્વાર કદાપિ બંધ હોય જ નહિ. તમારે પ્રાર્થના કરવી ન ઘટે કારણકે અહીં આશ્રય પ્રાપ્ત કરવાનો તમને અધિકાર છે."

"આપે સત્ય કહ્યું, ગુરૂદેવ! પણ આ પ્રદેશનો ભોમીઓ હું નથી, તેમજ આ પ્રદેશનાં જિનાલયોની વ્યવસ્થા વિષે હું કશું જાણતો નથી એટલે જિજ્ઞાસાભાવથી મારે તો પ્રાર્થના કરવી જ ઘટે." પ્રવાસીએ વિનયપૂર્વક કહ્યું.

"ધન્ય છે તમારી નમ્રતાને. તમારા શબ્દો તમારા ઉંચા કુળનું અને તમારી પાસેનાં શસ્ત્રાસ્ત્રો તથા અશ્વાદિ તમારી ઉંચી પદવીનું ભાન કરાવે છે. સામાન્ય પ્રવાસીઓને માટે તો આ ધર્મશાળા અહીં છે, પ-રન્તુ તમને ત્યાં ફાવશે નહિ, તેથી દહેરાની અંદર જ આવો. અંદરની જ એક ઓરડીમાં તમોને સગવડ મળશે."

"આપે મારા ઉપર મોટો ઉપકાર કર્યો. પરન્તુ તેથી આપને તો કાંઇ તક્લીફ નહિ પડે ને?"

"નહિ, નહિ. દહેરૂં બહુ વિશાળ છે. દહેરાના નાયક આદીશ્વર ભગવાન

છે તે ઉપરાંત ચોવીસ જીનેંદ્રોનાં ચોવીશ બિંબ પણ વિરાજે છે. ગભદ્વારની બહાર નાની મોટી આઠ ઓરડીઓ છે અને અમે માત્ર બે જ સાધુઓ છીએ, તે ત્રણ ચાર ઓરડીઓનો ઉપયોગ કરીએ છીએ. બાકીની ઓરડીઓ ખાલી રહે છે, તેમાંની એક ઓરડી તમારે માટે આપતાં અમને કશી તકલીફ પડવાની નથી." સૂરિજીએ ઉદારતા દર્શાવી.

"હું આપના પરિચયથી આજે કૃતાર્થ થયો, કૃપાળુ ગુરૂદેવ! મારે શિરે પડેલાં સંકટોમાં આપનો પરિચય મને બહુ ઉપયોગી થશે. ગુરૂદેવનું નામ શું?"

"મારૂં નામ મુદભદ્ર સૂરિ છે, મારા શિષ્યનું નામ ગૌતમચંદ્ર છે. હવે દહેરાની અંદર જ આવો. બાવાજી! તમે તમારે સ્થાનકે સૂઇ રહો!" સૂરિજીએ એમ કહીને દહેરાના સિંહદ્વાર તરફ ચાલવા માંડયું. પ્રવાસીએ ધર્મશાળાની જાળી સાથે પોતાના અશ્વને બાંધ્યો અને તેની ઉપર લાવેલો કેટલોક ભારે સામાન ઉંચકીને સૂરિજીની પાછળ પાછળ તે દહેરામાં ચાલ્યો.

* * * *

મુદભદ્ર સૂરિ પચાસેક વર્ષની વયના વૃદ્ધ જૈન સાધુ હતા અને તેમનો શિષ્ય ગૌતમચંદ્ર પચીશેક વર્ષની વયનો હતો. વીશેક વર્ષ પહેલાં મારવાડ, ગુજરાત અને બીજા કેટલાક પ્રદેશોમાં વિહાર કરીને સૂરિજી એ જિનાલયમાં આવ્યા હતા. તે સમયે એક વૃદ્ધ સાધુ એ જિનાલયનું રક્ષણ કરતા હતા અને તેના અંગે કેટલુંક દ્રવ્ય એકત્ર થએલું હતું તે પણ એ સાધુ પાસે જ હતું. આવી તૈયાર ગાદી અને વૈભવનો લાભ જોઇને મુદભદ્ર સૂરિ ત્યાં જ થોભી ગયા હતા. થોડા માસમાં પહેલાંના વૃદ્ધ સાધુ કાળધર્મને પામ્યા એટલે જિનાલયનું સર્વસ્વ મુદભદ્ર સૂરિના હાથમાં આવ્યું હતું. ત્યારપછી સૂરિજીએ પણ દ્રવ્યસંચયમાં ઘણો વધારો કર્યો હતો અને જિનાલયના તથા દ્રવ્યના રક્ષણને અર્થે થોડા ચોકીદારો, ચાકરો વગેરે રાખ્યું હતું. પ્રવાસીઓને માટે એક ધર્મશાળા પણ બંધાવી હતી. પૂર્વે એ જિનાલય કોઇ નાના ગામની અંદર આવી રહેલું હશે

પરન્તુ અગ્નિના પ્રકોપથી ગામનો નાશ થતાં એ એક માત્ર જિનાલય જ ઊભું રહ્યું હશે એમ લોકો માનતા હતા. એ માન્યતાની પ્રતીતિ જિનાલયની આસપાસનાં કેટલાંક દશ્યો ઉપરથી થતી હતી. લગભગ ભોંયહદ થઇ ગએલ પત્થરની દિવાલોના પાયા, માટીના નાના–મોટા ટેકરા, બળેલા કાળા પત્થર અને પડી–આખડી ગએલો કિલ્લો તથા તેના ચોથા ભાગના બાકી રહેલા બૂરજ એવું કેટલુંક નજીક જોવામાં આવતું હતું. આ કારણથી ગામનો નાશ થઇ જતાં જિનાલય વગડાની અંદર એકલું પડી ગએલું જણાતું હતું.

જૈન સાધુઓનો માર્ગ ઘણો વિકટ મનાય છે અને એ સત્ય છે. તેઓનાં પંચવ્રત–અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ એવાં ઉગ્ર છે કે તેનું પરિપાલન કરનારને જૈન ધર્મોક્ત અન્ય આચાર–વિચારોના પરિપાલન માટે ખાસ કષ્ટ ઉઠાવવું પડતું નથી. જેવી રીતે એક મુખ્ય દ્વારની ચાવી હાથમાં આવવાથી વિશાળ રાજમહાલયના સઘળા નાના મોટા ઓરડામાં પ્રવેશ કરવાના માર્ગો આપોઆપ પ્રાપ્ત થઈ જાય છે, તેવી રીતે એ પંચ મહાવ્રતના પરિપાલનથી બીજાં નાનાં વ્રતોનું પરિપાલન સુગમ્ય બની જાય છે અને એ પંચ મહાવ્રતના પાલનથી ભ્રષ્ટ થનારથી બીજાં નાના વ્રતોનું પાલન સ્વલ્પાંશે પણ કરી શકાતું નથી. જે સમયની આપણે વાત કરીએ છીએ, તે સમયે જૈન સાધુઓમાં એક વર્ગ એવો ઉપસ્થિત થયો હતો કે જે એ પંચ મહાવ્રતના પાલનમાં શિથિલ બની ગયો હતો. મુખ્યત્વે કરીને તેઓ પરિગ્રહી–નિષ્કિંચન બનવાને બદલે ધનલોભી–બની ગયા હતા અને ધનપ્રાપ્તિને અર્થે અસત્ય સ્તેય આદિ દોષોમાં ફસેલા હતા. ધનપ્રાપ્તિ અને ધનરક્ષણને અર્થે તેઓ ઉપાશ્રયોને બદલે જિનાલયોમાં નિવાસ કરતા હતા, જ્યાં તેઓ ફાવતા ત્યાં જિનાલયોનો વહીવટ કરી દ્રવ્યસંચય કરતા હતા, પોતાની મરજી પ્રમાણે શારીરિક સુખવૈભવની પાછળ ધનવ્યય કરતા હતા, ધન મેળવવાને શ્રાવકોને ફોસલાવતા, ફસાવતા અને એક જૈન ગ્રંથ કહે છે તે પ્રમાણે પારાધિ જેમ માછલાં પકડવાને જાળ બિછાવે છે તેમ શ્રાવકોના દ્રવ્યહરણને માટે જાળો બિછાવતા! તેઓ

ચૈત્યવાસી—મંદિરમાં નિવાસ કરનારા જૈન સાધુઓ કહેવાતા હતા. આપણી કથાને સમયે સૌરાષ્ટ્ર, ગુજરાત અને મારવાડાદિ પ્રદેશોમાં તેઓ બહુ બળવાન બની ગયા હતા. મુદ્દભદ્ર સૂરિ એ જ પ્રકારના વૃદ્ધ સાધુ હતા અને વગડામાં પડેલા આ જિનાલયમાં રહીને કોઈ ભાવિક શ્રાવકો, યાત્રાળુઓ તથા પ્રવાસીઓને ધર્મશ્રદ્ધામાં ભોળવી, મંત્ર—જંત્રથી લલચાવી, દેવદ્રવ્યમાં આપવાથી ઉપાર્જન થતા પુણ્યનો મહિમા સંભળાવી તેમણે પુષ્કળ દ્રવ્ય એકત્ર કર્યું હતું.

મુદ્દભદ્ર સૂરિનો દ્રવ્યભંડાર જેમ જેમ મોટો થતો ગયો હતો તેમ તેમ નિદ્રા અને નિશ્ચિંતતા તેમનો ત્યાગ કરી ગઇ હતી ! બહુ જ થોડું દ્રવ્ય તે મારવાડી સાધુએ પોતાના શરીરના ઉપભોગને અર્થે વાપર્યું હશે, બાકીનું સઘળું એકત્ર કરી રાખી તે જોઇ—જાળવી રાખવામાં જ આનંદ માન્યો હતો. જિનાલયની અંદરની ઓરડીઓમાં તેમનો નિવાસ હતો અને એ ઓરડીઓમાં જ દ્રવ્યભંડાર હતો. ભંડારની કુંચીઓ સૂરિજી પોતાની પથારી હેઠળ દાબીને સૂઇ રહેતા હતા, તોપણ તેમને બહુ જ થોડી નિદ્રા આવતી. આજે મધરાત પછી પ્રવાસી આવ્યો હતો અને બાવો તેની સાથે જિનાલય સામેના ચોગાનમાં વાતચીત કરતો હતો તેટલા ઉપરથી જ તેમની નિદ્રાનો ભંગ થઇ ગયો હતો અને તે સત્વર દ્વાર ઉઘાડીને ' કોણ આવ્યું છે ' તે જોવાને બહાર ધાઈ આવ્યા હતા !

સૂરિજીનો શિષ્ય ગૌતમચંદ્ર સૂરિજીના જેવા સ્વભાવનો નહોતો. તેણે પોતાના ગુરૂ પાસેથી જૈન શાસ્ત્રોનું અધ્યયન કર્યું હતું અને પોતાના ગુરૂનો આચાર એ શાસ્ત્રોના ફરમાન કરતાં કેવળ વિપરીત હતો એવું તેણે જોયું હતું, તેથી તેણે ગુરૂને સમજાવીને દ્રવ્ય મેળવવા—જાળવવા પાછળના પ્રપંચનો ત્યાગ કરી નાંખવા ઘણી વાર કહ્યું હતું; પણ ગુરૂને એ વાત ગમતી નહોતી. ગૌતમને ઘણી વાર ગુરૂની વાતો ઉપર, શ્રાવકોને ફોસલાવવાની તેમની પદ્ધતિ ઉપર અને બીજા આચારો ઉપર કંટાળો આવતો અને કોઇ કોઇ વાર જ્યારે તે બહુ કંટાળતો ત્યારે ગુરૂને છાનો ઠપકો પણ આપતો, પરન્તુ તે વખતે ચતુર સૂરિજી જુવાન શિષ્ય ઉપર સામો ગુસ્સો

કરવાને બદલે તેના ઠપકાને હસી કાઢીને ઉડાવતા ! ગૌતમને આથી બહુ લાગી આવતું, ગુરૂની સાથે પોતે પણ પાપમાં પડે છે એવું લાગતું અને તેથી કોઇ વાર તે ઇચ્છતો કે જો કોઇ ચોર લોકો આવીને બધું દ્રવ્ય ચોરી જાય અને એ રીતે ગુરૂની ઉપાધિનું હરણ કરી જાય તો જ ગુરૂનું અને પોતાનું કલ્યાણ થાય: તે સિવાય બીજો એકે માર્ગ નથી!

* * * *

પ્રભાત થતાં ગૌતમ વહેલો ઉઠયો અને રાત્રે કોઈ નવો પ્રવાસી આવેલો હોવાનું તેણે જાણ્યું. ગુરૂજીએ તેને મંદિરમાં નિવાસ આપ્યો હતો, તે ઉપરથી તે પ્રવાસીને ગુરૂજીએ દ્રવ્યવાન્ માન્યો હશે એવું પણ ગૌતમ સમજ્યો. દિવસનો પ્રથમ પ્રહર ગૌતમ શાસ્ત્રાધ્યયન કરવામાં ગાળતો હતો, તે પ્રમાણે પોતાના નિત્યકર્મથી મુક્ત થઇને તે ગુરૂની પાસે ગયો અને નવા પ્રવાસી સંબંધી પૃચ્છા કરી. ગુરૂએ રાત્રિનો વૃત્તાંત કહ્યો. ગૌતમે પૂછયું: "પણ તેને મંદિરમાં નિવાસ આપવાનું કારણ શું?"

"રાત્રે ચંદ્રના અજવાળામાં મેં તેને ઓળખી લીધો છે: તે એક મોટો માણસ છે. તેની પાસે એક ઘોડો છે તે પણ કાંઇ નહિતો એકસો સોનૈયાની કીંમતનો હશે!" ગુરૂએ જવાબ આપ્યો.

"આપણને વળી ઘોડાનું શું કામ છે? અને એવો મોટો માણસ તે કોણ છે?"

"ઘોડો જો તે મંદિરના દેવદ્રવ્યમાં આપે તો સારૂં. આપણા ચોકીદારને કામ લાગે અને શહેરમાંથી કેટલીક ચીજો મંગાવવી હોય તો ઉતાવળે આવી શકે."

"પણ આપે તેને ઓળખ્યો છે તો તે કોણ છે, તે તો કહો!"

ગૌતમે એ પ્રશ્ન કર્યો એટલામાં તો પ્રવાસી ત્યાં આવ્યો એટલે ગુરૂ શિષ્યની વાતચીત બંધ પડી. પ્રવાસીએ આવીને ગુરૂ શિષ્યને વંદન કર્યું. સૂરિજીએ પૂછયું: "કેમ દેવાણુપ્પિયા! રાત્રે ઉંઘ તો સારી આવી હતીને?"

પ્રવાસીને ઉંઘ આવી નહોતી એમ તેની આંખો જ કહી આપતી હતી. તે દુઃખથી બેજાર બની ગયો હતો અને વળી તેની પાસે પુષ્કળ મૂલ્યવાન્ દ્રવ્ય હતું તે જાળવવાની ઉપાધિથી તેને ઉંઘ આવે તેમ જ નહોતું. પાસે શસ્ત્રાસ્ત્રો હોવા છતાં રાત્રે પ્રવાસ કરતાં તે ભય પામતો હતો તેનું કારણ તેનું દ્રવ્ય જ હતું ! મંદિરમાં પણ તેને તે જ કારણથી ઉંઘ આવી નહોતી. છતાં તેણે કહ્યું: "હા, ગુરૂજી ! ઉંઘ ઘણી સારી આવી હતી."

"હવે તમે બહાર વ્યાખ્યાનગૃહમાં બેસો, એટલે હું ત્યાં આવું છું. તમારો દુઃખવૃત્તાંત જાણવાની મારી ઇચ્છા છે."

"મારા નિવાસની ઓરડીને એક તાળું વાસવાની જરૂર છે." પ્રવાસીએ કહ્યું.

સૂરિજી સમજ્યા કે તેની પાસે સારી પેઠે દ્રવ્ય હોવું જોઇએ ! તે જાણીને તેમને આનંદ થયો. તેમણે કહ્યું: "હા, ચોકીદારને મારા નામથી કહો, એટલે તે એક સારૂં તાળું અને કુંચી આપશે. ઓરડીને તાળું વાસીને કુંચી તમારી પાસે રાખજો."

પ્રવાસી બહાર આવ્યો, પૂર્વ પરિચિત બાવાને મળ્યો અને તેની સાથે ચોકીદારની પાસે જઇને તાળું મેળવી ઓરડીને વાસ્યું. બાવાનો પરિચય જોકે પ્રવાસીને થોડા વખતનો જ થયો હતો, તોપણ તેના માયાળુ સ્વભાવને લીધે આ દુઃખી પ્રવાસીને તેના પરિચયથી કાંઇક ધીરજ અને આશ્વાસન મળતું હોય એવું જણાયું. બાવો અને પ્રવાસી કાંઈ કાંઈ વાતો કરતા વ્યાખ્યાનગૃહમાં આવીને બેઠા, એટલામાં સૂરિજી અને તેમનો શિષ્ય પણ ત્યાં આવ્યા. એક પાટ ઉપર ઊનનું પાથરણું પાથરીને તે પર બન્ને બેઠા અને તેમને વંદન કરીને પ્રવાસી તથા બાવો બેઠા. સૂરિજીએ પ્રારંભમાં ચલાવ્યું: "જુઓ દેવાણુપ્પિયા ! તમને બહુ કષ્ટ પડયું છે એવું જાણીને મને પણ બહુ દુઃખ થયું છે. જ્યાં સહૃદયતાનો નિવાસ છે ત્યાં અનુકંપાનો પણ નિવાસ છે. દુઃખીઓને ધૈર્ય આપી ધર્મનો માર્ગ દર્શાવવો તથા આ નીરસ સંસારનો મોહ છોડાવી શ્રી વીતરાગે

દર્શાવેલા માર્ગ તરફ તથા પ્રરૂપેલા ધર્મ તરફ તેઓની ગતિ કરાવવી એ તો અમારૂં નિત્યકર્મ થઇ પડયું છે: એટલે તમારો દુઃખવૃત્તાન્ત જાણવાની અમને બહુ જિજ્ઞાસા થઈ આવી છે."

"સત્ય છે ગુરૂદેવ! અન્યને દુઃખવાર્ત્તા નિવેદન કર્યા વિના હૃદયનો ભાર ઓછો થતો નથી અને તેટલા માટે મારી દુઃખવાર્તા આપને કહેવાની જ મારી પણ ઇચ્છા છે. હવે આપ શ્રવણ કરો. પાટણનો હું નિવાસી છું. ચાવડાઓનું નિકંદન કરીને ત્યાં સોલંકીઓ જોરપર આવ્યા છે અને જે વખતે પાટણમાં એ બધું ધમસાણ ચાલી રહ્યું હતું, તે જ વખતે હું મારા કુટુંબની સાથે શ્રી શત્રુંજયાદિ તીર્થોની યાત્રા કરવાને સૌરાષ્ટ્ર તરફ આવવાને નીકળ્યો હતો. મારી તેર વર્ષની વયની એક પુત્રી હતી, તેનું નામ કલ્યાણી હતું. તેનું લગ્ન કર્યા પૂર્વે મારે એ યાત્રા કરવી જ જોઇએ એવી ટેક હતી, તેથી તેની માતા ગર્ભવતી હોવા છતાં હું પ્રવાસે નીકળ્યો. પરન્તુ હું એવા ખરાબ મુહૂર્તે નિકળ્યો હોઈશ કે મારા દુઃખનો પાર રહ્યો નહિ. પાટણથી વીશેક કોશ દૂર હું ગયો હોઇશ એટલામાં મારા પાંચ વર્ષની વયના પુત્રને કોગળીઉં થયું અને તે મરણ પામ્યો! મને બહુ દુઃખ થયું અને મારી સ્ત્રીના મનઃકષ્ટનો તો પાર રહ્યો નહિ. થોડા દિવસ એક ગામડામાં આરામ લઇને અમે આગળ વધ્યાં. વાહનમાં અમારી સાથે એક ઘોડો અને એક બળદગાડી હતાં. ઘોડા ઉપર હું સવારી કરતો અને ગાડીમાં એ માતાપુત્રી બેસતાં. ગુજરાતની હદ મેં પાર કરી એટલે હું એક નિર્જન અને વનસ્પતિહીન પ્રદેશમાં આવી પહોંચ્યો. એક આખો દિવસ ચાલવાથી એ પ્રદેશ ઉલ્લંઘી શકાય તેમ હતું, પરન્તુ એ પ્રદેશની મધ્યમાં જ ખરે બપોરે મારી સ્ત્રીને પ્રસૂતિવેદના થઇ આવી અને મરણ પામેલું બાળક અવતર્યું! મારાં સંચિત એટલાં અવળાં કે ત્યારપછી એક ઘડીમાં જ સ્ત્રીનું પણ મરણ થયું અને અમે પિતા–પુત્રી જ માત્ર રહ્યાં! એ વગડાની વચ્ચે નહિ લાકડાં મળે, સાંજ પડી ગએલી, લૂંટારાનો ભો, યુવાન પુત્રીનું રક્ષણ કરવાનો ભાર, એ બધી મુશ્કેલીઓને લીધે સ્ત્રી તથા બાળકનાં મુડદાંઓને અગ્નિસંસ્કાર નહિ કરતાં

ખાડો ખોદી તેમાં જ બન્નેને દાટી દઇને અમે આગળ ચાલ્યાં !"

સૂરિજીએ દયા દર્શાવીઃ "અહો ! એક ધર્મિષ્ઠ શ્રાવકને યાત્રાર્થે જતાં પણ કેવું કષ્ટ પડ્યું ? શ્રાવકની પુત્રીનો અગ્નિસંસ્કાર પણ ન થયો ! એક યવનના જેવી તેના મૃતદેહની દશા થઇ !"

"પ્રભુ ! કર્મ કોઇને ક્યાં મૂકે છે ? પરન્તુ એટલેથી જ મારૂં દુઃખ પૂરૂં થતું નથી. એક પ્રહર રાત વીત્યે હું એક નાના ગામમાં પહોંચ્યો અને ત્યાં મેં રાત્રિવાસ કર્યો. એક વાર યાત્રાર્થે નીકળવાનો નિશ્ચય કર્યા પછી પાછા ફરવું તેમાં મને અધર્મ જણાયો અને તેથી હું આગળ વધવા લાગ્યો. અહીંથી વીશેક કોશ દૂર હું એક ગામડામાં રહ્યો હતો અને સ્હવારમાં વહેલો આ તરફ આવતો હતો. આવતાં આવતાં માર્ગમાં સાંજ પડવા આવી. એક ગામડું કેટલેક દૂર દેખાતું હતું ત્યાં થોભવાનો મારો વિચાર હતો, એવામાં એકાએક આઠ સોરઠીયા ઘોડેસવારો અમારી ગાડીની આસપાસ ફરી વળ્યા. તેમણે કહ્યું કે અમે રા' કવાટના માણસો છીએ અને જાત્રાળુઓ પાસેથી કર ઉઘરાવીએ છીએ. મેં કર આપવાની તત્પરતા બતાવી, ત્યારે તેમણે કહ્યું કે અમારી મરજીમાં આવે તે કર અમે લઇએ છીએ અને તમારી પાસેથી આ છોકરીને જ કરના બદલામાં ઉઠાવી જવાનો અમારો નિશ્ચય છે ! ! તેમના આ શબ્દો સાંભળીને તો મારાં ગાત્રો શિથિલ થઇ ગયાં ! મારી પાસે હથીયારો હતાં પણ આઠ જણની સામે હું એકલો કેવી રીતે થઇ શકું ? મારી આંખે અંધારાં આવ્યાં. મેં એ લોકોને બહુએ પ્રાર્થના કરી. કલ્યાણીએ પણ પુષ્કળ આક્રંદ કર્યું. પરન્તુ એ રાક્ષસોએ તે કાંઈ સાંભળ્યું નહિ અને તેને ઉપાડીને ચાલતા થઈ ગયા !"

બાવો એકદમ બોલી ઉઠ્યોઃ "હેં હેં ! અને તમે એક પિતા હોઇને પુત્રીની એવી દશા થતી જોઇ રહ્યા ?"

"ત્યારે હું શું કરૂં ? અચાનક ઘેરાઈ ગયો, ત્યાં બીજો શો ઉપાય ? હું સામો થયો હોત તો મને તે લોકો મારી નાંખત અને મારૂં સર્વસ્વ લૂંટી લેવા ઉપરાંત કલ્યાણીને પણ ઉંચકી જાત !" પ્રવાસીએ કહ્યું.

"ધિક્કાર છે તમને!" બાવો તિરસ્કારથી બોલી ઉઠયો: "તમને તેઓ મારી નાંખત અને લૂંટી લેત એ બહુ સારૂં થાત, પરન્તુ તમારી ખુલ્લી આંખોની સમીપે તમારી કુંવારી પુત્રીનું હરણ એ રાક્ષસો કરી ગયા તે તમારાથી કેમ સહાયું? તે જોઇને તો તમારે ઊભાં ઊભાં બળી મરવું જોઇતું હતું!"

પ્રવાસી શરમનો માર્યો મૌન બેસી રહ્યો.

બાવો આગળ બોલ્યો: "હાય! હાય! મને એમ થાય છે કે તમે અહીંસુધી જીવતા જ કેવી રીતે આવી શક્યા છો? તમારી જાતનું અને તમારા દ્રવ્યનું રક્ષણ કરવાનો વિચાર જ તમને કેમ થયો? તમે કેમ એ આઠમાંના એકાદ બેને યમસદન પહોંચાડીને પછી મરણ પમ્યા નહિ? અરે, તમે કેમ એ પુત્રીનું જ ગળું કાપી નાંખ્યું નહિ અને એ રાક્ષસોના હાથમાં તેને જીવતી સોંપી? છેવટે શું વાણીયાભાઈ બની ગયા?"

પ્રવાસી બોલ્યો: "ખરેખર, હું શરમાઉં છું. મને હવે પસ્તાવો થાય છે. જીવહિંસા તો થાત......"

ગૌતમચંદ્ર વચમાં બોલી ઉઠયો: "અરે દેવાણુપ્પિયા! એ તમે શું બોલ્યા? દુષ્ટોની સામે પોતાના દેહનું, ધર્મનું અને શીલનું રક્ષણ કરતાં કદાચ મનુષ્યવધ કરવો પડે, તો તેને પાપમય જીવહિંસા લેખવાનું તમને કોણે શીખવ્યું? પૂર્વે ઘણા જૈન રાજ્યાધિપતિઓએ દેશ, ધર્મ, શીલ, આત્મા, નિર્બળ પ્રાણીઓ ઇત્યાદિના રક્ષણને અર્થે પોતાનાં શસ્ત્રોનો ઉપયોગ કર્યો છે અને તેવાં કાર્યોને શાસ્ત્રમાં પાતકરૂપ કહ્યાં નથી. એવે સમયે જીવહિંસાનો વિચાર પણ સંભવે નહિ! તમે તમારા દેહના કે તમારા દ્રવ્યના સંરક્ષણનો વિચાર કરી કુમારિકા પુત્રીના શીલનો ભંગ થવા દેવાનું મહાપાપ કર્યું છે."

સૂરિજી બોલ્યા: "એ પાપનું નિવારણ હવે તમે અહીં રહીને કરો. શ્રી આદીશ્વર ભગવાનની વિધવિધ પ્રકારે પૂજા કરો, દાનપુણ્ય કરો અને યથાશક્તિ દ્રવ્ય ખર્ચો!"

પ્રવાસી બહુ શરમાઈ ગયો હતો તેથી નીચું વદન ઘાલી રહીને તે સાંભળી રહ્યો. પણ તેને દ્રવ્ય ખર્ચવાની સૂરિજીની વાત ગમી નહિ! ચૈત્યવાસી મુનિઓના આચારને પ્રવાસી જાણતો હોવાથી પોતાના દ્રવ્યની ચિંતા તેને ગઇ રાતથી જ થવા લાગી હતી, પરન્તુ તે સાથે હવે પોતે એકલા ક્યાં જવું અને શું કરવું તે કાંઇ તેને સૂઝતું નહોતું. તે વિષેના ઉંડા વિચારમાં તે પડ્યો, એટલામાં બાવાએ કહ્યું: "ભાઇ! જેવો આફતનો પ્રસંગ તમારી ઉપર ગુજર્યો છે તેવો જ પ્રસંગ આદિથી અંતસુધી એકસરખો પ્રસંગ મારી ઉપર ગુજર્યો છે! રા' કવાટના ત્રાસથી હું મારી પુત્રી અને સ્ત્રીને લઇને મારે દેશથી નાઠો હતો અને રા' કવાટ મારી પાછળ પડ્યો હતો. માર્ગમાં મારી સ્ત્રીને પ્રસૂતિ થઇ, પુત્ર અવતર્યો, મરણ પામ્યો, સ્ત્રી પણ મરણ પામી અને રા' પાછળ પડ્યો હોવાથી બન્નેને બાળ્યા વિના ભૂમિમાં જ ભંડારીને પુત્રી સાથે હું આગળ વધ્યો. પરન્તુ તમારા કરતાં મારૂં એટલું સદ્દભાગ્ય કે મને માર્ગમાં એક ધર્મનિષ્ઠ વણઝારો મળ્યો, તેને મારી પુત્રી સોંપીને હું બાવો બની ચાલ્યો ગયો, તે હજીસુધી પાછો દેશમાં ગયો નથી. પણ જો તમારા જેવો જ પ્રસંગ મારે શિરે આવ્યો હોત તો હું પુત્રીનો અને મારા દેહનો ઘાત કરતાં પાછું વાળી જોત નહિ!"

સૂરિજી બોલ્યા: "ત્યારે તો રા' કવાટ લોકોને બહુ ત્રાસ આપી રહ્યો જણાય છે."

બાવો બોલ્યો: "એના ત્રાસની વાતો કહી જાય તેવી નથી. આ દેવભૂમિમાં તે એક રાક્ષસ જ છે."

પ્રવાસી પશ્ચાત્તાપ કરતો આંસુ સારી રહ્યો હતો. સૂરિજીએ તેને આશ્વાસનના બે શબ્દો કહ્યા. કેટલીક વારે તેનું ચિત્ત શાંત થયું. બાવાને પણ એ દુઃખી પ્રવાસી ઉપર દયા આવી. તેણે પ્રવાસીને પોતાની સાથે બહાર તેડી જઇને ધીરજ આપવા માંડી. તેઓ ગયા એટલે સૂરિજીએ શિષ્યને કહ્યું: "આ પ્રવાસીને ઓળખ્યો?"

"ના; હું ક્યાંથી ઓળખું?"

"તે ગુર્જરેશ્વર સામંતસિંહનો મંત્રીશ્વર જસપાલ છે. મેં તેને ઓળખ્યો છે, પણ તે હજી એવું સમજે છે કે પોતે ગુપ્ત રહી શક્યો છે."

"શું એમ છે?"

"હા; અને તે જૂઠું પણ બોલ્યો છે. તેને માથે આફત ગુજરી હશે ખરી, પણ તે યાત્રાર્થે નીકળ્યો હોય નહિ. મૂળરાજ સોલંકીએ તેને દેશપાર કર્યો હોવો જોઇએ અને તેથી તે પોતાનું દ્રવ્ય તથા કુટુંબ લઇને સૌરાષ્ટ્રમાં આવવા નીકળ્યો હશે. તેમ હોય તો તેની પાસે ઘણું દ્રવ્ય હોવું જોઇએ." સૂરિજીની દાઢ ડળકી.

"બળ્યું એનું દ્રવ્ય! બિચારા દુઃખીયાને અહીં શાંતિથી રહેવા દો! એના દ્રવ્યનું આપણને શું કામ?" શિષ્યે કહ્યું.

"તેને પણ હવે દ્રવ્યનું શું કામ છે? તેની પાછળ કોણ ખાનાર છે?"

ગૌતમ ભ્રૂકુટી ચડાવીને ચાલ્યો ગયો. સૂરિજી જસપાલના દ્રવ્યના હરણની યોજના ઘડવામાં લીન બન્યા.

પરિચ્છેદ ૧૦ મો.

વજ્રપાત!

જસપાલ અને બાવો ધર્મશાળામાં આવ્યા. જસપાલ ઉપર બાવાને ખરેખરી દયા આવી હતી. બાવા ઉપર જ ભારે કષ્ટ પડયું હતું એટલે તેને પરદુઃખની કલ્પના આવતી હતી. જસપાલને પોતાની પુત્રી કલ્યાણી ગુમાવતી વેળાએ જેટલું દુઃખ લાગ્યું નહોતું, તેટલું દુઃખ હવે તેને લાગતું હતું, કારણકે પુત્રી પ્રત્યેની ફરજ બજાવવામાં પોતે ગફલત કરી હતી એવું તેને હવે સમજાયું હતું. બાવાના આશ્વાસનયુક્ત શબ્દો સાંભળી રહ્યા પછી જસપાલ બોલ્યોઃ "બાવાજી! અત્યારે તો આપ એક સાધુ જન છો, પરન્તુ પૂર્વાશ્રમમાં આપે કોઈ ક્ષત્રિયકુળને શોભાવ્યું હોવું જોઇએ."

બાવાએ હસીને કહ્યુંઃ "શા ઉપરથી તે તમે જાણ્યું?"

“આપના શબ્દો ઉપરથી જ. આપના શબ્દોમાં જ મેં ક્ષત્રિયત્વ ઝળકતું દીઠું.”

“તમારૂં કથન ખરૂં છે. મેં મારી જે પુત્રીની વાત આપને કહી તેને પેલો ધર્મનિષ્ઠ વણઝારો પાટણમાં મૂકી ગયો હોવો જોઇએ, કારણકે એવો અમારો સંકેત હતો. એ પુત્રીને મળવાને જ હું પાટણ તરફ જઉં છું. મારૂં નામ કાલુ જેઠવો.”

“કાલુ જેઠવો! ત્યારે તો તમારી પુત્રીનું નામ ચઉલાદેવી!” જસપાલે કહ્યું.

“ખરેખર, તે જ મારી પુત્રી! તમે તેને કેવી રીતે ઓળખો? તમે પાટણથી આવો છો તો તમે તેના કુશળ વર્તમાન આપી શકશો એમ હું ધારૂં છું.” કાલુએ ઉત્સુકતાથી કહ્યું.

“ત્યારે તો હવે મારે પણ તમને મારી ઓળખાણ આપવી જોઇએ. હું મહારાજા સામંતસિંહનો મંત્રીશ્વર જસપાલ છું. પાટણમાં મૂળરાજ સોલંકી ત્રાસ વર્તાવી રહ્યો છે, તેથી હું પાટણ છોડીને નાઠો છું. ચઉલાદેવીને તો હું સારી રીતે ઓળખતો. ભાટીરાણીનાં તે ભાણેજી થાય.”

“બરાબર, બરાબર.” કાલુએ આનંદ દર્શાવતાં પૂછ્યું: “હાશ! આજે ઘણે વખતે મને મારી પુત્રીના સમાચાર મળ્યા. ચઉલા આનંદમાં છે ને?”

જેઠવાના પ્રશ્નનો શો ઉત્તર આપવો તેનો જસપાલને વિચાર થઈ પડ્યો. પોતે પાટણથી કુટુંબને સાથે લઇને છટક્યો તે વખતે સરવૈયાણીની કતલ થઈ ચૂકી હતી. પાટણથી કેટલેક દૂર એક ગામડામાં તેણે રાત્રિવાસ કર્યો ત્યાં તેણે એવા સમાચાર સાંભળ્યા કે “ભાટીરાણી તથા અહિપતને રાણીની ભાણેજી ચઉલાએ નસાડ્યાં છે અને તેથી મૂળરાજે ચઉલાદેવીને પણ દેહાંતની શિક્ષા ફરમાવી છે!” આ સમાચાર સાંભળવાંથી જસપાલ દૃઢ રીતે માનતો હતો કે ચઉલા ખતમ થઇ ચૂકી હોવી જોઇએ. આશાતુર પિતાને એવા નિરાશાના સમાચાર આપતાં જસપાલનું હૃદય બળવા લાગ્યું. તે મૌન રહ્યો. કાલુએ પુનઃ પ્રશ્ન કર્યો:

"ચઉલાને તમે ઓળખો છો, તો પછી તમે પાટણમાંથી નીકળ્યા ત્યારે તો તેને સુખરૂપ જોઇ હતી ને?"

જસપાલ બોલ્યો: "ભાઈ! હું પાટણમાંથી નીકળ્યો ત્યારે તો ચઉલા સુખરૂપ હતી તે હું જાણું છું; પણ તમે જાણો છો કે ચઉલા સામંતસિંહની પત્ની ભાટીરાણીની ભાણેજી હતી એટલે મૂળરાજના શત્રુપક્ષમાં એ પણ ગણાય."

"પણ તેથી શું?" જેઠવાએ જસપાલ તરફ ચિંતાતુર દૃષ્ટિ કરી.

"સામંતસિંહની એક રાણી સરવૈયાણીની કતલ તો હું મારી નજરે જોઇને આવ્યો છું!"

"હર, હર, હર! શું મૂળરાજે એક સ્ત્રીનો ઘાત કર્યો?"

"અને ભાટીરાણી પોતાના બાળપુત્રને લઇને નાસી છૂટયાં છે એવી મને ખબર મળી હતી." જસપાલે જણાવ્યું.

"એટલું ઠીક થયું. એ બાળકનો બચાવ થયો. ત્યારે તો ભાટીરાણી ચતુર ખરી!"

"એમાં એની ચતુરાઇ નહોતી. તમારી ચઉલાએ જ એને મદદ કરીને નસાડી હતી અને......"

"હેં! એ શું કહો છો? ચઉલાએ એની માસીને નાસવામાં મદદ કરી?" જેઠવાએ આશ્ચર્ય અને ઉમંગ દર્શાવ્યો.

"અને તેથી જ દુષ્ટ મૂળરાજે બિચારી ચઉલાને દેહાંતની શિક્ષા..."

"હેં હેં!! મારી ચઉલા..." જસપાલે આપેલા ખબરથી કાલુ જેઠવા ઉપર વજ્રપાત થયો! એ કારમા દુઃખદાયક ખબરથી કાલુ બેભાન થઇને નીચે પડી ગયો. જસપાલે તેને પવન નાંખી તથા મ્હોંપર જળ છાંટીને ભાનમાં આણવાનો પ્રયત્ન કરવા માંડયો, પરન્તુ કેટલી વારસુધી તે સ્વસ્થ થયો નહિ. જસપાલે સૂરિજીને ખબર આપી. સૂરિજી કાંઇક ઔષધિ લઇને આવ્યા અને એ ઔષધિ પત્થર સાથે ઘસીને જેઠવાની આંખમાં આંજી પરન્તુ મધ્યાન્હ થતાંસુધી તે ભાનમાં આવ્યો નહિ. આથી સૌ કોઇ વધારે ગભરાયા. સૂરિજીએ એક તાવીજ આણીને તેને મંત્રી ધૂપ દઈ જેઠવાના ગળામાં પહેરાવ્યું

પણ તેનીએ કાંઈ અસર થએલી જણાઇ નહિ. છેવટ પાછલે પહોરે કાલુ ધીરે ધીરે ભાનમાં આવ્યો, પરન્તુ હવે તેના ચિત્તને અતુલિત દુઃખ થવા લાગ્યું. દેશ છોડી, ગામ છોડી, કુટુંબ છોડી, સ્ત્રીની આહુતિ આપી, એક માત્ર પુત્રીને માટે તે બાવો બન્યો હતો, પરન્તુ તે પુત્રીનો પણ દેહાંત થયો એવું જાણતાં તેનું નિરાશાથી ચોમેર ઘેરાઇ ગએલું ચિત્ત પોકાર કરી ઉઠયું. તેનું ધૈર્ય, તેનું ડહાપણ, તેનું તેજ, તેની ટેક, તેનું ક્ષત્રિયત્વ સઘળું એકાએક નાશ પામી ગયું અને તે મુક્ત કંઠે રડવા લાગી ગયો!! તેના રોદનથી–તેના દુઃખભારના વૃત્તાન્તથી સૌ કોઈની આંખોમાં આંસુ આવી ગયાં. રોદનધ્વનિનો પ્રતિઘોષ ઉંડા અરણ્યમાંથી સંભળાવા લાગ્યો અને અરણ્યનાં વૃક્ષો સામાં રડતાં હોયની એવું ભાન કરાવવા લાગ્યો. જોતજોતાંમાં રાત્રિ પડી. કાલુની સાથે જસપાલે પણ એ આખા દિવસનો ઉપવાસ વેઠી લઇને શયન કર્યું.

* * * *

કાલુ જેઠવાના શરીરમાંથી ચૈતન્ય કેવળ નાશ પામી ગયું હોય, માત્ર એક રાત્રિમાં જ તે દશ વર્ષ વધારે વૃદ્ધ બની ગયો હોય, તેનું ચિત્ત ભ્રમી જવાથી તેનાં નેત્રોમાં વિકૃતિ દેખાતી હોય એવો ભાસ બીજા દિવસના પ્રભાતમાં જસપાલને થયો. પોતાના જેવું જ કષ્ટ કાલુને માથે પડયું હતું એવું જોઇને જસપાલનું હૃદય કાલુના હૃદયની વધારે નિકટમાં આવ્યું. એ કૃપણ અને કોઇ ઉપર પણ વિશ્વાસ ન રાખે તેવા પાકા વાણીયાને પણ કાલુ પાસે પોતાનું હૃદય ઠાલવવાનું મન થયું. તે ધીરે ધીરે આવીને કાલુની પાસે બેઠો અને બોલ્યો: "જેઠવા! આપણે બન્ને એકસરખા દુર્ભાગી છીએ! મારી પાછળ હવે કશું નામનિશાન રહ્યું નથી, તેવી જ આપની દશા થઈ છે. આપણે મનુષ્યો તો સુખ મેળવવાને ઘણાંએ ફાંફાં મારીએ, પરન્તુ આપણે પૂર્વ ભવમાં એવાં દુષ્કર્મો કર્યાં હોય કે જેથી આપણે આ ભવે સુખી થઇ શકીએ જ નહિ, પછી આપણો શો ઉપાય રહ્યો? હવે તો માથે જે કાંઇ આવી પડી છે તે વેઠીને શાંતિ–સમાધિમાં મરણ આવે એવું જ ઇચ્છવું, બીજું શું? આપ હવે પાટણ તરફ જ-

વાનું માંડી વાળો. જેમ જીવનમાં હું એકલો છું, તેમ જ તમે પણ એકલા છો! હવે બધી ચિંતા ઉપાધિ છોડીને પરભવનું ભાતું બાંધીએ!"

કાલુની આંખોમાંથી સરસર અશ્રુની ધારા સરી પડી. તે બોલ્યો: "મંત્રીશ્વર! આવા હૃદયના ઘામાં મને પ્રભુ પણ હવે ક્યાંથી સાંભરશે? જેટલી વાર મને મારી ચઉલા સાંભરશે, એટલી વાર પ્રભુ નહિ સાંભરે! શાંતિ–સમાધિ મારા ભાગ્યમાં છે જ નહિ."

"એમ નિરાશ ન થાઓ! સંતાપ કરવાથી દુઃખ ઘટતું નથી પણ વધે છે; માટે એવા વિચારો કરવાનું છોડી દો. હું એક વાત કહું છું તે લક્ષ રાખીને સાંભળો. જુઓ, તમે ટેકીલા ક્ષત્રિય છો તેથી મારૂં હૃદય તમારી પાસે ખોલું છું. મારા સગા ભાઇના જેવો ઉમળકો મને તમારી પ્રત્યે આવે છે અને તેથી જ હું આ વાત કહું છું. મારી પાસે અહીં પુષ્કળ દ્રવ્ય છે. મને સૂરિજીનો બિલકુલ વિશ્વાસ આવતો નથી. તે દ્રવ્યના લાલચુ છે, તેથી મારા દ્રવ્ય ઉપર તેમની નજર બેઠી હોય એવું મને લાગે છે. તેથી જો તમે મારા દ્રવ્યનું રક્ષણ કરવાનું માથે લો, તો હું અને તમે એ દ્રવ્ય ઉપર રહીને આ જ સ્થળે આપણું જીવન નિશ્ચિંતે પૂરૂં કરીએ! તમે તમારા દેશમાં રા' કવાટના ભયથી જઈ શકો તેમ નથી અને હું મૂળરાજના ભયથી ગુજરાતમાં જઇ શકું તેમ નથી; તેથી આ સ્થળ આપણ બન્નેને માટે સારૂં છે."

થોડો વિચાર કરીને કાલુ બોલ્યો: "પુત્રી ગઇ એટલે હું પણ મરી ચૂકેલો જ છું; પછી મને રા'નો ભય શો છે? અને તમને પણ હવે મૂળરાજનો ભય શામાટે જોઇએ? હવે તો વહેલું મરણ આવે એવું આપણ ઉભયે ઇચ્છવું જોઇએ."

"પણ એમ માંગ્યું મોત ક્યાં આવે છે? જ્યાંસુધી જીવનદોરી હોય ત્યાંસુધી તો જીવવું ને? તેટલા માટે મારો આવો વિચાર થયો છે. તમારી પાસે કાંઇ દ્રવ્ય નથી?"

"મારી પાસે પણ દ્રવ્ય તો છે–થોડુંએક, પરન્તુ હવે મારે તે શું

કરવું છે ? તમને જોઇતું હોય તો તે તમને આપી દઉં અને હું ચાલ્યો જઉં !” નિરાશ થએલા કાલુએ નિઃસ્પૃહતાથી કહ્યું.

“નહિ, નહિ; મને દ્રવ્ય જોઇતું નથી. તમારા જેવા ક્ષત્રિય મિત્રની મને જરૂર છે.”

“તો ભલે હું અહીં રહીશ.”

“હવે મને આનંદ થયો. અહીં રહેવા માટે સૂરિજીની કૃપા સંપાદન કરવી પડશે, પણ માત્ર શબ્દોવડે રીઝવવાની યુક્તિ હું સારી રીતે જાણું છું. હું કહીશ કે મારૂં સઘળું દ્રવ્ય મરણવેળાએ તમોને જ હું સોંપીશ અને જીવીશ ત્યાંસુધી તેમાંથી ખાઇશ.” જસપાલે જણાવ્યું.

એ રીતે કાલુ જેઠવો અને જસપાલ–બન્ને સમદુઃખી પ્રાણીઓ–એ જ સ્થળે રહીને દિવસો નિર્ગમન કરવા લાગ્યા.

પરિચ્છેદ ૧૧ મો.

ગુજરાતના મંત્રીશ્વરની દશા !

જસપાલ અને કાલુ જેઠવાને હવે આ જગતમાં કોઇ જ રહ્યું નહોતું, એટલે તેમણે નિરાશાથી આવૃત્ત થઇને એ એકાંત સ્થળે જ જીવન પૂરૂં કરવાનો નિશ્ચય કર્યો હતો. ચતુર જસપાલની મધુમય જિહ્વાનાં ઉદાર વચનોથી સૂરિજી પણ સારી પેઠે લોભાઈ રહ્યા હતા અને તેથી લાંબા સમયસુધીનો અતિપરિચય થયા છતાં તેમને જસપાલનો કે જેઠવાનો કંટાળો આવ્યો નહોતો. જસપાલ સામંતસિંહ જેવા નિર્બળ રાજાનો મંત્રીશ્વર હતો એટલે તેણે ગુજરાતની રાજલક્ષ્મીને પોતાના ઘરમાં જ ભરી હશે અને એ બધું દ્રવ્ય તેણે પોતાની સાથે આણ્યું હશે એવી સૂરિજીની માન્યતા હોવાથી તેમને જસપાલ ઉપર અસંત મમત્વ હતું. આ સ્થિતિમાં પંદરેક વર્ષ વીતી ગયાં. કાળ પોતાનું કામ કરવા લાગ્યો. સૂરિજી, જસપાલ અને જેઠવો વૃદ્ધ થયા. તેમના દેહો ઉપર એક પણ કાળો વાળ રહ્યો નહિ. છતાં સૂરિજીનું અને જસપાલનું

ધન ઉપરનું મમત્વ જરા પણ ઓછું થયું નહોતું! જેહવાને અને ગૌતમને એ પામર જીવોની બહુ દયા આવતી. દિવસે દિવસે જસપાલનું શરીર વધારે જીર્ણ થવા લાગ્યું, તેમ તેમ સૂરિજી પાસે જઇને તેણે ઔષધો ખાઈ શરીર સુધારવાનો યત્ન કરવા માંડ્યો. ઘણા વખતસુધી ઔષધોનું સેવન કર્યું પરન્તુ કુદરતી રીતે આવી ચૂકેલી જરાને કોણ નિવારી શકે છે? ઔષધો નિષ્ફળ ગયાં અને જસપાલ ઝાડાની બિમારી ભોગવતો માંદગીને બિછાને પડ્યો. સૂરિજીએ પોતાનાં ઔષધો ઉપરાંત મંત્ર–તંત્રના પ્રયોગો કરીને પણ જસપાલને સંતોષ આપ્યો, પરન્તુ એથી રોગનું નિવારણ થઇ શક્યું નહિ અને જેમ જેમ ઝાડા વધવા લાગ્યા તેમ તેમ તે વધારે અશક્ત થતો ગયો. કાલુ જેઠવો તેની એ સ્થિતિમાં બહુ સારી રીતે ચાકરી કરતો અને તે જાણી ગયો હતો કે જસપાલ હવે થોડા દિવસનો મ્હેમાન છે, પરન્તુ રોગીને પોતાને મરણ આવી પહોંચ્યાના સમાચાર કેમ સંભળાવી શકાય? કાલુ તેને જીવનની જ આશા આપવા લાગ્યો અને જીવવાની લોલુપતાવાળા જસપાલને એ આશાનાં વચનોમાં સત્ય દેખાવા લાગ્યું. જેમ તેના જીવનની આશા લંબાતી ગઈ તેમ તેનો દ્રવ્ય ઉપરનો મોહ પણ ચિરંજીવી બનવા લાગ્યો. છેવટે તે પથારીમાંથી ઉઠી પણ ન શકે તેવી સ્થિતિમાં આવી પડ્યો. ઝાડાની બિમારી, અશક્ત પરન્તુ પ્રચંડ શરીર, દ્રવ્ય ઉપરના મોહને લીધે સૂરિજી તથા તેમનાં માણસો ઉપરનો અવિશ્વાસ, "ફલાણું ઔષધ પાઓ અને ઢૂંકણો મંત્રજાપ કરો" ની તેની અધીરાઈ, એ બધાથી તેની ચાકરી કરનાર જેઠવાને અને સૂરિજીનાં માણસોને પણ કંટાળો આવવા લાગ્યો, પરન્તુ ગમે તેવા ખરાબ સ્વભાવનો રોગી પણ એક બાળકની પેઠે અન્ય મનુષ્યોની દયાને પાત્ર જ હોય છે, તેમ સૌ જસપાલની સેવા–શુશ્રૂષામાં કશી ન્યૂનતા રહેવા દેતાં નહિ. પરન્તુ માંદગી ધાર્યા કરતાં વધારે લંબાઇ, બિછાનામાં ઉપરાઉપરી ઝાડા થવા લાગ્યા, બિછાનું સાફ કરવાનો યત્ન કરતાં પણ તેનો શ્વાસ ઉડી જવાનો ભય સૌને રહેવા લાગ્યો અને તેથી બિછાનામાં જ ગંદકી વધવા લાગી, પાસે ઊભા રહેનારને પણ નાકે

લૂગડું દઈને તેના છેલ્લા શ્વાસોચ્છ્વાસની રાહ જોતાં અધીરાઇ વધવા લાગી. બેભાન દેહે એ આખા દિવસસુધી તો જસપાલને એક જ સરખી સ્થિતિમાં શ્વાસોચ્છ્વાસ ચાલુ રહ્યો અને તેટલો વખત તેને તથા તેની ચાકરી કરનારને જીવતાં નરકનું દુઃખ વેઠવા જેટલો ત્રાસ સહન કરવો પડ્યો.

ત્રીજે દિવસે મધ્યાહ્ન થતાં ઉત્તર દિશાએથી નોબતોના ઘોર ધ્વનિ સંભળાવા લાગ્યા, સૂર્યના તડકાને પણ ઢાંકી દેતું ધૂળનું મોટું વાદળું આકાશમાં ચડેલું દેખાયું, વનનાં પશુઓ જીવ બચાવવાને આંફળાં-ફાંફળાં આમ તેમ નાસી જતાં દેખાવા લાગ્યાં, ધૂળના વાદળાથી ઝાંખા પડેલા સૂર્યપ્રકાશને લીધે પ્રદોષસમય નિકટ આવેલો જોઇ પક્ષીઓ વૃક્ષે વૃક્ષે ચીં ચીં કરવા મંડી ગયાં અને પ્રલયકાળના અગ્નિની ભડભડ બળતી જ્વાળાની તીવ્ર શિખાઓનો ભાસ ક્ષિતિજમાં થવા લાગ્યો. થોડો સમય ગયો એટલે સૌના ધ્યાનમાં આવ્યું કે કોઈ મોટું સૈન્ય એ બાજુએ ધસી આવે છે!

કહેવાની જરૂર નથી કે રા’ કવાટ ઉપર સવારી લઇ જનાર મૂળરાજ સોલંકીનું જ એ સૈન્ય હતું. પોતાના જંગી લશ્કર સાથે મૂળરાજ સૌરાષ્ટ્ર તરફ ધસી આવતો હતો. વર્ષાઋતુમાં જેવી રીતે નદીમાં પાણીનું પૂર ધસી આવે તેવી રીતે એ સૈન્ય ધસી આવતું હતું અને પાણીના પ્રવાહની પેઠે જ સૈન્યનો પ્રવાહ આગળ ને આગળ આવ્યે જતો હતો. લાંબી તૈયારીઓ પછી આટલે દૂર મૂળરાજ સૈન્ય લઇને આવતો હોવાથી તેણે અગણિત બળ તથા સાધનો એકત્ર કર્યાં હતાં અને વિજય મેળવવાના સંપૂર્ણ વિશ્વાસ સાથે જ તેણે રા’ કવાટ ઉપર પોતાનો બાહુ ઉગામ્યો હતો. મૂળરાજનો વિચાર રા’ કવાટનો નાશ કરવાનો અને યાત્રાળુઓ ઉપર ગુજરતા જુલમનો અટકાવ કરવાનો હતો, તેથી સૌરાષ્ટ્રની પ્રજાને જરા પણ હાનિ ન થાય એવી આજ્ઞા તેણે પોતાના સૈન્યમાં ફેલાવી હતી. આથી મૂળરાજનું સૈન્ય વેગવાળા પાણીના પૂરની પેઠે ચાલ્યું આવતું હોવા છતાં માર્ગમાં કોઇને કશી ઈજા કરતું

નહિ, કોઈ ગામની પાસેથી તેના રહીશોની મરજી ઉપરાંત કશી વસ્તુઓ લેતું નહિ કે કોઇનાં ખેતરમાં કશો ભંજવાડ કરતું નહિ.

જે સ્થળે જસપાલ પોતાની છેલ્લી ઘડીના શ્વાસોચ્છ્વાસ પૂરા કરી રહ્યો હતો તે સ્થળ મુસાફરોને જવા માટેના રાજમાર્ગ સરખું હોવાથી મૂળરાજનું સૈન્ય એ માર્ગે જ આવ્યું. જિનમંદિરની પાસે આવી પહોંચતાં એ સ્થળ સંબંધી પૂછપરછ કરીને સૈન્ય બાજુએ થઇને આગળ ચાલ્યું જવા લાગ્યું. થોડુંએક સૈન્ય ગયું એટલે મોટી શણગારેલી પાલખીઓ ત્યાં આગળ આવી પહોંચી. એ પાલખીઓની અંદર જ મૂળરાજ, તેના માનવંતા મંડળેશ્વરો અને તેની કુમકે આવેલા રાજ્યાધિપતિઓ હતા. માર્ગમાં એક વિશાળ જિનમંદિર આવેલું જોઇને મૂળરાજે ત્યાં થોભવાની ઇચ્છા દર્શાવી. ભોઇઓએ પાલખીઓ ઉતારી અને સર્વે કોઇ પાલખીઓમાંથી બહાર નીકળ્યા. મૂળરાજને ત્યાં થોભેલો જાણીને સૂરિજી થરથરતા બહાર આવ્યા. સૈન્યને જોઇને અત્યારસુધી તે મંદિરમાં પોતાના ધનનું રક્ષણ કરતા બેસી રહ્યા હતા, તેમને હવે મૂળરાજનું નામ સાંભળતાં કમ્પ થઇ ગયો હતો. લથડતે પગે તે મૂળરાજ પાસે પહોંચ્યા અને મૂળરાજને આશીર્વાદ આપ્યો. સૌએ વૃદ્ધ સૂરિને વંદન કર્યું. સૂરિએ કહ્યું: “હે નરપતિ! તારી કીર્તિની સુવાસ અહીંસુધી પ્રસરેલી છે. આ સ્થળ જો કે સૌરાષ્ટ્રમાં છે અને રા’ કવાટની આણ અહીં વર્તે છે, પરન્તુ એ જુલ્મી રાજાના ત્રાસમાંથી પ્રજાને મુક્ત કરવાને તું ઉદ્યત થયો છે એ સાંભળી અમારા હર્ષનો પાર રહ્યો નથી. રા’ના ત્રાસથી પોતાની જીંદગીનું સર્વસ્વ ગુમાવી ચૂકેલા બે દુઃખી પ્રાણીઓ આ સ્થળે છે, તેમાંથી એક તો અત્યારે મરણોન્મુખ પડેલો છે!”

“એવાં દુઃખી પ્રાણીઓ કોણ છે? ચાલો આપણે તેમને મળીએ.” મૂળરાજ બોલ્યો.

સૂરિજી બોલ્યા: “એક તો મંત્રીશ્વર જસપાલ છે!”

“જસપાલ?!” મૂળરાજ આશ્ચર્યચકિત થતો બોલ્યો: “તે અહીં ક્યાંથી?”

" પાટણ છોડયા પછી તે પોતાના કુટુંબને ગુમાવી, એક માત્ર પુત્રી કલ્યાણી રહી હતી તે પણ રા'ના જુલમનો ભોગ થઇ પડતાં વર્ષોથી અહીં નિવાસ કરીને રહ્યો છે. " સૂરિએ ટૂંકમાં જસપાલનો વૃત્તાંત કહ્યો અને જસપાલને જ્યાં રાખવામાં આવ્યો હતો તે સ્થળ તરફ તે ચાલ્યા. મૂળરાજ અને બીજાઓ તેના અનુયાયી થયા.

જસપાલ ગંદી પથારીમાં, દુર્ગંધી વાતાવરણમાં, પ્રેત સરખા ભયાનક સ્વરૂપમાં પડ્યો પડ્યો ઉચ્છ્વાસ ખેંચી રહ્યો હતો. તેનાં ફીક્કાં પડી ગએલાં નેત્રો અર્ધાં ઉઘાડાં રહી ગયાં હતાં. હાથ પગ ખેંચાવાથી વારંવાર ઉંચા–નીચા થઇ રહ્યા હતા. શરીરની નસો તૂટવાથી થતી વિકળતા મરણ પામતા ચહેરાપર પણ દેખાતી હતી. એક વખતના ગુજરાતના મંત્રીશ્વરની, ચતુર રાજકારસ્થાની વણિકની, ગુર્જ્જરેશ્વરના જમણા હાથરૂપ મનાતા ગુજરાતના બીજા રાજાની આવી એકાકિન દયાજનક સ્થિતિ નિહાળીને મૂળરાજની આંખોમાં આંસુ આવ્યાં. તે બોલ્યો: " જસપાલ! જસપાલ! એક વાર તારા પ્રત્યે મને અનુપમ માન હતું, બીજી વાર તું જ મારા તિરસ્કારનો વિષય થઇ પડ્યો હતો અને ત્રીજી વાર–અત્યારે તું મારી દયાને પાત્ર બન્યો છે! અહો, ગુજરાતના મંત્રીશ્વરનું મરણ ગુર્જ્જરેશ્વરના રાજમહાલયમાં થવું જોઇએ, તેને બદલે આવી દુર્દશામાં–આવી અધમ સ્થિતિમાં–આવું દુ:ખદાયક મરણ? **कृतकर्मक्षयो नास्ति कल्पकोटिशतैरपि ॥** "

એ જ ક્ષણે જસપાલનો આત્મા છેલ્લો ઉચ્છ્વાસ પૂરો કરીને તેના દેહને છોડી ગયો. કાલુએ અને સૂરિના અનુચરોએ તેના દેહને પથારીમાંથી ઉંચકીને ભોંયે નાંખ્યો અને પથારી ઉપાડી લીધી. પણ પથારીની નીચેનું દૃશ્ય જોઇને સૌ હીબકી ગયા! એક લાંબી ચામડાની થેલી, બે કપડાની કોથળીઓ, બે નાની નાની બોચકીઓ, એક સુવર્ણનું રાજછત્ર, સુવર્ણના નાના નાના આઠ–દશ ટુકડાઓ અને બીજું કેટલુંક દ્રવ્ય જેમ તેમ પડેલું સૌએ જોયું! મૂળરાજની આજ્ઞાથી ચામડાની થેલી ખોલવામાં આવી તો તેમાંથી અમૂલ્ય ઝવેરાત નીકળ્યું. સેંકડો પાણીદાર મોતી, છૂટા

હીરા, માણેક, પાનાં, વગેરેથી ઠાંસી ઠાંસીને એ મોટી થેલી ભરવામાં આવી હતી અને જસપાલે તે થેલીને પોતાના બિછાનાના ઓસીકાને સ્થાને ગોઠવેલી હતી! બંધ થેલીઓમાં સામંતસિંહના નામ નિશાનવાળી સુવર્ણમુદ્રાઓ હતી. ઓયઠીઓમાં પણ છુટક જર–જવાહીર હતું. આ સઘળું જોઇને મૂળરાજ બોલ્યો: "અહો, આ વાણીયાથી મરણસુધી પણ દ્રવ્યની મમતા મુકાઈ નહિ! મરતાં મરતાંએ તે તેણે પથારી હેઠળ ઘાલ્યું હતું! કેવો પામર જીવ?"

સૂરિજી એ બધું દ્રવ્ય હાથ કરવાને સૌની આગળ આવ્યા અને પોતાના અનુચર પ્રત્યે બોલ્યા: "એ બધું એકઠું કરી લ્યો અને મંદિરમાં મોકલી દો!"

મૂળરાજે આશ્ચર્યથી સૂરિજીની સામે જોઇ કહ્યું: "એ દ્રવ્ય મંદિરનું નથી, મહારાજ! ગુર્જરેશ્વરના મંત્રીશ્વરનું હોઈ તે તો ગુજરાતની પ્રજાનું છે. હું જોઉં છું કે એમાંનું કેટલુંક તો જસપાલે રાજમહાલયમાંથી ચોરેલું દ્રવ્ય છે. પેલું સુવર્ણનું રાજછત્ર જ તેમાંનું એક છે! પણ તે હું લેવા ઇચ્છતો નથી. પાટણના મહાજનમંડળને ઉચિત લાગશે, તેવી રીતે તેનો ઉપયોગ તે કરશે, તેથી હું તે બધું દ્રવ્ય અત્યારે ને અત્યારે પાટણ મોકલી આપવાનો છું."

મૂળરાજની આજ્ઞાની સામે કોણ કશું બોલી શકે? સૂરિજી પણ અવાચ્ય રહ્યા. ગૌતમે દૂર રહ્યા રહ્યા આ બધો મામલો જોયો અને તે મનમાં ને મનમાં હસ્યો. તેણે જોયું કે મૂળરાજે પોતાના ગુરૂના દ્રવ્યલોભને બરાબર થપ્પડ મારી છે! ગુરૂના પરિગ્રહને છોડાવવાનો બરાબર અવસર જોઇને ગૌતમ નજીક આવ્યો અને મૂળરાજને કહેવા લાગ્યો: "ત્યારે મહારાજ! અમારા મંદિરમાં પુષ્કળ દ્રવ્ય છે, તે પણ પાટણ મોકલો તો સારૂં; અહીં તે કશા ઉપયોગનું નથી અને ત્યાં તેનો સદુપયોગ થશે!"

સૂરિજી શિષ્ય તરફ ધુરકીને બોલ્યા: "અહીં ક્યાં દ્રવ્ય છે? મંદિરનું દ્રવ્ય તો દેવદ્રવ્ય કહેવાય, તેનો ઉપયોગ બીજી રીતે ન થાય."

મૂળરાજે પૂછ્યું: "એ દ્રવ્ય કોના કબજામાં છે? કોણ તેનું રક્ષણ કરે છે?"

ગૌતમ બોલ્યો: "ગુરૂજી પોતે જ!"

"હેં!! એક જૈન સાધુ દ્રવ્યનો પરિગ્રહ રાખે છે? શાન્તમ્ પાપમ્! મહારાજ! એ દેવદ્રવ્ય કેમ દેવને અર્થે ખર્ચી નાંખતા નથી અને સંગ્રહો છો?"

"કોઈ વાર આપત્તિને વખતે કામમાં આવે, માટે સંગ્રહ જોઇએ. મંદિરની મરામત કરવી હોય, પૂજા, ઉત્સવ પાછળ ખર્ચ કરવું હોય ત્યારે તેનો ઉપયોગ થાય." સૂરિજીએ ઉત્તર આપ્યો.

"એ ચિંતા હવે આપ છોડી દો. અત્યારથી હું એ સઘળા ખર્ચને માટે વ્યવસ્થા કરૂં છું. વર્ષે તે માટે જેટલા દામ જોઇશે તેટલા પાટણમાંથી અહીં ખર્ચવામાં આવશે અને તમારા દ્રવ્યનો સંગ્રહ અહીં જ એક પાંથવિહાર બાંધવામાં વપરાશે!" મૂળરાજે પોતાની યોજના જણાવી.

"નહિ, નહિ, મહારાજ! એમ ન બને......"

સૂરિજીને અટકાવીને મૂળરાજ બોલ્યો: "એમ બનવું જ જોઇએ. ધર્મના દ્રવ્યનો સંગ્રહ તમારા સરખા ત્યાગીઓ પાસે ન જોઇએ. રાજ્યને પણ એ દ્રવ્ય જોઇતું નથી. પ્રજાનું તે દ્રવ્ય છે, પ્રજાના ઉપયોગ માટે તે વપરાશે." એમ કહી મૂળરાજે જેહુલને કહ્યું: "જેહુલરાજ! તમે પચાસ માણસોને મદદમાં રાખી અહીં રોકાઓ અને એ દ્રવ્ય લઈ, 'પાંથવિહાર' બાંધવાની વ્યવસ્થા કરી, મંદિર તથા 'પાંથવિહાર'ના વાર્ષિક ખર્ચને માટે મંત્રીશ્વર ઉપર મારા નામથી આજ્ઞાપત્ર લખી, પછી અહીંથી નીકળીને સૈન્યને આવી મળજો."

સૂરિજીનાં ગાત્ર શિથિલ થઇ ગયાં! તેમની આંખે તમ્મર આવ્યાં અને આંખો સજળ બની ગઈ! મૂળરાજની આજ્ઞા અને જેહુલની ઇશારત થતાં જ પચાસ માણસો છૂટયાં. ગૌતમે તેમને સૂરિજીનો ભંડાર બતાવ્યો અને તેઓએ સઘળું દ્રવ્ય જેહુલની પાસે લાવી મૂક્યું. જેહુલે પાટણ તરફ મંત્રીશ્વરને સંદેશો કહાવ્યો કે પાંથવિહાર બાંધવા માટે શિ-

રૂપીઓ મોકલી આપે. તે સાથે તેણે જસપાલનું બધું દ્રવ્ય પાટણના મહાજનમંડળને મોકલી આપ્યું. જેહુલ પોતાની સાથેનાં માણસો સાથે ત્યાં થોભ્યો અને સૈન્ય આગળ વધ્યું. કાલુએ પોતાના સખારૂપ બનેલા જસપાલના મૃતદેહનો અગ્નિસંસ્કાર કર્યો.

શિષ્યે બળાત્કારે ગુરૂનો દ્રવ્યલોભ મુકાવ્યો તેથી ગુરૂને બહુ જ વસમું લાગ્યું. જે દ્રવ્યના રક્ષણમાં અને વૃદ્ધિના વિચારમાં સૂરિનો આખો દિવસ જતો હતો તે હવે કેવી રીતે જશે તેની તેમને ચિંતા થવા લાગી. ગૌતમ ઉપર તો તેમને એટલો ક્રોધ ચડ્યો કે બીજે જ દિવસે તેને લાત મારીને કાઢી મેલવાનો તેમણે પોતાના મન સાથે નિશ્ચય કર્યો. સાંજે તેમણે બિલકુલ ભોજન કર્યું નહિ અને સમીસાંજમાં જ શયનની સાધના કરી. ઉદરને ભોજન પચાવવાના કાર્યમાં આરામ મળવાથી અને મગજને દ્રવ્યના રક્ષણની ચિંતાનો ભાર ઉપાડવામાંથી આરામ મળવાથી સૂરિજીને તે રાત્રે એવી તો ગાઢ નિદ્રા આવી કે બીજે દિવસે એક પ્રહર સૂર્ય ચડ્યો ત્યારે તે નિદ્રામાંથી જાગૃત થયા ! એ સ્થળે આવ્યા પછી પહેલી જ વાર સૂરિજીએ એટલી લાંબી, નિરૂપદ્રવી અને શાંત નિદ્રા લીધી હતી ! સ્હવારમાં બહુ મોડેથી ઉઠતાં જ સૂરિજીને વિચાર થયો કે " મને આજે આટલી બધી ઉંઘ કેમ આવી ? " તુરત જ તેમના મને તેમને ઉત્તર આપ્યો કે મનનો પરિગ્રહ ધન અને ઉદરનો પરિગ્રહ અત્યાહાર એ દૂર થતાં જે શાંતિલાભ થાય છે તેનું જ એ પરિણામ છે. તો પછી એ શાંતિનો ત્યાગ કરીને અશાંતિને પ્રાપ્ત કરવા શાને મથવું જોઇએ ? તત્ક્ષણ તેમને એમ થયું કે ધનનો સંગ્રહ કરીને શાંત નિદ્રાના સુખનો ત્યાગ કરવો એ મૂર્ખતા છે. શાંત અને ભાન પ્રાપ્ત થએલા ચિત્તે તે આદીશ્વર ભગવાનની મૂર્તિની સામે ઊભા રહીને બોલ્યા : " હે ભગવન્ ! આટલી વૃદ્ધ વયે તેં મને ખરી શાંતિ–સમાધિનું ભાન કરાવ્યું, તો તે વહેલું કેમ ન કરાવ્યું ? "

સૂરિજી પાછા પોતાના સ્થાને આવ્યા તો તેમણે ગૌતમને દીઠો. ગુરૂનો જે અપરાધ તેણે ગઈ કાલે કર્યો હતો તે માટે ક્ષમા માંગવાને જ

તે આવ્યો હતો. પરન્તુ અત્યારે શિષ્યને જોતાં જ ગુરૂને અત્યંત પ્રેમ-ભાવ ઉપજ્યો અને તેમણે તેને સહર્ષ ભેટતાં કહ્યું: "અહો ગૌતમ! હું તારો ગુરૂ થવાને યોગ્ય નથી, પરન્તુ તું જ મારો ગુરૂ થવાને યોગ્ય છે! તેં મને ચિંતાના અસહ્ય ભારમાંથી મુક્ત કરી અનુપમ શાંતિ-સમાધિનો લાભ કરાવ્યો, તે માટે હું તારૂં શું પ્રિય કરૂં?"

"ગુરૂદેવ! મારા અવિનય માટે મને ક્ષમા આપો એ જ મારૂં પરમ કલ્યાણ છે. મેં આપના મન ઉપર કાલે મોટો બળાત્કાર કર્યો હતો, પરન્તુ તે મેં મારા અને આપના કલ્યાણ માટે જ કર્યો હતો. આજથી એ કલ્યાણનો માર્ગ આપને માટે અને મારે માટે ઉઘાડો થએલો જોતાં મારા આનંદનો પાર રહેતો નથી!"

એ રીતે ગુરૂ અને શિષ્ય આનંદના પ્રવાહમાં ઝીલવા લાગ્યા.

પરિચ્છેદ ૧૨ મો.

પિતા-પુત્રીનાં પૃથક્ પૃથક્ રહસ્ય.

અનેક વર્ષોસુધી નિરાશ અને શાન્ત જીવન ગાળ્યા પછી પોતાનો નવો સખા જસપાલ મરણ પામ્યો, તે સાથે જ કાલુ જેઠવાના મનની શાન્તિનો ભંગ થયો. મુખ્યત્વે કરીને પોતાની પુત્રીનો હંતા મૂળરાજ તેની આંખો સામે આવતાં તેનું મન ઉત્પાત મચાવવા મંડી ગયું હતું. એ વૃદ્ધ વયે પણ કાલુ જેઠવાના મનમાં મૂળરાજનો ઘાત કરી નાંખવાનો જુસ્સો ઉત્પન્ન થયા વિના રહ્યો નહિ! પરન્તુ તેણે તેના મનને સમજાવ્યું: "રા' કવાટ મારો શત્રુ છે અને મૂળરાજ પણ શત્રુ છે: એક શત્રુ બીજા શત્રુનો નાશ કરવા જાય છે. એક વાર ભલે મૂળરાજ રા' કવાટનો નાશ કરે; પછી હું પોતે જ મૂળરાજનો નાશ કરીશ; અત્યારે ઉતાવળ કરવાથી રા' કવાટ જીવતો રહી જશે!" આવા મનોનિશ્ચય સાથે તેણે તે સ્થાનનો ત્યાગ કર્યો અને બાવાના જ વેશમાં મૂળરાજના સૈન્યની પાછળ પાછળ પ્રયાણ કરવા માંડ્યું.

* * * *

એક પ્રહર રાત્રિ વીતી ગઇ છે. પૂર્ણિમાના પૂર્ણ ચંદ્રનો પ્રકાશ પૃથ્વીપટને ઉજ્જ્વલતા તથા શીતલતાનું દાન કરતો નભોમંડળમાં વિચરી રહ્યો છે. ભોમીયાઓએ સૈન્યને માટે રાત્રિવાસ કરવાનું સ્થળ નક્કી કર્યા પ્રમાણે એક મોટા જલાશયની ચારે બાજુએ સૈન્ય પડાવ કરી રહ્યું છે. હાથી, ઘોડા, ટટ્ટુ, ઉંટ વગેરે જાનવરોના ચિત્રવિચિત્ર પ્રકારના ધ્વનિ શ્રવણગોચર થયા કરે છે. ચંદ્રના પ્રકાશમાં સૈનિકો કાંઇ કાંઇ પ્રમોદજનક રમતો કરી મનને આનંદ આપવા સાથે તનને કસરતોવડે કસી રહ્યા છે. એ આહ્લાદજનક સમયે મૂળરાજ પોતાની રાવટીની બહાર આવ્યો અને ચોપાસ નજર કરતાં પોતાના સૈન્યને પ્રમોદમગ્ન જોઇને તે પણ આનંદમાં ખેંચાવા લાગ્યો. આ ક્ષણે તુરત તેને ચઉલા સાંભરી. રા' કવાટનું માથું ભાલાની અણી ઉપર ખોસેલું દેખાડવા માટે અને ત્યારપછી ચઉલાને 'પોતાની' કરી લેવા માટે મૂળરાજે ચઉલાને પોતાની સાથે સ્વારીમાં જ રાખી હતી. તે તુરત જ ચઉલાની રાવટી પાસે પગે ચાલીને આવ્યો અને ચઉલાને બોલાવી. ચઉલા જસપાલની દુર્દશાનો પ્રસંગ સાંભળીને, વર્ષો પહેલાંના તેના અધિકાર–રૂઆબ–ચતુરાઇ ઇત્યાદિના પ્રસંગો સંભારીને, અત્યારે પોતાની માસી તેના પુત્ર સાથે ક્યાં કેવી સ્થિતિમાં હશે એ બધી વાતોનું સ્મરણ કરીને શોકમાં પડી સૂતી હતી એટલામાં મૂળરાજનો સ્વર સાંભળીને બહાર આવી. મૂળરાજ બોલ્યો: "ચઉલાદેવી! આ પૂર્ણિમાની ચાંદની બહુ આહ્લાદ આપે છે, રાજમહાલયની આકાશિકામાં અનેક વાર એ ચાંદનીના સુધાવર્ષણમાં આપણે બેઠાં હોઇશું, પણ આજે તો આ વગડામાં ફરવાની મને ઇચ્છા થઇ આવી છે, તો તમે સાથે આવશો? ચાલતાં ચાલતાં બહુ થાક લાગશે તો ઘોડાપર પાછાં ફરીશું."

"આપની ઇચ્છા છે તો ચાલો આવું છું. જસપાલના મરણની વાત સાંભળીને હું અત્યારે શોકમગ્ન બેઠી હતી, તે શોક ઉરાડવાને આપનો સહવાસ ઉપયોગી થશે." એમ કહી ચઉલા મૂળરાજની સાથે ચાલી. મૂળરાજની આજ્ઞાથી બે મશાલચી આગળ અને બે ચાકરો બે અશ્વો

લઇને પાછળ ચાલ્યા. કાંઇ કાંઈ વાતો કરતાં તેઓ ઘણે દૂર નીકળી ગયાં. સૈન્યના પડાવનો પ્રાંત–ભાગ ઓળંગતાં એક મોટું તળાવ જોવામાં આવ્યું. તળાવની ઉંચી પાળ ઉપર એક ગોળ ઘુમ્મટની સમાધિ બાંધવામાં આવેલી હતી ત્યાં આગળ જઇને તેઓ થોભ્યાં. મશાલના અજવાળામાં એ સમાધિની વચ્ચેના મોટા પાષાણસ્થંભ ઉપર ચઉલાએ નીચેનો શ્લોક વાંચ્યો :

* यशःपालसुता साध्वी कल्याणी नाम कन्यका ।
पौषशुक्लतृतीयायां स्वयं हि स्वर्गगामिनी ॥

ચઉલા આશ્ચર્યથી બોલી : " મહારાજ ! જુઓ, જુઓ, આ સમાધિ જસપાલની પુત્રી કલ્યાણીની છે ! અહીં એ બિચારી બાળા પોતાની મેળે–પોતાનું પાતિવ્રત્ય જાળવવાને આપઘાત કરીને મરણ પામી હોય તેમ જણાય છે !"

મૂળરાજે શ્લોક વાંચ્યો. જસપાલ અને તેની પુત્રીનું નામ બરાબર હોવાથી તેની ખાત્રી થઈ. પણ એ બિચારી બાળાનો દુઃખવૃત્તાંત જાણવાની તેને જિજ્ઞાસા સ્ફુરી આવી. એક ખેડુત પોતાનું હળ હાંકતો ગામ તરફ જતો હતો તે તળાવમાં બળદને પાણી પાવા રોકાયો હતો, તેને જોતાં જ મૂળરાજે પોતાની પાસે બોલાવી એ સમાધિનો વૃત્તાંત પૂછ્યો. ખેડૂતે કહ્યું : " પંદરેક વર્ષ પહેલાં ગુજરાતના મંત્રીશ્વર જસપાલની કુમારિકા દિકરી કલ્યાણીને રા'નાં માણસ ઉપાડી જતાં હતાં. તેઓ અહીં થોભ્યાં હતાં. પોતાનું સત હવે જળવાશે નહિ એવું જોઇને એ બિચારી કુમારિકાએ અહીં જીભ કરડીને આપઘાત કર્યો ! રા'નાં માણસોને તે મરી ગયા પછી બહુ દયા આવી. તેમણે અમને તેની બધી વાત કહી, પણ તેઓ ચાલ્યા ગયા. પછી ગામલોકોએ ઉઘરાણું કરી તેને અહીં ને અહીં બાળી અને તે ઉપર સમાધિ બંધાવી. તે દિવસથી દર વરસે પોષ

* યશઃપાલ (જસપાલ) ની સાધ્વી પુત્રી કલ્યાણી નામે કન્યા (અત્ર) પોષ સુદી ત્રીજને દિને પોતાની મેળે જ સ્વર્ગે ગઇ.

સુદ ત્રીજને દહાડે અહીં ગામની કુંવારકાઓને ગામ તરફથી ખીર પૂરી ખવાડાય છે."

મૂળરાજનું હૃદય એ વાર્તા સાંભળી દ્રવવા લાગ્યું. સૌરાષ્ટ્રમાં રા'ના ત્રાસની વાતો સાંભળી તેનું દિલ ઉકળતું હતું તેમાં આ કથાનકે હદ વાળી નાંખી. તે બોલ્યો: "જસપાલ તો પોતાની પુત્રીનું રક્ષણ ન કરી શક્યો, પણ પુત્રીએ પોતે જ આ રીતે પોતાના શીલને જાળવ્યું! ધન્ય છે એ બાળાને! આવી બાળાઓને લીધે જ આ ભૂમિ ઉજળી છે! પણ એ ઉજજ્વલતામાં કલંકરૂપ દુષ્ટ ગ્રહરિપુનો હવે હું ક્યારે નાશ કરૂં?"

આ ઉદ્‌ગારો સાંભળીને સમાધિના ઓટલા નીચે સૂતેલો કાલુ જોઠવો આશ્ચર્યથી ઊભો થઇ ત્યાં આવ્યો. તેણે મૂળરાજને જોયો અને ઓળખ્યો, પણ મૂળરાજને તે અપરિચિત જેવો લાગ્યો. તે બોલ્યો: "મહારાજ! મારો આશીર્વાદ છે કે આપ એ દુષ્ટનો ઉતાવળે નાશ કરશો."

મૂળરાજ બોલ્યો: "બાવાજી! આપની એ વાણી માથે ચડાવું છું. આપે પણ એ દુષ્ટના ત્રાસની વાતો સાંભળી હશે."

"જી હા; ઘણીએ વાતો સાંભળી છે. આ સુરભૂમિમાં તે એક અસુર છે; પુણ્યભૂમિમાં પિશાચ છે." જોઠવાએ કહ્યું.

કાલુ ચઉલાને ઓળખી શક્યો નહિ, પણ ચઉલા પિતાના સ્વરને તેમ જ બાવાના વેશમાં એ દેહને પિછાણી ગઈ! તે પિતાને જોઈને તેને સહર્ષ પગે પડવા ઉત્સુક બની ગઇ, પણ તે સાહસ ન કરવામાં તેણે ડહાપણ જોયું. જ્યારે પિતા પુત્રીને ઓળખી શક્યો નથી, ત્યારે ગુપ્ત જ રહેવું અને યોગ્ય સમયે પિછાણ કાઢવી એ તેને ઠીક લાગ્યું. તેણે વિચાર્યું: "જો અત્યારે હું પિછાણ કાઢીશ, તો મૂળરાજ અત્યારે જ લગ્નની ઉતાવળ કરશે અને શત્રુનું મર્દન કરવા માટેનો તેનો ઉત્સાહ કદાચ શિથિલ બની જશે. માટે અત્યારે તો મનને દબાવીને પિતાને દૃષ્ટિની સામે રાખી–દૂરથી તેમનું દર્શન કરી–આનંદ પામવો એ જ ઠીક છે."

"પણ એ બાવાને સૈન્યમાં સાથે કેવી રીતે રાખવો?" ચઉલાએ પોતાના મનને પ્રશ્ન કર્યો. તુરત જ તેણે યુક્તિ શોધી કાઢી. થોડીએક

ક્ષણે ત્યાં થોભીને મૂળરાજ તથા ચઉલા પાછાં ફર્યાં. જરા દૂર જઇને ચઉલાએ મૂળરાજને કહ્યું: "મહારાજ! પેલા બાવા ઉપર મને સંશય આવે છે. તે અરિરિપુનો વેશધારી દૂત હોવો જોઇએ. તે સમજે છે કે આપણે તેને બાવો જ માનીએ છીએ. તેથી જો આપણે તેને સમજાવીને સૈન્યમાં રાખી લઇએ તો ઠીક. તેના ઉપર છૂપો પહેરો રાખવો. ખાસ કરીને તે મારૂં નામ ન જાણે અને મને ઓળખી ન જાય તો ઠીક, કારણકે મને ઓળખવાથી તે કોઈ પણ રીતે એ બાતમી રા'ને પહોંચાડશે અને રા' મને હાથ કરવાને કાંઈ નવો પ્રપંચ આદરશે. તે સૈનિકો સાથે બહુ વાતચીત ન કરે એવી ગોઠવણથી તેને રાખવો." ચઉલા સમજતી હતી કે 'જો પિતા મારૂં નામ સાંભળશે તો તે અધીરાઇથી બધું રહસ્ય ખુલ્લું કરી નાંખવાનું સાહસ કર્યા વિના રહેશે નહિ, કારણકે તે મારા જીવનમંત્રના રહસ્યથી અજાણ્યા છે.'

ચઉલાની એ યુક્તિ બરાબર પાર પડી. મૂળરાજે પોતાના માણસ પાસે કાલુને આમંત્રણ કરાવ્યું કે "બાવાજી! આપનો આશીર્વાદ મહારાજને બહુ સાંભરે છે અને તે સફળ થાય તે વખતે આપનાં દર્શન કરવાને તે બહુ ઉત્સુક બની જશે; માટે આપ જો સૈન્યની સાથે પધારો, તો આપનો મહારાજ ઉપર બહુ ઉપકાર થશે. આપ જ્ઞાનની બે વાતો મહારાજને સંભળાવશો તેથી પણ તેમને આનંદ થશે." કાલુને તો એ જ જોઇતું હતું! તેના મનમાં એક વાર મૂળરાજનો ઘાત કરવાનું ચિંતન હતું અને એ ચિંતન પાર ઉતારવા માટે તેના સૈન્યની અંદર નિવાસ મળે તે કરતાં વધારે અનુકૂળતા બીજી કઇ? તેણે તુરત જ એ આમંત્રણનો સ્વીકાર કર્યો અને મૂળરાજના સૈન્યમાં આવીને રહ્યો. મૂળરાજે બાવાજીની સેવામાં ચાર સશસ્ત્ર પહેરેગીરોને ગોઠવ્યા. તેઓ ચઉલાની સૂચનાઓ પ્રમાણે જ વર્તતા હતા. ચઉલા રોજ પ્રભાતમાં દૂરથી-અદૃશ્ય રહીને પિતાનાં દર્શન કરી પોતાને કૃતાર્થ માનતી-એટલાં વર્ષનું પોતાનું તપ સફળ થએલું સમજતી.

પરિચ્છેદ ૧૩ મો.

યુદ્ધકૌશલ્યનો ઉપયોગ.

મૂળરાજના સૈન્યે પાટણમાંથી પ્રસ્થાન કર્યું તે વખતે રા' કવાટને તેના પરિભ્રમણ કરી રહેલા દૂતોએ વામનસ્થળીમાં ખબર આપી. એ ઓચિંતી ખબર સાંભળતાં જ રા' ચોંકી ઉઠયો. વિલાસ, લૂંટફાટ અને શિકારમાં ચોંટેલા ચિત્તને તેણે તત્ક્ષણ સાવધ બનાવ્યું અને યુદ્ધની દિશાએ દોરવ્યું. દુષ્ટ સ્વભાવના પણ મનોબળવાળા પુરૂષોના મનની ગતિ જે દિશાએ થાય છે તે દિશાએ તે એવી લીન બની જાય છે કે પછી ઇષ્ટ કાર્યની સિદ્ધિ કર્યા વિના તેને ચેન પડતું નથી. રા'નું ચિત્ત હવે યુદ્ધની દિશાએ દોડયું તે એ જ લક્ષ્યબિંદુ ઉપર વજ્રલેપ બની ગયું. તેણે પોતાના સોરઠીયા વીરોને અને સામંતોને એકત્ર કરવા માંડયા. ગીરના ડુંગરાઓમાંથી જંગલી તીરંદાજોનું સૈન્ય તૈયાર કરવા માંડયું. કાઠીયાવાડી કોળીઓને પણ એકઠા કર્યા. બરડામાંથી આહીર અને મેર લોકોનાં ટોળાંને તેણે પોતાની મદદે બોલાવ્યાં. આસપાસનાં ખંડીયાં રાજ્યોએ પોતાના ચુનંદા સામંતો તથા સરદારો સાથે નાનાં મોટાં સૈન્યો મોકલી આપ્યાં. એક પત્ર લખીને દોડતો ખેપીયો કચ્છમાં મોકલ્યો. કચ્છનો લાખો ફૂલાણી રા' કવાટની સાથે ગાઢ મૈત્રીસંબંધ ધરાવતો હતો અને આ વખતે તેની મદદ ઉપર રા'નો મોટો આધાર રહેતો હતો, તેથી તેણે તેને લખ્યું કેઃ—

"સાંભળ ગરવા ગોઢીયા, તું વળજે વહેલો વીર,
"*ગોઠડી ગુપત ગુંજવા, સમો આવ્યો શૂરવીર.
"પાઠવ પહેલાં પોઠીયા† ને પાછળ લશ્કર લાવ,
"પાણી પીજે પછી‡ પુમડું, તું વેગે વહેલેરો આવ."

---

* છાની મસલત કરવા. † પહેલાં પોઠીયા એટલે લડાઇની સામગ્રીની વણઆર મોકલજે. ‡ પછી તું ભોજન કરવા જેટલો વિલંબ પણ કરીશ નહિ; માત્ર પુમડું પાણી પીને જ ઉતાવળો આવજે.

એક બીજો ઉંટસ્વાર કાસદ સિંધના રાજા ઉપર મોકલ્યો અને તેને પોતાની મદદે લશ્કર લઇ આવવાનો સંદેશો કહાવ્યો. તે ઉપરાંત સાતબારાના રાવ, વાઘેર, રબારી, વગેરે જે લડાયક જાતો સૌરાષ્ટ્રમાં વસતી હતી તેઓમાંથી પણ નાનાં મોટાં ટોળાં કોઇ પોતાના દેશની લાગણીથી, કોઇ રા'ના ધાકથી અને કોઇ લડાઈનો સ્વાદ ચાખવાને દેખાદેખીથી વામનસ્થળી તરફ ઉતરી પડયાં હતાં. ભાદર નદીને કાંઠે રા' કવાટના પુત્રો વસતા હતા તેઓ પોતાના પિતાની મદદે સંખ્યાબંધ સૈનિકો સાથે આવ્યા હતા. આ રીતે મૂળરાજની સામે થવામાટે રા' કવાટની પાસે પણ પૂરતું સૈન્ય એકત્ર થયું હતું.

રા'એ ભારે ચતુરાઇથી પોતાના સૈન્યની વ્યવસ્થા કરવા માંડી. તેણે ગીરનારની ગુફાઓમાં જૂદે જૂદે સ્થળે છૂપી ટુકડીઓની ગોઠવણ કરી અને જો મૂળરાજ દુર્ગપલ્લીના કિલ્લા ઉપર હલ્લો કરે તો પાછળથી ઓચિંતા નીકળી આવીને શત્રુને સપડાવવો એવો બેત રચ્યો. દુર્ગપલ્લીના કિલ્લામાં પોતાના એક પુત્રને તેણે જરૂર પુરતા સૈનિકો સાથે કિલ્લાનું રક્ષણ કરવાને રાખ્યો. કિલ્લાની અંદરનું જરજવાહીર ગિરનારની તળેટીમાં બૌદ્ધોના વખતની ગુફાઓ અને ભોંયરાં હતાં તેની અંદર છુપાવી દીધું અને તેનાં મ્હોં એવી રીતે બંધ કરી દીધાં કે શત્રુને જરા પણ સંશય આવે નહિ. કદાચ શત્રુ ઉત્તર, પૂર્વ અને પશ્ચિમ દિશાએ પોતાને ઘેરી લેવામાં ફાવી જાય તો પ્રજા તથા લશ્કરને ખોરાકીની આપદા વેઠવી ન પડે તેટલા માટે તેણે દરિયાકાંઠે વહાણો તૈયાર રખાવ્યાં અને જ્યારે પોતાની આજ્ઞા મળે ત્યારે સ્થંભતીર્થ તથા ભૃગુકચ્છમાંથી અનાજ વગેરેનાં વહાણ ભરી લાવવાનું અથવાતો દરિયામાં કોઇનાં વહાણ ભરાઇને જતાં હોય તો તે લૂંટી લાવવાનું પોતાના ચતુર ચાંચીયાઓને ફરમાવ્યું. વામનસ્થળીની આસપાસ કેટલાંક ગીચ વન હતાં તેમાં તેણે પોતાના છૂપા દૂતો ગોઠવ્યા જેઓ શત્રુની હીલચાલ દૂરથી જાણી શકે અને જો શત્રુ વનમાં પેસે તો વનને સળગાવી મેલી તેમાં શત્રુને ફસાવી ચોગરદમથી ઘેરી લઈ શકાય એવી પણ તેણે બાજી રચી. આ પ્રમાણે આસ-

પાસની રચનાઓ કરીને **રા'** નવરો પડચો એટલામાં તેનો પરમ મિત્ર **લાખો** ફૂલાણી કચ્છમાંથી અને **સિંધુપતિ સિંધમાંથી** પોતાનાં સૈન્યો સાથે આવી પહોંચ્યા, એટલે **રા'**માં બેવડું જોર આવ્યું. તે પોતાના બન્ને મિત્રોને બાથમાં ઘાલીને મળ્યો અને હર્ષનાં આંસુ વરસાવતો બોલ્યોઃ "મારો ભડવીર ભાઇબંધો! આજે ગુજરાત દેશનો રાજા પોતાના પગે ચાલીને મને પોતાનો મુકુટ આપવા આવ્યો છે, પણ આપણે ત્રણે જણા એ મુકુટના ભાગલા પાડી પચાવી જઇશુંઃ એવો શુભ અવસર આવ્યો તે માટે મારે પ્રભુનો નહિ પણ તમારી અને મારી તલ્વારોનો અને એ તલ્વારોએ મેળવેલી નામનાનો પાડ માનવો જોઇએ."

પછી એ ત્રણે મિત્રોએ એકત્ર થઇને સૈન્યની રચના વિષે વિચાર કરવા માંડચો. **લાખો** અને **સિંધુપતિ** આવ્યા પહેલાં **રા'**એ જે વ્યવસ્થા કરી રાખી હતી તે જોઇને તેના બન્ને મિત્રો પ્રસન્ન થયા. **લાખા**ની સૂચનાથી વિશેષમાં એવું ઠર્યું કે **લાખા**એ પોતાનું લશ્કર લઇને વાયવ્ય કોણ તરફ આડફેટા જવું; ત્યાં સારો મુકામ જોઇને પડાવ નાંખવો. **સિં-ધુપતિ**એ સૌને મોખરે એવી રીતે જવું કે જેથી **મૂળરાજ**નો આગળ વધવાનો રસ્તો રોકાય અને **મૂળરાજ** ધસતો ધસતો આવે ત્યારે તેણે પાછા હઠીને **મૂળરાજ**ના સૈન્યને **વામનસ્થળી**ની ઝાડીઓમાં ગુંચવવું. ઝાડીઓની અંદર તો **રા'**એ ઘણી સારી બાજી ગોઠવી રાખી હતી અને ત્યાં **મૂળરાજ**નું સૈન્ય સારી પેઠે કામમાં આવી જશે એવી તેમની ધારણા હતી. જ્યાં **મૂળરાજ** ઝાડીઓમાં ગુંચવાય કે તુરત **લાખા**એ પાછળ ફરીને **મૂળરાજ**ને પાછલી બાજુએથી ધકેલવો. આ રીતે **મૂળરાજ** આગળ અને પાછળથી સપડાશે એટલે તેના સૈનિકોને સોરઠીયા શૂરાઓ વીણી વીણીને મારશે એવો સંકેત ત્રણે જણાઓએ મળીને કર્યો અને તે જ પ્રમાણે **લાખા** તથા **સિંધુપતિ**નાં સૈન્યોએ પણ પ્રસ્થાન કર્યું. **રા'** કવાટ રાજધાની જાળવવાને **વામનસ્થળી**માં જ રહ્યો.

બીજી બાજુએ **મૂળરાજ**ની પાસે કાંઇ યુદ્ધકાર્યકુશળ પુરૂષોનો તોટો નહોતો. **મૂળરાજે** પોતાના કાકાઓ **બીજ** તથા **દંડક**ને **પાટણ**માં જ રાખ્યા

હતા કારણકે પોતાની ગેરહાજરીમાં રાજ્યકાર્યભાર ઉપર ધ્યાન રાખવાનું તથા મંત્રીશ્વર જંબકને કાર્યભારમાં યથોચિત સહાય આપવાનું કામ તેઓ કરી શકે. ખેરાળુનો રાજા જેહુલ માર્ગમાં 'પાંથવિહાર' બંધાવવાના કામની વ્યવસ્થા કરવા માટે રોકાયો હતો તે જોકે હજી આવી પહોંચ્યો નહોતો, તોપણ તે કામમાં તે બહુ વિલંબ કરે એવો સંભવ નહોતો. શીલપ્રસ્થનો રાજા મૂળરાજની સાથે પોતાનું પગપાળું તથા ઘોડેસ્વાર સૈન્ય લઇને આવ્યો હતો. મારવાડનો રાજા પોતાના વગરઓડાવેલાં માથાવાળાં અને લાંબા કાનછોરીયાંવાળાં માણસોનું મોટું સૈન્ય તથા કેટલાક ઉંટસ્વારો લઇને આવ્યો હતો. કાશીનો રાજા બહુ દૂરથી આવ્યો હોવા છતાં સારી પેઠે માણસો લાવ્યો હતો. મૂળરાજનો સસરો કાશ્મીરાધિપતિ જાતે આવી શક્યો નહોતો, પરન્તુ પોતાના એક સુભટની સાથે તેણે થોડાંએક માણસો મોકલી જમાઇની યુદ્ધયાત્રાની સફળતા ઇચ્છી હતી. આબુનો પરમાર રાજા ધર્મભક્તિથી પ્રેરાઇને અસુર જેવા ગ્રહરિપુનો નાશ કરવાના કાર્યને પુણ્યરૂપ સમજી મોટી સેના લાવ્યો હતો. મૂળરાજનો પિત્રાઈ ગંગામહ નામે હતો તે યુદ્ધકાર્યમાં કુશળ હતો અને સાથે પોતાના શૂરા સુભટોને તેડતો આવ્યો હતો. આવા આવા વીર અને યુદ્ધકાર્યકુશળ સુભટોની સાથે મૂળરાજ અવકાશની વેળાએ મંત્રણા કર્યા કરતો હતો. દુર્ગપલ્લીની નિકટના પ્રદેશમાં પહોંચતાં તેને તેના ભોમીયાઓ રા' કવાટની લડાયક તૈયારીઓની ચિત્રવિચિત્ર ખબરો આપવા લાગ્યા અને એ ખબરોને અનુસરી તે યુદ્ધમંત્રણા ચલાવતો આગળ વધવા લાગ્યો. લાખો અને સિંધુપતિનાં લશ્કરોએ ક્યાં ક્યાં પડાવ નાંખ્યો તે વિષેના સમાચાર જ્યારે તેણે ભોમીયાઓ પાસેથી જાણ્યા ત્યારે તેણે વૃદ્ધ અર્બુદેશ્વરને પોતાની પાસે બોલાવ્યો અને હવે પોતે કઇ દિશાએ પડાવ નાંખવો તથા ક્યાં રણધ્વજ રોપીને લડાઈનો મોરચો માંડવો તે વિષે તેની સલાહ માંગી.

અર્બુદેશ્વરે શત્રુની હીલચાલ વિષેની સઘળી ખબર મૂળરાજ પાસેથી જાણી લીધી અને પછી કેટલીક વારસુધી વિચાર કર્યા કર્યો. પછી ધીરે

ધીરે પોતાની સફેદ દાઢી ઉપર હાથ ફેરવતાં કહ્યું: "ગુર્જરેશ્વર! શત્રુનો મુલક ઘણો વિકટ છે, તેથી એ મુલકમાં જ જો તેણે આપણને ગુંચવ્યા હોત તો આપણી મુસ્કેલીમાં અવશ્ય વધારો થઇ જાત. પણ હવે શત્રુએ જે યુક્તિ કરીને આપણને ફસાવવા ધાર્યા છે, તે જ યુક્તિનો આપણે એવી રીતે લાભ લેવો જોઇએ કે જેથી તેને પોતાને જ પોતાની યુક્તિ ભારે પડી જાય! હવે આપણે તેની યુક્તિનો અવળી રીતે લાભ કઇ રીતે લેવો તે વિચારવાનું છે. સિંધુપતિ જો પાંછો હઠે તો આપણે વામનસ્થળીનાં જંગલોમાં જ ગુંચવાઇએ એમ તમે કહો છો. પણ આપણી ચતુરાઇ ત્યારે જ કહેવાય કે જ્યારે આપણે સિંધુપતિને પાછો જ હઠવા દઈએ નહિ. સિંધુપતિ પાસે બહુ મોટું લસ્કર નથી, એટલે તે પાછો હઠવાને જ સામો આવ્યો હોવો જોઇએ એ સમજી શકાય તેવું છે. પરન્તુ આપણે વામનસ્થળીનાં જંગલો અને સિંધુપતિના લસ્કર વચ્ચે એવી ફાંચર મારવી કે જેથી એ પણ બંદાના ઘા યાદ કરે! ગંગામહને એક લસ્કરની ટુકડી સાથે એવે રસ્તેથી આડફેટો મોકલો કે જેથી તે એ ફાંચર મારવાનું કામ કરે અને સિંધુપતિને પાછો હઠવા ન દેતાં તેને આગળથી અને પાછળથી માર ખાવો પડે એવું કરે."

મૂળરાજે એ યોજના ઉપર ઉંડો વિચાર કર્યો અને પછી કહ્યું: "આપે સૂચવેલી ગોઠવણમાં માત્ર એક જ ભૂલ હું જોઉં છું. ગંગામહને ફાંચર મારવા મોકલીએ, પણ કદાચ જંગલોમાંથી રા'નું લસ્કર ધસી આવે અને ગંગામહને એક બાજુએ સિંધુપતિ તથા બીજી બાજુએ એ લસ્કર તરફથી માર ખાવો પડે તો?"

આ પ્રશ્ન સાંભળીને અર્બુદેશ્વરને જરા વિચાર પડયો. તેણે કહ્યું: "જંગલોમાં રા'એ લસ્કર તો ગોઠવ્યું જ હશે પણ તે બહુ મોટું હોવાનો સંભવ નથી. છતાં એકલા ગંગામહને નાના લસ્કર સાથે ફાંચર મારવા મોકલવો એ ઠીક નથી એવું હવે મને સમજાય છે. હું અને ગંગામહ બન્ને એ બાજુએ જઇએ તો?"

"ના; આપની તો મારી પાસે જ જરૂર છે. શીલપ્રસ્થેશ્વરને અને

ગંગામદને ત્યાં મોકલીએ તો તેઓનું સંયુક્ત બળ ટકાવ કરી શકશે અને એટલામાં તો આપણે સિંધુપતિને સારી પેઠે માર મારીને તેની નજીક પહોંચી જઇશું." મૂળરાજે કહ્યું.

"બરાબર; હવે લાખાનો વિચાર કરવાની જરૂર છે. એ બળવાન છે, કળાબાજ છે, આપના પ્રત્યેના વૈરથી પણ ધુંધવાએલો છે અને લશ્કર સારી પેઠે લાવ્યો છે. તે આપણી બાજુએ ઓચિંતો ધસારો લાવવાની વેતરણમાં હશે, પરન્તુ આપણે તેની સામે જઇને તેને ત્યાં જ રોકી રાખવો એટલે તેની એ યુક્તિ પણ અફળ નીવડે. કાશીના રાજાને ત્યાં મોકલો; પણ લાખાની સામે તેમનો ટકાવ થવો મુશ્કેલ છે."

"એ મુશ્કેલીનો છેડો લાવી શકાશે. મારવાડના રાજાને તથા કાશ્મીરથી થોડા સૈનિકો આવ્યા છે તેમને કાશીશ્વરની સાથે મોકલીશું. આપણે બે જણા સીધે માર્ગે જઇને સિંધુપતિ મોખરે આવ્યો છે તેની સામે લડાઈ કરવા તેમજ તેના લશ્કરમાં વધારો થાય તો તેને પણ પહોંચી વળવા સમર્થ છીએ." મૂળરાજે જણાવ્યું.

અર્બુદેશ્વરે કહ્યું : "આપણી અક્કલ પ્રમાણે તો આ ગોઠવણ બરાબર ગોઠવાઇ; પણ ભાઇ! જુદ્ધનાં કામ એકલા જોરનાં જ નહિ પણ જુક્તિનાં છે, તેથી જુક્તિવાળા લડવૈયાઓની સલાહ પણ લેવી જોઇએ. અમો વૃદ્ધની અક્કલ ભલે અનુભવવડે પાકી બની હોય પણ પાકું ફળ જ્યારે ઉતરી જાય છે ત્યારે સ્વાદ વિનાનું બની જાય છે, તેમ પાકી બુદ્ધિનો બહુ વિશ્વાસ રાખવો નહિ!"

"અરે, અર્બુદેશ્વર! વૃદ્ધો હોઇને તો અમે જુવાનો ઉજળા છીએ; તમારી બુદ્ધિનો વિશ્વાસ અમે નહિ રાખીએ તો પછી કોની બુદ્ધિનો રાખીશું?"

"હું ખરૂં કહું છું ભાઇ! જુદ્ધમાં કેટલાંક કામ ધીરે ધીરે કરવાનાં હોય છે અને કેટલાંક કામોમાં સાહસિક બુદ્ધિ જોઇએ છે. તેવાં કામોમાં અમો વૃદ્ધો કરતાં તમો જુવાનીયાઓ વધારે ફળપ્રાપ્તિ કરી શકો એવું હું માનું છું. માટે સઘળા સામંતો, રાજાઓ, યુદ્ધકુશળ વીરો અને સેના-

પતિઓને એકઠા કરી, આપણી મંત્રણા જરા પણ ફૂટે નહિ તેવી કાળજી રાખી, તેમની સલાહ લો.”

મૂળરાજે તે સૂચના પ્રમાણે સૌને એકત્ર કર્યા અને સઘળા સમાચાર સાથે પોતે તથા અર્બુદેશ્વરે ગોઠવેલી યોજના જાહેર કરી. સૌએ એ યોજનારૂપી સુવર્ણને પોતાની બુદ્ધિરૂપી કસોટી સાથે કસી જોયું અને તેમાં તેમને ખરેખરૂં મૂલ્ય માલૂમ પડ્યું એટલે તેઓએ તેને સંમતિ આપી. પ્રભાત થતાં પહેલાં જ સઘળા વિભાગોએ પોતપોતાને માર્ગે પ્રયાણ કરવાનું હોવાથી મૂળરાજે સૌને સંબોધીને કહ્યું: “મારા મિત્રો, સામંતો અને સુભટો! હવે થોડા વખતમાં આપણે છૂટા પડીશું અને સૌને સોંપેલું કામ પાર પડ્યા પછી પુનઃ ભેગા મળીશું; પરન્તુ તમને જે કામ સોંપવામાં આવે છે તે કામની કીંમત આંકવામાં તમે ભૂલ કરતા નહિ. આ યુદ્ધમાં સ્વાર્થ કરતાં વિશેષ પરમાર્થ રહેલો છે તે તમે સૌ જાણો છો. ગ્રહરિપુ એ આ સૌરાષ્ટ્રની પવિત્ર ભૂમિમાં એક રાક્ષસ છે. તે યાત્રાળુઓને કેવો રંજાડે છે તે તમે સાંભળ્યું છે અને આપણા માર્ગમાં આપણે તેનાં અપકૃત્યોના સ્મરણસ્થંભો પણ જોયા છે! એવા દુષ્ટ રાક્ષસનો ઘાત કરી પૃથ્વીપરનો ભાર ઓછો કરવા અને યાત્રાળુઓના ત્રાસને દૂર કરવા આપણે કમર કસી છે. વસ્તુતઃ આપણે ગૌબ્રાહ્મણ પ્રતિપાળ કહેવાઇએ છીએ તે આપણું અભિધાન સાર્થક કરી બતાવવાનો આ પ્રસંગ છે કારણકે ગોબ્રાહ્મણને રંજાડનારનો નાશ કરવો તે એક જ પ્રકારનું પુણ્યકાર્ય છે. જે દુષ્ટે અનેક અબળાઓને રોવરાવી છે, અનેક કુમારિકાઓનાં કૌમાર વ્રત ભાગ્યાં છે, અનેક બાળકોને માતાપિતા વિનાનાં કર્યા છે અને અનેક કુટુંબોને ભયમાં ને ભયમાં વનવન રખડતાં કર્યાં છે, તે દુષ્ટનાં કાર્યો જોઈને જો તમને ખરેખર કમકમાટી આવતી હોય તો તમે તમારા દેહને, તમારાં સ્ત્રી–પુત્રને કે તમારા ભોગવિલાસને વ્હાલાં કર્યા વિના ધર્મકાર્યને અર્થે પ્રાણ અર્પવાની ધર્મસેવાને સૌથી વધારે વ્હાલી બનાવજો! એ ધર્મસેવા બજાવ્યાથી તમને અખંડ કીર્તિના મંદિરમાં નિવાસ મળશે; માટે કદાપિ કાયર બનશો નહિ, ધર્મથી

ચ્યુત થશો નહિ અને કોઇને પણ કાયર બનવા દેશો નહિ. તમે સઘળા સુજ્ઞ છો, સાચા ક્ષત્રિય છો, આ પૃથ્વીનું પાલન કરવાનો અને ધર્મનું રક્ષણ કરવાનો ધર્મ પ્રભુએ ક્ષત્રિયોને જ સોંપ્યો છે તે તમે સમજો છો, પછી મારે તમને કશું વધારે કહેવાની અગત્ય નથી."

મૂળરાજનું કથન સાંભળીને કાશીપતિએ સૌની વતી મૂળરાજને વળતો જવાબ આપતાં કહ્યું: "અહો ગુર્જરેશ્વર! અમે સઘળા દૂર દૂરના મૂલકમાંથી ધર્મકાર્ય બજાવવાને જ અહીં આવ્યા છીએ અને એ કાર્ય બજાવતાં અમે કદાપિ કાયરતા બતાવવાના નથી, માટે તમે નિશ્ચિંત રહો. અમોને જે કાંઇ કામ સોંપવામાં આવ્યું છે તે કામ અમે અંતરના ઉમંગથી અને શત્રુ ઉપરના ક્રોધથી બજાવીશું જ. જ્યાં ધર્મનું રક્ષણ કરવાનો આશય રહેલો હોય છે, ત્યાં હમેશાં પ્રભુ વિજયપ્રાપ્તિ જ કરાવે છે એવો વિશ્વાસ રાખજો. હવે અમને અહીંથી જવાની રજા આપો, કારણકે રાતોરાત સઘળી તૈયારી કરીને સૌને નીકળવાનું છે."

"અસ્તુ! સૌને જવાની રજા છે. મારા પરનો અને આ ધર્મયુદ્ધકાર્યપરનો તમારો પ્રેમ જોતાં મને વિજય તો હસ્તામલકવત્ જ જણાય છે." એમ કહી મૂળરાજ એકેક એક રાજા, સરદાર, સામંતાદિને હર્ષભેર ભેટયો અને તેમને જવાની રજા આપી.

પ્રભાત થતાં પહેલાં તો જૂદા જૂદા સૈન્યવિભાગો યોજના પ્રમાણે જૂદી જૂદી દિશાએ પ્રસ્થાન કરી ચૂક્યાં. પ્રત્યેક વિભાગની લડાયક સામગ્રી તે તે વિભાગની સાથે જ જૂદાં જૂદાં વાહનોમાં રાખવામાં આવતી હતી તે પણ રવાના કરી દેવામાં આવી. માર્ગ જોઈ રાખવાને ભોમીયાઓને તો મધરાતે જ અગાઉથી મોકલી દેવામાં આવ્યા હતા અને તેઓ સૈન્યનો મુકામ કરવાનાં સ્થળોની તપાસ કરી રાખવાનું તથા શત્રુની કાંઇ વિશેષ હીલચાલ થતી સંભળાય તો તે ખબર જાણી લેવાનું કામ કરતા હતા. ગંગામહ અને શીલપ્રસ્થેશ્વર એવી આડી દિશાએ ગયા કે તેમની ગતિની શત્રુને ખબર પણ પડે નહિ. તેઓ દુર્ગપલ્લીની પૂર્વે ચાલ્યા અને કેટલેક દૂર ગયા પછી દક્ષિણે વાંક વળી વામનસ્થળીનાં જં-

ગલોની દિશાએ વળ્યા. જ્યાંસુધી તેઓ ફેર ફરીને સિંધુપતિની નિકટ જઇ પહોંચે નહિ ત્યાંસુધી મૂળરાજે પોતાના મુકામપરથી પ્રસ્થાન કર્યું નહિ. જે દિવસે ગંગામઠ અને શીલપ્રસ્થેશ્વર આડે માર્ગે ચડી આવતા હોવાની ખબર સિંધુપતિને મળી તે જ દિવસે મૂળરાજે પણ જોસભેર ધસારો માંડયો અને સિંધુપતિ સૂડી વચ્ચેની સોપારીની પેઠે સપડાયો!

બિચારા સિંધુપતિને રા’એ નાના સૈન્ય સાથે મોકલ્યો હતો. તેને માત્ર મૂળરાજને લલચાવીને ચોક્કસ દિશાએ ખેંચી લાવવાનું કામ જ કરવાનું હતું પરન્તુ તે કાર્ય પાર પાડી શકે તે પહેલાં જ તેની દુર્દશા થવાનો વખત આવ્યો તે જોઇને તે બહુ ગભરાયો. પાછા હઠવાનો કે આગળ વધવાનો અવકાશ હવે મળે તેમ નહોતું અને કોઈ દિશાએથી નવું સૈન્ય આવી પહોંચે તેમ પણ નહોતું. આથી માર ખાધા વિના જ તેણે છટકવાનો વિચાર કર્યો. તેણે જોયું કે પૂર્વ દિશાએ ડુંગરી પ્રદેશ હોવાથી તે બાજુએ નાસવામાં મુશ્કેલી પડશે તેથી તેણે પોતાના નાના લશ્કર સાથે પશ્ચિમનો માર્ગ મોકળો જોઇને રાતોરાત પલાયન કરવામાં ડહાપણ માન્યું!

લાખો ફૂલાણી વાયવ્ય કોણમાં પડાવ નાંખીને રહ્યો હતો, તેની સામે કાશી અને મારવાડનાં લશ્કરો જતાં હોવાની ખબર મૂળરાજે ધાર્યું હતું તે કરતાં પણ વહેલી લાખાને મળી ગઇ અને લાખો જરા અકળાયો. પણ તેની બુદ્ધિએ તુરત તેનો માર્ગ કાઢ્યો. રા’ કવાટથી દૂર પડી જવામાં હવે તે ભય જોવા લાગ્યો અને તેથી તેણે મુકામ ઉપાડીને આવતાં લશ્કરોની સામે ધસારો માંડયો. લાખો લડાઈની કળામાં બહુ ચતુર હતો. તેણે શરૂઆતમાં જ એવું જોર બતાવવાનો ઇરાદો રાખ્યો હતો કે સામે આવતાં લશ્કરોને પાછાં હઠવું પડે. આથી બન્ને લશ્કરો ભેટભેટા થતાં તેણે એવી તીરંદાજી ચલાવી કે કાશી અને મારવાડના રાજાઓ ગભરાયા. તેમણે જોયું કે લાખાના મોટા લશ્કરને અહીં આગળ જ હરાવીને પાછો હાંકી કાઢી શકાય તેમ નથી. તેમનાં સેંકડો લડવૈયાઓ એક દિવસના યુદ્ધમાં જ ખપી ગયા. લાખાએ પહેલા દિવસ કરતાં બીજા

દિવસે વધારે જોર બતાવ્યું. એ દિવસના યુદ્ધમાં કાશ્મીરનું લશ્કર લઈને આવેલો સેનાપતિ મરાયો એટલે તેઓ વધારે ગભરાયા. હવે ધીમે ધીમે પાછા હઠીને મૂળરાજના સૈન્ય સાથે જોડાઈ જવાનો વિચાર જ તેમને ડહાપણભરેલો લાગ્યો અને તેથી તેમણે લાખાની સામે એક જ સ્થળે રહીને લડવાનો વિચાર છોડીને પાછળ હઠવા માંડ્યું. લાખો આગળ વધવા લાગ્યો. એવામાં તેને સિંધુપતિના દુઃખદાયક પલાયનના સમાચાર મળ્યા. પોતાની યોજનામાં વિઘ્ન ઊભું થએલું જોઇને લાખાને વિચાર પડ્યો; પણ સિંધુપતિ એક બાજુએ નાસી જાય એ તો તેનાથી સહન થયું નહિ. તેણે પોતાના કાસદ સાથે નાસતા સિંધુપતિને કહાવ્યું:–

"મોટી તારી મૂછડી, ને મોટી તારી પાઘ,
"ખરે વખતે ખોટો થયો, તું બાપડી બકરી કે વાઘ ?"

લાખાના સંદેશાનો ટોણો સાંભળીને સિંધુપતિ શરમાયો અને તે લાખાને જઇને મળ્યો. લાખાના સૈનિક બળમાં ઉમેરો થયો એટલે કાશી અને મારવાડનાં લશ્કરો ઉતાવળે પાછાં હઠીને મૂળરાજના લશ્કરને મળી ગયાં. તે વખતે મૂળરાજ અને અર્બુદેશ્વર ઘણા આગળ વધી ગયા હતા. સિંધુપતિ હઠી જવાના ખબર સાંભળીને રા' કવાટ રાજધાની છોડીને ધાઇ આવ્યો હતો અને જંબુમાલી નદીના કાંઠા પાસે આવી મૂળરાજની સામે મોરચો બાંધી રહ્યો હતો.

પરિચ્છેદ ૧૪ મો.

જંબુમાલીને તીરે–મૂળરાજનો કેદી.

શત્રુને સપડાવવાની યોજના પાર ન પડી અને જંબુમાલીને તીરે ખુલ્લા મેદાનમાં લડાઈ કરવાનો વખત આવી પહોંચ્યો તે રા' કવાટને બિલકુલ ગમ્યું નહિ. તેનું બળ ભેદી યુદ્ધનીતિ ચલાવવામાં સમાએલું હતું અને ગુંચવણીવાળા ડુંગરી માર્ગોનો લાભ લઇને યુદ્ધ ચલાવવામાં જ

તે પોતાનો વિજય સમાએલો માનતો હતો, તેને બદલે આવા સંયોગો આવી પહોંચ્યા, તેથી તેને દુઃખ થયું પણ તે હિંમત હાર્યો નહિ. શત્રુ જેવો તેવો નથી પણ યુદ્ધકુશળતામાં એક્કો છે એવી ખાત્રી તો તેને થઇ ગઇ. જ્યાંસુધી શત્રુ પોતાની તૈયારી કરી ન રહે ત્યાંસુધી યુદ્ધપ્રારંભ કરવો નહિ એવી યુદ્ધનીતિને મૂળરાજ વળગી રહ્યો, એવામાં કાશી અને મારવાડનાં લશ્કરો તેને આવી મળ્યાં, પાછળ રહી ગએલો જેહુલ પણ આવી પહોંચ્યો અને લાખો તથા સિંધુપતિ રાને આવી મળ્યા, એટલે બન્ને પક્ષોના એકત્ર બળની કસોટી એ એક જ સ્થળે થવાનો સમય આવી પહોંચ્યો.

શત્રુ પોતાની તૈયારી કર્યે જતો હતો, તે સાથે મૂળરાજ તરફથી યુદ્ધની પહેલ થવાની રાહ જોતો હતો. યુદ્ધના પરિપાઠ પ્રમાણે પહેલાં ગ્રહરિપુએ મૂળરાજ તરફ પોતાનો દૂત મોકલ્યો અને દૂતે મૂળરાજની સમક્ષ આવી એવો સંદેશો કહ્યો હતો કે “હે ગુર્જરેશ્વર! અમારા મહારાજાએ તમો સૌરાષ્ટ્ર દેશમાં કેમ આવ્યા છો તે જાણ્યું છે. તમને દુષ્ટ જનોએ ભંભેર્યા છે અને તેથી અમારા મહારાજાને ધર્મકાર્યમાં હાનિ કરનાર સમજીને તમે ધાઈ આવ્યા છો, પરન્તુ તમે દુષ્ટોની શિખામણ પ્રમાણે વર્તવામાં ભુલ કરી છે. અમારા મહારાજા દુષ્ટોને દંડ દેવામાં આકરા છે અને તેમની એવી આકરી રાજનીતિથી ક્રોધે ભરાએલા કોઇ વિપ્રો કે વણિકોની વાતોથી ઉશ્કેરાઇ જવામાં તમે તમારૂં ઓછું ડહાપણ બતાવી આપ્યું છે. પરન્તુ હવે તમે જ્યારે અમારા દેશમાં આવ્યા જ છો, ત્યારે અમારે તમને કહેવું જોઇએ કે સૌરાષ્ટ્રાધિપતિનું બળ અપરંપાર છે અને સર્વત્ર તે અપરાજિત મનાય છે. અપાર બળવાળા કચ્છાધિપતિ, સિંધુપતિ અને જેઠવા અમારા મિત્રો છે તેઓ તમને આ ભૂમિમાં વધારે વખત ટકવા નહિ દેવાના નિશ્ચયવાળા થયા છે. અમારા મહારાજા ચારે દિશાએથી પોતાના સૈન્ય સાથે ફરી વળે તેવા છે અને શત્રુને સંહારી તેના યશનું પાન કરી જાય તેવા છે, માટે તેમની સાથે શત્રુતા બાંધી સુખે નિદ્રા પણ નહિ લેવાનું જૂગટું તમે કેમ રમો છો?

માટે પ્રભાસક્ષેત્રની તથા દ્વારિકેશની સુખે યાત્રા કરીને ચાલ્યા જાઓ, નહિતો તમારાં અસ્થિની સદ્‌ગતિ પ્રભાસના ક્ષેત્રમાં કરવાની તસ્દી સૌરાષ્ટ્રાધિપતિને લેવી પડશે."

દૂતનાં આવાં ગર્વિષ્ઠ વચનો સાંભળીને ક્રોધથી ઉકળતાં મૂળરાજે ઉત્તર આપ્યો: "હે દૂત! તને તો મેં યુદ્ધધર્મ પ્રમાણે જીવિતદાન આપેલું છે, એટલે શું કરૂં? તેં તો તારા અન્નદાતા પ્રત્યેનો તારો ધર્મ બજાવ્યો છે. પણ તારા સ્વામીને કહેજે કે તમે ધર્મને ન છાજે એવાં અનેક નિંદ્ય આચરણો કર્યાં છે. તમે તીર્થમાં જનારા યાત્રાળુઓના ગમનનો રોધ કર્યો છે અને તેમની સ્ત્રીઓનાં તથા પુત્રીઓનાં સતીત્વને લૂંટી તેમનાં ધન પણ લૂંટયાં છે. પ્રભાસના પવિત્ર ક્ષેત્રનાં નિર્દોષ હરિણો અને ગાયોનો તમે શિકાર કર્યો છે, બ્રાહ્મણોની હિંસા કરી છે, ક્ષત્રિયોને પીડી વનેવન રખડતા કર્યાં છેઃ ટૂંકમાં સૌરાષ્ટ્ર દેશ જે અનેક યાત્રાસ્થાનોથી વિભૂષિત છે તેને યાત્રાળુઓને માટે અગમ્ય બનાવી દીધો છે, તોપછી અમારે તમારો સંહાર કરવો કિંવા પાપકર્મ કરવામાં તમને નિર્બળ બનાવવા તે સિવાય હવે બીજો કશો ઉપાય રહ્યો નથી. અમોને તો તમારી સાથે શત્રુતા જ ઇષ્ટ છે. ગર્ભના ભારથી નમી જતા પેટથી નાસવાને અશક્ત એવી હરણીના ઉપર શસ્ત્ર ફેંકી તેના રૂધિરથી તીર્થભૂમિને અપવિત્ર કરી પોતાની જાતને મ્લેચ્છના જેવી જેણે બતાવી આપી છે તે શું અમારો મિત્ર થવાને યોગ્ય છે? બળાત્કારે કુમારિકાઓનાં કૌમારવ્રત ખંડિત કરવાના ઉદ્યમમાં રાતદહાડો મચી રહેનારને માટે અમારી અર્ગલા તુલ્ય ભુજાનો ઉપયોગ જ થવો ઘટે છે; માટે હે દૂત! તારા સ્વામીના હાથમાંથી મદ્યનો સુવર્ણનો કટોરો છોડાવી લોહની મૂઠવાળી તલ્વાર પકડાવી યુદ્ધભૂમિમાં મોકલી આપ!"

મૂળરાજ તરફનો આ ઉત્તર લઇને દૂત ચાલ્યો ગયો. તુરત મૂળરાજ અશ્વ ઉપર બેસી પરિક્રમણ કરવા લાગ્યો. અત્યારે સેનાનીઓ પોતપોતાના હાથ હેઠળના લશ્કરનું નિરીક્ષણ કરી રહ્યા હતા. કોઈ કોઈ અશ્વોને, હાથીઓને અને ઉંટોને કસરતો કરાવતા હતા. સૈનિકો પોતાના ઘોડા-

ઓને દોડાવવાની, તલપ ચુકાવવાની, લોંચી ખવરાવવાની અને એવી જૂદી જૂદી જાતની યુદ્ધવિષયક રમતો કરતા હતા. સામાને તલ્વાર કેમ મારવી, ભાલો કેમ મારવો, પોતા ઉપર આવતો ઘા કેવી રીતે સાચવી લેવો અને સામાની તલપમાંથી પોતે છટકી સામાને ઉલટો ગુંચવણમાં મુંઝવવો એવી એવી પટાબાજી પણ ચાલી રહી હતી. પાયદળ લશ્કર સેનાનીના સંકેત-શબ્દ પ્રમાણે હારબંધ થવાની, છૂટા પડી જવાની, બબ્બે કે ચચારની હારમાં ગોઠવાઈ જવાની અને પૃથક્ પૃથક્ પ્રકારની કવાયત કરી રહ્યા હતા. મૂળરાજે તે સર્વને કવાયત તથા કસરતને છોડીને ચક્રવ્યૂહમાં ગોઠવાઇ જવાની આજ્ઞા ફરમાવી અને સેનાનીઓ મૂળરાજની એ આજ્ઞાનું પાલન કરવાને સૈનિકોને સજ્જ કરવા લાગ્યા.

પરન્તુ ગ્રહરિપુના દૂતની ગર્વોક્તિ સાંભળીને અર્બુદેશ્વરને બહુ ક્રોધ ચડી આવ્યો હતો તેથી તેણે પોતાના સૈન્યને ઉતાવળે સજ્જ કરીને મોખરે કર્યું. હજી તો મૂળરાજની સેનામાં વ્યૂહરચના ચાલી રહી હતી એવામાં અર્બુદેશ્વરે પોતાના સૈન્યને યુદ્ધને માટે તૈયાર કર્યું. ગ્રહરિપુનો દૂત તેની સેનામાં જઇ પહોંચ્યો અને થોડી વાર થઇ એટલામાં તો અર્બુદેશ્વરે પહેલું તીર ગ્રહરિપુની સેનામાં ફેંક્યું કે તુરત યુદ્ધની શરૂઆત થઈ.

અર્બુદેશ્વરનું તીર ગ્રહરિપુના સૈન્યમાં જઈ પડતાંની સાથે જ ગ્રહરિપુએ સ્વમુખે ઘોર શંખનાદ કર્યો અને સૈન્યને પોતાનાં અસ્ત્રો ફેંકવાની પરવાનગી આપી. તત્ક્ષણ કામઠાંની પણછો ખેંચાઈ, સોરઠીયા સૈનિકોના હાથ ભાથાં ઉપર પડ્યા, ગોફણો ચક્કરમાં ફરતી પત્થરનો મારો ચલાવવા લાગી, અશ્વારોહી સૈનિકો શત્રુને ભેટવાને કઈ બાજુએથી ધસી જવું તેની વેતરણમાં પડ્યા, તુરીનો અવાજ અને દુંદુભિઓનો ધડધડાટ થવા લાગ્યો, 'મારો' 'કાપો' ના ઉત્તેજક શબ્દો સૌના મુખમાંથી નીકળવા લાગ્યા અને ચોમેર ધમસાણ મચી રહ્યું. એ જ પ્રમાણે અર્બુદેશ્વરનું સૈન્ય પણ ગ્રહરિપુના સૈન્યપર અસ્ત્રોનો વરસાદ વરસાવવા લાગ્યું, અનેક સૈનિકો ઘાયલ થવા લાગ્યા, અનેક ઘાયલ થવા છતાં શૌર્યથી લડવા લાગ્યા અને આકાશમાં તીરો પત્થરનાં જાળાં છવાઇ ગએલાં જોઇને

ત્રાસી ઉઠતા નવસૈનિકોને બારોટો અને ચારણો હિંમત આપી તેમના પૂર્વજોની પ્રશંસાનાં કીર્તિગાન સંભળાવવા લાગ્યા. એકાદ પ્રહરસુધી એ પ્રમાણે દૂરનું જ યુદ્ધ ચાલ્યું. સોરઠીયા સૈનિકોને ભેટભેટા થઇને બાથંબાથા લડવાનો બહુ ઉમંગ હતો તેથી ગ્રહરિપુની આજ્ઞા લઇને તેનો એક પુત્ર કેટલાક ઘોડા, કેટલાક હાથી અને પગપાળા સૈનિકોનું નાનું લશ્કર લઇને અર્બુદેશ્વરની જમણી બાજુની સામે ધસારો લઈ ગયો. અર્બુદેશ્વરનો સેનાપતિ અસાવધ રહ્યો નહિ. તે જેહુલના લશ્કરને પોતાની સાથે ભેળવીને શત્રુના નવા ધસારાને પહોંચી વળવા સજ્જ થયો. બન્ને લશ્કરો ભેટભેટા થયાં અને તીર–કામઠાંને બદલે તલ્વારો તથા ભાલાં ચમક્યાં! બન્ને પક્ષના સૈનિકો એકસરખા ઉત્સાહ તથા શૌર્યના આવેશમાં આવી ગએલા હતા, તેથી મારામારી અને કાપાકાપીનું ભારે ઘમસાણ મચ્યું. સૂર્યના તાપમાં વિજળીની પેઠે ચમકતાં ભાલાં સૈનિકો અને ઘોડાઓના ઉદરમાં ભચાભચ પેસી જવા લાગ્યાં. ખાંડાના ખડખડાટથી શૂરાઓમાં વધારે જોર આવવા લાગ્યું અને કાયરો શૂરાઓની પાછળ રક્ષણ શોધવા લાગ્યા. ઘોડાઓની પડઘીઓના અવાજથી અને હણહણાટથી આસપાસની ભૂમિ ગાજી રહેવા લાગી અને ત્રીજે પહોર થતાં સોરઠીયા સૈનિકોનો કચ્ચરઘાણ અર્બુદેશ્વરના સૈન્યે મોટા પ્રમાણમાં કાઢ્યો! ગ્રહરિપુનો પુત્ર મરણતુલ્ય ઘાયલ થયો તે જાણીને તેના બાકી રહેલા સૈન્યમાં હિંમત ઓછી થવા લાગી. અર્બુદેશ્વર ફાવ્યો અને તેણે જીત મેળવી. ગ્રહરિપુનું સૈન્ય માર ખાતું અને અથડાતું પોતાના મુખ્ય સૈન્યની સાથે જઈ મળ્યું. ગ્રહરિપુનો ઘાયલ થએલો પુત્ર સેન્યમાં જતાં જ મરણ પામ્યો.

દિવસનો છેલ્લો પ્રહર હજી બાકી હતો અને યુદ્ધ ચાલતું હતું. પોતાના લશ્કરના એક ભાગની હાર અને પુત્રના મરણની ખબરથી ગ્રહરિપુ ક્રોધથી ઘેલો બન્યો અને એક મદમત્ત માતંગ ઉપર બેસી સેનામાં ચોતરફ ફરી સૈનિકોને ઉશ્કેરવા લાગ્યો. મોરચો જરા આગળ લીધો એટલે શત્રુ વધારે નજીક દેખાવા લાગ્યો અને સૈનિકોને વધારે શૂર છૂટયું.

અર્બુદેશ્વરના તથા જેહુલના લશ્કરમાંથી સૈનિકોનો કેટલોક ભાગ યુદ્ધમાં હણાઇ ગયો હતો તેથી મૂળરાજના લશ્કરનો એક ભાગ ગરૂડવ્યૂહમાં અને બીજો ચક્રવ્યૂહમાં આગળ ધસી આવ્યો. અત્યારસુધી લડેલા સૈનિકોને એ સૈન્યે આરામ આપ્યો. મૂળરાજ આખા શરીરે બખ્તર અને માથાપર ટોપ ધારણ કરી, શસ્ત્રાસ્ત્રોથી સજ્જ થઇ એક અશ્વ ઉપર સવાર થઇને સૈન્યની પાછળ ઘૂમી રહ્યો હતો. પ્રસંગોપાત્ત સૈન્યના વિભાગોને કેમ આગળ પાછળ લઇ જવા તે સંબંધી સૂચનાઓ તે સેનાનીઓને આપ્યા કરતો હતો. પણ પ્રતિક્ષણે તેને પોતાના સૈનિકો તથા સેનાનીઓ મોટા પ્રમાણમાં માર્યા જવાની તથા ઘાયલ થવાની ખબર જ મળ્યા કરતી હતી. એ જ સ્થિતિમાં સાંજ પડી. યુદ્ધની નોબતો બંધ થઇ અને યુદ્ધ અટક્યું.

સૌરાષ્ટ્રનું સૈન્ય પોતાના સૈનિકોને વધારે માર મારી શકે છે તે જોઇને મૂળરાજને ચિન્તા થવા લાગી. હજી લાખા ફૂલાણી જેવા બળવાન શત્રુ અને કચ્છી માંડુઓ સાથે લડવાનું તો બાકી રહ્યું હતું. તેથી રાત્રે તેણે પોતાના સલાહકાર રાજાઓ તથા સેનાપતિઓને એકત્ર કર્યા અને તેઓની સાથે મંત્રણા ચલાવવા માંડી. તે દિવસે અર્બુદેશ્વરે મેળવેલી જીતથી સૌને એમ લાગ્યું કે શત્રુની સાથે બાથંબાથા લડવું એ વધારે સલાહભરેલું છે. આથી રાત્રિના અંધારામાં લશ્કરને નદીના પટની લગોલગ મોરચો નાંખવાની આજ્ઞા મૂળરાજે ફરમાવી. બીજી બાજુએ ગ્રહરિપુને પણ શત્રુની સાથે બાથંબાથા લડવાનું જ ગમ્યું અને તેથી તેણે પણ પોતાના લશ્કરની હારને વધારે નજીક આણી તથા પાછળ લાખાના લશ્કરને કોઇ પણ ઘડીએ તૂટી પડવાને માટે તૈયાર રાખ્યું.

બીજે દિવસે પ્હો ફાટતાં જ યુદ્ધ શરૂ થયું. બન્ને સૈન્યોએ એક બીજાના આશ્ચર્યની વચ્ચે શત્રુના સૈન્યને નજીક આવેલું જોયું. શરૂઆતમાં તો તીરનું યુદ્ધ જ ચાલ્યું અને છેડાએલા સોરઠીયા સૈનિકો ભારે પરાક્રમ દર્શાવવા લાગ્યા. મેઘગર્જનાની પેઠે ગર્જતા હાથીઓ પોતાના દેહમાં તીર પેસવા છતાં અડગ ઊભા રહેતા હતા અને તે ઉપરના સૈ-

નિકોને શત્રુની સામે તીરનો મારો ચલાવવાને ઉત્તેજન આપતા હતા. મૂળરાજ આ જોઇને નિરાશ થવા લાગ્યો. શત્રુનો મારો ઘણો જોરદાર છે એવું તેને લાગ્યું અને ગ્રહરિપુની પેઠે પોતે પણ હાથી ઉપર બેસી શંખનાદ કર્યો! સૈનિકોને સારી રીતે ઉશ્કેર્યા અને આખા સૈન્યમાં ઘૂમીને નબળી દેખાતી બાજુએ નવા સૈનિકોની પુરવણી કરી. પછી મૂળરાજે સૈન્યની મધ્યમાં રહી, અંબાડીમાંથી ઉઠી, મ્હાવતને તેની જગ્યાએથી આઘો હડસેલી, હાથીના કુંભસ્થળ તરફ ધસી જઈ, શત્રુની સામે ઊભા ઊભા તીરનો મારો ચલાવવા માંડ્યો! ગુર્જ્જર સૈનિકોમાં હવે જોર આવ્યું. તેઓએ ગ્રહરિપુના સૈન્યને અસ્ત્રોના મારાથી વિહ્વળ કરી નાંખ્યું. ગ્રહરિપુ લડતો લડતો અનેક સૈનિકોથી વીંટાએલો મૂળરાજના સૈન્યની નજીક ને નજીક ધસી આવવા લાગ્યો, જોકે બન્ને રાજાઓના હાથી દૂર હતા, છતાં ઉભય સૈન્યો ભેળસેળ થઈ ગયાં હતાં અને હાથોહાથની લડાઈ ચાલતી હતી. આગલા દિવસના યુદ્ધ કરતાં તે વખતે વધારે જોરથી કાપાકાપી ચાલી રહી હતી. બન્ને રાજાઓ પોતે સામે ચડ્યા હોવાથી હવે ઉતાવળે યુદ્ધનું છેવટ આવી જાય એવી ઉભય પક્ષોની ઇચ્છા હતી. એવામાં પોતાના અનેક સૈનિકોથી રક્ષાએલો ગ્રહરિપુ મૂળરાજના હાથી તરફ સીધો ધસી આવ્યો અને મૂળરાજ પણ તેને સત્કારતો હાક મારીને બોલ્યો: "ઓ! સૌરાષ્ટ્રની પવિત્ર ભૂમિના અસુર! તું મારી નજીક ભલે આવ્યો, કારણકે નહિતો તારો નાશ કરવાને મારે તને દીવો લઇને ખોળવો પડત!" આ ગર્વોક્તિ સાંભળીને છેડાએલા ગ્રહરિપુએ કશો પ્રત્યુત્તર નહિ આપતાં એકદમ મૂળરાજ ઉપર એક લોહગદા ફેંકી! મૂળરાજનો મ્હાવત અસાવધ રહ્યો નહિ. તેણે હાથીને એવી રીતે ફેરવ્યો કે ગ્રહરિપુની ગદા અફળ ગઇ અને નીચે પડી!

પોતાનો અસ્ત્રપ્રહાર નિષ્ફળ ગએલો જોઇને ભ્રૂકુટી ચડાવતાં વધારે નજીક ધસી આવીને ગ્રહરિપુએ મૂળરાજ ઉપર એક પછી એક બે લોહસર્પાકાર શંકુ ફેંક્યા અને મૂળરાજે પોતાના તીક્ષ્ણ તીરવડે એ બન્ને શંકુઓને તોડી નાંખ્યા. તેણે ગ્રહરિપુ ઉપર સામી ગદા ફેંકી અને તેના

મ્હાવતે ચતુરાઇ બતાવી પરન્તુ તે છતાં તેની અંબાડીનો એક ભાગે તૂટી ગયો અને હાથીને ગદા સખ્ત રીતે વાગી! ધુંઆંપુંઆં થએલો હાથી નાસવા લાગ્યો, પરન્તુ મ્હાવતે બળ કરીને તેને નાસવા દીધો નહિ. હવે ગ્રહરિપુ મરણીયો થયો. તેણે હાથીને મૂળરાજના હાથીની તદ્દન નજીક લીધો અને પોતાની ભાગેલી અંબાડીમાંથી છેડાએલા વાઘની પેઠે ફાળ ભરી મૂળરાજની અંબાડીપર કૂદી પડયો! બન્ને રાજાઓ અંબાડીની અંદર જ દ્વંદ્વ યુદ્ધ કરવા લાગ્યા! કેટલીકવારે મૂળરાજ ગ્રહરિપુને ખભા ઉપર કટારીનો એક ઘા લગાવવામાં ફાવ્યો, પરન્તુ ગ્રહરિપુ કાંઈ એવા એકાદા ઘાને ગણકારે તેવો નહોતો! તે મરણીયો થઇને મૂળરાજને મ્હાત કરવાનો યત્ન કરવા લાગ્યો. એ વખતે મૂળરાજે સમયસૂચકતા વાપરી. તેણે પોતાના બીજા હાથમાંની ઢાલ ફેંકી દીધી અને એ જ હાથવડે ગ્રહરિપુને જે ખભાં ઉપર ઘા વાગ્યો હતો તે ખભાવાળો હાથ તેણે પકડયો! ઘાની વેદનાથી ગ્રહરિપુ જરા અચેતન થયો એટલે મૂળરાજે તેને એવા તો જોરથી ધક્કો માર્યો કે તે અંબાડીમાંથી નીચે પડી ગયો! મૂળરાજના સૈનિકો એકદમ ધસી આવ્યા. ગ્રહરિપુના સૈનિકોને તેમણે નજીક આવવા જ દીધા નહોતા એટલે માત્ર એક જ ક્ષણમાં ગ્રહરિપુ મૂળરાજનો કેદી થયો!

પરિચ્છેદ ૧૫ મો.

લાખો ફૂલાણી.

આખા દિવસમાં પોતાના સૈનિકોનો મોટા પ્રમાણમાં નાશ થવાથી મૂળરાજ મરણ પામેલાઓના અગ્નિસંસ્કારને માટે તથા ઘાયલ થએલાઓના પાટાપીંડી ને સારવાર માટે આખી રાત જાગતો રહીને ઘટતી આજ્ઞાઓ પોતાનાં માણસોને આપવા લાગ્યો. રાત્રિમાં પુનઃ વ્યૂહરચના કરી. ભાટ-ચારણો અને સ્તુતિપાઠકો મરણ પામેલાઓનાં યશકીર્તિ કરવા લાગ્યા અને રાત્રિના આરામના વખતમાંએ જેમને યુદ્ધના વિચારોથી નિદ્રા આવતી નહોતી તેમને વીરરસનાં વર્ણનોવાળી વાર્તાઓ

સંભળાવવા લાગ્યા. પરોઢ થયું અને સૈનિકો પ્રાતઃક્રિયામાં ગુંથાવા લાગ્યા. યુદ્ધની શરૂઆત માટે મોખરામાં સૈનિકોની હારો ગોઠવાવા લાગી. એટલામાં એક કચ્છી દૂત મશાલના અજવાળા સાથે મૂળરાજના લસ્કરમાં પેઠો અને જે વખતે મૂળરાજ દંતધાવન કરી રહ્યો હતો તે વખતે તેની સામે જઇને ઊભો. મૂળરાજે તેને પોતાની કચેરીની રાવટીમાં મોકલ્યો અને પછી વસ્ત્રો ધારણ કરીને ત્યાં ગયો. દૂતે કહ્યુંઃ "હે ગુર્જરેશ્વર! કચ્છાધિપતિ લાખારાજે મને તમારી પાસે સંદેશો પહોંચાડવા મોકલ્યો છે. એ સંદેશો એ છે કે આપે મહાપરાક્રમ બતાવીને સૌરાષ્ટ્રાધિપતિ રા' ક્વાટને જીવતા પકડી લીધા છે, તે આપના પરાક્રમને ધન્ય છે. શૂરવીરનું લક્ષણ તમે બરાબર બતાવી આપ્યું છે; હવે લાખારાજની એવી માંગણી છે કે જો તમે રા' ક્વાટને છોડી દો, તો તમને તમો માગો એટલી ખંડણી આપવા તે તૈયાર છે."

મૂળરાજે સંદેશો સાંભળ્યો, થોડો વિચાર કર્યો, અર્બુદેશ્વરને, મારવાડના રાજાને, કાશીપતિને, જેહુલને, શીલપ્રસ્થેશ્વરને બોલાવી તેમની સલાહ માંગી અને છેવટે વિચાર કરીને જવાબ આપ્યો કે "હે દૂત! લાખારાજને કહેજે કે ગુર્જરેશ્વર ધનને માટે ધર્મયુદ્ધ આરંભતો નથી. લૂંટારાઓ પાસે પણ પુષ્કળ ધન હોય છે, પરન્તુ તેથી તેઓ ધર્મશીલ કહેવાતા નથી. મને ધન મળે અને રાક્ષસ છૂટો થાય તેથી કાંઈ સૌરાષ્ટ્રની ભૂમિનો અધર્મ નાશ પામે નહિ, માટે અધર્મને ઉત્તેજન આપે તેવી કશી માંગણી લાખારાજે કરવી તે વાજબી નથી."

દૂત આ જવાબ લઇને ચાલ્યો ગયો. લાખો તે સાંભળીને બહુ ગુંસ્સે થયો. તેણે તુરત–પરોઢના અંધારામાં જ શંખ અને તૂરી વગડાવી લસ્કરને સચેત કર્યું અને અહરિપુને સ્થાને તેના બે પુત્રોને રાખી પોતે લસ્કરને મોખરે આવી યુદ્ધનો આરંભ કર્યો. ગ્રહરિપુને પોતાને હાથ કરવાથી મૂળરાજના અંગમાં બેવડું જોર આવ્યું હતું. તે પણ અશ્વારોહણ કરી, પોતાના આખા સૈન્યમાં ફરી લાખાની સામે થયો. ઉભય સૈન્યો વચ્ચે તીરનો મારો ચાલ્યો. સિંધુપતિએ મૂળરાજની જમણી

પાંખ ઉપર ફટકો મારવાની પેરવી કરવા માંડી એટલે મારવાડના અને શીલપ્રસ્થના રાજાઓ પોતાના સૈન્યને સજ્જ કરી તેને સામો જવાબ વાળવા લાગ્યા. પોતાનો મિત્ર શત્રુને હાથે કેદ પકડાવાથી ક્રોધથી ઘેલો બનેલો લાખો મૂળરાજનો પ્રાણ લેવાને અધીરાઇ બતાવવા લાગ્યો અને પોતાના કચ્છી માંડુઓને શત્રુની સામે ધસવાનું કહી ઉભય સૈન્યોને ભેળ-સેળ કરવા લાગ્યો. તીર-કામઠાં હવે નકામા દેખાવા લાગ્યાં અને મ્યાનમાંથી તલવારો બહાર નીકળી બાલ સૂર્યનાં કિરણોમાં વિજળીની પેઠે ચમકવા લાગી. લાખો પોતાનાં માણસોને શૌર્ય ચડાવતો ધસવા લાગ્યો અને માર્ગમાં આવતાં માણસોને કાપતો માર્ગ કાપવા લાગ્યો, એવામાં તેણે મૂળરાજને જોયો એટલે ત્રાડ પાડી ઉઠયોઃ "એ મૂળનક્ષત્રમાં જન્મેલા! ચાલ, સામો થા અને મારૂં પરાક્રમ જો!"

મૂળરાજ એકાએક લાખાને જોઇને આશ્ચર્ય પામ્યો અને બોલ્યોઃ "અહો! મારા શત્રુના મિત્ર! તું પણ ઠીક તારી મિત્રતા બતાવવાને અધીરો થઇ અણધાર્યો ચાલ્યો આવ્યો છે! ગ્રહરિપુથી વિખૂટા નહિ પડવા ઇચ્છિનાર હે સુમિત્ર! તારી મૈત્રીને ધન્ય છે! હવે હું તને પણ તારા મિત્રની પાસે રહેવાની જ જોગવાઇ કરી આપું છું." એમ કહી મૂળરાજ પોતાના વીર સૈનિકોના ટોળાથી વીંટાએલો ઘોડો ફેરવીને લાખાની તરફ ધાયો. બન્ને રાજાઓને એક બીજાની સામે મંડાએલા જોઇને સૈનિકો પણ સામસામા તલ્વારની બાજી ચલાવવા લાગ્યા અને ભારે ઘમસાણ મચ્યું. તૂરી અને દુંદુભિના નાદ વધારે જોર-શોરથી થવા લાગ્યા. ભાટ ચારણોના ઘાંટા વધારે ઘોર અવાજ કાઢવા લાગ્યા. મરનારાઓની ચીસોનું કકળાણ વધારે સાંભળાવા લાગ્યું. એક એક ક્ષણે સેંકડો સૈનિકો પ્રાણરહિત થઇ ભૂમિપર પડવા લાગ્યા. પોતાના દેશના જ-પોતાના મિત્રોના જ-પોતાનાં આપ્તજનોનાં જ મુડદાંઓનાં માથાં છૂંદતા, તેમના લોહીથી થએલા કીચડને ખૂંદતા, દેહનું પણ ભાન ખોઇ બેઠેલા શૂરાઓ પોતાની સામે આવનારાઓનાં માથાં ભચાભચ કાપવા લાગ્યા. કેટલીક વારસુધી એ પ્રમાણે તુમુલ યુદ્ધ મચી રહ્યું અને બન્ને રાજાઓને દૂર

રહીને જ યુદ્ધ ચલાવવું પડયું; પરન્તુ લાખાની અધીરાઇ હજી શાન્ત થઈ નહોતી. તેણે પોતાના હાથમાંના વજનદાર ભાલાને એવા તો જોરથી મૂળરાજની સામે ફેંક્યો કે મૂળરાજે પોતાના ઘોડાની ચાલને કાબૂમાં રાખીને જો ચતુરાઇ ન બતાવી હોત તો તે ભાલો અવશ્ય પ્રાણઘાતક નીવડત. લાખાનો ભાલો અફળ જતાં મૂળરાજે લાખા ઉપર એ જીભ્‌વાળું તીર ફેંક્યું અને લાખાએ તે પોતાની કુશળતાથી બાળવી લીધું. લાખાએ બીજો ભાલો ફેંક્યો પરન્તુ તે હવામાં અદ્ધર ચાલ્યો ગયો અને તત્ક્ષણ મૂળરાજે લોહનો લાંબી ફણાવાળો ભાલો લાખા ઉપર ફેંક્યો તે લાખાના કલેજામાં પેસી ગયો ! ! કચ્છીઓના હાથ તે દૃશ્ય જોતાં જ નરમ પડી ગયા અને ગુજરાતીઓ ચોમેરથી ધસીને લાખાને પકડવા દોડ્યા. લાખાને મર્મસ્થાનમાં ભાલો વાગતાં જ તે અચેતન થતો અશ્વપરથી નીચે પડી ગયો. તેના માણસોએ તેને ઉંચક્યો પરન્તુ ગુજરાતી યોદ્ધાઓએ એવું યુદ્ધ મચાવ્યું અને તેમને ઘેરી લીધા કે કચ્છી યોદ્ધાઓમાંનો મોટો ભાગ યુદ્ધમાં કામ આવી ગયો અને જેઓ જીવતા રહ્યા તેઓ લાખાના મૃતદેહને એમ ને એમ મૂકીને છટક્યા.

પોતાનાં શૌર્ય, ધૈર્ય અને પરાક્રમથી દિગંતોમાં નામ ગજાવી ચૂકેલો લાખો મૂળરાજના ભાલાથી વિંધાઇને નીચે પડ્યો તે જ ક્ષણે તે મરણ પામ્યો હતો. તેના સૈનિકોએ તેના મૃતદેહને ઉંચકી જવાને બહુ યત્ન કર્યો પણ મૂળરાજના સૈનિકોએ તેમને ફાવવા દીધા નહિ. મૂળરાજ તેના મૃતદેહ તરફ ધસી ગયો અને અશ્વ ઉપરથી નીચે ઉતરી તેની વીંધાએલી છાતી ઉપર પગ મેલી બોલ્યો: “ અરે લાખા ! અસુરનો સંગ કરનારા અસુર ! જેવી રીતે અસુરો સુરોના પગ તળે છુંદાવાથી મુક્તિના અધિકારી થાય છે, તેમ મારો પગ તારી છાતી ઉપર મૂકીને હું તને મુક્તિનો અધિકારી કરૂં છું. ” મૂળરાજે પગ પાછો લીધો એટલે ગુર્જ્જર વીરોએ તેના નામ સાથે વિજયનાદ કર્યો.

* લાખાના મરણના ખબર સાંભળીને સોરઠી તથા કચ્છી સૈન્યમાં

---

* લાખાનો પાળીઓ-ખાંભી અત્યારે આટકોટ પાસે જોવામાં આવે છે.

હાહાકાર વર્તી રહ્યો. તેઓનું તેજ નાશ પામ્યું. હાથમાંની તલવારો ઢીલી પડી ગઇ. ભાથાંમાંથી તીર ખૂટી જતાં દેખાવા લાગ્યાં. અશ્વોના પગ પાછા પડવા લાગ્યા. કાયરો તો સૌથી પહેલાં પાછળ હઠયા. શૂરાઓ ખૂબ ઝૂઝ્યા પરંતુ તેઓ છેવટે મરાયા. ગ્રહરિપુના નાની વયના બે પુત્રોને તેમના સરદારો પાછા લઇ ગયા. સિંધુપતિ પોતાના બન્ને મિત્રોના જેવી પોતાની દશા થવાની બ્હીકથી લશ્કરને પાછું ખેંચી લઈ ચાલ્યો જવા લાગ્યો. પોતાના રાજાની સાથે આવેલા પણ હવે રાજા વિનાના બની ગએલા કચ્છી સૈનિકો પણ વામનસ્થળી મૂકીને પોતાને દેશ ચાલ્યા જવા લાગ્યા. સોરઠીઆ સૈનિકો વામનસ્થળી અને દુર્ગપલ્લીના કિલ્લાઓમાં ભરાયા. મૂળરાજનું સૈન્ય વિજયગર્જનાઓ કરતું તે કિલ્લાઓ તરફ ધસ્યું અને ચોમેર ફરી વળ્યું. સાંજનો સમય થઇ ગયો હોવાથી રાતોરાત કિલ્લાની બહાર રહી, પ્રભાતમાં પોતાના નામની આણ વર્તાવવાનો વિચાર મૂળરાજે દૃઢ કર્યો.

પરિચ્છેદ ૧૬ મો.

વિજયોત્સવ અને લગ્નોત્સવ.

લાખો મરણ પામ્યો, શત્રુનાં લશ્કરો વીંખાઇ ગયાં, ગુર્જ્જર સૈન્ય દુર્ગપલ્લી અને વામનસ્થળી તરફ કૂચ કરી ગયું, એટલે મૂળરાજ વિજયની નોબતો વગડાવતો છાવણીમાં પાછો ફર્યો. ઉત્સાહ અને આનંદથી તેની છાતી ગજ–ગજ ઉછળતી હતી. પોતાની રાવટી પાસે આવતાં જ તે અશ્વપરથી ઉતર્યો અને એક અનુચરને કહ્યું: "ચઉલાદેવીને બોલાવી લાવ !"

અનુચર ચઉલાને બોલાવવા દોડ્યો. ચઉલા તે વખતે પોતાની રાવટીના પડદા પાડીને કોઇની સાથે વાતચીત કરતી બેઠી હતી. ચઉલાની દાસીને અનુચરે મૂળરાજનો સંદેશો કહ્યો એટલે દાસી બોલી: "ચઉલા બ્હેન તો પેલા બાવાજીની સાથે વાતચીત કરતાં બેઠાં છે; તું જા, હમણાં હું તેમને મોકલું છું." અનુચર ચાલ્યો ગયો.

દાસી ચઉલાને સમાચાર આપવાને રાવઠીમાં ગઈ, તો તેણે ચઉલા અને બાવાજીની આંખોમાં આંસુ જોયાં! દાસી સમચાર આપતાં અચકાઇ ગઈ. ચઉલા આંસુ લૂછીને બોલી: "દાસી! જરાએ આશ્ચર્ય પામીશ નહિ, તું શામાટે આવી છે તે કહે."

"મહારાજ લાખાને મારીને, સંપૂર્ણ વિજય મેળવી, વિજયની નોબતો વગડાવતા આવ્યા છે અને આપને બોલાવે છે!"

"મહારાજને સંપૂર્ણ વિજય મળ્યો? બન્ને શત્રુઓનું તેમણે મર્દન કર્યું? પરમ આનંદ થયો! હું જઉં છું; પિતાજી! આપ અહીં જ રહો! આપણો શત્રુ આપણી જ કેદમાં છે; સૌરાષ્ટ્ર મૂળરાજ સોલંકીએ જીત્યું છે; હવે આ વેશ ક્યારે ઉતારશો?"

કાલુ જેઠવો હર્ષનાં આંસુ વર્ષાવતો બોલ્યો: "પુત્રી! હવે તો ઉમંગથી એ વેશ હું ઉતારીશ; પણ એક વાત મને કહે; જ્યારે તું મને કલ્યાણીની સમાધિમાં જ ઓળખી ચૂકી હતી ત્યારે તેં મને કેમ ઓળખાણ આપી નહિ?"

"તેનું કારણ કોઇ વાર તમે જાણશો, પિતાજી! આપને કહેવો ઘટે તે સઘળો વૃત્તાંત હું તમને અત્યારે કહી ચૂકી છું. અત્યારે હવે હું મહારાજ પાસે જઉં છું.

ચઉલા મૂળરાજ પાસે ગઇ. ચઉલાએ મૂળરાજને અભિનંદન આપ્યું અને કહ્યું: "ધન્ય છે મહારાજ! બહારના શત્રુઓનું મર્દન કરવાનું વ્રત આપે લીધેલું તે આપે આજે યથાર્થ રીતે પાળ્યું!"

"પણ મારા નિશ્ચયમાં હજી થોડી પૂર્તિ કરવાની બાકી રહી છે."

"કઇ વારૂ."

"ચાલો મારી સાથે!" એમ કહી મૂળરાજ આગળ ચાલ્યો અને ચઉલા તેની પાછળ પાછળ ચાલી: કેટલેક દૂરસુધી રાવઠીઓ અને માંડવાઓ વટાવતા તેઓ ચાલ્યાં. છેવટે એક રાવઠીમાં તેઓ પહોંચ્યાં. તેમાં ઘાયલ થએલા ગ્રહરિપુને એક મૃદુ શય્યામાં વીશ પહેરેગીરોની ચોકી વચ્ચે રાખવામાં આવ્યો હતો. મૂળરાજ અને ચઉલા તેની સામે જઇને

ઊભાં રહ્યાં. મૂળરાજ બોલ્યોઃ "ચઉલાદેવી! આ મારો પરમ શત્રુ, આર્યાવર્તનો ધર્મશત્રુ અને તમારો તથા તમારા પિતાનો પણ શત્રુ!"

ચઉલા બોલીઃ "ખરી વાત કહી, મહારાજ! એવી જ શત્રુતાથી મારે તથા મારા પિતાને વગડે વગડે રખડવું પડ્યું, ઘર છોડવું પડ્યું, દેશ છોડવો પડ્યો અને હજી પણ દેશની ભૂમિ જોઈ શકાઇ નહિ! રા'! કાંઈ ઓળખાણ પડે છે?"

"ચઉલાદેવી?" રા' બોલ્યોઃ "તમારા નામપરથી મેં તમને હવે ઓળખ્યાં છે!"

"મારી મરણ પામેલી માતાના મુડદાને જમીનમાંથી ખોદી કાઢી, તેનું માથું વાઢી, તેને ભાલાની અણીપર રાખી પથાની વણઝારમાં તમે લાવ્યા હતા, એ તમારૂં રાક્ષસી કૃત્ય તમને સાંભરે છે કે?" ચઉલાએ રોષદર્શક મુખમુદ્રાથી પૂછ્યું.

"સાંભરે છે! બધુંએ સાંભરે છે! પરન્તુ એનો બદલો તમારે અત્યારે લેવાની ઇચ્છા છે શું?" રા'એ પૂછ્યું.

ચઉલા કાંઈ ઉત્તર આપે તે પહેલાં મૂળરાજ બોલ્યોઃ "આવશ્ય, એનો બદલો લેવો જ જોઇએ! ગ્રહરિપુ! ચઉલાદેવીએ જ્યારે એ વણઝારમાં રહીને છૂપી રીતે પોતાની માતાના મસ્તકની એવી દુર્દશા જોઈ, ત્યારે તેમણે એવું પણ લીધું છે કે જ્યારે પોતે ગ્રહરિપુના મસ્તકની એવી દુર્દશા થએલી જોશે, ત્યારે જ પોતાની ટેક પૂરી થએલી લેખશેઃ એ ટેક પૂરી કરવાને હવે તેમણે તમારા માથાને ભાલાની અણીપર ખોસવું જ જોઇએ!!"

ગ્રહરિપુએ શય્યામાં સૂતાં સૂતાં જ નિઃશ્વાસ નાંખ્યો. તે બોલ્યોઃ "એક વાર તો મારે મરવું જ છે. પણ કેદ પકડાએલાને મારવો તેમાં ક્ષત્રીવટ નથી."

મૂળરાજ હસીને બોલ્યોઃ "કુમારિકાઓને પકડીને તેમનાં શીલ ભાગવામાં તો ક્ષત્રીવટ જ હશે! રા'! શા મ્હોંએ આવી ક્ષત્રીવટની વાતો હવે સાંભરે છે? હવે તો પ્રભુને સંભારો અને આ રાક્ષસાવતારમાંથી સત્વર મુક્તિ મળે એવી તેને પ્રાર્થના કરો!"



"તારી આ ધર્મની બહેનને એટલી ભિક્ષા આપ !" (પૃષ્ઠ ૨૮૯)

ગ્રહરિપુ મ્હોં ફેરવીને મુંગો રહ્યો.

મૂળરાજ બોલ્યો: "ચઉલાદેવી! મેં તમને અહીં તમારૂં વ્રત પૂર્ણ થએલું જોવાને જ બોલાવ્યાં છે! રા'નું માથું કાપીને તેને ભાલાની અણી ઉપર ખોસું છું; તે તમે જોઇ લો, એટલે તમારૂં વ્રત પૂરૂં થાય!"

ચઉલાનું હૃદય દયાથી પીગળ્યું. તેણે મનમાં વિચાર્યું: "અહો! એક વખતનો રાક્ષસ અત્યારે કેવો ગરીબ ગાય જેવો બની ગયો છે? એક વાર જેના ત્રાસથી આખા સૌરાષ્ટ્રની ભૂમિ ધ્રૂજતી હતી તે જ અત્યારે ઘાયલ થઇને મેંઢા કરતાંએ ગરીબ અવસ્થામાં પડ્યો છે અને માત્ર મૂળરાજના એક શબ્દની સાથે જ તેનું માથું ધડથી જૂદું થઈ જવાનું છે! દશાના ઢંગ કેવા વિલક્ષણ છે?"

ચઉલા આ વિચાર કરી રહી હતી અને મૂળરાજના પ્રશ્નનો ઉત્તર શો આપવો તે મનમાં ને મનમાં ગોઠવતી હતી, એવામાં દાસીમંડળથી વીંટાએલી, સૌરાષ્ટ્રાધિપતિની પત્ની ઓંઘીરાણી બે બાજુએ પોતાના બે પુત્રોને સાથે લઈ અવગુંઠનવડે મ્હોંને અર્ધું ઢાંકી પતિની શય્યા પાસે આવી ઊભી! એક વાર પતિના મુખદર્શન કરીને પછી તે મૂળરાજને પગે પડીને બોલી: "હે બંધુ ગુર્જરેશ્વર! સોલંકીવંશમુકુટમણિ મૂળરાજ! અમે તારા બહુ અપરાધો કર્યા છે! એ અપરાધોના દંડ તરીકે તું અમારૂં સર્વસ્વ લઇ લે, અમારો સર્વનો નાશ કરી નાંખ, તો તે કાંઇ અનુચિત કર્મ નથી; પરન્તુ મારા આ નાની વયના પુત્રોની ખાતર, મારી અને મારી બ્હેનોના સૌભાગ્યની ખાતર તું રા'ને જીવતા રાખવાની કૃપા કર! તારી આ ધર્મની બ્હેનને એટલી ભિક્ષા આપ!"

મૂળરાજનું હૃદય રાણીની આ ઋજુતાભરી પ્રાર્થનાથી પીગળ્યું; પરન્તુ તેના મનમાં એક ગુંચવણ થવા લાગી. પોતે જો ગ્રહરિપુને જીવતો રાખે તો ચઉલાની ટેક પૂરી થાય નહિ અને ચઉલાની ટેક જો પૂરી થાય નહિ તો પોતે તેનો હસ્ત સંપાદન કરી શકે નહિ! લાંબા વખતથી ધારી રાખેલી આશા પૂરી થવાનો સમય આવી પહોંચ્યો, તે જ વખતે-બરાબર અણીને વખતે એ આશા નિરાશાના રૂપમાં ફેરવાઇ જ-

વાનો પ્રસંગ આવ્યો હોવાથી તે મોટી ગુંચવણમાં પડ્યો.

આંધ્રીરાણી ચઉલાની ફોઇ થતી હતી. ફોઇનાં દીન વચનો સાંભળીને ચઉલાની આંખોમાં પણ આંસુ આવ્યાં. એક સિંહની પત્નીની આવી દીન–હીન દશા જોઇને તેને ખેદ સાથે આશ્ચર્ય થયું. રાણીએ તેના તરફ સહેજ નજર કરી અને તેને તુરત ઓળખતાં જ દુઃખથી ગભરાએલી રાણી ભેટી પડી અને બોલી: "ચઉલા! મારી ચઉલા! તારી દુર્દશા–તારા પિતાની દુર્દશાનું એક કારણ હું પણ છું! જંગલમાં જે વખતે તું તારા પિતાની સાથે પુરૂષના વેશમાં શિકાર કરવાને આવી હતી અને રાજનો મેળાપ થયો હતો તે વખતે પાછળથી મેં જ તારી ઓળખાણ રાજને આપી હતી અને તેથી તે તારી પાછળ પડ્યા હતા! મારા તે અપરાધને હવે ક્ષમા કર, મર્માહત થએલા તારા ફૂઆને જીવિતદાન મળે તે માટે આ સોલંકીચૂડામણિને પ્રાર્થના કર! ગુર્જરેશ્વર પાસે તું રહે છે એ વાત મેં જાણી છે અને તારી ચતુરાઇની વાતો પણ હવે મારા સાંભળવામાં આવી છે. બ્હેન! શું તું મારૂં આટલું કામ નહિ કરે?"

ચઉલા દુઃખભર્યા અવાજે બોલી: "ફોઇબા! જરાએ ચિંતા કરશો નહિ! ગુર્જરેશ્વર સિંહ છે પણ તે કદાપિ શરણાગત ઉપર હાથ ઉગામતા નથી. તે ઉદાર છે, ક્ષમાવાન્ છે અને દયાળુ છે. તેમની વતી હું કહું છું કે તેમણે રાજને અભયદાન આપ્યું છે અને તે તેમનો વાંકો વાળ કરશે નહિ. કાલે યોગ્ય ઉપચારો અને કરારો થયા પછી રાજને પાલખીમાં બેસાડી રાજધાનીમાં પહોંચતા કરશે, માટે આપ કશી ચિન્તા કરશો નહિ."

રાણી ઉપકારવશ થતી બોલી: "અહો, બ્હેન! જેના ઉપર અમે આટલો અપકાર કર્યો છે તેનો આટલો બધો ઉપકાર જોઇ અમે લજ્જાથી ઉંચું મ્હોં કરી શકતાં નથી. ગુર્જરેશ્વર! આજે અમારા આખા રાજવંશને તમે નવું જીવન આપ્યું છે. અમારો એક કુમાર યુદ્ધમાં મરણ પામ્યો છે, એ વેદનાથી તો અમે પીડાએલાં જ છીએ, છતાં આટલા

આશ્વાસનથી અમે જીવન ધારણ કરી શકીશું અને આ કુમારોને ઉછેરી મોટા કરી શકીશું."

એમ કહી મૂળરાજનો તથા ચઉલાનો પુનઃ આભાર માની રાણી પોતાના પુત્રોને લઇ ચાલી ગઇ. મૂળરાજ કાંઇ પણ નહિ બોલતો–ગ્રહરિપુને પોતાની વતી ચઉલાએ અભયદાન આપવાથી વિચારમાં પડી જતો ચઉલાની સાથે સાથે ત્યાંથી બહાર નીકળ્યો. ઉભય મુંગાં મુંગાં ચાલ્યાં. મૂળરાજ પાછો પોતાની રાવટીમાં પેઠો ત્યાંસુધી ચઉલા કશું બોલી નહિ. છૂટા પડતી વખતે તે બોલી: "હવે હું જઉં છું, મહારાજ!"

"જરા અહીં આવો, મારા થોડા પ્રશ્નોના જવાબ આપો અને પછી જાઓ." મૂળરાજ બોલ્યો.

"હું આપના પ્રશ્નોના જવાબ આપવા માટે હમણાં પાછી આવું છું એમ કહી ચઉલા ચાલી થઇ. મૂળરાજનો ઉદાસ ચહેરો, તેની નિરાશા, તેનું મૌન્ય એ સઘળાનો મર્મ ચઉલા કળી ગઈ હતી અને તેથી મૂળરાજના પ્રશ્નોને પણ તે પિછાણી ગઇ હતી. તે સત્વર પોતાના પિતાની પાસે આવી અને તેમને નવાં વસ્ત્રો પહેરાવ્યાં. પછી તેણે મૂળરાજની માંગણી વિષેનો ઇતિહાસ અથથી ઇતિ સુધી પિતાને સંકોચ વિના કહ્યો, પોતાના વ્રતની વાર્તા કહી, અત્યારે ગ્રહરિપુને અભયદાન આપવાની વાત કહી અને છેલ્લે કહ્યું: "હવે એ માંગણી પૂરી કર્યા વિના ચાલે તેમ નથી."

"પણ હું તો તને ઠપકો આપવા જતો હતો. ગુર્જરેશ્વર જેવા પરાક્રમી રાજાની માંગણી છતાં તેં કેમ આટલું મોડું કર્યું? તેં આટલું મનોદુઃખ શામાટે વેઠયું?"

"માત્ર આપની અભિલાષા અને મારી માતાના મસ્તકના વેરની ખાતર! એ વૈર વળે તેવો સમય આવ્યો હોવા છતાં મારૂં મન દયાથી પીગળ્યું, ફોઇબાનાં વચનોથી મને લાગણી થઇ અને મૂળરાજની અનિચ્છા હોવા છતાં મેં રા'ને અભયદાન અપાવ્યું!" ચઉલા બોલી.

"પુત્રી! શરણાગતને અભયદાન આપવું એવી ક્ષત્રિયની ટેક છે

એટલે તેં એ ઉચિત કર્મ કર્યું છે, પરન્તુ ગ્રહરિપુ એક મનુષ્ય નહિ પણ રાક્ષસ છે. તેણે આપણી જે દુર્દશા કરી છે તે જ્યારે હું સંભારૂં છું ત્યારે ક્ષત્રિયની ટેકને વિસરી જઇને પણ તેનું માથું કાપી નાંખવાને ઉશ્કેરાઈ જઉં છું.” કાલુ બોલ્યો.

“હશે, પિતાજી! છેવટે આપની મનોભિલાષા પાર પડી—વણઝારમાંથી છૂટાં પડતી વખતે આપે જે અભિલાષા દર્શાવી હતી તે મારા હૃદયમાં વજ્રલેપ થઇને રહી હતી અને તે પાર પડે તેટલા માટે મેં આદરેલું તપ સફળ થયું એટલે ભલે શત્રુને પણ અભયદાન મળ્યું! હવે આપ મારી સાથે ચાલો! અત્યારે મને મૂળરાજ પોતાનો પૂર્વોક્ત પ્રશ્ન જ પૂછશે!”

“ચાલ, હું આવું છું.” એમ કહી એ પિતાપુત્રી બહાર નીકળ્યાં. એ નવા ઠાકોર તરફ ઘણાની આંખો આશ્ચર્યથી ખેંચાઈ.

કાલુને રાવઠીની બહાર ઊભો રાખીને ચઉલા અંદર મૂળરાજની પાસે ગઈ. મૂળરાજ વિચારનિમગ્ન બેઠો હતો. જતાં વાંત ચઉલાએ પૂછ્યું: “શી આજ્ઞા છે મહારાજ?”

મૂળરાજ બોલ્યો: “ચઉલાદેવી! તમે મારી વતી ગ્રહરિપુને અભયદાન આપ્યું, પણ તમારી ટેક અધૂરી રહી ગઇ. હવે તમારાથી લગ્ન થઈ શકશે નહિ.”

ચઉલા મંદ હસીને બોલીઃ “તોપણ શી ફીકર છે મહારાજ? હું વિશેષ તપશ્ચર્યા આદરવા તૈયાર છું; પણ એક સૌભાગ્યદાન માંગતી ક્ષત્રિયાણીને આપના સરખા પ્રતાપી ક્ષત્રિયથી કેમ ના પડાય! મેં તો આપની વતી ઉત્તર આપીને આપનું ગૌરવ જાળવ્યું છે.”

“પણ તે સાથે મારી લાંબા વખતની અભિલાષા ઉપર પણ તમે નિષ્ઠુરતાથી પાણી ફેરવ્યું છે, તેનો તમે શો જવાબ આપો છો?” મૂળરાજના વદન ઉપર અધીરાઇનાં ચિન્હો પ્રકટ થતાં દેખાયાં.

ચઉલા વધારે હસી અને મૌન રહી.

મૂળરાજ બોલ્યો: “હવે મને એમ હસીને ઉડાવશો તે નહિ ચાલે!”

"ત્યારે હું શો ઉત્તર આપું ?"

"કાંતો એમ કહો કે 'મારી ટેક પૂરી થઇ' અને નહિતો ગ્રહરિપુનું માથું કાપીને......"

"શાન્તમ્ પાપમ્ ! મહારાજ ! એક વાર જેને અભયદાન આપ્યું તેને આપણા સ્વાર્થને માટે મારી નાંખવાનું પાપ આપણાથી કેમ થાય ?"

"ખરેખર ન થાય-ક્ષત્રિયથી એવું કરાય જ નહિ અને તેથી શત્રુ જીવતો હોવા છતાં તમારે તમારી ટેક પૂરી થઇ લેખવી જોઇએ." મૂળરાજ બોલ્યો.

"ના, ના. એમ તો કાંઈ ટેક પૂરી ન થાય !"

"આટલાં વર્ષો મને લાલચમાં રાખીને, તમારા જીવનમંત્રનું રહસ્ય મને સમજાવ્યા પછી પણ શું તમે મને આશાભંગ કરશો ? નહિ, નહિ, ચઉલાદેવી ! સ્ત્રીઓના સામાન્ય સ્વભાવના 'નિર્દયતા' ના દુર્ગુણનો પરિચય તમે મને કરાવો નહિ !"

ચઉલા મૌન-મૌન હસી અને ઉચ્ચ સ્વરે બોલી : "પિતાજી !"

મૂળરાજ એ ઉદ્ગાર સાંભળીને આશ્ચર્ય પામ્યો અને કાંઇક બોલવા જાય છે, એટલામાં બહારથી "આ આવ્યો બ્હેન !" એવો ઉત્તર સંભળાયો. તત્ક્ષણ કાલુ જેઠવો અંદર આવ્યો. મૂળરાજ તેને ચકિત દૃષ્ટિએ જોઈ રહ્યો. તે મૂળરાજની સમીપ આવ્યો અને બોલ્યો : "મહારાજ ! મને પિછાણ્યો ?"

"ના; શું તમે જ કાલુ......"

જેઠવો વચમાં બોલ્યો : "હા, જી. આપના સૈન્યની સાથેનો બાવો પણ હું જ !"

"હેં ! ખરેખર, ત્યારે અત્યારસુધી આપ કેમ છૂપા રહ્યા ?"

ચઉલા બોલી : "આપ કેમ ભૂલો છો ? મેં જ એમને છૂપા રાખ્યા હતા. હું તેમને ઓળખી ચૂકી હતી, છતાં મેં જ આપને ઓળખાણ પાડી નહોતી."

"ખરેખર; મને સાંભર્યું. તમે જ કપટ કરીને મને ભોળવ્યો હતો.

ઠાકોર! હું તો તમને ગ્રહરિપુનો છૂપો દૂત માનતો હતો."

કાલુ બોલ્યો: "અને મને જસપાલે એવા ખબર આપ્યા હતા કે આપે ચઉલાને મારી નાંખી છે, તેથી પુત્રીનું વૈર લેવાને આપનો ઘાત કરવા હું લાગ શોધ્યા કરતો હતો!"

"અહો!" મૂળરાજ બોલ્યો: "આ કેવું આશ્ચર્ય છે? આશ્ચર્યની સાથે મારા આનંદનો પણ પાર રહેતો નથી; ઠાકોર! તમારો અને મારો દુશ્મન હવે હાર્યો છે. મેં તેને જીવતો રાખ્યો છે, પણ જેમ ઝેરી સર્પની ઝેરી દાઢો ખેંચી લેવામાં આવે તેમ મેં તેનું ઝેર ખેંચી લીધું છે–તેનો મદ ઉતાર્યો છે. હવે હું તમને તમારો ગરાસ પાછો આપું છું અને તે ઉપરાંત હું તમારૂં શું પ્રિય કરૂં તે કહો!"

કાલુ બોલ્યો: "માત્ર આટલું જ–વિશેષ કાંઇ નહિ." એમ કહી તેણે મૂળરાજનો જમણો હાથ લઇ તેમાં ચઉલાનો જમણો હાથ મૂક્યો. આનંદથી ગદ્ગદ્ થતા કંઠે તે બોલ્યો: "અનંત કષ્ટોને અંતે પ્રભુએ મારી અભિલાષા પૂરી કરી છે, તેવી રીતે અતુલ તપશ્ચર્યાને અંતે પ્રભુએ તમારી અભિલાષા પણ પૂરી કરી છે અને તેનો લ્હાવ લેવા તમો દંપતી ચિરાયુષ ભોગવી આમજનોનાં નેત્રોને સર્વદા આનંદ આપતાં રહો!"

મૂળરાજ અને ચઉલાદેવીની આંખોમાંથી આનંદની અશ્રુધારા વર્ષી રહી.

* * * *

બીજે દિવસે મૂળરાજના લશ્કરે વામનસ્થળી તથા દુર્ગપલ્લીનો કબજો લીધો, પરન્તુ ગ્રહરિપુને અભયદાન આપવામાં આવેલું હોવાથી કોઇએ કશી રંજાડ કરી નહિ. તે દિવસે ગ્રહરિપુની એક આંગળી વિજયચિહ્ન તરીકે મૂળરાજે કાપી લીધી અને તેને પાછો વામનસ્થળીમાં મોકલી આપ્યો. મૂળરાજે પોતાને હસ્તે તેને વામનસ્થળીના રાજસિંહાસન ઉપર બેસાડયો અને તેની પાસેથી ગુજર્જરેશ્વરની આણ તથા ખંડણી કબૂલ કરાવી લીધી. યાત્રાળુઓની આવજા માટેના માર્ગોનો કબજો મૂળરાજનાં માણસોને સોંપીને તે તે પ્રદેશોની કુલ સત્તા ગ્રહરિપુએ મૂળ-

રાજને જ આપી અને મૂળરાજે તેને માટે માણસોનો બંદોબસ્ત કર્યો. એ વ્યવસ્થાને માટે મૂળરાજનું એક નાનું લશ્કર ગ્રહરિપુએ પોતાને ખર્ચે વામનસ્થળીમાં રાખીને નિભાવવું એવું ઠર્યું, એટલે કદાચ ગ્રહરિપુ ભવિષ્યમાં પાછો પોતાના મૂળ સ્વભાવ ઉપર જાય તો એ લશ્કરવડે તેના ઉપર અંકુશ રાખી શકાય એવું પણ મૂળરાજે માન્યું.

યાત્રાના માર્ગોની સુરક્ષિતતાને માટે સ્થળે સ્થળે થાણાં બેસાડવા સારૂ મૂળરાજને એ પ્રદેશમાં કેટલોક વખત થોભવું પડે તેમ હતું તેથી તે કેટલોક વખત રોકાયો. મીંધ્રીરાણીએ પોતાના સૌભાગ્યરક્ષણના ઉત્સવમાં એક વિશેષ ઉત્સવ કરવાનો વિચાર કર્યો. એ ઉત્સવ ચઉલા તથા મૂળરાજના લગ્નનો હતો. કાલુ જેડવાએ ઉમંગથી હા કહી અને મૂળરાજ તો તત્પર જ હતો એટલે વામનસ્થળીમાં જ ગ્રહરિપુના ખર્ચે એ લગ્નવિધિ પણ થઈ ગયો! મીંધ્રી રાણીએ પોતાની ભત્રીજીના લગ્નમાં ખર્ચ કરવામાં કસર રાખી નહિ. વિજયોત્સવના આનંદમાં લગ્નોત્સવનો આનંદ ઉમેરાયો અને ગુર્જર સૈન્ય આનંદના ઉદધિની છોળો ઉપર રમણ કરવા લાગ્યું.

ત્યારપછી ગુર્જરેશ્વર અને ગુર્જરેશ્વરીએ પ્રભાસની યાત્રા કરી, સોમેશ્વર મહાદેવનાં દર્શન કર્યાં, યાત્રાળુઓને નિર્વિઘ્ને પ્રવાસ કરતાં જોઈ તેઓ સંતુષ્ટ થયાં અને પછી સૌ પાટણને માર્ગે વળ્યાં.

જે વેળાએ મૂળરાજની સેના ગડગડતી નોબતે પાટણને માર્ગે વળી અને મૂળરાજ તથા ચઉલાદેવીની પાલખી પણ ભોઈ લોકોએ ઉંચકી, તે વખતે મૂળરાજે સસ્મિત વદને ચઉલાને પૂછ્યું: "કેમ! મારા નવા મંત્રીશ્વર! હવે તો પાટણ તરફ જ વળવાની આપની સલાહ છે ને?"

ચઉલાએ કટાક્ષ કરીને ઉત્તર આપ્યો: "ખરેખર, તમે દુષ્યન્ત જેવા જ ભૂલકણા છો!"

"કેમ વારૂ?"

"મેં કાંઇ તમારા મંત્રીનું પદ નવું સ્વીકાર્યું નથી. તમે આપવા માંગેલી ચારમાંની ત્રણ પદવીઓ તો હું ઘણાં વર્ષો પહેલાં સ્વીકારી ચૂકી હતી: માત્ર એક જ પદવી બાકી રહી હતી......"


મૂળરાજ વચમાં બોલી ઉઠયો: "ખરેખર, મેં ભૂલ કરી! ત્યારે કહો, મારાં શય્યામંદિરનાં સુંદરી! હવે તો ગૃહ તરફ વળવાની જ આપની ઇચ્છા છે ને?"

ચક્રિલાએ લજ્જાથી આંખો નીચી ઢાળી દેતાં મંદ સ્મિત કર્યું અને વિનોદમાં સ્વામીના હાથ ઉપર ચુંટકી ખણતાં કહ્યું: "મને એક વાર પાટણના પુરદ્વારમાં પેસવા દો, પછી તમારી એ હાંસીનો હું બરાબર ઉત્તર આપીશ!"

મૂળરાજ એ ઉત્તર સાંભળીને માત્ર હસ્યો.

ચુનીલાલ વર્ધમાન શાહનાં પુસ્તકો.

ભાગ્યચક્રનો મહામંત્ર—સચિત્ર સામાજિક નવલકથા. મૂલ્ય રૂ. ૨. વી. પી. પોસ્ટેજ ૩ આના. પૃષ્ઠ ૩૫૦. સોનેરી પાકું પૂંઠું. ચાર ફોટોગ્રાફિક સુંદર ચિત્ર. પ્રિયતમ પ્રિયતમાના વિશુદ્ધ પ્રેમ ઉપર કાતીલ છુરીના ઘા થતાં એ ઘાને વેઠતાં બન્ને પાત્રો જીવનની જે જે કસોટીઓ પર ચઢે છે અને એક દુષ્ટ જનના કાવતરાથી તેઓને શિરે જે આપત્તિઓનો વરસાદ વરસે છે તેનું ચિત્ર વાચકના હૃદય-



શું તમારા પર તમારી બ્હેનપણીઓના પત્રો આવતા નથી ?

ને દ્રવીભૂત કરી નાંખે છે. યુવાનો અને સ્ત્રીઓના હાથમાં અને પુસ્તકાલયોમાં વિના સંકોચે આ પુસ્તક મુકાય છે. વિદ્વાનોએ તેને એક બોધદાયક અને મનોરંજક નવલકથા લેખી છે.

પ્રમોદા યાને દિલેર દિલારામ—(ઐતિહાસિક નવલકથા.) પૃષ્ઠ ૧૫૦. પાકું પુંઠું. **મૂલ્ય ૧૪ આના.** ગુજરાતના ઇતિહાસની આ એક નવલકથા છે. કરણની રાણી કમળાદેવી અને તેની પુત્રી દેવળદેવી કરણની પડતી આવતાં અલાઉદ્દીનના ઝનાનામાં રહ્યાં હોવાની પ્રચલિત વાર્તાથી જૂદી જ વાર્તા આ પુસ્તકમાં આપી છે. એ માતા પુત્રી દિલારામ અને લાલાં નામની મુસલમાન સ્ત્રીઓ હોવાનું તેમાં દર્શાવ્યું છે.

કાશ્મીર અને કેસરી—(ઐતિહાસિક નવલકથા.) પૃષ્ઠ ૨૩૦. પાકું પુંઠું. **મૂલ્ય રૂ. ૧.** પંજાબ–કેસરી મહારાજા રણજીતસિંહે કાશ્મીરમાં હિંદુઓ અને હિંદુ બાળાઓ ઉપર જુલમ ગુજારતા અફઘાનો ઉપર ચ્હડાઇ કરી વિજય મેળવ્યો હતો તેનું રસિક વર્ણન વાર્તાના રૂપમાં આપેલું છે. અફઘાનોનો જુલમ હૃદયદ્રાવક છે.

મૂળરાજ સોલંકી—(સચિત્ર ઐતિહાસિક નવલકથા) પૃષ્ઠ ૩૨૦, પાકું સોનેરી પુંઠું, **સાદાં અને રંગીન સંખ્યાબંધ ચિત્રો. મૂલ્ય રૂ. રા.** ગુજરાતમાં સોલંકી વંશની રાજગાદી સ્થાપનાર મૂળરાજ સોલંકીએ પોતાના મામા પાસેથી રાજ્ય લઈ, મામાને તથા બીજાઓને મારી, કેટલાંક ઇષ્ટ તેમ જ અનિષ્ટ પરાક્રમો કર્યાં હતાં. તે સમયે ભારે રાજ ખટપટ ચાલી રહી હતી અને ચાવડાઓ તથા સોલંકીઓ પોતપોતાના ઇષ્ટ કાર્યની સિદ્ધિ માટે આકાશ પાતાળ એક કરી રહ્યા હતા. સૌરાષ્ટ્રના રાજા ગ્રહરિપુ સાથે યુદ્ધ કરી તેણે ભારે શૌર્ય દર્શાવ્યું હતું. આ અને બીજા ઐતિહાસિક પ્રસંગોની આ નવલકથા અત્યંત રસિક, બોધક તથા મૂળરાજનાં કાર્યો ઉપર જાણવાજોગ પ્રકાશ પાડે છે. પ્રત્યેક ગૃહ, કુટુંબ તથા પુસ્તકાલયના શણગારરૂપ આ ગુજરાતના ઇતિહાસની નવલકથા છે.

નોકરીનો ઉમેદવાર—(સચિત્ર સામાજિક નવલકથા) મૂલ્ય રૂ. ૧।। પૃષ્ઠ ૨૧૫.



"લ્યો, આ કુંચી, આ આપણું છેલ્લું સાધન."

સોનેરી પાકું પુંઠું. સુંદર ફોટોગ્રાફીક ચિત્રો. આ નવલકથામાં એક યુવક નોકરી શોધતાં જે અનુભવની વિટંબનાઓમાં આવી પડે છે તેનો. પ્રમાણિકપણાની વિચિત્ર પરીક્ષા કરનારા જુદા જુદા સ્વભાવના શેઠાનો, દુષ્ટ લાલચ આપનારી શેઠાણીના કુટિલ વર્તનનો અને ભોળી સ્ત્રીઓ તથા દુનિયાને ઠગનારા શરીફ બદમાશોની આશ્ચર્યકારક યુક્તિઓનો ચમત્કારિક અને હૃદયદ્રાવક ચિતાર આપવામાં આવ્યો છે. કથા મનોરંજકતથા બોધક છે.

ગુજરાતની ગર્જના અથવા **હેમાચાર્યનું જીવનસૂત્ર**—(ઐતિહાસિક નવલકથા.) પૃષ્ઠ ૨૨૫, મૂલ્ય રૂ. ૧. ગુજરાતના રાજા સિદ્ધરાજે પોતાના જીવનના છેલ્લા વખતમાં કુમારપાળને પોતાની પાછળ ગાદીએ નહિ આવવા દેવાને તેના ઉપર જે સીતમો ગુજાર્યા હતા, છતાં પોતાના ભાગ્યની પ્રબળ રેખાથી કુમારપાળ અત્યંત કષ્ટો વેઠીને ગાદીએ આવ્યો હતો તથા જૈનાચાર્ય હેમચંદ્ર સૂરિએ તેને તે કાર્યમાં જે મદદ કરી હતી તેની આ નવલકથા એકે અવાજે વખણાએલી છે.

વસઈનો ઘેરો અથવા પેશવાઈના પ્રકાશનું એક કિરણ—(ઐતિહાસિક નવલકથા) પૃષ્ઠ ૨૦૦, મૂલ્ય રૂ. ૧. બાજીરાવ પેશવાના ભાઈ ચીમણાજી અપ્પાએ ફીરંગીઓ પાસેથી વસઈ જીતી લીધું હતું તેની નવલકથા.

પાટણની પડતીનો પ્રારંભ—(ઐતિહાસિક નવલકથા) પૃષ્ઠ ૨૦૦. મૂલ્ય રૂ. ૧. ભોળા ભીમદેવ ઉપર કુતુબુદ્દીને કરેલી સ્વારીમાં ગુજરાતના રાજપુતોએ બતાવેલા શૌર્યની નવલકથા.

સોમનાથનું શિવલિંગ—(ઐતિહાસિક નવલકથા) પૃષ્ઠ ૨૨૫. મૂલ્ય રૂ. ૧. મહમૂદ ગઝનવીએ સોમનાથ ઉપર કરેલી સ્વારીમાં હિંદુઓએ બતાવેલા શૌર્યની અને ભીમદેવ બાણાવળીનાં પરાક્રમોની નવલકથા.

સિંધ ઉપર સ્વારી—(ઐતિહાસિક નવલકથા) પૃષ્ઠ ૨૪૦. મૂલ્ય રૂ. ૧. સિંધના રાજા દાહિર ઉપર આરબ સરદાર મહમદ કાસીમે કરેલી સ્વારીની કથા.

અઢારમી સદીનું મહારાષ્ટ્ર અથવા ઔરંગઝેબનો અસ્ત—ઔરંગઝેબના અસ્ત સમયની ઐતિહાસિક નવલકથા. પૃષ્ઠ ૨૨૦. મૂલ્ય રૂ. ૧.

ધારાનગરીનો મુંજ—(ઐતિહાસિક નવલકથા) પૃષ્ઠ ૨૨૪, મૂલ્ય રૂ. ૧. ધારાનગરીના રાજા મુંજ અને કર્ણાટકના રાજા તૈલપદેવ વચ્ચેનું યુદ્ધ અને છેવટે મુંજની દુર્દશાના પ્રસંગોની આ નવલકથા છે.

ન્યાયના ખૂનમાં નીતિ !–(સચિત્ર સાંસારિક નવલકથા) મૂલ્ય



"ના, નથી ગમતાં, કારણકે તે મફતનાં છે, પૈસા ખરચ્યાને લઇ તો ગમે."

રૂ. ૨. પૃષ્ઠ ૩૪૦ સોનેરી પાકું પૂંઠું. સુંદર ફોટો-ચિત્રો. 'ન્યાયના ખૂનમાં નીતિ' હા. કુટિલ જમાનો એને જ નીતિ માને છે ! ન્યાયનાં ખૂન કરનારા પાપીયાઓ દુનિયામાં છુટ્ટે લુગડે ફરે છે અને નીતિમાનોમાં ખપે છે તેના તાદ્રશ્ય ચીતાર હૃદયનું મંથન કરી નાંખે અને ક્ષણભર દિગ્મૂઢ બનાવીદે એવા બનાવો સાથે આ નવલકથામાં આપવામાં આવ્યો છે. તેનું એક પાનું વાંચ્યા પછી તમે છેવટના પાના સુધી વાંચવાને લલચાયા વિના નહિ જ રહો !

વિમળા—(સાંસારિક નવલકથા) પૃષ્ઠ ૨૦૦. **મૂલ્ય રૂ. ૧.** રાજવંશી બાળાને શિરે પડેલાં દુઃખ, રાજ્ય ખટપટ, કાવતરાં, રાજકલેશ, બ્હારવટીયા વગેરેનો ચિતાર આ કથા આપે છે.

પિશાચ-મંદિર—ભાગ ૧-૨. (સચિત્ર મનોરંજક નવલકથા.) બન્ને ભાગોનું **મૂલ્ય રૂ. ૫.** ૧૦ ફોટોગ્રાફિક ચિત્રો. પૃષ્ઠ ૫૫૦. રેનોલ્ડ્ઝના 'ગ્રેઇઝ સ્ટેગ્યુ' ના આધારે આ અદ્‌ભુત રસથી ભરેલી કથા લખાઇ છે.

લતા અને લલિતા—ભાગ ૧-૫. (સચિત્ર સાંસારિક નવલકથા.) પાંચે ભાગમાં મળીને આ કથા પૂરી થાય છે. લગભગ ૧૧૦૦ પૃષ્ઠ અને ૨૦ સુંદર ચિત્રો. તેના જુદા જુદા ભાગોની આવૃત્તિઓ ઉપરા ઉપરી કાઢવી પડી છે એજ તેની લોકપ્રિયતાની નિશાની છે. સંસારનો ઉત્તમ બોધ આપવા માટે એ કથા પ્રત્યેક કુટુંબના આભૂષણરૂપ મનાય છે. સઘળા ભાગોનું મળીને **મૂલ્ય રૂ. ૬॥.**

સુધરેલી સંગીતા—(સાંસારિક નવલકથા) **મૂલ્ય રૂ. ૧।.** પૃષ્ઠ ૩૦૦, સોનેરી પાકું પુઠું. ખોટા સુધારામાં ફસાએલાં સ્ત્રી પુરૂષોની દુર્દશા દર્શાવનારી આ રસિક અને મનોરંજક નવલકથા છેવટે સાચા સુધારાનો માર્ગ દર્શાવે છે.

વિદ્યાસાગર—ભાગ ૧-૨. (લેખક મુનિ શ્રી છોટાલાલજી) (સાંસારિક નવલકથા) પૃષ્ઠ ૩૦૦. વિદ્યાસાગર નામનો યુવક સંસારથી કંટાળીને ચિત્રવિચિત્ર અનુભવો લેતો ભટકે છે તેની હૃદયંગમ નવલકથા. બન્ને ભાગોનું મળીને **મૂલ્ય રૂ. ૧।.**

બંગજાગૃતિ—બંગાળામાં સ્વદેશી હીલચાલની જાગૃતિનું દર્શન કરાવનારૂં નાટક. પૃષ્ઠ ૧૦૦. **મૂલ્ય ૦-૬-૦.**

ચાંપરાજ હાડો અને સતી સોનરાણી—(પંચાંકી નાટક) **મૂલ્ય રૂ. ૦॥.** (મળતું નથી.)

કામરૂ દેશની કુટિલ કામિની—(સચિત્ર ડિટેકટીવ નવલકથા)



દેવેન્દ્રવિજયે ઉપરા ઉપરી પીસ્તોલના બે અવાજ કર્યા.

મૂલ્ય રૂ. ૧।। પૃષ્ઠ ૨૫૦. સોનેરી પાકું પુંઠું. સુંદર ફોટો ચિત્રો. મનોરમા નામની જાદુઈ વિદ્યા જાણનારી કામરૂ દેશની કુટિલ કામિની ખૂનો કરીને એક સ્ત્રીની સઘળી મીલકત પચાવી પાડે છે અને દેવેન્દ્રનાથ નામના ચતુર ડિટેકટીવ અમલદાર તેની તપાસમાં ફરે છે. છેવટે તેને મારીને કબરમાં દાટવામાં આવે છે, પણ તેમાંથી તે જીવતી થાય છે અને ઘણાં ખૂનો કરે છે! આખી વાર્તા ચમત્કારોથી ભરપૂર છે અને વાંચનાર પ્રકરણે પ્રકરણે અજાયબીમાં ગરક બની જાય છે.

કર્તવ્ય કૌમુદી—સંસારનાં કર્તવ્યોનો બોધ આપનારૂં દળદાર પુસ્તક. પૃષ્ઠ ૪૫૦. મૂલ્ય ૦-૮-૦. (આ પુસ્તકની બે આવૃત્તિઓ ખપી ગઈ છે અને અનુકૂળતાએ તેની નવી આવૃત્તિ પ્રસિદ્ધ થશે.)

નવદંપતીને શિખામણ—પૃષ્ઠ ૩૦૬. **મૂલ્ય રૂ. ૧ાા.** સોનેરી પાકું પુંઠું. અજ્ઞાન, વહેમ, ખરાબ સોબત, કુટેવો, વિહારનો અતિયોગ, સ્ત્રીઓની આરોગ્ય સંબંધી અણસમજ, વાંઝીયાપણું, જુવાન વયમાં થતાં અનેક ભયંકર તથા ગુપ્ત દર્દો, ગર્ભસંચાર, પ્રસવ અને બાળકની માવજત સંબંધી અજ્ઞાન ઇત્યાદિ કારણોને લીધે અનેક નવદંપતીઓનો ગૃહસ્થાશ્રમ જીવતાં નરકાવાસ ભોગવવા જેવો દુઃખજનક જણાઈ આવે છે. સંસારમાં નબળાઇ, હીસ્ટીરીયા, વાંઝીયાપણું, દુર્બળ અને રોગિષ્ઠ સંતાનો, ઇત્યાદિ દોષોથી દુઃખ ભોગવનારાઓ માટે આ ગ્રંથમાં સર્વ પ્રકારની શિખામણો, આહાર વિહારના સ્પષ્ટ નિયમો, દર્દોનાં લક્ષણો અને તેની સમજ, દર્દોના ઘરગથ્થુ ઉપાયો વગેરે આપેલું છે. તેમાં આપેલા ઉપાયો નાના ગામડામાં પણ કરી શકાય તેવા છે.

સુબોધક કથાપંચક—પાંચ સુબોધક વાર્તાઓ. **મૂલ્ય ૮ આના.** પાકું પુંઠું.

ભક્તામર-મંત્ર-માહાત્મ્ય—(જૈન સ્તોત્ર) મંત્રો, જંત્રો, તથા પ્રભાવ દર્શક કથાઓ સાથે જાણીતું ભક્તામર સ્તોત્ર. પૃષ્ઠ ૨૪૦. **મૂલ્ય રૂ. ૧.**

ચુનીલાલ વર્ધમાન શાહ

સારંગપુર, તળીયાની પોળ

અમદાવાદ.